## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૨૩ | ૯ | વીસસ્થાનકના ક્રમના હેતુ | ૧ |
| ૨. | ૨૩ | ૧૧ | મહાસતી ચંદનબાળા | ૧૮ |
| ૩. | ૨૩ | ૧૨ | અરિહંતપદની આરાધનામાં શું શું કરાય ? | ૨૬ |
| ૪. | ૨૩ | ૧૨ | અરિહંત ભક્ત દેવપાળની કથા | ૩૦ |
| ૫. | ૨૩ | ૧૫ | દેવપાલને જંગલમાં ભગવાન મળે છે ? | ૪૯ |
| ૬. | ૨૩ | ૧૬ | દેવીનું વરદાન | ૫૭ |
| ૭. | ૨૩ | ૧૭ | તામલિતાપસ | ૭૦ |
| ૮. | ૨૩ | ૧૯ | દેવપાલ અને ચક્રેશ્વરી | ૭૫ |
| ૯. | ૨૩ | ૨૦ | દેવપાળની પ્રાર્થનામાં શાંતિના ૫ માર્ગ | ૮૭ |
| ૧૦. | ૨૩ | ૨૨ | સુખલાલ શેઠનું દૃષ્ટાન્ત | ૧૦૧ |
| ૧૧. | ૨૩ | ૨૪ | વિવિધ જિનભક્તિ પર દેશના | ૧૧૨ |
| ૧૨. | ૨૩ | ૨૫ | પૂજા ૩ પ્રકારે | ૧૧૬ |
| ૧૩. | ૨૩ | ૨૮ | જિનેશ્વરદેવની ભક્તિ બીજી રીતે પાંચ પ્રકારે | ૧૪૬ |
| ૧૪. | ૨૩ | ૩૧ | આભોગ-અનાભોગ ભક્તિ | ૧૬૫ |
| ૧૫. | ૨૩ | ૩૬ | દેવપાલને પુત્ર પછી દીક્ષા | ૧૯૭ |
| ૧૬. | ૨૩ | ૩૬ | સાધના અને વૈરાગ્યની ચાવી | ૨૦૩ |
| ૧૭. | ૨૩ | ૩૭ | અરિહંત પ્રભુની વિશેષ સાધનાઓમાં શું આવે ? | ૨૧૩ |
| ૧૮. | ૨૩ | ૪૦ | દેવપાલમુનિને ધર્મની અનુમોદના | ૨૨૯ |
| ૧૯. | ૨૨ | ૧૩ | **તામસભાવના તાંડવ અને અંતરાત્માનાં દર્શન** | ૨૩૮ |
| ૨૦. | ૨૨ | ૧૩ | કાલિકસૂરિ અને વિનયરત્ન | ૨૩૯ |
| ૨૧. | ૨૨ | ૧૫ | તામસભાવથી બચવા ૪ ભાવના | ૨૬૦ |
| ૨૨. | ૨૨ | ૧૬ | તામસભાવના દાખલા | ૨૭૨ |
| ૨૩. | ૨૨ | ૧૭ | અંતરાત્મા શોધવાની ચાવી | ૨૮૬ |
| ૨૪. | ૨૨ | ૨૦ | વિષય-કષાયના આવેશ ભૂંડા | ૨૯૬ |

# વીસસ્થાનકની આરાધના : પ્રથમ પદે અરિહંત : દેવપાલની સાધના

વીસસ્થાનક કયા ? જાણો છો ? યાદ કરવા સહેલા છે. જુઓ, નવપદનાં નામ તો ખબર છે ને એમાં પહેલા પાંચ પરમેષ્ઠીમાં પ્રવચન અને સ્થવિર ઉમેરતાં સાત થાય. પછી ચાર પદની વચમાં વિનય, બ્રહ્મચર્ય અને તપ ઉમેરતાં ૪+૩=૭, એટલે ૭+૭=૧૪ થયા હવે એ ચૌદ ગણી લો.

**અરિહંત, સિદ્ધ, પ્રવચન. આચાર્ય સ્થવિર, ઉપા૰, સાધુ,**
**જ્ઞાન, દર્શન, વિનય, ચારિત્ર, શીલ, ક્રિયા, તપ,**

**વીસસ્થાનકના ક્રમના હેતુ :-**

આમાં અરિહંત અને સિદ્ધ તો પરમાત્મા છે એટલે પહેલાં જ આવે તે પછી જે પ્રવચનના આધારે જ આચાર્ય વગેરે બને છે, એ પ્રવચનનો જ નંબર હોય. એમ પછી આચાર્ય એટલા માટે કે સંઘને પ્રવચનની જેમ આચાર્યનો આધાર છે, આચાર્યની આજ્ઞા-નિશ્રા નીચે સંઘ આરાધના કરે છે. આચાર્ય પછી ઉપાધ્યાયને બદલે સ્થવિર એટલા માટે મૂકયા કે આચાર્યના ગચ્છની દેખરેખ સ્થવિર કરે છે. આચાર્ય પ્રભુનાં શાસનની રક્ષા, પ્રચાર, પ્રભાવના કેમ થાય એની ચિંતા કરનારા હોય છે, તેથી ગચ્છના મુનિઓને વસ્ત્ર, પાત્ર, દવા, અધ્યયન વગેરેની સંભાળ વ્યવસ્થા આચાર્ય પોતે કરવા રહે તો પેલી ચિંતા કયાંથી કરી શકે ? માટે આ સંભાળ કરનાર સ્થવિર હોય છે. આમ અરિહંત-સિદ્ધ-પ્રવચન-આચાર્ય-સ્થવિર એ પાંચ તે પછી મુનિઓને અધ્યયન કરાવનાર ઉપાધ્યાયનો નંબર આવ્યો પછી સાધુ સાતમા પદે.

એ પછી નવપદમાંનાં છેલ્લા ચાર પદ. એમાં દર્શન-જ્ઞાનને બદલે અહીં જ્ઞાન-દર્શન લીધાં; તે આ અપેક્ષાએ કે પહેલા ગુર્વાદિ પાસેથી જૈનધર્મ-જૈનતત્ત્વનું જ્ઞાન મળે એટલે પછી એના પર શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન થાય. ચરિત્રગ્રંથોમાં એ દેખાય છે કે કોઈ રાજા શેઠ શાહુકાર કે સામાન્યજન વગેરે જૈન સાધુના સંપર્કમાં આવી એમનો ઉપદેશ સાંભળીને બોધ પામે છે અને સમ્યકત્વ-સમ્યગ્દર્શન સ્વીકારે છે. આપણા મહાવીર પ્રભુનો જીવ પહેલે ભવે નયસાર જ જુઓ ને, જંગલમાં મુનિ મળ્યા ને એમની પાસેથી તત્ત્વ અને મોક્ષમાર્ગનો બોધ પામી સમ્યકત્વ પામ્યા



હતા ને ? એટલે પહેલું જ્ઞાન પછી દર્શન. પૂછો,

**પ્ર.**- તો પછી નવપદમાં પહેલાં દર્શન પછી જ્ઞાન કેમ ?

ઉ.- એનું કારણ એ છે કે આ નવ પદ ઉપાસ્ય છે, ને એમાં દર્શન યાને સમ્યગ્દર્શન એ પહેલું ઉપાસ્ય છે અને સમ્યગ્જ્ઞાન પછી ઉપાસ્ય; કેમકે સમ્યગ્દર્શન વિના જ્ઞાન સમ્યગ્ હોય નહિ. જ્ઞાન નવ પૂર્વ સુધીનું ભણી જાય, પણ જો અંતરમાં મિથ્યાત્વ હોય, સમ્યકત્વ હોય નહિ, તો તે નવ પૂર્વનું જ્ઞાન પણ એના માટે મિથ્યાજ્ઞાન છે, મિથ્યારૂપે પરિણમનારું જ્ઞાન છે. અંતરમાં જો 'જિનવચન એ જ સાચાં, એ જ તત્ત્વ, એ જ ધર્મ, ને એ જ મોક્ષમાર્ગ,' એવી સચોટ શ્રદ્ધા હોય નહિ, તો જૈન શાસ્ત્રોનું જ્ઞાન મેળવશે, પણ તેમાં સંવર-બુદ્ધિ નહિ આવે.

**સંવર બુદ્ધિ એટલે કે**

''આ જ્ઞાન મારા આત્માના નિસ્તાર માટે છે, આનાથી મારે ચારિત્ર પામવાનું અને વિકસાવવાનું છે, **'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ'** જ્ઞાનનાં ફળમાં પાપમાંથી વિરતિ-વિરામ કરતા આવવાનું છે, પણ તુચ્છ ધનલાભ-વિષયલાભ-કીર્તિલાભ વગેરેના લોભપાપને પુષ્ટ કરવું એ ફળ નથી. એ લોભ કરાવનાર જ્ઞાન તો આશ્રવ થયું કહેવાય, સંવર નહિ.''

જ્ઞાનમાં આ સંવરબુદ્ધિ થાય નહિ, પછી જ્ઞાનને એ આશ્રવ જ બનાવે એમાં નવાઈ નથી. સાધુ બી હોય પણ જ્ઞાનના બળ ઉપર જો એમ થાય કે ''આનાથી સારો વ્યાખ્યાતા થઉં, સારા ગ્રન્થ લખું ને મારી કીર્તિ ફેલાય. લોકો જાણે 'મહારાજ બહુ વિદ્વાન' જ્યાં જાઉં ત્યાં માન-સન્માન, ભારે વિદ્વાન સાધુ, શી વાત ! બસ, ચારે કોર કીર્તિના ડંકા વાગે. વિદ્વત્તા ઉપર શિષ્યસંપત્તિ વધે, બીજાઓ કરતાં આગળ નંબર આવે...'' તો આવું માનસ બનાવનારું જ્ઞાન સંવરરૂપ કયાં રહ્યું ? એમ ગૃહસ્થને પણ જ્ઞાન જો સારા વિદ્વાન ગણાઉં, બીજાને ભણાવીને પૈસા કમાઉં, વગેરે વગેરે લાલસા હોય તો એના માટે પણ એ જ્ઞાન આશ્રવરૂપ થાય.

**જ્ઞાનને સંવરને બદલે આશ્રવ, કોણ કરે છે ? :-**

ત્યારે આવું ઊંચું જ્ઞાન એ આશ્રવરૂપ કેમ બને છે ? કહો અંતરમાં સમ્યગ્દર્શનના વાંધા છે. સમ્યગ્દર્શન હોય તો આ શ્રદ્ધા કરાવે કે ''આ લોભ ને લાલસા એ તો ખતરનાક આશ્રવ છે. જીવ અનંત અનંત કાળથી સંસારમાં ભટકતો રહ્યો એ, મૂળ પાયામાં લક્ષ્મી-વિષયો-માન-કીર્તિ-પ્રતિષ્ઠા-સત્તા-સાહ્યબી વગેરેના લોભના-રાગના-લાલસાના પાપે. એમાં વળી મોક્ષમાર્ગ-રૂપ યાને મોક્ષના મહાન સાધનભૂત જ્ઞાનને એ લોભ-રાગ-લાલસા પોષવામાં ઉપયોગી બનાવવું, એ કેટલી બધી મૂર્ખતા-મૂઢતા-અજ્ઞાનતા ગણાય ? પછી ભવાંતરે આના સંસ્કારથી સંવરના

સાધનને સંવરરૂપ બનાવવાનું મન જ ન થાય. એટલે જેને દુર્લભબોધિ કહેવાય, એવી દશા થાય. છતે ધર્મપ્રાપ્તિના સંયોગે પણ ધર્મની પ્રાપ્તિ, અર્થાત્ હૈયે ધર્મની ફરસના મુશ્કેલ. દિલમાં પૌદ્ગલિક વિષયોનો અખૂટ રાગ ખચ ભર્યો હોય, ત્યાં શુદ્ધ ધર્મનો રાગ શી રીતે ઊભો થાય ? ધર્મના રાગને રહેવાની જગા જ કયાંથી મળે ?''

આમ, જ્ઞાનને સંવરને બદલે આશ્રવ બનાવનાર કોણ છે ? મિથ્યાત્વ છે. જિનવચનોકત આશ્રવ-સંવર-તત્ત્વની શ્રદ્ધા પરિણતિ નથી, એ તત્ત્વને અનુરૂપ મનનું વલણ નથી, એ મિથ્યાત્વ છે.

**આશ્રવ તત્ત્વને અનુરૂપ મનનું વલણ એટલે**

આશ્રવ સર્વેસર્વા હેય છે, ત્યાજ્ય છે, કેમકે **'આશ્રવો ભવહેતુઃ સ્યાત્'** આશ્રવ એ ભવનું અર્થાત્ સંસાર-ભ્રમણનું કારણ છે, તેથી એને અનુરૂપ વલણમાં મન એથી ઊભગેલું રહે, ભયભીત રહે કે 'આશ્રવમાં મારું શું થશે ?' આશ્રવ તરફ ગ્લાનિ હોય, આશ્રવ પર નફરત-અરુચિ-અણગમો હોય, આને આશ્રવને અનુરૂપ માનસિક વલણ કહેવાય. એમ,

**સંવરને અનુરૂપ વલણ એટલે,**

સંવર ઉપાદેય છે, ગ્રાહ્ય છે, આદરણીય છે, કેમકે **'સંવરો મોક્ષ કારણમ્'** સંવર મોક્ષ અપાવનાર બને છે માટે એના તરફ ચાહના-રુચિભાવ-હર્ષિતતા હોય, 'ક્યારે એ પામું !' એવી ઊત્કટ અભિલાષા હોય, એવું સંવર પર માનસિક વલણ એ સંવરને અનુરૂપ વલણ કહેવાય.

સમ્યગ્દર્શન હોય તો આ આશ્રવમાં હેયતા અને સંવરમાં ઉપાદેયતાનું વલણ આવે, એ જ જિનોકત તત્ત્વનો શ્રદ્ધા પરિણામ; એ જ સમ્યગ્દર્શન. એ પહેલું લાવવું પડે, પછી જ સમ્યગ્જ્ઞાન આવે. પહેલા ગુરુએ આપેલા જ્ઞાનથી સમ્યકત્વ થયું ત્યાં ભલે જ્ઞાન પહેલું થયું; પરંતુ એ તો મામૂલી જ્ઞાન, પણ પછી જે શાસ્ત્રોથી વિશાળ જ્ઞાન મેળવવાનું છે એ સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનના પાયા ઉપર જ મળે, એ પાયો મળે એ પાયો સલામત ન હોય તો શાસ્ત્રોનું અગાધ જ્ઞાન, પણ અજ્ઞાન છે. નવપદમાં માટે જ દર્શન યાને સમ્યગ્દર્શન પહેલાં મૂકી પછી જ્ઞાન મૂક્યું. ત્યારે, વીસસ્થાનક ગુરુ પાસેથી પહેલા બોધ માર્ગજ્ઞાન મળીને પછી સમ્યગ્દર્શન થાય છે. માટે જ્ઞાન પહેલું, ને દર્શન પછી મૂક્યું.

આ જ્ઞાન-દર્શન વિનયના મૂળ ઉપર થાય છે, માટે તે પછી દશમા પદે વિનય મૂક્યું. અને જ્ઞાન-દર્શન-વિનય આરાધીને ચારિત્રમાં આવવાનું છે, માટે ૧૧ માં પદે ચારિત્ર મૂક્યું.



**આ 'ચારિત્ર' પદને બદલે 'આવશ્યક' પદ પણ આવે છે. કેમ ?** 'આવશ્યક' એટલે ચારિત્ર જીવનમાં પાળવાની આવશ્યક ચર્યાઓ એના પર જ ચારિત્રનો ટકાવ છે, માટે વીસસ્થાનકમાં ચારિત્રને બદલે આવશ્યકને ટકાવ છે, માટે વીસસ્થાનકમાં ચારિત્રને બદલે આવશ્યકને સ્થાન આપ્યું. વીસસ્થાનક જે છે, તે આરાધવા માટે છે, એની અનેકાનેક રીતે આરાધના કરવાની છે એટલે અહીં ચારિત્રમાં પણ ખાસ કરીને આવશ્યક ચર્યાઓ આરાધવાની છે. 'મારે તો ચારિત્ર એટલે કે મહાવ્રત પાળવાના છે' એમ કરીને સમિતિ ગુપ્તિ સ્વાધ્યાયાદિ આવશ્યક ચર્યાઓ ન આરાધે તો ચારિત્ર ઠેકાણે પડે. તેથી આવશ્યક ચર્યાઓનું ખાસ મહત્ત્વ છે. એ ચર્યાઓ બરાબર બજાવવાની છે. એ પણ તન્મય થઈને એટલે કે એમાં જ મન-વચન-કાયા ઓતપ્રોત કરી દઈને. પછી દા.ત. આવશ્યક ચર્યામાં પાંચ પહોર અર્થાત્ લગભગ પંદર કલાક સ્વાધ્યાય કરવાનું ચાલતું હોય ત્યારે મન-એમાં એટલું બધું એકાકાર હોય કે બીજી કોઈ પણ વાતનો એક પણ વિકલ્પ એમાં ઊઠે નહિ એટલે ? દા.ત. ભલે ને અસહ્ય ઠંડી હોય કે ભારે ગરમી હોય તો પણ મનને એટલું ય ન થાય કે 'અરે ! ઠંડી બહુ !' 'હાય ! બહુ ગરમી !' આવો પણ વિચાર સરખો ન આવે એટલી બધી સૂત્ર-અર્થના ચિંતનમાં લીનતા-રમણતા લાગેલી હોય.

**સ્વાધ્યાયમાં બીજો વિકલ્પ કેવી રીતે ન આવે ? :-**

આ બની શકે ? હા, વાણિયો રાત પડે ચોપડો લખતો હોય અને એમાં હિસાબમાં થોડી ભૂલ આવી, તો એને શોધી કાઢવામાં લાગેલો હોય ત્યારે ભલે ને બે કલાક લાગે પણ એ વખતે એક પણ બીજો વિચાર નથી આવતો કે 'બહુ ઠંડી' કે 'બહુ ગરમી !' હા, કામ પૂરું થઈ ગયા પછી થવું હોય તો થાય કે 'બહુ ઠંડી !' કે 'બહુ ઘામ !' 'મચ્છર બહુ !' શું પહેલાં ઠંડી, ગરમી કે મચ્છર નહોતા ? હતા, પણ પેલો ચોપડો લખવાની ધૂનમાં મન એમાં જ ઓતપ્રોત થઈ ગયું હતું. ભય હતો કે કદાચ રકમ આડીઅવળી લખાઈ જાય તો ? આમ સ્વાધ્યાયની ધૂન સાથે મુનિને ય આ ભય હોય કે રખેને ચિત્ત બીજે લઈ જાઉં ને પાપધ્યાન થાય તો ?' માટે મન સ્વાધ્યાયમાં ફિક્સ ચોંટેલું રાખે. આવી ગોચરી અને પ્રતિક્રમણાદિ બીજી ચર્યાઓમાં મન-વચન-કાયાની એવી તન્મયતા કે સહેજ પણ દોષ ન લાગે.

વિચારજો, મોક્ષ સાધવો છે, પોતાના આત્માને આ ભીષણ ભવ-ભ્રમણથી ઉગારી લેવો છે, તો સાધનામાં કેટલી બધી તન્મયતા જોઈએ ? ગૃહસ્થને ભલે આખો દિવસ સાધના ન ચાલતી હોય, પરંતુ જ્યારે એ ચાલતી હોય ત્યારે એમાં મનની તન્મયતા કેટલી જોઈએ ? ત્યારે એ જો ન હોય, અને મન ગમે તે ગમે તે આચડકુચડ વિચારો સાધના વખતે કરતું હોય, તો શું એ સાધના માલવાળી

બને ? શું એ એવા વિશિષ્ટ ફળને આપે ?

**રેઢિયાળ સાધનાનું ફળ રેઢિયાળ જેવું જ આવે.**

તમે કહેશો,-

**પ્ર.**- પણ સાહેબ ! ઉપાધિ બહુ વળગેલી હોય, એટલે એના વિચાર તો આવી જ જાય ને ?

**ઉ.**- તે ત્યાં ખરું આ તપાસો કે એકલી ઉપાધિના જ વિચાર આવે છે ? કે મફતિયા 'આ કોણ આવ્યું ? પેલો કોણ ગયો ?... લલ્લુભાઈ આવું કેવું બોલ્યા ?...આજ લોકને અભિમાન બહુ...' આવા ને આવા કચરાપટ્ટી વિચાર આવે છે ખરા ? શું આ વળગેલી ઉપાધિના વિચાર છે ? જ્યાં પોતાને કશી લેવા દેવા નથી એવી કેટલીક બાબતોના ભૂંસા કૂટવાની મનને કેટલી કુટેવ છે ?

ખેર ! ઉપાધિના પણ વિચાર આવે છે તો એટલું તો નક્કી થયું ને કે ઉપાધિ-વળગાડ જેટલો વધારે, એટલા એના વિચાર એની ચિંતા વધારે. માટે, જો એવા વિચારથી બચવું હોય, એવા પાપવિચારોથી લાખ રૂપિયાની સાધનાને ન બગડવા દેવી હોય, તો પહેલો રસ્તો આ છે કે જીવનમાંથી ઉપાધિઓ ઓછી કરો.

**ઉપાધિ જેટલી ઓછી એટલી ચિંતા ઓછી. એટલા સુખી, ને એટલી સાધના ચોકખી થવાની.**

અલબત ઉપાધિ એટલે દા.ત. મોટર રાખી હોય સુખ-આરામી લાગે, પરંતુ એની સાથે અભિમાન કેટલું પોષાય ? ડ્રાઈવર, પેટ્રોલ, પંકચર, કોઈની માગણી, એકિસડન્ટ, વગેરે વગેરેની ચિંતા કેટલી ? પછી એ નવકારવાળી સીધી ગણવા દે ? ચિંતા-વિચાર-સંતાપ એ સુખ નથી, દુઃખ છે. એના કરતાં મોટર ન હોય તો એ કશી ચિંતા નહિ; ને એનું અભિમાન ન થાય, એટલા આરંભ-સમારંભની જીવહિંસાથી બચાય એ નફામાં. ઉપાધિ ઓછી એટલું સુખ - ઉપાધિ વધારો એટલું દુઃખ; પછી એ ધર્મસાધનામાં જપવા ન દે.

**ઉપાધિના વિચાર ધર્મ સાધનાનો ઘાણ બગાડી નાખે.**

લાડુ બનાવતા હો અને ધૂળ ખૂબ ઊડી તો એના રજકણ ચૂરમામાં પડીને લાડુના ઘાણ બગાડી નાખે ને ? સાધના ચોકખી કરવી હોય, તો ઉપાધિ ઓછી જોઈએ એ પહેલો રસ્તો !

પરંતુ માનો કે તમે ઉપાધિ ઓછી નથી કરી શકતા, તો શું ધર્મસાધના વખતે બીજા-ત્રીજા વિચાર આવવા જ જોઈએ ?

**મહારાજ કુમારપાળને ઉપાધિ કેટલી ?** અને એમની ધર્મસાધના કેવી ? કહેતા નહિ કે 'એ આપણી જેમ સાધના વખતે આચડકુચડ જ વિચારો કર્યા કરતા



હશે.' એ રેઢિયાળ સાધના પર ગણધરપણાની પુણ્યાઈ ન ઊભી થાય, ગણધરપણાની અદ્ભુત શક્તિના બીજ ન રોપાય. મહારાજ કુમારપાળ હવેના ભવે ગણધર થવાના છે. ત્યાં તીર્થંકર ભગવાન માત્ર ત્રિપદી આપશે એના પર ત્યાં ને ત્યાં ઊભા ને ઊભા જ દ્વાદશાંગી અને ચૌદ પૂર્વની રચના કરવાના છે. આ અગાધ અચિંત્ય શક્તિનાં બીજ રેઢિયાળ સાધનામાં હોય ? ના, એ તો સંગીન નક્કર સાધનામાં હોય. સાધના તો આ જ, તમે કરો છો તે દેવદર્શન-જિનપૂજા-સામાયિક-પ્રતિક્રમણ, દાન-શીલ-તપ-ભાવના વગેરે. પરંતુ

**સાધના સંગીન,**

**(૧) તન-મન-ધનના ભારે ભોગવાળી,**

**(૨) મનની તન્મયતાવાળી, અને**

**(૩) જિનવચન પર અખૂટ શ્રદ્ધાવાળી,**

તમારે ? કહોને ત્રણેનું દેવાળુ ? ધર્મ સાધના પાછળ તન-મન-ધનનો ભારે ભોગ આપવો નથી, એટલે ? તન (૧) તન-શરીર બેઠાડું. 'જેટલું આરામથી થાય એટલું સારું,'-આ હિસાબ. ચૈત્યવંદન કેવી રીતે કરો ? બરાબર ઢીંચણિયે રહી, બે કોણી પેટ પર રાખી બે હાથ બરાબર અંજલિ જોડી મુખ આગળ, દૃષ્ટિ બરાબર ફિક્સ ભગવાન પર લાગેલી, તે એવી કે આખું ચૈત્યવંદન સંપૂર્ણ ન થાય ત્યાં સુધી આંખ ભગવાન પરથી ઊખડે નહિ, આ રીતે શરીરનો ભોગ ને ?

(૨) તો ધર્મ સાધવામાં ધનનો ભોગ કેવો અપાય છે ? ધનનો ધાધોડો કરવા જેવો ? કે દદૂડી મૂતરાવવા જેવો ? રોજ પ્રભુપૂજામાં કેટલો ખર્ચ રાખ્યો છે ? રોજ કુટુંબને જેટલું દૂધ જાય, એના કેટલામાં ભાગે તમારું દૂધ ભગવાનને ચડે ? ધાધોડો ? દદૂડી કે કશું જ નહિ ? શું દૂધને બિચારાને એમ ન થાય કે 'આ હીનભાગીના હાથમાં હું કયાં જઈ ચડ્યું કે એ મને ય હીનભાગી બનાવે છે તે મારા ભાગ્યમાં પરમ પુરુષ પરમાત્માના અંગે ચડવાનું નહિ ?' બોલો રોજનો કુટુંબનિભાવનો તો શું, પણ તમારા એકલાનો ખર્ચ કેટલો અને પ્રભુપૂજામાં ખર્ચ કેટલો ? આખા દિવસમાં તમારે વાપરવાનાં દ્રવ્ય કેટલાં, ને પ્રભુની ભક્તિમાં કેટલાં દ્રવ્ય લઈ જાઓ ? તે ય કેવા લઈ જાઓ ? તમારાં વસ્ત્ર-રૂમાલ વગેરે કેવા ઊજળા ફાગ ને પ્રભુને અંગ-લૂંછણાં કેવા ઊજળા ફાગ લઈ જાઓ ? પ્રભુની અંગ રચનામાં વરખના એક પાનિયાંનો ચોથિયો ટૂકડો કે જરાક શું રેશમ-ઊનનું ફૂમતું ય લઈ જાઓ ખરા ?

લાવો, બતાવો ધર્મસાધનામાં ધનનો કયો ભારે ભોગ આપો છો ? ભગવાન ભગવાન કરો.

(૩) ત્યારે મનનો ભોગ આપવા સાથે મનની તન્મયતા રાજાકુમારપાળ તથા મંત્રી વસ્તુપાળ જે રાખતા હતા એમાંના કેટલા અંશનો ભોગ અને કેટલા અંશની તન્મયતા રાખો છો ?

**મંત્રી વસ્તુપાલ રોજ પ્રભુપૂજામાં** પુષ્પપૂજામાં પ્રભુની શોભા કરવા માટે પ્રભુની આસપાસ પાખર-પિછવાઈમાં જાતે એકેક પુષ્પ ગોઠવી, તે ય જુદા જુદા રંગના ગોઠવી, એવી સુંદર ડિઝાઈન બનાવતા, ભલે અડધો કલાક લાગે, પણ જે જોતાં દિલ ઠરી જાય. એ ગૂંથણી કરવામાં મન એટલું બધું તન્મય રાખવા માટે ગૃહમંદિર બહાર માણસ બેસાડતા, એને Strict કડક ઓર્ડર કે કોઈને ત્યાં એ વખતે આવવા દેવાનો નહિ; પછી ભલે ધન લૂંટાઈ જતું હોય તો ય એ સમાચાર આપવા પણ કોઈએ પૂજા વખતે આવવાનું નહિ. શું છે આમાંનું તમારી પાસે ભોગ આપવા ?

હજી જુઓ વસ્તુપાળની આ પુષ્પપૂજામાં મનની તન્મયતા કેવી કે રાજા એની પૂજાની દૃઢતા જોવા ત્યાં આવી જાય છે, અને છૂપી રીતે વસ્તુપાળની પાછળ ફૂલ આપવા બેઠેલા માણસની જગાએ ગોઠવાઈ જાય છે. છતાં વસ્તુપાળને એ પ્રભુભક્તિમાં મનની લીનતામાં જરાય ખબર પડતી નથી ! એ તો જ્યારે વસ્તુપાળે ફૂલ માટે પાછળ લંબાવેલ હાથમાં રાજાએ ખોટું ફૂલ મૂક્યું ત્યારે એ ડિઝાઈનની ગૂંથણીમાં બરાબર બંધબેસતું ન લાગ્યાથી વસ્તુપાળે પાછું વળી જોયું કે માણસની આજે ભૂલ કેમ થઈ ? ત્યાં રાજા આવી બેઠા છે એ ખબર પડી.

બોલો, આમાંની મનની તન્મયતા તમારે કેટલી ? મનનો ભોગ કેટલો આપો ?

**જિનવચન પર શ્રદ્ધાબળ :-**

તો એ કુમારપાળ એ વસ્તુપાળની જિનેશ્વર ભગવાન અને એમનાં વચન પર અખૂટ શ્રદ્ધા કેવી ? જિનેશ્વર ભગવાન અને એમના વચનને એ મોટું રાજ્ય મોટું મંત્રીપદું કે અબજોની સંપત્તિ જ શું, પણ પોતાના પ્રાણથી અધિક માનતા હતા. વાતવાતમાં એમને ભગવાન અને ભગવાનનું શાસન ભગવાનની આજ્ઞા યાદ આવતી. જિનાજ્ઞાને ઉલ્લંઘીને એક બોલ પણ નહિ બોલવાનો, કે એક કાર્ય પણ નહિ કરવાનું, એટલું જ નહિ, પણ એમણે એ શ્રદ્ધાની પાછળ મંદિરો, યાત્રાસંઘ, જ્ઞાનભંડારો, સાધર્મિકભક્તિ,... વગેરેમાં કરોડોના કરોડો રૂપિયા ખરચી નાખ્યા ! શું બંને આમાંનું તમારે ? જાતે લાડવા ખાવાનું, વટબંધ ફરવાનું, વિષયોના રંગરાગ ઉડાવવાનું, ને બૈરી છોકરા પર વરસી જવાનું બને ! છતાં પ્રભુ અને પ્રભુના ધર્મ પર તમને અખૂટ શ્રદ્ધા-ભક્તિ છે !



**કુમારપાળનું શ્રદ્ધાબળ :-**

એમનું શ્રદ્ધાબળ કેટલું બધું અખૂટ કે આપત્તિ વખતે ય એ નિવારણનો ઉપાય નથી દેખાતો તો ય મનને એમ માનવાનું કે 'મારે શી ખામી છે. મારી પાસે અમૂલ્ય દેવાધિદેવ અરિહંત ભગવાન અને એમનું શાસન છે. બસ, મારે કશી ન્યૂનતા નથી !'

કુમારપાળને અજયપાળે દગો કરી ઝેર અપાવ્યું ત્યારે એમણે તરત ખજાનચીને કહ્યું 'પેલો વિષહર હીરો લાવો.'

ખજાનચી બિચારો તપાસ કરી આવી કહે છે, 'સાહેબ ! હીરો ચોરાઈ ગયો લાગે છે.'

કુમારપાળ આ સાંભળી રોવા નથી બેસતા. એ કહે છે 'ફિકર નહિ, મારી પાસે અરિહંત પરમાત્મા છે, નવકાર મંત્ર છે, પ્રભુનું શાસન છે. એ જ મારે ખરેખરી અણમોલ અજોડ સંપત્તિ છે. મારે શી ખોટ છે ?' એમ કરી જરાય દીન રોતડ બન્યા વિના મન પ્રભુના શાસનમાં-નવકારમાં-અરિહંતમાં સ્થાપી સમાધી પૂર્વક કાળધર્મ પામી દેવગતિ પામ્યા. આ હતું એમનું અખૂટ શ્રદ્ધાબળ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૧૦,તા.૨૩-૧૧-૧૯૭૪**

માત્ર મરણકાળે જ નહિ, કિન્તુ કુમારપાળને પ્રભુનું શાસન પામ્યા પછી જીવન જીવતાં પણ એ શ્રદ્ધાબળ કામ કરતું હતું કે 'જિનશાસન અર્થાત્ જિનશાસને ફરમાવેલ દયા-દાનાદિ અનુષ્ઠાનો એ જ સારભૂત છે, અતિ મહાન કિંમતી છે; ત્યારે રાજ્ય-ખજાનો-વિષયો યાવત્ પોતાના પ્રાણ પણ એની આગળ તુચ્છ અસાર છે.' એટલે જ એ શ્રદ્ધાબળ ઉપર એક વાર કંટકેશ્વરી દેવીને બોકડાનો ભોગ ન આપતાં દેવીએ કપાળમાં ત્રિશૂળનો ભયંકર ઘા કર્યો. છતાં કુમારપાળ ડગ્યા નહિ. દેવીએ કુમારપાળનું શરીર કોઢિયું બનાવી દીધું, ને કહે છે 'જો હજી સાજા-સારા થવું હોય તો બોકડાનો ભોગ આપો, નહિતર કોઢિયા રહેજો.'

કુમારપાળનું દયાના ઉપદેશક જિનવચન ઉપર શ્રદ્ધાબળ કેવું કે દેવીને વશ થવાની ને બોકડાનો ભોગ આપવાનું કબૂલવાની વાત તો દૂર, પણ એ હવે જુએ છે કે જો સવારે અજ્ઞાન લોક મારું આવું શરીર જુએ તો બોલે 'જોઈ લો આમનો ધર્મ બોકડાની દયા કરવા ગયા તો કોઢિયા બન્યા.' અને જૈનધર્મની નિંદા થાય; એમાં છતે ઉપાયે મારાથી નિમિત્ત કેમ બનાય ? ઉપાય આ જ કે રાતમાં ને રાતમાં જ બળીને ખાખ થઈ જવું.

બસ, તરત ઉદાયન મંત્રીને બોલાવી વાત જણાવીને કહે છે, 'ખાનગી ચિતા તૈયાર કરાવો, એમાં બળીને ખાખ થઈ જાઉં; જેથી લોકોને આ દેવીકોપની ખબર જ ન પડે,' બોલો હૈયામાં જિનવચનની શ્રદ્ધા કેટલી બધી ઊભરતી કે પ્રાણત્યાગની તૈયારી કરી, પરંતુ દયાધર્મ પડતો ન મૂક્યો.

**જીવનમાં સારભૂત શું પ્રાણ અને પૈસા ? કે ધર્મ અને જરૂર પડ્યે ધર્મસહિત મૃત્યુ ? અધમને પહેલું; ઉત્તમને બીજું.**

અધમ આત્માને પ્રાણ અને પૈસા સારભૂત લાગે છે, ત્યારે ઉત્તમ આત્માને ધર્મ સારભૂત લાગે છે, ધર્મ ખાતર ધન-ત્યાગ...યાવત્ પ્રાણત્યાગ સારભૂત લાગે છે, પછી બેની જીવન-પદ્ધતિમાં ફરક પડે જ ને ? કેટલો ફરક ?

અધમને પૈસા જ પૈસાનો જીવનમંત્ર; એટલે ઓઠ-કોઠ કરી જૂઠ-અનીતિ-માયા-પ્રપંચ કરી પૈસા ભેગા કરવા, એને રંગરાગમાં વાપરવા, બચેલા સાચવી રાખવા, એ જ કામ, પાપમાં પાછી પાની નહિ, ને ધર્મનું નામ નહિ. ત્યારે ઉત્તમને ધર્મ જ ધર્મનો જીવનમંત્ર એટલે કુળની ખાનદાનીને યોગ્ય ધંધો અને કમાઈ પણ સત્ય-નીતિ-સરળતારૂપ ધર્મ સાચવીને જ; તથા કમાયેલા ધનમાંથી ય ઉત્તમ જિનભક્તિ-ગુરુભક્તિ-જ્ઞાનભક્તિ, તપસ્વીની ભક્તિ, વ્રતધારીની ભક્તિ, મંદિર-ઉપાશ્રય વગેરેમાં દાન, અનુકંપાદાન વગેરે ધર્મ જ ધર્મ કરતા રહેવું; એજ મુખ્ય કામ. ધર્મમાં પાછી પાની નહિ, ને પાપમાં દોટ નહિ.

આટલો મોટો ફરક અધમ અને ઉત્તમની જીવન પદ્ધતિમાં હોય છે. કારણ આ જ કે અધમને પૈસા-રંગરાગ એ જ સારભૂત લાગે છે, ને ઉત્તમને ધર્મ જ સારભૂત દેખાય છે.

**પૈસા પાગલ બનાવે, ધર્મ શાણા બનાવે.**

અધમને બિચારાને ખબર નથી કે 'પૈસા વિષયો અને રોફ-અભિમાન બધું મૂકીને જ જવાનું છે, ને અહીં પણ એ બધું જીવને પાગલ બનાવનારું છે, પુષ્કળ પાપો કરાવનારું છે ત્યારે ધર્મ સાથે ચાલવાનો છે, અને અહીં પણ જીવને સ્વસ્થ શાણા બનાવનારો છે.' અધમને આ ખબર જ નહિ, તેથી એને ધર્મ કયાંથી સૂઝે ?

બ્રહ્મદત્ત-ચક્રવર્તી રાજ્યલક્ષ્મી-વિષયસુખો અને અભિમાન-હું પદમાં પાગલ બનતો હતો, તેથી અંતે પાગલતામાં મરીને સાતમી નરકે ગયો. એના ભાઈ મહારાજ ધર્મથી શાણા અને સ્વસ્થ હતા, તો મસ્તીથી જીવી સમાધિમાં મર્યા.

કેવા બનવું છે ? અધમ મમ્મણ પૈસામાં પાગલ બની સાતમીએ ગયો. ઉત્તમ શાલિભદ્ર ચારિત્રધર્મમાં શાણા-સ્વસ્થ બની અનુત્તર વિમાનમાં ગયા. કેટલું અંતર ? એક ૧૪ રાજલોકમાં ઠેઠ નીચે, બીજા ઠેઠ ઉપર.



આજેય પૈસામાં પાગલ બનેલા અધમ જીવો લખલૂટ પાપ કરે છે, ક્રોધી-અભિમાની પ્રપંચી અને સ્વાર્થિલા લોભિયા બને છે; ત્યારે ધર્મમાં શાણા અને સ્વસ્થ બનેલા એ શાંત સ્વભાવી સરળ અને સંતોષી તથા ઉદાર પરોપકારી બને છે, એ નજરે દેખાય છે.

કેવા બનવું છે, અધમ કે ઉત્તમ ? ઉત્તમ બનવું છે તો સારભૂત શું એ નક્કી કરો. પૈસા-વિષયો-ગુસ્સો-અભિમાન-વૈરવિરોધ-પ્રપંચ વગેરે સારભૂત ? કે ધર્મ-ક્ષમા-લઘુતા-મૈત્રીભાવ-નિષ્કપટતા ઇત્યાદિ સારભૂત ? અધમ જીવન એ કૂતરાનું જીવન છે, ઉત્તમ જીવન એ દૈવી જીવન છે. ધર્મને જ સારભૂત માનવાથી ઉત્તમ જીવન બને.

**૨૦ સ્થાનકમાં ચારિત્રને બદલે આવશ્યક કેમ ? :-**

વીસસ્થાનકમાં ૧૧માં પદની વાત ચાલે છે. ચારિત્રપદને બદલે બીજે 'આવશ્યક' પદ કેમ મૂક્યું એની વિચારણા થઈ રહી છે. ધર્મને જ સારભૂત દેખે એટલે સહેજે ચારિત્રજીવનમાં સમિતિ-ગુપ્તિ સ્વાધ્યાયાદિ આવશ્યક ચર્યાઓ સારભૂત છે, પણ પ્રમાદ, અસંયમ, વાતોચીતો, એશઆરામી, વગેરે નહિ. એ બધી તો ચારિત્રના કચરારૂપ છે. એટલે ચારિત્ર આરાધવા માટે મહત્ત્વ આવશ્યક ચર્યાઓનું છે. તેથી વીસસ્થાનકમાં ૧૧ મું સ્થાનક આવશ્યકનું લીધું. અલબત એમાં ચારિત્ર તો વણાયેલું જ હોય.

ચારિત્ર કે આવશ્યક એ શીલ-બ્રહ્મચર્ય ઉપર જ સફળ બને. શીલ નહિ, તો બધું જ નિષ્ફળ.

**'શીલ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઈ રે.'**

તેથી ૧૨ મે 'શીલ' પદ લીધું.

**૧૩મે પદે ક્રિયા કેમ ? :-**

આ શીલ એ નિવૃત્તિ માર્ગ છે એમાં વિષયસંગથી સર્વથા નિવૃત્તિ યાને વિષયસંગનો સર્વેસર્વા ત્યાગ આવે. ત્યારે પ્રવૃત્તિમાર્ગ તરીકે ક્રિયા જોઈએ, એટલે ૧૩મે 'ક્રિયા' નામનું સ્થાનક લીધું અથવા શીલની સામે કુશીલ એ અજ્ઞાન દશા છે; તો શીલ એ જ્ઞાન-દશા-જ્ઞાન માર્ગ કહેવાય. એની સાથે 'ક્રિયા' માર્ગ જોઈએ. કેમ કે જૈનશાસનમાં આરાધનાનો રથ જ્ઞાન અને ક્રિયારૂપી બે પૈડા ઉપર જ ચાલી શકે. મોક્ષ એ બેથી જ મળે. 'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ' માટે ક્રિયા પણ એટલી જ જરૂરી હોઈ ૧૩મે ક્રિયાનું પદ લીધું.

વીસસ્થાનકને યાદ રાખવા માટે નવપદના આધારે વિચારીએ છીએ. એમાં અરિહંત સિદ્ધ પછી પ્રવચન અને આચાર્ય પછી સ્થવિર ઉમેરાયા, તેમજ જ્ઞાનદર્શન

બાદ વિનય, અને ચારિત્ર બાદ શીલ-ક્રિયા ઉમેરાયા, એમ નવપદમાં ચારિત્ર સુધી ૮ પદ એમાં ૫ ઉમેરતાં ૧૩ સ્થાનક થયા. હવે નવપદમાં ૯મું તપ એનો અહીં નંબર લાગતાં ૧૪મું 'તપ' નામનું સ્થાનક બન્યું. ચારિત્ર (આવશ્યક)-શીલ-ક્રિયા-એ સંયમદેહ છે. એને અલંકાર જોઈએ. અલંકાર વિનાનો દેહ ન શોભે. તપ એ અલંકાર છે. અથવા ચારિત્ર-શીલ-ક્રિયા એ સંવરમાર્ગ છે, સાથે નિર્જરામાર્ગ જોઈએ. મોક્ષનાં સાધન બે સંવર-નિર્જરા. તપ એ નિર્જરામાર્ગ છે. સંવરથી નવાં કર્મ બંધાતા અટકે નિર્જરામાર્ગથી જુનાં કર્મનો નિકાલ થાય તેથી સંવરનાં પદ પછી ૧૪મે 'તપ' પદ લીધું તપ એ નિર્જરાતત્ત્વ છે. **'કર્મ ખપાવે ચિકણા ભાવમંગળ તપ જાણ.'**

**૧૫મે પદે ગૌતમ કેમ ? :-**

આમ ૨૦ માંથી ૧૪ના નામ આવ્યાં. હવે ૬ બાકી રહ્યા. એ ૬ ને બે જોડકે યાદ રખાય,-દાન-જિન-સમાધિ, અને અભિનવ જ્ઞાન-શ્રુત-તીર્થ. આમાં 'દાન' પદને 'ગૌતમ' પદ પણ કહે છે. સમાધિને બદલે ૧૭મું ચારિત્રપદ પણ આવે છે. ૧૪ સ્થાનક સુધીમાં નવે પદ આવ્યાં. એ નવ પદનો ઉપદેશ શ્રેણિક આદિ પર્ષદાની આગળ ગૌતમસ્વામીજીએ આપ્યો. માટે ૧૫ મે સ્થાનકે 'ગૌતમ' પદ. એને 'દાન' પદ પણ કહે છે, દાનપદમાં ગૌતમસ્વામી, ગણધરને આરાધવાના છે; તેથી જેમ ગૌતમસ્વામીજીએ છઠ્ઠનાં પારણે છઠ્ઠની આરાધના કરી, એમ આ, ૧૫મું સ્થાનક છઠ્ઠ-છઠ્ઠના તપથી આરાધવાનું છે. પૂછો,-

**પ્ર.**- દાન અને ગૌતમને શો સંબંધ ?

**ઉ.**- સંબંધ આ, કે એમણે ૫૦,૦૦૦ ભવ્યાત્માને ચારિત્રનું દાન કર્યું એટલું જ નહિ, પણ એ બધાયને કેવળજ્ઞાનનું પણ દાન કર્યું. આવા દાની બીજા કોણ મળે ? ત્યારે, આ દાનથી ચડિયાતું બીજું કયું દાન છે ? એટલે ૧૫ મું સ્થાનક 'દાન' નું, 'ગૌતમ' નું.

૧૫ મે ગૌતમગણધર ભગવાનને આરાધ્યા, તો ગણધર બનાવનાર વિચરતા તીર્થંકર ભગવાનને પણ આરાધવા જોઈએ તેથી ૧૬ મે પદે 'જિન' યાને વિચરતા અરિહંત.

૧૬ મા પદમાં 'સંયમ' પણ લેવાય છે. પૂછો,-

**પ્ર.**- પૂર્વે ચારિત્ર પદ તો આવી ગયું, હવે સંયમ પદમાં નવું શું ?

**ઉ.**- ચારિત્ર મહાવ્રત સર્વવિરતિની દૃષ્ટિએ છે. ત્યારે સંયમ ઈન્દ્રિયો વગેરે પર સંયમનની દૃષ્ટિએ છે. ચારિત્ર લીધા પછી પણ આ સંયમન કર્યે જવાનું કામ ઊભું રહે છે. એમાં એક મફતિયું ડાફોળિયું ન મરાય, કે જ્ઞાન-દર્શન-ચારિત્ર સિવાય 'ત્યાં શું બન્યું ?' વગેરે કશી ખોટી આતુરતા ય ન કરાય.



અહીં ૧૬ મે પદે 'સમાધિ' અને ૧૭ મે પદે 'સંયમ' પણ લે છે. અથવા ૧૬માં પદમાં 'સમાધિ' અને ૧૭મા પદમાં 'વૈયાવચ્ચ' એમ પણ લે છે. નહિતર સોળ પદ તો ઉપરોક્ત; હવે ૧૭મું પદ સમાધિનું સમજવાનું. 'સમાધિ' માં સંઘને સમાધિ આપવાની આરાધના છે. આમા સ્વયં ચિત્ત-સમાધિ રાખવાની આરાધના સમાવિષ્ટ જ છે. ત્યારે સંઘને ચિત્તસમાધિ કરાવવાનું વૈયાવચ્ચથી યાને સેવા-શુશ્રૂષાથી થાય; બીજાને ધર્મમાં સ્થિરીકરણથી ય થાય. એટલે વૈયાવચ્ચ પણ આ પદમાં સમાવિષ્ટ છે. વીસસ્થાનકની આરાધના તીર્થંકર બનાવનારી છે. અને તીર્થંકર પરાર્થવૃત્તિવાળા હોય છે, એ પરાર્થવૃત્તિતા કેળવવાનું આ સમાધિ-વૈયાવચ્ચ પદની આરાધનાથી થાય છે.

હવે છેલ્લા ૧૮-૧૯-૨૦ માં એ ત્રણ પદ અભિનવજ્ઞાન, શ્રુત અને તીર્થના છે. ૧૮મા અભિનવજ્ઞાનમાં રોજ નવનવા જ્ઞાનની પ્રાપ્તિની, ૧૯ મા શ્રુતપદમાં 'શ્રુત' એટલે જિનાગમની આરાધના અને ૨૦ માં તીર્થપદમાં સ્થાવર-જંગમ તીર્થની આરાધના કરવાની છે.

**મહાવીર ભગવાનના જીવ નંદનરાજર્ષિએ ૨૫મા ભવે આ વીસ સ્થાનક આરાધના ચારિત્ર સાથે ૧૧ લાખ ૮૦ હજાર માસખમણ કરીને કરી.**

**વીસસ્થાનકની આરાધનામાં શું કરવાનું ?**

માત્ર એકેક સ્થાનકના ૨૦-૨૦ ઉપવાસ અને એકેક ઉપવાસે ૨૦-૨૦ માળાનો જાપ, દેવવંદન-કાઉસ્સગ્ગ-ખમાસમણાં, એટલું જ ? એટલા માત્રથી તીર્થંકર નામકર્મ જેવું ઉત્કૃષ્ટ પુણ્ય બંધાઈ જાય એમ લાગે છે ? ભગવાને એટલું જ કરીને તીર્થંકર નામકર્મ બાંધ્યું હશે ? બીજું સામાન્ય પુણ્ય ઊભું કરવા માટે કેટલું ય કરવું પડે, તો આવું ઉત્કૃષ્ટ પુણ્ય પણ એમજ ઊભું થઈ જાય ?

આજે જ્યાં આટલું કરીને સંતોષ માનવામાં આવે છે, કે એનાથી તીર્થંકર નામકર્મનું પુણ્ય મળી જશે એમણે વિચારવા માટે આ પ્રશ્નો છે.

**તીર્થંકર-નામકર્મનું પુણ્ય નાનુસૂનું નથી;**

તેમ એની સાથે ઉપાર્જેલાં સૌભાગ્ય નામકર્મ, યશ નામકર્મ, આદેય નામકર્મ, ઉચ્ચગોત્ર, વગેરે પુણ્યો કાંઈ નાનાસૂના નથી. એનાં ફળમાં દેખાય છે ને કે જન્મતાં જ શું, માતાના ઉદરમાં આવતાં ત્રણ ભુવનમાં સર્વજીવોને ક્ષણભર સુખની લહેરી ફરી વળે છે. ઈન્દ્રનું સિંહાસન ડોલે છે, ઈન્દ્ર શક્રસ્તવથી ભગવાનની સ્તુતિ કરે છે ! જન્મતાં ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ ઈન્દ્રો જન્માભિષેક ઊજવે છે ! અને પ્રભુના ઘરમાં ૩૨-૩૨ કરોડ સોનૈયા-રત્નો વગેરેની વૃષ્ટિ કરે છે ! પ્રભુને જન્મતાં શરીર કેવું ? જેના લોહી માંસ સફેદ રમણીય ! શ્વાસ કમળ જેવો સુગંધિત !

જીવનભર રોગ-પસીનાનું નામ નહિ ! આહાર-નિહારવિધિ અદશ્ય ! પ્રભુને જન્મી સ્તનપાન કરવાનું નહિ, ઈન્દ્રે અંગૂઠામાં અમૃત સંચારેલું તે ચૂસીને તૃપ્તિ થઈ જાય ! બાલ પ્રભુની પણ વૈરાગ્યદશા નિરભિમાન-અનાસક્તિ-ગંભીરતા જોરદાર ! દીક્ષા વખતે પણ ઈન્દ્રો-દેવતાઓ આવી ઉત્સવ કરે ! કેવળજ્ઞાન પામતાં અષ્ટ પ્રાતિહાર્ય, સમવસરણ, ૩૫ અતિશયવાળી વાણી ! ચાલતાં પગ નીચે મુલાયમ સુવર્ણકમળ ! રસ્તે ઝાડો નમે, આકાશે પંખેરા પ્રભુને પ્રદક્ષિણા દે,...આ બધું સર્જનારાં પુણ્ય કેટલાં ને કેવાં ઉત્કૃષ્ટ કોટિનાં હોય ? એ ઉપાર્જવાનું વીસ સ્થાનકથી, તે શું માત્ર એના ૩૬૦ ઉપવાસ ૨૦ છઠ્ઠ કરી આપવાથી ? કે તે તે સ્થાનકની અનેકાનેક પ્રકારની અવ્વલ આરાધના કરવાથી ? ત્યારે સવાલ થાય,

**૨૦ સ્થાનકની આરાધનામાં પહેલું તો તે તે પદ પર અનન્ય શ્રદ્ધા.**

પહેલું તો દરેક સ્થાનક દરેક પદ ઉપર અનન્ય શ્રદ્ધા-પ્રીતિ-આદર બહુમાન ધરવાના. તે એવા કે જીવનમાં આ જ સારભૂત લાગે. બાકી એની સામે (૧) મોટી ચક્રવર્તી કે ઈન્દ્રની ઠકરાઈ ને પ્રતિષ્ઠા તુચ્છ અસાર લાગે, (૨) મોટા હીરા-માણેક-સોનાના ઢેર 'કુછ નહિ' લાગે, (૩) બહુ પ્રેમના ભંડારભર્યા કામિની કુટુંબ પરિવાર પણ અસાર-તુચ્છ લાગે (૪) દુન્યવી વિષયસુખો ઝેર જેવા લાગે...આ બધાની સામે અરિહંત-સિદ્ધ-પ્રવચન વગેરે વીસે વસ્તુ મહા સારભુત માલદાર, અમૃતરૂપ અને અનન્ય સાધ્ય લાગે. અરિહંત પરમાત્મા અને એમનાં શાસનમય ૧૯ સ્થાનકો 'એટલે શી વાત ! એની આગળ પૈસાટકા-માલમિલકત-પરિવાર-પ્રતિષ્ઠા-સત્તા-સન્માન, સુખ-આરામી એ તો બધું ધૂળ જેવું' આ દૃષ્ટિ બંધાઈ ગઈ હોય. એટલી બધી વીસસ્થાનકની ઉચ્ચ શ્રદ્ધા-પ્રીતિ-બહુમાન હોય.

ગૃહસ્થ પણ આ શ્રદ્ધાદિ કેળવી શકે. તો વીસસ્થાનકની ઓળી કરનારા વિચારી જોજો કે આ શ્રદ્ધા પ્રીતિ-બહુમાન હૃદયમાં જમા છે ને ? જો ના, તો શું એ મૂળપાયા વિના તીર્થંકર નામ કર્મ જેવું ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું થઈ જશે !

**શ્રેણિક-કૃષ્ણ-સુલસાની અરિહંત શ્રદ્ધા :-**

**પ્ર.**- શું શ્રેણિક-કૃષ્ણ-સુલસા વગેરેને એ શ્રદ્ધાદિ જમા હશે તે એમણે એ પુણ્ય ઉપાર્જ્યું ?

**ઉ.**- એમાં સવાલ જ નહિ; મહારાજ શ્રેણિક એ શ્રદ્ધા ઉપર તો અરિહંત મહાવીર પ્રભુની સુખ-શાતાના સમાચાર મળતાં રોમાંચ અને અવર્ણનીય ગદ્‌ગદતા અનુભવતા ને એ સુખદ સમાચાર લાવનારને ધનના ઢગલાથી નવરાવી દેતા.

કૃષ્ણ મહારાજ, પોતાના પુત્રો તો એમના એવા સમર્પિત નહિ જેવી પુત્રીઓ, તે પુત્રીઓને અરિહંત પ્રભુ નેમિનાથ ભગવાનને ચરણે ચારિત્રમાર્ગે ચડાવી દેતા.



સુલસા શ્રાવિકાને મન 'શી વાત મારા અરિહંત મહાવીર પરમાત્મા !' તે એમના માર્ગથી બહારના વેશવાળા અંબડ પરિવ્રાજકના સામું જોવાનીય વાત નહિ, ને મનથી મહાવીર પ્રભુને જોવામાં લીન તે અંબડે વિકુર્વેલ સાક્ષાત્ બ્રહ્મા-શિવ-વિષ્ણુને જોવાની ફુરસદેય નહિ, ને જોવાની લેશ પણ આતુરતા ય નહિ !

આ હતી એમની અરિહંત અને એમનાં શાસન પરની અથાગ શ્રદ્ધા-ભક્તિ-બહુમાન, નહિતર શું એમણે અરિહંત-તીર્થંકરપણાનું પુણ્ય એમ જ ઉપાર્જ્યું હશે ? અહીં એક વિચારવા જેવો પ્રશ્ન છે.

**ગૌતમ-ચંદનબાળાને તીર્થંકરપણાનું પુણ્ય કેમ નહિ ? :-**

**પ્ર.**- તો પછી ગૌતમસ્વામી અને ચંદનબાળાને મહાવીર પ્રભુ ઉપર ક્યાં કમ શ્રદ્ધા-ભક્તિ-બહુમાન હતા ? તો એમણે કેમ તીર્થંકર નામકર્મનું પુણ્ય ન ઉપાર્જ્યું ?

**ઉ.**- આ પ્રશ્નના બે સમાધાન હોઈ શકે છે; (૧) એક તો એ ચરમશરીરી તદ્‌ભવમુક્તિગામી છે, એટલે એમની આ શ્રદ્ધાદિની સાધના વિશેષતયા પુણ્યબંધ કરતાં કર્મક્ષયના માર્ગે હશે, યા એમને મહાવીર પ્રભુ ઉપર અરિહંત તરીકેના રાગ કરતા ઉપકારી વ્યક્તિ તરીકેનો રાગ વિશેષ જોરમાં હશે, અને (૨) બીજું એ, કે તીર્થંકર નામકર્મના ઉપાર્જન માટે વીસસ્થાનકની આરાધનાની જેમ વિશ્વકરુણા યાને જગતના જીવમાત્રને તારવાની ઈચ્છા 'સવિ જીવ કરું શાસનરસી' એ કરુણામય ઉત્કટ અભિલાષા જે શ્રેણીક કૃષ્ણ-સુલસાને થઈ હશે એવી ઈન્દ્રભૂતિ-ચંદનબાળાને નહિ થઈ હોય.

**હકીકત પરથી કારણની કલ્પના થાય.**

નક્કર હકીકતનો ઈન્કાર ન થઈ શકે. હકીકતમાં ખરેખર શું બન્યું છે, એ પહેલું જોવાય, પછી એની પાછળ કયાં કયાં કારણ કામ કરતા હોય એનો સિદ્ધ કાર્ય-કારણભાવના આધારે વિચાર થાય. આપણે કાંઈ સુલસા ઊંચા અને ચંદનબાળા નીચા એવો ભેદ નથી પાડવો; કેમકે દરેક દરેકમાં જુદા જુદા પ્રકારની વિશેષતા હોય છે. ડાકટર અને વકિલ બે ય હોશિયાર નામાંકિત હોય, તો 'બેમાં કોણ વધારે હોશિયાર' એવી તુલના ન થઈ શકે. બે ય પોતપોતાના ક્ષેત્રમાં આગવી વિશેષતાવાળા છે. એમ સુલસા અને ચંદનબાળા પોતપોતાની આગવી વિશેષતા ધરાવે છે. સુલસા તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જન કરાવનારી સાધનાની દ્રષ્ટિએ અને ચંદનબાળા તે જ ભવમાં સર્વકર્મનો નાશ કરાવનારી આરાધનાની દૃષ્ટિએ ઊંચા છે. હવે એમાં તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જવાનો વિચાર કરીએ ત્યારે ચંદનબાળામાં એ હકીકતો નથી, ને સુલસામાં છે, તો ચંદનબાળામાં એનું કારણ ન આવ્યું અને સુલસામાં આવ્યું, તે કયું કારણ એ વિચારવું પડે.

ત્યારે આ દેખાય કે

(૨) **તીર્થંકર નામકર્મ ઉપાર્જવાનું પાયાનું બીજું કારણ આ** કે અંતરમાં જગતના સમસ્ત જીવમાત્ર પ્રત્યે ભાવકરુણા ઉલ્લસે કે 'બિચારા આ કર્મપીડિત જીવોનો કેમ ઉદ્ધાર કરું ! ક્યારે એવી તાકાત આવે અને એ બધાયને શાસનરસિક કરું ને મોક્ષમાર્ગ પમાડી દઉં !' સુલસામાં આ સમસ્ત જીવોની ભાવકરુણા ઉલ્લસી હોય, અને ચંદનબાળામાં સમસ્ત માટેની ભાવકરુણા ન ઉલ્લસી હોય, એવો સંભવ છે. છતાં ચંદનબાળામાં આ બીજી વિશેષતા ભૂલશો નહિ. એમણે એ જ ભવમાં સામાન્ય નિમિત્ત મળવા પર ભાવના અને ધ્યાન વિકસાવી ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન લીધું છે; આ વિશેષતા મામૂલી સમજતા નહિ.

તીર્થંકર નામકર્મનું પુણ્ય સમ્યક્ત્વ પર મળે છે, કેવળજ્ઞાન વીતરાગતા ઉપર મળે છે. વિચારો,

(૧) સમ્યક્ત્વ ઊંચું કે વીતરાગતા ઊંચી ?

(૨) આત્માનો પુરુષાર્થ ક્યાં જોરદાર ?

(૩) વીતરાગ પરમાત્મા સાથે ક્યાં ગાઢ મિલન ?

(૪) શ્રેષ્ઠ જિનાજ્ઞાપાલન શામાં ગણાય ?

કહેવું જ પડે કે સમ્યક્ત્વ કરતાં વીતરાગતા ઘણી ઊંચી; એ પામવામાં અતિશય પ્રબળ પુરુષાર્થ, વીતરાગ અરિહંત પરમાત્મા સાથે ગાઢ મિલન અને જિનાજ્ઞાનું ઉત્કૃષ્ટ પાલન છે.

વીતરાગ તીર્થંકર ભગવાનની છેલ્લી આજ્ઞા વીતરાગ થવાની છે. બસ, વીતરાગ થાઓ એટલે આજ્ઞાપાલનની પરાકાષ્ઠાએ પહોંચી ગયા. સાધના એટલે આજ્ઞાપાલન. વીતરાગ થયા એટલે સાધનાની હદ આવી ગઈ. હવે સાધકપણામાંથી સિદ્ધ થઈ ગયા. ચંદનબાળાએ આ કર્યું.

**કેટલો બધો જ્વલંત આંતરિક પુરુષાર્થ કે એક સામાન્ય નિમિત્ત પર વીતરાગ સર્વજ્ઞ બને !**

ચંદનબાળા કેવા સામાન્ય નિમિત્ત પર વીતરાગ સર્વજ્ઞ બનાવનારા પુરુષાર્થ ખેડનારા બન્યા ?

એમના શિષ્યા સાધ્વીજી મૃગાવતીજી સમવસરણમાંથી મોડા અંધારે આવ્યા છે, ચંદનબાળાએ મધુર શબ્દોમાં સહેજ ઠપકો આપ્યો કે 'કુલીન એવા તમારે આમ કરવું યોગ્ય નહિ.' બસ, એના પર મૃગાવતીજી પશ્ચાત્તાપમાં ચડ્યા, એમને ય આ સામાન્ય નિમિત્ત છે. પણ જુઓ એ પણ વીતરાગ બનાવનારો પુરુષાર્થ ખેડે છે !

શું બન્યું હતું ? ભગવાનની પાસે સૂર્ય-ચંદ્ર, ઇન્દ્રો, વિમાન સાથે આવેલા



તેથી દિવસ પૂરો થતો છતાં અજવાળું-અજવાળું હતું, અને તીર્થંકર ભગવાનનું સાંનિધ્ય મળ્યું હતું. એટલે એના અત્યંત આનંદમાં મૃગાવતીજી પ્રભુ પાસે બેસી રહેલા એમાં સૂર્ય-ચંદ્ર પ્રભુની ઉપાસના કરીને વિમાન સાથે ઊપડી ગયા, અને ધબ અંધારું થઈ ગયું, તેથી મૃગાવતીજી હાંફળા-ફાંફળા મકાને આવ્યા. દિલને વસવસોય થયો હશે કે 'આ હું પ્રભુ પાસે લીન બનવામાં બીજી બાજુ મારો સમય ભૂલી' એમાં ગુરુણીએ ઠપકો આપ્યો કે 'હે કલ્યાણી ! તમારા જેવા કુલીનને આ ઉચિત નહિ.' બસ આટલી જ વાત હવે શું આ કોઈ આ એવું મોટું જબરદસ્ત નિમિત્ત છે કે એ વીતરાગ અને કેવળજ્ઞાની બનાવે ?

શાલિભદ્ર મેઘકુમાર જેવાએ સંયમ લઈ તપમાં કાયા ઘસી નાખી અને અંતે વળી વૈભારગિરિ પર અનશન કરી દે છે, ખૂબ ઊંચા સમભાવમાં ઝીલે છે, અરિહંતના ધ્યાનમાં લયલીન બન્યા છે, કેવા લીન ? શાલિભદ્ર મુનિને માતા અને પત્નીઓ મળવા વંદન કરવા આવી છે, કલ્પાંત કરતી ઊભી છે, 'બે અક્ષર તો બોલો' એમ વહાલસોયી માતા કરગરી રહી છે, છતા

**''સન્મુખ ખોલ જોયો નહિ માકું, ધ્યાન નિરંજન મન ધરિયા;**
**બોલો બોલો રે શાલિભદ્ર દો વરિયાં''**

અર્થાત્ આંખ ખોલીને માતાની સામે જોયું નહિ, કેમ કે મનમાં નિરંજન અરિહંત-સિદ્ધ ભગવાનના જ ધ્યાનની લીનતા રાખી છે.

ધ્યાનની આ કેટલી બધી લીનતા ? જેનો પોતે એકનો એક દીકરો છે, પોતાના પર જે માતાને અત્યંત વહાલ છે, ને એના ઘરેથી ગોચરી ન લીધાનું જેને અપરંપાર દુઃખ હોય એ માતા અહીં કરગરી રહી છે, છતાં એના તરફ કશું લક્ષ નહિ, એટલી બધી ધ્યાનની લીનતા રાખી છે. આ તો હવે વીતરાગ થવાનું પ્રબળ નિમિત્ત કહેવાય. છતાં એ વીતરાગ ન બની શક્યા, અને કાળ કરીને અનુત્તર વિમાનમાં જનમ્યા ત્યારે અહીં મૃગાવતીજીને તો આટલું નાનકડી વાતના નાનકડા ઠપકાનું નિમિત્ત મળ્યું છે. અને એના પર પસ્તાવો કરતાં વીતરાગ બની જાય છે, કેવળજ્ઞાન પામી જાય છે ! ત્યારે એ પસ્તાવાનો પુરુષાર્થ કેટલો બધો ઊંચો હશે ?

**મૃગાવતીના કેવા પસ્તાવા પર વીતરાગતા ? : આસક્તિ મારવાની વિચારણા :-**

મૃગાવતીજીએ પસ્તાવો એવો તે કેવોક કર્યો હશે ? આવો જ કોઈક, કે'

'અરે ! આ મેં કેવો પ્રમાદ કર્યો ? ગુરુણીજી મહારાજને કેવી અશાતા, કેવું મનોદુઃખ કરાવ્યું જે આમણે મને ભયંકર ભવકૂપમાંથી શરણું આપી આટલે બધે ઊંચે ચડાવી એમનો કોઈ બદલો વાળવાની, અરે ! થોડી શાતા આપવાની

વાત તો દૂર, પણ ઊલટું અશાતા આપી ? એમને ક્યારનીય ચિંતા થયા કરતી હશે કે 'આ મૃગાવતી કેમ ન આવી ? કેમ એ કર્તવ્યને ચૂકી હશે ?' એટલે તો એમને આ ઠપકો આપવો પડેલો. ત્યારે એમના દિલને મેં આટલી બધી વ્યથા ઊપજાવી ? ધિક્કાર છે મારી કૃતઘ્નતાને ! મેં મારી જ શાતા જોઈ ? મને ભગવાન પાસે આનંદ આવે છે માટે મારે મારા ઉપકારી ગુરુણી મહારાજશ્રીની વ્યથા નહિ જોવાની ? કેવી સ્વાર્થિલી મારી જાત ! આ આંધળો સ્વાર્થ પોષનારી અને ગુરુને ભુલાવનારી મારી ઇન્દ્રિયો અને કાયા કેવી ગોઝારી ! આના પર મને રાગ ?

આમ ઠેઠ પોતાની કાયા-ઇન્દ્રિયો પરની ય આસક્તિ જોરદાર કપાતી ચાલી.

**આસક્તિ ને અહંત્વ મરે એટલે વીતરાગ બનાય.**

**એમાં અહંત્વ કેવી વિચારણા પર મરે ? :-**

ગુરુણીની અશાતા-વ્યથાની દૃષ્ટિની જેમ, પોતાના પ્રમાદની દૃષ્ટિએ પણ પસ્તાવાનો દાવાનળ સળગ્યો મનને થયું કે 'અરેરે ! મેં ત્યારે પ્રમાદ પણ કેવો કર્યો ! પ્રભુ પાસેથી સમય થઈ જતાં સાધ્વીસમુદાય ચાલ્યો ગયો, ને હું એકલી બેસી રહી ? મારે પણ મારાં આવશ્ય કર્તવ્ય ક્યાં બજાવવાના નહોતા ? કેમ હું ભૂલી પડી ? કેમ ઉપયોગ ન રહ્યો ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''    વર્ષ-૨૩,અંક-૧૧,તા.૩૦-૧૧-૧૯૭૪**

**ચારિત્ર લીધું હતું તે શુદ્ધ ઉપયોગવંતા બનવા માટે;**

અને ભગવાન પણ **'ઉપયોગે ધર્મ'** કહે છે. ભગવાન પાસે બેઠી છતાં અવશ્ય કર્તવ્યોનો ઉપયોગ ચૂકાયો એટલે ધર્મ ગયો. સંયમ-જીવનમાં તો અત્યંત સુલભ બની ગયેલ આ મહા તરણતારણ ઉપયોગ દશા; એ ચૂકવાથી મેં કેવુંક ગુમાવ્યું ? ક્યાં જાવું છે મારે ? વીતરાગતામય શુદ્ધ કેવળજ્ઞાનના ઉપયોગમાં; અને આ મારી બિનસાવધાની તે એના પાયારૂપ આવશ્યકના ઉપયોગને પણ ન સાચવી શકી ? ધિક્કાર છે મારા અહંત્વને કે જેણે મને આ આપમતિમાં ચડાવી કે 'મને આ પ્રભુ પાસે બેસી રહેવાનું ઠીક લાગે છે !' હજી અજવાળું છે, મને કાંઈ વાંધો નથી લાગતો.'

આમ, અહંત્વ-ઉપયોગભંગ-પ્રમાદના પસ્તાવામાં એવા ચડ્યા કે આત્માના શુદ્ધ ઉપયોગમાં લીનતા થવા માંડી. અંતરથી જગતથી તદ્દન અલિપ્ત બની પોતાના આત્મામાં રમવા માંડ્યું.

આમ મૃગાવતીજી સાધ્વીજી અનાસક્તિ-આત્મરમણતા અને શુદ્ધ ઉપયોગ



વિકસાવતા ગયા, તેથી એ અંતે એ બધાની પરાકાષ્ઠાએ વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા.

કેવી મહાન સાધના ! કેટલા કેવા નિમિત્ત પર કેવી ભાવશુદ્ધિ ! ત્યારે,

**મહાસતી ચંદનબાળાએ પણ એક નાના નિમિત્ત પર શું કર્યું ?**

મૃગાવતીજી પસ્તાવામાં કેવળજ્ઞાન પામી ગયા છે, ને ગુરુણી ચંદનબાળા હજી કેવળજ્ઞાન વિના છદ્મસ્થપણામાં છે, સંથારામાં સૂતેલા છે. એમનો હાથ સંથારાની બહાર રહેલો છે, ને તે માર્ગે એક કાળો નાગ જઈ રહેલો. ઘોર અંધારામાં પણ કેવળજ્ઞાનથી નાગ આવતો જોઈ મૃગાવતીજી ગુરુણીના બહાર રહેલા હાથને નાગના માર્ગમાંથી ઉઠાવી સંથારાની અંદર મૂકવા જાય છે; એટલામાં ચંદનબાળા જાગી ગયા. પૂછે છે. 'કેમ હાથ ઉઠાવ્યો ?'

મૃગાવતીજી કહે 'આ રસ્તે કાળો નાગ આવતો હતો તેથી.' 'અરે ! તે તમે આટલા ઘોર અંધકારમાં નાગને શી રીતે દેખ્યો ?'

'જ્ઞાનથી દેખ્યો.'

'કયા જ્ઞાનથી ? પ્રતિપાતી જ્ઞાનથી ? કે અપ્રતિપાતી ?'

'અપ્રતિપાતી જ્ઞાનથી.'

પ્રતિપાતી જ્ઞાન એટલે એવું કે જે ઉત્પન્ન થયેલું નષ્ટ થાય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પણ આવું પ્રતિપાતી હોય ત્યારે કેવળજ્ઞાન અપ્રતિપાતી જ હોય; આવેલું જાય જ નહિ. હવે એ શાશ્વત કાળ પ્રગટ રહેવાનું. બીજા જ્ઞાન પ્રગટેલા હજી આવરાય, આ હવે કદી આવરાવાનું નહિ. એટલે ચંદનબાળા સમજી ગયા કે મૃગાવતીજીને અપ્રતિપાતી જ્ઞાન એટલે કે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. એ જાણતાં જ સફાળા ઊભા થઈ ગયા. એમનાં દિલને આઘાત સાથે પસ્તાવો થાય છે,-

**ચંદનબાળાની પસ્તાવાની ભાવના :-**

'અરરર ! મેં મહાજ્ઞાની કેવળજ્ઞાનીને ઠપકો આપ્યો ! કોને ખબર કેવળજ્ઞાન ક્યારેય થયું હશે ! કદાચ સમવસરણમાંથી જ કેવળજ્ઞાન લઈને આવ્યા હોય તો ? એવા અનંતજ્ઞાનીને મેં ઠપકો આપ્યો ? મારો આ કેવો પ્રમાદ ! કેવળજ્ઞાની તો જ્ઞાનમાં જુએ તે પ્રમાણે વર્તે, એમને મારે ઠપકો આપવાનો શો અધિકાર ? આપ્યો તો એ કાંઈ બોલતા નથી કે મેં કેવળજ્ઞાનથી ઠીક જોયું તે પ્રમાણે કર્યું છે.' એવું કાંઈ કહેતા નથી ! કેવી એમની ગંભીરતા ! મારું કેવું અભિમાન ! કદાચ અહીં કેવળજ્ઞાન પામ્યા હોય તો ય કેવી એમની લઘુકર્મિતા કે આટલા નાનકડા પ્રમાદ પર જ્વલંત પશ્ચાત્તાપ કરતાં ભાવનાનો વેગ વધારી ક્ષપકશ્રેણિ માંડી હશે ! ને કેવળજ્ઞાન પામ્યા હશે ! એ એમનો કેટલો બધો ઉચ્ચ પુરુષાર્થ !

અહો ! હું ગુરુણી છતાં કેવી મારી પુરુષાર્થની મંદતા ! કેવો મારો પ્રમાદ કે એમનો હું પ્રમાદ જોઉં છું, ને કહું છું કે 'તમારા માટે આ ઠીક નહિ,' પરંતુ મારો પ્રમાદ હું જોતી નથી કે હું હજી કેમ વીતરાગ બનતી નથી ! એ બનવામાં આડે આવતા રાગ અહંત્વાદિ દૂષણોને હજી કેમ હું મઠારી રહી છું ! કયાં એ મારા આત્માનો સ્વભાવ છે ? મારો આત્મા તો ભગવાન કહે છે એમ શુદ્ધ જ્ઞાનમય શુદ્ધ દર્શનમય શુદ્ધ વીતરાગ ચારિત્રમય છે. એવા મારે રાગ શો, અહંત્વ શું, આસક્તિ શી ? જે કાયાદિ પર રાગ કરું છું એ મારી કે સારી છે જ કયાં ! મૃત્યુ થતા કાયા અવશ્ય તદ્દન છૂટી જવાની, તો મારી ય રહી કયાં ? વળી સડણ-પડણ-વિધ્વંસન ધર્મવાળી તો સારી ય શી રીતે ? બસ, હું તો શુદ્ધ જ્ઞાનમય છું, વીતરાગતામય છું. મારું હોય તો રાગ-દ્વેષાદિ-વિનિર્મુક્ત માત્ર વસ્તુસ્વરૂપનું જ્ઞાન. મારે રાગ-અહંત્વાદિ પ્રમાદ શા ?'

ચંદનબાળાએ પોતાના આત્માનું અવલોકન કર્યું, આંતર નિરીક્ષણ કર્યું,-

'પ્રભુએ માર્ગ આપ્યો મારો ઉદ્ધાર કર્યો, એ મારા પર કેટલો બધો ઉપકાર ! પ્રભુએ કેવળ નિઃસ્વાર્થભાવે એ ઉપકાર મને પ્રમાદથી બચાવવા માટે કર્યો, ને મેં એમ છતાં પ્રમાદ કર્યો ? પ્રમાદ કરાવનારા આ અહંત્વ જ ખોટું ખતરનાક. હું કોણ માત્ર ? શાના પર અહંકાર ? કેવળજ્ઞાની ભગવંતોના જ્ઞાન આગળ મારું જ્ઞાન કેવું સમુદ્ર આગળ બિંદુ સમાન ! પ્રભુની અને અન્ય મહાપુરુષોની સાધના આગળ મારી સાધના કેવી કંગાળ ? પછી શાના પર અહંત્વ ?'

ત્યારે મૃગાવતીજીને કેટલો બધો ધન્યવાદ ઘટે છે કે એ કદાચ પ્રભુની પાસે કેવળજ્ઞાન નહિ, ને અહીં મોડા આવ્યાનો પશ્ચાત્તાપ કરતાં કેવળજ્ઞાન પામ્યા હોય. પણ એમના આત્માની કેવી લઘુતા-નમ્રતા-મૃદુતા ! કેવો એમણે અહંત્વ પર વિજય મેળવ્યો ! અહંત્વ જતાં મમત્વ-આસક્તિ અને રાગદશાના કેવા સદંતર નામનિશાન કાઢી નાખ્યા ! કોણ મોટું ? કોણ નાનું ?...' બસ, આમ અંતરના ઉંડાણમાં ઊતરી વિચારતાં પોતાના આત્માને જગતના ભાવોથી યાવત્ પોતાની કાયાથી ય ઊપર ઊંચકી લીધો ને તદ્દન અનાસકત બની જતાં વીતરાગદશા પર ચડી ગયા; પછી તો કેટલીવાર ? અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાની સર્વજ્ઞ બની ગયા.

આમ એક નાના નિમિત્ત પર મૃગાવતીજી અને ચંદનબાળા વીતરાગ સર્વજ્ઞ બની જાય ત્યારે એમનો આંતરિક પુરુષાર્થ કેટલો બધો જબરદસ્ત હશે ? એ અપેક્ષાએ સુલસા કરતાં ચંદનબાળાનો પુરુષાર્થ વધી ગયો. મહાવીર ભગવાનના ભક્ત બંનેય, પણ સુલસાએ તીર્થંકરપણાનું પુણ્ય ઉપાજર્યું, ત્યારે ચંદનબાળાએ સહેજ નિમિત્તમાં કેવળજ્ઞાન ઉપાજર્યું, આ ફરક કેમ પડ્યો એ હવે સમજાશે.



અરિહંત ઉપર અથાગ ભક્તિ તો બંનેની. બંનેય અરિહંતના અવ્વલ ઉપાસક, એટલે સમ્યગ્દર્શન બંનેનું સારું વિશુદ્ધ, તો પછી સુલસાની જેમ ચંદનબાળાએ તીર્થંકર નામકર્મ કેમ ન ઉપાજર્યું, એની પાછળ કારણ તરીકે વિશ્વકરુણાની ઓછાશ રહી હોય.

**ચંદનાને ક્યાં રૂદન ? :-**

ચંદનબાળામાં મહાવીર પ્રભુ ઉપર કમ ભક્તિ હતી એમ તો કહી શકાય નહિ કેમકે એક વખતની મોટી રાજકુમારી (૧) પિતા ઊડી ગયા, (૨) પિતાનું રાજ્ય ઊડી ગયું, (૩) માતાએ આપઘાત કર્યો, (૪) પોતે વેચાઈ, તે વળી સારા સજ્જન ધનાશેઠે આશ્રય આપ્યો તો (૫) શેઠાણી મૂળાએ એનું માથું મુંડાવી પગે બેડીઓ ઘાલી ભોંયરામાં પૂરી (૬) ભૂખી તરસી રાખી ! આટલું આટલું વીતવા છતાં ચંદનબાળાના દિલમાં એક મહાવીર પ્રભુની લગની અને એની અથાગ શ્રદ્ધા કે મૂળા પર સહેજ પણ દ્વેષ ન કર્યો અને દિલને લેશ પણ દુઃખ ન માન્યું ત્રણ દહાડે પત્તો લાગ્યો તો ધનાશેઠ રોતા હતા, પણ ચંદનબાળા પ્રસન્ન હતી. આટઆટલા દુઃખોમાં કયાંય ન રોયેલી ચંદના અઠ્ઠમના પારણે મહાવીર પ્રભુ ન વહોરતાં પાછા જાય છે એના પર ધ્રુસકે રોઈ પડી. એ ધ્રુસકું એવું કે પ્રભુ પછી પોતાનો અભિગ્રહ પૂર્ણ થતો જોઈ પાછા વળી વહોરે છે ત્યારે પણ ધ્રુસકું ચાલુ છે. તો જ પ્રભુને 'રોતી વહોરાવે તો લેવું' એ અભિગ્રહ પૂર્ણ થાય. નહિતર પ્રભુ પાછા પધારતાં હસતી થઈ વહોરાવે, તો 'રોતી વહોરાવે તો લેવું.' એ અભિગ્રહ ક્યાંથી પૂરો થાય ?

આ બધુ સૂચવે છે કે ચંદનબાળાને અરિહંત મહાવીર પ્રભુ ઉપર કેટલો બધો જ્વલંત પ્રેમ ! કેટલી બધી અસાધારણ ભક્તિ !

એજ અલૌકિક પ્રેમ-શ્રદ્ધા-ભક્તિમાં, પ્રભુને દાન દેતાં ત્યાં સાડા બાર કરોડ સોનૈયા વરસ્યા, અને તે ઉપાડવા આવેલા રાજા શતાનીકને ઈન્દ્રે કહ્યું કે 'આ તો ચંદનબાળાની માલિકીના છે,' તો ય ચંદનબાળાએ એના પર લેશમાત્ર રાગ ન કર્યો; બધા જ સોનૈયા ધનાશેઠને અર્પણ કરી દીધા ! કેવો મહાન ત્યાગ ! કેટલો જ્વલંત વૈરાગ્ય ! ૧૨ા કરોડ સોનૈયા છૂટે ? પરંતુ પ્રભુ પરની ભક્તિ જગતભરની સમૃદ્ધિને તુચ્છ લેખાવે છે. એટલે જ સુલસા કરતાં ચંદનામાં મહાવીર પ્રભુ પ્રત્યે ઓછી ભક્તિ સમજતા નહિ. એ અનન્ય ભક્તિથી તો ચંદના હવે મહાવીર પ્રભુને કેવળજ્ઞાન થવાની રાહ જોતી તથા ત્યારે પોતે પ્રભુના હાથે દીક્ષા લઈ પ્રભુની શિષ્યા બનવાની અભિલાષા સેવતી બેઠી, આ પ્રભુ પ્રત્યે કેટલો બધો અથાગ પ્રેમ-ભક્તિ-બહુમાન કહેવાય ? આમાં સુલસા કરતાં ચંદનબાળાની અરિહંતપદની

ઉપાસનામાં શી ન્યૂનતા ગણાય કે એને સુલસાની જેમ તીર્થંકર નામકર્મનું પુણ્ય ન ઊભું થયું ?

કહો, ચંદનબાળાની અરિહંતની ઉપાસનામાં કમી તો કાંઈ નહિ પરંતુ તીર્થંકરપણાની પુણ્યાઈ ન ઊભી થવામાં કારણ એ માની શકાય કે તીર્થંકર-નામકર્મનાં ઉપાર્જનમાં એક ખાસ કારણ જે જગતના સમસ્ત જીવોની ભાવકરુણા, તે સુલસાએ સેવી હોય, અને ચંદનબાળાએ ન સેવી હોય, તેથી એને એ પુણ્ય ન લાધ્યું હોય. અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે,-

**દયા કેટલી બધી જરૂરી ? દયા-કરુણાનો ભેદ :-**

**પ્ર.**- ધર્મના પાયામાં મૈત્રી-કરુણા વગેરે જરૂરી કહ્યા છે, જેથી અમૈત્રી-વૈર-વિરોધ તથા નિર્દયતા-કઠોરતા વગેરેના લીધે ધર્મ દિલમાં બેસવા જ ન પામે એ સ્થિતિ મિટાવી શકાય. વળી સમ્યક્ત્વના પાંચ લક્ષણ શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યમાં ય અનુકંપા-દયાને સ્થાન છે. તો ચંદનબાળા આટલો ઊંચો અરિહંતની ઉપાસનાનો ધર્મ સેવતી જગતના દુઃખિત જીવો પર દયાભાવ વિનાની હોય ?

ઉ.- અહીં દયા અને કરુણાનો ભેદ સમજવાની જરૂર છે. **'દયા'** એટલે દુઃખિત જીવોના દુઃખ પ્રત્યે લાગણીથી દિલ પિગળી જવું તે અર્થાત્ દિલની આર્દ્રતા. એ સર્વજીવોના દુઃખ પ્રત્યે હોય પરંતુ **'કરુણા'** એટલે દુઃખીનાં દુઃખ દૂર કરનારી દયા, યા દુઃખ દૂર કરવાની ઈચ્છા. 'અધ્યાત્મ કલ્પદ્રુમ' શાસ્ત્રમાં અને શાસ્ત્રવાર્તા સમુચ્ચયની ટીકામાં લખ્યું છે,-

**'परदुःख-विनाशिनी तथा करुणा ।'**

**'परदुःखप्रहाणेच्छा करुणा ।'**

આનો ભાવ એ કે બીજાનાં દુઃખ દૂર કરે, કરવા માટે દયાની પ્રવૃત્તિ એ પણ કરુણા, અને બીજાનાં દુઃખ દૂર કરવાની ઈચ્છા એ પણ કરુણા. આમાં તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જનાર ભવ્યાત્મા જગતના જીવમાત્રનાં દુઃખ નિવારવાની ઈચ્છારૂપ કરુણા કરે છે. સુલસાએ એ પુણ્ય ઉપાર્જ્યું છે. તેથી સાબિત થાય છે કે એણે એ વિશ્વકરુણા કરેલી. પૂછો.

**પ્ર.**- તો શું સુલસાને એ કરુણા આવડી અને ચંદનબાળાને ન આવડી ?

**કરુણામાં માત્ર મૈત્રી-આર્દ્રતા નહિ :-**

ઉ.- અહીં સમજવાનું છે કે વિશ્વના જીવોની કરુણામાં એનાં દુઃખ અંગે 'બિચારા એ કેવા દુઃખી એવી દિલની માત્ર આર્દ્રતા-ગદ્ગદતા નથી, તેમ 'એનાં દુઃખ દૂર થઈ એ બિચારા સુખી થાઓ' એવી માત્ર મૈત્રી ભાવના નથી, કિન્તુ 'હું ક્યારે એ જીવોના દુઃખ દૂર કરું' એવી સર્વ જીવોના દુઃખ પોતે દૂર કરવાની



તમન્ના છે; અને એ પોતાની શક્તિ પહોંચ અનુસાર થઈ શકે. પહોંચ એટલે પ્રભુના શાસનના બળે પોતાની જાતને તારવાનો વિશ્વાસ તો આવી ગયો હોય, પણ સાથે એવી તમન્ના થાય કે હું એકલો જ શા માટે શાસન આરાધું ? જગતના જીવોને પણ આ શાસન પમાડી દઉં. સુલસામાં આ તમન્ના સુલભ હતી, પણ ચંદનબાળામાં નહિ હોય; એ કેવી રીતે એ જુઓ,-

**ચંદનબાળાની સ્વોદ્ધાર પર કેમ મુખ્ય દૃષ્ટિ ? :-**

ચંદનબાળાએ આ જન્મમાં વેઠેલા મહાન દુઃખોમાં પોતાના આત્માની ભારે કર્મપીડિત દશા જોઈ એમ વિચાર્યું હોય કે 'અહો ! આ જગતમાં મારા જીવને કેવી કર્મની ગુલામી ! કોને ખબર હજી મારા આત્મા પર કેવાં કેવાં ય દુઃખદ કર્મ ભરાયેલા પડ્યા હશે ! એનો નિકાલ ન કરું તો ભવિષ્યમાં મારી કેવી દુર્દશા ? મારા ભગવાન મહાવીર સ્વામીએ પોતાનાં કર્મનો નિકાલ કરવા સંસાર ત્યાગ કરી એકલા પંડે કેવી જહેમત ઉઠાવી છે. 'કેવા એ ઘોર કષ્ટ વેઠી કર્મ સામે ઝઝુમી રહ્યા છે ! એ જ પ્રભુ મારે પણ આદર્શ હો. ક્યારે એ તીર્થંકર બને ને હું એમના ચરણે ચારિત્ર લઈ અહિંસા-સંયમ-તપનાં આકરાં કષ્ટ વેઠી મારાં કર્મનો નિકાલ કરું ! મારા નાથ ! મારા પર ખૂબ દયા કરો ને મારો કર્મના ફાંસલામાંથી નિસ્તાર કરો. ધન્ય તમારું જીવન ! તમે તો જગત-દયાળુ છો તેથી મારા પર પણ જરૂર તમારી દયા થશે, ને હું પાપી કર્મોને તોડી નાખીશ.'-

-આમ ચંદનબાળાની મુખ્ય દૃષ્ટિ પોતાનાં આત્માની કર્મપીડિત દુર્દશા તરફ રહી હોય, કર્મ સામે ઝઝુમવા તરફ રહી હોય. તેથી સંભવ છે જગતના જીવોનો ઉદ્ધાર કરવા તરફ ન ગઈ હોય, જીવનમાં બહુ દુઃખો વેઠતાં જ્યાં પોતાની ભારે દુર્દશા ખટકતી હોય, ને એ હટાવવાને તલસાટ હોય, ત્યાં આખા જગતના સમસ્ત જીવોનો ઉદ્ધાર કરવાનો તલસાટ આવવા જગા જ કયાં હોય ? અહીં પ્રશ્ન થાય,

**પ્ર.**- તો પછી ચંદનબાળા પ્રભુચરણે સાધ્વી બની ૩૬૦૦૦ સાધ્વીઓનો વડેરા બનેલા તે શું કરુણાથી એ સાધ્વીઓના ઉદ્ધાર માટે ચિંતા નહિ કરી હોય ? પોતાના જ આત્માના ઉદ્ધારના તલસાટમાં જો બીજાના ઉદ્ધાર તરફ દૃષ્ટિ ન જ રહેલી હોય તો એ શી રીતે બન્યું હશે ?

ઉ.- અહીં સમજવા જેવું છે કે

**મહાન આત્માઓ બીજાના ઉદ્ધારની ચિંતા કરે છે એ પોતાના જ ઉદ્ધારની ચિંતાનું એક અંગ માની કરે છે.**

જેમ એ ત્યાગ-તપ-સંયમ વગેરેને પોતાના ઉદ્ધારનું કર્તવ્ય સમજે છે, એમ આશ્રિતનાં સંરક્ષણ ઉદ્ધારને પણ પોતાના ઉદ્ધારનું જ કર્તવ્ય સમજતા હોય છે.

માટે તો એ કરીને સામા પર અહેસાન ચડાવવાનું એ સમજતા નથી. 'સામો મારો ઉપકાર માને' એવું ય એ ઇચ્છતા નથી. સામાના ઉદ્ધારમાં પોતાની જ જાત પર ઉપકાર થવાનું દેખતા હોય ત્યાં શાનું એવું ઇચ્છે કે સામો મારો ઉપકાર માને ?

વાત આ છે કે પોતાના આત્માની ભારે દુઃખમય દશાની વ્યગ્રતામાં 'ક્યારે મારામાં એવી શક્તિ આવે ને હું જગતના સમસ્ત જીવોનો ઉદ્ધાર કરું !' આ વિશ્વ-કરુણા તરફ ચંદનબાળાની દૃષ્ટિ ન ગઈ હોય ને એવી કરુણાભાવના દિલમાં ન રમ્યા કરી હોય, તેથી એમણે તીર્થંકર-નામકર્મનું પુણ્ય ન ઉપાર્જ્યું. ત્યારે સુલસાને જીવનમાં ચંદનબાળાની જેમ દુઃખો જોવા પડેલાં નહિ, તેથી એવી વ્યગ્રતા નહિ, અને પ્રભુના ઉપદેશથી પોતાના આત્માની કર્મપીડિત દશામાંથી ઉદ્ધાર કરવાની તમન્ના ખરી એટલે રાત ને દિવસ મહાવીર પ્રભુને સ્મરણમાં રાખ્યા કરતી, એ સ્મરણમાં પ્રભુનું તત્ત્વજ્ઞાન નજર સામે તરવરતું એમાં વિશ્વના જીવોની રાત-દિવસ મહાદુઃખમય દુર્દશા દેખાતી, તેથી એમના પ્રત્યે હમદર્દીથી દયા ઊભરાતી ને મનને એમ થતું કે 'ક્યારે મારામાં શક્તિ આવે, ને આ બિચારા જીવોને રાગાદિથી બચાવવા પ્રભુના પંથે ચડાવી દઉં !' આમાંથી કાંઈ પોતાના આત્માના ઉદ્ધારની ચિંતા બાદ નથી, પરંતુ સાથે સાથે જગતના જીવોને ઉદ્ધારવાની પણ ભારે તમન્ના છે. તેથી એ વિશ્વકરુણાએ એમને તીર્થંકર બનાવનારું પુણ્ય બંધાવ્યું.

**વિશ્વકરુણા બધા કેમ ન ચિંતવી શકે ? :-**

**પ્ર.**- તો તો પછી આ કરુણાભાવના બધા જ ન કરી શકે ?

**ઉ.**- ખરી વાત એવી છે કે તીર્થંકર બનનાર આત્મામાં અનાદિ કાળથી એક એવી વિશિષ્ટ યોગ્યતા પડેલી હોય છે, અર્થાત્ અનાદિથી એવું વિશિષ્ટ તથાભવ્યત્વ પડેલું હોય છે કે એના બળે એ જ આત્મા-આત્માઓમાં આ જ્વલંત કરુણાભાવના પ્રગટે છે. બીજાઓમાં આ વિશિષ્ટતા નહિ, તેથી એમને એ ન સ્ફુરે.

**પ્ર.**- તો તો પછી અમારો તો કલાસ જ નહિ ને ? તો અમારે વીસસ્થાનકની આરાધના શા સારુ કરવી ?

**ઉ.**- આપણે શું કામ માની લેવું કે આપણે પણ તીર્થંકર નહિ જ થઈ શકીએ ?

**પ્ર.**- પણ અહીં અમારી એવી યોગ્યતા જ ન દેખાતી હોય ત્યાં શી રીતે થવાનું માનવાનું રહે ?

**ઉ.**- નિરાશ થવાની જરૂર નથી. યોગ્યતા માટે એવી કેળવણી, એવો પુરુષાર્થ, એવું ઝઝુમવાનું કરતા રહેવાથી યોગ્યતા પ્રગટવાને મોટો અવકાશ છે. મહાવીર પ્રભુ પોતે વિશ્વભૂતિ, પ્રિયમિત્ર, વગેરેના ભવમાં ઝઝુમ્યા હતા ને ? તો નંદન



રાજર્ષિના ભવમાં આ યોગ્યતા પ્રગટાવવા ઝઝુમવાનું, ને એ માટે જગતના જીવોની ભવ્યકરુણા ચિંતવવાની, તેમજ વીસસ્થાનકની આરાધના કર્યે જવાની.

**વીસસ્થાનકની આરાધના કેમ દરેકને જરૂરી ? :-**

માનો ને કદાચ એથી તીર્થંકરપણાનાં પુણ્ય માટેની યોગ્યતા ન પ્રગટી, તો ય આ ધંધો જરાય ખોટમાં નથી, કિન્તુ મહાલાભમાં છે. કેમકે આપણે આત્માના ઉદ્ધાર માટે અરિહંત ભગવાનની ઉપાસના તો ચાહીએ જ છીએ. તો એ ઉપાસના કરવાનું આ વીસસ્થાનકની આરાધનામાં સુલભ છે. વળી આપણને જો અરિહંત ભગવાન પર અથાગ શ્રદ્ધા અને પ્રેમ, આદર તથા બહુમાન છે, તો એ જે આ વીસસ્થાનકની આરાધનાથી અરિહંત બન્યા, એના પર પણ આપણને ભારે શ્રદ્ધા-રાગ-આકર્ષણ જોઈએ. એ રાખીએ એ આપણી પ્રભુ પ્રત્યે અનન્ય ભક્તિ છે, અને એથી એની આરાધના માટે સહેજે ઉદ્યમ થાય; ને એથી આપણો ઉદ્ધાર થાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૧૨,તા.૭-૧૨-૧૯૭૪**

એમ તો શ્રેણિક સુલસા વગેરેએ વીસસ્થાનકના વિવિધ અંગોની આરાધના કરી એ થોડી જ તીર્થંકર બનવાના જ ઉદ્દેશથી કરી. હશે ? ના, અરિહંત પ્રત્યેના અથાગ પ્રેમથી અને સ્વાત્માના ઉદ્ધાર અર્થે આરાધના કરી. એટલે એવો નિયમ નથી કે વીસસ્થાનકની આરાધના તીર્થંકર બનવા માટે જ કરાય, ને એ ન બની શકાય તો આરાધના એળે જાય ?' આવો કોઈ નિયમ નથી. નિયમ તો આ છે કે વીસસ્થાનકની આરાધનાથી અરિહંત પ્રત્યેનો પ્રેમ રચનાત્મક બને, અને પોતાના આત્માનો ઉદ્ધાર અવશ્ય થાય.

**આપણને ભગવાન ગમે છે ? ને જે માર્ગે એ ભગવાન બન્યા તે માર્ગ નથી ગમતો ? એ ન ગમે તો ભગવાન શાના ગમ્યા ?**

**જેને ભગવાન ગમે, એને ભગવાનનો માર્ગ ગમે.**

અગર ભગવાનનો માર્ગ નથી ગમતો અને ભગવાન ગમે છે, એનો અર્થ એ, કે ભગવાન કોઈ પૈસા-ટકા યા દુન્યવી સુખ-સગવડ માટે ગમે છે. એમાં તો ખરેખર મુખ્યપણે ગમવાની વસ્તુ એ પૈસા ટકા-સુખ સગવડ થઈ, ભગવાન તો માત્ર એનાં સાધન તરીકે ગમ્યા એટલું જ મુખ્યપણે કાંઈ ભગવાન ન ગમ્યા.

શેઠને દુકાન-વેપાર સારી રીતે સાચવનાર નોકર ગમે છે ને ? પણ કેટલા પૂરતો ? શું એ સારો સ્નેહી છે માટે ? ના, દુકાન સારી સાચવે છે એટલા પૂરતો; એટલે પછી જ્યારે એમ દેખાય કે આનાથી દુકાન સારી નથી ચાલતી, ત્યારે એ

શેઠ શું કરવાનો ? શું નોકર સારો માણસ છે માટે રાખો એમ કરવાનો ? કે 'હવે એનો પગારનો ખર્ચ માથે પડે છે માટે એને રવાના કરો' એમ કરવાનો ?

બસ, 'ભગવાન ગમે છે' એમ કહેનાર કેટલાક માણસો પહેલાં ભગવાનને ભજવા લાગ્યા પછીથી જ્યાં જોયું કે ભગવાનથી આપણને ગમતું કશું મળતું નથી એટલે ભગવાનને પડતા મૂક્યા. સારાંશ, ભગવાનનો માર્ગ નથી ગમતો પણ ભગવાન ગમે છે જેને એને ખરેખર ભગવાન નથી ગમતા.

**ભગવાનની સાચી પ્રીતિ આત્માના ઉદ્ધાર માટે હોય, અને આત્માનો ઉદ્ધાર ભગવાનના માર્ગથી હોય.**

તેથી આત્માનો ઉદ્ધાર ગમ્યો એટલે ભગવાનનો માર્ગ ગમે જ. ને ભગવાનનો માર્ગ ગમ્યો એટલે ભગવાન ગમવાના.

આ હિસાબે જ આ વાત છે કે વીસસ્થાનક એ અરિહંત ભગવાનનો માર્ગ છે, ને આત્માનો ઉદ્ધાર ગમે છે, તથા ભગવાન ગમે છે, એથી એ માર્ગ પણ ગમે જ પછી ભલેને તીર્થંકરપણાનું પુણ્ય કમાવવાની ત્રેવડ ન હોય, યોગ્યતા ન દેખાતી હોય, પણ ભગવાન તો ગમે છે ને ? તો એની રૂએ એ એમનો માર્ગ ગમે અને આરાધાય.

**કરુણાનો લાભ :-**

ત્યારે જો સંભવ છે કે આમ આગળ વધતાં કદાચ તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જવાની શક્તિ આવે તો એમાં સકલ જીવો પ્રત્યે ભાવકરુણા પણ જોઈએ. માટે આનો પણ અભ્યાસ પાડવો જોઈએ. કરુણાનો અભ્યાસ પાડવામાં શું જાય ? એમાં તો એકાન્ત લાભ જ છે; કેમકે એથી

(૧) હૈયું કોમળ બને છે, (૨) જીવો પર હમદર્દી જાગે છે,

(૩) પરાર્થવૃત્તિ આવે છે, (૪) નીતરતી સ્વાર્થવૃત્તિ કપાય છે,

(૫) લક્ષ્મીનો સદ્વ્યય થાય છે.

કરુણાનો અભ્યાસ પાડવામાં કશું ખોટું નથી. આટલું ધ્યાનમાં રહે કે કરુણા એટલે દુઃખીના દુઃખ ફેડવા માટે કશું કરી છૂટવાનું છે. 'મને એના પર બહુ દયા આવે છે. બિચારો કેટલો દુઃખી,' એમ કરીને બેસી નથી રહેવાનું.

**કરુણાનો ડોળ :-**

આજે એવા કેટલાય દેખાશે કે જે કરુણાનો ખાલી દેખાવ જ કરતા હોય. 'અરે ? સાધર્મિકની આજે કેટલી કપરી સ્થિતિ છે ! બિચારા કેવા દુઃખમાં દહાડા કાઢે છે ! 'આવું વર્ષો સુધી બોલતા રહેશે, પણ હરામ કોક બે ચાર સાધર્મિકનો એ થોડો ય હાથ પકડતા હોય ! હરામ સાધર્મિકના છોકરાને કશું કપડું ચોપડીઓ



વગેરેની એ સગવડ કરતા હોય ! હરામ કયાંક યાત્રાએ બેને એ લઈ જતા હોય ! એટલે દયા-કરુણા ખાલી બોલવા માટેની ? કરવાનું કશું નહિ ? ને પોતાનાં ભાણે ઠંડે કલેજે લાડુ પૂરી ખાવાના ? ઠંડે કલેજે બાફ઼ જેવા કપડાં પહેરવાના ? ને આરામથી જાત માટે બધી મોજમજાહ કરી લેવાની ? કોઈ દિ એમ થાય નહિ કે 'લાવને હું મારા સિનેમા-હોટલ-ફેન્સી ચીજ વગેરેનાં ખર્ચ બંધ કરી, એટલું તો મારા દુઃખી સાધર્મિકના ઉદ્ધારમાં લેખે લગાડું.' હરામ આવું કશું થાય તો ! આ કરુણા નથી.

માટે કરુણાનો અભ્યાસ પાડો, દુઃખીના ઉદ્ધારમાં કાંઈ ને કાંઈક કરી છૂટો. હજી આ તો દ્રવ્યકરુણા છે. એથી આગળ ભાવકરુણામાં બીજાનાં પાપ ઓછા કરાવવાનાં છે, કષાય ઓછા કરાવવાના છે, ભૂલતા પર દ્વેષ નહિ, દયા દાખવવાની છે, ધર્મમાં ચડાવવાના છે. પોતાને પાપનો ભારે ભય અને ધર્મનો જ એકમાત્ર રાગ જોઈએ,

વીસસ્થાનકની આરાધના કરવી છે, તો પહેલું એની અથાગ શ્રદ્ધા એના પર અનન્ય પ્રીતિ-આદર-બહુમાન જોઈએ, અને બીજું સાથે વિશ્વના જીવમાત્રની ભાવકરુણા જોઈએ. આ બંને રાખીને એકેક પદની આરાધના કરવાની છે. જુઓ, આમાં એકાદ પદની આરાધનાથી પણ જીવો તીર્થંકરનું પુણ્ય પામ્યા છે. તે માત્ર એના વીસ ઉપવાસ અને જાપ કરી લેવા માત્રથી નહિ, પરંતુ કદાચ ઉપવાસો ન ય કર્યા હોય છતાં તે તે પદની શક્ય એટલી વિવિધ રીતે એની આરાધના કરીને પામ્યા છે. દા.ત.

દેવપાલે અરિહંતપદની આરાધના કરી. મગધ દેશના સમ્રાટ મહારાજ શ્રેણિકે અરિહંતપદને આરાધ્યું. શું શું કર્યું હશે એમાં ? કહો, પોતાની શક્તિ અને સંયોગોને અનુસારે અરિહંત પરમાત્માની અનેક રીતે ભક્તિ.

**અરિહંતપદની આરાધનામાં શું શું કરાય ? :-**

દા.ત. અરિહંત પરમાત્માની ત્રિકાળ પૂજાભક્તિ, તે પણ પોતાના ઉત્તમ દ્રવ્યોથી. રાજા શ્રેણિકને રોજ ત્રણે કાળે અર્હદ્ભક્તિમાં નવા તાજા જ ઘડેલા સોનાના જવલાથી સાથિયો કરવા જોઈતો હતો.

એમ, અરિહંત ભગવાનનાં ઠામ ઠામ ગુણગાન-પ્રશંસા કરવા જોઈતી હતી.

સુલસાને અરિહંત પણ પર એટલો બધો રાગ કે અરિહંત ભગવાન સિવાય મિથ્યાત્વી દેવમાં કયાંય મન લઈ જવાનું નહિ, જોવાની ય લેશમાત્ર આતુરતા પણ નહિ, એ અરિહંત પદની આરાધના છે. સુલસા શ્રાવિકાની પરીક્ષા કરનાર વિદ્યાધર અંબડ પરિવ્રાજકે શહેરના દરવાજે દરવાજે સાક્ષાત જીવંત જેવા બ્રહ્મા-મહેશ-

વિષ્ણુ-લક્ષ્મીજીનાં રૂપ કર્યા, નગર જોવા ઊલટ્યું. પણ સુલસા ન ગઈ. 'લાવ જોઉં તો ખરી કે કેવાક છે એ,' એવી સહેજ આતુરતા પણ એને ન થઈ.

એમ વિચરતા અરિહંત ભગવાનની દાનભક્તિ કરવાનો મોકો મળે ત્યાં અનહદ આનંદ સાથે એ ભક્તિદાન કરું. રેવતી શ્રાવિકાને મહાવીર ભગવાનના નિમિત્તે નિર્દોષ કોળાપાક વહોરાવવાનો અવસર મળ્યો. એને આનંદનો પાર ન રહ્યો.

**પ્ર.**- એમ તો જીરણશેઠને ય મહાવીર પ્રભુને વહોરાવવાનો તલસાટ ક્યાં નહોતો ? તો કેમ એમણે તીર્થંકરપણાનું પુણ્ય ન ઉપાર્જ્યું ?

**ઉ.**- પહેલાં જ કહ્યું છે કે વીસસ્થાનકના પદની ઉચ્ચ આરાધના સાથે વિશ્વના સકલ જીવોની ભાવકરુણા, 'કેમ હું બિચારા આ બધા જીવોને પ્રભુનું શાસન પમાડું, એવી અનુકંપા પણ જોઈએ જ. સંભવ છે જીરણશેઠને એ ન આવી હોય; ન આવવાનું કારણ પોતાના જ આત્માની ચિંતામાં પડ્યા હોય. વળી સાથે એવું વિશુદ્ધ જ્વલંત સમ્યગ્દર્શન જોઈએ, વીસસ્થાનકની અનન્યશ્રદ્ધા જોઈએ, એમાં ન્યૂનતા રહી હોય.'

અરિહંતપદની આરાધના દિલમાં પ્રભુના પ્રેમની ભારે બોલબોલાથી થાય. રાજા શ્રેણિકના દિલમાં આ બોલબાલા એવી હતી કે વિચરતા અરિહંત શ્રી મહાવીર પરમાત્માની સુખશાતાના સમાચાર મળતાં 'અહો ! મારા પ્રભુ સુખશાતામાં !' એમ એમને રોમાંચ વિકસ્વર થઈ જતા, અને સુખશાતાના સમાચાર લાવનારને સોનાનું અને મોકો આવ્યે હીરાના હારનું ય દાન દઈ દેતા. આમ તો શ્રેણિક કરકસરિયા હતા, રાણી માટે સવાલાખ સોનૈયાનું એક રત્નકંબળ ખરીદવા તૈયારી નહોતી, તે નેપાળથી એ લઈને આવેલા વેપારીને પાછો કાઢેલો. પેલાએ કહેલું,- 'નામદાર ! સોળ નહિ, આઠ નહિ, અરે બેય નહિ, માત્ર એક રત્નકંબળ તો લો ! તો રાજા કહે 'એવા માત્ર એક કાંબળ ખાતર સવા લાખ સોનૈયા જેવી જંગી રકમ મારે ફેંકી દેવાની નથી.' પૈસાનો આ હિસાબ માંડનાર મગધ સમ્રાટ અરિહંત મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર પર સોનૈયા કે દાગીનો દઈ દે એ અરિહંતની ઉપર કેવો પ્રેમ ! કેટલું ભક્તિ બહુમાન !

**'મારા પ્રભુની આગળ પૈસા શું ચીજ છે ? પ્રભુ કરતાં પૈસા વહાલા કરું ?** છટ્, પૈસા કરતાં પ્રભુજ વહાલા રાખું, ને એ વહાલમાં પૈસા તોડી નાખું તો જ એ વહાલ સાચું નક્કર વહાલ થાય, પૈસાને સાચવી રાખવામાં તો પ્રભુ કરતાં માળા એ જ વહાલા થઈ જાય.' આ એમની માન્યતા,

અરિહંતપદની ઉપાસના કરવી છે ને ? આ રીતે થાય કે અરિહંત પર એવા ફિદા થઈ જઈએ કે શક્તિ અનુસાર એમની ભક્તિ કરવામાં ખડે પગે રહીએ ત્યાં



શક્તિ પહોંચતી હોય એટલો ધનવ્યય કરવામાં આંચકો ન આવે, કચવાટ ન થાય, પણ ઉપરથી હોંશે હોંશે પ્રભુભક્તિમાં ધન ખરચવાની શુભ વૃત્તિ રહે, ને પૈસા ખરચ્યે જવાય, પછી રોજની ત્રિકાળ ભક્તિ નો ખર્ચ તો ખરો, રોજ એમાં સમય પણ કઢાય, છતાં પર્વ દિવસ અષ્ટમી ચતુર્દશીએ એનો ધનવ્યય અને ભક્તિક્રિયા રોજ કરતાં વિશિષ્ટરૂપની કરે. એમ મહાપર્વ હોય, ઓળી-અઠ્ઠાઈ પર્યુષણા વગેરે હોય, ત્યારે એથી પણ વિશેષ અરિહંત-ભક્તિ કરાય.

અહીં એ પણ ધ્યાનમાં રાખવાનું કે 'આ ભગવાન મારા, પેલા બીજાના, આ દહેરું મારું પેલું સામાવાળાનું' આવો આવો મનમાં ભેદ નહિ આવવો જોઈએ 'ગમે ત્યાં ગમે તે અરિહંત ભગવાનની પ્રતિમા એ મારાજ ભગવાન છે, મારા તરણતારણ નાથ છે. શી વાત મારા અરિહંત !' આ ભાવોલ્લાસ બન્યો રહેવો જોઈએ.

અરિહંત ભગવાન પર દિલ એટલું બધું ઓવારી જાય કે એની આગળ જગતના સમૃદ્ધિના ઢગ તુચ્છ લાગે, અરિહંત ભગવાનની ભક્તિ કરતાં કરતાં મોટો દેવ તૂઠી જાય અને ભક્તિના બદલામાં મોં માંગ્યું આપવા તૈયાર થાય, છતાં મન એમાં લલચાય નહિ. મનને એમ ન લાગે કે 'ચાલો ભક્તિ ફળી' આવું ક્યારે લાગે ? માગી મળે છે એ દુન્યવી ચીજવસ્તુ અરિહંત અને એમની ભક્તિ આગળ કિંમતી લાગે ત્યારે. પરંતુ જો એ તુચ્છ લાગતી હોય તો શાનું એમ થાય કે એ મળે એમાં ભક્તિ ફળી ?

**રાવણને ભક્તિના બદલામાં કાંઈ જોઈતું નથી :-**

જુઓ, રાવણ તીર્થંકર થવાના છે એમને અષ્ટાપદ પર પ્રભુની અદ્ભુત ભક્તિ કર્યા બાદ ધરણેન્દ્ર કહે છે, 'રાવણ ! તમારી ભક્તિ અલૌકિક ! એ જોઈ મને ખૂબ આનંદ થયો. આવી ભક્તિ મારે જોવાનો તમે મને અવસર આપ્યો, તો મારે એના બદલામાં કશુંક કરવું જોઈએ. બોલો, તમારું શું પ્રિય કરું ? માગો તે આપું.'

ત્યાં રાવણને લેશમાત્ર એમ નથી થતું કે 'ચાલો ભક્તિ ફળી. દિગ્વિજય કરવા જવું છે, તો અહીં ધરણેન્દ્ર પાસેથી ઠીક સહાયતા મળી રહેશે.' ના, આવો કશો જ વિચાર નહિ. તરત ઈન્દ્રને કહે 'તમો અરિહંત પ્રભુના ભક્ત, તમને ભક્તિ જોઈ આનંદ થાય એ સહજ છે, અને એથી તમે કાંઈક આપો એ તમને શોભાભર્યું છે. પરંતુ આ પ્રભુની ભક્તિથી દુઃખદ જન્મ-મરણની જંજાળનો અંત આવે છે, અને એ સિવાય ભક્તિનાં ફળરૂપે મારે બીજું કાંઈ જોઈતું નથી.'

કહો, રાવણને અરિહંત ભગવાન ઉપર કેટલું બધું માન ! એમની ભક્તિનું કેટલું બધું ઊંચું મૂલ્યાંકન ! સામે મોટો ઈન્દ્ર આપનાર છે, મહાન વિદ્યામંત્રો આપી દે. પણ રાવણને મન અર્હદ્ભક્તિ આગળ એ તુચ્છ છે.

**તુચ્છની સાથે કિંમતી ભક્તિના સોદા કરવાના ન હોય.**

માનો કે તમે કોઈ સમ્રાટ રાજાની અપૂર્વ સેવાભક્તિ કરી હોય, પછી એનો દિવાન કહે, 'તમે મહારાજની અદ્ભુત સેવાભક્તિ કરી તે જોઈ હું પ્રસન્ન થયો છું. તો એના બદલામાં આપણી પાસે ઘણી જાતની ધૂળ પડી છે, એમાંથી માગો તે આપુ.' તો તમે શું વિચારો ? તમને શું લાગે ? એ જ ને કે આ તુચ્છ ધૂળ સાથે મારી કિંમતી ભક્તિનો સોદો કરું ? મહારાજની સેવા ભક્તિનું આ ફળ છે ?'

બસ, એ જ રીતે પ્રભુભક્તિ આગળ આ જગતના સુખસાધન ધૂળ જેવા તુચ્છ લાગે. પછી જેમ ધૂળ મળે છે માટે રાજાની ભક્તિ ફળી એવું ન લાગે એમ જગતની મોટી સમૃદ્ધિ મળતી હોય ત્યાં અરિહંત પ્રભુની ભક્તિ ફળી એવું ન લાગે. ઊંચી કિંમતની ભક્તિના બદલામાં એવા તુચ્છની શી આકાંક્ષા રાખવી ? બોલો, દેવદર્શન પૂજાભક્તિ વગેરે કરો છો, ધર્મખાતામાં બે પૈસા ખરચો છો, એના બદલમાં દુન્યવી કશી ચીજવસ્તુ કે માનકીર્તિ નથી ઈચ્છતા ને ? કે એના પર જ ચોંટ રહે ? તપસ્યા કરી. ઉપધાન કર્યા, ને ન ધારેલી સારી પ્રભાવના મળી, તે એવું નથી થતું ને કે 'ચાલો, આ તપસ્યા ઉપધાન કર્યા એ ઠીક થયું ? પ્રભાવના સારી મળી !' શંખેશ્વરજી યાત્રા-ભક્તિ કરી આવ્યા અને બે પૈસા કમાયા તો નથી લાગતું ને કે 'ભક્તિ ફળી ?'

આજે લોકોને મેનિયા લાગ્યો છે 'પૂજા ભણાવું, આંગી રચાઉં ને બોર્ડ પર મારું નામ ચડે. મંદિરમાં કેશર સુખડ આપું ને મહિના કે વરસ માટે બોર્ડ પર મારું નામ રહે. પ્રભુના દરવાજે એક તોરણ બાંધુ, ને એમાં મારું નામ રહે. મંદિર ઉપાશ્રયમાં પૈસા આપું ને મારી તકતી ચડે. પચાસ હજાર રૂપિયા આપું ને અઢી લાખના ઉપાશ્રય ઉપર મારું નામ ચડે...' આ કેવો મેનિયા છે ? દાનને ભક્તિને આટલી બધી તુચ્છ ગણી કે આવા તુચ્છ માનના લાભમાં એને વટાવી !

**માત્ર જીવનભર નહિ, પણ ભવોના ભવો સુધી, અનેક જન્મો સુધારનાર ધર્મને આ એક ભવના માન ખાતર વટાવી નાખવાનું, ડિંડવાણું ચલાવે એનો આ સંસારમાંથી કદી ઉદ્ધાર થાય ?**

જ્યાં મોટો ધરણેન્દ્ર મોટી વિદ્યા-સિદ્ધિઓ આપવા તૈયાર થાય તો ય રાવણને મન પ્રભુભક્તિના બદલામાં એની કશી કિંમત નથી લાગતી, ભક્તિને વટાવવાનું લેશમાત્ર મન નથી થતું, ઈન્દ્રનો આગ્રહ છતાં મન નહિ. ત્યાં આજે ભક્તિના બદલામાં તુચ્છ પાંચ પૈસા, બોર્ડ પર નામ કે તક્તી જાતે માગીને લેવાનું મન થાય છે ! શું આ ઘેલછા નથી ? એમાં વળી વીસસ્થાનક અરિહંતપદની આરાધના કરતો હોય એને ય આવું મન થાય ત્યારે વિચારવું પડે કે એ શું ઉપાસના



અરિહંતાદિની કરે છે કે પૈસાટકા-માન-તક્તીની ?

અરિહંતપદની ઉપાસના કરવી છે ? રાવણનો પ્રસંગ નજર સામે રાખી અરિહંત ભગવાન અને એમની ભક્તિને એટલી બધી ઊંચી કિંમતની વસ્તુ માનો કે એની આગળ જગતની મોટી સંપત્તિ તુચ્છ લાગે જેથી એવી તુચ્છ વસ્તુ ખાતર કિંમતી ભક્તિને વટાવવાનું મન ન થાય. મૂળમાં અરિહંત પરમાત્મા પર દિલ એવું ઓવારી જાય કે 'શી વાત મારા અરિહંત !' તે એમની સામે દેવતાઈ સુખો ય અકિંચિત્કર લાગે. પછી પ્રભુની ભક્તિના ફળમાં ભક્તિ જ ઈચ્છાય.

જુઓ દેવપાલ એક નોકર છતાં એની અરિહંત ભક્તિ આ પ્રકારની હતી કે મહાકષ્ટ વેઠીને ય એ પ્રભુની ભક્તિ કર્યાનાં ફળમાં એ ભક્તિ જ માગે છે. પ્રસંગ આ બન્યો,-

## અરિહંત ભક્ત દેવપાળની કથા

અચલપુર નામે એક મહાન નગર છે. રાજા સિંહરથની એ રાજધાની. નગર બહુ વિશાળ, સમૃદ્ધિમાન લોકો ત્યાં બહુ વસે. જિનમંદિરોથી એ શોભાતું હતું. રાજા સિંહરથ એક પ્રતાપી રાજા હતો, ન્યાયપ્રિય હતો. એનામાં દુઃખીની દયા, ઉદારતા, ગુણવાનની કદર, સત્યનો પક્ષપાત, નિરભિમાન વગેરે વગેરે બીજા પણ ગુણો હતા, જે એની માનવતાને મઘમઘાયમાન કરી રહ્યા હતા. તેથી રાજવી સમૃદ્ધિ પણ એના માટે શ્રાપરૂપ નહોતી.

**સમૃદ્ધિ ઘણી હોય પણ ગુણોનું દેવાળું હોય તો એ શ્રાપરૂપ બને છે, સ્વ અને પરનું નિકંદન કાઢે.**

**દુર્ગુણોમાં સ્વનું નિકંદન શી રીતે ? :-**

સમૃદ્ધિ છે અને ગુણો નથી એટલે મદ-અહંકાર, વિષયલંપટતા, નિર્દયતા, સ્વાર્થાંધતા, ક્ષુદ્રતા, પાપમાં નિર્ભીકતા, વગેરે વગેરે અવગુણો રહેવાના. એના પર એની રાતદિવસ વિચારસરણી કેવી રહે ? કેવળ પાપભરી, વિષયરંગભરી અને ક્રોધ-લોભ, માયા-મગરૂબી આદિ કષાયભરી. આનાથી પળે પળે કેવા જાલિમ અશુભકર્મો બાંધ્યા જ કરે, બાંધ્યા જ કરે ? એવી પાપ વિચારસરણીને વળી પાપવાણી અને પાપવર્તાવથી ઉશ્કેરાટ મળે, પછી ભયંકર અશુભકર્મબંધનું પૂછવું જ શું ? પછી દશા કઈ ? ભવસાગરમાં કયાંય ખોવાઈ જવાનું; દુઃખદ દુર્ગતિઓમાં કાળના કાળ સુધી ભટક્યા જ કરવાનું. કર્મ જાણે કહે છે, -કૂતરા થાઓ, બલાડા થાઓ, નરકમાં જાઓ, વાઘવરુ થાઓ, ફેર નરકમાં પછી માછલા થાઓ, કીડા-મકોડા બનો, દુઃખ ભોગવતા રહો, ને પાપ કરતા રહો' આ તો દુન્યવી સમૃદ્ધિ સાથે દુર્ગુણો હોય તો સ્વનાં નિકંદનની વાત.

**દુર્ગુણોમાં પરનું નિકંદન શી શી રીતે ? :-**

ત્યારે સમૃદ્ધિ અને દુર્ગુણો પરનું નિકંદન કેવું કાઢે ? (૧) પૈસાનું જોર છે અને અભિમાન છે એટલે કોઈને દબડાવશે અને એના હૈયાં ભાંગી નાખશે. એ બિચારા એથી ભારે માનસિક અશાતામાં રીબાશે, રાતદિવસ કષાય-દુર્ધ્યાન અને અસમાધિમાં સબડાશે, એથી એમનું નિકંદન નીકળવાનું. એમ (૨) પૈસા સાથે વિષયલંપટતા છે, એ વિષયસુખોના ચડસમાં કેઈ આરંભ-સમારંભોમાં જીવોનું નિકંદન કાઢવાનો. (૩) સ્વાર્થાંધ છે, લોભી છે, તેથી એની પૂર્તિમાં કેઈ મધ્યમ સ્થિતિવાળાના ધંધા ભાંગવાનો. (૪) કેટલાયની પાસે કાળી મજૂરી કરાવવાનો; (૫) અસત્ય-અનીતિ, વિશ્વાસઘાત કરી કેટલાયનું પડાવી લઈ એના હૈયાં ભાંગવાનો, એમ, (૬) પૈસા છે ને ક્ષુદ્રતા છે તો પોતાના ક્ષુદ્ર-તુચ્છ વ્યવહારથી બીજાને પીડાકારી બનવાનો. (૭) પૈસા છે અને પાપનો ભય નથી, એનાં વાણી-વર્તાવ બીજાને સુખદાયી શાના હોય ? એની પાપની લીલામાં કેટલાયના કચ્ચરઘાણ નીકળતા હોય.

આમ, સમૃદ્ધિ સાથે દુર્ગુણો એ સ્વ અને પરનું નિકંદન કાઢનાર બને છે, તેથી એવી સમૃદ્ધિ એ શ્રાપરૂપ છે.

એથી ઊલટું સમૃદ્ધિ સાથે ગુણસમૂહ છે, તો એ સ્વપરને સુખદાયી બનવાથી આશીર્વાદરૂપ બને છે.

રાજા સિંહરથ ગુણિયલ હતો તેથી એની રાજવી સમૃદ્ધિ આશીર્વાદરૂપ હતી. એને કનકમાલા અને શીલવતી નામે બે રાણીઓ હતી. એ રૂપાળી સાથે સુશીલ અને ગુણસંપન્ન. સંતાનમાં શીલવતીથી માત્ર એક પુત્રી હતી, નામ મનોરમા. પુત્ર નહિ તેથી રાજાને ચિંતા હતી કે મારી પછી રાજ્યગાદીને યોગ્ય વારસદાર કોણ ?

વિધિની વિચિત્રતા છે. જ્યાં છોકરા છે ત્યાં પૈસા નથી; પૈસા છે ત્યાં પુત્ર નથી. આબરૂ મોટી છે, તો ધંધો ચાલતો નથી. અને ધંધો ધમધોકાર ચાલે છતાં એવી યશસ્વિતા નથી. રૂપ સારું મળ્યું છે પણ સૌભાગ્ય નથી; ને સૌભાગ્ય છે છતાં રૂપ બેડોળ છે, છોકરો સારો વિનયી છે, પણ હોશિયાર નથી; તો છોકરો હોશિયાર છે, પણ ઉદ્ધત મળ્યો.

**વિધિના વિચિત્ર ખેલ જોઈ કોઈ વાતની ન્યૂનતા પર ખેદ શો કરવો ? કે કશીક અનુકૂળતા પર હરખઘેલા શું થવું ?**

વિધિ ખેલાડી, એના આપણે રમકડાં બન્યા રહેવું ? એ વિધિને પણ પૂર્વે આપણે જ સર્જેલી છે, તો હવે નવા ખરાબ વિધિને સરજતાં પહેલાં થોભી જવું કે નહિ ? આપણાં મલિન હૃદય, પાપવાણી, અને તન-ધન-ઇન્દ્રિયોનાં દુષ્કૃત્યોથી જ ખરાબ વિધિ સરજાય છે. તો પછી એવું હૈયું-વાણી-વર્તાવ કરતાં થોભી જવું કે નહિ ?



જો વિધિ એટલે કે કર્મને ખરેખર માનનારા હોઈએ તો આપણે હૈયું મલિન, અને વિચારણા પાપભરી કરતાં અટકી જઈએ, પાપવાણી ન ઉચ્ચારીએ પાપી વર્તાવ ન કરીએ, ઇન્દ્રિયોને જ્યાં ને ત્યાં ન ભટકાવીએ, ધનથી ખોટાં કામ ન કરીએ.

બાકી હૈયાથી કર્મની શ્રદ્ધા નથી એટલે ડિંડવાણું ચાલે છે. પણ પાપિષ્ઠ વાણી-વિચાર-વર્તાવ ચાલે છે. પણ એવાને ખબર નથી કે-

'જે સંપત્તિમાં મસ્તાન બન્યો છું એવી સંપત્તિ તો તારા બાપદાદાઓ મૂકી મૂકીને મૃત્યુ પામી ચાલતા થઈ ગયા. તો તું ય કયાં અહીં એ પકડીને કાયમ બેસી રહેવાનો છે ? તારે ય મૃત્યુ નજીક આવી રહ્યું છે, અને જીવનના કાળાં કૃત્યોથી દુર્ગતિ ડોકિયાં કરી રહી છે.'

**કાળા કામથી જો દુર્ગતિમાં ન જવાતું હોય તો દુર્ગતિમાં કેવાં કામ લઈ જતા હશે ?**

આજે દુર્ગતિમાં પશુ-પંખી-કીડા-મંકોડા વગેરે અઢળક જીવો દેખાય છે, એ જો કાળાં કામથી ન ગયા હોય તો શું સારાં કામોથી ગયા હશે ?

આ સૂત્રો વિચારવા જેવા છે, કે

(૧) કાળાં કામથી દુર્ગતિમાં ન જવાય, તો શું સારાં કામથી જવાય ? (૨) વિષયવિલાસથી દુર્ગતિમાં ન જવાય, તો શું વિષયત્યાગથી જવાય ? (૩) રંગરાગથી દુર્ગતિમાં ન જવાય, તો શું વૈરાગ્યથી જવાય ? (૪) ક્રોધ કરીને દુર્ગતિમાં ન જવાતું હોય, તો શું ક્ષમા રાખીને જવાય ? (૫) અભિમાનથી દુર્ગતિમાં ન જવાતું હોય, તો શું નમ્રતાથી દુર્ગતિ ? (૬) માયા-પ્રપંચથી દુર્ગતિમાં ન જવાતું હોય; તો શું સરળતાથી દુર્ગતિ ? (૭) લોભ કરી કરીને દુર્ગતિમાં ન પડાતું હોય તો શું સંતોષથી દુર્ગતિ ? (૮) અ-વિરતિથી દુર્ગતિમાં ન પડાતું હોય તો શું વ્રત નિયમથી દુર્ગતિ ?

આપણને નડતા એકેક દુર્ગુણ પર આ વિચાર કરવા જેવો છે કે આ આ દુર્ગુણથી જો દુર્ગતિમાં ન ઘસડાવું પડતું હોય, તો શું એની સામેના સદ્ગુણથી દુર્ગતિ મળતી હશે ?

**આપણા દોષ-દુર્ગુણ-દુષ્કૃત્ય જ આપણા વાંકા વિધિને સરજે છે, ને**
**પછી એ વાંકા વિધિના ખેલના ભોગ આપણે જ બનવું પડે છે.**

થોડા સદ્ગુણ-સુકૃત સેવ્યા હોય એટલે એથી સરજાયેલ સારા વિધિને લીધે સુખ-સગવડ મળે પણ પેલા વાંકા વિધિને લઈ આવ્યા માટે એ અનિષ્ટ પણ દેખાડે. માટે વિધિના આ ખેલ ધ્યાનમાં રાખી હવેથી નરસાવિધિને સરજનાર દોષો-દુર્ગુણો-દુષ્કૃત્યોને તિલાંજલિ આપીએ.

રાજા સિંહરથને રાજ્ય મોટું એ સુખ, પણ પોતાની પછી રાજ્ય સંભાળનાર

પુત્ર નથી એનું મોટું દુઃખ છે. આમ રાજા પુત્રની ચિંતામાં છે, અને પુત્રી મનોરમા પણ ઉંમરમાં આવેલી છે, તેથી એના માટે સુયોગ્ય મુરતિયો મેળવવાની પણ ચિંતા છે; કેમકે પુત્રી પોતે સુશીલ હોશિયાર અને ગુણિયલ છે, એટલે સામેથી જો એવો સુશીલ અને ગુણસંપન્ન તથા હોશિયારીવાળો ન મળે તો પુત્રીનો જન્મારો બગડી જાય, એવું રાજાનું માનવું છે.

એવામાં ત્યાં નગર બહાર ઉદ્યાનમાં મુનિગણ આવેલ છે. એમાં એક દમસાર નામના મહામુનિ વિશિષ્ટ આરાધના કરનારા, તે બહારની કશી વાતમાં મન જ ન લઈ જતા, અને આંતરિક સંયમવિશુદ્ધિ વધારતા રહેવામાં લીન રહેતા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૧૩,તા.૧૪-૧૨-૧૯૭૪**

**વીતરાગ બનવાનો મુખ્ય ઉપાય સંયમવિશુદ્ધિના આંતરિક ભાવ વધારતા રહેવું એ છે.**

આનું કારણ સમજો છો ? વીતરાગ બનવામાં રાગ દ્વેષ મોહનો સદંતર નાશ કરવાનો હોય છે, ને એ સંપૂર્ણ નાશ કરવા માટે એ રાગાદિને દબાવવાના હોય, રાગાદિનું સંયમન કરવાનું હોય. સંયમન કોના પર ? વિષયોની આસક્તિ, ક્રોધાદિ કષાયની લાગણીઓ, સૂક્ષ્મ પણ વાયુકાય જેવા જીવોની અહિંસામાં બેદરકારી, એમ અસત્ય, સૂક્ષ્મ પણ ચોરી જેવી કે ગુરુને પૂછ્યા વિનાની એક પણ પ્રવૃત્તિ, બ્રહ્મચર્યની નવ પૈકી એક પણ વાડનો ભંગ, અલ્પ પણ તણખલા જેવાનો પરિગ્રહ આ બધું રાગ-દ્વેષને પોષનાર છે, તેથી એ બધા ઉપર પાકું સંયમન મૂકી દેવું એનું નામ સંયમ. એ સંયમનો આંતરિક ભાવ જેમ જેમ વધારતા જવાય તેમ તેમ રાગાદિ દોષો ઘટતા આવે. એ જ સંયમવિશુદ્ધિ કહેવાય.

**સંયમન સહેજમાં ક્યાં ક્યાં ભૂલાય છે ? :-**

જો આના બદલે સહેજ પણ કયાંક અસંયમનો વિચાર કર્યો, દા.ત. બહુ ગરમીમાં એ જરાક જ મનને થયું કે 'ઠંડો પવન આવે તો સારું' તો એટલો રાગનો સંકલેશ થયો. અરે ! એ ય નહિ, પણ એટલું જ મનને થયું કે 'બહુ ગરમી,' તો એ દ્વેષનો સંકલેશ થયો. સંકલેશ થાય એટલે એટલી વિશુદ્ધિ જાય.

એમ, દા.ત. મોટા તપનું પારણું છે અને જોઈતું દૂધ ગોચરીમાં મળી ગયું, ત્યાં જો મનને એવો ભાવ થાય કે 'આ ઠીક મળી ગયું' તો એ વિષયાસક્તિ પોષાઈ એટલે રાગનો સંકલેશ થયો, એટલી સંયમવિશુદ્ધિ ગઈ.

એમ, દા.ત. પોતે અતિ નમ્ર અને નિર્દોષ છે, છતાં કોઈ પોતાને દબડાવતું



આવ્યું, ત્યાં જો મનને એમ થાય કે 'આ નાહક મને કેમ દબડાવે છે ?' તો એમાં 'મને' એટલે અહંકાર આવ્યો. અહંકાર એ સંકલેશ; એથી એટલી વિશુદ્ધિ લોપાય.

**પોતાના સંકલેશને જોયા કરવાનું મહાન કામ :-**

ઝીણવટથી જોવાનું છે, તો જ આપણે કયાં ભૂલીએ છીએ એ ખ્યાલમાં આવે. સંયમવિશુદ્ધિ જાળવવા અને વધારવા માટે આવા કે આથી પણ ઝીણા સંકલેશને ઊઠવા ન દેવાય. વિષયો કષાયો હિંસાદિ પાપોમાં કયાંય પણ ભૂલા ન પડાય. એમાંના એકને પણ સૂક્ષ્મ રૂપમાંય વિચારણામાં પણ ન ઘલાય. એના તરફ લેશમાત્ર મનનોય ઝુકાવ નહિ. તો જ રાગાદિના નાના પણ સંકલેશથી બચાય, અને સંયમવિશુદ્ધિ ટકી રહે, આગળ વિકસે.

આ પરથી સમજાશે કે જ્યારે મનમાં લેશ પણ આવો સંકલેશ ઊઠવા દેવાનો ન હોય ત્યારે બહારમાં વાણી અને વર્તાવ પર કેટલો બધો સંયમ હોય ? કોઈ એમ દાવો રાખતો હોય કે બહારથી ગમે તે વર્તાવ હોય પરંતુ મન વિશુદ્ધિમાં રહી શકે છે, તો એ અજ્ઞાન છે, ભૂલો પડેલો છે. અલ્યા ! બહારથી ગમે તે વર્તાવ શું મનના ભાવ વિના એમ જ થઈ જશે ? શરીર ઈન્દ્રિયો જીભ એ કાંઈ આત્માના અંતઃ પ્રવેશ વિના એમ ને એમ જ નથી પ્રવૃત્તિ કરતા, નહિતર મડદામાં પ્રવૃત્તિ કેમ ન થાય ? ત્યારે આત્માનો અંતઃપ્રવેશ એટલે કે આત્માના વીર્યનું સ્ફુરણ થાય એ શું રાગ-દ્વેષ વિના એકલું જ શરીર-ઈન્દ્રિયો અને વાણીમાં જોડાય છે ? અર્થાત્ આત્મા શરીરાદિને પ્રવૃત્તિ કરાવે છે તે શું સાથે રાગ-દ્વેષ લગાવ્યા વિના ? ના, રાગ-દ્વેષ સાથે વીર્ય શરીર-ઈન્દ્રિયો અને જીભમાં જોડાય છે. શું વીતરાગતા આવી ગઈ છે તે રાગાદિ વિના શુદ્ધ વીર્યપ્રવૃત્તિ થાય છે ? એવું હોય તો નિસરણી કેમ ઊંચે જોઈને નથી ઉતરાતી ? ભય છે કે એમાં પગથિયું ચૂકતાં પડી જવાય તો ? રસ્તે આંખ મીંચીને કેમ નથી ચલાતું ? અથડાઈ-ભટકાઈ પડવાનો ભય છે. આનો અર્થ એ છે કે આત્મા શરીરાદિથી પુરુષાર્થ ફોરવે છે એમાં સાથે સાથે ભય, રાગ, દ્વેષાદિ કોઈ હોય છે. એટલે બહારમાં ગમે તેમ વર્તાય અને મન વિશુદ્ધ રાખી શકાય એવો કોઈ દાવો રાખતો હોય તો એ વાહિયાત વાત છે.

**મનની વિશુદ્ધિ એટલે કે સંયમ-વિશુદ્ધિ જાળવવી હોય તો રાગાદિના ચિત્તસંકલેશ અટકાવવા જોઈએ.**

**રાગાદિના સંકલેશ ટાળવા એ કરાવનાર વિષયો અને હિંસાદિ પાપોના વિચાર-વાણી-વર્તાવ પર પાકો સંયમ જોઈએ.**

દમસાર મહામુનિ એવું સંયમ-જીવન જીવતા હતા કે બહારથી પણ ઝીણામાં

ઝીણી ય અસંયમની પ્રવૃત્તિ નહિ, ને આભ્યન્તરમાં પણ બને ત્યાં સુધી લેશમાત્ર રાગાદિનો સંકલેશ ન થાય એની પૂરી સાવધાની રાખતા. જરાક ક્યાંક લેશ પણ સંકલેશ ઊઠ્યો કે તરત એને દાબીને એનું પરિમાર્જન-પ્રાયશ્ચિત્ત કરી લઈ પુનઃ સંયમ-વિશુદ્ધિને વિકસાવવા ઉદ્યત રહેવાનું કરતા અને અંતરમાં સંયમવિશુદ્ધિ વિકસાવ્યે જવાની મથામણ-મહેનત તો પછી જોરદાર ચાલુ; એટલે સહેજે બાહ્ય અસંયમ પર અંકુશ આવી જાય. પછી બહારથી અહિંસા-સંયમ-તપની પ્રવૃત્તિ વિકસ્વર થતી જાય એમાં નવાઈ નથી.

બસ, દમસાર મહામુનિ આ સાધના કર્યે જતા હતા, અને વીતરાગતાને નિકટ લાવી રહ્યા હતા. એમાં અહીં અચલપુર નગરના ઉદ્યાનમાં પધાર્યા છે, અને આંતરિક ભાવવિશુદ્ધિ સંયમવિશુદ્ધિ વધતી ચાલી, તે અપૂર્વ સામર્થ્ય પ્રગટાવ્યું, કર્મોનો જંગી ક્ષય કરનારી ક્ષપકશ્રેણિ પર ચડ્યા, શુક્લધ્યાન લાગ્યું અને શુક્લધ્યાનના દાવાનળમાં એમના મોહનીયકર્મ સર્વથા બળી જતાં એ વીતરાગ બન્યા, ને પછી તરત જ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મ સર્વથા નષ્ટ થઈ જતાં એ કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. સંયમ વિશુદ્ધિએ એમને વીતરાગ સર્વજ્ઞ બનાવ્યા.

સંયમવિશુદ્ધિ એ વીતરાગ બનવાનો મુખ્ય ઉપાય છે. બીજા ઉપાય યોજો તો ય આ તો લાવવી જ પડે. ત્યાગ કરો, તપસ્યા કરો, પ્રભુભક્તિ જમાવો, સાધુસેવામાં લાગી પડો, દાનવીર બનો, શીલ-વ્રત-નિયમ કરો, શાસ્ત્રો ભણો,... પરંતુ એના આંતરિક ભાવની સાથે રાગાદિના સંકલેશ ત્યાગ પૂર્વક સંયમ-વિશુદ્ધિના ભાવ લાવવા જ પડે; તો જ વીતરાગ થવાય.

આમ, સંયમવિશુદ્ધિ જ મુખ્ય હોવાથી દ્રાવિડ-વારિખિલ્લ સાથે જે દસ કરોડ મુનિઓ સિદ્ધગિરિ પર અનશન કરી મોક્ષે પધાર્યા, એમાં અભણ પણ મુનિઓ હશે, છતાં સંયમવિશુદ્ધિના બળ ઉપર એ વીતરાગ સર્વજ્ઞ બની મોક્ષ પામ્યા. મહાત્મા કૂરગડુ મુનિથી તપ નહોતો થઈ શકતો, તે મહાપર્વના દિવસે ય આહાર વાપરવા બેઠા હતા, છતાં એમણે અંતરમાં રાગાદિના સંકલેશનો તદ્દન નાશ કરી સાથે વિશુદ્ધિ અત્યંત વિકસાવી, તો ત્યાં જ વીતરાગ બની કેવળજ્ઞાની પામ્યા. એટલે વાત આ છે કે દાન-શીલ-તપ, જિનભક્તિ વગેરે બધું કરાય પરંતુ જો સંયમવિશુદ્ધિના ભાવ ન વિકસાવાય તો વીતરાગ ન બનાય.

**પ્ર.**- તો પછી મનના ભાવમાં જિનભક્તિના ભાવ હોય, સાધુસેવાના ભાવ હોય, દાનના ભાવ હોય, ત્યાગના તપના, શાસ્ત્રસ્વાધ્યાયના વગેરે વગેરે ભાવ હોય, તો તે કશા ઉપયોગી નહિ ?



ઉ.- ના એવું નથી, ઉપયોગી છે, એ બધા ભાવ સંયમના ભાવને અનુકૂળ છે, કેમકે એમાં પણ એક પ્રકારનો સંયમ આવે છે. જેટલો જિનભક્તિનો ભાવ છે એટલું સંસારના વિષયોના ભાવથી મનને સંકોચી લેવાનું છે, એ અશુભ ભાવથી સંયમન થયું. ઊંચા ચારિત્રના સંયમભાવમાં જવું છે તો સર્વ સાવદ્યભાવ પર ને ઝીણામાં ઝીણા પણ પાપભાવોના ત્યાગરૂપી સંયમમાં આવવું જોઈએ, એની ભૂમિકા અહીં જિનભક્તિ આદિના ભાવમાં ઊભી થાય. પણ જિનભક્તિમાં ખરચાય એ શુભ ભાવથી એટલે દિલમાં એટલો મોહભાવ પર સંયમ થયો. એમ શરીરશક્તિ-વાણીશક્તિ અને મનશક્તિ પણ જિનભક્તિમાં કામે લાગવાથી એટલો મોહભાવ અને અશુભ સ્થાનોના રાગભાવમાંથી સંયમ થયો.

**તે તે સાધના સાથે સંયમનના દાખલા :-**

આ ઉપરથી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જિનભક્તિ તરીકે પ્રભુનાં દર્શન પણ કરવા નીકળીએ ત્યારથી માંડીને દિલમાં મોહના ભાવ સાંસારિક ગડમથલના ભાવ બંધ કરી દેવા જોઈએ, અને પ્રભુભક્તિના ભાવ રમતા કરી દેવા જોઈએ.

**'દહેરે જાવા મન કરે ચઉત્થતણું ફળ હોય' એ શું બાહ્યમાં ભટકતા મન પર ?**

અર્થાત્ 'દેરાસરે જવાનું મન કરે ત્યાં ચઉત્થ એટલે કે ઉપવાસનું ફળ મળે, પછી એ માટે ઊભો થાય આગળ ડગલા માંડે એમ એમ છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ... વગેરે વધતું ફળ મળે,' એ જે કહ્યું છે તે શું રખડતા રેઢિયાળ મન પર થવાનું કહ્યું હશે ? મન બહારમાં પરોવાયું રહે એના ઉપર આવા ઊંચા ફળ મળે ? ના, મન પ્રભુમાં, પ્રભુના ગુણસ્મરણમાં, પ્રભુની એકતાનતાવાળી ભક્તિમાં પરોવાયેલું રખાય તો એ ઊંચા ફળના ભાગી થવાય.

યાદ કરો, ૩૬૦ દિવસમાં એવા કયા દિવસ હતા કે મંદિરે જવા ઘરેથી નીકળ્યા ત્યારથી ઠેઠ પ્રભુ પાસે જઈ ઊભા ત્યાં સુધીમાં પ્રભુની ભક્તિ સિવાય બીજો એકપણ વિચાર નહોતો આવ્યો ? કદાચ એક પણ એવો દિવસ નહિ ! કેમ એમ જ ને ? કારણ આ જ કે આ ખ્યાલ નથી કે જિનભક્તિમાં જોડાવું છે, દિલમાં જિનભક્તિના ભાવ લાવવા છે, તો દિલને અશુભ સાંસારિક ભાવોથી મુક્ત કરી દેવું જોઈએ, એવા ભાવોનું સંયમન-નિગ્રહ-અટકાયત કરી દેવી પડે.

**દિલમાં પાપભાવોના કચરા રાખીને જિનભક્તિના ભાવ શાના આવી શકે ?**

જિનભક્તિના ભાવ લાવીએ એની પાછળ પાપભાવોનું સંયમન જોઈએ જ.

**સાધુસેવા ને દાન સાથે સંયમન :-**

એમ, સાધુસેવાના ભાવ લાવીએ એટલે તન-મન-ધનને એટલા મોહના ભાવોમાંથી સંયમિત નિગૃહીત કરવા જ પડે. દાનના ભાવ લાવીએ એટલે એટલા

ધનને સાંસારિક વિષયોમાં ખરચવાના ભાવ પર સંયમન મૂકવું જ પડે, તે શી રીતે મૂકાય, રોતાં રોતાં દાન કરવામાં ? 'હાય ! કયાં આ દેવાનું આવ્યું 'એમ માનવામાં ?' કોઈએ ધર્મકાર્યમાં દઈ દીધું હોત ને પોતાને દેવામાંથી બચવાનું મળ્યું ને ન દેવાનું આવ્યું હોત તો ખુશી માનવામાં મોહના ભાવ પર સંયમ આવત ? ના, ખુશી તો આ મનાય કે 'અહોભાગ્ય મારા ! કે ઝેરી વિષયવિલાસ અને ષટ્કાય જીવસંહારમાં આ ધન જાત તે એમાંથી બચી અહીં ધર્મમાર્ગે જવાથી એટલું સાર્થક થાય છે !' આમ ખુશી માનવા પર પાપભાવનું સંયમન થાય. એ આગળ વધતાં ઊંચી સંયમવિશુદ્ધિ પમાડે.

**તપ-શીલ સાથે સંયમન :-**

તો તપના ભાવમાં ય એવું સંયમન છે, એ સ્પષ્ટ દેખાય છે. જેટલો તપ કરાય છે, જેટલા ખાવાના ટંક છોડાય, જેટલી ખાવાની વસ્તુ છોડાય, એટલો આહારસંજ્ઞા પર ને ખાઉં-ખાઉં ની વૃત્તિ પર કાપ મૂકાય છે, મનને એટલું અંકુશમાં-સંયમમાં લવાય છે.

એમ શીલ-વ્રત-નિયમ પળાય, એક નાનામાં નાની બાધા-અભિગ્રહ લેવાય એટલું મનને વિષયોની આસક્તિથી છોડાવવાનું થાય, સંયમનમાં લવાય.

તાત્પર્ય, જિનભક્તિ-સાધુસેવા-દાન-શીલ-તપ વગેરેની આરાધના થાય, એ બધું સંયમના માર્ગે પ્રયાણ છે. એટલે એ બધુ ઉપયોગી છે. માત્ર, એમાં આ ખ્યાલ જાગતો રહેવો જોઈએ કે આ કરીને એટલું મારે વિષય-આરંભ-પરિગ્રહ-ખાનપાન વગેરેના પાપથી બચવાનું મળે છે, એ સદ્ભાગ્ય છે. જેટલું સાચું બોલ્યો એટલું જૂઠથી બચવા મળ્યું, ન્યાય-નીતિ-પ્રામાણિકતા જાળવી એટલું ચોરીથી બચવા મળ્યું, સ્નેહી સાથે અંટસ-અબોલા છોડી સ્નેહભાવ રાખ્યો એટલું દ્વેષ-ક્રોધથી બચવાનું મળ્યું. નમ્રતા રાખી એટલું અભિમાનથી બચવાનું મળ્યું...' આમ,

**મનને અહિંસાદિ ધર્મ અને ક્ષમાદિ ઉપશમમાં, આ હિંસાદિ પાપ ને ક્રોધાદિ કષાયથી બચવાના હેતુએ જોડાય એટલો સંયમનો અભ્યાસ વધતો આવે.**

**દમસાર મુનિનો વિકાસ : અને કેવળજ્ઞાન :-**

મહામુનિ દમસાર ચારિત્રજીવનમાં પણ આ રીતે બહારથી ત્યાગ-તપ-ક્ષમાદિ વધારતા જતાં, અને આભ્યન્તર રાગાદિ ભાવને વધુ ને વધુ દબાવતા જતાં પોતાના શરીર અને પોતાના અહંત્વ પરના પણ રાગને કચરતા ચાલ્યા. લેશમાત્ર કયાંય રાગનો સંકલેશ નહિ, એટલી બધી આત્મનિષ્ઠતા વધારતા ગયા, આત્મામાં અનંતજ્ઞાનમય આત્માનાં સ્વરૂપમાં લીન બની એમાં જ ઠરતા ગયા.

આ રાગાદિ-સંકલેશ ત્યાગ, સંયમ-વિશુદ્ધિ અને આત્મ-નિષ્ઠતા વધતાં વધતાં



પરાકાષ્ઠાએ પહોંચવાનું પરિણામ એ આવ્યું કે એ મહામુનિ શુકલધ્યાનમાં ચડી વીતરાગ સર્વજ્ઞ કેવળજ્ઞાની બન્યા.

**અદ્ભુત દશ્ય પર રાજાને રોમાંચ :-**

ત્યાં દેવતા આવ્યા, સુવર્ણકમળ રચ્યું અને કેવળજ્ઞાની ભગવંત દમસાર મહામુનિને વિનંતી કરી એના પર પધરાવી બે બાજુ દેવતા ચામર વીંજે છે, માથે છત્ર ધરે છે, અને એમની આગળ ગીત-ગાન-નૃત્ય કરે છે. આકાશમાં વાજિંત્રો બજાવે છે.

આ રંગત જામે ત્યાં અચલપુર નગરમાંથી લોકોના ટોળેટોળાં જોવા દોડ્યા આવે એમાં પૂછવાનું જ શું ? નગરનો રાજા સિંહરથ પણ આ જાણીને પરિવાર સાથે ત્યાં આવ્યો. કેવળજ્ઞાની મહર્ષિને આ દિવ્ય શોભાથી પરિવરેલા જોઈ અત્યંત વિસ્મય પામે છે, અંગે રોમાંચ ખડા થઈ જાય છે, અને હર્ષાશ્રુભીની આંખે જ્ઞાની ભગવંતને ઝૂકીને વંદના કરે છે. પછી ત્યાં ગોઠવાઈ ગયેલી સભામાં બેસે છે.

મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે આવું જોવા મળે. જગતનું જોવા મળે એની શી કિંમત છે ?

**કેવળી ભગવંતની દેશના**

હવે ત્યાં કેવળજ્ઞાની દમસાર મહર્ષિ ભવ્યાત્માઓને ઉદ્દેશીને દેશના આપતા ફરમાવે છે-

**સંસાર અસાર કર્મની વેઠથી :-**

'હે મહાનુભાવો ! આ સંસાર જન્મ-જરા-મૃત્યુ-આધિ-વ્યાધિ-ઉપાધિ, ઈષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ, રોગ-આપત્તિ-દારિદ્ર, ત્રાસ-વેદના-વિટંબણા...વગેરે વગેરે દુઃખોનો ભંડાર છે. કર્મના ગુલામ જીવને આ વારંવાર વેઠવાનું ચાલ્યું આવે છે. અનંતાકાળ વહી ગયા, જીવને આ વેઠવાનું જ જોવા મળ્યે ગયું, એવો આ દુઃખમય સંસાર અસાર છે.'

**આત્મા તરફ દૃષ્ટિ નહિ :-**

આ અસાર સંસારમાં જીવને જન્મે જન્મે દેહ મળ્યા, વૈભવ મળ્યા, વિષયો મળ્યા, પરિવાર મળ્યા, એ એક જન્મથી બીજા જન્મમાં જીવની સાથે ચાલતા નથી, છતાં રાંક જીવ એમાં જ મોહીત બન્યો રહી અઢળક હિંસાદિ પાપો કરે છે. પારાવાર રાગ-દ્વેષને, કામ-ક્રોધ-લોભાદિ કષાયો સેવે છે, અને એથી જ કાળાં કર્મોથી બંધાઈને આ ભવસાગરમાં ભટકતો રહે છે. કયારેય એને પોતાના અનંતકાળના દુઃખી આત્મા તરફ દૃષ્ટિ જ જતી નથી.

હે ભાગ્યવાનો ! એ જુઓ કે તમારા એવા દુઃખિત કર્મવિડંબિત આત્માને

ભૂલી દેહાદિની પૂંઠે પડી અઢળક પાપો કર્યા, પણ એ દેહ આદિ તમારા કયાં સુધી રહ્યા ? દેહને સારુ ખવરાવો-પીવરાવો સારુ જોવરાવો-સંભળાવો ને સુખચેનમાં લીન રાખો પણ આ જ જન્મમાં એ રોગાદિથી કેવું વાકું થઈ બેસે છે, તમારી પાસે એ કેટકેટલી મજૂરી કરાવે છે, અને અંતે એ જીવને બહાર તગેડી મૂકી કેવું ઠાઠડીએ બંધાઈ ચાર ખાંધિયાની ખાંધ પર ઉચકાઈ ચેહભેગુ થાય છે !

**તો શું આવી કુટિલ અને કથિરની તે ય માત્ર એક જન્મની કાયામાં મોહિત બન્યા રહી તમારા પોતાના જ અનંતકાળમાં કર્મપીડિત આત્માને ભૂલવાનો !**

**ધનનો માલ કોને ? માર કોને ?...**

ત્યારે હે પુણ્યવાનો ! એ જુઓ કે જે ધન-વૈભવ પાછળ ગાંડાતુર બનીને દોડ્યા કરી આત્માને ભૂલવાનું થાય છે, એ ધન-વૈભવ તમારા કયાં સુધી ? આ જીવનના અંત સુધી જ ને ? કે પછી પણ તમારી સાથે ચાલે ? ના, પછી તો કોઈ બીજાઓ જ એનો કબજો કરે છે, એના પર તાગડધિન્ના કરે છે, ને તમારે ફાળે તો એ વૈભવની ખાતર સેવેલા અઢળક પાપો અને રાગાદિ સંકલેશોના ભયંકર દુઃખ ભોગવવાનું જ આવે છે. 'તમારા જીવનભરના અથાગ પરિશ્રમનો માલ બીજા ખાય, અને માર તમારે ખાવાનો' એવી પરિસ્થિતિ બને છે. તો પછી તમારા કર્મવિડંબિત આત્માને ભૂલી ધન-વૈભવમાં ઘેલા બનવાનું શા માટે ? આવા જાલિમ ધન-વૈભવમાં મોહિત બન્યા રહી પોતાના આત્માને જ ભૂલવાનો ?

**વિષયોની વિષમતા :-**

ત્યારે હે સજ્જનો ! જીવ જે ઇન્દ્રિયોનાં વિષયોમાં ચકચૂર રહે છે, એ વિષયોનાં પરિવર્તન અહીં જ કેવાં કેવાં જોવા મળે છે ! ગમતાં વિષયો ક્ષણમાં કેવા ઊડી જાય છે ! હમણાં ગમતો વિષય ઘડી પછી કેવો અણગમતો બને છે ! તેમ, એ વિષયોનું સુખ પણ કેવું વિસ્મરણમાં ચાલ્યું જાય છે ! છતાં રાંક જીવ એવા પણ વિષયોની તૃષ્ણા મૂકવા તૈયાર નથી, પણ આ ઘેલછા કયાં સુધી ? શું જીવનના અંત પછી એ વિષયો જીવની સાથે ચાલે ? ના, એ તો એની મહાગૃદ્ધિ-આસક્તિ રાખી કરેલા વિષયભોગના કારમા પાપ જ સાથે ચાલીને જીવને નરક-તિર્યંચ ગતિના ભયંકર દુઃખમાં જ ડૂબાડે છે. તો શું આવા હળાહળ વિષથી પણ ભયંકર વિષયોમાં જીવનભર મોહીત બન્યા રહી પોતાના આત્માને જ ભૂલવાનો ?

ત્યારે હે બુદ્ધિમાનો ! જે સગા-સ્નેહી-પરિવારમાં મોહિત થઈ પોતાના આત્માને ભૂલવાનું થાય છે, એ કેવા નકરા સ્વાર્થપ્રિય હોય છે ! એ ક્યાં તમારા આત્માના ભલાની ચિંતા કરનારા હોય છે ? ક્યાં તમને પરલોકમાં સાથે અનુસરે છે ? જગતમાં જુઓ કે સ્વાર્થની માયામાં અવસરે સગો બાપ પણ પુત્રનો દ્રોહ કરે



છે. રાજા કનકકેતુ પોતાનો કોઈ પુત્ર રાજયગાદીને યોગ્ય ન બને અને પોતાને રાજયગાદીથી હેઠો ન ઊતારે એ માટે દરેક પુત્ર જન્મતાં એનું એકાદ અંગ ખંડિત ખોડખાંપણવાળું કરી દેતો. એમ લગભગ બાપમાત્ર પોતાના સંતાનને આ સંસારના વિષમય વિષયોના રંગમાં ચડાવી દઈ સંતાનના પૂર્વના ધર્મસંસ્કારોને ખીલવવાની તો શી વાત, પણ ભૂલાવી દેવાનો ભયંકર વિશ્વાસઘાત કરે છે.

ત્યારે દીકરા પણ જુઓ કે સગા બાપનો કેવો દ્રોહ કરે છે ! કોણિકે પોતાના બાપ શ્રેણિકને પ્રપંચથી રાજયગાદીએથી હેઠો ઊતારી જેલમાં નખાવ્યો, ને રોજ પચાસ સાટકા મરાવવાનું કર્યું. ત્યારે આજે કેટલાય દીકરાઓ પરણીને પગભર થયા પછી માતાપિતાને રંજાડનારા ક્યાં જોવા નથી મળતા ?

**પત્ની સૂર્યકાન્તા દ્રોહી :-**

તો પત્ની પણ પતિને દ્રોહ દેનારી બનવાનું આ જગતમાં જોવા મળે છે. રાણી સૂર્યકાન્તાએ પતિ પ્રદેશી રાજાને ઝેર આપી મારી નાખ્યો. પતિનો ગુનો કાંઈ ? હા, એ ધર્માત્મા બન્યો એ એની દૃષ્ટિએ ગુનો. ત્યારે જગતની લગભગ બધી પત્નીઓ પતિને પોતાનામાં લુબ્ધ બનાવી કારમા પાપ અને ભયંકર વિષયરંગમાં ડૂબ્યો રાખી એનું બધું પુણ્યધન ચૂસી લે છે, આત્મા-પરમાત્માને ભૂલાવે છે, અને દુર્ગતિના પંથે ચડાવી દેવાનો દ્રોહ કરે છે, એ દીવા જેવું દેખાય છે.

**પતિ રુદ્રદેવ દ્રોહી :-** તો પતિઓ પણ પત્નીઓનો કેવો દ્રોહ કરે છે ! સામાન્ય રીતે પોતાની વિષયલાલસા પોષવાનું પાત્ર બનાવી રાખે છે. આગળ વધીને વળી વિશેષ દ્રોહ કરે એ જુદું. રુદ્રદેવ બ્રાહ્મણે પોતાની પત્ની સોમા ધર્મપ્રેમી બની તો એને આમ મારી નાખી,- વિષયરંગી બીજી પત્ની મેળવવા માટે ઘડામાં સાપ પૂરી, ઘડો અંધારે મૂકીને એ સોમાને કહે, 'જા પેલા ઘડામાંથી ફૂલની માળા લાવજો.' પેલી વિશ્વાસે ત્યાં હાથ ઘાલતાં જ સાપથી ડસાઈ, ને મરી. આવું ગોઝારું કૃત્ય નહિ સહી, તો ય કેટલાય વિષયલંપટ પતિ શીલની ચાહક પત્નીને પરાણે વિષયરંગમાં રગદોળે છે, તેમ પત્ની પાસે બીજાં ધરખમ પાપ કરાવી એની પૂર્વની ધર્મસંસ્કારની મૂડી ભૂલાવી દઈ આ અફાટ દુનિયામાં દુર્ગતિના અવતારોમાં રખડતી કરવાનો દ્રોહ કરે છે.'

કેવળજ્ઞાની ભગવાન આગળ કહી રહ્યા છે,-

'વિચારજો ભાગ્યશાળી ! આવાં સ્વાર્થી ને દ્રોહી સગા ને વહાલામાં જિંદગીભર મોહીત બન્યા રહી પોતાના આત્માને જ ભૂલવાનો ?'

**જન્મ કેવો ઊંચો ? જડસંયોગ કેવા અધમ ? :-**

કાયા-કુટુંબ-ધનવૈભવ-વિષયો બધું જ ઠગારું છું. માનવ-જન્મ જેટલો ઊંચો

છે, એટલા જ એ અધમ છે. જન્મનો લગભગ ત્રીજો ભાગ ઊંઘમાં વેડફાય છે, બાકીનામાંથી મોટો ભાગ બાળયુવાન અવસ્થામાં આ કાયાદિની પાછળ કુટિલ કર્મોમાં બરબાદ થાય છે; અને શેષ ઘડપણમાં અશક્ત બનેલો પામર જીવ કશું આત્મહિત સાધી શકતો નથી. એમ આ ઉત્તમ જન્મ આખો વેડફાઈ જઈ પછી જીવ મરગલાની જેમ દુર્ગતિના અવતારોરૂપી શિકારી ડાઘિયા પશુથી ફેંદાઈ જાય છે.

માટે હે દયાળુઓ ! તમારા આત્માની દયા ખાઓ. તમારા આત્માની ચિંતા કરો.

**આ જગતમાં કોઈ સગા-સ્નેહીએ તમારા આત્માની દયા ખાધી નથી.**

તમારા આત્માની ચિંતા એ કોઈએ કરી નથી. એ તો તમારે પોતે જ તમારા અનંત અનંતકાળથી દુઃખમાં રીબાતા આત્માની દયા ખાવાની છે એની ચિંતા કરવાની છે, જાતે જ તમારા આત્માનું ભલું કરવાનું છે, આત્માનું ભલું સંસારમાયાનો ત્યાગ કરી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર અને સમ્યક્તપની સાધનાથી થાય.

એટલું કહીને કેવળજ્ઞાની મહર્ષિ એનું સ્વરૂપ બતાવ્યું, અને પછી એ સાધના કરવાનો અને સર્વથા શક્ય ન હોય તો દેશથી પણ સાધના કરવાનો ઉપદેશ કર્યો.

**રાજાની ચિંતા :-** રાજા સિંહરથ કેવળી ભગવંતની આ વાણી સાંભળીને ચોંકી ઊઠ્યો. એના મનમાં સાંભળતાં સાંભળતાં જ એમ થવા માંડ્યું કે અહો ! ત્યારે હું શું કરી રહ્યો છું ? આ રાજ્યવૈભવ કે જે એક દિવસ મારે મરીને છોડવાનો જ છે એને ભોગવનાર બીજા જ કોઈ હશે, પરંતુ એમાં મારા આત્માને ભૂલીને જે આસક્તિ સાથે અઢળક પાપ કર્યા એના દુઃખદ વિપાક મારે જ ભોગવવા પડશે ? તો હું આ ઊંચા જન્મમાંથી સરવાળે શું કમાયો ? ત્યારે પરિવારની મોહમાયા કરી એ પણ ક્યાં મને પરલોક પ્રયાણમાં સથવારો આપનાર છે ? તો હવે આ બધું છોડીને ત્યાગમાર્ગ અપનાવી લઉં, પરંતુ આ રાજ્ય સંભાળનાર કોણ ? અને મોટી થયેલી પુત્રી ય કોને સોંપવી ?

**રાજાનું આયુષ્ય ૩ દિવસનું :-**

રાજા આ ચિંતામાં છે, ત્યાં કેવળજ્ઞાની ભગવંત કહે છે, 'હે રાજન્ ! તું રાજ્ય અને પુત્રીની ચિંતા કરે છે, પરંતુ તારા આત્માની ચિંતા ક્યારે કરીશ ? આત્માનું હિત કયારે સાધીશ ? તને ખબર નથી કે હવે તારું આયુષ્ય માત્ર ત્રણ અહોરાત્રનું છે.'

પોતાનું હવે આયુષ્ય માત્ર ત્રણ દિવસનું જ સાંભળીને તો રાજા ચમકી ઊઠ્યો ! વિચારે છે કે 'અરે ! ત્રણ દિવસ પછી જો મારે મરીને ચાલતા થવાનું



છે. તો આ હું રાજ્ય અને પુત્રીની શી ગડમથલ કરી રહ્યો છું ? મારા મર્યા પછી હું ક્યાં આ સંભાળવા રહેવાનો છું ? ત્યારે આજસુધી મેં શું કર્યું ? અરેરે ! રાજ્યપાટ અને ઐશ્વર્યમાં મત્ત બની વિષયો અને કષાયોમાં જિંદગી પાપમાં ગુમાવી નાખી ! કાંઈ સુકૃત ન કર્યા. શીલ-વ્રત ન પાળ્યા ન કશી તપસ્યા કરી. હવે શું થાય ? તો મારું પરલોકમાં શું થશે ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૧૪,તા.૨૧-૧૨-૧૯૭૪**

રાજાનું ચિત્ત અત્યંત વિહ્વળ થઈ ગયું. ત્રણ દિવસમાં મરવાનું છે માટે નહિ, પણ જીવનમાં કશું સાધ્યું નહિ, તો પરલોક કેટલો ભૂંડો ? એ વિચાર પર વિહ્વળતા થઈ ગઈ, શું ?

**દુઃખ ત્રણ દિનમાં મરી જવાનું નહિ, પણ જીવનમાં કશું સાધ્યું નહિ એનું.**

માણસ જીવનમાં પરલોક ભૂલીને ગમે તેટલા ઉધમાત કરે, અને પુણ્યના ઉદયે મનગમતાં વૈભવ પરિવાર અને વિષયવિલાસમાં મસ્તી અને નિરાંત અનુભવે, પરંતુ જ્યારે જીવનના અંતિમ દિવસ આવીને ઊભા રહે છે ત્યારે નજર સામે તરવરતું મોત અને ભાવી ભવનો અંધકારપટ એની બધી મસ્તી સુકાવી દે છે, બધી નિરાંત-નિશ્ચિન્તતાને ઉરાડી મૂકે છે, અને વિહ્વળતા-વ્યાકુળતાની વેદના એટલા બધા જોસમાં ઊઠે છે કે એની આગળ જિંદગીભરની મસ્તીનો આનંદ કશો વિસાતમાં રહેતો નથી.

**મૃત્યુ વખતે જીવનભરમાં સુખનું સંભારણું લેશમાત્ર શાંતિ આપી શકતું નથી.**

કે 'ચાલો, મૃત્યુની પીડાની પરવા નહિ, ને આગળ થશે તે ખરું, પણ અહીં તો ખૂબ આનંદ જોઈ લીધો,' ના, હવે મૃત્યુની વેદના અને આગળની જ ચિંતાની વેદના એટલી જોરદાર છે કે એમાં ભૂતકાળની જીવનભરની પણ મસ્તી ગોઝારી લાગે છે.

ત્યારે જ દેવતાઓની આ સ્થિતિ બને છે કે એ જિંદગીના છેલ્લા છ માસમાં એને દેવતાઈ બધું ઝાંખું લાગવા પર હવે એને અહીંથી ચાલી નીકળવાનું સચોટ ભાસી જતાં એ પાણીની બહાર મૂકાયેલી માછલીની જેમ તરફડે છે ! ત્યાં એને એ જીવનમાં અસંખ્ય વર્ષોના દેવતાઈ રંગરાગના માણેલા આનંદ કશી શાંતિ આપી શકતા નથી. હવે તો જવાની ચિંતાની વેદના એટલી બધી રહે છે કે પેલા અસંખ્ય વરસના દેવતાઈ સુખ ગોઝારા લાગે છે. પૂછો,-

**અસંખ્ય વરસના આનંદની અસર કેમ નહિ ? :-**

**પ્ર.**- અસંખ્ય વરસ આનંદ અનુભવ્યા પછી આવું કેમ થતું હશે ? એટલા બધા ભોગવેલા અસંખ્ય આનંદની કશી અસર નહિ ?

**ઉ.**- કારણ એ, કે એ અનુભવેલા આનંદ ચિરસ્થાયી નહિ, પણ ક્ષણ-ક્ષણના નાશવંત હતા. ગઈ કાલનો આનંદ આજે નથી ઊભો રહેતો. અરે ! પકવાન્નના પહેલા કોળિયાનો આનંદ કોળિયો ગળે ઊતર્યા પછી નથી ઊભો રહેતો માટે તો ઝટ બીજો કોળિયો મોંમાં મૂકવાની તત્પરતા થાય છે. ત્યારે અસંખ્ય વરસના પણ આનંદ ક્યાં ઊભાં રહે ? એ તો **'ખા ગયા ખો ગયા'** ના જ ખેલ છે. ત્યારે ઉદયરત્નજી કવિએ કહ્યું ને,-

**''ખેલ ખલકના ને બંધ નાટકના, કુટુંબ કબીલો હું ધારું;**
**જિહાં લગે સ્વાર્થ તિહાં લગે સર્વે, અંત સમયે સહુ ન્યારુ;''**
**હો જિનજી ! તુજ મુરતિ મનહરણી, ભવસાગર જલતરણી હો જિનજી !...**

જગતના વિષયોના સુખ-આનંદ એ બધા એક જાતના ખેલ છે. જાદુગરના ખેલ કેવા હોય ? હમણાં કાંઈક બતાવે, ને ક્ષણોમાં જ એથી ઊલટું બતાવે, કશું ટકવાવાળું નહિ. જગતનાં સુખ એવાં છે, તેમજ કુટુંબ-કબીલો પણ 'બંધ નાટકના' અર્થાત્ નાટકના સંબંધ જેવો છે. નાટક-ભવાઈમાં સંબંધ કેવા જોડાયેલા દેખાડે ? આબેહુબ રાજા-રાણી-રાજકુમાર જાણે વર્ષોના સંબંધી ! પરંતુ ખરેખર હકીકતમાં શું ? બે કલાકના એક નાટકનો સંબંધ, પછી એ લોકોને પરસ્પર કશો સંબંધ નહિ, ને અસલમાં કંપનીવાળાના નોકરિયાત માણસોરૂપે ઊભા હોય. બસ, આ જીવનના સગાં-સંબંધીઓ પણ આ એક જન્મના જ સંબંધી, મરી ગયા પરલોક પહોંચ્યા પછી કશો સંબંધ નહિ. ત્યારે, એ નાટક જેવો જ સંબંધ થયો ને ? એમાં ય વળી જિહાં લગે સ્વારથ, તિહાં લગે સર્વે; એટલે કે આ જીવનમાંય સ્વાર્થ ભાંગ્યો તો એ કુટુંબ-કબીલાના સભ્યને આઘા થઈ જતા વાર નહિ. બાકી અંત સમયે તો સૌ અળગા છે જ. એમ મોટા રાજ્ય-રસાલા બધું જ ડુલ.

રાજા ગભરાઈ ગયો છે. 'હવે ત્રણ જ દિવસ મારે જીવવાનું છે તો તો આ જિંદગી મારી એળે જ ગઈ. હવે ત્રણ દિવસમાં હું શું સાધું ? અને આ જીવનમાં પરલોકહિત સાધ્યા વિના તો ભવાંતરે સારી ગતિ ય કયાંથી મળે ? ને ત્યાં ધર્મ સાધવાનું ય કયાંથી થાય ? નરસી ગતિમાં તો પાપ પાપ ને પાપ જ કરાતા રહે; તેથી ભવની પરંપરા જ ભયંકર સર્જાય-અરેરે ! હવે હું શું કરું ?'

**રાજા સિંહરથને વ્રતનો ઉપદેશ :-**

કેવળજ્ઞાની ભગવાન રાજાની આ મનોવ્યથા જોઈ કહે છે. 'રાજન્ ! તું ચિંતા ન કર. હજી પણ બાજી તારા હાથમાં છે. તું સર્વવિરતિ ચારિત્ર સ્વીકારે



તો ઉત્તમ છે. પણ તે ન સ્વીકારી શકે તો પણ સમ્યગ્દર્શન સહિત ગૃહસ્થધર્મનું દેશવિરતિ ચારિત્ર અર્થાત્ શ્રાવક ધર્મના બારવ્રત સ્વીકારી લે તો પણ તારું મહાન કલ્યાણ થશે. એક સમ્યગ્દર્શન ધર્મ પણ એવો છે કે એ ભલે જીવનની અંતિમ ક્ષણે પ્રાપ્ત થયું; અને એમાં જ મૃત્યુ થાય તો એને નરક તિર્યંચ મનુષ્ય ત્રણે ગતિમાં જવાનું બંધ, ને દેવગતિમાં પણ વ્યંતર-ભવનપતિ-જ્યોતિષ ત્રણેય દેવનિકાય બંધ, અને ઉપર વૈમાનિક દેવલોકમાં અવતાર મળે છે. ક્ષણના સમ્યગ્દર્શનમાં આ મળે, તો પછી ત્રણ દિવસના સમ્યગ્દર્શનમાં અને દેશવિરતિ ચારિત્રમાં તો કેટલું સુંદર આત્મકલ્યાણ સાધી જાય ?'

આમ કહીને કેવળજ્ઞાની ભગવંતે સમ્યગ્દર્શન અને બારવ્રતની સમજ આપી.

**પ્રથમ સમ્યકત્વનો આનંદ :-**

આ સમ્યગ્દર્શન અને બાર વ્રતનું સ્વરૂપ સાંભળીને રાજા સિંહરથ પાણી પાણી થઈ ગયો. જિંદગીમાં ન જાણેલું અને આ ઉચ્ચ જીવનમાં ખરેખરું જાણવા જેવું ઊંચું તત્ત્વ જાણવા મળ્યું, પછી આનંદની અવધિ ન હોય એમાં શી નવાઈ ? શાસ્ત્ર કહે છે કે જીવને જ્યારે પહેલપહેલું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે આખા ભવચક્રમાં અર્થાત્ અનાદિ અનંત સંસારમાં કદી પ્રાપ્ત ન થયો હોય એવો અથાગ અવર્ણનીય આનંદ અનુભવમાં આવે છે. રાજાએ ત્યાં કેવળજ્ઞાની ભગવંત પાસે સમ્યગ્દર્શન અને શ્રાવકના વ્રતો સ્વીકારી લીધા અને એને પણ અપૂર્વ આનંદ પ્રાપ્ત થયો.

**મૃત્યુ નજર સામે નહિ, માટે ધર્મનાં બહાનાં :-**

જો જો આમાં પણ જ્ઞાનીના સંયોગ ઉપરાંત પોતાને મોત સામે આવીને ઊભેલું દેખાયું, એણે જબરદસ્ત કામ કર્યું. આ તમે હજી સમ્યકત્વ અને બાર વ્રત લેવામાં ઉદાસીન કેમ છો ? કેમ એ લેવાની તત્પરતા તાલાવેલી નથી થતી ? કેમ ધર્મની ચિંતા-તમન્ના નહિ ? કેમ હજી બહાનું કાઢો છો કે 'એ કાંઈ એકદમ ન લેવાય, ધીમે ધીમે લેવાય,' આ બહાનું કેમ ? જ્ઞાનીનો યોગ તો મળી ગયો છે એટલે જાણકારી તો આવી ગઈ છે. કહો કે મોત નજર સામે દેખાતું નથી. તમને એમ થતું હશે કે

**પ્ર.**- રાજાને તો જ્ઞાનીએ ત્રણ જ દિવસનું આયુષ્ય બાકી જણાવ્યું એટલે એને તો એવી તાલાવેલી થઈ જાય ને ? અમને જ્ઞાની કહે તો અમને ય થઈ જાય.

**ઉ.**- એનો અર્થ એ, કે આયુષ્ય બહુ ટુંકું બાકી હોય એટલે કે આયુષ્યનું મહાન પુણ્ય બહુ ખૂટી ગયાનું દેખાય તો જ ધર્મની તાલાવેલી થાય, પણ પુણ્ય સારું બાકી હોય તો ધર્મ ન સૂઝે. વિચાર કરો કે આવું જો મનમાં હોય, તો શું સમજ્યા ?

**ધર્મ કરવામાં કારણભૂત શું ? પુણ્યની ભરચકતા ? કે પુણ્યનો લગભગ નાશ ?**

**ધર્મ કોણ કરાવે ? પુણ્યનો ઉદય ? કે પુણ્યનો વિનાશ ?**

ભૂલા પડતા નહિ, આ તો રાજાને ભવિતવ્યતા સારી કે પુણ્ય ખૂટવાના પ્રસંગે આવા કેવળજ્ઞાની કહેનારા મળ્યા કે તારું આયુષ્ય પુણ્ય હવે ત્રણ જ દિવસનું છે. તમને આવું કહેનારા અહીં મળવાના છે ? ના, તો કોના ભરોસે ધર્મને વાયદે કાઢી રહ્યા છો ? વિચાર એક જ જોઈએ કે

**'હજી જ્યાં સુધી જીવવાનું પુણ્ય જાગતું છે ત્યાં સુધી મારા દીર્ઘ ભવિષ્ય-કાળને સુધારે એવા ધર્મને સાધી લઉં. પુણ્ય ખૂટ્યે ઊડી જઈશ, ને ધર્મ સાધવો રહી જશે.'**

રાજા સિંહરથ જાગી ગયો, સમ્યક્ત્વ અને બાર વ્રત તરત જ જ્ઞાનીની પહેલી મુલાકાતે જ લઈ લીધાં. તમારે કેટલામી મુલાકાતે લેવાનાં ? એણે કેવળજ્ઞાની ભગવંતનો બહુ ઉપકાર માની વંદના કરીને, મુકામે એ પાછો ફર્યો. પણ એના મનને હવે સર્વપાપત્યાગ કરી મુનિપણું લેવાની તાલાવેલી છે; અને બીજી બાજુ ચિંતા છે કે 'મારે તો ત્રણ દિવસમાં ઊપડી જવાનું છે, ને આ રાજ્યનું શું થશે ? દીકરીનું શું થશે ? અને આ ચિંતા તો કરું છું પરંતુ ત્રણ દિવસ પછી તો હું ઊડી જવાનો છું તો ચિંતા શું કામની ? તો શું હું ચારિત્ર લીધા વિના મરીશ ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૧૫,તા.૨૮-૧૨-૧૯૭૪**

**ઊભું મૂકીને મરાય ખરું, ચારિત્ર ન લેવાય ! :-**

ઉચ્ચ ભાવના છતાં કેવી ફસામણ છે ? ત્રણ દિવસ પછી મૃત્યુ આવે ત્યારે ચિંતાનો વિષય બધો જ ઊભો મૂકીને જવાનું છે, છતાં અત્યારે એ ઊભો મૂકીને ચારિત્ર લઈ શકાતું નથી ! આ સંસારની કેવી ગુલામી ?

સંસારની આ ગુલામી માથે હોય અને સંસારના પોષક તુચ્છ વિષયોના રાગ-દ્વેષ કર્યે જવા તેમજ કામ-ક્રોધ-લોભ તથા અહંત્વ અને સ્વાર્થાંધતા ચલાવ્યે જવી એ કેટલું ખતરનાક છે !

**રાગાદિ ઓછા કરવા વિચારણા :-**

મનને આ વિચાર જોઈએ કે 'હું સંસારના બંધનોથી પીડાઈ તો રહ્યો છું, સંસારરૂપી દુશ્મન મને અનેક રીતે વિડંબી રહ્યો છે, પછી એ દુશ્મનને નવાં નવાં સાલિયાણા શા માટે ભરવા જોઈએ ? તે પણ હોંશે હોંશે ? તુચ્છ ક્ષણિક સ્વાદ



આપે એવા ખાટા-મીઠા રસ પણ ખુશી થઈ થઈને શું જોઈને આનંદ માણી રહ્યો છું ? શા રાગ કરી રહ્યો છું ? એ તો દુશ્મન-સંસારને વધુ પગભર કરનાર સાલિયાણું છે. એમ સુંવાળા સ્પર્શ ને દેખાવડા રૂપ વગેરે પર શા મોહ કરી અને આનંદ માણી રહ્યો છું ? એવી રીતે કામવાસના ઉત્તેજિત કરે એવા સંયોગોમાં હાથે કરીને શા માટે જાતને હોમું છું ?'

એમ, વાતમાં કાંઈ માલ નહિ, ને શું સમજીને તુચ્છ બાબતો પર હૈયામાં ગુસ્સાનો ઉકળાટ, વૈર-વિરોધ, અભિમાન તૃષ્ણા મમતા વગેરેને હાથે કરીને પોષી રહ્યો છું ? આ બધા તો મારી વિટંબણા કરનાર સંસારને વધુ પગભર કરનારા છે ? આ ન સેવું તો મારું જીવન કયું દુઃખી થઈ જાય છે ? ને સેવું તો કયો વધારે સુખી થાઉં છું ? શા સારુ એવા નિરર્થક મલિન ભાવોથી મારે મારું હૃદય બગાડવું ? અને સંસારવેલો લાંબોલચક કરવો ?'

જો આ વિચાર હોય તો જીવનમાંથી અનેકાનેક જાતના દોષો કાબુમાં આવી જાય, અને તુચ્છ વિષયોના રાગ-દ્વેષ અને હરખ-ઉદ્વેગ ઓછા થઈ જાય. ત્યારે,

**આપણા આત્માને મહાન બનાવવા માટે આ જ રસ્તો છે કે કામ-ક્રોધાદિ દોષો અને વિષયોના રાગ-દ્વેષ તથા હર્ષ-ખેદ ઓછા કરતા જવાય.**

**પશુ જેવા ભાવોથી તો અધમ બનાય :-**

અંતરમાં પૂછો,- 'મારે મહાન બનવું છે કે અધમ ?' પશુ જે ભાવોમાં રમે છે એવા જ ભાવોમાં રમતા રહેવાથી તો પશુ જેવા અધમ બન્યા રહેવાશે. મહાન બનવું હોય તો મહાન પુરુષોએ અને મહાન સ્ત્રીરત્નોએ સેવેલા ઉચ્ચ સંયમ-ક્ષમા આદિ ભાવો અને વૈરાગ્યાદિ ગુણોનો અભ્યાસ કરતા રહેવું જોઈએ.

સંસારની જીવને ગુલામી છે એ ખટકતી હોય, એની આ વાત છે કે સંસારને પોષનારા ભાવો પર અંકુશ મૂકી મૂકી મહાન બનવા મથે.

રાજા સિંહરથને સંસારની આ ગુલામી કરડી રહી છે કે 'ત્રણ દિવસ પછી તો મૃત્યુ થતાં રાજ્ય અને પુત્રી ઊભી મૂકી મરવાનો છું, છતાં અત્યારે ઊભી મૂકી ત્રણ દિવસ માટે ચારિત્ર લઈ શકતો નથી ?' આ જ્યાં ચિતાં કરી રહ્યો છે. ત્યાં,

**કુળદેવી આકાશવાણી કરે છે કે, :-**

'હે રાજન્ ! તું ચિંતા શા માટે કરે ? જો, પંચ દિવ્ય કરી હાથણી જેના માથે કળશ ઢોળે એને તું રાજા બનાવ, અને એને જ તારી કન્યા પરણાવી દે. એમાં રાજ્ય અને કન્યા બંનેનું ભલું થવાનું છે, તું ચિંતા ન કરીશ !'

આ દૈવી વાણી સાંભળીને રાજાને અત્યંત આનંદ થયો, કેમકે એમાં ચિંતામુક્ત બનવાનો અને તરત ચારિત્રમાર્ગ લઈ આત્મ-સાધના કરી લેવાનો માર્ગ જડી ગયો.

હવે વિલંબ શો કરવાનો ? રાજાએ તરત એવી હાથણી શણગારી, એને સૂંઢમાં કળશ પકડાવી ચામર-છત્ર વગેરે સાથે નગરમાં બહાર ફરતી મૂકી.

**લોકમાં સ્વયંવર જેવો તમાશો :-**

નગરમાં જ્યાં આ જાહેર થઈ ગયું છે કે હાથણી જેના માથે કળશ ઢોળે એને રાજા બનાવવાનો છે, એટલે તો પછી પૂછવાનું જ શું ? લોકોને દરેકને આશા બંધાણી છે કે કદાચ મારા માથે કળશ ઢોળે ને હું રાજા થાઉં, 'તેથી રસ્તા પર લોકોની કતાર લાગી છે. તમાશો કેવો થયો છે કે જેમ કોઈ રૂપસુંદરી રાજકન્યાના સ્વયંવરમાં એ હાથમાં વરમાળા લઈને નીકળે અને વરવા આવેલા રાજાઓ અને રાજકુમારો વરમાળા પોતાના ગળામાં પડવાની આશાએ તલપાપડ થયા હોય, પરંતુ જેમ જેમ એ રાજકન્યા વરમાળા હાથમાં જ રાખીને આગળ વધતી જાય, તેમ તેમ એ આશાલુબ્ધ રાજાઓ-રાજકુમારો નિરાશ થઈ એમના મોંઢાં શ્યામ બની જાય, એવી રીતે અહીં હાથણી જે જે લોકને વટાવી કળશ ઢોળ્યા વિના આગળ વધતી જાય છે, તેમ તેમ એ આશામાં તણાયેલા લોકનિરાશ થતા જાય છે, એમનાં મોંઢાં શ્યામ પડી જાય છે.'

આશાનો દોર આકાશમાં કપાયેલા પતંગના દોરની જેમ જીવોને કેવા નચાવે છે ? કેવા રાંકડા બનાવે છે ? ત્યારે,

**જેણે આશા જ મૂકી દીધી છે એ કેવા આંતરતૃપ્તિમાં મસ્ત રહે છે !**

**ફોગટની આશાઓથી નાચ અને રાંકડાગીરી :-**

માટે સમજી રાખો કે જગતના પદાર્થોની જેટલી આશા મૂકી દો એટલા સુખી સ્વસ્થ અને મસ્ત. જેટલા આશામાં તણાયે જાઓ એટલા નાચવાનું અને અંતે રાંકડા બનવાનું આવે. મળવાનું તો ભાગ્યાનુસાર જ મળે; પણ ફોગટની આશાઓ જીવને માંકડાની જેમ નાચનારો અને રાંકડો બનાવે છે.

આશાઓ મૂકી દેવા આ સાધન-આંતરતૃપ્તિ કેળવો

**'આંતરતૃપ્તિ' એટલે એ** નિર્ધાર કે મેં અનંત સંસારમાં ભટકતાં ઘણું ઘણું જોયું મેળવ્યું ને ખોયું, હવે એનાથી હું ધરાઈ ગયો છું. હવે શા માટે આશાઓ રાખું ? સ્વર્ગની રૂપાળી અપ્સરાઓ અનંતીવાર જોઈ નાખી તો અહીંની ગોબરાં શરીરવાળી સ્ત્રીઓ જોવાની શી આશા કરું ? દિવ્ય ભોજન અનંત વાર જોઈ નાખ્યા, તો અહીંના ગંદવાડમાંથી ઊભા થયેલા તુચ્છ રસની શી આશા કરું ? મારે હવે કશી આશા તૃષ્ણા-લાલચ રાખવી નથી. હું ધરાઈ ગયેલો છું તૃપ્ત છું, આ નિર્ધાર એ આંતરતૃપ્તિ.

**આ આંતરતૃપ્તિ કેળવતા જાઓ, ગોઝારી આશાના ફંદામાં ફસાવાનું નહિ**



**થાય, અને સરવાળે રાંકડા શ્યામમુખા બનવાનું નહિ થાય.**

જેને આ આંતરતૃપ્તિ કેળવવાનું નથી સૂઝતું એ બિચારા જિંદગીના અંત સુધી આશામાં ને આશામાં મરે છે.

અહીં પણ જેમ જેમ હાથણી જે લોકો પર કળશ ઢોળ્યા વિના આગળ વધતી જાય છે, તેમ તેમ આ આશાદાસીના ગુલામ લોક નિરાશ શ્યામમુખા ને રાંકડા બનતા જાય છે. અંદર અંદર વાત કરે છે કે 'ભાઈ ! આપણું એવું ભાગ્ય નહિ. શું કરીએ ? કોને ખબર કોણ એવો ભાગ્યશાળી હશે કે જેના માથે આ હાથણી કળશ ઢોળશે ? ને એને મોટું રાજ્ય અને રાજકન્યા મળશે ?'

હાથણીએ નગરના ઘણા માર્ગો અને શેરીઓ વટાવી નાખી, એમાં આજુબાજુ મોટમોટા શેઠિયા ય ઊભા રહી ગયા, ને રૂપાળા તથા બુદ્ધિના ખાંપરા ય રહી ગયા, કોઈના માથે કળશ ઢોળાયો નહિ, તે ઠેઠ હવે નગરના દરવાજે દરવાજે જઈ પાછી ફરે છે. કળશ ઢળાતો નથી, ને રાજાને ચિંતા સતાવી રહી છે કે દૈવી વાણી છતાં શું આખા નગરમાંથી કોઈ જ પાત્ર નહિ મળે ?

**ક્ષત્રિયકુળનો દેવપાલ નોકર :-**

હવે આ નગરમાં એવું બન્યું છે કે એક જિનદત્ત નામનો મહા તવંગર શ્રાવક રહેતો હતો. એ જૈન ધર્મની ખૂબ શ્રદ્ધાવાળો તથા દુઃખીજનોનો આધારભૂત હતો. વળી એ દયા જયણા પરોપકાર વગેરે અનેક શ્રાદ્ધગુણોથી શોભતો હતો. આ શ્રાવકને ત્યાં ક્ષત્રિય કુળમાં જન્મેલ એક દેવપાલ નામે નોકર છે. શ્રાવક પોતાના કુટુંબ સાથે સારું શ્રાવકજીવન જીવનારો છે. પરમાત્માની ભક્તિ, સાધુભક્તિ અને ધર્મભાવનાથી વાસિત બન્યો છે. જીવો પ્રત્યે દયાળુ અને જૈનધર્મને પાળનારો બન્યો છે. ધર્મી માલિક અને ધર્મી કુટુંબનો અનેરો પ્રભાવ છે. એના સંપર્કમાં રહેનાર અધર્મીને ધર્મી બનાવી દે. એનું કારણ એ છે કે ધર્મી જીવોનું જીવન જ એવું ગુણોથી મઘમઘતું અને સુંદર દાનાદિની પ્રવૃત્તિવાળું મુલાયમ હોય છે કે એ બીજાને આકર્ષણ કરી દે છે. દુનિયાના બીજા ધર્મહીન જીવોના દોષ અને પાપભર્યા કઠોર જીવનની સામે ધર્મી જીવોનાં આવા સુંદર ગુણમય-સુકૃતમય મુલાયમ જીવન જોવાં મળે એ કેમ આકર્ષણ ન કરે ?

ક્ષત્રિય બચ્ચો દેવપાલ એમ આકર્ષિત થઈ જૈન ધર્મને પાળનારો બન્યો છે. વધારામાં જૈનધર્મી શેઠના હિસાબે એને સદ્‌ગુરુ-સમાગમ પણ મળતો રહે છે. એથી એ જૈનધર્મનાં કેટલાંક રહસ્યોને પણ સમજતો થયો છે. તેથી ધર્મ પ્રત્યે એની રુચિ-પ્રીતિ આસ્થા વધતી રહે છે. ત્યારે કહો, -સદ્‌ગુરુના સમાગમનો પ્રભાવ કેવો ?

તમને જન્મથી સદ્‌ગુરુ મળ્યા હોઈ કદાચ એની કિંમત ન હોય; પરંતુ

વિચારો તો દેખાય કે

**સદ્ગુરુના સમાગમથી દિલમાંનાં મિથ્યાત્વનો પહાડ ભેદાય છે, ને એથી જ દુર્ગતિના દરવાજા બંધ થાય છે.**

વધારામાં, સદ્ગુરુ-સમાગમથી જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ પ્રાપ્ત થાય છે એના પ્રતાપે પૂર્વેથી ચાલી આવતી અનંત ભવપરંપરા પર છીણી મૂકાય છે. તે એ રીતે કે,

**પૂર્વભવોપાર્જિત ક્લિષ્ટ કર્મોનો સમ્યગ્દર્શન-જ્ઞાન-તપથી વિધ્વંસ થાય છે.**

એથી હવે ભવોને વધારનારી દુષ્ટ બુદ્ધિઓ નથી થતી. સદ્બુદ્ધિનો પ્રવાહ વહેતો રહે છે, જે મોક્ષ તરફ વેગિલું પ્રયાણ કરાવે છે. આમ હવે ટૂંકા સમયમાં ભવભ્રમણનો અંત લાવી મોક્ષ પમાડનાર સદ્બુદ્ધિ અને સમ્યગ્દર્શનાદિના દાતાર સદ્ગુરુનો અને એમના સમાગમનો કેટલો બધો અનુપમ ઉપકાર ! કેવો અદ્ભુત પ્રભાવ !

વિચારજો જીવનમાં આવા સદ્ગુરુ-સમાગમનું કેટલું મૂલ્ય આંકો છો ? અને એનો કેટલો લાભ ઉઠાવો છો ?

**દેવપાલને જંગલમાં ભગવાન મળે છે :-**

એકવાર એવું બન્યું છે કે નોકર દેવપાલ શેઠની ગાયોને ચરાવવા નદીના કિનારાની આસપાસ ગયેલો, ત્યાં વરસાદ પડવાથી નદીમાં પૂર આવ્યું છે. એ પૂરથી ધોવાઈને નદીના બાજુની એક ભેખડ એકાએક તૂટી પડી. તેથી દેવપાલના મનને થયું કે 'શું થયું આ ? લાવ જોઉં' એમ કરી એ જઈને જુએ છે તો બાકી ઊભેલી ભેખડમાં એણે આદીશ્વર ભગવાનની સુંદર મૂર્તિ જોઈ. જોતાં જ એનું દિલ નાચી ઊઠ્યું, આંખો ચકચકી રહી. શ્રાવકના ઘરમાં રહી સંસ્કાર પામેલો હતો. તીર્થંકર ભગવાનની ઓળખવાળો બનેલો હતો, અને સમજનારો હતો.

'શેઠ આ ભગવાનની ભક્તિપૂજાથી અને ભગવાનના ધર્મથી સુખી હતા. એટલે આ ભગવાન મળે એ તો જીવનો મહાન ભાગ્યોદય ગણાય.' તેથી અહીં એને ભગવાન મળી આવતાં પોતાનો મહાન ભાગ્યોદય જણાયો ને તેથી એને આનંદની અવધિ ન રહી, 'અરે ! મને આ કેવો મહાન લાભ !' 'એમ વિચારતા એના શરીરે રોમાંચ ખડા થઈ ગયા, અને આંખમાં પાણી ઊભરાઈ આવ્યા.'

**પ્રભુને પ્રાર્થના :-**

દેવપાલ આંસૂ ટપકતાં હાથ જોડીને પ્રભુને વંદનાપૂર્વક પ્રાર્થના કરે છે, 'અહો પરમદયાળુ પ્રભુ ! તેં તો આ રાંક સેવક ઉપર દર્શન આપીને કેવો ગજબનો ઉપકાર કર્યો ! કેવા મારાં ભાગ્ય ખોલી નાંખ્યાં ! પ્રભુ ! પ્રભુ ! આજે મારો



ભાગ્યોદય જાગી ઊઠ્યો છે કે ત્રિભુવનગુરુનાં મને દર્શન મળ્યાં. મારાં અશુભ કર્મ છેદાઈ જઈને શુભ કર્મનો મારે સૂર્ય ઝળહળી ઊઠ્યો છે. ધન્ય પ્રભુ ! ધન્ય પ્રભુ !'

એક નોકર માણસ અચાનક પ્રભુ મળ્યાનો કેટલો બધો હરખ અનુભવે છે ! કેવો પોતાનો પ્રબળ શુભોદય પુણ્યોદય સમજે છે. દેવપાલ કદાચ બહુ ભણ્યો નહિ હોય. તમે તો સારું ભણેલા, એટલે પ્રભુનાં દર્શન પર સારું લાંબુચોડું વિચારવું હોય તો વિચારી શકો. તો જીવનમાં તપાસી જુઓ કે કયારે ય આ દેવપાલ જેવી વિચારસરણી ઊઠી છે ?

**ભણતર-ડહાપણ-હોશિયારી શા કામના,** જો પરમદયાળુ પરમાત્માને જોતાં આવી દિલને ચમકારો લગાડનારી વિચારસરણી ન ચાલે ? જો આંખ આંસુભીની અને હૈયું પ્રભુની પ્રત્યે ગદ્ગદ ન થાય ?

તીર્થંકરપદનું પુણ્ય અપાવનાર વીસસ્થાનકમાંનાં પહેલા સ્થાનક અરિહંતપદની આરાધના આ રીતે શરૂ થાય છે. વીસસ્થાનકના ચારસો ઉપવાસ કરી આપો, પરંતુ જો અરિહંત પરમાત્માએ પામવા પર આ દિલ ન બને,

**તીર્થંકરપણાનું પુણ્ય શાના પર મળે ? :-**

મોટી શાલિભદ્રની સમૃદ્ધિ પામવા પર નહિ, કિન્તુ પરમાત્માને પામવા પર જ અહોભાગ્ય, ધનભાગ્ય માનવાનું ન થાય, તો તીર્થંકરપણાનું પુણ્ય મળવું કયાં રસ્તામાં રેઢું પડ્યું છે ?

વિચારશો તો જણાશે કે દિલમાં આ રીતે પરમાત્માને વસાવ્યા ને એવી ઉત્તમ વિચારસરણી ધર્યાના અપરંપાર લાભ ક્યાં ? અને દુન્યવી માટીની સમૃદ્ધિ કે જે દિલમાં અનેક અહંકાર-મમતાદિ અને જીવોના સંહારમય આરંભસમારંભની કુમતિ કરાવે છે એના અપાર ખતરનાક અનર્થ કયાં ! આ અનર્થ નજર સામે હોય તો માટીની માયા પર હૈયું ઓવારી જાય નહિ. અને પેલા અપરંપાર લાભ નજર સામે રહે તો પરમાત્માના મળ્યાના મહાન ભાગ્યોદય સમજી એમના પ્રત્યે આકર્ષણનો પાર ન રહે, એમના પર હૈયું વારંવાર ઓવારી જાય, અને અશુભ કર્મો તૂટી ગયા લાગે; પછી ભલેને ગમે તેટલી ગરીબી હોય કે વ્યાધિ હોય.

**વીસસ્થાનકની આરાધનામાં પહેલું શું જોઈએ ? :-**

આ વીસમાંનાં દરેક પદ માટે સમજવાનું છે. અરિહંત, સિદ્ધ, પ્રવચન, આચાર્ય, સ્થવિર વગેરે કોઈ પણ પદની આરાધના કરવી હોય, તો ત્યાં પહેલુ તો આ જોઈએ કે એ પદ ઉપર હૈયું એવું ઓવારી જાય કે એ મળ્યા ઉપર જગતની સમૃદ્ધિઓ કૂચા લાગે; અને આ પદ મળ્યા પર અપૂર્વ ભાગ્યોદય લાગે, હૈયું ગદ્ગદ થાય તથા અશુભ કર્મો છેદાઈ-ભેદાઈ ગયા મનાય; પછી ભલે ને દુન્યવી

ગમે તે નિર્ધનતા-રોગ-અપમાન કે બીજી આપદા હોય.

દર્શન-જ્ઞાન-વિનય-ચારિત્ર-ક્રિયા-તપ-શ્રુત, ગમે તે પદની આરાધના કરતી વખતે પહેલું તો એ પદ પ્રત્યે આ દિલ બનવું જોઈએ તો જ પછી એ પદની અનેક પ્રકારે અવ્વલ આરાધના કરાય; ને તો એ મહાપુણ્યને ઊભું કરી આપે.

તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય અને એને લગતાં બીજા ઉત્કૃષ્ટ પુણ્યો કમાવવા છે, તે શું એવું દિલ બનાવ્યા વિના માત્ર વીસસ્થાનકના ઉપવાસ કરી આપવા માત્રથી મળી જાય ? એવું દિલ પણ બનાવવું જોઈએ, અને એવી એવી આરાધનાઓ પણ કરવી જોઈએ.

**દેવપાળની પ્રથમ પદની આરાધનામાં આ જોવા મળશે.**

દેવપાળને અરિહંત પરમાત્મા પ્રત્યે ઓવારી જતું દિલ જે બન્યું છે એ અહીં એને ઋષભદેવ ભગવાનની મૂર્તિ મળી આવતાં જે એને આંતર સંવેદન થયા અને જે એણે પ્રભુને પ્રાર્થના કરી એમાં જણાઈ આવે છે. હજી એના એવા દિલની વિશેષતાઓ આગળ જોવા મળે છે.

દેવપાળ પ્રાર્થના કરીને વિચારે છે કે, 'હવે મારે પ્રભુજીને સારા સ્થાને સ્થાપિત કરવા જોઈએ. એ માટે એક પર્ણકુટી-ઝુંપડી બનાવું.' વિચાર તો કર્યો પણ એનો અમલ ક્યારે કરવાનો ? કેટલાયને પોતાનું નહિ, તો સંઘનું દેરાસર બંધાવવાનો વિચાર થાય છે. પણ પછી એ વિચારનો અમલ ક્યારે ? જોવા મળે છે કે વરસોના વરસો 'વિચાર છે' માં જ ચાલ્યા જાય છે.

**દેરાસર બનાવવામાં કેમ વિલંબ ?**

પોતાના ઘર-સંસાર જેવી તલપ નથી. મેડી સારી બનાવવી હોય અને પૈસા પહોંચતા હોય તો તરત અમલ ! આજે હાથ પર થોડા ઘણા પૈસા થયા હોય તો બાકી માટે ગર્વમેન્ટ લોન લઈને પણ ઝટ બંગલો બાંધવા કે ફલેટ લેવા દોડે છે કારણ ! એમાં કલ્યાણ ઘણું અને દેરાસર કરવામાં એવું કલ્યાણ નહિ, એમ જ ને ?

**ઘરમાં નાનું જિનમંદિર કેમ નહિ ? :-**

વાત આ છે કે ભગવાન મળ્યા પર દુન્યવી સમૃદ્ધિ મળ્યા કરતાં મહાન ભાગ્યોદય લાગતો નથી, હૈયું ઓવારી જતું નથી. એટલે પછી ઘરમાં ય નાનું જિનમંદિર રાખવાની તમન્ના શાની થાય ? તરત અમલ શાનો થાય ?

**દેવપાળ ઝુંપડી બાંધી એમાં પ્રભુને પધરાવે છે :-**

દેવપાળને તમન્ના છે, ભગવાન પર હૈયું ઓવારી જાય છે એટલે તરત વિચારને તરત અમલ. એ જંગલમાં ફરીને ઘાસની સાંઠીઓ ને સુકી વળીઓ લઈ આવ્યો ને તાબડતોબ ત્યાં પર્ણકુટી ઊભી કરી દીધી. એમાં પત્થરો લાવીને પ્રભુને



બિરાજમાન કરવા ઊંચી બેઠક બનાવી દીધી. પછી નદીમાં નહાઈ ધોઈને આવ્યો ભગવાન પાસે. ને નમસ્કાર કરીને વિનંતી કરે છે.

'પ્રભુ ! મારા નાથ ! આ દાસ પર કૃપા કરો, પધારો મારી પર્ણકુટીમાં.'

એમ વિનંતી કરીને મુખકોશ બાંધી પ્રભુની મૂર્તિને બહુમાન પૂર્વક બે હાથે ઊઠાવે છે. અને લાવીને પર્ણકુટીમાં પ્રભુને ઊંચા આસને પધરાવે છે. પછી જંગલમાંથી ફૂલો તથા નદીમાંથી દડિયામાં પાણી લાવી રોમાંચ અને ઊછળતા ઉલ્લાસ સાથે પ્રભુનો અભિષેક કરીને પ્રભુના અંગે ફૂલ ચડાવી સ્તુતિ કરે છે,-

**પૂજા બાદ સ્તુતિ :-**

'હે જગતના નાથ ! આજે મારો દિવસ ધન્ય બની ગયો. મારા જેવા રાંકના ભાગ્યમાં ત્રણ જગતનો તારણહાર તું ક્યાંથી હોય ? આજ હું અપૂર્વ નિધાન પામ્યો ! ત્રણ લોકનું સામ્રાજ્ય પણ તારી આગળ કશી વિસાતમાં નથી લાગતું. મોટું સામ્રાજ્ય પણ પરલોકમાં શું ભલું કરે ? ત્યારે પ્રભુ તું તો ઠેઠ મોક્ષ પમાડવા સુધીનું ભલું કરે છે. બસ, પ્રભુ ! મને અહર્નિશ તારી ભક્તિ મળો. જીવન એથી જ સફળ છે, મોટા સામ્રાજ્યથી નહિ. માટે પ્રભુ !'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૧૬,તા.૪-૧-૧૯૭૫**

**યાવજ્જીવની મારે પ્રતિજ્ઞા છે કે તારાં દર્શન કર્યા વિના ભોજન ન લઉં.**

બસ, એવા મક્કમ મનથી આ પ્રતિજ્ઞા કરીને હવે એ તૈયારી રાખી કે 'ક્યારે ય આ પ્રભુનાં દર્શન કર્યા વિના ભોજન ન લેવું; ભલે ઉપવાસ થઈ જાય તો વાંધો નહિ.'

વિચારવા જેવું છે કે આ દેવપાલ શેઠનો ચોવીસે કલાકનો પરાધીન નોકર છે, એટલે શેઠ રજા આપે ત્યારે બહાર જવાય, છતાં રોજ દર્શનની પ્રતિજ્ઞા કરે છે. તમારે એવી નોકરી નથી છતાં દર્શનની પ્રતિજ્ઞા છે ? પ્રશ્ન થશે,-

**પ્ર.**- એમ ને એમ રોજ દર્શન કરે, પ્રતિજ્ઞાનું શું કામ છે ?

**ઉ.**- એ આ પ્રતિજ્ઞાથી ભાગવાનું કરાય છે એ મનની ચોરી છે, મનને ભય છે કે 'પ્રતિજ્ઞા હોય તો બંધાયેલા રહેવું પડે; ને પ્રતિજ્ઞા ન હોય તો છુટ્ટા, ક્યારેક દર્શન ન થાય તો વાંધો નહિ, એમાં પ્રતિજ્ઞા ભાંગવાનું તો ન થાય' એટલે દર્શનના ઉમળકા કરતાં પ્રતિજ્ઞા ભાંગી જવાના બહાના હેઠળ પ્રતિજ્ઞા ન હોવાનો ઉમળકો વધારે રહ્યો. નજર દર્શન થાય કે નહિ એના પર વધુ ન રહેતાં પ્રતિજ્ઞા ભાંગે કે નહિ એના પર વધારે રહી.

જો ‘દર્શન કરવા જ’ એના પર ખાસ દૃષ્ટિ હોત તો તો મનને એમ થાત કે ‘પ્રતિજ્ઞા ભાંગે શાની ? દર્શન નહિ થાય તો ઉપવાસ કરીશ **મહાકલ્યાણકારી અને જીવનના આધારભૂત પ્રભુદર્શન ગુમાવું તો એના કાંઈક વળતરમાં ઉપવાસનો લાભ લઉં, એમાં શું ખોટું છે ?**’

જે દિવસે મારા તારણહાર ભગવાન જોવા ન મળે એ દિવસે ભોજન રાક્ષસ ભોજન છે. એ મારે ન જોઈએ. માટે પ્રતિજ્ઞા તો અવશ્ય રાખું તેથી મન દર્શનને બંધાયેલું રહે.’

**અંતરના ભાવ તપાસો : ઓડનું ચોડ ન વેતરાય :-**

અંતરના આપણા ભાવ સમજવા જેવા છે કે કેવા વિચાર કે ધોરણ પાછળ કેવા ભાવ હૈયામાં રમતા હોય છે. જે લોકો દર્શનની પ્રતિજ્ઞા રાખ્યા પછી પણ સવારે ઊઠીને એમ વિચારે છે કે ‘ચાલો દાતણ કરવું છે પણ બાધા છે એટલે દર્શન કરી આવું’ એમના આ વિચાર પાછળ, તપાસો, કેવો ભાવ કામ કરી રહ્યો છે. બાધા છે કે ‘દર્શન વિના દાતણ ન કરું મોંમાં પાણી ય ન નાખું,’ એટલે (૧) એક તો મોટી મદાર દર્શન પર નહિ, પણ બાધા ન ભાંગવા પર રહી, અને (૨) બીજું એ, કે ‘ચાલો દર્શન કરી આવું એટલે પછી દાતણ કરાય,’ એવા ધોરણમાં મુખ્ય વાત દર્શનની માટે ? આત્માના કલ્યાણ માટે નહિ, કિન્તુ દાતણ કરી ખાવાનું ખુલ્લુ કરવા માટે ! કેવું ઓડનું ચોડ વેતરણ !

‘મારે (૧) ભૂતકાળના મહાઉપકારી અને (૨) ભવિષ્યમાં પણ અનંત ઉપકારી થનાર પ્રભુનાં દર્શન વિના તો ચાલે જ નહિ. (૩) અનંત ગુણોના ભંડાર પ્રભુનું દર્શન કરીએ તો ગુણો તરફ દૃષ્ટિ જાય, ને એનો પ્રયત્ન થાય, (૪) જીવનનું ખરેખરુ કર્તવ્ય દેવાધિદેવનાં દર્શન પૂજન આદિ જ છે,’ આવા કોઈ ભાવ ન આવ્યા અને દર્શન ખાવાનું ખુલ્લુ કરવા માટે ઉપયોગી લાગ્યું એ કેવી અજ્ઞાન દશા ! એમ નહિ માનતા કે,

**પ્ર.**- ત્યારે બાધાનો ભાર ન હોય તો તો સહેજે સહેજે દર્શન થાય ને ?

ઉ.- ના, બાધા નહિ એટલે પછી દર્શનનોય ભાર માથે નહિ રહે પછી ક્યારેક મનને એમ થવા સંભવ છે કે ‘આજે મોડું થયું છે; આજે બહુ કામ છે, એટલે દર્શન પછીથી કરી લઈશ.’

**બાધા એટલા માટે તો નથી લેવાતી કે દર્શનનો ભાર માથે ન આવે.**

નિયમ હોય તો માથે ભાર રહે કે મારે સવારે ઊઠીને દર્શન કરવા જ જોઈએ. અલબત દર્શન શા માટે કરવા એનો વિવેક તો દિલમાં રહેવો જ જોઈએ. આ આખો મનુષ્ય અવતાર મળ્યો, અનેક વાતની પુણ્યાઈ મળી, અને તારણહાર



જૈનધર્મ મળ્યો, એ બધો પ્રતાપ પરમાત્મા અરિહંત ભગવાનનો છે. તો આવા અનન્ય ઉપકારીનાં દર્શન તો પહેલાં જ કરવા જોઈએ. એમની પૂજા-ભક્તિ અવશ્ય કરવી જોઈએ નહિતર કૃતઘ્ન બનવાનું થાય.’ આ વિવેક જાગતો હોય પછી એવો વિચાર ન આવે કે મારે દર્શન થઈ જાય એટલે દાતણ થાય. મૂળમાં પ્રભુ મળ્યાનો અનહદ આનંદ જોઈએ.

**દેવપાળની રોજ ભક્તિ ને પ્રાર્થના :-**

દેવપાળને જંગલમાં ભગવાન મળી જવા પર એટલો બધો આનંદ થયો એની અપૂર્વ પ્રાપ્તિ થયાનું લાગ્યું કે એની આગળ દુનિયાની મહાસમૃદ્ધિ ય અસાર લાગી. હજી આગળ જોજો આ એનો ભાવ કસોટીમાં ય કેટલું બધું ઊંચું કામ કરે છે.

દેવપાલ પ્રતિજ્ઞા કરીને ઘરે ગયો, અને હવે રોજ જંગલમાં આવી પ્રભુનાં દર્શન-ભક્તિ કરે છે, ને પ્રભુનો લાખ-લાખ ઉપકાર માને છે કે ‘પ્રભુ ! આ રાંક સેવક પર આપે કેટલી બધી કૃપા કરી, કેટલો અગાધ ઉપકાર કરી રહ્યા છો ! મારા પાપી જીવનમાં આપની ભક્તિ ક્યાંથી હોય ? એ મને મળી મારે તો નવનિધાન અને અષ્ટ મહાસિદ્ધિ મળી ગઈ !’ ચાલ્યું, રોજ પ્રભુનાં દર્શન-ભક્તિ પહેલી પછી જ ભોજનની વાત. જીવનને ધન્ય બનાવી રહ્યો છે.

**વરસાદ અને દેવપાળની કસોટી :-**

એક વાર ચોમાસાના દિવસોમાં વરસાદની હેલી શરૂ થઈ. સવારથી જ મેઘો એવો મંડ્યો કે પાણીના મોટાં વહેણ ચાલુ થઈ ગયા. દેવપાળ સવારથી રાહ જુએ છે કે ક્યારે વરસાદ ધીમો પડે પૂર ઓછાં થાય, ને નદીએ જઈને પ્રભુની ભક્તિ કરું. પણ વરસાદે તો માઝા મૂકી છે, તેથી દિવસ ચડતો ગયો છતાં બહાર નીકળવા જેવી સ્થિતિ નથી. ભોજનના અવસરે એને જમી લેવાનું કહેવામાં આવે છે. પણ એ જમવા તૈયાર નથી. નજર સામે નિયમ તો છે જ કે દર્શન કર્યા વિના ભોજન ન લઉં, પણ વિશેષ તો એના મનને એમ લાગે છે કે ‘અરે ! આ પ્રભુનાં દર્શન અને ભક્તિ વિના મારો દિવસ કેવો વાંઝીયો પસાર થઈ રહ્યો છે ‘ત્યારે શું મારા પ્રભુને ભજ્યા વિના પાપી પેટમાં નાખું ? ના,’

વરસાદે એક દિવસથી કામ ન પતાવ્યું, એ તો બીજે દિવસે, ત્રીજે દિવસે... એમ ચાલુ જ રહ્યો. ચારે કોર જળબંબાકાર છે. પાણી એટલા બધા ઊંચા ચડેલા છે કે એમાં થઈને જઈ શકાય એવું જ નથી. ને દેવપાળને ઉપવાસ પર ઉપવાસ થયે જાય છે આમ તપનો કશો અભ્યાસી નહિ હોય, છતાં,

**મનમાં ભગવાનનાં દર્શનની એટલી બધી તમન્ના છે કે એની આગળ ભૂખ અને શારીરિક અશક્તિ વિસાતમાં નથી લાગતી.**

'પરંતુ આમ તો કોણ જાણે કેટલાય દિવસ વરસે જાય ! ને એમાં ભૂખ્યા ભૂખ્યા મરી જવું પડે તો ?' એવો કશો એને ભય નથી. મનને કદાચ એવો વિચાર આવે તો ઝટ સમાધાન છે કે મરવાનું આવશે તો શાના માટે ? 'દર્શન ન થાય ત્યાં સુધી ભોજન ન લઉં' એ ટેક પર મોત ને ? ફિકર નહિ, એવી ટેકમાં મૃત્યુ એ તો ધન્ય મૃત્યુ છે. આત્માનાં એવાં અહોભાગ્ય ક્યાંથી કે ધર્મ ખાતર મોત મળે ! ધર્મની ભાવનામાં મૃત્યુ મળે !'

દેવપાળને ૭-૭ દિવસ થયા, વરસાદની હેલી એવી ચાલુ છે કે બહાર નીકળી શકાતું જ નથી. અને એના દિલમાં ભોજન ન મળ્યાનો નહિ પરંતુ ભગવાન ભેટવાનાં ન મળ્યાનો ભારે અફસોસ છે દર્શન વિના દિલ તરફડી રહ્યું છે. એમાં સાત દિવસના અંતે વરસાદ બંધ પડ્યો, પાણીનાં ઊંચા પૂર ઓસરી ગયા, ને આઠમે દિવસે ઉઘાડ થતાં એ તરત ઊપડ્યો જંગલમાં. ત્યાં જઈ પ્રભુનું દર્શન કરતાં શરીરે રોમાંચ ખડા થઈ જાય છે. આંખમાં પાણી ઉભરાઈ આવે છે અને પ્રભુને ગદ્‌ગદ સ્વરે પ્રાર્થના કરે છે,-

**૭ દિન બાદ દર્શન મળતાં પ્રાર્થના :-**

'હે નાથ ! મેં સાત સાત દિવસ સુધી આપના દર્શન ન કર્યાં, હું આપનો અપરાધી છું. પ્રભુ ! દર્શન વિના મને ભોજન કરવું ય ગમતું નથી, અને સવારથી દર્શન વિના તો મારે એકેક ક્ષણ દિવસ જેવી ગઈ છે, મારા દિન-રાત વાંઝિયા ગયા ! કેવા અહોભાગ્યે મને આપ મળ્યા, છતાં આપનાં દર્શન વિના મારા જે દિવસો ગોઝારા પસાર થયા, એ મને બહુ સાલે છે. દુર્ગતિઓમાં તો પ્રભુ ! તારું દર્શન જ ક્યાં સુલભ હતું ? તું જ ક્યાં મળે એમ હતો ? અહીં તું મળી ગયો, પછી મારે તારું દર્શન નહિ ? ભક્તિ નહિ ? નાથ ! મારા અપરાધની ક્ષમા કરજે. મારી પ્રાર્થના છે કે પ્રભુ ! મને રોજ તારાં દર્શન મળો, ને દર્શનથી મારા ક્લિષ્ટ કર્મ નાશ પામો.'

બસ, પછી નહાઈ ધોઈ પ્રભુની પ્રક્ષાલ અને ફૂલથી ભક્તિ કરે છે, ને હૈયું ને આંખ પ્રભુભક્તિમાં નાચી ઊઠે છે, વાણી સ્તુતિમાં ઊછળે છે,-

**'હે જગતના નાથ ! તારા વિના કોણ રક્ષણહાર ને તારણહાર છે ! તને, પામીને તારાં દર્શન તારી ભક્તિ ન કરે એના જેવો હીનભાગી બીજો કોણ ?'**

**દેવીનું દર્શન :-**

'પ્રભુ ! પ્રભુ ! મારે તો તું મળ્યાથી ને તારાં દર્શન ભક્તિ મળ્યાથી જીવન ધન્ય બની રહ્યું મારે કશી કમીના નથી. તારો કેટલો બધો ઉપકાર !'

આ સ્તુતિ કરવામાં જ્યાં ૭-૭ દિવસની ભૂખ ભૂલી એકાકાર થઈ ગયો છે,



ત્યાં એ જ ઋષભદેવ ભગવાનની અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી દેવી પ્રગટ થઈ દેવપાલને દર્શન દે છે, પણ દેવપાળને વીતરાગ ભગવાન એટલા બધા ઉચ્ચ કોટિના લાગ્યા છે કે એ મૂકીને દેવીને જોવામાં આંખ જ લાગતી નથી, પછી હરખાઈ ઊઠવાની વાત જ ક્યાં કે 'હેં ! સાક્ષાત્ દેવી મને દર્શન દે છે ! વાહ ! ધન્યભાગ્ય મારા !' ના, આ ઉમળકો જ નથી.

**દેવ-દેવાધિદેવનું અંતર :-**

એ સમજે છે કે (૧-૨) જગતના મોટા દેવી કે દેવ જે રંગરાગમાં પડેલા છે, જેમના માથે મરણનો ભય છે, એ ક્યાં, ને દેવાધિદેવ કે જે વીતરાગ છે, જેમને મરણનો ભય નથી પણ અજર-અમર બની ગયા છે, એ ક્યાં ? (૩) દેવ-દેવીનો જગત પર કેવો ને કેટલો ઉપકાર ? ને દેવાધિદેવનો કેવો ને કેટલો ઉપકાર ? (૪) દેવ-દેવી મળ્યાથી આપણા આત્માનું શું દળદર ફિટે ? ત્યારે દેવાધિદેવ મળ્યે આત્માની જન્મ-મરણ સુધીની કેવી મહાપીડાઓ નામ શેષ થઈ જાય ! બસ, મારે પ્રભુને પડતા મૂકી દેવીમાં શું જોવાનું હતું ? દેવપાળ આંખ મીંચીને પ્રભુના ધ્યાનમાં પરોવાઈ ગયો છે.

**આંખ મીંચીને દર્શનમાં લયલીનતા :-**

કેમ આંખ મીંચી ! એટલા માટે કે મન ગમે તેટલુ પરમાત્મામાં જોડ્યું હોય, પરંતુ ઉઘાડી આંખ તો સામેની વસ્તુનો ફોટો પકડે છે, એટલે ભગવાનની સાથે સામેનું બીજું ય ન જોવું હોય છતાં, જોવાઈ જાય છે. આંખ મીંચી એટલે એના ફોટા બંધ, બધી એક માત્ર ભગવાનને મનની સામે લાવીને મસ્તીથી એકલા પ્રભુનાં જ દર્શન થાય, ને મન એમનામાં જ ને એમની સ્તુતિ-ભક્તિ અને ગુણસ્મરણમાં જ લગાવી શકાય, એમનાં જ ધ્યાનમાં તરબોળ કરી શકાય.

**દર્શન કેવી રીતે કરવા ? :-**

દેરાસર દર્શન કરવા જાઓ છો ને ? આ અખતરો કરવા જેવો છે. પ્રભુનું એકવાર ધારીને દર્શન કર્યા પછી આંખ મીંચી લઈ મનની સામે એ જ પ્રભુ લાવવા. ઉઘાડી આંખે દેખવામાં પ્રભુની સાથે પાછળની દિવાલ, ને આજુબાજુનું બીજું ય દેખાશે, પણ બંધ આંખે મનની સામે જેટલું જોવું હોય એટલું જ દેખવાનું. એ હિસાબે માત્ર પ્રભુને જોવા છે એટલે પ્રભુ જ દેખાશે. એમાં કદાચ પ્રભુની મુખાકૃતિ બરાબર ધારણામાં ન આવે, તો આંખ ખોલી પ્રભુને જોતાં એ ધારી લેવાની. પછી આંખો મીંચીને મનની સામે પ્રભુ જોવાના.

**મીંચી આંખે પ્રભુ જોવાના લાભ :-**

ભગવાનને આ રીતે આંખ મીંચીને મનની સામે જોવાનો લાભ એ કે એમાં

એકલા પ્રભુ જ દેખાય છે એટલે,

(૧) પ્રભુનું જીવન અને પ્રભુના ગુણો મસ્તીથી વિચારી શકીએ.

(૨) પ્રભુની વીતરાગ અવસ્થા ચિંતવી શકીએ કે 'પ્રભુને ઈન્દ્રોનાં સન્માન વગેરે ઐશ્વર્ય છતાં કોઈ જ રાગ નથી, મદ નથી, એની કશી ગણતરી જ નથી. પ્રભુ જગતના સુખ-દુઃખના પ્રસંગો કે પદાર્થો પ્રત્યે તદ્દન અલિપ્ત છે...' એમ પ્રભુની આંખમાં ઉદાસીન નિર્વિકાર વીતરાગ દશા જોઈ શકાય. વળી,

(૩) આપણું મન પણ પ્રભુમાં સારું એકાગ્ર તન્મય સ્થિર બની શકે, પ્રભુનું ધ્યાન લાગી શકે. એમ,

(૪) પ્રભુ સાથે વાત કરી શકાય.

આંખ મીંચીને પ્રભુને એકલા જોવામાં આ લાભો છે.

દેવપાળ મોટી ચક્રેશ્વરી દેવીને પણ ન જોતાં આંખ મીંચીને પ્રભુનાં ધ્યાનમાં પરોવાઈ ગયો છે. દેવી દેવપાળની આ જિનભક્તિ જોઈને અત્યંત તુષ્ટમાન થઈ ગઈ છે, એ કહે છે,-

**દેવીનું વરદાન :-**

'હે દેવપાળ ! હું આ ઋષભદેવ ભગવાનની અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી દેવી છું, ને ભગવાન પ્રત્યેની તારી ભક્તિ જોઈ અત્યંત પ્રસન્ન થઈ છું. તું તને ગમે તે માગી લે બોલ શું જોઈએ તારે ? આ લોકના કોઈ પણ સુખ આપવા હું સમર્થ છું તો એ માગ માગ તે આપું.'

દેવપાળની સામે આ મોટી લાલચ આવી છે પોતે કાંઈ દેવીની સાધના કરીને એને બોલાવી નથી, પણ દેવી જાતે આવી હાજર થઈ છે, અને દેવપાળે એની પાસે કશું ન માગવા છતાં પોતે જ એ વરદાન આપી રહી છે. છતાં દેવપાળને, જુઓ, દુન્યવી સુખસમૃદ્ધિની કેવી નિસ્પૃહતા છે, એ કહે છે,-

**દેવપાળ એકલી ભક્તિ માગે છે :-**

'હે પ્રભુની અધિષ્ઠાયિકા ભક્ત દેવી ! મારે પ્રભુની ઉપર અખંડ અનુપમ ભક્તિ હો, એટલું માગું છું. બીજી કોઈ વસ્તુની મને સ્પૃહા નથી. તું મને આટલું કરી દે તો મારે તારાં દર્શન સફળ થયાં.'

દેવી કહે છે 'હે મહાભાગ ! એ તો છે જ. પણ બીજું કાંઈ માગી લે. દેવતાના દર્શન નિષ્ફળ ન હોય.' હું મારી ખુશીથી તને તારું ઈચ્છિત આપવા સામેથી આવી છું. એ તારું ઈચ્છિત કહેવામાં તારે કોઈ દીન માગણિયા બનવાનું નથી. હું પૂછું છું ને તારે કહેવાનું છે; બોલ, તારું આ લોકનું શું પ્રિય કરું ?'

**દેવપાળની કેમ નિસ્પૃહા ? :-**



દેવીનો આટ આટલો આગ્રહ છતાં દેવપાળને આ દુનિયાની કોઈ ચીજ માગી લેવા તરફ મન જ જતું નથી. પોતે એક નોકરપણાની સ્થિતિમાં છે. દેવી પાસે એવું કાંક માગે તો દેવી એને એના શેઠનોય શેઠ બનાવી શકે એમ છે. પંરતુ દેવપાળને એવી કશી સ્પૃહા જ નથી. એને મન તો પ્રભુની ભક્તિ મળી છે એમાં દુન્યવી બધી સમૃદ્ધિ ને ઠકરાઈ સમાઈ ગયેલી દેખાય છે. એને મન મોટા દેવ પાસેથી ય માગવા જેવી વસ્તુ લાગતી હોય તો તે પ્રભુભક્તિ જ લાગે છે એટલે એ કહે છે,-

**દેવપાળની દેવીને દલીલ :-**

'હે શાસન પ્રભાવિકા ! બીજું કાંઈ માગવાનું તું મને શું કહી રહી છે ? ભગવાનની ભક્તિ આગળ ત્રણ ભુવનનું સામ્રાજ્ય પણ કશી વિસાતમાં નથી; કેમ કે એ બધુ આત્માનું કશું સુધારી શકતું નથી. ત્યારે ભગવાનની ભક્તિ જ આત્માનું સુધારી શકે છે, મોટી જગતની ઠકરાઈ કોઈ આપણને ભગવાન ન બનાવી શકે. ત્યારે ભગવાનની ભક્તિ આપણને ભગવાન બનાવી શકે છે, મોક્ષ અપાવી શકે છે. એટલે ભગવાનની ભક્તિ આગળ ત્રણલોકનું સામ્રાજ્ય પણ શી વિસાતમાં છે ? તો શ્રેષ્ઠ એવી ભગવાનની ભક્તિના બદલામાં બીજું શું માગવાનું હોય ? રત્નના બદલામાં કાચ કોણ માગે ? કોઈ મૂર્ખ પણ ઐરાવણ હાથીને વેચી ગધેડો ખરીદવા ન જાય.'

'હે પ્રભુની ભકતા દેવી ! મારે મન તીર્થંકર ભગવાનની ભક્તિની આગળ દેવતાઈ વિમાનની ઠકરાઈ પણ યત્કિંચિત્ છે, તુચ્છ છે. ભગવદ્ભક્તિ જ મને ગમે છે, ને એ મળ્યા પર બીજું કાંઈ મેળવવા જેવું મને લાગતું જ નથી.'

સાત દિવસ માટે વરસાદની હેલીથી લાચાર બનીને પ્રભુનાં દર્શનભક્તિ વિનાના ગયા, એનો મને ભારે ખેદ ભારે અશાંતિ હતી એ વખતે કોઈએ મને રત્નોના ઢગલા કે સમ્રાટ રાજાપણું આપી દીધું હોત તો ય એ મારો ખેદ મટે એવો નહોતો, મને કશી શાંતિ આપી શકે એમ નહોતું. પ્રભુભક્તિ વિનાનાં કેવા એ મારા ગોઝારા દિવસ પસાર થયા ! તું વરદાન કરી શકતી હોય તો આ કર કે મારે ભવિષ્યમાં કયારે ય ભગવાનની ભક્તિમાં કશો અંતરાય ન આવે.'

**તીર્થંકર શા માટે બનવાનું ? :-**

જો જો દેવપાળની પ્રભુભક્તિ અંગેની મનોવૃત્તિ. વીસસ્થાનકની આરાધના કરી તીર્થંકર બનવાનું સૌભાગ્ય જોઈએ છે ને ? 'તે તીર્થંકરની સમૃદ્ધિ-ઐશ્વર્ય ભોગવવા માટે નહિ, પરંતુ જગતના કર્મપીડિત જીવોનો ઉદ્ધાર થઈ શકે એ માટે. જાતે જાતનો ઉદ્ધાર થાય, પણ જગતના બીજા જીવોનો ઉદ્ધાર કરી શકાય તો એ

બિચારા પણ મોક્ષ પામી સુખી થાય. આ ભાવનાથી તીર્થંકર બનવાનું મન થાય, અને એ માટે વીસસ્થાનકની આરાધના થાય, એમાં કશું ખોટું નથી.'

**અરિહંત પદની આરાધનામાં શું આવે ? :-**

પરંતુ આરાધના કોને કહેવાય ? ને એમાં શું શું કરવું જોઈએ ? એ સમજી લેવા જેવું છે, પ્રથમ પદ 'અરિહંત'પદની આરાધના કરવી છે. તો આ દેવપાળના દિલમાં રહેલી જિનભક્તિ જેવી જિનભક્તિ દિલમાં લાવવા જેવી છે. એને મન ભક્તિનું જે મહત્ત્વ છે,- કેવું મહત્ત્વ ? એની આગળ ત્રણ ભુવનનું સામ્રાજ્ય પણ વિસાતમાં ન લાગે, ને મોટી દેવી ભક્તિના બદલામાં એ માગવા કહે તો ય જીવડો લલચાય નહિ, એવું મહત્ત્વ,- એ મનને રહેવું જોઈએ, એ જ દિલમાં વસાવવું જોઈએ.

મનને ભગવદ્ભક્તિનું જો આ મહત્ત્વ લાગે, તો પછી એ ભક્તિ માટે કેટકેટલો તલસાટ હોય ને કેવો તન-મન-ધનનો ભોગ આપીને ભક્તિ થાય ?

**પ્રભુભક્તિમાં કંગાળ :-** જાત અને કુટુંબનાં કટોરાં દૂધ ભરીને પીવાય છે, પણ પ્રભુના પ્રક્ષાલમાં કેમ નથી લઈ જવાતું ? અથવા લઈ જવાય છે તો કેમ દદૂડી મૂતરાવાય છે ? જાતે ઊજળા બાફ મુલાયમ કપડાં, અને ભગવાનનાં અંગ લૂછણાં જાડા બરછટ ઝાંખા શ્યામ જેવા પડી ગયેલાં વાપરતાં કેમ સંકોચ નથી થતો ? ભગવાનને એક વરખનું પાનિયું ય કયાં ચડાવાય છે ? કેમ નહિ ? ભક્તિમાં કેમ કંગાળ ? કહો, ભગવદ્ ભક્તિનું એવું મહત્ત્વ નથી લાગતું. પછી અરિહંત પદના ૨૦ ઉપવાસ કરી આપીને તીર્થંકરપણાનું પુણ્ય જોઈએ છે ?

**અહીંયાં જે ઉત્તમ દિલ મળ્યું છે એ શા માટે મળ્યુ છે ? એમાં શું વસાવવા મળ્યું છે ?**

**દિલમાં સામ્રાજ્યનો રાગ નહિ એવી ભક્તિ :-**

ભૂલતા નહિ, દેવપાળને આપણા જેવો જ મનુષ્ય ભવ એ આપણા જેવું જ હૃદય મળેલું. પુણ્યાઈ તો આપણા કરતાં ય ઓછી છતાં એ હૃદયમાં એણે શુંવસાવ્યું ? ભગવાનની ભક્તિ વસાવી. તે પણ કેવી વસાવી ? એવી કે એ દિલમાં ત્રિભુવનના સામ્રાજ્યનો પણ રાગ ન ઊભો રહે એવી, દુન્યવી કોઈ સુખ-સમૃદ્ધિનું આકર્ષણ ન ઊભું રહે એવી ભક્તિ દિલમાં વસાવી. રોટલો શેઠની ગુલામી કરીને ખાવો પડતો હતો, છતાં વગર ગુલામીના રોટલા જેવાનું ય આકર્ષણ નહિ. દિલને એક જ વાત કે 'પ્રભુભક્તિ છે તો મોટું સામ્રાજ્ય પણ છે, કશી વાતની ખોટ જ નથી.'

દેવપાળને જે માનવહૃદય મળેલું, એવું જ આપણને મળ્યું છતાં એમાં શું શું વસાવ્યું છે ? કહો ને, પ્રભુ ભક્તિને બાદ કરીને બીજું બધું ! દિલમાં કેટકેટલી



વાતનાં આકર્ષણ છે ? તે ય કેવા તુચ્છ પદાર્થોનાં આકર્ષણ ?

**તુચ્છ પદાર્થોનાં આકર્ષણ હોય, એ દિલમાં પ્રભુભક્તિનું શું મહત્ત્વ લાગે ?**

**તો શું આ માનવદિલમાં જગતના નાશવંત તુચ્છ પદાર્થો વસાવવા જેવા છે ? અવિનાશી પ્રભુભક્તિ નહિ ?**

ખબર છે ને કે જીવન તો પાણીના રેલાની જેમ ચાલ્યું છે, તે એક દિવસ સમાપ્ત થઈ જવાનું છે. પછી આવું દિલ કયાં મળશે ? સૂઝ કયાં મળશે ? ને દિલમાં કચરા ને ભૂંસા ઘાલ્યા તે પરલોકે એના સંસ્કાર સાથે ચાલીને કેવી ખતરનાક સ્થિતિ સરજશે ?

**મરીચિએ દિલમાં શું ઘાલી કેવું પતન વહોર્યું ? :-**

મરીચિએ છેલ્લે છેલ્લે કપિલને ચેલો કરવા માટે દિલમાં આ ઘાલ્યું કે 'અહીં પરિવ્રાજક વેશમાં પણ ધર્મ છે,' તો એને એ પરભવે કેવું નડ્યું ? ભવે ભવે પરિવ્રાજક ત્રિદંડિકનો અવતાર. ત્યાં જૈનધર્મનું મોઢું દેખવાનું મળવાની સ્થિતિ કયાં છે ? મિથ્યાધર્મને થોડું પણ મહત્ત્વ આપ્યું તો જૈનધર્મને અનન્ય મહત્ત્વ આપવાનું ઓછું થયું. એની આ સજા કરતાં કર્મસત્તા જાણે કહે છે કે, 'મિથ્યાધર્મને તારે ખોટું મહત્ત્વ આપવું છે ને ? લે ત્યારે હવે જન્મ-જન્મ એ જ પામ. જૈનધર્મ હવે તારા માટે નહિ.'

દિલમાં ભગવાન, ભગવાનની ભક્તિ અને ભગવાનના ધર્મને મહત્ત્વ ઓછું આપી મિથ્યાધર્મને યા જગતની ચીજવસ્તુ સંપત્તિ-સન્માન-બળ-પરાક્રમ વગેરેને મહત્ત્વ આપવાનું કરાય, એ દિલમાં કચરો ઘાલ્યો ગણાય, અને એનું ફળ મહા દુ:ખદ !

**આર્દ્રકુમારે પૂર્વે દિલમાં જે ઘાલ્યું એનું ફળ :-**

આર્દ્રકુમારના જીવે પૂર્વભવમાં ચારિત્ર લીધા પછી એક અવસરે પત્ની સાધ્વીને જોતાં એને દિલમાં ઘાલી, તો એ ચારિત્રને મહત્ત્વ ઓછું આપવાનું થયું; તેનો દંડ કેવો ભારે ભોગવવો પડ્યો ? કે આર્દ્રકુમારના ભવમાં પહેલું તો ધર્મવિહોણા અનાર્ય દેશમાં જન્મ મળ્યો ! બીજું નુકસાન એ થયું કે અભયકુમારે મોકલેલી જિનમૂર્તિ પર ઊહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામી વૈરાગ્ય પામેલા અને અનાર્યદેશમાંથી છૂપી રીતે ભાગી અહીં આવી ચારિત્ર પામેલા, છતાં એ જ પૂર્વની પત્ની અહીં શ્રેષ્ઠિ કન્યા તરીકે આવી મળતાં એના મોહમાં ફસી ચારિત્રથી ભ્રષ્ટ થઈ એની સાથે લગન કરીને ઘર માંડી બેઠા ! મહાન વૈરાગીની આ દશા ? હા; પૂર્વે ચારિત્રને મહત્ત્વ ઓછું આપી રાગને-સ્ત્રીને મહત્ત્વ આપ્યું હતું, માટે કર્મસત્તા યાને એના સંસ્કાર આ સજા કરે છે કે,

**'તમે પૂર્વે ચારિત્રનું મહત્ત્વ ઘટાડ્યું છે માટે હવે અહીં પણ એનું પુનરાવર્તન કરી ભ્રષ્ટ થાઓ.'**

અને પૂર્વે સ્ત્રીના રાગને મહત્ત્વ આપ્યું છે તો અહીં સ્ત્રી-રાગમાં ફસાઓ.

વિચારવા જેવું છે કે દિલમાં ભગવાન અને ભગવાનના ધર્મનું મહત્ત્વ ઘટાડી જગતની વસ્તુને મહત્ત્વ આપવા જતા કેવું દુઃખદ પરિણામ આવે છે ! જોજો જીવનમાં આવું આવું નથી બની રહ્યું ને ?

કહે છે, 'આવું તો ડગલે ને પગલે બની રહ્યું દેખાય છે,'

તો પછી જીવનના અંતિમ કાળે પણ શું સૂઝવાનું ? અંતે પણ દિલમાં શાનું મહત્ત્વ વ્યાપેલું હશે ? જીવનભર બીજી વાતોને મહત્ત્વ આપ્યા કર્યા પછી અંતિમ સમયે દિલને એ વાતોનું મહત્ત્વ નહિ રહે એમ લાગે છે ?

**જીવન કેવું જીવાઈ રહ્યું છે ?**

દા.ત. જીવન જીવતાં બહુ નાની નાની બાબતને મહત્ત્વ આપી એ બગાડવા પર દિલમાં ઉકળાટ કર્યો હોય, સામા પર ગુસ્સો કર્યો હોય, 'આ સાવરણી અહીનીં ત્યાં કેમ મૂકી ?' 'પાણી લાવવાનું કહ્યું તે સાંભળ્યું કેમ નહિ ?' '...આવી આવી તુચ્છ બાબત પર ઉકળાટ, ગુસ્સો, ને ગમે તેવા હલકા શબ્દ બોલવાનું કર્યું હોય, પછી અંતકાળે શું એવી નાનકડી બાબતને દિલમાં મહત્ત્વ આપી ઉકળાટ-ગુસ્સો કરવાનું નહિ થાય ?'

અરે ! રાખ ને ધૂળ જેવી બાબતોને મહત્ત્વ આપી આપી એના પર બહુ વિચારો કર્યા હોય, સારું લાગ્યું તો ખુશી ખુશી થયા હોઈએ, અને નરસું લાગ્યું તો હૈયું બાળ્યા કર્યું હોય, તો એ બધાનો પડઘો કોઈ બિમારી વખતે ને જીવનના અંતિમ સમય પર એવો પડે છે કે ભૂતાવળ નજર સામે આવ્યા કરે છે, પરલોક સુધારનારી બાબતની સામે એવી એવી રાખ ને ધૂળ જેવી બાબતો મન પર આવી જઈ જીવ એની ગડમથલમાં અટવાય છે, એના વિચારોમાં ચડી જાય છે, પછી ત્યાં દિલમાં પ્રભુ અને પ્રભુનો ઉપદેશ તથા ભક્તિ એક સરખી કયાંથી ચાલે ? નવકાર પણ અખંડ ધારાએ શી રીતે ચાલે ?

**બાહ્યના વર્તાવમાં દિલ સાબૂત : મહત્ત્વ પ્રભુનું :-**

વાત આ છે કે આ ઉચ્ચ જન્મ ઉચ્ચ દિલ અને ઉચ્ચ ધર્મ મળ્યો છે તો દિલમાં ધર્મનું જ મહત્ત્વ એવું સ્થાપી દેવું જોઈએ કે બાહ્યથી ગમે તે ચાલતું હોય, ગમે તે વર્તી લેવું પડતું હોય, પરંતુ કલેજું ઠેકાણે હોય, દિલ અંદરથી કહે કે 'આ



બધી બાબતો આયા-ગયા જેવી છે, પરલોક સુધારનારી નથી, બરફી-પેંડા ખાવા મળ્યા તેથી કાંઈ સદ્‌ગતિ નક્કી નથી થતી, અને સુકા રોટલા મળવા પર દુર્ગતિ સરજાવાનો નિયમ નથી, તો આ અને બીજી બાહ્યની બાબતો જ્યારે પરલોક સુધારનારી નથી, તો મારે એ નભાવી લેવી પડે, પણ એનું હું કશું મહત્ત્વ ન આંકું. મહત્ત્વ તો મારે પ્રભુનું, પ્રભુની ભક્તિનું પ્રભુના ધર્મનું. એ મને મળ્યું છે. તો મારે એની આગળ મોટું સામ્રાજ્ય કે સમૃદ્ધિ વિસાતમાં નથી.' આમ દિલમાં વારે વારે આનું મહત્ત્વ લાવવું જોઈએ.

**મહત્ત્વ દિલમાં વારે વારે લાવવાનું એટલા માટે કે એના સંસ્કાર જામતા જાય, એ અવસરે આપણને બચાવી લે. તુચ્છની ગડમથલમાં અટવાઈ જતાં અટકાવે.**

**દેવપાલ દેવીમાં કેમ ન લલચાયો ? :-**

દેવપાલ આ કરી રહ્યો હતો. જંગલમાં પ્રભુ મળ્યા પછી દિલમાં વારે વારે પ્રભુનું અને પ્રભુભક્તિનું જ મહત્ત્વ લાવ્યા કરતો. 'આ કેવી મને અમૂલ્ય પ્રાપ્તિ ! કેવો પ્રભુભક્તિ મળ્યાનો સુવર્ણ અવસર !' એમ એને વારંવાર થયા કરતું. તેથી સાત સાત દિવસ ભૂખ્યા રહેવું પડ્યું એમાં પ્રભુના દર્શન-ભક્તિની જ ઝંખના કર્યા કરી. અને આઠમે દિવસે પ્રભુદર્શન પામ્યો ત્યારે પ્રભુભક્તિમાં અને પ્રાર્થનામાં ગુલતાન થઈ ગયો, દેવી ઇંચ્છિત આપવા તૈયારી બતાવે છે, છતાં જરાય એમાં લલચાયો નહિ.

દિલમાં પ્રભુભક્તિનું જ મહત્ત્વ હતું, પણ ખાવા-પીવા વગેરેનું નહિ, તેથી એને એમ ન થયું કે 'ક્યાં મેં દર્શનની પ્રતિજ્ઞા કરી કે વરસાદની હેલીમાં ભૂખ્યા રહેવું પડ્યું !' આવો કોઈ જ અફસોસ નહિ. અફસોસ એક જ કે 'આવા તરણતારણ પ્રભુ મળ્યા છતાં હું દર્શનથી વંચિત રહું છું ?' સાત દિવસ બાદ દર્શન મળે છે તો પ્રભુની આગળ જાતને અપરાધી ગણી અપરાધની ક્ષમા માગે છે કે 'પ્રભુ ! સાત દિવસ મેં આપના દર્શન ભક્તિ ન કરવાનો અપરાધ કર્યો એની મને ક્ષમા આપજો.'

જીવનમાં કાંઈ નક્કર સાધી લેવું છે ? તો આ કરો, -દિલને પ્રભુ અને પ્રભુભક્તિ મળ્યાનું વારે વારે એટલું બધું મહત્ત્વ લાગે કે પછી એની સામે જગતની કોઈ બાબત મહત્ત્વની ન લાગવાથી એના અંગે એવા રાગ-દ્વેષ, હરખ-ઉદ્વેગ તથા ક્રોધ લોભાદિ, કષાયો ન સળગે.

જીવ કેમ બાહ્યની બહુ ગડમથલમાં પડી જાય છે ? કેમ દિલ એના વિચારોથી ભરાઈ જાય છે ? કારણ આ જ, કે પ્રભુ અને પ્રભુભક્તિને દિલમાં વારે વારે મહત્ત્વ ને બદલે એ તુચ્છ બાહ્ય બાબતોને મહત્ત્વ અપાય છે માટે ત્યાં આ વિચારવું જોઈએ કે,-

**આ જિનશાસન સાથેનાં ઊંચા જન્મમાં બાહ્યને મહત્ત્વ દેવાની અનાદિની લત નહિ છોડું, અને અરિહંત પ્રભુ તથા એમની ભક્તિ અને એમના ધર્મને મહત્ત્વ નહિ દઉં, તો અંતકાળે અને પરલોકમાં શું પામીશ ? ને પછી કયા ભવમાં આ કામ કરીશ ?**

બાહ્યને મહત્ત્વ દેવાનાં અને એની પાછળ રાગાદિ કષાયોમાં પડવાનાં કેવાં ભયંકર પરિણામ ? આ વિચાર જોઈએ.

સ્થૂલભદ્રને રાજા મંત્રીપદ આપવા તૈયાર થાય છે ત્યારે પહેલાં તો એમને એ વિચાર આવ્યો કે 'જો મંત્રીપદને મહત્ત્વ દઉં તો કોશા સાથે જે ચોવીસે કલાકની નિરાંતથી રંગવિલાસ થઈ શકે છે તે ઊડી જાય' પણ પછી તરત એ વિચાર આવ્યો કે,

**'એમ તો ત્યારે જો કોશાના રંગવિલાસને મહત્ત્વ દઉં છું, તો પરલોક સાધના ઊડી જાય છે ?'**

કયાંથી કયાં મન ઊપડ્યું ?

જુઓ, રાજાએ સામેથી ધરેલું મંત્રિપદ ધર્યું છે છતાં સ્થૂલભદ્રે કેમ ન સ્વીકાર્યું ? અને ઉપરથી બાર બાર વરસની પરિચિત પ્રાણપ્યારી અતિ પ્રેમાળ કોશા વેશ્યાનો ય સંગ કેમ છોડ્યો ? એટલા જ માટે કે એમણે જોયું કે,-

**સ્થૂલભદ્રની વૈરાગ્ય દૃષ્ટિ :-**

'આ મંત્રીપદું અને આ કોશા વેશ્યાને આ ઉચ્ચ જન્મમાં મહત્ત્વ આપ્યા કરીશ, તો અરિહંત ભગવાનની સેવા ને ક્યારે કયા જન્મમાં મહત્ત્વ આપવાનો ? પેલા તો ઇન્દ્રિયોના પોષનારા, એને મહત્ત્વ આપવાનું ? પછી આત્માનો ઉદ્ધાર કરનાર ઉચ્ચ અર્હદ્‌ભક્તિરૂપ ચારિત્રને કયારે મહત્ત્વ આપવાનું ?'

મંત્રીપદ દુનિયાની દૃષ્ટિએ ગમે તેટલું માનવંતું અને સમૃદ્ધિ આપનારું, પરંતુ આ જન્મમાં જ ને ? પછીના જન્મ માટે શું ? કોશા ગમે તેટલી પ્રેમાળ અને સુખદાયી, છતાં તે કયાં સુધી સગી ? બહુ બહુ તો આ જન્મના અંત સુધી; પણ પછી શું એ બેમાં ભળ્યા રહ્યે ભગવાનની ભક્તિ કયાં થાય ?

**અહીં મળેલા કિંમતી મન-વચન-કાયા તુચ્છ સુખસાધનામાં જ રોકાઈ જવાથી ભગવાનની આરાધનામાં કયાંથી વપરાય ?**

સ્થૂલભદ્ર વિચારે છે કે,-

'આ જન્મમાં ય મંત્રીપદ અને કોશા તો મારા પુણ્યના જ આધાર પર નભનારા; તે પુણ્યનો શો ભરોસો કે કાયમ આવું જ ચાલ્યા કરશે ? પિતાજીને પુણ્ય દુબળું પડ્યું તો રાજા વાંકો થઈ બેઠો. પુણ્યની ખબર નથી કે એ કેટલું પહોંચે



છે. એવા અજ્ઞાત પુણ્યના આધારે અહીં જોખમ ખેડવું ? એના કરતાં શ્રેષ્ઠ ભગવદ્‌ભક્તિરૂપ ચારિત્ર તો આપણા પુરુષાર્થ પર નભનારું તો એનો જ આધાર કાં ન રાખવો ? એના જ આધારે કાં ન ચાલું ? પુરુષાર્થ તો મારા હાથની વાત; એ તો ધારું એટલો વિકસાવીને ચલાવી શકું ? જગતની ચીજ અને ભગવદ્‌ભક્તિમાં આટલો મોટો ફરક છે.'

**દુન્યવી ચીજ પુણ્યને આધીન છે, પ્રભુભક્તિ પુરુષાર્થને આધીન છે. પુણ્યને આધીન એટલે ઓશિયાળા નિર્બળ બનાવનાર, અને પુરુષાર્થને આધીન એટલે સમર્થ સ્વતંત્ર બનાવનાર;**

સારાંશ, હવે રાજાએ આ તક આપી છે તો મૂક બધું પડતું, અને ભગવાનનું શરણ જ પકડી લેવા દે.

બસ, સ્થૂલભદ્રે મહત્ત્વ ભગવાનને શરણને આપ્યું ત્યાં દિલને હવે માનવંતુ મંત્રિપણું કે રૂપાળી વેશ્યાનું કશું મહત્ત્વ ન રહ્યું, યાવત્ સંસાર આખાનું કશું મહત્ત્વ રહ્યું નહિ; એટલે ત્યાં ને ત્યાં સાધુપણું લઈ લીધું, અને રાજાને ના પાડીને ગુરુ પાસે ઊપડી ગયા. વિધિપૂર્વક ગુરુના ચરણે શિષ્ય બની બેસી ગયા.

ત્યાંય સ્થૂલભદ્ર મુનિ બનેલા હવે પુરુષાર્થને ઓર વિકસાવે છે, પણ શાના આધાર પર ? આળસ-પ્રમાદ-વાતો-ટહેલટપ્પોને નહિ, પણ ભગવાન અને ભગવાનના માર્ગને જ મહત્ત્વ આપવા પર તે જ્ઞાનધ્યાનમાં જબરા લાગી ગયા, એવા કે બીજી કોઈ લેશ્યા જ નહિ. બહારના કશામાં ચિત્ત જ નહિ લઈ જવાનું. અંતરમાં એ બાહ્યનું મહત્ત્વ લાગે તો ચિત્ત એમાં જાય ને ? ના, મહત્ત્વનો વિષય જ બદલી નાખ્યો છે. મહત્ત્વ હવે ભગવાનના માર્ગને આપ્યું છે એટલે ભગવાનના શાસ્ત્રના પારાયણમાં જ ચિત્ત તન્મય થઈ ગયું છે.

**ચિત્ત બીજામાં શાથી જાય છે ? એને કાંઈક મહત્ત્વ અપાય છે માટે.**

સ્થૂલભદ્ર મહાત્માએ તો એવું રાખ્યું છે કે ચારિત્ર લીધું છે જ એ રીતે, કે મોટા વિષય ગણાય જે માનવંતું મંત્રિપદ અને પ્રેમાળ રૂપાળી કોશા, મન પરથી એનું ય મહત્ત્વ ઉતારી નાખ્યું છે, પછી હવે ચારિત્ર જીવનમાં બાહ્ય તુચ્છ વસ્તુને મહત્ત્વ શાનું આપવાનું હોય ? કોણ આવ્યું ? કોણ ગયું ?... માન કેટલું મળ્યું ? ગોચરી અનુકૂળ આવી ?... 'આવાનું મહત્ત્વ જ શું તે ડાફોળિયાં મારવાનું અને તુચ્છ માન-સન્માન કે ભિક્ષાના વિચાર કરવાના હોય ? કશે જ મન ન લઈ જતાં જ્ઞાન ધ્યાન અને ચારિત્રમાં જ મનને પરોવી દીધું છે.'

**ભગવદ્‌ભક્તિને જ મહત્ત્વ આપ્યા પછી તો દુનિયા બેકાર લાગે, દુન્યવી સુખ તુચ્છ લાગે.**

જુઓ આમાં મહાત્મા સ્થૂલભદ્રજી કેટલા બધા પાવરધા બની ગયા ! ચોમાસુ આવ્યું તો પોતાના દિલમાં જે આ ભગવદ્ભક્તિનું મહત્ત્વ વસ્યું છે એને વિકસાવવા માટે ગુરુ પાસે આજ્ઞા માગીને એ જ કોશા વેશ્યાને ત્યાં ચોમાસુ કરવા ચાલ્યા ! કેમ ? એ કોશા પાસે હોય છતાં ચિત્તને એમાં ન જવા દેતા ભગવાનના માર્ગ અને ભગવાનના તત્ત્વોને મહત્ત્વ આપી ચિત્ત એમાં જ લયલીન રાખવાનો અભ્યાસ કરવા માટે. પણ આમાં લપસી પડ્યા તો ? એ બીજા આ તો પક્કા નિર્ધારવાળા છે. એમણે સમજી રાખેલું છે કે કેવી લલચામણ આવે ? પરંતુ સામે શાસ્ત્ર ચિંતન અને વૈરાગ્ય એટલો બધો જ્વલંત રાખેલો છે કે એમાં જ લયલીન રહેવાની પક્કી ધારણા છે; એટલે જ ગુરુ એમને એમ કરવા રજા આપે છે. ગુરુ પણ ચૌદ પૂર્વી શ્રુતકેવળી છે, એટલે વિશિષ્ટ જ્ઞાનથી એમની નિશ્ચળતા જોઈ લે છે. તેથી જ રજા આપે છે. ત્યારે જુઓ,-

**સ્થૂલભદ્રજી વેશ્યાને ત્યાં કેમ અડગ ? :-**

સ્થૂલભદ્ર મહામુનિ કોશાને ત્યાં ચોમાસુ રહ્યા પછી કોશાએ કાંઈ બાકી રાખ્યું છે ? પહેલું તો એમને મુકામ જ ચિત્રામણ શાળામાં આપ્યો. વેશ્યાની ચિત્રામણ શાળા કેવી ? એમાં કેવાં કેવાં ચિત્રો હોય ? પવૈયાને પાનો ચડાવે એવા જ ને ? એકલા સ્ત્રીઓના હાવભાવ-રંગરાગ-ચેનચાળા જ ને ? કામવિલાસના જ બિભત્સ ચિત્રો ને ? ત્યાં ચોવીસે કલાક રહી ચોમાસુ-ચારમાસ કાઢવા એટલે ? રોજ એકાદ એકાદ ક્ષણ પણ એ ચિત્રો પર આંખ ગયા વિના રહે ? પણ ના અહીં તો સ્થૂલભદ્ર સ્વામીને મન પ્રભુ અને પ્રભુના માર્ગનું એટલું બધુ મહત્ત્વ છે કે ત્યાં એમના મનને જડ ચિત્રો શું કે જીવતી જાગતી વેશ્યા શું, એનું કશું મહત્ત્વ જ નથી.

**મનને જેનું કશું મહત્ત્વ નહિ, ચિત્ત એમાં શાનું જાય ?**

નવરા પડ્યા ચિત્ત ક્યાં ઊકરડામાં જાય છે કે, 'ઊકરડો કેવો ? એમાં શું શું હોય ?...' અરે ? સામોસામ ઉદ્યાન અને ઊકરડો હોય ? તો ચિત્ત ઉદ્યાનને મૂકી ઊકરડામાં કયાં જાય છે ? આ મહાત્માએ મન વીતરાગ ભગવાનનું સ્વરૂપ અને એમનાં તત્ત્વ તથા એમનો માર્ગ ઉદ્યાનતુલ્ય લાગે છે, પછી ઊકરડા તુલ્ય લાગતા આ વિલાસી ચિત્રો કે વેશ્યામાં મન શાનું જાય ?

ચિત્રામણ-શાળામાં એમને બેસાડ્યા એટલું જ નહિ, પણ કોશા ખાનપાન પણ રસિલા વહોરાવે છે. પરંતુ મહાત્માને મન એનું ય કશું મહત્ત્વ જ કયાં છે ? ગુરુની સંમતિ લીધી છે, એટલે વહોરાવ્યું તે વાપરી લીધું, 'નાખ મોંમાં અને ઉતાર ગળે.' સ્વાદ ખાતર એને જીભ પર મમરાવવાની વાત જ કયાં છે ? આ સ્વાદનું કશું મહત્ત્વ જ નથી માન્યું ને ? પછી પાછળથી એનું સંભારણું ય શાનું હોય ?



વાપરતાં ય મન તત્ત્વના વિચારમાં.

**ખાનપાનના પદાર્થનું તત્ત્વ આ,** કે ગંદા પદાર્થમાંથી આ ઊભા થનારા, ને અંતે ગંદવાડમાં પરિણમનારા. એમાં વચલી અલ્પ કાલની સહેજ મોહકતાનું મૂલ્ય શું ? મહત્ત્વ શું ? કશું જ નહિ. પાછું એ પદાર્થ પોતે ટકનારા અતિ અલ્પ કાળ; ત્યારે એને જો મહત્ત્વ આપી એના પર રાગ કર્યો તો એ રાગ ટકે લાંબો કાળ ! ને એ જીવને પાગલ બનાવે, ભગવાનને ય ભૂલાવે. ને ઘેરા કુસંસ્કાર અને અશુભ કર્મોનાં પોટલાં બંધાવે. ખાનપાનનાં આ તત્ત્વોના વિચાર હોય તો મનમાં એનું જરાય મહત્ત્વ ન વસાવાય.

સ્થૂલભદ્ર સ્વામી બ્રહ્મચર્યમાં એક્કા શાથી ? ચિત્રામણ કે ખાનપાનને કશું મહત્ત્વ જ નથી આપતા કે જેથી એના પર આંખ કે જીભ નાચે. મનને મહત્ત્વ ભગવદ્-માર્ગનું. બાકી આવા ચિત્રો-ખાનપાન વગેરે પર આંખ-જીભ નચાવવા હોય એનું મન તો સાવ શિથિલ મુડદાલ બનેલું રહે. પછી એવા મુડદાલ મન પર જીવતી જાગતી રંગિલી સામે આવે ત્યારે એના પર સહેજ પણ નજર ન નાખવા કયાંથી સશક્ત હોય ? મુડદાલ તો દૃષ્ટિ નાખી આવે એના પર સમજી રાખો,

**એક જગ્યાએ મુડદાલ બનેલું મન રૂપાળી સ્ત્રી તરફ ન જોવા માટે ય સમર્થ નહિ, મુડદાલ.**

આ પરથી સમજી રાખવા જેવું છે કે ખાનપાન વગેરે બાબતોમાં જો મન અસંયમી લહેરાતું બનાવ્યું તો બ્રહ્મચર્યની બાબતમાં મન કડક નહિ રહી શકે. અરે પરસ્ત્રી પર દૃષ્ટિ ય નહિ રોકી શકાય.

કોશાએ આ ઉપરાંત ત્રીજું પ્રલોભન પોતે શણગાર સજી સ્થૂલભદ્રજી આગળ આવીને બેસી મીઠી મીઠી વાતો પીરસવાનું રાખ્યું. પાછી એમાં હાવભાવ-કટાક્ષ ચેનચાળા પણ કરતી રહે છે. એકાંત સ્થળ, જ્યાં મહાત્મા અને વેશ્યા સિવાય બીજું કોઈ નથી, ત્યાં વેશ્યાના રંગરાગ સામે કમમાં કમ મીંટ માંડવામાંથી ય બચી શકાય ?

પણ મહાત્માને મન એનું કશું હવે મહત્ત્વ જ નથી, તે શું કામ આંખ કે ચિત્ત એમાં લઈ જાય ? એ તો નીચી ઢાળેલી આંખે બેઠા છે તે આંખ જ એની સામે નાખતા નથી, અને નીચી ઢાળેલી આંખે મનને સ્ત્રીતત્ત્વના બેહુદા ગંદા અને પાગલ જેવા સ્વરૂપને વિચારી લઈ અનંત અરિહંત ભગવંતોના વીતરાગ નિર્વિકાર સ્વરૂપને જ મહત્ત્વ આપી મનની સામે એ જ જોતા બેઠા છે. વળી ભગવાનનાં શાસ્ત્રોના પદાર્થોને મહત્ત્વ આપી એના પારાયણમાં મનને મશગુલ-લયલીન રાખી રહ્યા છે. ત્યાં કોશાની મજાલ શી કે પોતાના મોહક રૂપ યા મોહક વાણીમાં મહાત્માની દૃષ્ટિ કે મનને ખેંચી શકે ?

કોશા ઘણું ય મથે છે, પણ એની દૃષ્ટિએ તો એ તો હવે આ સ્થૂલભદ્રજી જાણે જડભરત જેવા બેઠા છે. કશી ફાવટ ન આવી એટલે હવે ઊભી થઈ નૃત્ય કરવા લાગે છે. વેશ્યાનો નાચ એટલે કપડાનાં શા ઠેકાણાં ? હાવભાવ કેવા ? કેવાં કેવાં અંગોપાંગ બતાવવા કોશીશ કરે ? આ ય તે બે-પાંચ મિનિટ નહિ કલાકો ! અરે ! એનો નાચ કલ્પનામાંય લાવીએ ને તો ય મરવાનું થાય, પતન થાય, ત્યારે હુબહુ નજર સામે આ ચાલતું હોય ત્યાં બચાય ?

પરંતુ સ્થૂલભદ્ર સ્વામીને ગૃહસ્થપણે ભારે પ્રલોભક સંયોગો એમની સામે આવ્યા ત્યારે એમાં લોભાવાની વાત તો દૂર, પણ ઉપરથી આખા સંસાર પર વૈરાગ્યવાળા બની ચારિત્ર લીધું હતું તે જે સમજ પર વૈરાગ્ય અને ચારિત્ર અપનાવેલ, એ સમજ પછીથી મોળી શાની પડવા દે ?

**સત્ત્વહીન માણસો અહીં થાપ ખાય છે કે જે સારી સમજ પર પહેલવહેલો કોઈ ધર્મ અપનાવે છે તે સમજને પાછળથી મોળી પાડે છે, ને તેથી જ ધર્મમાં શિથિલ બને છે.**

દા.ત. જુઓ ને કે એક નવકારવાળી ગણવાનો નાનો ધર્મ શું સમજીને હાથમાં લીધો ? આ જ કે 'મારાં અહોભાગ્ય કયાંથી કે મન બગાડનાર અને ભવના ફેરા વધારનાર પાપોના જાપ માનસિક રટણમાંથી છૂટી મનને પવિત્ર બનાવનાર અને ભવનો અંત લાવનાર પરમાત્માના જાપનો મને મોકો મળ્યો !' આ સમજથી જાપ શરૂ કર્યો, હવે જો આ સમજ અખંડ રખાય, તો નવકારવાળી, ગણવાની શરૂ કર્યા પછી અડધેથી કંટાળો શાનો આવે ? યા માળામાં આગળ વધતાં એ લક્ષ કેમ ઊભું થાય કે 'હવે માળા કેટલી બાકી રહી ? હવે કેટલી બાકી રહી ?' આ આતુરતા એ કંટાળાનું ચિન્હ છે. એ શાથી આવે છે ? પ્રારંભની સમજ વિસરાઈ ગઈ, યા પડતી મૂકી. માળા ગણતાં વચમાં વચમાં જો આ સમજ ચાલુ રહી હોત કે 'મારાં કેવાં અહોભાગ્ય કે ભવમાં ભમાવનાર પાપ-જાપથી છૂટી આ તારણહાર પવિત્ર પ્રભુ-જાપ કરવાનો મોકો મળ્યો !' તો નવકારવાળી ઠેઠ પૂરી થતાં સુધી કંટાળો ન આવત, 'હજી કેટલી બાકી રહી,' એવી વચમાં આતુરતા ન રહેત. પણ પેલી સમજ ટકાવે તો ને ?

આવું બીજી ધર્મસાધનાઓમાં બને છે. અરે ! જે સમજથી ભલે અંશે પણ બ્રહ્મચર્ય લીધું એ સમજ ન ટકાવવાના અને મોળી પડવાનાં કારણે માણસને પછી એટલું બ્રહ્મચર્ય પાળવામાં પહેલા જેવો ઉલ્લાસ નથી રહેતો. પછી ભલે નિયમ છે



એટલે પાળશે ખરો, પરંતુ કાં તો અતિચાર લગાડશે, અગર તે સિવાયના દિવસે ગાંડોતુર બનશે.

**પાયાની શ્રદ્ધા ટકાવવા અંગે શાસ્ત્રવચન :-**

ધર્મ સ્વીકારવાના મૂળમાં જે સારી સમજ છે એની ઊંચી કિંમત છે. માટે તો ભગવાને સાધુને ઉપદેશ આપ્યો, સુધર્મા ગણધર મહારાજે જંબુસ્વામીને આચારાંગ સૂત્રમાં આ ઉપદેશ આપ્યો કે,

**'जाए सद्धाए निक्खंतो तमेवाणुपालिज्जा ।'**

અર્થાત્ 'હે જંબુ ! તું જે શ્રદ્ધાથી સંસાર છોડી નીકળ્યો છે તે શ્રદ્ધાને પછી પણ બરાબર ટકાવજે.'

ભગવાને શું સમજીને આ સાવધાની આપી હશે ? એ જ કે 'ધર્મ સ્વીકારવાના મૂળ પાયામાં જે શ્રદ્ધા-સમજ વૈરાગ્યભાવના હોય છે એ પાછળથી ભુલાઈ જવાનો યા મોળી પડવાનો સંભવ છે;' માટે ભગવાન ભવ્યાત્માને એ મોળી ન પડવા દેવા માટે સાવધાની આપે છે. એમાંથી આ તાત્પર્ય નીકળે છે કે,

**ધર્મસાધના, એ પાયાની જ્વલંત શ્રદ્ધાભાવના ટકવા પર જ ઠેઠ સુધી ભાવોલ્લાસભરી થાય છે, ને એ જ સારી સફળતા પામે છે.**

**મેઘકુમારને શ્રદ્ધા મોળી પડી, ને સતેજ થઈ :-**

મેઘકુમાર મુનિએ જે ઊંચા વૈરાગ્ય અને જે ઊંચી સમજથી ચારિત્ર લીધેલું, એ વૈરાગ્ય એ સમજ એ જ રાતે ચૂકી ગયા, એ સમજ-વૈરાગ્ય મોળો પડી ગયો, તો સહેજ વાતમાં ચારિત્ર પર કંટાળો આવ્યો. પણ પાછું સવારે ભગવાને એ વૈરાગ્ય એ ભાવના જાગ્રત કરી, અરે ! એના કરતાં ય ઉચ્ચ વૈરાગ્ય-શ્રદ્ધા-સમજ જગાવી, તો ચારિત્રમાં અત્યંત બળિયા બની ગયા, ને બાર વરસની કઠોર સાધનામાં શરીરને સુક્કું-ભુક્ખું-લુક્ખું બનાવી દીધું, અને હવે દેહ અચાનક પડી જાય એવો દેખી વૈભારગિરિ પર અંતિમ અનશન ઝુકાવી દીધું ! આ બારે વરસમાં ભગવાને આપેલી સમજ-શ્રદ્ધા-ભાવનાને લેશ પણ મોળી ન પડવા દેતાં વધતી રાખી, તો જ ઉત્તરોત્તર શરીર દૂબળું બનવા છતાં આરાધના કડક સાધ્યે ગયા.

આ પ્રતાપ કોનો ? ભગવાને પાયાની સમજ-શ્રદ્ધા જાગ્રત કરી આપી એનો. એના પર મેઘકુમાર મહાત્મા જ્વલંત સાધના કર્યે ગયા. આપણે સાધનામાં શિથિલ પડતા હોઈએ તો આ જ જોવા જેવું છે કે 'મારી પ્રારંભની સમજ અને શ્રદ્ધા કયાં ? કેમ એ સમજ મોળી પડી ? **શું એ જે તત્ત્વોની સમજ હતી, ને વિશ્વની તથા સંસારના પદાર્થોની જે દુઃખદ પરિસ્થિતિની સમજ હતી, શું એ તત્ત્વ ફરી ગયા ? શું વિશ્વની ને સંસારના પદાર્થોની એ દુઃખદ પરિસ્થિતિ પલટાઈ ગઈ ?'**

**રાગી બનેલા વૈરાગીને આ પ્રશ્ન :-**

એક વાર વૈરાગ્ય પામેલા અને ચારિત્રની ભાવનાવાળા બનેલા આત્મા ગમે તે કારણે ચારિત્ર ન લઈ શકયા અને સંસાર માંડી બેઠા, એમને હવે રંગરાગમાં મહાલતા જોઈ આ પૂછવાનું મન થાય કે

'કેમ ભાઈ ! શું પહેલાં વૈરાગ્ય વખતે જે તત્ત્વો અને વિશ્વની દુઃખદ સ્થિતિ હતી તે તત્ત્વો હવે ફરી ગયા ? શું વિશ્વની દુઃખદ પરિસ્થિતિ અને સાંસારિક પદાર્થોનું દુઃખદ સ્વરૂપ પલટાઈ ગયું ? તે વૈરાગ્યને ઠેકાણે પાડી દીધો ? જો આ પ્રશ્ન પોતે વિચારે તો લાગે કે 'ના, તત્ત્વો ને દુઃખદ સ્થિતિ તો એના એજ છે, માટે વૈરાગ્ય ન ચૂકું.'

પહેલાં તપ સારો કરનાર પણ પછીથી તપને ઠેકાણે મૂકનારે પણ આ પ્રશ્ન વિચારવા જેવો છે, 'પહેલાં તપ શરૂ કરેલ તે એ સમજથી કે (૧) પુણ્યના ચોપડે ખાધુ જમે નહિ થાય, પણ તપ જમા થશે. (૨) આહાર સંજ્ઞા તપથી કપાશે ખાવાથી નહિ. (૩) કર્મક્ષય તપથી થશે, ખા-ખાથી નહિ. તો શું હવે આ નિયમો આ તત્ત્વ ફરી ગયા તે ખાવામાં પડ્યો છું ?'

એમ, ધર્મ પામવાના પ્રાંરભમાં ક્ષમા-સમતાભાવ રાખનાર, પણ પછીથી જાણે ધર્મમાં રીઢા થઈ ગયા તે ગુસ્સો કરનારે પણ આ જ પ્રશ્ન વિચારવા જ જેવો છે. 'ઉપશમ કરવા યોગ્ય ભવ આ. અહીં ને પરલોકે સાચી શાંતિ સમતાથી જ મળે; વગેરે તત્ત્વની સમજથી પહેલાં સમતા કેળવેલી, તો શું હવે એ તત્ત્વ ફરી ગયાં ?'

એવી રીતે પહેલાં સારું દાન કરનાર પરંતુ પછીથી સ્થિતિ સારી છતાં દાનને ઓછું કે બંધ કરનારે પણ આ પ્રશ્ન ધ્યાન પર લેવા જેવો છે કે- '(૧) પૈસા પૂર્વભવના ધર્મે દીધેલા, ને અહીં ધર્મમાં જવા જોઈએ. (૨) સંગ્રહી રાખેલા પ્રતિક્ષણ કર્મોના ઢેર આપે છે. (૩) દાનમાં નહિ જાય તો વિષયવિલાસમાં અને જીવસંહારમાં જવાનાં છે. (૪) અંતે પૈસા મૂકીને જ મરવાનું (૫) હાથે તે સાથે. આ તત્ત્વોની સમજથી પહેલાં દાન દેતો. શું હવે એ તત્ત્વો ફરી ગયા ?'

એમ, ચારિત્ર લીધા પછી પાછળથી (૧) પ્રમાદી બનનાર, (૨) રોજ નવકારશીમાં બેસનાર. (૩) શાસ્ત્રપારાયણ ભૂલી વાણિયા ભાઈની વાતો કે ચોપાનિયામાં પડનાર, (૪) સહેજ વાતમાં ગુસ્સો-અભિમાન કરનાર, કે (૫) સ્ત્રીઓની લપમાં પડનારે પણ આ જ પ્રશ્ન વિચારવા જેવો છે કે 'ચારિત્ર લેતાં મને જે તત્ત્વોની સમજ તથા જે વિશ્વની ને ઇન્દ્રિયોના વિષયોની દુઃખદ સ્થિતિની સમજ હતી શું એ તત્ત્વ એ વિશ્વ એ વિષયોનાં સ્વરૂપ પલટાઈ ગયા, તે હું પ્રમાદમાં પડી ગયો છું ? ચારિત્રમાં શિથિલ બની ગયો છું ?'



**ધન્ના અણગારે** ચારિત્ર લેતી વખતની તત્ત્વ સમજ, શ્રદ્ધા અને ભાવનાને કેવી પછી પણ જ્વલંત વિકસતી રાખી હશે કે એના બળ પર, છઠ-છઠના પારણે આંબેલ કર્યે જવા છતાં અને શરીર અલ્પકાળમાં નરમ પડતું જવા છતાં સંયમનાં અધ્યવસાય નિત્ય વધતા જતા રાખ્યા ? ભગવાને એના પર મહોર છાપ મારી કે **'નિત્ય ચઢતે પરિણામ.'**

**ધર્મમાં શિથિલ કેમ ન પડાય ? :-**

વાત આ છે કે જે તત્ત્વ અને વિશ્વની સ્થિતિ સમજવા પર અને એની સમજ થવાને લીધે જે શ્રદ્ધાબળ ઊભું થવા ઉપર ધર્મસાધના પ્રારંભી, એ સમજ અને શ્રદ્ધાબળ ટકાવવું જોઈએ, ટકાવવું જ શું, વધારતા રહેવું જોઈએ, પણ જરાય મોળું ન પડવા દેવું જોઈએ, તો જ ધર્મસાધનામાં શિથિલ ન પડાય, ને શિથિલ પડીને દુન્યવી વિષયોમાં તણાવાનું ન થાય.

## ● તામલિતાપસ ●

**તામલિતાપસની અખંડ શ્રદ્ધા-સમજ :-**

તામલિતાપસે, જુઓ, કેવી સમજ અને શ્રદ્ધાથી ઘર છોડ્યું હતું અને હજારો વરસ તપ તપવામાં વીતવા છતાં એ સમજ અને શ્રદ્ધા કેવા અખંડિત રાખેલા !

તામલિ એક ગૃહસ્થ; એકવાર અડધી રાતે જાગતાં એને વિચાર આવ્યો કે,

**'આ મનુષ્ય જન્મ શા માટે ? શું કરવા માટે ?'**

શું રોટલો કમાઈ ખાવા માટે ? શું વિષયોના રંગરાગ ઉડાવવા માટે ? એ તો કૂતરા ય કરે છે. તો એના કરતાં લાખ દરજ્જે ઊંચો આ મનુષ્યજન્મ બસ એના જેવું જ કરવા માટે ? ઠીક છે પૂર્વનું પુણ્ય છે એટલે આ જન્મ મળ્યો ને ખાનપાન-કુટુંબ-વિષયો મળ્યા છે. પરંતુ આ પુણ્ય પૂરું થયે શી દશા ?

**ચાલુ જીવન તો વાશી પુણ્ય ખાઈ જવાનો જ ધંધો છે.**

પુણ્યને સફાચટ કરવાની જ બાલિશ ચેષ્ટા છે. પછી આગળ શું ?

વળી જીવને જન્મ મરણના ફાંસલામાંથી છોડાવવા માટે સમર્થ બીજો કયો અવતાર ? પશુ-પંખી કીડા-મંકોડાના અવતારમાં તો વિવેક જ ન મળે, આત્માનું ભાન જ ન મળે, એટલે ખાનપાન વિષયોમાં જ જિંદગી ડૂબાડુબ ! પછી જન્મ-મરણ થયા જ કરે, એ તો આ ભવ જ એવો ઉત્તમ છે કે જેમાં મહાન આત્માઓએ સાધના કરી પોતાના જન્મ મરણની જંજાળનો અંત આણ્યો અને મોક્ષ પામી ગયા. પણ તે કયારે ? આ ખાનપાન વિષયોમાં કશો માલ ન દેખતાં એને કોરી પશુરમત સમજ્યા, અને એ પશુરમત બંધ કરીને જંગલમાં જઈ તપની સાધનામાં ચડી ગયા

ત્યારે નવા નવા જન્મ લાવનારાં કર્મનાં બંધન ખાનપાન અને વિષયોથી તો ઊભાં થયેલાં; તે હવે તપ અને ત્યાગની સાધના વિના કેમ તૂટે ? માટે હવે પશુને છાજતી આ માયાની મોહિની, રુડાં ખાનપાન અને મનગમતા વિષયોની રમતનો ત્યાગ કરી જંગલમાં જઈ તપ આદરું.'

**તામલિતાપસ બને છે :-**

બસ, એમ મન સાથે નક્કી કરી લઈ સવારે કુટુંબને ભેગું કરી આ સમજાવી દીધું અને પછી તામલિ પોતે ઘર છોડીને જંગલમાં ચાલ્યો ગયો અને ત્યાં એણે તાપસ બની, આયુષ્ય મોટું, એટલે બબ્બે ઉપવાસના પારણે ૨૧ વાર ધોયેલ ભાતનું એકાશન, એમ તપસ્યા ૬૦,૦૦૦ વરસ સુધી કર્યે રાખી. કેવી ઘોર તપસ્યા !

વિચારજો, 'કદી ને મદી મિંયા ચાલ્યા નદી' એમ કયારેક એક જ ઉપવાસ કર્યો હોય તો ય એનું પારણું કેવાં કેવાં દ્રવ્યથી કરાય છે ? ત્યારે અહીં તો ચાલુ બબ્બે ઉપવાસ, છતાં પારણામાં કયાંકથી કોરા ભાત જ માગી લાવી એને પાછા ૨૧ વાર પાણીથી ધોઈ નાખી, પછી સાવ કસ વિનાના ભાત રહે એ જ ખાઈ લેવાના. સાથે શાકે ય નહિ, ને દાળે ય નહિ, બીજુ કશું જ નહિ, તે ય દિવસમાં એક જ વાર ખાઈ લીધા એટલે બસ. પછી એના પર પાછા બે ઉપવાસ લેવાના છે છતાં આ ભાત જ અને તે ય એક જ વાર. પછી ભલે બે ઉપવાસ લગાવવાના તે લગાવવાના. પછી પારણું એવું જ, એના ઉપર વળી બે ઉપવાસ...

**કેવું શ્રદ્ધાબળ ? :-**

આવું હજારો વરસ તામલિતાપસ કર્યે ગયો, છતાં જરાય કંટાળો કે તપને ઢીલાશ ન આવવા દીધી શેના બળ ઉપર આ ? કહો જે સમજ અને શ્રદ્ધાથી ઘર છોડેલું, તે સમજ અને શ્રદ્ધાને બરાબર અખંડ ઊભી રાખેલી, એનો પાવર રહેતો કે તપ અખંડ ધારાએ ઉત્સાહથી ચાલ્યા કરતો.

**શ્રદ્ધા કેવી હતી ? આવી, કે :-**

'કર્મનાં બંધન હશે ત્યાં સુધી શરીરનું બંધન ઊભું રહેશે. કર્મબંધન તૂટી નિર્મૂળ સાફ થઈ ગયા પછી શરીરનું બંધન સહેજે છૂટી જઈ મારા આત્માનો મોક્ષ થશે માટે મૂળ પાયામાં, જ્યાં સુધી શરીરબંધન ઊભું દેખાય ત્યાં સુધી, કર્મનાં બંધન ઊભાં સમજી એને તોડ્યે જવા તપ તપ્યે રાખું. **કર્મબંધન તોડવા માટે તપ એ શ્રેષ્ઠ ઉપાય છે.**'

વિશ્વમાં પોતાના આત્માની કેવી સ્થિતિ છે એની સમજ સાથે આ શ્રદ્ધાબળ અખંડ ઊભું રાખેલું, પછી તામલિ તપમાં શાનો કંટાળે, ભલે ને હજારો વરસ જાય ?



**તામલિની પરીક્ષા :-**

એનાં આ શ્રદ્ધાબળનું પારખું જુઓ. એ ઘોર તપ તપતા લગભગ ૬૦ હજાર વરસ વીતવા આવ્યા છે. એમાં ભવનપતિ દેવલોકની દેવીઓ પોતાનો સ્વામી મરી ખૂટવાથી, નવો સારો સ્વામી થવાને તામલિતાપસ યોગ્ય છે, પુણ્યાઈવાળો છે,' એ જોઈને એની પાસે આવી લોભાવે છે કે તમે અમારા સ્વામી મોટા દેવ થવાનું નિયાણું કરો સંકલ્પ કરો કે 'આ મારા તપનું ફળ હોય તો હું આ સ્વામી દેવ થાઉં.'

પણ તામલિ ધ્યાનમાંથી આંખ ઊંચી નથી કરતો, ત્યારે દેવલોકમાં કેવા મીઠા કોયલ કંઠના ગીત-સંગીત હોય છે, કેવાં અપ્સરાઓના નૃત્ય હોય છે, એ બધું ત્યાં પ્રત્યક્ષ કરી બતાવે છે. સાથે કાલાવાલા કરે છે કે 'તમે અમારા સ્વામી થાઓ, અમે તમારી દાસીઓ થઈને રહીશું, અમે જિંદગીભર કરોડો વરસો તમને ગીત-નૃત્ય-રંગરાગ એક ધારાએ પીરસી તમને ઊંચા સુખ-વિલાસમાં મોજ કરાવીશું. આ જુઓને અમારા સુકોમળ બદન અને એકેક રૂપાળા અંગોપાંગ તો જુઓ, અમારાં મધુરાં ગીત જુઓ અલબેલા નૃત્ય જુઓ...'

દેવીઓ તામલિને ગીત-નૃત્ય-અંગોપાંગ દેખાડી બહુ બહુ લલચાવે છે. કરગરે છે પણ પત્થર પર પાણી. તામલિને લેશમાત્ર વિકાર નથી જાગતો, લેશમાત્ર એ દિવ્યસુખની ઈચ્છા જ નથી થતી. કેમ વારુ ? કહો, જે સમજ અને શ્રદ્ધાથી તાપસપણું લીધું છે એ સમજ અને શ્રદ્ધા અખંડ ઊભી રાખી છે.

**તામલિતાપસની સમજ ને શ્રદ્ધા :-**

તામલિને સમજ આ છે કે 'ઊંચા દેવતાઈ વિષયોમાં પણ મહાલવું એ પશુરમત છે, સનેપાતના ચાળા છે. પાગલની ચેષ્ટા છે. ત્યારે ત્યાગ-વૈરાગ્ય-તપસ્યા એ ઉચ્ચ સાધના છે, જે મૂઢ પશુને બિચારાને અજ્ઞાનતાને લીધે અલભ્ય છે, અને મનુષ્યને સજ્ઞાનતા-બુદ્ધિ-વિવેક હોઈ અત્યન્ત સુલભ છે. એમ કરીને જન્મ-મરણનો અંત લાવવો જોઈએ, જેથી કર્મની વિટંબણા ન રહે. વિષયોની પશુરમતથી તો 'પુનરપિ જનનં પુનરપિ મરણં.'

ત્યારે તામલિતાપસને શ્રદ્ધા આ છે કે 'મોટા દેવતાને પણ વિષયોના આનંદ પછી જન્મ-મરણ ભર્યા સંસારમાં ભટકવાનું રહે છે.'

**દિવ્ય પણ વિષયોનો આનંદ કર્મબંધન કરાવીને ભવમાં ભટકવાનું જ આપે. મોક્ષ ત્યાગ-વૈરાગ્ય-તપથી જ થાય.**

તામલિતાપસને આ સમજ અને શ્રદ્ધા હોય, અને જે રુડા મનુષ્ય જન્મમાં જ મોક્ષ સાધી શકાય છે એમાં એ જ કરવાનો નિર્ધાર હોય, પછી દેવીઓની

માગણી શાનો કબૂલે ? દેવીઓની લલચામણમાં શાનો ફસાય ? દેવીઓ હારી, નિરાશ થઈને ચાલી ગઈ. તામલિ કાલક્રમે આયુષ્ય પૂરું થતાં નિસ્પૃહ-નિરાશંસભાવ અકબંધ રાખી મરીને ઉપરના બીજા વૈમાનિક દેવલોકનો ઈન્દ્ર ઈશાનેન્દ્ર થયો. ત્યાં તો જૈનધર્મ અને સમ્યગ્દર્શન પામતાં શી વાર ?

સાઈઠ સાઈઠ હજાર વરસ સુધી ઘોર તપ તપવામાં કાયા સાવ ખખડી ગઈ છે. છતાં કાયાના સુખની ભૂખ લાગતી નથી ! દેવીઓ દિવ્ય સુખ સામે દેખાડે છે ને અસંખ્ય વરસોના સુખની નિરાંત બતાવે છે, છતાં એ સુખની ભૂખ જ નહિ ! કારણ ? ઘર છોડતાં ને તપ ધર્મ શરૂ કરતાં જે સમજ અને શ્રદ્ધા કરેલી, તે પછી જીવન પર્યંત એ જ સમજ-શ્રદ્ધા ઊભી રાખી છે. એમાં જ એ ન્યાલ થઈ ગયો.

**સમજ-શ્રદ્ધા મોળી પડવાનું ફળ ચોરાશીના ચક્કરે :-**

જો સમજ ભૂલ્યો હોત ને શ્રદ્ધા મોળી પાડી હોત, તો કદાચ એવો તપ આગળ ચાલત નહિ, અને દેવીઓની લાલચમાં ફસાઈ પડત. ત્યારે સરવાળે એનું પરિણામ શું ? ભલે ને એકવાર દેવભવ મળી પણ જાય, કિન્તુ એ માગીને લીધો એટલે વિષયોની તીવ્ર લાલસા-ગુલામી ઊભી થઈ ગણાય. એનું ફળ તીવ્ર લંપટતાથી વિષયભોગ દ્વારા ચોરાશી લાખના ચક્કરે ચડી જવાનું. એમાં પછી નરકગતિ ય મળે, અને તિર્યંચગતિના તો અપરંપાર દુઃખદ ભવો !

વાત આ છે કે સાચી તત્ત્વસમજ અને સારી માર્ગશ્રદ્ધાથી ધર્મ શરૂ કર્યો, એ સમજ-શ્રદ્ધાને મોળી પડવા દેવાની નહિ; પછી ભલે પૂર્વના અશુભકર્મના ઉદયે શરીર બિમાર પડો, કે બીજી આપદા આવો, અથવા સામેથી દુન્યવી લાલચ આવો. આટલું ખૂબ ધ્યાનમાં રહે કે,-

**આપણા સંયોગ બદલાતાં કદાચ ભાવનામાં ફરક પડે. તો ત્યાં વિચારવું કે તત્ત્વ અને માર્ગમાં ફરક પડતો નથી.**

દા.ત. પરણ્યા પછી પત્નીએ મા-બાપ વિરુદ્ધ ઘણી ફરિયાદ કરવા માંડી, તેથી મા-બાપ પ્રત્યેની ભાવનામાં ફરક પડવા જાય, પરંતુ ત્યાં સમજવું જોઈએ કે 'ગાંડાઘેલા પણ ઉપકારી માતા પિતા પૂજ્ય છે, સેવ્ય છે, એમની ઉપકારશ્રેણિ-પૂજ્યતા-સેવ્યતાના તત્ત્વમાં ફરક પડતો નથી. પુત્ર માટે ઉપકારી માતા પિતાની બહુમાનભરી ભક્તિ કરવી એ જ માર્ગ છે, એમને તરછોડવા-વિડંબવા એ માર્ગ નહિ. માટે, આજકાલની આવેલી પત્નીના મોહમાં આપણા ગર્ભથી ઉપકારી માતાપિતાનો દ્રોહ ન કરાય. તત્ત્વ અને માર્ગ તો અફર રહે છે;' આ વિચાર આવે તો માતાપિતા પ્રત્યેની સેવાની ભાવના ઠેકાણે આવી જાય. તત્ત્વ નથી ફરતા એ વિચાર જોઈએ.





એક વખતના વૈરાગી અને દીક્ષા લેવા તૈયાર થયેલા પણ તક ચૂકતાં સંસારમાં પડ્યા પછી એવા ય આત્મા જોવા મળે છે કે જે સંસારસુખોમાં અને ઉપાધિમાં ગળાબૂડ ડૂબી ગયા હોય મોકો આવ્યે એને ઊભા રાખી કહેવું પડે.

**વૈરાગ્ય ભૂલેલાને હિતવચન :-**

''કેમ ભાઈ ! આમ ? જ્યારે તને વૈરાગ્ય થયેલો ત્યારે જે તત્ત્વ સમજીને થયેલો, એ તત્ત્વમાં શું હવે ફરક પડી ગયો ? વૈરાગ્ય થયો ત્યારે આ તત્ત્વ સમજ હતી કે 'સંસારના પદાર્થ અને સંસારની પ્રવૃત્તિ આશ્રવરૂપ હોઈ જીવને કર્મથી જકડી ભવમાં ભટકાવનારી છે,' તો હવે શું એ તત્ત્વમાં ફરક પડી ગયો ? શું હવે સંસાર અને સંસારની પ્રવૃત્તિ આશ્રવરૂપ નહિ ? ભવમાં ભટકાવનારી નહિ ? શું જોઈને સંસારમાં ગળાબૂડ ડૂબ્યા છો ?''

**'તત્ત્વ અને માર્ગમાં ત્રણે કાળમાં ફરક પડતો નથી' આ હિતવચન જો લક્ષમાં લેવાય, તો સંયોગ ફરતાં કે મોટી લાલચ સામે આવતાં પલટાયેલી ભાવના ઠેકાણે આવે.**

**સ્થૂલભદ્ર મક્કમનું રહસ્ય :-**

જૈનશાસન અનુપમ મળ્યું છે. એ પામ્યાની કદર હોય તો તત્ત્વસમજ અને માર્ગશ્રદ્ધામાં ફરક ન પડવો જોઈએ. સ્થૂલભદ્રજી મહામુનિની સામે કોશા વેશ્યાએ રંગ ઓછા નથી કર્યા. એણે મુનિની આગળ ભલભલાને પતિત કરી દે એવા રંગ ખેલ્યા, પરંતુ સ્થૂલભદ્રજીને-એની કોઈ જ અસર ન થઈ, લેશમાત્ર વિકાર ન જાગ્યો ! કારણ ? મૂળમાં ચારિત્ર લીધું હતું એ જે તત્ત્વસમજથી અને જે માર્ગશ્રદ્ધાથી લીધેલું, તે જ તત્ત્વસમજ ને માર્ગશ્રદ્ધા અખંડ ઊભા છે.

શી તત્ત્વસમજ આવી હતી ? આ, કે 'કોશાના સંપર્કમાં રહીને હજી પણ વર્ષો સુધી રંગરાગના સુખમાં મહાલી શકાત. પણ પછી શું ? જન્મ મરણનો અંત લાવનારી સાધના માટે એકમાત્ર યોગ્ય માનવભવના તો રંગરાગમાં કૂચા થાય, પછી ક્યાં જવાનું ? ને ફરીથી આર્ય મનુષ્યભવ ક્યારે પમાય ? રંગરાગના ત્યાગ માટેના યોગ્ય આ ઉત્તમ ભવમાં એ ત્યાગના અખાડા કરવાના હોય ? એ કર્યાથી તો પછી રંગરાગનાં સાધનનાં ઠેકાણાં નહિ એવા હલકા અવતારમાં જવું પડે, ત્યાં ન રંગરાગ થાય, ને ન ત્યાગ થઈ શકે, એ કેવી દુર્દશા ?'

સ્થૂલભદ્ર સ્વામીને ચારિત્ર લેતાં જે તત્ત્વસમજથી છતી વેશ્યા છોડી હતી, એ જ તત્ત્વસમજ અખંડ ખડી હોય ત્યાં હવે વેશ્યાનું શું ઊપજે ? સ્થૂલભદ્રજી મહાત્મા

ધ્યાનમાં સ્થિર રહ્યા, ને અંતે વેશ્યા હારી, ઉપદેશ ઝીલ્યો, ને શ્રાવિકા બની.

**દેવપાલ અને ચક્રેશ્વરી :-**

ત્યારે દેવપાલને પણ પ્રભુ મળ્યા પછી જે શ્રદ્ધા ઊભી થયેલી, જે ભક્તિ ઊભરાયેલી તે શ્રદ્ધા અને ભક્તિ,-સાત સાત દિવસ વરસાદથી દર્શન વિના ભૂખ્યા રહેવું પડેલું એમાં, -અખંડ ઊભી હતી; અને હવે ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થઈ વર માંગી લેવા આગ્રહ છતાં દેવાધિદેવ પરની એ જ શ્રદ્ધા અને ભક્તિ અકબંધ હોઈ ના જ પાડે છે,' મારે કશું જોઈતું નથી. મારે ભક્તિ જ જોઈએ છે.'

'અરે પણ દેવતાનું દર્શન નિષ્ફળ ન જાય.'

'તે શું હું ઐરાવણ હાથી વેચી ગધેડો ખરીદું ? અરિહંતની ભક્તિ ઐરાવણ હાથી છે, શું એના બદલામાં ગધેડા સમાન માટીની સંપત્તિ લેવાની ? ભગવાનની ભક્તિ આગળ ત્રણ ભુવનના સામ્રાજ્યને પણ હું કોડીની કિંમતના ગણું છું.'

**દેવીની આગાહી :-**

દેવપાલને આ કોણ બોલાવી રહ્યું છે ? પરમાત્મા ઉપરની અખંડ શ્રદ્ધા અને ભક્તિ. દેવી એ સાંભળીને અત્યંત તુષ્ટ થઈ જાય છે, એ કહે છે, 'દેવપાલ ! ભલે તું ન માગે એ તારી મહાન યોગ્યતા છે, વડાઈ છે.'

**પ્રભુના ભક્તના હૈયે આવી જ નિસ્પૃહભાવની ભક્તિ શોભે, એ જ જોઈએ.**

હું તેથી બહુ ખુશ છું. પરંતુ હું તને કહું છું કે તું થોડા જ વખતમાં આ મહાન સમૃદ્ધ નગરનો રાજા થઈશ ! એમ કહીને દેવી અંતર્ધાન થઈ ગઈ.

બોલો, દેવપાલે આ માગ્યું નથી, છતાં સામેથી આવી મળે છે, તો એ સાંભળીને આનંદ આનંદ ન થાય ? પણ દેવપાળને એવું નથી થતું. એ આનંદ આનંદ જો માનવા જાય તો ભય છે કે એના પર એમ લાગે કે 'ચાલો ભક્તિ ફળી.' પરંતુ આવું લાગવું એ અજ્ઞાનદશા છે. કારણ,-

**અર્હદ્-ભક્તિનાં ફળ તો બહુ ઊંચા આધ્યાત્મિક ફળ છે.**

ભૌતિક ફળ તો, ખેતરમાં અનાજ વાવ્યા પછી જે મફતિયું ઘાસ ઊગી નીકળે એના જેવા છે. અનાજ-વાવેતરનું ખરું ફળ તો પાક આવે એ છે. એમ પ્રભુ-ભક્તિનું ખરું ફળ આત્મિક ઉન્નતિ છે. જેની કિંમત અંકાય એવી નથી. પૂછો,-

**પ્ર.**- પ્રભુભક્તિથી મોટી દુન્યવી સંપત્તિ મળે એ પ્રભુભક્તિનું ફળ કેમ નહિ ?

**ઉ.**- ફળ તો એ કહેવાય કે જેમાં ભલીવાર હોય, એના બદલે જેમાં વિટંબણા હોય એને ફળ શી રીતે કહેવાય ? દુન્યવી મોટી સંપત્તિ-સમૃદ્ધિ મળે પણ માથે જન્મ-મરણની વિટંબણા ઊભી હોય એટલું જ નહિ. પરંતુ આત્મિક ઉન્નતિ વિનાની એ



સંપત્તિ-સમૃદ્ધિ પર જન્મ-મરણની વિટંબણા ઓર વધતી હોય, ઉપરાંત સમૃદ્ધિ સાથે કર્મ અને મોહની બીજી વિટંબણાઓ માથે ખડકાતી હોય, દા.ત. રોગ, શોક ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ઈર્ષ્યા, અભિમાન, તૃષ્ણા વગેરે વગેરે માથે પડતી હોય,-

**જન્મ-મરણાદિની વિટંબણા લાવે એવી સમૃદ્ધિને પ્રભુભક્તિનાં એક સારાં ફળ તરીકે શી રીતે કહેવાય ?**

**અરિહંત પ્રભુની ભક્તિનું મુખ્ય ફળ તો ઉત્કૃષ્ટ અધ્યાત્મ મોક્ષ :-**

કે જેમાં કોઈ જ વિટંબણા નહિ, અને અનંતસુખ સાથે અનંત જ્ઞાનમય પોતાના શુદ્ધ સ્વરૂપમાં મહાલવાનું, મસ્ત રહેવાનું. ભક્તિના અવાંતર ફળમાં મોક્ષ અવસ્થા તરફ મીટ માંડનારી આત્મોન્નતિ.

**આત્મોન્નતિમાં નિઃસ્પૃહા પણ આવે.** દેવપાળે એ નિઃસ્પૃહા એવી સિદ્ધ કરી છે કે દેવીના આગ્રહ છતાં ભગવદ્‌ભક્તિની આગળ ત્રિભુવનની ઠકરાઈને ય તુચ્છ ગણી એવું કશું માગતો નથી; માગે છે એકમાત્ર ભગવાનની વિશેષ ભક્તિ.

સ્વસ્થ કોણ ગણાય ? માગનારો-ઈચ્છનારો સ્વસ્થ ? કે કશું નહિ ઈચ્છનારો ?

બેમાંથી દીનતા કોનામાં ન આવે ? નિઃસ્પૃહીમાં ? કે સ્પૃહાવાળામાં ?

સત્ત્વ કોનામાં વિકસે ? કશું નહિ ઈચ્છનારમાં જ ને ?

દેવપાળમાં આ સત્ત્વ વિકસેલું હતું, ત્રિભુવનની ઠકરાઈની પણ એને કિંમત નથી લાગતી, એ નગરના રાજા બનવાની આગાહી સાંભળતાં શાનો ખીલી ઊઠે ? અસ્તુ.

દેવપાળ પ્રભુની ભક્તિ કરીને ઘરે ગયો સાત ઉપવાસ થયેલા છે તેથી શેઠે એને ખીરથી પારણું કરાવ્યું.

દેવપાળને રોજનો દર્શન-ભક્તિ૯૯૯૯નો કાર્યક્રમ ચાલુ છે એમાં હવે જુઓ રાજ્ય પ્રાપ્તિનો કેવો યોગ બની આવે છે.

**દેવપાલને રાજ્ય કેવી રીતે ?**

આપણે પહેલાં વાત થયેલી છે કે એ નગરનો રાજા સિંહરથ કેવળજ્ઞાની પાસેથી શ્રાવકધર્મ પામ્યો છે, અને પોતાનું માત્ર ત્રણ દિવસનું આયુષ્ય બાકી જાણીને રાજ્ય તથા દીકરીનું શું થશે એની ચિંતામાં છે. એમાં દેવતાએ પંચદિવ્ય કાઢી એ જેના પર આરોપાય એને દીકરી પરણાવી રાજ્ય સોંપવાનું સૂચન કર્યું. એટલે હવે રાજાએ હાથણીને પંચદિવ્ય સાથે નગરમાં ફરતી મૂકી છે. હાથણીએ કોઈના પર પંચદિવ્ય ઢાળ્યાં નહિ; તે દેવપાળ કયાંક ઊભો હશે યા નગર બહાર ઢોરાં ચરાવતો બેઠો હશે એના પર ઢાળ્યાં ! જય-જયકાર થયો, અને હાથણી દેવપાળને પીઠ પર બેસાડી રાજદરબારે પાછી આવે છે.

**સિંહરથનું વિલંબ વિના ચારિત્ર :-**

સિંહરથ રાજાને તો દેવતાઈ વાણીનું ફરમાન છે એટલે બીજો ત્રીજો વિચાર કરવાનો નથી; ને એ કરતો ય નથી, તરત પોતાની પુત્રીનું દેવપાળ સાથે લગ્ન કરાવે છે, અને તરત એને રાજ્યગાદી સોંપી દે છે. ચિંતા મટી ગઈ, હવે શું કામ પાપમાં બેસી રહે ? તરત જ રાજા પોતે કેવળજ્ઞાની ભગવંત પાસે જઈ સંસાર ત્યાગ કરી સર્વવિરતિ ચારિત્રમાર્ગ લઈ લે છે. બે દિવસ ચારિત્રમાં એવો લયલીન બને છે, કે અંતે મરીને દેવલોકમાં જાય છે.

રાજાએ જિંદગી રાજ્યપાટના સંસારમાં ગુમાવી નાખેલી, પરંતુ બે દિવસના ચારિત્રથી કેવો સદ્ગતિ પામ્યો !

**એક ક્ષણનાં પણ સંયમનું બહુમૂલ્ય છે.**

પરંતુ જો જો વાયદે ન મૂકતા કે, 'તો પછી જિંદગીની છેલ્લી ક્ષણે કે છેલ્લા દિવસે ચારિત્ર લઈ લઈશું.' કેમકે કાળનો ભરોસો નથી. તેમ છેવટના સમયે શુદ્ધિ જાગૃતિ હશે કે કેમ કોને ખબર ? માટે એવી આરાધનાની ભૂમિકા અને સમાધિનો અભ્યાસ આજથી જ કરવા માંડવો જોઈએ.

દેવપાલ રાજા બની ગયો. કઈ સ્થિતિમાંથી કઈ સ્થિતિમાં ? એક ક્ષત્રિય કુલમાં જન્મેલો પણ ઢોરાં ચારનાર નોકરપણાથી નગરના રાજાપણાના હોદ્દે મુકાયો.

શાના પ્રભાવે ?

વીસસ્થાનકમાંના પહેલા પદ અરિહંતપદની આરાધનાના પ્રભાવે. આ તો પ્રત્યક્ષ મામૂલી ફળ, બાકી તો તીર્થંકર નામકર્મનું પુણ્ય ઊભું કરે એવા દિલનાં અધ્યવસાયની દિશામાં આ આરાધના પગરણ માંડી રહી છે, એટલી બધી સમર્થ એ આરાધના છે.

**વીસસ્થાનકમાંનાં કોઈપણ પદની ઉચ્ચ આરાધના એના પરના અથાગ શ્રદ્ધાબળથી શરૂ થવી જોઈએ.**

એ શ્રદ્ધાબળ કેવું કે એ પદની આગળ ત્રણ ભુવનનું સામ્રાજ્ય પણ તુચ્છ લાગે.

એમ કહેતા નહિ કે 'આટલી ઊંચી સ્ટેજ ક્યાંથી આવે ?'

**આટલી ઊંચી સ્ટેજની શ્રદ્ધા વિના એટલી બધી ઊંચી સ્ટેજનું તીર્થંકર નામકર્મનું પુણ્ય ન મળે.**

**ઊચ્ચ કક્ષાની શ્રદ્ધા કેમ આવે ? :-**

બાકી એવી ઊંચી કક્ષાની શ્રદ્ધા લાવવી હોય તો એવી કાંઈ એ કઠિન નથી. એક વાત સમજી રાખો કે તીર્થંકર નામકર્મનું પુણ્ય જોઈએ છે એ શા માટે ? શું તીર્થંકરનો મોટો વૈભવ-દબદબો મળે એ માટે ? તો તો એમાં તો પૌદ્ગલિક



દબદબાની લાલસા હોવાથી સમ્યક્ત્વના પાયાનો વૈરાગ્ય ઘવાય. ત્યાં પછી તીર્થંકર-પણાનું પુણ્ય શી રીતે મળે ? માટે કહો કે તીર્થંકરપણાનું પુણ્ય જાતને તારી જગતને તારવા માટે જોઈએ છે. જો આ ઉદ્દેશ છે તો એની પાછળ વૈરાગ્યનો ભાવ કેટલો બધો ઊંચો હોય ?'

'સંસારની મહાસમૃદ્ધિ-ઠકરાઈ જીવને મારી નાખનારી છે, ભવચક્રમાં ભમાવનારી છે,' એ સમજથી તો એમાંથી જાતને અને જગતને બચાવી સંસાર સાગરથી તારવાની ઈચ્છા થાય છે. જો આ સમજ ખરેખર હૈયે વસી હોય કે 'ત્રણ ભુવનનું સામ્રાજ્ય તો જીવને ભવમાં ડુબાડનારું, ભટકાવનારું, એથી એના પ્રત્યે ઊંચો વૈરાગ્ય હોય. તો પછી જે તારવાના સ્વભાવવાળા અરિહંતપદ સિદ્ધપદ વગેરે વીસસ્થાનકપદ મળ્યા, અર્હદ્ભક્તિ મળી, એ તારનારા હોઈ એની આગળ ડુબાડવાના સ્વભાવવાળા ત્રિભુવન-સામ્રાજ્ય વગેરે તુચ્છ કેમ ન લાગે ?'

**તારણહાર શ્રદ્ધા-ભક્તિ આગળ ડુબાડનારી ત્રિભુવનસમૃદ્ધિ વિસાતમાં નથી.**

આમ અરિહંતાદિપદની આ શ્રદ્ધા કે,- 'આની આગળ ત્રણ ભુવનનું સામ્રાજ્ય પણ વિસાતમાં નથી,' એ શ્રદ્ધા થવી કઠિન નથી. માત્ર, પાયાની વસ્તુ જગતના ડુબાડનારા પદાર્થો તરફ ઊંચો વૈરાગ્યભાવ જાગતો રહેવો જોઈએ. એ હોય એટલે તારનારા અરિહંતાદિપદ ઉપર ભારે રાગ-આસ્થા-બહુમાન જાગે, અનન્ય શ્રદ્ધા થાય.

તીર્થંકરપણાનાં પુણ્ય માટે ઘણું વિશુદ્ધ સમ્યગ્દર્શન જોઈએ છે, અને એ તો જ આવે કે ઊંચો વૈરાગ્યભાવ હોય. સંસારના પદાર્થમાં ભય નથી દેખાતો કે જિન-ભક્તિ અનહદ નથી તો વૈરાગ્યે ય ક્યાં અને એ વિના સમ્યગ્દર્શને ય શાનું ?

**એવો વૈરાગ્યભાવ બે રીતે આવે,-**

(૧) સંસારના પદાર્થોની ભયંકરતા દેખાઈને વૈરાગ્ય-ભાવ આવે; અથવા

(૨) પરમાત્મા પરની અથાગ અનહદ ભક્તિથી આવે કેમકે એમાં એમ લાગે કે 'આ ભક્તિના આનંદ આગળ જગતના કોઈ પદાર્થનો આનંદ કશી વિસાતમાં નથી.'

દેવપાલને આ અનહદ જિનભક્તિનો આનંદ હતો તેથી દેવીના આગ્રહ છતાં જગતની કશી વસ્તુ માગી જ નહિ. તો પછી હવે જ્યારે દેવીએ કહ્યા મુજબ રાજ્ય મળ્યું, રાજકન્યા મળી, તો એના પર શાનો ઓવારી જાય ?

તમારે અરિહંતપદની આરાધના કરવી છે ને ? તો આ જો જો કે એક ઢોરા ચારવાની નોકરીમાંથી મોટું રાજ્ય અને રાજકન્યા મળે છે, છતાં એના પર દેવપાલ ઓવારી જતો નથી, એને એથી આનંદ-આનંદ થતો નથી, ત્યારે એની જિનભક્તિ પરની શ્રદ્ધા કેટલી બધી ઊંચી ? માણસને દુન્યવી સામાન્ય પદાર્થ મેળવવાના લહારા થાય છે, ત્યારે આને મોટું રાજ્ય-રાજકન્યા મળ્યાની બહુ વિશેષતા નથી

લાગતી. એક જ કારણ, અરિહંત પરમાત્મા ઉપર અનહદ રાગ-ભક્તિ-બહુમાન.

**દેવપાલની મુંઝવણ :-**

દેવપાલ રાજા તો થઈ ગયો, પણ એને હવે એક મુસીબત ઊભી થાય છે. એને રાજ્યગાદી તો સોંપાઈ અભિષેકવિધિથી રાજા બનાવવામાં આવ્યો, પરંતુ પછી એ મંત્રીઓને વિચારણા માટે બોલાવવા મોકલે છે. કોઈ જ મંત્રી એની પાસે આવતો નથી. કેમકે એ બધાને નાનમ લાગે છે કે આ ગઈ કાલનો ઢોરાં ચારનારો નોકર, એ આજે અમારો રાજા ? એને અમે રાજા માનીએ ? ને એની આજ્ઞા માથે ચડાવીએ ?

દેવપાલ મૂંઝાયો કે 'હવે શું કરવું ? દિવાન વિના રાજ્ય શી રીતે ચલાવવું ? કદાચ આખું મંત્રીમંડળ ન આવે, પણ એક મુખ્યમંત્રી તો મારી પાસે હોવો જોઈએ. એ પછી ભલે પેટા મંત્રીઓ નવા નીમી દે. આ તો કોઈ જ આવતો નથી. ત્યારે એમ કરું, મારા જુના શેઠને જ બોલાવું. એમની સલાહ લઉં, અને જરૂર પડ્યે એમને જ મુખ્યમંત્રી બનાવી દઉં. એ વણિક વેપારી છે તેથી બુદ્ધિમાન હોવાથી સારા મુખ્ય મંત્રીનું કામ આપશે.'

**શેઠ પણ અભિમાનમાં :-**

આમ વિચાર કરી એણે અચલદાસ શેઠને બોલાવવા માણસ મોકલ્યો. કરમની કઠણાઈ કેવી કે એ શેઠને પણ અભિમાનથી એમ લાગ્યું કે 'આ વળી ગઈકાલનો મારો નોકર આજે રાજા ? અને મને હુકમ કરે ?' શેઠ સારા ધર્મશ્રદ્ધાળુ છે પણ એમને ય અભિમાન નડ્યું. મોહ વિચિત્ર છે, મોટા ધર્મીને ય અવસરે નડી જાય ! એને ય ગુસ્સામાં ચડાવે, મદમાં ચડાવે, લોભમાં પાડે.

શેઠ પણ ન આવ્યા, એટલે હવે દેવપાલની મૂંઝવણ વધી ગઈ. હવે શું કરવું ? એના મનને થયું કે 'અરે ! આ શું ? મૂળમાં મને પ્રભુભક્તિમાં જ અનહદ આનંદ હતો. તેથી મારે રાજ્ય કયાં જોઈતું જ હતું ? છતાં સામેથી આવીને રાજ્ય મળ્યું, તો ઠીક, પણ મારે એને સંભાળવું કેવી રીતે ? કાંઈ નહિ, મને મારા ભગવાન પાસે જવા દે, એ જ મારો તારણહાર છે. એ જ માર્ગ કાઢી દેશે' દેવપાલની શ્રદ્ધા જોવા જેવી છે.

**ભગવાન પ્રત્યેની અનહદ શ્રદ્ધા-ભક્તિ એ મૂંઝવણમાં ભગવાનનું જ શરણ લેવરાવે છે, કહે છે ને,-**

**'કઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે,'**

કઈ અમર આશા ? આ જ, પરમાત્મા પ્રત્યેના અનન્ય શરણભાવથી પરમાત્મા પાસેથી મૂંઝવણમાં માર્ગ નીકળવાની કે ઇષ્ટસિદ્ધ થવાની સચોટ આશા



જેને ભગવાન પર અથાગ શ્રદ્ધા છે, ભક્તિ છે, એને ખાતરી હોય છે કે ભગવાન મારું રક્ષણ કરશે.

ભગવાન મારું રક્ષણ કરશે કે નહિ ? એવો જેને વસવસો છે, એને ભગવાનના અચિંત્ય પ્રભાવની શ્રદ્ધા નથી. ત્યારે,

**ભગવાન પર તો શ્રદ્ધા છે, પણ એમના અચિંત્ય પ્રભાવ-શક્તિ પર શ્રદ્ધા નથી તો એ ભગવાન પરની શ્રદ્ધા લુલી.**

લુલી શ્રદ્ધામાં મનને એમ, કે 'ભગવાન ભગવાન ખરા, પરંતુ એ આપણું ભલું ન કરી શકે, આપણને સુખ ન આપી શકે,' આ શ્રદ્ધા પાંગળી મોળી, ખબર નથી કે 'ભગવાન તો એવા અચિંત્ય પ્રભાવી છે કે એમનું શ્રદ્ધાથી માત્ર નામ લેતાં ય સુખ મળે ને દુઃખ ટળે.'

**જેનું નામ પણ સુખ આપે એ ભગવાન પોતે સુખ આપનારા નહિ ?**

દેવપાળને આ શ્રદ્ધા છે કે 'જે ભલુ ભગવાન કરી શકશે, એવું બીજો કોઈ નહિ કરી શકે;' તેથી એ મૂંઝવણ લઈને પહોંચ્યો નગરની બહાર જ્યાં પોતે ભગવાનને બિરાજમાન કર્યા છે. જઈને એ ભગવાનને નમસ્કાર કરી પ્રાર્થના કરે છે,-

"હે પ્રભુ ! હે જગન્નાથ ! હે દીનદયાળ ! આપ મારા અંતરમાં હંમેશા જયવંતા વર્તો. હે કૃપાસિંધુ આપની ભક્તિમાં મારે આનંદ-કલ્લોલ છે. મારે કાંઈ રાજ્ય જોઈતું નહોતું. છતાં આપે કૃપા કરી મને રાજ્ય આપ્યું. પરંતુ હે નાથ ! તાબેદાર મંત્રી વગેરે સરંજામ યાને પ્રતાપ અને ઐશ્વર્ય વિનાના રાજાની કિંમત શી ? એ તો હોળીના રાજાની જેમ હાંસીપાત્ર થાય છે. મારી પ્રભુ ! એવી સ્થિતિ બની છે. તો આમાં બિચારી પ્રજાનું શું થાય ? આમાં મને કાંઈ સૂઝ જ નથી પડતી. મારે તારું શરણ છે. હું અબુઝ છું. તું સર્વ વાતે જાણકાર છે. 'હે પરમોપકારી ! એવું કરો જેથી મારી હાંસી ન થાય અને પ્રજાનાં રક્ષણ સાથે આપના ભક્ત તરીકેની મારી આબરુ રહે."

**ચક્રેશ્વરી :-**

દેવપાલ રાજા બનેલો અને કોઈ એનું માને નહિ એ સ્થિતિ જોઈ એ મુંઝાઈ ગયેલો કે કેવી કપરી સ્થિતિ ! પણ પરમાત્માને આ પ્રાર્થના કરતાં, ચક્રેશ્વરી દેવી ત્યાં એને પ્રત્યક્ષ દર્શન આપી કહે છે,-

"દેવપાલ ! જરાય મુંઝાઈશ નહિ. પ્રભુએ તને રાજ્ય આપ્યું તો એ જ જગતદયાળુ પ્રભુ તારી આબરુ રાખશે, તું એટલું જ કર કે એક માટીનો મોટો હાથી બનાવરાવ. પછી એના પર સવારી કરજે એટલે હાથી જીવંત જેવો થઈ ચાલવા માંડશે. એ જોઈ સૌ તારી આગળ આવી નમી પડશે, બધું ય વ્યવસ્થિત

થઈ જશે. દશે દિશામાં તારી કીર્તિ ફેલાશે. તું જરાય ચિંતા ન કરીશ. ફક્ત એટલું ધ્યાન રાખજે કે આમાં ઉન્મત્ત ન બનીશ; ને પ્રભુભક્તિ ન ભૂલીશ."

બસ, આટલું કહી દેવી અંતર્ધાન થઈ ગઈ. દેવપાળને ખૂબ આનંદ થયો, એ ફરીથી પ્રભુનાં સ્તુતિ-ગુણગાન કરે છે,-

'હે દેવાધિદેવ ! આપની કેવી મહાન કૃપા ! હે અશરણ-શરણ ! આપના વિના આ જગતના કર્મ-વિડંબિત જીવોને કોણ આધાર છે ? કોનું શરણ છે ? નાથ ! મારે હંમેશા તારું જ શરણ હો.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૨૦,તા.૧-૨-૧૯૭૫**

અહીં એક નોંધવા જેવી વસ્તુ છે કે દેવપાલને રાજ્ય દેવીનાં વચન અનુસારે મળેલું, છતાં એ મળવામાં પ્રભાવ પ્રભુનો માને છે, તેમજ હવે કાંઈક મૂંઝવણ છે તો એ ટાળવા માટે પ્રાર્થના દેવીને નહિ, પણ પ્રભુને કરે છે.

**પ્રાર્થના કોને કરવાની ? દેવી-દેવતાને ? કે પ્રભુને ?**

જે પ્રભુને મૂકી દેવી-દેવતાને પ્રાર્થના કરવામાં પડે છે એ પ્રભુને ભૂલે છે, પ્રભુનાં અચિંત્ય સામર્થ્યને ભૂલે છે અને દેવી-દેવતાના ઉચ્ચ આશયને ભૂલે છે. સમકિતી દેવોનો આ આશય હોય છે કે 'પ્રભાવ પરમાત્માનો, અમારો નહિ. કદાચ અમારો પ્રભાવ દેખાતો હોય તો તે ય પ્રભુના પ્રભાવને લીધે જ છે; કેમકે પ્રભુના પ્રભાવે જ અમે આ સ્થાન અને શક્તિ પામ્યા છીએ.'

દેવોનો આવા આશય હોવામાં પ્રમાણ શું ?

**પ્રભુને પ્રાર્થનાથી દેવ તુઠે :-**

પ્રમાણ આ, કે જે મનુષ્યો એકાંત પ્રભુની જ ઉપાસનામાં તન્મય થઈ જાય છે, એને એ પ્રભુના અધિષ્ઠાયક દેવ સંકટ ટાળી સંપત્તિ આપે છે. આજે દાખલા સાંભળવા મળે છે કે પ્રાર્શ્વનાથ કે શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની વિશુદ્ધ આરાધનામાં લાગી ગયેલાને ધરણેન્દ્ર કે પદ્માવતી યા મણિભદ્ર સહાય કરે છે. દેવતાની સહાય લેવા માટે દેવતાને કરગરવાની જરૂર નથી.

**પ્રાર્થના કેવી કરવી ? :-**

કરગરવાનું દેવાધિદેવની આગળ. અરે ! કરગરવાનું ય શા માટે ? એનો અર્થ તો એ થાય કે કરગરતા પહેલાં પ્રભુ પ્રસન્ન નહોતા તે પ્રસન્ન કરવા એમને કરગરવાનું. કરગરવાથી પ્રસન્ન થયા આમાં પ્રભુ પર અપ્રસન્નતાનો આક્ષેપ ચડે છે. માટે,



**પ્રભુને કરગવાને બદલે પ્રભુની શક્તિ પર વિશ્વાસ પ્રગટ કરવાનો,-**

'હે પ્રભુ ! તમે અચિંત્ય પ્રભાવી છો. મને વિશ્વાસ છે કે તમારા પ્રભાવે મારાં દુઃખ જવાના જ છે.' પ્રાર્થનાનો આ પ્રકાર આજે અમેરિકાવાળા અજમાવીને અનિષ્ટ ટાળે છે, ઈષ્ટસિદ્ધિ કરે છે. એવા દાખલા બન્યા છે.

વાત એ છે કે દિલમાં સચોટ શ્રદ્ધા જોઈએ કે 'પરમાત્માના અચિંત્ય પ્રભાવે સર્વ સંકટ ટળે છે, અને ધારી સંપત્તિ જ શું, ન ધારેલી સંપત્તિ મળે છે'- આ શ્રદ્ધા હોય તો પ્રભુની આગળ દિલથી આ પ્રાર્થના કરી શકાય કે,-

'હે જગતદયાળુ ! તમે સર્વ શક્તિમાન છો, સકલજંતુવિશ્રામ છો, હું આપનાં શરણે રહેલો છું. મારું કાર્ય આપનાથી સિદ્ધ થવાનું છે એવો મને સંપૂર્ણ વિશ્વાસ છે.'

રોજ ઉભયટંક એક ચોક્કસ સમયે આ પ્રાર્થના કરાતી રહે, તો એ ફળે છે, ને ફળ્યાના દાખલા બનેલા છે.

પરંતુ આ તો હજી જૈનધર્મ નહિ પામેલાની વાત. જૈનધર્મ એથી ય આગળ જાય છે. એ કહે છે આવી પ્રાર્થના તો આશંસાવાળી છે. પરંતુ,-

**નિરાશંસભાવની પ્રાર્થના એથી પણ અધિક બળવાન અર્થાત્ કેઈગુણા ફળને આપનારી છે.**

આ લાવવા માટે ગમે તેવી આપત્તિ આવી હોય, અરે ! અકાળે મરણ જ સામે આવીને ઊભું હોય, છતાં એને ટાળવાની પ્રાર્થના નહિ. ત્યાં તો કર્મ પર અટલ વિશ્વાસ કે પૂર્વ કર્મનાં નિર્ધારિત ફળ તો આવવાના જ, ને તે મારે ભોગવી જ લેવાના. મારાં દુષ્કૃતથી ઊભા થયેલાં કર્મનાં ફળ શાહજોગ ભોગવવામાં મારે આનાકાની શી ? આમાં ઘાલમેલ કરવા જઈશ અર્થાત્.

**આ આપત્તિને ટાળવા મથીશ તો ઊલટું આમાં (૧) આર્તધ્યાન પોષાશે, (૨) ને જડની ચિંતામાં આત્માની ચિંતા ભુલાશે.**

**એના કરતાં આપત્તિનું ને એને ટાળવાનું આર્તધ્યાન ન થાય એ માટે મનને ભગવાનની સ્તુતિમાં અને ભગવાનનું શરણું માગવાની પ્રાર્થનામાં જોડી દઉં.'**

**પ્રાર્થનાના પ્રકારો :-**

એટલે ? આપત્તિમાં પ્રાર્થના તો કરવાની, પરંતુ આપત્તિ ટાળવાની નહિ, કિન્તુ આર્તધ્યાન ટાળનારી, અને ભાવી કાળ સલામત બનાવનારી સ્તુતિ-પ્રાર્થના કરવાની. એમાં,

(૧) એક પ્રકારની સ્તુતિ તરીકે પરમાત્માને નમસ્કાર આવે, પરમેષ્ઠીને નમસ્કાર આવે, દા.ત. 'નમો અરિહંતાણ' 'નમો જિણાણં જિયભયાણં' 'ૐ હ્રીં

પાર્શ્વનાથાય નમઃ' 'ૐ હ્રીં શાન્તિનાથાય નમઃ' વગેરે રટતાં આંખ સામે જાણે પરમાત્મા છે, ને દરેક પદે બાહ્યથી નહિ તો આંતરિક રીતે એમના ચરણે આપણું માથું નમતું છે એ જોવાનું. આ પરમાત્માને નમસ્કાર છે એમ, નવકાર મંત્ર રટાય, એમાં પણ દરેક પદે' 'નમો' બોલતાં આંતરિક રીતે આપણું માથું તે તે પરમેષ્ઠીને નમતું હોય એવી રટણા આ એક પ્રકારની સ્તુતિ.

(૨) બીજા પ્રકારની સ્તુતિ તરીકે ભગવાનનાં ગુણગાન કરાય. એ માટે આંતરદષ્ટિ સામે ભગવાનને લાવી પૂર્વાચાર્યના રચેલાં ભાવવાહી સ્તવન રટાય; તે પણ એનાં પદોના અર્થનાં ધ્યાન સાથે.

(૩) ત્રીજા પ્રકારની સ્તુતિ તરીકે મનથી જિનમંદિરો અને તીર્થો જુહારતાં, યાદ આવે તે તે ભગવાન મનની સામે લાવી એમની એમની સ્તુતિ કરવાની, અને પછી એ એકેક ભગવાનને ખમાસમણાંનું સૂત્ર વ્યસ્થિત બોલી વ્યવસ્થિત ૩-૩ ખમાસમણાંનું સૂત્ર જાણે હાથ જોડી સૂત્ર બોલી કાયાથી ખમાસમણાં દેતા હોઈએ એ રીતે મનથી દેવાનાં.

(૪) ચોથા પ્રકારની સ્તુતિ-પ્રાર્થના તરીકે ભગવાનના શરણની પ્રાર્થના. એમાં પણ પ્રભુને કહેવાનું 'હે પ્રભુ ! આ સંયોગમાં શું કરવું એની મને ખબર નથી પડતી. ('પંચસૂત્ર' શાસ્ત્ર મુજબ,-) 'અણાઈમોહવાસિએ મૂઢે અમ્હિ પાવે, અણભિન્ને ભાવઓ' હે ભગવંત ! હું અનાદિથી ચાલી આવતા મોહથી વાસિત પાપી આત્મા છું; રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ-મદ, હિંસા-જૂઠ-ચોરી વગેરે વગેરે પાપોથી ભરેલો છું, અને ભાવથી અનભિજ્ઞ છું, અર્થાત્ વાસ્તવિક રીતે જોતાં મારામાં કશી સૂઝ-બુજ નથી. મારે તમારું શરણ હો.' આમ કહીને 'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહુ મે સરણં, કેવલિપન્નત્તો ધમ્મો મે સરણં, એમ હાથ જોડીને બોલતાં, સહેજ માથુ નમાવી, જોડેલા હાથ કપાળે લગાડી 'મારે અરિહંત ભગવાનનું શરણ હો. મારે સિદ્ધ ભગવાનનું શરણ હો. મારે સાધુ મહારાજોનું શરણ હો,' મારે સર્વજ્ઞકથિત ધર્મનું શરણ હો,' બોલવાનું.

**પ્રાર્થના સાથે મૈત્રીભાવના :-**

આ પ્રાર્થના-સ્તુતિ કરતાં એ ધ્યાનમાં રાખવાનું કે દિલમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, સ્નેહભાવ જોઈએ, ચાહ્ય માથાવાઢ દુશ્મન હોય તો ય એના પર લેશમાત્ર વૈર-વિરોધ-દ્વેષ નહિ, પણ મૈત્રીભાવ-સ્નેહભાવ રહે. સૌના ભલાની કામના રહે. સૌનાં પાપ અને દુઃખ દૂર થવાની ભાવના રખાય.

આ રાખીને પ્રાર્થના-સ્તુતિ-નમસ્કાર કરાય, શરણ મંગાય. આમાં ઉદ્દેશ એક જ કે ભૂતકાળનાં દુષ્કૃતથી અહીં તો બગડ્યું છે, પણ હવે આ બગાડા પર મન



બગાડી ભવિષ્ય બગડવાનું ન થાય. એ માટે આ પ્રાર્થના-સ્તુતિ. તેમ શાસ્ત્ર કહે છે કે અંતકાળ જો આર્તધ્યાન અને અસમાધિમાં જાય તો પરભવે દુર્ગતિમાં જવું પડે; એના બદલે જો મૈત્રીભાવ સાથે પરમાત્માને પ્રાર્થના-શરણ સ્વીકાર અને નવકારમંત્રનાં-સ્મરણમાં જાય, તો પરલોકમાં સદ્ગતિમાં જવાનું થાય.

જ્ઞાનીઓના આ હિસાબ પર મનને એમ થાય કે 'ભલે મોત નજીકમાં સામે દેખાતું હોય તો એની હાયવોયમાં પડી પરભવ કાં બગાડું ? એના બદલે લાવ, પ્રભુને પ્રાર્થના કરું, સ્તુતિ કરું પ્રભુનું શરણ લઉં.'

આમ પ્રાર્થના કોઈ ઐહિક એટલે કે આ ભવની આપત્તિ ટાળવાની આશંસાથી નહિ, કે અહીંની જડ સંપત્તિ-સામાનને પામવાની આશંસાથી નહિ. કિન્તુ,

**આર્તધ્યાનાદિથી બચવા માટે પ્રભુસ્તુતિમાં રહેવાય એ નિરાશંસભાવવાળી શ્રેષ્ઠ પ્રાર્થના કહેવાય.**

એનાં ફળ અલૌકિક ! અદ્ભુત ! એની આગળ લૌકિક આશંસાથી કરેલ પ્રાર્થનાનાં ફળ વિસાતમાં નહિ, કારણ સ્પષ્ટ છે,-

**નિરાંશસભાવની પ્રાર્થનામાં હૃદય વધુ પવિત્ર છે.**

દા.ત. બે જણને તાવ આવ્યો હોય, બે ય એમાં 'પ્રાર્થના-સ્તુતિ કરતા હોય, પણ એક જણ તાવ ટાળવા માટે કરતો હોય, ને બીજો તાવમાં ખોટા સંકલ્પ-વિકલ્પ ને અસમાધિ-દુર્ધ્યાન ન થાય એ માટે કરતો હોય તો બોલો, કોનું હૃદય વધારે પવિત્ર ગણાય ? વધારે વિવેકવાળું અને ઉચ્ચ ઉમદા અભિલાષાવાળુ ગણાય ? બીજાનું જ ને ? જેણે આ લક્ષ રાખ્યુ કે,

**તાવ એ આત્માના પૂર્વ ગુનાથી વર્તમાનમાં કાયાનો રોગ ખરો, પરંતુ આત્માનો વર્તમાન ગુનો નથી. જ્યારે તાવ પર સંકલ્પ વિકલ્પ-આર્તધ્યાન એ આત્માનો વર્તમાન ગુનો છે.**

એથી આત્માને અશુભ ભાવને લીધે અનેકાનેક પ્રકારની પાપ-પ્રકૃતિઓ બંધાય છે. એક બાજુ પૂર્વ કર્મનું જોર હોય ત્યાં સુધી સહવાનું તો ખરું જ પણ બીજી બાજુ અસમાધિ દુર્ધ્યાન અને સંકલ્પ-વિકલ્પ કરીને પાપકર્મના પોટલા બાંધવાનું થાય.

આ વિશેષતા સમજવા જેવી છે. વર્તમાનમાં રોગ પીડા, ગરીબી-અનિષ્ટસંયોગ વગેરે કોઈ તકલીફ હોય એ આત્માનો વર્તમાન ગુનો નથી. એમાં શરમાવાનું કે સંકોચ પામવા જેવું નથી. પરંતુ આર્તધ્યાન કરીએ એ વર્તમાન ગુનો છે. શરમાવાનું એમાં છે. ત્યારે, ગરીબી રોગ વગેરે ઉપર પાપ બંધાવાની સજા નથી થતી; કિન્તુ અસમાધિ-દુર્ધ્યાન-ખોટા વિચાર પર પાપ બંધાવાની સજા ઊભી થાય છે.

કુમારીનું કોઈ રોગથી પેટ ઊંચું થાય એ કાંઈ એનો ગુનો નહિ, એમાં એને શરમાવાનું નહિ, કે એને લોકનિંદાની સજા નહિ. પરંતુ કુશીલથી એનું પેટ ઊંચું થાય એ એનો ગુનો ગણાય, એમાં એને શરમાવાનું છે, લોકનિંદાની એ સજા પામે છે.

આ જ હિસાબ પાપોદય અને પાપાચરણ વચ્ચે છે.

**પાપોદય એ વર્તમાન ગુનો નહિ, પણ પાપાચરણ એ વર્તમાન ગુનો.**

પાપોદય હોય એટલે રોગ આવે, ગરીબી આવે, કોઈની દબામણી અપમાન આવે, પરંતુ એ કાંઈ કોઈ ખોટું કામ કર્યું નથી, વર્તમાનમાં ગુનો નથી. એથી લોકમાં નિંદા નથી થતી. ત્યારે જો એમાં આડાઅવળા ગોરખધંધા કર્યા, જૂઠ-માયા-વિશ્વાસઘાત-રૌદ્રધ્યાનની પ્રવૃત્તિ કરી, તો એ પાપાચરણ છે, એ ગુન્હો છે. એમાં લોક નિંદા કરે. શરમાવાનું આ પાપાચરણમાં છે. ગરીબી વગેરે પાપોદયમાં શરમાવાનું શું ?

તાત્પર્ય, પાપ ભોગવતાં શરમાઓ નહિ, પાપ આચરતા શરમાઓ. પાપ ભોગવવામાં પાપ નથી બંધાતા; પાપ આચરવામાં પાપ બંધાય છે. માટે રોગથી પાપબંધ નહિ, પણ ખોટા વિચાર અસમાધિ દુર્ધ્યાનથી પાપ બંધાય; કર્મબંધથી સજા ઊભી થાય. એટલે જ આ જાગૃતિ પળે પળે રાખવી જોઈએ, કે-

**"એવી અશુભ કર્મબંધની સજા લાવનાર અસમાધિ-દુર્ધ્યાનનો ગુનો મન ન કરી નાખે એ માટે મનને નવકારમંત્રની રટણાદિમાં જોડી દેવા દે."**

બસ, આ હિસાબે નવકાર ગણનાર કેવો શાણો વિવેકી અને નિર્મળ નિસ્પૃહી હૃદયવાળો છે ! નવકાર ગણવા છતાં ય એને તાવ ન ઊતરે તો ય હાયવોય નહિ, કે નવકારની શ્રદ્ધા ઓછી થવાની વાત નહિ; કેમકે નવકાર એણે તાવ ઉતારવા માટે ગણ્યો જ નથી. એણે નવકાર-સ્મરણનું ફળ તાવ મટવાનું માન્યું જ નથી કે જેથી એ ફળ ન દેખાયું તો નવકારની શ્રદ્ધા ઘટે. એણે તો નવકારનું ફળ સંકલ્પ-વિકલ્પ-દુર્ધ્યાન અટકવાનું માન્યુ છે, ને તે તો નવકાર ગણતાં પ્રત્યક્ષમાં અનુભવી રહ્યો છે. તેથી તો એની શ્રદ્ધા કદાચ વધે છે કે 'અહો ! આ નવકારનો કેવો પ્રભાવ અને કેટલો બધો ઉપકાર કે એના આલંબને પાપ વિચારો અને દુર્ધ્યાનથી બચું છે !'

**લૌકિક લાભ માટે ધર્મ કરનારને જોખમ :-**

ત્યારે, તાવ ઉતારવા માટે નવકાર ગણનારને આ જોખમ છે કે કદાચ અશુભનો ઉદય તીવ્ર હોય તો તાવ ન ઊતરે એટલે પછી મનને વસવસો થશે કે 'આજે નવકારમાં પ્રભાવ નથી દેખાતો.' આ શું થયું ? નવકાર પરથી શ્રદ્ધા ઊઠી. નવકારમાં પ્રભાવ નથી ? કે તારી શ્રદ્ધામાં પ્રભાવ નથી ?

સારાંશ, નવકાર એટલે પંચ પરમેષ્ઠીને નમસ્કાર છે. નમસ્કાર એક પ્રકારની



સ્તુતિ છે. સ્તુતિ-પ્રાર્થના નિસ્પૃહભાવે કરો એનો પ્રભાવ જબરદસ્ત. એ નિષ્ફળ જાય જ નહિ ત્યારે એ જ સ્તુતિ-પ્રાર્થના જો લૌકિક સ્પૃહા રાખીને આશંસા રાખીને કરો, તો એનો પ્રભાવ મામૂલી, કદાચ ધારેલું ફળ ન પણ લાવે. એટલે સમજાશે કે,

'પ્રભુ ! મને વિશ્વાસ છે કે તારા પ્રભાવે મારું કામ થશે જ એમ લૌકિક સ્પૃહાથી પ્રાર્થના કરાય એના કરતાં પ્રભુ ! તારી પ્રાર્થના-સ્તુતિ કરવામાં મારે ખોટા વિચાર અને હાયવોયથી બચાય છે, એ તારો મોટો પ્રભાવ છે.' એમ પ્રાર્થના કરાય એ ઉચ્ચકોટિની પ્રાર્થના છે. જૈનધર્મ પ્રાર્થનાનો આ ઊંચો ઉદ્દેશ બતાવે છે, એ જૈનધર્મની અનેરી વિશેષતા છે.

**નિરાશંસભાવની પ્રાર્થનાનો લૌકિક પ્રભાવ : ગુલાબચંદ :-**

ત્યારે આવી પ્રાર્થનાનો લૌકિક દૃષ્ટિએ પણ ઓછો પ્રભાવ ઓછું ફળ છે એમ સમજતા નહિ. પેલા કેન્સરવાળા ગુલાબભાઈનો દાખલો યાદ છે ને ? કેન્સરમાં એમને હવે મોત ૨-૪ કલાકમાં જ થવાનું દેખાયું ત્યાં એમણે પ્રાર્થના એટલે કે નવકારરટણ અને મૈત્રીભાવના શરૂ કરી દીધી; પણ તે કેન્સર મટાડવાના ઉદ્દેશથી જરાય નહિ, કિન્તુ આ લક્ષથી કે આ કરું તો કેન્સરની હાયવોય થાય નહિ, મન બગડીને દુર્ગતિમાં જવાનું ન થાય, ને શુભ ભાવથી સદ્ગતિમાં જવાનું થાય; જેથી ત્યાં ધર્મ મળે' આમાં વર્તમાન ભયંકર પણ દુઃખ ટાળવાની તમન્ના નહોતી, કે પરલોકમાં સારાં દુન્યવી સુખ મેળવવાની લાલસા નહોતી, એમ નિસ્પૃહભાવની એ પ્રાર્થના હતી, તો એનો પ્રભાવ એવો પડ્યો કે કેન્સરની ગાંઠ ત્યાં જ ફાટી ગઈ, મોત અટકી ગયું, રોગ મટી ગયો.

'માટે આ કહેવાય છે કે નિસ્પૃહભાવની પ્રાર્થનાનો પ્રભાવ અને ફળ જબરદસ્ત હોય છે. એમાં કદાચ આયુષ્ય જ લાંબુ ન હોય અને મોત પણ આવી જાય તો ય પરભવમાં સદ્ગતિરૂપી મહાન ફળ તો મળે જ. કેમકે શાસ્ત્રો કહે છે,-

**નવકારમંત્ર અને મૈત્રીભાવનામાં જેનું મૃત્યુ થાય એને સદ્ગતિ નક્કી.**

આમ છતાં કોઈ એવી આપત્તિ આવી હોય કે જેમાં મોત ન હોય, અને ચિત્ત આકુલવ્યાકુલ રહે એવી અસહ્ય પીડા હોય, તો એ ટાળવા માટે પ્રભુને પ્રાર્થના કરવાનો નિષેધ નથી. 'જય વીયરાય' સૂત્રમાં 'ઇટ્ઠફલસિદ્ધિ' માગીએ જ છીએ. ફક્ત એમાં આશય ચિત્તની વ્યાકુળતા-અસમાધિ ટાળવાનો. ને એ માટે પીડા આપત્તિ ટાળવાનો હોય; પરંતુ એ ટાળીને પછી લહેરથી દુન્યવી વિષયસુખોમાં મહાલવાનો આશય નહિ. અરિહંત પ્રભુના અચિંત્ય પ્રભાવ પર અખૂટ શ્રદ્ધા અને શુદ્ધ આશય રાખી આ પ્રાર્થના કરીએ એમાં શાસ્ત્રનો નિષેધ નથી.

દેવપાળને મહાઆપત્તિ આવી હતી, રાજ્ય મળ્યું પણ મંત્રી દિવાન વગેરે

કોઈ આજ્ઞા માનવા તૈયાર નહોતા, અને દેવપાળને એક પૂર્વના નોકર તરીકે હલકો દેખતા હતા. ત્યારે દેવપાળને પ્રભુ પર અથાગ ભક્તિ-શ્રદ્ધા હતી તેથી એ પહોંચ્યો ગામ બહાર નદી કિનારા પાસે, જ્યાં પોતાને ઋષભદેવ ભગવાનની પ્રતિમા મઢુલીમાં સ્થાપિત કરી છે, ત્યાં જઈને પ્રભુને પ્રાર્થના કરે છે, કે

'પ્રભુ ! તારી ભક્તિના બદલામાં મારે રાજા બનવાની કોઈ સ્પૃહા નહોતી છતાં તેં મને રાજા બનાવ્યો પણ મારે તાબેદાર મંત્રી વગેરે સરંજામ વિનાના હોળીના રાજા જેવો રાજા બનીને શું કરવાનું ? અને રાજા વિના પ્રજાનું શું થશે? હું તારે શરણે છું. મને આમાં કાંઈ સૂઝ નથી પડતી. હું અબૂઝ છું. હું એકમાત્ર તને જાણું છું, મારે એકમાત્ર તારું શરણ છે. તું કરશે એ જ થશે અને એજ બરાબર.'

**દેવપાળની પ્રાર્થનામાં શાંતિના ૫ માર્ગ :-**

દેવપાળે જે આ સ્તુતિ-પ્રાર્થના કરી એ આપણને પણ ગમે તેવી મૂંઝવણમાં, શાંતિ માટે શું કરવું, એનો માર્ગ દેખાડે છે. શો માર્ગ ? આ જ કે

(૧) જાતનું ઘમંડ મૂકી દેવાનું, જાતને અબૂઝ લેખવાની,

(૨) જગતની આશા મૂકી દેવાની;

(૩) પરમાત્માની અચિંત્ય શક્તિમાં અથાગ વિશ્વાસ

(૪) પરમાત્માનું અનન્યભાવે શરણું સ્વીકારવાનું;

(૫) એ શરણ લીધા પછી જે પરિણામ આવે એને બરાબર ગણી વધાવી લેવાની તૈયારી રાખવાની,

આપત્તિ મૂંઝવણમાં જો આ પાંચ મુદ્દા દિલમાં ઊતારી દેવાય, તો દિલને શાંતિનો અનુભવ થાય છે. 'પ્રભુ ! હું અબૂઝ છું, મને કાંઈ આમાં સમજ પડતી નથી. મારે એકમાત્ર તારું શરણ છે,'- આ ભાવ દિલમાં લાવતાં જ રાહતનો અનુભવ થાય છે. અજમાવી જો જો આ ઉપાય.

દેવપાળે પ્રભુની આગળ આ પ્રાર્થના કરી, એનો પ્રભાવ જુઓ, ચક્રેશ્વરી દેવી પ્રગટ થયા, અને દેવપાળ કહે છે,-

'હે દેવપાળ ! તું ચિન્તા કરીશ નહિ, તારે જરા પણ દિલમા ખેદ કરવાની જરૂર નથી, હું કહું તે પ્રમાણે તું કર, મોટા મંત્રીથી માંડી સર્વ જનો તારે તાબે થઈ જશે...'

દેવપાળે હમણાં જ પ્રાર્થના કરી છે, પ્રભુનું શરણું લીધું છે, ને હમણાં જ શાસનદેવી પ્રગટ થઈ આશ્વાસન આપે છે, એ જોઈ એની આંખ ઊંચી થઈ જાય છે. એનાં મનને પરમાત્માની ભક્તિનો અને એ દ્વારા પરમાત્માનો પોતાની ઉપર અચિંત્ય પ્રભાવ અને અપરંપાર ઉપકાર નજર સામે આવી જાય છે, એમ થાય છે



કે 'વાહ ! પ્રભુની મારા પર કેટલી બધી દયા ! કેટલી બધી કરુણા છે ! આ પ્રભુ વિના બીજો કોણ આવો ઉપકાર કરી શકે ?'

**મૂળ ઉપકાર પ્રભુનો :-**

જોવાની ખૂબી એ છે કે સાક્ષાત્ ઉપકાર કરવા તો દેવી આવી છે, ભગવાન નહિ; છતાં એ ઉપકાર પ્રભુનો જોઈ રહ્યો છે કેમકે એ સાચું જ જુએ છે કે મૂળમાં આ પરમાત્માનો જ પ્રભાવ છે એટલે અધિષ્ઠાયક દેવો સેવામાં હાજર થાય છે. કેમકે એ દેવો પણ સમજતા હોય છે કે 'અમે પોતે આટલે ઊંચે દેવગતિ સુધી ચડ્યા હોઈએ તો આ અરિહંત પરમાત્માના પ્રભાવે; અને આગળ ઉપર પણ સદ્ગતિમાં અને મોક્ષે પહોંચાશે તે આ દેવાધિદેવના જ પ્રભાવથી.' માટે દેવોએ જેમને માન્યા એ અનન્ય ઉપકારી હોય તો આ પ્રભુ જ છે. તેથી મારે એમનું જ શરણ હો.'

આ ખ્યાલથી દેવપાલ ચક્રેશ્વરી પર નહિ પરંતુ અરિહંત પ્રભુ ઉપર ઓવારી જાય છે અને પ્રભુની સેવિકા ચક્રેશ્વરી દેવી શો ઉપાય કહે છે તે સાંભળવા આતુર છે. દેવીએ એની ચિંતા નિવારવા કેવો મજેનો ઉપાય કહ્યો,-

કુંભાર પાસે એક માટીનો મોટો હાથી બનાવરાવી પછી એના પર સવારી કરવા કહ્યું એટલે એ જીવંત હાથીની જેમ ચાલવા માંડે, એના પર આખા નગરમાં ફરવાનું, એ જોઈને મંત્રીઓ વગેરે સેવકજન નમતા આવશે, અને ક્ષમા માગી તાબે થઈ આજ્ઞા ઉઠાવવા તત્પર બનશે. નગરવાસીઓ પણ નમશે. એવી હૈયાધારણ આપી દેવીએ છેલ્લે કહ્યું,- 'એટલું ધ્યાનમાં રાખજો કે આ રાજ્યપાટના વૈભવ અને ઠકરાઈમાં તું મદાંધ-વિષયાંધ ન થઈશ; ભગવાનની ભક્તિ ન ભૂલીશ...'

દેવી આટલું કહીને અંતર્ધાન થઈ ગઈ. એ સાંભળીને દેવપાલમાં ઉત્સાહ આવી ગયો. પ્રભુને વારંવાર નમસ્કાર કરતો કહે છે, 'નાથ ! આપે આ સેવક ઉપર અપાર ઉપકાર કર્યો. કેવા આપ દયાળુ ! કેવા સેવક જનવત્સલ ! આપને મારા કોટિ નમસ્કાર !'

**પહેલો પ્રભાવ ચમત્કારનો :-**

ત્યારે શું માટીનો હાથી ચાલવા માંડે એટલા માત્રથી લોકો નમતા આવે ? હા, જગત ચમત્કાર દેખે ત્યાં નમસ્કાર કરે છે. માટે તો જુઓ કે લોક તીર્થંકર ભગવાનને નમવા આવે છે એ પહેલાં તો ચમત્કાર જોઈને, પ્રભુની પુણ્યાઈના બળે જે અષ્ટ પ્રાતિહાર્ય, નવ કમળ, અને સમવસરણ સર્જે છે, એ ચમત્કારિક સર્જન જોઈને લોકો પ્રભાવિત થઈ દોડ્યા આવે છે, અને પ્રભુને નમે છે, પ્રભુની વાણી સાંભળે છે, વાણીનાં તત્ત્વથી પ્રભાવિત બને છે. આમ પહેલાં ચમત્કારનો પ્રભાવ પડે છે; તેથી દેવીએ એ ગોઠવી આપ્યું છે.

દેવપાલ રાજમહેલમાં પહોંચ્યો. કુંભારોને તથા શિલ્પીઓને બોલાવી એમની પાસે માટીનો મોટો હાથી બનાવરાવ્યો. પછી પોતે એના પર અંબાડી મૂકાવી એમાં આરૂઢ થાય છે. માવતને સૂચના આપી એના પર હાંકવા બેસાડ્યો. હવે હાથી ચાલવા માંડે છે, માવત જેમ હાંકે તેમ આગળ પગલા માંડે છે. લોકો જુએ છે,- 'આ શું ? માટીનો હાથી ને એ જીવતાની જેમ ચાલે છે !'

**લોકો-મંત્રીઓ પર ચમત્કાર :-**

માટીના હાથીને ચાલતો જોઈ લોકો સ્તબ્ધ થઈ ગયા. રાજમાર્ગો પર હાથીને ફરતો જોઈ લોકોને થયું કે 'આમ તો માટીનો હાથી ન ચાલે. માટે જરૂર આ રાજાને કોઈ દેવતાની સહાય લાગે છે,' લોકો નમસ્કાર કરતા 'જય હો ! જય હો ! મહારાજાધિરાજ દેવપાલનો' એમ જયજયકાર પોકારે છે. આખા નગરમાં ગાજતો આ નાદ ગગનભેદી બને છે, ને તે દિવાન-મંત્રીઓ સુધી પહોંચી જાય છે.

હવે પેલા દિવાન-મંત્રીઓ અને બીજા અમલદારો શાના ઝાલ્યા રહે ? એમના મનને ય થયું કે 'આ કોઈ સામાન્ય પુરુષ નથી, આમને તો દેવતા સહાયમાં લાગે છે, નહિતર માટીનો હાથી જીવતા હાથીની જેમ શાનો ચાલવા લાગે ? ત્યારે જો આ રાજાને દેવતા પડખે હોય, તો તો આપણા બાર જ વાગી જવાના; કેમકે આપણે એમની આજ્ઞા નથી માની, આપણે એમનો અવિનય કર્યો છે. માટે 'પાણી પહેલાં બાંધો પાળ,'- એ ન્યાયે એવી કોઈ ભારે સજા આવી પડે એ પહેલાં જ ચાલો જઈને એમના પગે પડી માફી જ માગી લઈએ.'

મંત્રીઓ વગેરેએ આ વિચાર કરી બેઠા ત્યાંથી તરત ઊઠીને આવી દેવપાલ રાજાના ચરણમાં મસ્તક ઝુકાવ્યું. અને માફી માગી કે,

'હે મહારાજાધિરાજ ! અમને ક્ષમા આપો. અમે આપનો ઘોર અવિનય કર્યો છે, આપની આજ્ઞા નથી માની એ અમારો મોટો અપરાધ છે. અમે આપની દયા માગીએ છીએ. અમારા ગુનાની માફી આપો. અમે આપને ખરેખર ઓળખ્યા નહિ. એ અમારી કમનસીબી છે. આપની પાસે દેવી સહાય છતાં આપે અમારા જેવા અધમ ગુનેગારને કશી સજા નથી કરી, આપની મહાન ઉદારતા છે. આપે અમને ઠપકાર્યા પણ નથી એ આપની મહાન ગંભીરતા છે. આપ હવે આજ્ઞા કરો એ ઊઠાવવા આ સેવકો તૈયાર છે.'

જુઓ, દેવપાળ એક ઢોરા ચરાવનાર નોકર, પણ અરિહંત પરમાત્માની નિર્મળ ભક્તિ કરનાર બન્યો, તો અત્યારે કેટલી ઊંચી સ્થિતિ પર આવી ગયો છે?



પણ આને એ ભક્તિનું ફળ નથી માનતો, છતાં આમ બની આવવામાં એ અરિહંત પ્રભુનો જ અચિંત્ય પ્રભાવ સમજે છે, ને એ પ્રભુનો જ અનુપમ ઉપકાર માને છે.

વીસસ્થાનકમાંનાં પહેલા અરિહંતપદની આરાધના કરવી છે ને ? તો જુઓ,-

**અરિહંતની ભક્તિ પછી પ્રાપ્ત થતા લૌકિક લાભને ખરું ફળ નહિ, પણ ઉત્તરોત્તર ભક્તિ આદિ વધે, તથા અંતે મોક્ષ મળે એને જ ભક્તિનું ખરેખરું ફળ મનાય.**

**આમ છતાં લૌકિક સુખ-સગવડ મળવામાં કારણભૂત અરિહંતનો જ અચિંત્ય પ્રભાવ અને અનન્ય ઉપકાર મનાય.**

**આ બંને માન્યતા અરિહંતપદની આરાધનામાં આવે.**

**સુખસાધનને ભક્તિનું ફળ કેમ ન મનાય ?**

આનું કારણ સ્પષ્ટ છે, અરિહંતની આરાધના કરવી હોય તો અરિહંત પર અથાગ શ્રદ્ધા-પ્રીતિ તો જોઈએ જ ? એ શ્રદ્ધા-પ્રીતી હોય એટલે દુન્યવી સુખ-સાધન તુચ્છ લાગી એના પર એવી પ્રીતિ ન રહે. મન સમજે કે 'અરિહંતની આરાધના આ જગતમાંની જન્મ-મરણની જંજાળમાંથી છૂટવા માટે કરું છું, અને જગતનાં સુખસાધનો તો મોહ કરાવીને જન્મ-મરણની જંજાળ વધારનારા છે. પછી એના પર શો રાગ કરું ?' આમ લૌકિક ફળ તરીકે દુન્યવી સુખ-સાધન પર એવો રાગ એવી આસ્થા-પ્રીતિ જ નહિ પછી શું કામ એને અરિહંતની ભક્તિનું ખરેખરું ફળ માને ?

**ભક્તિનું ફળ ભક્તિ જ કેમ માગવાનું ? :-**

અરિહંત પરમાત્માની ભક્તિ કરે છે તે શુદ્ધ આત્મા-પરમાત્મા બની મોક્ષ પામવા માટે. ને એ માટે અરિહંતની ઉત્કૃષ્ટ ભક્તિ જોઈએ;- એવો ભક્તિભાવ જોઈએ કે પોતાનો આત્મા અરિહંત પરમાત્મા સાથે એકાકાર જેવો થઈ ગયો હોય ત્યારે વર્તમાનમાં જે ભક્તિ કરે છે, દિલમાં જે ભક્તિભાવ ધરે છે, એ તો હજી બહુ સામાન્ય છે; કેમકે એ હોવા છતાં હજી ખાનપાન-શરીર વગેરે કેટલુંય મનમાં આવે છે, એટલે દિલના આ ભક્તિભાવમાં ઘણો ઘણો વિકાસ કરવાનો ઊભો જ છે, માટે વર્તમાન ભક્તિના ફળ તરીકે આ જ કામના રહે કે વિશેષ ભક્તિ મળો, અર્થાત્ હૈયામાં ભક્તિભાવ વધો.

વાત આ છે કે ભગવાનની ભક્તિ શા માટે કરવાની એનો સાચો ઉદ્દેશ બરાબર ખ્યાલમાં હોય તો ભક્તિનું ફળ ભક્તિ જ માનવાનું ને માગવાનું રહે. એના બદલે ભળતા જ ઉદ્દેશ હોય કે ઉદ્દેશ વિના માત્ર ગતાનુગતિ ભક્તિની પ્રવૃત્તિ હોય એટલે ભક્તિનું ફળ ભક્તિ માનવાનું મનમાં જ ન આવે.

જરા શાંતિથી બેસી પહેલાં કહ્યું તેમ વિચારો કે 'હું ભગવાનની ભક્તિ શા માટે કરું છું ? જો ભવના ફેરામાંથી જન્મ-મરણની જંજાળમાંથી છૂટવા કરું છું, તો એ માટે તો પરમાત્મામાં જેટલી વધારે પ્રીતિભક્તિ ધરું એટલું જગતને વધારે ભૂલવાનું થાય; ને એમ જગતને ભૂલી પરમાત્મા સાથે એકાકાર થયા વિના નહિ ચાલે; કેમકે વીતરાગ પરમાત્માની સાથે એકાકાર થઉં તો જ જગત પ્રત્યેના રાગાદિનાં બંધન છૂટે, ને વીતરાગ બની ભવના ફેરામાંથી છૂટાય.'

સારાંશ,

**ભક્તિભાવ પરમાત્મામાં તદ્દન એકાકાર થવા સુધી વધારવાનો છે; માટે ભક્તિનું ફળ ભક્તિનો વિકાસ માગવાનો છે. એ ઉત્કૃષ્ટ વધતાં જગત પરનો રાગ નાબૂદ થાય.**

**મૂળમાં રાગાદિ એ ભવનું બીજ છે. રાગાદિથી કર્મ અને કર્મસંયોગથી ભવ, સંસાર રાગ જતાં ભવનો અંત.**

અથવા ભવ એટલે ચાર ગતિમાં ભવન=જન્મ, એનું બીજ કર્મ; ને એ કર્મબીજના અંકુર શરીરાદિ દુઃખો એ ભવ, બીજ અને અંકુરને ઉત્પન્ન કરનાર મૂળમાં રાગાદિ છે. વીતરાગ પરમાત્માએ પોતાના આત્મામાંથી એનો સર્વથા ક્ષય કર્યો છે. તેથી હવે એમને કર્મ, જન્મ અને શરીરાદિ કશું થવાનું નથી. કહ્યું છે,-

**'भवबीजाङ्कुरजनना, रागादयः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥'**

અર્થાત્ 'ભવ, બીજ (કર્મ) અને અંકુર શરીરાદિની જે મૂળ કારણમાંથી ઉત્પત્તિ છે એ રાગાદિ જેના ક્ષય પામી ગયા છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, શંકર હો કે જિનેશ્વર હો, એમને હું નમસ્કાર કરું છું.'

સારાંશ, રાગાદિ કાઢે તો ભવના ફેરા મીટે. આ રાગાદિ જગતના પદાર્થો ઉપર થાય છે, તેથી રાગાદિને હટાવવા જગતને ભૂલવું જોઈએ, ને એ ભૂલવા માટે વીતરાગ પરમાત્માની સાથે એકાકાર થવું જોઈએ. એ જ પરમાત્મા પ્રત્યે ઉત્કૃષ્ટ ભક્તિભાવ છે. તેથી સહજ છે કે પરમાત્માની ભક્તિ પરમાત્મામાં એકાકાર થવા માટે કરનારો એના ફળમાં વિશેષ વિશેષ ભક્તિભાવને જ ઈચ્છે; પણ લૌકિક દુન્યવી સુખસાધનને નહિ.

આ તો 'ભક્તિનું ફળ ભક્તિ' એની વાત થઈ પરંતુ 'ભક્તિ કર્યા પછી લૌકિક સુખસાધન મળી ગયા. તો એમાં શું માને ?' જો એ વાત વિચારીએ તો આ જ માનવાનું કે 'આ સુખસાધન મળ્યા એ અરિહંત પરમાત્માનો જ ઉપકાર છે. એમના પ્રભાવે જ આ જગતના પણ સુખ મળે, સદ્ગતિ મળે.'



આ માનવાનું એટલા માટે જરૂરી છે કે જો અરિહંત ઉપર શ્રદ્ધા છે, પણ એમના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા નથી, તો એમાં તો મન એમ માની રહ્યું છે કે 'અરિહંત પ્રભુ સાચો માર્ગ બતાવનારા; પરંતુ મને જે સુખ-સદ્ગતિ મળે એ મારી આરાધનાથી મળે. એ ફળમાં ઉપકારક મારી આરાધના, પ્રભાવ હોય તો આરાધનાનો,'

**પ્ર.**- મન આમ માને એમાં ખોટું શું છે ?

ઉ.- ખોટું એ કે અરિહંતનો પ્રભાવ ન માનવાથી કૃતજ્ઞતા જ ભૂલે. ઉપકાર આરાધનાનો જ લાગે.

**પ્ર.**- આરાધના ન કરે તો શું અરિહંતનો પ્રભાવ ફળ આપે ? ના, આરાધનાના પ્રભાવે જ ફળ મળે છે, પછી અરિહંતનો પ્રભાવ-ઉપકાર શી રીતે ?

ઉ.- અરિહંતનો પ્રભાવ આ રીતે, કે પહેલું તો આરાધના કરવા શી રીતે પામ્યો ? જો અરિહંતે આરાધનામાર્ગ ન બતાવ્યો હોત, તો શી રીતે આરાધના જ કરવા પામત ? તો તો મૂળ પાયામાં માર્ગ બતાવનારનો જ ઉપકાર નથી માનવો ?

**મંત્ર આપનાર ઉપકારી ? કે મંત્રારાધના ઉપકારી ? :-**

આ તો એના જેવું થયું કે કોઈ જોગીએ અલૌકિક મંત્ર બતાવ્યો, પછી એ મંત્રની આરાધના કરી ઈષ્ટ ફળ મળ્યું, ત્યાં જાતવડાઈ લેવી છે કે ફળ મારી આરાધનાથી મળ્યુ; પ્રભાવ મારી આરાધનાનો, યોગીનો કશો પ્રભાવ નહિ ! ઉપકારક આરાધના, પણ યોગી ઉપકારક નહિ !'

આવું તો કોઈ કૃતજ્ઞ વિવેકી સજ્જન ન માને. એ તો એમ જ માને-કે યોગીનો અને મંત્રનો ઉપકાર કે મને આ અદ્ભુત લાભ થયો. એમ અહીં પણ સજ્જનતા-કૃતજ્ઞતા-વિવેક હોય તો એ જ મનાય કે ઉપકાર અરિહંત પરમાત્માનો અને એમની વાણીનો કે આ આરાધના પામ્યો અને મહાન લાભ થશે.'

એવું કોઈએ કોઈ ભૂખે મરતા બેકારને કિંમતી ઉદ્યોગની પ્રક્રિયા શિખવાડી, પછી એ પ્રમાણે મહેનત કરી ફળ પામે, એમાં ય એ ઉપકાર પ્રક્રિયા બતાવનારો જ માને.

પૂછો એને 'અલ્યા પણ તારી મહેનતનો પ્રભાવ નહિ ?'

તો એ કહેશે, 'મારી મહેનતનો શું રાખ પ્રભાવ ? ઉપકારીએ પ્રક્રિયા જ ન બતાવી હોત તો શાની મહેનત થાત ? બેઠો વા ખાતો હોત. એ તો દયા એ ઉપકારીની કે આ પ્રક્રિયા શિખવાડી, ને મહેનત કરવાનો માર્ગ મળ્યો.' તાત્પર્ય,

**ઉપકાર ઉદ્યોગપ્રક્રિયા શિખવાડનારનો, પણ નહિ કે પ્રક્રિયાનુસાર પોતાની મહેનતનો.**

**જંગલમાં ઉપકાર માર્ગદર્શકનો :-**

એમ જંગલમાં ભૂલા પડ્યા, બહુ આથડ્યા, રસ્તો જડતો નથી, ગભરાયા, ત્યાં કોઈએ રસ્તો બતાવ્યો, પછી ચાલીને ઇષ્ટ મુકામે પહોંચવાની મહેનત પોતાની, છતાં ઉપકાર પ્રભાવ એ મહેનતનો નહિ, પરંતુ જંગલમાં ખરો રસ્તો બતાવનારનો જ માને છે. સમજે છે કે 'એના વિના તો રખડી રખડીને લોથ થઈ ગયા હતા છતાં જંગલમાં જ ફસાઈ રહ્યા હતા. ત્યાં જંગલમાં ચાલવાની મહેનત તો ઘણી હતી પરંતુ માર્ગ બહારની. તો એ ચાલવાની મહેનતમાં શી વડાઈ હતી ? વડાઈ તો માર્ગદર્શકની કે સાચો માર્ગ બતાવ્યો તો આ ઠેકાણે પડ્યો,'

એમ આ સંસાર-અટવીમાં ભૂલા પડેલા આપણા સુખ માટેની મહેનત તો ઘણી કરી, પરંતુ તે બધી નિષ્ફળ, કેમકે એ માર્ગ બહારની હતી એમાં તો સંસાર-અટવીમાં આજસુધી ભટકતા જ રહ્યા. એ તો ઉપકાર અરિહંત પ્રભુનો કે એમણે સુખનો સાચો માર્ગ બતાવ્યો, આરાધનાની પ્રક્રિયા શિખવાડી, મંત્રસ્વરૂપ સિદ્ધાન્તશાસ્ત્ર, અને તંત્રરૂપ રત્નયત્રી આપ્યા તો એની આરાધનામાં ઠેકાણે પડ્યો,

આ તો પહેલી વાત આરાધનાનો માર્ગ બતાવનાર તરીકે અરિહંત પ્રભુના એક રીતે ઉપકારની વાત થઈ.

**બીજી રીતે ઉપકાર એ, કે આરાધનામાં પણ કેન્દ્રસ્થાને અરિહંત પરમાત્મા છે. તો જ ઉચ્ચ ફળ નીપજે છે. માટે ઉપકાર-પ્રભાવ અરિહંતનો.**

આરાધનામાં અરિહંત કેન્દ્રસ્થાને એટલે કે, આરાધના કોઈ પણ લો, દા.ત.- દર્શન-પૂજા-સ્તુતિ, જાપ, ધ્યાન, ગુણગાન, પણ એ બધું **અરિહંત પરમાત્માનું જ** થાય તો જ ઉચ્ચ ફળ મળે; પરંતુ કોઈ દુનિયાના માણસનું કે મિથ્યાત્વી દેવી-દેવતાનું દર્શન-પૂજનાદિ થાય તો ઉચ્ચ ફળ નહિ.

એમ, આરાધના દાન-શીલ-વ્રત નિયમની કે ત્યાગ સંયમ-તપની, પણ એ અરિહંત પ્રભુએ જ ફરમાવેલાની થાય તો ઉચ્ચ ફળ મળે, મિથ્યાત્વી અજ્ઞાનીએ બતાવેલાની કે આપમતિની થાય તો ઉચ્ચ ફળ નહિ. વળી આ બધી આરાધનામાં અરિહંત, અરિહંતનું જ વચન લક્ષમાં રહે તો જ ઉચ્ચ ફળ મળે. એટલે આરાધનામાં મુખ્યતા અરિહંત પ્રભુની થઈ. માટે પ્રભાવ વડાઈ પોતાની આરાધનાની મહેનતની નહિ, પણ અરિહંત પરમાત્માની ગણાય.

**જેનો જાપ એની વડાઈ, જાપની મહેનતની નહિ :-**

જુઓને, માનો કોઈ દેવતાનું લાખ વાર નામ જપવાથી શ્રીમંતાઈ મળતી હોય તો એમાં પ્રભાવ કોનો કહેવાય છે ? લાખવાર જાપની મહેનતનો નહિ, પણ એ દેવતાનો. સંપત્તિ દેવતાના પ્રભાવે મળી એમ મનાય છે. ઉપકાર દેવતાનો



મનાય છે. લાખ જાપ ખરો પણ કોનો ? એ દેવનો. માટે સંપત્તિ આપનાર તરીકે એ દેવતાને માને છે પણ જાપની મહેનતને નહિ.

વાત આ છે કે અરિહંત પર શ્રદ્ધાની જેમ અરિહંતના અચિંત્ય પ્રભાવ અને અનુપમ ઉપકાર પર પણ શ્રદ્ધા જોઈએ. એ હોય તો જરૂર મનાય કે અરિહંતની ભક્તિથી કે બીજી આરાધનાથી લૌકિક ફળ સુખ-સાધન મળ્યાં તો એમાંય ઉપકાર અરિહંત પ્રભુનો જ માનવાનો. અંદરનું હૃદય કબૂલે કે મને આ સુખ-સાધન મળ્યાં એમાં ઉપકાર અરિહંત પરમાત્માનો છે. એમના પ્રભાવે આ મળ્યું એટલે કે એમણે આ બધું આપ્યું. ત્યારે,

**અરિહંતનો આ ઉપકાર માનવાનો લાભ શો ? લાભ આ, કે**

(૧) અરિહંતનો ખરેખર અ-સાધારણ ઉપકાર છે એ સત્ય હકીક્તને ન્યાય આપવાનું થાય. તેથી એનો ઈન્કાર કરવાનું પાપ ન લાગે.

(૨) પ્રભુનો ઉપકાર લક્ષમાં લેવાય, તો મન પર અરિહંતપ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાનો માથે ભાર આવે. પછી એ કૃતજ્ઞતા અદા કરવા પ્રભુની અને પ્રભુના શાસન-સંઘની સેવામાં પોતાનું તન-મન-ધન અર્પવાનું થાય, અને અર્પી અર્પીને ધન્યતા મનાય, એને લેખે લગાડવાનો સંતોષ-આનંદ મનાય.

**અરિહંતની સેવામાં રોજ સવારે દેવાનું મન કેમ નહિ ?**

ત્યારે 'વીતરાગ તો કશું કરે નહિ, કશું આપે નહિ' એમ ભ્રમણામાં રહી પ્રભુનો ઉપકાર ન માનતાં પોતાનાં પુણ્યનો ને હોશિયારીનો પ્રભાવ જો મનાય છે, 'મને પૈસા તથા ચીજસામગ્રી મળી એ કાંઈ પ્રભુએ નથી આપી. એ તો મારા પુણ્યે અને મારી હોશિયારીથી મળી છે,'-એમ જ્યાં મનાય છે ત્યાં પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા ધરવાનું શાનું જ હોય ? એટલે સવાર પડી ને આવો વિચાર શાનો કરે કે 'પ્રભુએ મને ઘણું આપ્યું છે તો લાવ કૃતજ્ઞતાની રૂએ એ ઘણામાંથી થોડું પણ પ્રભુની સેવામાં લઈ જઉં ?' એમ એમનાં શાસન-સંઘરૂપી પેઢીને અવિચ્છિન્ન વહેતી રાખવા એની સેવામાં દેવાનો મન પર ભાર પણ શાનો રહે ?

લાયક છોકરાના મન પર ભાર રહે છે કે 'મારા બાપે મારું ઘણું કર્યું છે,' તો એ ઉપકારના બદલામાં કૃતજ્ઞતાભાવ લાવી એના મનને થાય છે કે 'મારા બાપુજીનું જેટલું કરું એટલું ઓછું છે.' એમ લાગવાથી એ બાપની શક્ય સેવામાં તન-મન-ધન ખર્ચે છે. એટલું ખર્ચીને પણ પાછો એમ નથી માનતો કે 'મેં બાપ ઉપર ઉપકાર કર્યો' ઊલટું એમ માને છે કે 'બાપના મારા પરના ઉપકારનો બદલો ય પૂરો વાળી શકતો નથી, અધિક કરવાની વાતે ય શી ?'

ત્યારે પ્રભુનો ઉપકાર જ જેને નથી માનવો એ કદાચ પ્રભુની સેવામાં કાંક

ખર્ચશે તો એમ માનશે કે 'મેં આટલું પ્રભુનું કર્યું,' ને એ લોકને દેખાડવા બોર્ડ પર ચડાવશે. તકતી મરાવશે કે 'આટલું દાન ફલાણાભાઈએ કર્યું.' અલ્યા ! આ દાન છે ? કે કૃતજ્ઞતા છે ? પણ પ્રભુનો ઉપકાર જ ન માનવો હોય પછી એની સામે કૃતજ્ઞતા શાની માનવાની રહે ?

ત્યારે પ્રભુનો ઉપકાર માનનારા તો આવા બોર્ડ તકતી વગેરેથી ગભરાય કે 'હાય ! આમાં કાં પડું ? આમાં તો મારી હરામખોરી થાય. કેમકે પ્રભુએ મને કેટલું બધું દીધું એ તો જાણે કાંઈ દીધું જ નથી ! તે હવે હું પ્રભુને દાન કરવા નીકળું છું !' આ હરામખોરી છે. એ મારામાં ન આવે માટે દાનમાં બોર્ડ-તકતી-પ્રશંસા કશું મારે ન ખપે.'

સારાંશ, પ્રભુનો ઉપકાર માનવામાં આ લાભ કે હરામખોરી ન થાય. કૃતજ્ઞતાનો મન પર ભાર રહે ને એ અદા કરવા કાંઈ ને કાંઈ ખરચવાની તત્પરતા રહે.

(૩) વળી એક લાભ એ, કે જીવનમાં ડગલે ને પગલે અનુકૂળ મળી આવતાં પ્રભુનો પાડ માનવાનું કરાય,- 'પ્રભુ ! તમારો આભાર માનું છું કે તમારા પ્રભાવે તમારા ઉપકારથી આ મારે અનુકૂળ બની આવ્યું.' ત્યારે વારે વારે આમ પ્રભુનો પાડ માનવામાં મનમાં પ્રભુનું સ્મરણ થયા કરે, અને પ્રભુ પ્રત્યે નમ્ર ભાવ સેવકભાવ આવ્યા કરે.

(૪) વળી અહીં સુખસામગ્રી મળી એમાં પ્રભુનો ઉપકાર માનવાનો લાભ એ, કે પોતાને અભિમાન નહિ થાય, જાતવડાઈ નહિ લાગે કે 'આ તો મારી હોશિયારી કે આટલું બધું મને મળ્યું.'

આમ, પ્રભુની ભક્તિના ફળમાં દુન્યવી કશું મળવાની ઇચ્છા જ નહિ રાખવાની; એમ સાથે સાથે દુન્યવી પ્રાપ્તિ થયા પર એ થવામાં પ્રભુનો ઉપકાર માનવાનો. આ ઉપકાર માનવામાં લાભ ઘણા.

ત્યારે જુઓ, દેવપાલે, પૂર્વે ચક્રેશ્વરીએ બહુ વિનવવા છતાં પ્રભુભક્તિનાં બદલામાં કશું જ ઇચ્છ્યું નહિ, ને માગ્યું નહિ. ને પછીથી આપદા આવતા અહીં ચક્રેશ્વરી આપદા ટાળવાનો ઉપાય કરે છે તો એમાંય પહેલો પ્રભુનો ઉપકાર માને છે.

**અરિહંતપદની આ ઉપાસના છે કે,-**

(૧) પ્રભુભક્તિ વગેરે ધર્મના ફળમાં દુન્યવી કશું ઇચ્છવાનું નહિ; ને

(૨) દુન્યવી જે જે લાભ થઈ જાય એમાં પ્રભુનો ઉપકાર જ મુખ્ય માનવાનો.

હજી આગળ જુઓ દેવપાલ અરિહંતપદની કેવી કેવી ઉપાસના કરી રહ્યો છે.

દેવીના કહેવા મુજબ દેવપાલે માટીનો હાથી બનાવરાવ્યો અને એના પર સવારી કરી એ હાથી જીવંતની જેમ નગરમાં ફરવા લાગ્યો તો લોકો નમે છે. અને



દિવાન મંત્રીઓ વગેરે દેવતાઈ સહાય જોઈ ગભરાઈ જઈ આવી તાબે થાય છે, ને આજ્ઞા માગે છે, તથા પોતાના ગુનાની માફી માગે છે.

**મનમાં પ્રભુનો ઉપકાર, તો બીજાના ગુનાની ગાંઠ નહિ :-**

અહીં દેવપાલના મનમાં પ્રભુનો ઉપકાર અને પ્રભુ એટલા બધા ચિકાર વસેલા છે કે ત્યાં મનમાં મંત્રીઓની પૂર્વની બેઅદબીનો ગુનો સ્થાન જ નથી પામતો અર્થાત્ એ ગુનાની કશી ગાંઠ વાળવાની નહિ, એટલે મંત્રીઓ પર રોષ નહિ, એમને કોઈ સજા નહિ, પણ ક્ષમા આપી દઈ એમને વધાવી લે છે; એમને એમના હોદ્દા પર સ્થાપી દે છે. માત્ર પૂર્વના શેઠનો મહાન ઉપકાર લક્ષમાં લઈ એમને મુખ્યમંત્રી તરીકે સ્થાપે છે.

**અરિહંત પદનો આરાધક કેવો હોય ?**

એ અહીં જોવા મળે છે. દેવપાલને પહેલા મંત્રી વગેરેએ દાદ નથી આપી અને હવે એ દૈવી ચમત્કાર જોઈ માફી માગે છે તો એમને કશો ઠપકો નહિ આપવાનો ? એમને ક્રોધથી ધમધમાવવા નહિ ? ના, અરિહંતના ઉપાસકે વળી ગાંઠ શી બાંધી રાખવાની ? **એણે તો ક્ષમા-ઉદારતાની તક મળતી હોય એ જ ઝડપી લેવાની** આ જ નેમ કે,-

**ક્રોધની તક કરતાં ક્ષમાની તક સમજી ક્ષમા જ અપનાવી લેવી.**

**જીવનમાં બે ય જાતની તક :-**

આ વિવેકનો વિચાર છે. જગત વચ્ચેના જીવનમાં પ્રસંગો તો આવતા જ રહેવાના, એ પ્રસંગોમાં આપણા માટે બે ય જાતના વર્તાવ શકય હોય છે. ગુણનો વર્તાવ, યા દોષનો વર્તાવ. દિલમાં બે ય જાતના ભાવ ઊભા કરી શકાય છે. શુભ ભાવ યા અશુભ ભાવ.

દા.ત. કોઈએ આપણું અપમાન કર્યું, કે કાંઈ પ્રતિકૂલ કર્યું, ત્યાં ક્રોધ પણ કરી શકાય છે, ને ક્ષમા પણ દાખવી શકાય છે. ત્યાં અભિમાન પણ લાવી શકાય છે, ને નમ્રતા-લઘુતા ય લાવી શકાય છે. એમ, ભલો ભોળો ઘરાક મળ્યો, ત્યાં લોભથી જૂઠું હલાવી એને લૂંટી ય શકાય છે, ને સંતોષ રાખી સીધી વાત કરીને વાજબી ભાવે માલ આપી શકાય છે. એમ, આપણી સામે કોઈ માયા રમે છે એવું દેખાયું. ત્યાં એની સામે એવી જ માયા ખેલી શકાય છે, ને તેમ ન કરતાં સરળતા ય દાખવી શકાય છે. એમ આપણને કોઈ બીજાની હલકાઈની વાત કરવા આવ્યો, ત્યાં કાન માંડીને હોંશે હોંશે સાંભળી ય શકાય છે, ને સાંભળવાની ના પણ પાડી શકાય છે, અથવા એ હિંમત ન હોય તો ય એની ભાવદયા ય વિચારી શકાય છે કે, 'આ બિચારો નિંદા કરી કેટલાં પાપ બાંધી રહ્યો છે !'

એમ, કોઈ ધર્મપ્રસંગની ટીપ લઈને આવ્યું, ત્યાં મનમાં એમ પણ લાવી શકાય છે કે 'આ લોકો આવાં ને આવાં કેટલાં લફરાં લઈ આવે છે ! ને એના બદલે એમ પણ વિચારી શકાય છે કે 'મારાં અહોભાગ્ય કે આ મને પુણ્યકમાઈની તક આપવા આવ્યા ! સગા-સ્નેહી દુનિયાના પાપપ્રસંગમાં મારી પાસે કેટલું ય ખરચાવતા રહે છે. ત્યારે આ ભાગ્યશાળી મને સુકૃતનો લાભ આપવા આવ્યા છે. ધન્ય છે આમને.' આવા તો અનેક પ્રસંગોના દાખલા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૨૨,તા.૧૫-૨-૧૯૭૫**

**સવાલ આ છે કે આપણી પાસે બે ય જાતની શક્યતાઓ છે, ગુણ કે દોષ, યા શુભ કે અશુભ ભાવ હૈયે લાવવાની અને બહાર દાખવવાની.**

**બે ય જાતની તક છે. તો આપણે કઈ જાતની તક દેખીએ છીએ ? અને કઈ જાતની તક અપનાવીએ છીએ ? ગુણની ? કે દોષની ? શુભ ભાવની ? કે અશુભ ભાવની ?**

કહેલા પ્રસંગોમાં બે ય જાતની તક છે, ક્રોધ કરવાની ય તક છે, ને ક્ષમા કરવાની ય છે; અભિમાન કરવાની ય તક છે, ને નમ્રતા-લઘુતા રાખવાની ય તક છે; માયા રમવાની ય તક, ને એના બદલે સરળતા અપનાવવાની ય તક; લોભમાં તણાવાની ય તક છે, ને સંતોષ રાખવાની ય તક; નિંદામાં ટાપસી પૂરવાની ય તક છે, અને નિંદા ન સાંભળવાની કે નિંદકની દયા ખાવાની પણ તક છે આમાંથી આપણે કઈ તક ઝડપીએ છીએ ?

અરે ! તક ઝડપવાની વાતે ય પછી, પણ નજર સામે કઈ તક દેખીએ છીએ ? દા.ત. આપણું કોઈએ કાંઈક પ્રતિકૂલ કર્યું. ત્યાં એટલો વિચાર પણ આવે છે ખરો કે આ મારા માટે ક્ષમાની તક છે ? ના મનમાં ઝટ એમ જ આવે છે કે 'સામો આવું કરે ત્યારે ગુસ્સો જ આવે ને ? ગુસ્સો જ બતાવવો જોઈએ ? ગુસ્સાનો જ પ્રસંગ લાગે છે, ગુસ્સાની જ તક દેખાય છે. ત્યારે વિચારવા જેવું છે કે

**જો ક્ષમાની તક નજરે જ ન ચડતી હોય, તો એ તક વધાવી લઈ ક્ષમા દાખવવાની વાતે ય ક્યાં ?**

**અરિહંતના ઉપાસકનું દિલ કેવું ? :-**

દેવપાલ અરિહંતપદનો ઉપાસક છે, એ પેલા મંત્રીઓ વગેરે તથા શેઠ સુદ્ધાંએ પહેલાં આજ્ઞા નથી માની, તે હવે દૈવી ઘટના દેખી નમતા અને કરગરતા આવ્યા છે, તો એમના પર ધમધમવાની તક નહિ, પણ ક્ષમા દાખવવાની તક



જુએ છે; કેમકે દેવાધિદેવ અરિહંત પરમાત્મા તરફ ઝૂકેલું એનું દિલ જ એવું બની ગયું છે કે 'નજર સામે સારું જ લાવવું નરસું નહિ. ક્ષમા સારી, ઉદારતા સારી, ક્રોધ ખરાબ, ક્ષુદ્રતા અભિમાન ખરાબ' પછી સારું નજરે ચડે એટલે સહેજે એ જ વધાવી લેવાનું અપનાવી લેવાનું આદરી લેવાનું મન થાય.

તમારે અરિહંતપદની આરાધના કરવી છે ? તો આ સમજી રાખો કે,-

**અરિહંતપદની આરાધનાનો આ એક પ્રકાર, કે પ્રસંગોમાં નજર સામે સારો સદ્ગુણ કેળવવાની તક દેખાય, ને શક્યતાનુસાર એને અપનાવાય.**

પૂછો, કેમ આમ ? એટલા જ માટે કે જો આપણે અરિહંતપદની આરાધના કરી અરિહંત થવું છે, તો એની ભૂમિકામાં અરિહંતમય થવાના માર્ગે પુરુષાર્થ જોઈએ. અરિહંત ભગવાને આ જ કર્યું છે કે સારા સદ્ગુણ અને શુભ ભાવની જ તક જોઈ એને વધાવી લીધી છે.

જુઓ, મહાવીર ભગવાન ઉપર અનાડીઓએ જુલ્મ વરસાવ્યા, ત્યાં પ્રભુએ ક્ષમા-સમતાની જ તક જોઈ, એ તકને વધાવી લેવાનું રાખીને પ્રભુ ક્ષમા સમતામાં ઝીલતા રહ્યા. હવે આપણે એક બાજુ તો આપણા આત્માને અરિહંત-મહાવીરમય કરવો હોય અને બીજી બાજુ પ્રસંગોમાં તક દોષ-દુર્ગુણ-અશુભભાવને જ જોતા રહીએ, ને તે પ્રમાણે વર્તીએ, તો એવો વર્તાવ એ આપણા આત્માને મહાવીરમય અરિહંતમય બનાવવાની ભૂમિકા શી રીતે ગણાય ? એમાં અરિહંત થવાના માર્ગે પગરણ માંડ્યું શાનું કહેવાય ?

એકલા ભગવાને જ નહિ, પરંતુ ભગવાનના પગલે પગલે ઉત્તમ પુરુષોએ પણ પ્રસંગોમાં સદ્ગુણ-સુકૃત શુભ ભાવની જ તક જોવાનું રાખેલું.

અષ્ટાપદ પર રાવણની પ્રભુભક્તિ પર ધરણેન્દ્ર એને ગમે તે માગી લેવાનું વરદાન આપે છે. પણ રાવણ આમાં દુન્યવી સિદ્ધિ માગી લેવાની અર્થાત્ લોભ-લલચામણની તક ન જોતાં નિસ્પૃહતાની તક જુએ છે, ને ઘસીને ના પાડે છે કે 'જિનભક્તિના બદલામાં મારે ઐહિક આ લોકનું કશું જોઈતું જ નથી.'

**સુદર્શન શેઠ** અભયારાણીના એકાંત વાસમાં અભયાના વિષયભોગ માટે ઘણા કાલાવાલા છતાં ત્યાં નિર્મળ બ્રહ્મચર્યની કસોટીમાં પાર ઉતરવાની તક જુએ છે, આવી સુંદર રાણી સાથે ભોગ માણી લેવાની તક નહિ; ને તેથી જ અડગ રહી અણીશુદ્ધ બ્રહ્મચર્ય રાખે છે. વળી પછી રાણીના ખોટા આરોપથી રાજા એમને પૂછે છે 'કહો સાચું શું બન્યું ?' તો અહીં સુદર્શન શેઠ પોતે ખરેખરી હકીકત કહી પોતે શાણા પૂરવાર થવાની અને રાણીનું પોકળ ખુલ્લું પાડવાની તક ન જોતાં, પોતે મૌન પકડી રાણી પર રાજા તરફથી કોઈ ભયંકર સજાની આફત ન આવવા દેવાની

અને પોતે પોતાના બોલ દ્વારા રાણીની હિંસા થવામાં નિમિત્ત ન બનવાની તથા એ માટે એવા સાચા પણ બોલ ન કાઢવાની તક જુએ છે; ને એ તક વધાવી લઈ ઠેઠ શૂળી ઉપર ચડી જવાનું કરે છે.

કેટલું મોટું સત્ત્વ ! એ સત્ત્વ આ વિવેક ઉપર કામ કરી ગયું કે,-

**'જીવન આપણું મનુષ્યજીવન છે, પશુજીવન નહિ.'**

**'પશુ આહારાદિ સંજ્ઞાઓ, હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયોની તક જુએ.'**

**'આપણે દાનાદિ સુકૃતો, અહિંસાદિ ધર્મ અને ક્ષમાદિ ગુણોની તક પકડવાની.'**

**રત્નનો ચરુ કયાં દાટવો ? :-** વસ્તુપાલ-તેજપાલ પહેલ-વહેલી સિદ્ધગિરિ યાત્રાએ નીકળ્યા, રસ્તામાં તંબુના ખીલા ગાડવા જમીનમાં ખોદાતાં અંદરથી રત્નોનો ચરુ મળ્યો. તેજપાલના પત્ની અનુપમા બહુ બુદ્ધિશાળી છે, વસ્તુપાલ એમને પૂછે છે 'આને હાલ કયાં દાટીએ ?' આશય એ છે કે પાછા આવીએ ત્યાં સુધી સલામત રહે, તો પછી કામ આવે. શું આ ?'

**વસ્તુપાલે ચરુમાં સંપત્તિમાન થવાની તક જોઈ. ત્યારે, અનુપમા એમાં સુકૃતવાન બનવાની તક જુએ છે.**

આ બેનો મોટો ભેદ સમજજો. તમારે સંપત્તિમાન થવું છે ? કે સુકૃતવાન ? ભૂલશો નહિ, સંપત્તિમાન તો અભાગિયા અનાર્યો પણ થાય છે. અનુપમા સલાહ આપે છે કે,

'ચરુને દાટવો જ હોય તો એવી ઊંચી જગાએ દાટો કે એને સૌ કોઈ જુએ છતાં એમાંથી લેશમાત્ર ચોરી શકે નહિ'

**ઊંચે દાટવામાં ઊંચે જવાનું થાય, નીચે દાટવામાં નીચે.**

વસ્તુપાલ આનો ભાવ સમજ્યા નહિ, મુંઝાયો કે, 'ઊંચે વળી કયાં દટાતું હશે ? અને તે પાછું સૌ જુએ છતાં એમાંથી લઈ શકે નહિ એ કેમ બને ?' એટલે પૂછે છે, 'તમે શું કહેવા માગો છો ?'

અનુપમા કહે 'જુઓ આપણે સિદ્ધગિરિ જઈએ છીએ, તો ત્યાં એના શિખર પર દાટો. અર્થાત્ આનાથી ત્યાં જીર્ણોદ્ધાર કરાવો, કે નૂતન મંદિર બનાવરાવો. એને સૌ કોઈ જોઈ શકશે, પણ એમાંથી કશું ચોરી શકશે નહિ, અને આપણા માટે એ મહાન સુકૃત મૂડી થશે. બાકી નીચે જમીનમાં દાટશો તો પરિગ્રહ મહાપાપની મૂડી થશે. મફતમાં મળ્યું છે એના ઉપરેય શી મમતા કરવી ?'

**દાટીને યાત્રાએ જતાં દુર્દશા કેવી ? :-**

વસ્તુપાળ આ સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે કે 'અહો ! કેવો ઉચ્ચ વિવેક ! જમીનમાં દાટેલું કોને ખબર કે સલામત રહ્યું કે નહિ ? અને મૂર્ચ્છા તો રહ્યા જ



કરે કે 'આપણી પાસે સારું દાટેલું છે.' પછી ગિરિરાજ પર યાત્રામાં આપણને ભલે ને આદીશ્વરદાદાની હાજરમાં હોઈએ, છતાં ત્યાં આ વિકલ્પ આવવાનો સંભવ છે કે દાદાની યાત્રાના પ્રારંભે જ મફતમાં ઠીક માલ મળી ગયો, ને સારી જગાએ દાટ્યો છે એટલે ચિંતા નથી. વળી કદાચ એમ પણ મનમાં ભયનો વિચાર આવવા સંભવ છે કે 'કદાચ કોઈ આ માલ ઊઠાવી તો નહિ જાય ?'

આ કેવી દુર્દશા ? પરિગ્રહનું કેવું મહાપાપ કે,

**જે ગિરિરાજ પર અનંતા આત્માઓએ સર્વસંગનો ત્યાગ કરી મોક્ષ સાધ્યા, એવા પરમ પાવનકારી તીર્થાધિરાજને ભેટવાનું મળે ત્યાં ય આ પરિગ્રહસંગની લોથ જપવા દે નહિ ?**

એનો સંગ ત્યાં પણ દિલને મિઠાશ લગાડે ! તો પછી તીર્થાધિરાજ સિવાય બીજે તો એ પરિગ્રહસંગની મિઠાશથી બચવાનું કયાં રહ્યું ? ત્યારે એ પરિગ્રહસંગનું પાપ એ કેવું ખંધુ પાપ ? કેવું મહાપાપ ?

શત્રુંજય ગિરિરાજનું આવું આલંબન ખાસ ધ્યાન પર લેવા જેવું છે કે,-

**શત્રુંજય પર કઈ ભાવના ? :-**

અહીં અનંતા પાપી પણ આત્માઓએ સર્વસંગનો ત્યાગ કરી પરમપદ મોક્ષ સાધ્યો છે. એવી અત્યંત પાવન થયેલી ને પાવન કરનારી ભૂમિનો મને સ્પર્શ મળ્યો, મારાં કેવાં અહોભાગ્ય ! મહાભાગ્યે મળેલી આ તીર્થની સ્પર્શના હું એળે ન કાઢું, તીર્થની સ્પર્શના વખતે તો પરિગ્રહ વિષયો અને ખાનપાનના આકર્ષણ આસક્તિ સાવ મોળા પાડી દઉં, જેથી શાંતિથી સ્વસ્થ ચિત્તે અને ઊછળતા ભાવોલ્લાસથી યાત્રા-પૂજા-સ્તવનાદિ થાય; તેમજ આવા પાવન ગિરિરાજને ભેટીને ઘરે ગયા પછી રોજ પ્રભાતે આ યાત્રાનાં વિસ્તારથી સ્મરણ કરાય, અને એથી પ્રફુલ્લિત થઈ ચિત્ત પરથી એ પરિગ્રહાદિના સંગના-આકર્ષણના ભાર ઓછા કરાય.

**મહાતીર્થ ભેટવા મળ્યા પર પાપનો ભય કેટલો ? :-**

આવા અનંતાની મોક્ષ ભૂમિભૂત સિદ્ધગિરિનું આલંબન, જુઓ, આજે કેટલાને મળ્યું છે ? આજની દુનિયાના ૩૦૦ કરોડ મનુષ્યોમાંથી ૨૯૯॥ કરોડ મનુષ્યોને નહિ. શાસ્ત્ર તો કહે છે ૪ ભરત, ૫ મહાવિદેહ અને ૫ ઐરવત એ ૧૪ ક્ષેત્રોમાં આવું તીર્થ નથી. એટલે ત્યાંના અબજોના અબજો મનુષ્યોને આ ગિરિરાજ ભેટવા નથી મળ્યો. ત્યારે જગતના બીજા અનંત જીવોને તો બિચારાને ભેટવા મળવાની વાતે ય શી ? એ આ મહાપાવન મહાતીર્થ આપણને ભેટવા મળે છે, તો એની કદર કેટલી ? એ ભેટવા મળ્યા પર ત્યાગ કેટલો ? પાપનો ભય, પાપનો અણગમો, પાપનો તિરસ્કાર કેટલો ?

ગિરિરાજની આ કદર હોય તો ગિરિરાજ ભેટીને જીવનની સિકલ ફરી જાય. મહાન તક સમજાય ને ? ગિરિરાજ ભેટવા મળ્યો એમાં આત્મ-સુધારણાની મહાન તક છે. એ તકને એળે કેમ જવા દેવાય ? આ તક ગુમાવી તો પછી બીજા કયા સ્થાને આવી તક મળવાની ? જુઓ સુખલાલ શેઠે તીર્થાધિરાજ ભેટ્યાની કેવી કદર કરી અને એનાં આલંબનમાં તક કેવી સાધી ?

**સુખલાલ શેઠનું દૃષ્ટાન્ત**

એક નગરમાં સુખલાલ નામે શેઠ રહેતા હતા. હતા તો શ્રાવક, પણ વેપાર-ધંધાની અનુકૂળતામાં ધર્મ સામે આંખ-મિંચામણા હતા.

ધંધાની અનુકૂળતા ખતરનાક ચીજ છે. વેપારમાં જ્યાં હાથ નાખે ત્યાં ખાસો નફો જ નફો થતો હોય, પૈસાની નદી જ વહી આવતી હોય, પછી વેપારના કામકાજના બધા સમયમાં તો એમાં જ ઓતપ્રોત રહેવાય છે, એટલું જ નહિ પણ વેપાર સિવાયના સમયમાં પણ મગજમાં એની જ ગડમથલ ચોપડાનું કામ, અને વેપારના અર્થે બીજા ત્રીજાને મળવા-કરવાનું, વગેરે ચાલ્યા જ કરતું હોય છે. આમાં આત્માની ચિંતા જ કયાં આવે ? ધર્મને યાદ જ કયાં કરે ?

ધંધાની ભારે અનુકૂળતા ખતરનાક ચીજ છે. એ ધર્મને ભૂલાવે એટલું જ નહિ, પણ લોભકષાય, પરિગ્રહ સંજ્ઞા, અને પાપારંભોમાં નિર્ભયતા, એટલા બધા પોષાય છે કે એના ઘેરા સંસ્કાર જામવા માંડે છે. ત્યાં 'એથી પરલોકમાં મારા આત્માની કેવી દુર્દશા થશે,'- એનો વિચાર એની ચિંતા પણ નથી થતી.

સુખલાલ શેઠની આ સ્થિતિ હતી. બસ, વેપાર, વેપાર ને વેપાર, ધર્મની લેશ્યા જ નહિ. ત્યારે એની પત્ની એક સારી ધર્મપ્રિય શ્રાવિકા હતી,-એના મનને પતિની ધર્મવિમુખતા બહુ સાલતી હતી પણ બિચારી કરે શું અવસરે અવસરે એ પતિને કહેતી,

'આ તમે એકલો વેપાર જ જુઓ છો, પણ કાંઈક ધર્મસાધના તો કરો'

ત્યારે શેઠ કહે, 'ધર્મ એ તો નવરાનું કામ જેને નવરાશ હોય એ કરે. અમારે તો વેપારની ચિંતા કેટલી બધી રહે છે ? સમય જ કયાં છે ધર્મનો ?'

બાઈ કહે, 'પરંતુ તમને પરલોકની ચિંતા નથી થતી ? કે પરભવે હું કયાં જઈશ અને ત્યાં શું પામીશ ?'

આ કહે 'એવી મફતિયા ચિંતા કરી મગજ શું કામ બગાડવું ?'

પત્ની કહે,'એ ચિંતા નકામી નથી. જુઓ અહીં વેપાર અને પૈસાની અનુકૂળતા કેમ બની આવે છે, જાણો છો ? હોશિયારીથી પૈસા મળે છે એમ સમજતા નહિ. હોશિયારી તો આજે કેટલાયની પાસે છે છતાં એમને આ અનુકૂળતા



નથી બનતી, ત્યારે તમારે બની આવે છે, એ સમજો કે તમારા પૂર્વના પુણ્યથી બની આવે છે. પૂર્વે ધર્મસાધનાથી જે પુણ્ય ઊભું કરેલું, એથી અહીં આ અનુકૂળતા પામી રહ્યા છો. તો હવે અહીં જો ધર્મ નહિ સંભાળો તો આગળ પર શું દેખવા પામશો ?'

શ્રાવિકાએ મુદ્દાસર યુક્તિપૂર્વક વાત સમજાવી પરંતુ શેઠને ગળે શેની ઊતરે ? એક જ જવાબ હતો કે 'આ બધી ચિંતા તમે તમારે કર્યા કરો.' હવે શ્રાવિકા મૌન પકડે છે. બીજું શું કરે ? વળી ક્યારેક નગરમાં સારા વિદ્વાન સાધુ મહારાજ આવ્યા હોય ત્યારે પાછી એ તો શેઠને એમનું વ્યાખ્યાન સાંભળવા જવા કહેતી, પરંતુ શેઠ કહે 'મને ફુરસદ નથી.'

આ કહે, 'પણ થોડું સાંભળો તો ખરા, તો કાંઈક બોધ મળે.'

શેઠ કહે, 'એ સાંભળવા જાઉં, ત્યારે આ વેપારનું કોણ સંભાળશે ?'

શ્રાવિકા કહે 'એટલું ઓછું સંભાળ્યે શું બગડી જવાનું હતું ?'

અહીં શેઠે જવાબમાં નવો ઈશ્યું (મુદ્દો) કાઢ્યો શેઠ કહે, 'તે આ તમે હીરાની બંગડીઓ પહેરો છો તે શી રીતે આવે છે ? વેપારમાં પૂરું ધ્યાન ન રાખીએ, તો એવી કમાણી શી રીતે થાય ?'

શ્રાવિકા ધર્મની લેશ્યાવાળી હતી. એને કાંઈ એવો દાગીનાનો મોહ નહોતો. એણે તો તરત કહી દીધું.

'તો તમે એમ કરો,-આ હીરામાણેકની બંગડીઓ લઈ લો.'

**હીરાના દાગીના માટે તમારે ધર્મ ગુમાવી વેપાર કરવો છે ?**

એવા દાગીનાનો મને જરાય મોહ નથી. તમે ધર્મધ્યાન કરતા રહો એ મારે મન મોટા દાગીના છે. એ જ મને બહુ ગમે છે.'

શેઠ શું કહે ? 'ભલે' કહે ? ના રે ના, એ વેપારમાં રચ્યા મચ્યા રહેતા હતા તે થોડા જ પત્નીને હીરાની બંગડીઓ પહેરાવવા માટે ? એમને વેપારીઓમાં એક જબરા વેપારી તરીકેની નામના પસંદ હતી, તેમ રૂપિયાના ઢેરના ઢેર કરવા હતા, લોકમાં મોટા શ્રીમંત તરીકેની ખ્યાતિ જાળવી રાખવી હતી, તેથી વેપારની જ એક લેશ્યા હતી, એટલે પત્નીના ઉત્તર પર કહે છે,'-

'તમારે ઠીક છે, બોલવું સહેલું છે. તમારે હીરાની બંગડીઓ ન હોય તો અમારે સારા સમાજની વચ્ચે રહેવું શી રીતે ?' આ જોયું ? હોઠ સાજા તો ઉત્તર ઝાઝા.

વાત આ હતી કે સુખલાલ શેઠને ભારે અનુકૂળતામાં આત્માની ને ધર્મની લેશ્યા જ નહોતી. તેથી પત્નીના ધર્મ માટેના બોલ મન પર લે જ શું કામ ? એને તો ગમે તે ગમે તે દલીલથી તોડી જ નાખવાની દા.ત. વેપાર શું કે પરિગ્રહ શું,

કે કોઈ સત્તા ખુરશી-હોદ્દો શું, એની આંધળી આસક્તિ ખતરનાક છે. આત્મ-ચિંતા ને ધર્મલગ્ન જાગવા જ ન દે.

આમ છતાં શ્રાવિકા અવરનવર ગામમાં સાધુ મહારાજ આવે ત્યારે શેઠને એમનો સત્સંગ કરવા પ્રેરણા કરતી, પરંતુ એ પ્રેરણા બહેરાના કાન પર પડે એવી સ્થિતિ થતી.

**સંસારની વિવિધ માયા ભૂંડી :-**

વેપાર એ સંસારની માયા છે, અને સંસારની માયા ભૂંડી છે. એ જીવને એટલો પકડી રાખે છે, જીવને વેશ્યાની જેમ એવો આંજી દે છે, કે પછી એને બીજું સૂઝે જ નહિ. અંધારી રાતે રસ્તા પર સામેથી મોટરનું ડેઝલિંગ લાઇટ આંખ પર આવતાં અંજાઈ જઇને બીજું કશું દેખાતું નથી ને ? વેશ્યામાં લંપટ બનેલો અંજાઈ જઈને પોતાની પત્ની-માતા-પિતાને કયાં ગણે છે ? રૂપિયાના ઢગલા વેશ્યા આગળ જઈને ખડકે છે. એમ આ સંસારની માયારૂપ રૂપાળી પત્ની, વહાલસોયું કુટુંબ. માન-સન્માન ધીકતો ધંધો-વેપાર પૈસા ટકા વગેરેથી અંજાઈ ગયેલા જીવને આત્મા પરમાત્મા સદ્‌ગુણ-સુકૃત-સાધના કશું સૂઝતું જ નથી એના પર દૃષ્ટિ-સરખી નહિ, પછી એનો વિચારે ય શાનો કરે ? સુખલાલ શેઠની એ દશા હતી.

**“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૨૩,અંક-૨૩,તા.૨૫-૨-૧૯૭૫**

શ્રાવિકા બિચારી જીવ બાળ્યા કરતી કે આમનું શું થશે ? અને આમને ધર્મની લેશ્યા જ નહિ, એટલે સારાં સુકૃત્યો સારાં સારાં સુકૃતોમાં મને ભાગીદારે ય શાના કરે ? મારે ય કેવી પુણ્યની ખામી કે આવો સંયોગ મળ્યો ? ખુબી જુઓ, ઘરે પૈસા લખલુટ છે, બંગલા જેવું મકાન છે, હીરામાણેકના દાગીના અને રેશમી જરિયાન વસ્ત્રો છે, પરંતુ શ્રાવિકાને એ પુણ્યનો આનંદ નથી, પરંતુ પતિ સુકૃતો કરનારો ધર્માત્મા હોય એ સાચું પુણ્ય સમજી એવો પતિ ન હોવામાં પુણ્યની ખામી જુએ છે આનું કારણ સ્પષ્ટ છે,-

**સંસારસુખી-પ્રેમી જીવ સુખસામગ્રી ન મળવામાં પુણ્યની ખામી જુએ છે, ધર્મપ્રેમી જીવ ધર્મસામગ્રી ન મળવામાં પુણ્યની ખામી જુએ છે.**

આના ઉપરથી આપણી જાતનું માપ નીકળે કે આપણે ધર્મપ્રેમી છીએ કે નહિ ? ધર્મસામગ્રી સારી સારી મળી છે, પણ શ્રીમંતાઈ નથી મળી, તો પુણ્યની ખામી લાગે છે ? જો લાગતી હોય તો એ સંસાર-સુખનું પ્રેમીપણું સૂચવે છે, એવું ધર્મપ્રેમીપણું નહિ. જો એવું ધર્મપ્રેમીપણું હોય તો તો દેખાય કે ‘મારે ધર્મની



સામગ્રી દેવગુરુનો યોગ, ધર્મી કુટુંબ, નીરોગી શરીર, ગુરુની વાણી, વગેરે સારું મળ્યું છે એટલે આ બાબતમાં મારે ખરેખરો પુણ્યોદય છે, પછી સારા પૈસા ટકા-બંગલો-મોટર વગેરેનું પુણ્ય ન મળ્યાને શું રોઉં ? એવા પુણ્યથી શું ? પુણ્યે મળેલી બંગલા-બગીચા વગેરે સામ સામે જ સુખ ભોગવાય એ કાંઈ સદ્‌ગતિ અને પુણ્યાઈ અપાવનાર નથી. ત્યારે પુણ્ય સામગ્રીથી જે ધર્મ થાય એ સદ્‌ગતિ અને પુણ્યાઈ અપાવનાર છે.’

જોજો, આજના કાળે બહુ ભૂલા પડાય એવું છે, કેમકે ચારે કોર જડની બોલબાલા બોલાઈ રહી છે. તેથી અજ્ઞાન મધ્યમ માણસ એનાથી લહેવાઈ જઈને દીનતા સેવે છે કે આપણને પુણ્યની ખામી તે આપણી પાસે લાખ-બેલાખ રૂપિયા નહિ, બંગલો નહિ !’ અને અજ્ઞાન સુખી માણસ પણ જડની બોલબાલામાં લહેવાઈ જઈ એમ માને છે કે આપણને પુણ્યનો સારો યોગ છે. વેપાર-પૈસા, ટકા-બંગલો વગેરે ઠીક મળી ગયું છે.’ ભલે ને એને શહેર બહાર રહેતો હોઈ એટલા મંદિર કે સાધુ મહારાજ યોગ ન મળ્યો હોય ને તેથી એવી સાધના ન થતી હોય, પણ એમાં કાંઈ એને પુણ્યની ખામી નહિ દેખાય. આ આજની ભૂલામણી છે.

માટે સાવધાન રહેવા જેવું છે.

**જડાનંદીઓ ભલે જડના આનંદની બોલબાલા કરે, આપણે તો જીવનની કિંમત ધર્મસાધના પર આંકવાની અને માનવાની છે.**

અરિહંતપદની ઉપાસના કરવી છે ? તો તો અરિહંત પ્રભુમાં એકાકાર થવું જોઈશે. પણ એ ત્યારે જ બને કે દુન્યવી સુખોને તુચ્છ લેખીએ. નહિતર તો એ સુખો એવા છે કે પોતે માલદાર લાગી પોતાનામાં જીવને એકાકાર બનાવે. પછી અરિહંત પ્રભુમાં એકાકાર બનવાને મનજ તૈયાર ન હોય. સુખલાલ શેઠની આ સ્થિતિ છે. વેપાર ધંધામાં એને મધ દેખાય છે, તેથી એમાં એ એકાકાર છે. પત્નીએ અનેકવાર સાધુ મહારાજ પાસે જવા કહ્યું છતાં એ તરફ દૃષ્ટિ જ નથી.

**આચાર્ય કુનેહથી શેઠને બોલાવે છે :-**

એકવાર એવું બન્યું કે નગરમાં એક વિદ્વાન સાધુ મહારાજ પધાર્યા છે. શ્રાવિકા જઈને એમને શ્રાવકની પરિસ્થિતિ કહી એમને બુઝવવા વિનંતિ કરે છે. આચાર્ય મહારાજે કહ્યું, ‘એમને એમ કહેજો કે મહારાજને ખાસ કામ છે તેથી તમને યાદ કર્યા છે. એટલે જાઓ એમનું કામ પૂછી કરી આપો. આમ કહેશો એટલે એ કદાચ અમારી પાસે આવશે. પછી અમે જોઈ લઈશું.’

શ્રાવિકા કહે ‘ભલે ! એમ કહી ઘરે પતિને એ પ્રમાણે કહી કહ્યું ‘મહારાજ સાહેબનું કામ કરવું પડે, માટે જઈ આવો.’

સુખલાલ શેઠને અત્યારસુધી આવો પ્રસંગ આવ્યો નહોતો ને આજે આ વાત આવી છે એટલે મનને થયું કે 'લાવ, જોઉં શું કામ છે ? બની શકે એવું હોય તો પતાવી આપું.'

શેઠ ગયા મહારાજ પાસે જઈને વંદના કરીને બેઠા અને પૂછ્યું 'મને યાદ કર્યો હતો ? ફરમાવો શું કામ છે.'

**આચાર્ય શેઠને કામ ભળાવે છે :-**

આચાર્ય મહારાજ ઓઘાની ડાંડી બતાવી કહે 'આ અમારી ડાંડી તમારે સાચવી રાખવાની છે અને આવતા ભવમાં અમને પહોંચાડવાની છે. જોજો આ વહોરેલો માલ છે એટલે બદલાઈ જાય નહિ. તમારે તો પરભવે ઘણો માલ લઈ જવાનો હોય તેથી સંભવ છે એમાં આની ફેરબદલી થઈ જાય માટે આને ખાસ કપડામાં લપેટી ઉપર અમારું નામ લખી રાખશો તો બદલાઈ નહિ જાય.'

સુખલાલના મનને એમ થયું કે 'આ મહારાજ કેવી પાગલ જેવી વાત કરે છે !' એ કહે છે, 'મહારાજ સાહેબ ! એ કેમ બને ? પરભવે એ કેમ લઈ જઈ શકાય ?'

શેઠ કહે 'અરે ! મહારાજ ! મારી આખી માલ-મિલકતનો ઢગલો શું, હાથે પહેરેલી એક વાલની વીંટી ય પરલોકમાં લઈ જઈ શકાવાની નથી, પછી તમારી લાકડી શી રીતે લઈ જવી ? આપને કોણે કહ્યું કે 'હું મારી મિલકત પરભવે સાથે લઈ જવાનો છું ?'

આચાર્ય મહારાજ કહે, 'બીજા તો કોણ કહે ? તમારા લક્ષણ કહી રહ્યા છે કે અંતકાળ સુધી આટલી બધી મહેનત કરીને જે ભેગું કરશો તે જાણે પછી પરભવે સાથે લઈ જવાના હશો ! તો પછી ભેગાભેગી આટલી ડાંડી ય સાથે લેવામાં વાંધો છે ?'

શેઠ કહે, 'ના રે ના મહારાજ ! મારા બાપાજી, દાદાજી કોઈ ય અહીંનું પરભવે સાથે નથી લઈ ગયા, તો હું શું લઈ જવાનો ?'

'તે તમારા બાપાજી-દાદાજીને તો માલ-મિલકત ઉપર મોહ નહિ હોય એટલે સાથે નહિ લઈ ગયા હોય. તમને તો પાકો મોહ છે, મમત્વ છે. તેથી તમે શું કામ આ બધું છોડીને જાઓ ? બધું પોઠો બાંધીને સાથે જ લઈ જવાના છો ને ?'

'ના રે ના મહારાજ ! કશું લઈ જવાનું નહિ'

**પરભવે માલ અહીંની કઈ મહેનતથી મળે ? :-**

આચાર્ય મહારાજ કહે 'તો પછી શું જોઈને આટલા બધા એની પૂંઠે પડ્યા છો ? શું સમજીને એની ખાતર જ અંતકાળ સુધી આટલી બધી મહેનત કરવાનું રાખ્યું છે ? જે અવશ્ય અદૃશ્ય થવાનું, નક્કી છોડીને જ જવાનું, એની ખાતર અંતકાળ સુધી મહેનત ? તો શું એમ માની લીધું છે કે આ મિલકત નહિ સહી,



તો પરભવે નવી મિલકતે ય અહીંની આ મહેનતથી મળશે ?' એવું હોત તો અહીં પણ ગયા ભવની મહેનતથી જન્મતા માલ-મિલકત મળી ગઈ હોત. પછી આ મહેનત શું કામ કરવી પડે છે ? અરે ! અહીંની આ વેપાર ધંધાની મહેનતથી પરભવે પૈસા માલ-મિલકત મળવાની શી વાત ? પાયામાં, મનુષ્યભવ જ ક્યાંથી મળવાનો હતો ? ને એમ જો મળતો હોત તો તો દુનિયા આખી પશુપંખી અને નાની કીડી જેવી પણ અંતકાળ સુધી પરિગ્રહ-સંગ્રહની મહેનત તો કરે છે, તો એ બધા ય મનુષ્ય જ થઈ જાત ને ? પછી આજે દુનિયા પર એકલા માણસ જ માણસ ઊભરાત ! પશુ-પંખી-કીડા-કીડી-માખી-મચ્છર શું કામ દેખાત જ ? એ વિચારો ને કે આટલા બધા પશુ-પંખી-કીડા વગેરે કયા કારણે જન્મ્યા હશે ?'

શેઠને આ બધી કશી વિચારણા જ કદી આવી નહોતી તેથી આ સાંભળતા સ્તબ્ધ બની ગયા છે.

મહારાજ કહી રહ્યા છે કે 'અંતકાળ સુધીની આ મહેનત પછી નથી તો અહીંની મિલકત સાથે ચાલતી કે નથી નવી મિલકત મળતી, અરે ? મનુષ્યભવ પણ નથી મળતો; તો પછી શું સમજીને અંતકાળ સુધી આ મિલકત માટેની જ વેઠ કરવાનું રાખ્યું છે ? એ તો કહો !'

શેઠ શું કહે ? લ્યો તમને જ પૂછું, તમે શું કહો છો ?

તમે કદાચ કહો, 'પરલોક તો કોણે દીઠો છે ? બાકી સારા પૈસા હોય તો અહીં માલ-મેવા અને માન-સન્માન મળે ને ?'

**વેપલા કર્યા ને માલ ઉડાવ્યાની અંતકાળે હુંફ ખરી ? :-**

'પરલોક કોણે દીઠો છે ? પરલોક તીર્થંકર ભગવાન અને જ્ઞાનીઓએ દીઠો છે, માટે તો પરલોક હિતકારી શાસ્ત્રોમાં પરલોક અજવાળે એવો એમનો ઉપદેશ ભરચક ભરેલો છે. ત્યારે અહીંના માલમેવા એ માન-સન્માન ચાટતા રહેવાની વાત કરો છો, પણ કોઈનો અંતકાળ જોયો છે ? એ સુખે મરે છે ? જીવનભર વેપલો કર્યો, પૈસા કમાયા, માલમેવા ઉડાવ્યા, માન-સન્માન લીધા, એ બધાની અંતકાળે એને હુંફ અને આનંદ હોય છે ? તો તો આનંદ-કલ્લોલથી સુખે જ મરે ને ? પણ ના, અંતકાળે તો હાય ને વોય જ હોય છે, કેઈ મૂંઝવણ હોય છે, ભારે વિમાસણ હોય છે કે 'હાય ! આ બધુ છૂટી જવાનું ? આ બધું અહીં, તો પછી મારે ક્યાં જવાનું ?'

આવો તમારો અંતકાળ જો નજર સામે લાવો તો ત્રાસ છૂટશે. અહીંની આ વેપાર-ધંધા અને પૈસાના ઢેર કરવાની અને તમને અંતે છોડી દેનાર કુટુંબ-કબીલાને સંભાળી બેસી રહેવાની મહેનત ગોઝારી લાગશે. મનને એમ થશે કે,

**'જો અંતકાળ સર્વ વિયોગનો અને એના કલ્પાંતનો આવવાનો છે તો શા સારુ અંતકાળ સુધી ક્ષણિક સંયોગની જ પાછળ મહેનતની લોથ રાખી છે ?'**

એમ ચમકારો લાગ્યા પછી અંતકાળે શાંતિ આપે એવા ધર્મની મહેનત કરવાનું દિલ જાગશે. કેમકે,

**ધર્માત્માઓનો અંતકાળ શાંતિભર્યો દેખાય છે.**

**સુખલાલનું પરિવર્તન :-**

સુખલાલ શેઠને ચમકારો લાગી ગયો. એના મનને થયું- 'મહારાજ સાહેબ શું ખોટું કહે છે ? અંતે તો આ બધું મારે મૂકવું જ પડવાનું. મારા બાપા દાદા બધું અહીં પડતું મૂકીને જ મર્યા, તો મારે ય એ જ બનવાનું. તો અંતે જે અવશ્ય મૂકવાનું એની પાછળ આ મારી આંધળી મહેનત શી ? અંતકાળ સુધીની વેપાર-ધંધા-કમાઈની મહેનત અને મમતા, જ્યારે બધું મૂકવાનો અવસર આવશે ત્યારે, મને કેટલી બધી હાયવોય કરાવશે ?'

આ વિચારતાં વિચારતાં શેઠની આંખમાં પાણી આવી ગયા. સાધુને હાથ જોડી કહે છે,

'બાપજી ! તો આ તો કશો વિચાર જ મેં કર્યો નથી. આજ સુધી આંખ મીંચીને વેપાર ધંધામાં જ લાગ્યો રહ્યો છું. ઘરના માણસ મને ઘણું ય કહેતા કે 'સત્સંગ સાધો, મહારાજ સાહેબો પધારે છે એમનાં વ્યાખ્યાન સાંભળો,' ત્યારે હું કહેતો કે એ તો નવરાનાં કામ. પણ આજે પહેલવહેલી આપની વાણી સાંભળીને મને મારી મૂર્ખતા સમજાય છે. મેં તો જિંદગી બગાડી નાખી. હવે મારું શું થશે ?

**થોડાથી ય કલ્યાણ :-**

આચાર્ય મહારાજે કહ્યું કે 'મુંઝાશો નહિ. જાગ્યા ત્યારથી સવાર. જ્ઞાની ભગવંતો કહે છે,'- જિંદગીના છેવાડે પણ સંયમની સાધના થઈ જાય તો ય તે આત્માને ઊંચકનારી બને છે. અરે ! સંયમ નહિ સહી, તો ય સમ્યક્ત્વ સહિતની થોડા કાળની પણ ધર્મસાધના ય આત્માને દુર્ગતિમાં પડતો અટકાવે છે. તો હવે તમે આ ધર્મનો-સંયમનો વિચાર કરો થોડાથી ય કલ્યાણ થશે.'

સુખલાલ શેઠને વાત ગળે ઊતરી ગઈ, પૂછે છે. 'હાલ સંયમ તો મારાથી લેવાય એમ નથી. તો હવે મારે શી શી રીતે મારા આત્માનું કલ્યાણ કરવું, તે બતાવો.'

**પહેલી મુલાકાતે જ વ્રતો :-**

આચાર્ય મહારાજે સમ્યક્ત્વ સહિત દાન-શીલ-તપ અને ભાવનાનો ધર્મ સમજાવ્યો. સુખલાલે તો પોતાની શક્તિ અનુસાર સ્વીકાર્યો, અને પછી ઘરે ગયા.



સુખલાલ શેઠને જીવનમાં આજે સોનાનો સૂરજ ઊગ્યા જેવું દેખાયું. એને જે બોધ મળ્યો, આંતર દૃષ્ટિ ખૂલી, અને સમ્યક્ત્વ સહિત વ્રતનિયમો મળ્યા એથી એને જિંદગીમાં નહિ અનુભવેલ એવો અનહદ આનંદ થયો. જાણે અપૂર્વ નિધાન મળ્યું ! ઘરે જઈને શ્રાવિકાને બધી વાત કરી તો એ સાંભળીને શ્રાવિકાને પણ પારાવાર આનંદ થયો ! પોતે તો ધર્મપ્રવૃત્તિ કરતી જ હતી, હવે પતિને ધર્મપ્રવૃત્તિમાં હોંશે હોંશે જોડે છે.

**સંઘ કાઢવાની ભાવના :-**

સુખલાલ શેઠ હવે તો રોજ વ્યાખ્યાન સાંભળવા જાય છે, એમાં એકવાર સિદ્ધગિરિના ગુણગાન અને તીર્થયાત્રાના તથા યાત્રાસંઘ લઈ જવાના મહાન લાભનું વર્ણન ચાલ્યું, એ સાંભળતા સુખલાલના મનમાં અવનવા ભાવ જાગ્યા. મનને થયું કે 'મારી પાસેના આ ધનના ઢગલા શા કામના, જો આટલા બધા અપૂર્વ લાભવાળા યાત્રાસંઘમાં ન વપરાય ? અંતે તો બધું મૂકીને જ જવાનું છે. તો એના કરતાં તીર્થયાત્રાનો મોટો સંઘ કાઢીને એને આમાં લેખે કાં ન લગાડું ? વળી ધન માટે વેપાર ધંધામાં પાપ પારાવાર કર્યા છે, તો એ પાપોમાંથી વળતર ક્યાં ? પાપના ભાર ઓછા કરવાનું આવા મહાન યાત્રાસંઘ જેવા સુકૃત કર્યા વિના શે થાય ? માટે હવે એ કરવાનું નક્કી કરું.'

ઘરે આવીને પત્નીને પોતાની શુભ ભાવના દર્શાવી. પત્ની કહે, 'ધન્ય ભાગ્ય ! મારા મનને તો કેટલાય વરસોથી મનમાં આ આવતું હતું, તે તમે આજે સફળ કરવાનો વિચાર કર્યો. બહુ સારો વિચાર. જરૂર તીર્થાધિરાજ સિદ્ધગિરિનો સંઘ કાઢો, આચાર્ય મહારાજને વિનંતિ કરી આવો કે પરિવાર સાથે એઓશ્રી પણ પધારે. ખર્ચ સામે જોશો નહિ. જેટલા વધુ યાત્રિકો લઈ જવાય એટલું મહાપુણ્ય કમાઈ લેવાનો આ સોનેરી અવસર છે. તમને આ ઉત્તમ ભાવના થઈ. હું તમારા ઓવારણાં લઉં છું.'

બસ, સુખલાલ તરત જ ઊપડ્યો આચાર્ય મહારાજ પાસે. પોતાની ભાવના બતાવીને વિનંતી કરે છે, 'પ્રભુ ! મારી સિદ્ધાચલજીનો સંઘ કાઢવાની ભાવના છે. આપ પરિવાર સાથે પધારો સંઘમાં; આપશ્રીની નિશ્રામાં સંઘને રોજ ને રોજ ધર્મની નવનવી પ્રેરણા મળે. મને આ મહાન સુકૃત કરાવો.'

આચાર્ય મહારાજે થોડા જ દિવસમાં એનો આટલો બધો પલટો જોઈ એને ધન્યવાદ આપ્યા અને સંઘની વાત વધાવી લીધી. બસ, હવે તો સુખલાલ શેઠે નગરના સંઘ આગળ વાત મૂકી, બધાએ એને અભિનંદન આપ્યા, વ્યવસ્થા થઈ ગઈ અને સારા મુહૂર્તે આચાર્ય મહારાજની નિશ્રામાં યાત્રા-સંઘનું પ્રયાણ થયું.

**યાત્રાસંઘમાં ઉપદેશ :-**

ગિરિરાજ તરફ યાત્રાસંઘ ચાલ્યો જાય છે, અને આચાર્ય મહારાજ રોજ ને રોજ વ્યાખ્યાનમાં શત્રુંજય માહાત્મ્ય સંભળાવવા સાથે જીવનને સ્વ-પર માટે મંગળમય બનાવનાર મંદિર-જીર્ણોદ્ધાર પરમાત્મભક્તિ અર્થે વિવિધ સાધનોનું દાન, પોષધશાળા નિર્માણ, સાધર્મિક ઉદ્ધાર, જીવદયા, જ્ઞાનભંડાર, પાઠશાળા, વગેરે ધર્મક્ષેત્રોમાં દાન અને ઈતરોમાં જૈન ધર્મની વાહ વાહ થાય એવા ઔચિત્યદાનનો મહિમા વર્ણવે છે. સાથે આ સંસારની અસારતા, લક્ષ્મીની ચંચળતા, ધર્મક્ષેત્રોમાં નહિ વપરાયેલી લક્ષ્મીથી ચાલતા ષટકાય-જીવસંહાર વિષય-વિલાસ અને મદ-અભિમાનની પરંપરા, ધર્મ વિના સંસારી જીવનમાં એક સરખી ચાલતી અઢાર પાપસ્થાનકની ગોઝારી રમત, આર્ય માનવભવ, જૈનધર્મ, વીતરાગ પરમાત્મા, એમનું શાસન, સદ્ગુર સંઘ વગેરેની અતિ દુર્લભતા... ઈત્યાદિ ઈત્યાદિ કેટલાય મુદ્દા પર એવું મહેકાવીને વર્ણવે છે કે આ બધું સાંભળતાં સુખલાલ શેઠ અને યાત્રિકવર્ગ તથા ગામ ગામના લોકો પાણી પાણી થઇ જાય છે. સુખલાલ શેઠની આંખમાંથી તો શ્રાવણ-ભાદરવો વહે છે.

**આત્મનિરીક્ષણ :-**

સુખલાલ શેઠના દિલને લાગે છે કે, 'અરે ! કયાં મારું પહેલાનું જીવન ! ગુરુદેવ જે ફરમાવે છે એના અક્ષરની ગમ નહિ, વિચાર નહિ, અને એક અબૂઝ બળદિયાની જેમ માત્ર પારકી વેઠનું જ જીવન રાખેલું ! અહો ! જોઉં તો આ ભવ કેટલો બધો ઊંચો ! ને જૈનધર્મ વગેરેની પ્રાપ્તિ કેટલી બધી ઊંચી ! એની સામે મારા જીવનની કેટલી બધી અધમતા ! આહાર-વિષય-પરિગ્રહ અને કામ-ક્રોધ-લોભાદિ કષાયોમાં તરબોળ નર્યું પશુ જીવન ! છતે તરવાનાં મહાસાધને, મેં એકલું ડૂબાડનારાં સાધનોમાં ડૂબાડનારી પ્રવૃત્તિ કરી ડૂબવાનું જ કર્યું ? ધિક્કાર છે મારા આત્માને ! કેટલાય ભવોની તપસ્યા પછી આવા ઉચ્ચ અવતારે જન્મ મળ્યો એનું કશું મૂલ્ય ન આંક્યું ? અને માત્ર કીડીની જેમ જીવન આખું પરિગ્રહ પાછળ તથા ભૂંડની જેમ વિષયવિલાસ પાછળ વેડફી નાખ્યું ? એમાં કેટકેટલાં ધરખમ પાપસ્થાનકો સેવ્યે રાખ્યા ?'

સુખલાલ શેઠને હવે પોતાનાં પૂર્વ જીવનની અધમતા અને દુષ્કૃત્યો પર પારાવાર ખેદ થાય છે. પશ્ચાત્તાપની આગ સળગે છે. સાથે ગુરુ મહારાજ આ જીવનને સ્વ-પરને માટે જે મંગળકારી બને એવાં સત્કૃત્યો ઉપદેશે છે, એની અલૌકિકતા પર એનું દિલ ઓવારી જાય છે, એ સાધવાના કોડ જાગે છે, એટલે યાત્રાના માર્ગમાં આવતા ગામ-ગામમાં ધર્મક્ષેત્રોમાં છૂટે હાથે ધનનો સદ્વ્યય કરે છે.



આમાં વળી, ગુરુ મહારાજ સમજાવે છે કે આ ધનવ્યયથી તે તે ધર્મક્ષેત્રની તો આરાધનાના મહાન લાભ મળે જ છે, પરંતુ શત્રુંજય મહાગિરિની યાત્રા નિમિત્તે નીકળ્યા હોઈને આ સત્કૃત્યો થાય છે તેથી એમાં શત્રુંજય મહાગિરિની ઉપાસનાનો ય ભવ્ય લાભ મળે છે. ત્યારે,

**શત્રુંજય મહાગિરિની ઉપાસના એટલે ?**

એ તો તે મહાતીર્થની ઉપાસના છે કે જેણે અનંતા આત્માને સર્વસંગ છોડાવી તાર્યા છે, જન્મ-મરણની કારમી ચુંગાલમાંથી કાયમને માટે મુક્ત કર્યા છે ! એવા અનુપમ તારક તીર્થની ઉપાસના કરાય તે જો એ લક્ષ રાખીને કરાય કે અનંતાને નિષ્કલંક-નિર્વિકાર કરાય, એમાં એ અનંતા મોક્ષ પામેલા અને પરમાત્મા બનેલાની ઉપાસના એમણે સાધેલ સર્વવિરતિ-મહાસંયમ, અપ્રમત્તતા, ઉચ્ચ ભાવના, ઉચ્ચ આત્મપુરુષાર્થ, ઉચ્ચ ધર્મધ્યાન-શુકલધ્યાન અને અનાસકતયોગની ઉપાસના ! કેટલા અપૂર્વ લાભો !

આવી મહામહિમાવંતી સિદ્ધગિરિની ઉપાસના મહાન સદ્ભાગ્ય હોય એને જ મળે. માટે એ મળ્યા પછી એની વિવિધ ઉપાસના કરવામાં કમી રાખવી નહિ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૨૪,તા.૧-૩-૧૯૭૫**

ગુરુમહારાજના મુખે શત્રુંજય મહાગિરિનો આ મહિમા, અને તે પણ અનેકો જે આ મહાતીર્થથી પાવન થઈ ગયા એનાં દૃષ્ટાન્તો સાથે સાંભળવા મળે છે. એથી સુખલાલ શેઠને ભાવોલ્લાસ ઓર વધી જાય છે. 'અહો ! આવું અતુલ મહિમાવંતુ મહાતીર્થ મને મળે છે ! એના હૈયે એનાં મહામૂલ્ય ખડા થાય છે. મહાતીર્થ તો ભેટાશે ત્યારે ભેટાશે, પણ ગુરુમહારાજ કહે છે કે,'

**એકેકું ડગલું ભરે ગિરિસન્મુખ ઉજમાળ,**
**કોડિ સહસ ભવનાં કર્યાં પાપ ખપે તત્કાળ.'**

'શ્રી સિદ્ધગિરિ તરફ આગળ આગળ એકેક પગલું માંડતાં હજારો કરોડ જન્મનાં પાપ તૂટતા જાય.' વળી એ મહાતીર્થ ભેટવા નિમિત્તની યાત્રામાં ચાલતાં થઈ રહેલ સુકૃતો એ પણ મહાતીર્થની ઉપાસના જ છે. તો પછી મારે શું કામ સુકૃતમાં બાકી રાખવી ? અહો ! મારા પામર જીવને અનંતા જન્મોમાં આ તક કયાં મળી હોય અને સાધી હોય ? એમ કર્યું હોય તો તો આજની મારી જે કંગાળ દશા છે એ કયાંથી હોય ? **બસ, હવે તો તન-મન-ધનને ઉચ્ચ ફળવાન બનાવવાની આ સોનેરી તક મળી છે, તો એને ઓળખી લઈ સફળ કરું.'**

શું કર્યું આ ? ગિરિરાજની કદર કરી. તન-મન-ધનમાં ગિરિરાજની ઉપાસના કરી લેવાની મહાન તક જોઈ.

મનમાં મહાતીર્થની ઊંચી કિંમત, ઊંચો પ્રભાવ વસી જાય અને તન-મન-ધનમાં સંસારના વિષયો સાધવાની, ને વિષયોના વિલાસ ઉડાવવાની તક નહિ, પણ મહાતીર્થને આરાધી લેવાની ને ધર્મકૃત્યો સાધી લેવાની સુંદર તક દેખાય, પછી તન-મન-ધનને એમાં જોડવામાં શું બાકી રખાય ?

સુખલાલ શેઠે એ યાત્રામાં અને શત્રુંજય ભેટતાં અઢળક નાણું ખરચ્યું, મૂડીમાંથી ઢગલો ઓછું કર્યું, ને સુકૃતોનો ઢેર કમાયા.

વસ્તુપાળ પણ અનુપમાદેવીના વચનથી પેલા જમીનમાંથી નીકળેલા રત્ન-ચરુમાં સંપત્તિમાન થવાની નહિ પણ ઉચ્ચ સુકૃતવાન થવાની તક ઓળખે છે. તેથી એ લઈ જઇ સિદ્ધગિરિ પર એનો વ્યય કરી ઉચ્ચ સુકૃત કમાય છે.

વાત આ હતી,-

**જીવનના પ્રસંગોમાં તક જોવાની આવડત જોઈએ, વિવેક જોઈએ કે આનાથી પુણ્ય કમાવવાનો અવસર આવો ફરી નહિ મળશે પ્રાણી રે.**

સંસારનો પૂજારી પૈસા મળ્યા પર એમાં રંગરાગ ખેલી લેવાની કે એને સંગ્રહી રાખીને મોટા સંપત્તિમાન તરીકે બન્યા રહેવાની તક જુએ છે, ત્યારે ધર્માત્મા એમાં ધર્મ સાધી લેવાની તક જુએ છે, એમ સામાની ભૂલના પ્રસંગમાં અભિમાની માણસ એના પર ગુસ્સો કરી એને ખખડાવી નાખવાની તક જુએ છે, ત્યારે ભગવાનનો ભક્ત એને ક્ષમા આપવાની તક જુએ છે.

દેવપાળ અરિહંત પ્રભુનો ભક્ત છે. એણે, મંત્રીઓ વગેરેએ પૂર્વે આજ્ઞા નહિ માનેલી તે હવે નમતા આવ્યા એમાં ક્ષમા કરવાની તક જોઈ, એમને કશો ઠપકો આપ્યો નહિ, ને એમને પોતપોતાના હોદ્દા પર ચડાવી દીધા; એમાં જુના શેઠ જિનદાસ શ્રાવકને મહામાત્યપદે બેસાડ્યા.

હવે દેવપાળનું રાજ્ય વ્યવસ્થિત ચાલે છે. એમાંય પોતે અરિહંતનો ભક્ત છે તેથી રાજ્યકારભાર મહામાત્ય અને મંત્રીઓના શિરે મૂકી પોતે અરિહંત પરમાત્માની ઉલ્લાસપૂર્વક ભક્તિમાં દિવસો પસાર કરે છે.

કેટલાક સમય બાદ ત્યાં કેવળજ્ઞાની દમસાર મહર્ષિ પધારે છે. રાજાને વધામણી મળતાં વધામણી દાન આપી પોતે મંત્રીઓ-સામંતો-રાણી વગેરે પરિવાર સાથે મહર્ષિને વંદન કરવા અને એમની અમૃતવાણી સાંભળવા જાય છે. ત્યાં જુએ છે તો સુવર્ણકમળ ઉપર કેવળજ્ઞાની ભગવંત બિરાજમાન છે, બે બાજુ દેવતા ચામર વીંજી રહ્યા છે, બીજા દેવો પર્ષદામાં બેસી ગયેલા છે, લોકો પણ પુષ્કળ



આવી ગયા છે. રાજા વિનય સાચવીને નજીક જાય છે. એને એ જોઈ હરખ માતો નથી. જુએ છે કે કેટલો બધો મહાન ભાગ્યોદય હોય તો આ યોગ મળે ! ગુરુને ત્રણ પ્રદક્ષિણા દઈ રાજા વંદન કરીને પોતાને યોગ્ય સ્થાને બેસે છે. કેવળી ભગવંતને દેવતાઓ વિનંતિ કરે છે, 'પ્રભુ ! અમને ધર્મનો બોધ આપવા કૃપા કરો !'

કેવળી ભગવાન સર્વજ્ઞ છે, તેથી જુએ છે કે આ દેવપાળ નૃપતિ અરિહંતપદની આરાધના કરી અરિહંતપણાનું પુણ્ય ઉપાર્જન કરનાર છે, તેથી એ સમજપૂર્વક વિવિધ અરિહંત-ભક્તિ કરે એ માટે એના અંગેનો ઉપદેશ આપવા ફરમાવે છે કે,-

## • વિવિધ જિનભક્તિ પર દેશના •

'હે ભવ્યાત્માઓ ! જેવી રીતે સમુદ્ર એ મહાજળનો આધાર છે, તેમ જિનેશ્વરકથિત ધર્મ એ સકલ કલ્યાણનો આધાર છે, ધર્મથી જ આ લોકના ચિંતા-મણિરત્ન સુધીના સુખસાધન, પરલોકે દેવતાઈ સુખો અને યાવત્ મોક્ષ સુધીના સુખ મળે છે. ધર્મ વિના, જુઓ કે, પાપમાં રક્ત અનંતાનંત જીવો જુઓ બિચારા દુઃખમાં સબડે છે. તમે સુખના અર્થી છો તો સુખના આધારભૂત ધર્મનું સેવન કરો.'

**પાપત્યાગ વિના મુક્તિ નહિ :-**

હે ભાગ્યવાનો ! જિનેશ્વરદેવોએ ધર્મ બે પ્રકારે કહ્યો છે,- એક શ્રમણધર્મ-સાધુધર્મ સર્વવિરતિ ચારિત્ર, અને બીજો શ્રાવકધર્મ સમ્યકત્વ સહિત સ્થૂલ અહિંસાદિ બાર વ્રતો. શક્તિ પહોંચે તો મુખ્યપણે ચારિત્રધર્મ જ આદરવા યોગ્ય છે. કેમકે એમાં જ સર્વ પાપોનો ત્યાગ થાય છે; અને સર્વ પાપના ત્યાગ વિના જીવ કર્મથી છૂટી શકે નહિ, તેથી સંસારથી મુક્ત બની શકે નહિ. પાપ છે ત્યાં કર્મબંધ છે, અને કર્મબંધથી સંસારભ્રમણ નીપજે છે. માટે સંસારના જન્મ-મરણાદિ દુઃખોનો ત્રાસ લાગતો હોય અને એ દુઃખોથી છૂટવું હોય, તો મુખ્યપણે પાપમાત્રને વોસિરાવો અને ચારિત્રધર્મનો આદર કરો, ચારિત્રધર્મની આરાધના કરો.

**નરકાદિના ત્રાસ આગળ ચારિત્રકષ્ટ કુછ નહિ :-**

'હે પુણ્યવાનો ! એમ સમજતા નહિ કે ચારિત્રધર્મ કઠિન છે, કષ્ટમય છે. આપણા જીવે જે નરકાદિ ગતિઓમાં ઘોર ત્રાસ-દુઃખ-કષ્ટ વેઠ્યાં છે એની આગળ ચારિત્રનાં કષ્ટ વિસાતમાં નથી. વળી ચારિત્રધર્મ એક માત્ર મનુષ્યભવમાં જ મળી શકે છે. તો સમજો કે આ મનુષ્યભવ ચારિત્ર માટે જ છે. જ્યારે ને ત્યારે મનુષ્યભવ અને ચારિત્ર વિના તો મોક્ષ જ નથી. તો પછી આ મનુષ્યભવે એ નહિ સાધો તો બીજા કયા મનુષ્યભવે સાધશો ? ભૂલશો નહિ, મનુષ્યભવ પ્રાપ્ત કરવો

એ મહા દુષ્કર કાર્ય છે. આ માનવભવ પાપમાં વીતાવ્યા પછી એ પાપના ફળમાં મનુષ્યભવ તો મળે નહિ. ને બીજા પાપમય તિર્યંચભવ મળ્યા પછી તો કોણ જાણે ફરીથી મનુષ્યભવ કેટલાય ભવોના ભવો કર્યા પછી મળે ! માટે ચારિત્રધર્મને વાયદે મૂક્યા વિના અહીં જ સાધી લેવા જેવો છે. આ રોજ યાદ કર્યા કરો.

**મનુષ્યભવ ચારિત્ર માટે જ છે :-**

'આમ છતાં હે બુદ્ધિમાનો ! ચારિત્રધર્મની શક્તિ ન હોય તો શ્રાવકધર્મનો ઉદ્યમ કરો. શ્રાવકધર્મના મૂળમાં સમ્યક્ત્વ છે, સમ્યક્ત્વ સહિત સ્થૂલથી અહિંસાદિ પાંચ અણુવ્રતો, દિશાપરિમાણાદિ ત્રણ ગુણ વ્રતો અને સામાયિકાદિ ચાર શિક્ષાવ્રતો, એમ બાર વ્રતનો શ્રાવકધર્મ છે. સંસારની મોહમાયામાં બેઠેલા અને ષટ્કાય જીવસંહારમય આરંભ-સમારંભો અને વિષય-કષાયોમાં ખૂંચેલા જીવને જો થોડો ય બચાવ મળે તો આ શ્રાવકધર્મની આરાધનાથી મળી શકે છે.

'હે વિવેકીજનો ! એ શ્રાવકધર્મના મૂળભૂત સમ્યક્ત્વ માટે વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવ, નિર્ગ્રન્થ સંયમી મુનિઓ અને જિનેશ્વરકથિત ધર્મની અનન્ય શ્રદ્ધા જોઈએ. એમાં જિનેશ્વરદેવ પરની શ્રદ્ધા ચરિતાર્થ કરવા માટે જિનભક્તિ જોઈએ. જિનેશ્વરદેવની ભક્તિ નથી કરવી તો એમના ઉપર શ્રદ્ધા શી ? એમની ભક્તિ કરતાં કરતાં દિલમાં એમના ઉપર શ્રદ્ધા ખરેખરી ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલી વધતી જાય છે, કહો જિનભક્તિ સમ્યક્ત્વને લાવી આપે છે, સમ્યક્ત્વને અજવાળે છે. નિર્મળ કરતી જાય છે. સમ્યક્ત્વના મૂળ પર જ શ્રાવકધર્મ અને સાધુધર્મરૂપી વૃક્ષ ઊગે છે, વધે છે.'

'હે મહાનુભાવો ! આ જિનભક્તિ બે પ્રકારે છે,

## • જિનપૂજા-ભક્તિ ૨ પ્રકારે •

**(૧) દ્રવ્યસ્તવ-દ્રવ્યપૂજા. (૨) ભાવસ્તવ-ભાવપૂજા.**

દ્રવ્યસ્તવ જિનની અષ્ટપ્રકારી પૂજાથી થાય છે. ભાવપૂજા જિનનાં ભક્તિ-સ્તોત્ર-ગુણગાનાદિથી થાય.

અલબત એમાં જિનાજ્ઞાનો સ્વીકાર માથે ધરવાનો હોય છે. જેને જિનાજ્ઞા માન્ય નથી એની કિંમતી દ્રવ્યોથી ય દ્રવ્યપૂજા ને સ્તવનાદિ ભાવપૂજા ફૂટી કોડીની કિંમતની છે. જિનને પૂજવા છે, ને જિનની આજ્ઞા માથે ધરવી નથી, એ કેટલું શોભાસ્પદ કહેવાય ? બાપની ભક્તિ કરે ને બાપની આજ્ઞા ન માને એ લોકમાં યશ પામતો નથી. જિનાજ્ઞાના સ્વીકાર સાથે જિનની દ્રવ્યપૂજા-દ્રવ્યસ્તવ દેવલોકનાં સુખ આપે છે, ત્યારે ભાવપૂજા અનંતસુખમય મોક્ષ સુધી પહોંચાડે છે. કહ્યું છે,-



**उक्कोसं दव्व थय, आराहिय जाव अच्चुयं जाइ ।**
**भावत्थयेण पावइ, अन्तमुहुत्तेण निव्वाणं ॥**

અર્થાત્ ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવ આરાધીને બારમા અચ્યુત દેવલોક સુધી જાય છે. ઉત્કૃષ્ટ ભાવસ્તવથી અંતર્મુહૂર્તમાં મોક્ષ પામે છે.

કેવળજ્ઞાનીએ દ્રવ્યપૂજાનો પણ મહિમા કેટલો ઊંચો બતાવ્યો !

**પ્ર.**- જો દ્રવ્યપૂજાથી બારમા દેવલોક સુધીની સદ્‌ગતિ મળતી હોય તો શ્રાવકધર્મનાં વ્રત લેવાની જરૂર શી રહે ? તેમ ભાવપૂજાથી મોક્ષ મળી શકે તો પછી ચારિત્રધર્મ લેવાની ય શી જરૂર ?

ઉ.- જરૂર એટલા માટે છે કે શ્રાવકધર્મનાં વ્રતો અને ચારિત્રધર્મ એ, દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં એટલા ઊંચા ફળ નીપજાવી શકે એવો પાવર પૂરે છે,

**પૂજા વ્રત પાલનથી કે અવ્રતની ભારે અફસોસીથી ભાવભરેલી થાય છે.**

**જીવનમાં વ્રતનિયમો ન હોય અને એની અફસોસી પણ ન હોય એનો અર્થ એ, કે દિલ વિષયોમાં અત્યંત લુબ્ધ છે.**

**એવું દિલ વીતરાગ તરફ ઝૂકે શાનું ? ત્યારે,**

**વીતરાગ તરફ દિલ ઝૂક્યા વિના દ્રવ્યપૂજા-ભાવપૂજામાં ભલીવાર શો ?**

રાજા શ્રેણિકના જીવનમાં વ્રત-નિયમ વિરતિ નહોતી. છતાં એમને એ અ-વિરતિનો ભારે અફસોસ હતો. તેથી એમની દ્રવ્યપૂજા-ભાવપૂજા માલવાળી હતી. એ દ્રવ્યપૂજા કરવામાં એમણે રીતસરનો ખર્ચ રાખેલો. આવી દ્રવ્યપૂજા અને બીજા એવા તન-મન-ધનના ઉલ્લાસ પૂર્વકના ખર્ચથી કરેલા અરિહંતના માન-સન્માનનો એ પ્રભાવ હતો કે એમણે સમ્યગ્દર્શન ક્ષાયિક અર્થાત્ ઉત્કૃષ્ટ નિર્મળ કર્યું અને ઉપરાંત અરિહંતપણાનું પુણ્ય ઉપાર્જ્યું.

કેટલાક કહે છે,

**પ્ર.**- તમે ભગવાનની ભક્તિમાં વાત ભેગા પૈસા જ ખરચવાનું કેમ બતાવો છો ? શું ધર્મ પૈસાથી ખરીદી શકાય ? કે દિલના ભાવથી ? દિલમાં ભક્તિનો ભાવ ન હોય અને શરમાશરમી કે બીજી કોઈ માન કીર્તિની ભૂખ-આકાંક્ષાથી પૈસા ખર્ચે તો શું એથી ધર્મ થયો ? ના, ધર્મ તો ભાવથી થાય છે. તો પછી શાસ્ત્રમાં આમ કેમ આવે છે કે ગુરુપધાર્યાની વધામણી લાવ્યો તો એને વધામણીનું દાન આપ્યું, પ્રભુની સુખશાતાના સમાચાર કોઈ લાવ્યું તો એને ય દાન. સંગ્રામ સોની અને પેથડશા મંત્રી ભગવતી-વ્યાખ્યાન સાંભળવા બેઠા તો જ્યાં 'હે ગોયમ' 'હે ગોયમ' પદ આવ્યું ત્યાં ઝટ સાથિયા પર એકેક સોનાની ગીની મૂકતા ગયા, બસ, બધે પૈસાથી જ વાત ?

**શું ધર્મ પૈસાથી ખરીદી શકાય છે ?**

ઉ.- આવો પ્રશ્ન કરનારને પહેલું તો એ પૂછીએ કે પૈસા છોડવાની વાત આવે છે ત્યાં તમને કેમ અરુચિ થાય છે ? કહો, પૈસા બહુ વહાલા છે એટલે. જો પૈસા એ સંસારનું એક પ્રકારનું ઝેર હોવાનું સમજાયું હોત તો આ વિચાર જ ન ઊઠત કે વાત ભેગા પૈસા ખરચવાના ? ત્યાં તો એમ થાત કે 'આ વાતભેગું ઝેર છોડવાની વાત આવે છે એ સારું છે.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૨૫,તા.૮-૩-૧૯૭૫**

વાત આ છે કે જેવા પૈસા વહાલા છે એવા ભગવાન, ગુરુ અને ધર્મ નથી વહાલા. નહિતર દેવ-ગુરુ-ધર્મની પાછળ પૈસા ખરચવાની વાત આવે ત્યાં અરુચિ-સૂગ કેમ થાય ? પૈસા કરતાં પત્ની-પુત્ર-પુત્રી વધુ વહાલા છે, તો એમની પાછળ વાત ભેગા પૈસા ખરચવાની વાત આવે ત્યાં ક્યાં અરુચિ સૂગ થાય છે ? શક્તિ ઓછી છે છતાં બાપ, દીકરી પરણાવવા પાછળ કેટલું ખરચી નાખે ? દીકરો ડીગ્રીની પરીક્ષામા પાસ થયો તો એની ખુશાલીમાં મફતિયું જ ખરચી નાખે ને ? આવું તો કેટલુંય સંસાર માટે ખરચાય ને દેવ-ગુરુ-ધર્મની વાત આવે ત્યાં ખરચવાનું કડવું લાગે છે ! કારણ આ જ,-

**પૈસા ઝેર જેવા જ લાગે, ને પૈસા કરતાં ધર્મ વધુ વહાલો ન લાગે ત્યાં ધર્મમાં પૈસા ન છૂટે.**

**પ્ર.**- કહે છે 'ધર્મ તો ભાવથી થાય, પૈસાથી થોડો જ ખરીદાય ?'

**ઉ.**- પણ એને ખબર નથી કે જ્યાં સુધી પૈસાની એવી ગાઢ આસક્તિના ભાવ દિલમાં બેઠા હોય ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મ પર એવા ભાવ, એવું આકર્ષણ બહુમાન જાગે શાનું ? 'ના, પ્રભુભક્તિનો અવસર મળ્યે મંજીરા વગાડીશ પણ પૈસા નહિ ખરચું.' આવું મનમાં આવે ત્યાં ખુશી શાની છે ? ખુશી પૈસા નથી ખરચવા પડતા એની છે, ખુશી મંજીરા વગાડવાની છે. ભક્તિની ખુશી ક્યાં છે ? ગુરુ પધાર્યાના સમાચાર મળ્યા ખુશી થયા, પણ સમાચાર દેનારને એટલું ય કહેવું નથી, 'વાહ ! આવા સુંદર સમાચાર લાવ્યો ? મને અથાગ આત્મહિત કમાવી દેનાર ગુરુ પધાર્યાના સમાચાર ? લે, મોં મીઠું કરતો જા' આવું નથી કહેવું એને ગુરુ પધાર્યાની ખુશી કેવી થઈ ? મુફલીસ ખુશી, ફોતરા મળ્યા જેવી ખુશી.

**સમ્યકત્વ ઊભું કરવું છે ?** અરિહંત પરમાત્મા પર આત્મા પ્રાણપ્યારી-રૂપાળી-સેવાકારી પત્ની કરતાં ય કેઈ ગુણો ફિદા થઈ જવો જોઈએ. શ્રેણિકને



પટ્ટરાણી ચેલણા બહુ વહાલી હતી, પરંતુ એના માટેના ય ખર્ચમાં હિસાબી કામ હતું, ત્યારે પ્રભુ મહાવીરદેવ પર એ એવો ફિદા, પ્રભુની ઉપર એટલો બધો પ્રેમ એટલું બધું વહાલ, કે એમની પાછળ ખર્ચમાં હિસાબ નહોતો. માટે તો ચેલણા માટે સવા લાખ સોનૈયાની એક રત્નકાંબળ ન લીધી, અને મહાવીર પ્રભુની સુખ-શાતાના સમાચાર લાવનારને વધામણીદાન તરીકે સોનૈયા દઈ દેતા, ને અવસરે હીરાનો હારે ય આપી દે.

**પરમાત્માને ગૌણ કરીને પૈસાનો કરાતો મોહ પરમાત્મા પર એવું બહુમાન-ભાવ ન થવા દે, તેમ એવી બહુમાનભરી ભાવપૂજા ય ન કરવા દે.**

કેવળજ્ઞાની મહર્ષિ દેવપાલરાજા આદિ સભાને આગળ ફરમાવે છે કે,

'હે પુણ્યવાનો ! પૂજાના દ્રવ્યપૂજા-ભાવપૂજા એમ બે ભેદની જેમ ત્રણ ભેદ પણ છે.'

## • પૂજા ૩ પ્રકારે •

**૧. સાત્ત્વિકી પૂજા**
**૨. રાજસી પૂજા**
**૩. તામસી પૂજા**

પૂજાના આ ત્રણ ભેદ ઉદ્દેશના ભેદના હિસાબે છે.

(૧) સાત્ત્વિકી પૂજામાં ઉદ્દેશ મોક્ષનો હોય, મોક્ષ માટે પાપભર્યા સંસારના ત્યાગનો હોય.

(૨) રાજસી પૂજા તે કે જેમાં ઉદ્દેશ આ લોક પરલોકના દુન્યવી સુખોનો માનપાન-જનરંજનનો કે માત્ર આજીવિકાનો ઉદ્દેશ હોય. ત્યારે,

(૩) તામસી પૂજામાં ઉદ્દેશ કોઈ દુશ્મન જેવાનું કાટલું કાઢવાનો અથવા મદ-ઈર્ષ્યા પોષવાનો કે પાપમાં નડતી આફત ટાળવાનો હોય.

આ ત્રણે પૂજામાં,

**આદરણીય પૂજા એકમાત્ર શ્રેષ્ઠ એવી સાત્ત્વિકી પૂજા છે.**

મોક્ષ અને મોક્ષોપયોગી ચારિત્રમાર્ગ કેમ મળે એ ઉદ્દેશથી એ વીતરાગ પરમાત્માના ગુણોને વિષે અત્યંત રક્ત બન્યો રહી, યથાશક્તિ ઠાઠવાળી ભગવાનની દ્રવ્ય-ભાવભક્તિ કરે. એમાં વળી ભાવની નિશ્ચળતા એવી રાખે કે મોટા દેવતાઈ ઉપસર્ગમાં ય ચળે નહિ. બાકી દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરે, તીર્થયાત્રા કરે, યાત્રાસંઘ કાઢે, સુંદર જિનમંદિરના નવનિર્માણ તથા જીર્ણોદ્ધાર કરાવે, શાસન પ્રભાવક ઉત્સવો ઊજવે, એવાં કાર્ય કરે એમ કરી લોકોને જૈનધર્મ પ્રત્યે આકર્ષે, જૈન ધર્મ પમાડે...

આ બધું જ જિનાજ્ઞા માથે ચડાવીને, જિનાજ્ઞાને સર્વેસર્વા સ્વીકારીને કરે. યાવત્ સ્વીકારેલી જિનાજ્ઞાને અમલમાં મૂકવા ચારિત્રમાર્ગની સાધના કરે. આ બધી સાત્ત્વિકી જિનપૂજા.

દેવપાલનું દિલ આ સાંભળતાં ઉછાળા મારી રહ્યું છે કે 'ઠીક માર્ગ જડી ગયો. હવે હું કેમ અરિહંત પ્રભુની અનેકવિધ ઉત્તમ ભક્તિ કરું !' દેવપાળ અરિહંતદેવનો પાકો ભક્ત છે એ આપણે જોઈ આવ્યા છીએ, એથી એ ભક્તિનો માર્ગ જડતાં કેમ હર્ષોલ્લાસ ન પામે ?

**અરિહંતપદની આ પણ એક આરાધના છે કે જિનભક્તિના વિવિધ માર્ગ સાંભળતા હર્ષોલ્લાસ થાય.**

પછી ત્યાં પૈસાના ખરચની વાત આવે છે માટે કરમાઈ ન જાય, દિલ ઉદ્વેગી ન થાય. તેમ એવું ય મનને ન થાય કે 'પૂજાનો આટલો બધો લહેલાટ શો ? રોજ દેવદર્શન-પૂજા અને કયારેક તીર્થયાત્રા કરીએ તો ન ચાલે ?' જો મનને આવું થાય તો એમાં પૂજાના અધિક પ્રકાર ઉપર અભાવ-અનાદર આવ્યો ગણાય.

**એ અધિક પૂજા પર અભાવ એ પ્રભુ ઉપરનો અભાવ છે, અનાદર છે.**

ધર્મની વાત આવે ત્યાં 'થોડાથી ન ચાલે ? એવો પ્રશ્ન જ કેમ ઊઠે છે ?' 'ચાલે' એટલે શું ? કાંઈ દેવું પતાવવાનું છે ? કે સામાની અર્થાત્ પૂજ્યની જરૂરિયાત પૂરી પાડવાની છે ? ભૂલતા નહિ,

**પ્રભુની પૂજા પ્રભુના ભલા માટે નથી, આપણા ભલા માટે છે.**

ત્યારે પૂજા જો આપણા ભલા માટે સમજતા હોઈએ, તો પૂજાના જેમ વધુ પ્રકાર જાણવા મળે એમ આપણા વધુ ભલાનું જાણવા મળ્યું, એથી વધુ આનંદ-ઉલ્લાસ થાય. ત્યાં 'થોડાથી ચાલે, આટલું બધું શું જરૂરી છે ?' એવો વિચાર જ ન આવે.

તેથી આ ધ્યાન રાખવાનું કે ભૂલેચૂકે દેવ-ગુરુ-ધર્મની સાધના અંગે આવો વિચાર ન કરાય કે, 'આટલાથી ન ચાલે ? લાંબા લહેલાટનું શું કામ છે ?' જો આ વિચાર કરશો તો એમના પ્રત્યે અભાવ-અનાદરના મહા પાપમાં પડશો. પછી એમાં સમ્યક્ત્વ જ હણાય.

રાજસી ભક્તિવાળો બિચારો પૂજાના એ પ્રકારો આચરે ખરો, પરંતુ આંધળી દળે ને કૂતરું ચાટી જાય એની જેમ, ઉદ્દેશ ખોટો છે. દુન્યવી સુખનો છે, મોહના ઘરના છે, તેથી ભક્તિની મહેનત આત્માની, ને ભક્તિનું કર્યું-કરાવ્યું બધું મોહના પલ્લે પડે ! મોહનીય કર્મને મજબુત કરનારું થાય !

**રાજસી ભક્તિમાં મોહ પોષાય; ત્યારે તામસીમાં મહામોહ પોષાય.**



તામસી ભક્તિમાં તો વળી એથી ય કનિષ્ઠ ઉદ્દેશ છે; એટલે એવી ભક્તિ મહામોહને પુષ્ટ કરનારી બને. કેવળજ્ઞાની ભગવંત સમજાવી રહ્યા છે કે,-

સાત્ત્વિક, રાજસી અને તામસી ભક્તિમાં સાત્ત્વિક ભક્તિ સર્વોત્કૃષ્ટ છે. એને આચરનારા થોડા હોય છે; કેમકે કોઈ મહાભાગ પુણ્યશાળી પંડિત અર્થાત્ વિવેકભરી પ્રજ્ઞા-બુદ્ધિવાળા જનો જ એ સાત્ત્વિક ભક્તિને આચરે છે. બાકી રાજસી અને તામસી ભક્તિ તો અબૂઝ માણસ સહેલાઈથી આચરી શકે છે. ત્યારે પંડિતને એ પસંદ નહિ, એટલે એને પડતી મૂકી સાત્ત્વિકી ભક્તિમાં લીન રહે એ સહજ છે."

કેવળી ભગવાન આ ઠીક જ કહી રહ્યા છે કે રાજસી અને તામસી અબૂઝને આચરવી સહેલી; કેમકે એને પોતાના આત્મા તરફ દૃષ્ટિ જ નહિ એટલે શું કામ એ આચરે ? એને દૃષ્ટિ માત્ર દુન્યવી ચીજોની બોલબાલા ઉપર છે, એટલે એ વીતરાગ ભગવાનની ભક્તિ કરીને પણ દુન્યવી જ સિદ્ધિ હાંસલ કરવાનું ચાહે. ત્યારે કદાચ પૂછો,-

**પ્ર.**- ભગવાનની ભક્તિ કરીને દુન્યવી સિદ્ધિ ચાહી એમાં શું બગડી ગયું ?

ઉ.- બગડી આ ગયું કે વીતરાગ જેવા વીતરાગ મળ્યા છતાં (૧) **દુન્યવી સિદ્ધિના રાગમાં, આ રાગથી મહા અકલ્યાણ અને વીતરાગતાથી કલ્યાણ એ ભૂલી જવાય છે.**

**વીતરાગ ભગવાન મળ્યાનો ઉપયોગ વીતરાગના તરફ દૃષ્ટિ લઈ જવાનો હોય, વીતરાગતા પર દૃષ્ટિથી જ મહાકલ્યાણ એવું સમજવાનો હોય.**

અન્યથા રાગ-દ્વેષાદિ ભાવોથી પોતાનું મહા અહિત થાય, ભવમાં ભટક્યા કરવાનું અને જન્મમરણાદિ દુઃખોમાં રીબાયા કરવાનું થાય એ સમજવાનો હોય; વીતરાગનો એ ઉપયોગ સમજવાનું આ દુન્યવી સિદ્ધિની ઝંખનામાં ભૂલી જાય છે.

આમે ય દુનિયાદારીની અને વિષયોની પ્રવૃત્તિ કરતાં તો વીતરાગભાવ તરફ અને રાગાદિના ભયંકર નુકસાન સમજવા તરફ દૃષ્ટિ જ નહોતી, પણ વીતરાગ ભગવાન મળવા છતાં ય એનો વિચાર નહિ, પછી ઉદ્ધારનો આરો જ ક્યાં ? ઊલટું, દુનિયાદારી કરતાં ભગવાનની ભક્તિમાં ખરચાય છે ઓછું, ને એના ફળમાં મળે છે ઘણું. એટલે કહો કે,-

**(૨) ભક્તિથી દુન્યવી સિદ્ધિ માગવામાં આ નુકસાન કે અલ્પ ખર્ચમાં અઢળક દુન્યવી સુખ-સાધન જાણે મફત જોવામાં મળે છે, માટે એની લાલસા-લંપટતા જોરદાર વધી જાય.**

**(૩) ત્રીજું નુકસાન આ, કે ભક્તિના અલ્પ ખર્ચથી અઢળક દુન્યવી સુખ ઈચ્છવામાં હરામનું ખાવાની વૃત્તિ ઊભી થાય છે; ને હરામનું ખાવાની વૃત્તિથી**

**આત્મા નપાવટ-ક્ષુદ્ર-હરામી-તામસી બને છે.**

(૧) તમે જુઓ અલમસ્ત ભિખારીઓનાં દિલ કેવાં નપાવટ, ક્ષુદ્ર, હરામી અને તામસભાવોવાળા હોય છે. એમ જેને શક્તિ છતાં મહેનત નથી કરવી અને માગી માગીને ચલાવવું છે, એનાં હૈયા ય ક્ષુદ્ર, બન્યા રહે છે.

(૨) એવી રીતે ધંધો કરવા છતાં સામા પાસેથી ગેરવ્યાજબી રીતે વધુમાં વધુ આંચકી લેવું છે, એ પણ હરામનું ખાવાની વૃત્તિવાળા હોઈ એનો ય આત્મા નપાવટ બને છે.

(૩) ત્યારે નોકરી કરતો હોય, પણ રીતસરની નોકરી બજાવ્યા વિના એમાંથી ચોરીછૂપકીથી ગાપચી મારીને રજાઓ ભોગવી પગાર-બોનસ પૂરું લેવા ઇચ્છે, એ પણ હરામનું ખાવા ઇચ્છી રહ્યો ગણાય. એનું હૈયું ય નપાવટ-ક્ષુદ્ર-અધમ બને.

(૪) ત્યારે જીવનવ્યવહારમાં બીજાને ઠગીને માલ ચાઉં કરવા ઇચ્છતો હોય એ પણ હરામનું ખાવા ઝંખી રહ્યો છે. એનો આત્મા ય નપાવટ બનવાનો.

**હરામનું ખાય એનાં હાડકાં હરામ બને; પછી એ હરામ હાડકાના માણસને મહા ઉપકારી માતા-પિતા ને દેવ-ગુરુ-ધર્મની ય અવગણના અનાદર કરતાં સંકોચ નહિ.**

હરામનું ખાવાની વૃત્તિ અધમ છે.

(૫) સાધુ પણ જો સાધ્વાચાર પૂરા ન પાળે, સાધુજીવનને યોગ્ય ત્યાગ, તપસ્યા, અભિગ્રહ, નિર્દોષ ગોચરીચર્યા,-સ્વાધ્યાય-રટણ વગેરે યથાશકય ન આચરે, તો એ પણ હરામનું ખાનારો બને છે. પછી એની ય વૃત્તિઓ ક્ષુદ્ર-અધમ-તામસી બને છે.

રાજસી ભક્તિવાળો ભક્તિના લાભમાં જેટલું સુખ સાધન ઇચ્છી રહ્યો છે, એના પ્રમાણમાં ભક્તિ કરવામાં તો બહુ અલ્પ તન-ધન-સમય ખરચી રહ્યો છે, તેથી એ હરામનું ખાવાની વૃત્તિવાળો બને છે. એથી દિલ હરામી બને છે. હરામી દિલમાં પછી ગુણોનો સંચાર શી રીતે થાય ? ત્યાં તો દોષો દુષ્કૃત્યના ઢગલા થાય.

**વીતરાગ ભગવાનની ભક્તિ કરીને માત્ર દુન્યવી સિદ્ધિ ઇચ્છવામાં મફતિયું ઇચ્છવા જેવું હોવાથી આ બગડી જાય કે દિલ હરામી અને પરિણામે અનેક દોષ-દુષ્કૃત્યોનું ભાજન બને.**

**બીજો બગાડો ડૂબવાની ઇચ્છાનું જોર :-**

બીજું બગડવાનું આ, કે દુઃખદ ભવસાગરથી તરવાનું એકમાત્ર વીતરાગ ભગવાનનાં આલંબને જ થાય, તે આ રાંક આવા આલંબનમાં પણ ડૂબાડનારી દુન્યવી સિદ્ધિઓ ઇચ્છી ખરેખર તો ડૂબવાનું જ ઇચ્છી રહ્યો છે. એમાં ભવાભિનંદિતા મજબૂત



થાય છે, મિથ્યાત્વ ગાઢ થાય છે, ઇચ્છિત સિદ્ધિ થતાં મદ-અભિમાન દઢ થાય છે, ડૂબવાની ઇચ્છા ગાઢ કરી હોવાથી પછી ધર્મ પામવાની લાયકાત જ નથી રહેતી.

જુઓ ત્રિપૃષ્ઠ વાસુદેવે પૂર્વ જીવનમાં અંતે સંયમ તપને રાજસી-તામસી ભક્તિરૂપમાં ફેરવી નાખ્યા, તો પછી વાસુદેવના જીવનમાં આ ખરાબીઓ ખીલી ઊઠી;- મદ ભારે, ને વિષયલાલસા એવી કે ધર્મની વાત નહિ.

એમ બ્રહ્મદત્ત ચક્રવર્તીની પણ એ સ્થિતિ થઈ. પૂર્વ જીવનમાં એને સંયમ-તપને રાજસી ભક્તિરૂપ બનાવ્યા, ચક્રવર્તીના ભોગસાધન ઇચ્છ્યા, તો ચક્રવર્તી બન્યા પછી ભાઈ મુનિ બુઝવનાર અર્થાત્ બોધ આપનાર મળ્યા છતાં ધર્મ પામવાની યોગ્યતા જ નહિ રહેલી તે લેશ પણ બુઝાયા નહિ, ઊલટું મુનિની દયા ખાવા લાગ્યા કે 'આ ચિંથરેહાલ ફરી દુઃખી થઈ રહ્યા છો. મૂકો આ મુનિવેશ, આવો તમને રાજ્ય આપું, ધન-વૈભવ આપું, રૂપસુંદરીઓ પરણાવું.' બોલો, આમાં બ્રહ્મદત્તને પોતાને કયાં રહે લેશમાત્ર પણ ધર્મની વૃત્તિ ?

વીતરાગ ભગવાનની રાજસીભક્તિ કરે અને એના ફળમાં દુન્યવી સિદ્ધિઓ ઇચ્છે, એ પરિણામ આટલે સુધી લાવી મૂકે છે. ત્યારે તામસી ભક્તિનાં ભયંકર પરિણામનું તો પૂછવું જ શું ?

**(૩) તામસીભક્તિનાં ભયંકર પરિણામ :-**

અગ્નિશર્માએ લાખો 'પૂર્વ' વરસ માસખમણના પારણે માસખમણ કર્યા. પરંતુ એ અંતે રાજા ગુણસેન પર ભયંકર ક્રોધ અને વૈરવૃત્તિવાળો બની તામસભાવમાં ચાલ્યો ગયો. રાજાને ભવોભવ મારવાનું નિયાણું કર્યું, તો પરિણામ ? હવે ફરીથી તપ-તાપસપણાનું નામ નહિ, ને ભવે ભવે એ વૈર વાળવાનું જ કામ કરી કરીને નીચી નીચી નરકમાં ઊતરતો ગયો; અને રાજા ગુણસેન અંતે સમરાદિત્ય કેવળી બની મોક્ષે પધારી ગયા પછી એ અનંતસંસારી બન્યો !

કોણિક પૂર્વ ભવે તપ કરી તામસભાવવાળો બનેલો તો અહીં આવી (૧) બાપ શ્રેણિકનો દ્રોહ કરનારો બન્યો, (૨) દાદા ચેડામહારાજની સાથે બાર વરસ લડ્યો, (૩) મુનિસુવ્રત ભગવાનનો સ્તુપ નષ્ટ કરાવ્યો, (૪) વૈશાલી નગરીને ખેદાનમેદાન કરી નાખી, (૫) 'છઠ્ઠી નરકમાં શા માટે જાઉં ? હું કાંઈ સ્ત્રી છું ? મરદ છું, સાતમીએ જાઉં' એમ હઠ કરી ચક્રવર્તી બનવાનો ચાળો કર્યો. આવાં આવાં કેઈ ગોઝારાં દુષ્કૃત કરીને છઠ્ઠી નરકમાં પડ્યો. તામસી ભક્તિના આવાં પરિણામ આવે.'

વીતરાગની તામસી ભક્તિમાં ભક્તિનાં ફળરૂપે દુશ્મનનો નાશ કરવાની કામના હોય છે, એમ પાપ કાર્યમાં કોઈ વિઘ્ન-આપત્તિ જેવું દેખાતું હોય તો તે

ટાળવાની ઈચ્છા હોય છે. દા.ત. મહા આરંભ-સમારંભવાળું મોટું કારખાનું ખોલવું છે. વચમાં અડચણો દેખાય છે, એટલે મનને એમ થાય કે 'લાવ શંખેશ્વર દાદાની ભક્તિ કરું એટલે આ અડચણો હટી જાય,' ને પછી એ ઉદ્દેશથી ભક્તિ કરે એ તામસી ભક્તિ છે. એમ, કોરટમાં પોતાનો જૂઠો કેસ જીતવો છે, ને સામો સાચી દલીલો રજૂ કરે છે, તે તોડી પાડવાની તરકીબ માટે અથવા જૂઠી સાક્ષી સફળ કરવા માટે ભગવાનની ભક્તિ કરે, એ તામસી ભક્તિ છે. ભાગીદારને ઠગવો છે, પરંતુ આડે કોઈ વિઘ્ન નડે છે, તો એ ટાળવા પ્રભુ ભક્તિ કરે, એ તામસી ભક્તિ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''  વર્ષ-૨૩,અંક-૨૬,તા.૧૫-૩-૧૯૭૫**

**એમ તામસી ભક્તિ એ પણ છે કે જેમાં માત્ર અહંકાર જ પોષવાનો હોય, અથવા બીજાનાં ઉપર ઈર્ષ્યા-ખાર-મત્સરભાવ હોય.**

દા.ત. મનને એમ થાય કે 'ભગવાનની પૂજા એવી ઠાઠવાળી ભણાવું કે બીજાની પૂજા ઝાંખી જ પડી જાય.' તો આ તામસી ભક્તિ થઈ. પૂજાની જેમ બીજાં પણ ધર્મ કૃત્યમાં ય આ લાગુ પડે 'તપ એવો કરું કે બીજા તપસ્વી ઝાંખા પડે !'

એમ ભક્તિ કરતાં ઈર્ષ્યા-ખાર વગેરે રાખે, દા.ત. પોતે ભક્તિ તો કરે, પણ બીજાની સારી ભક્તિ જોઈ બળ્યા કરે, એ તામસી ભક્તિવાળો કહેવાય. એમ બીજાનો દાનાદિ ધર્મ પોતાનાથી અધિક થયો જોઈ બળ્યા કરે એ તામસી ભક્તિ.

સારાંશ, તામસી ભક્તિમાં જાલિમ ક્રોધ કે વૈર, કે મદ-અભિમાન, યા ઈર્ષ્યા વગેરે ખૂબ પોષાય છે અને એનાં પરિણામ ભયંકર કોટિના... યાવત્ અનંત સંસાર સુધીનાં નીપજે છે.

ત્યારે વિચારો કે 'રાજસી-તામસી ભક્તિ કરવામાં જો આવાં ખતરનાક પરિણામ આવતાં હોય તો એવી ભક્તિ કરવામાં સબૂઝતા છે ? કે અબૂઝતા ?' નરી અબૂઝતા-અજ્ઞાનતા-મૂઢતા જ ને ?

એટલે જ દેવપાલરાજા અને સભા આગળ કેવળજ્ઞાની દમસાર મહર્ષિ આ કહી રહ્યા છે કે પંડિત-સબૂઝ સુબુદ્ધજનો વીતરાગની રાજસી-તામસી ભક્તિ પસંદ ન કરતાં સાત્ત્વિક ભક્તિને જ ઈચ્છે છે. સાત્ત્વિકભક્તિ માટે એમણે ચાર વાતો બતાવી.

**સાત્ત્વિક ભક્તિના ૪ અંગ :-**

(૧) વીતરાગ પ્રભુના ગુણો પર અત્યંત રાગ ધરો,

(૨) ભક્તિભાવમાં અત્યંત દઢતા કેળવો,



(૩) ભક્તિમાં શક્ય એટલા ઠાઠ સાથે ભક્તિના અનેક પ્રકારો આરાધો.

(૪) દેવદ્રવ્યની વૃદ્ધિ કરો.

અલબત આમાં રાજસી-તામસીના દોષો તો ટાળવાના જ છે. રાજા દેવપાલ અરિહંતપ્રભુનો ભક્ત તો છે જ એમાં એને એ ભક્તિનું સાંભળવા મળે છે, એટલે એમાં એને ખૂબ જ રસ આવે છે. એ જેમ-જેમ સાંભળે છે તેમ તેમ પોતાના દિલમાં કરવા યોગ્ય ભક્તિપ્રકાર અને છોડવા યોગ્ય દોષો નક્કી કરતો જાય છે. રાજસી અને તામસી ભક્તિ પર તો એનું જરાય મન નથી; કેમકે આપણે પહેલાં પણ જોયું છે કે ચક્રેશ્વરીદેવીએ એને વરદાન કરી ગમે તે માગવા કહ્યું ત્યારે એણે ભક્તિના ફળ તરીકે ભક્તિ જ માગી હતી, એને વળી હવે અહીં બીજી-ત્રીજી ઈચ્છાવાળી રાજસી તામસી ભક્તિનાં કટુ ફળ જાણવા મળે એટલે તો એના પર ભારે નફરત જ થઈ જાય એમાં નવાઈ નથી. સાત્ત્વિક ભક્તિની વાત એને બહુ ગમે છે.

તમારે અરિહંતપદની આરાધના કરવી છે ને ? તો સમજી રાખો કે એમાં આ બધું આવે. પહેલું તો ભક્તિ અંગેનાં વિવેચન સાંભળવામાં રસ બહુ પડે. જાણે અમૃત પીવા મળ્યું ! તે એના ઘૂંટ-ઘૂંટ પીવામાં આનંદનો પાર ન હોય. અહીં અત્યારે આ અનુભવ થાય છે ને ? ન થતો હોય તો જીવને સમજાવો કે,

'ફોગટ બીજે ફાંફાં શું મારે ?'

**અરિહંત અને એમની ભક્તિમાં જે સાર છે, જે માલ છે, એવો બીજે કયાંય નથી.**

અગર તને અરિહંત બહુ ગમે છે, તો પછી એમની ભક્તિનું સાંભળવામાં અનેરો રસ કેમ ન આવે ? રસ ન આવતો હોય તો તને બીજે કયાંક સાર દેખાતો લાગે છે. પરંતુ બીજે-ત્રીજે સાર દેખવાનું તો અનંત અનંતકાળ કર્યું. પણ એથી શું પામ્યો ? 'ખા ગયા, ખો ગયા' એ જ ને ? અથવા કેવળ વલખાં જ મારવાનું પામવા સિવાય કયાં કશું ય પામ્યો ? શા સારુ એવા વલખા મારવાની હજી પણ મૂર્ખાઈ ? હવે જ્યારે મહાસારભૂત અરિહંત મળ્યા, એમને ઓળખાવનારા નિઃસ્વાર્થ ઉપકારી શાસ્ત્ર અને સદ્ગુરુ મળ્યા, એમની પાસેથી મહાસારભૂત અરિહંત-ભક્તિનું સાંભળવા મળે છે, તો શા સારુ મનને બીજે ભટકાવવું ? કેમ આ ભક્તિનું સાંભળવામાં હૈયે આલ્હાદના ઉછાળા ન લાવવા ?'

**ધર્મ બહુમાન માટે શ્રવણરસ જરૂરી :-**

અરિહંતપદની આરાધનામાં આ ઉછળતો શ્રવણરસ જોઈએ એ વાત આપણને લલિતવિસ્તરા શાસ્ત્રમાં પ્રારંભ ધર્મના અધિકારના પંદર લક્ષણમાં જોવા મળે છે,

એમાં એક લક્ષણ 'તત્કથાપ્રીતિ' મૂક્યું છે. ભક્તિ પર ખૂબ પ્રેમ જોઈએ. ત્યાં લખ્યું છે કે ધર્મ પર બહુમાન હોય તો જ ધર્મના અધિકારી બની શકાય; અને એ બહુમાન માટે ધર્મની પર પ્રીતિ જોઈએ, રસ જોઈએ. એટલે અહીં અરિહંતભક્તિના ધર્મના અધિકારી બનવું છે. તો એના પર બહુમાન જોઈએ; ને એ બહુમાન હોવાનુ લક્ષણ આ કે અરિહંત ભક્તિની વાત પર પ્રીતિ જોઈએ. એ જો હોય ને, તો અરિહંતભક્તિનું જાણવા-સાંભળવા મળે ત્યાં રસ અને આનંદના પૂર ઊછળે અરિહંતપદની આરાધનામાં આ પહેલી આરાધના.

આરાધનામાં બીજું જરૂરી એ કે રાજસી ભક્તિ કે તામસી ભક્તિથી હંમેશા દૂર જ રહેવાય. એ માટે અરિહંતભક્તિ શું કે બીજી કોઈ ધર્મસાધના શું એના ફળ તરીકે કોઈ જ આ લોક પરલોકના સુખ-સાધન કે માનપાન-કીર્તિપ્રશંસા, કશાની ઈચ્છા ન રહે. સંસારી જીવનમાં આમ તો એની ઈચ્છા રહેતી હોય, પરંતુ ભક્તિના બદલામાં એવી ઈચ્છા જરાય નહિ. તો જ રાજસી ભક્તિમાં ફસાવાનું ન થાય.

**બીજાનું ભૂંડું ઈચ્છવામાં તામસી ભક્તિ :-**

એમ, તામસી ભક્તિથી હંમેશા દૂર રહેવા માટે, ભક્તિ કોઈ દુશ્મનનું ય ભૂંડું કરવા માટે નહિ કરવાની. કયારેક આવું બની જવાનો પ્રસંગ ઊભો થાય છે. દા.ત. કોઈ આપણી નિંદા કરતો હોય અગર આપણું અપમાન કરતો હોય, ત્યાં પ્રભુભક્તિ ઉપરની શ્રદ્ધાથી મન એમ ચિંતવવા જાય કે આના પ્રભાવે સામાને સજા મળે. બસ, જો આ ભાવ મનમાં આવે તો એ ભક્તિ તામસી ભક્તિ બની જાય. માટે એવું કોઈનું લેશ પણ ભૂંડું મનમાં લાવવું જ નહિ.

**અભિમાનથી તામસી ભક્તિ :-**

તામસી ભક્તિથી દૂર રહેવા માટે આ પણ ધ્યાન રાખવાનું કે ભક્તિમાં લેશ પણ અભિમાન યા આપણી વડાઈ ન પોષાય, દા.ત. મનમાં એમ ન આવવું જોઈએ કે 'ફલાણાને આંગી રચતાં શું આવડે છે ? આંગી તો મારી હાઈકલાસ.' એમ બીજાને સ્તવન ગાતાં શું આવડે છે ? રાગ નહિ, ઢબ નહિ, સૂર ભેંસાસૂર ! સ્તવન તો મારું જ' એમ 'મારા જ ઓચ્છવનો કેટલો બધો ઠાઠ આવ્યો ! બીજાનો ઓચ્છવ કુછ નહિ.' આવા ભાવ અભિમાનના છે, ખરેખર હકીકત પણ હોય કે બીજાની આવડત ન હોય, બીજાના ઓચ્છવમાં એટલો ઠાઠ ન હોય છતાં આપણે એ જોવાનું કે,

**અભિમાન રોકવા વિચારણા :-**

આંગી ને સ્તવનનો સૂર વગેરે તો બહારનું છે, પરંતુ હું એના દિલના ભાવ કયાં જાણું છું ?



**કિંમત મોટી તો ભાવની છે. દ્રવ્ય તો એનાં સાધન તરીકે કિંમતી છે.**

વળી સામો ભલે ઓછી આવડત ઓછા સાધનવાળો હોય, પરંતુ એ આવડત અને સાધન સંસારના પાપકામમાં ન જોડતાં અહીં પ્રભુભક્તિમાં જોડી એ વિશેષતા છે, એટલો એ ભાગ્યશાળી જીવ છે. મારે એની અનુમોદના જ કરવાની.

અભિમાનમાં તણાઈ જો એને હલકી દૃષ્ટિથી જોઉં, તો એક બાજુ (૧) એ કલ્યાણ અનુમોદના ને; (૨) એથી થતા સુસંસ્કારને અને (૩) એથી બંધાતા પુણ્યને ગુમાવવાનું થાય; અને બીજી બાજુ પેલાની એકલી હલકાઈ અને પોતાની વડાઈ ચિંતવવામાં કષાય પોષાય, એના કુસંસ્કાર જમા થાય, તથા નીચગોત્ર કર્મ બંધાય.

રુડી ભક્તિ કરું કરું ને

(૧) ભાવનું મહત્ત્વ વિસરું ? (૨) કષાય અને કુસંસ્કાર પોષું ?

(૩) બીજાની ભક્તિની અનુમોદના ગુમાવું ?

(૪) ભક્તિ તો ઊંચ ગોત્રનું પુણ્ય આપનારી છે, એના બદલે અભિમાનથી ત્યાં જ નીચગોત્ર બાંધું ?

(૫) બીજાની હલકાઈ ચિંતવવામાં ભક્તિ અને અરિહંતનું ચિંતન ગુમાવવું...?'

આ રીતની વિચારણા વારંવાર રાખવાથી આવા ગોઝારા અભિમાનથી બચી શકાય.

**ખારથી તામસી ભક્તિ :-**

વળી તામસી ભક્તિથી બચવા ભક્તિ વખતે બીજા પર ખાર-ઈર્ષ્યા-અસૂયાને સહેજ પણ ન આવવા દેવાનું ખાસ લક્ષ જોઈએ. આ લક્ષ એટલા માટે જરૂરી છે કે સહેજ વાતમાં એ આવી જવા સંભવિત દા.ત. આપણે જરાક દર્શન કરવા ઊભા, અને આપણી ને પ્રભુની વચ્ચે કોઈ આવીને ઊભો એટલે મનમાં એના પ્રત્યે ખાર, અસૂયા આવી જાય છે. પછી સહેજ બાજુમાંથી દર્શન તો થતા હોય, પરંતુ એ દર્શન વખતે ય પેલી ખારની લાગણી ઊભી હોય છે.

એમ દા.ત. કોઈ જરા રૂવાબવાળો છે, પણ એણે આંગી સારી રચી, આપણી આંગી આવી નહિ, ત્યારે એ વખતે પેલાનો રૂવાબ આપણા મનને ખટકીને એની આંગીની અનુમોદના ન થતાં મનમાં ઈર્ષ્યા આવે કે 'આવા અભિમાનીને વળી આવી આંગી રચવાની કયાંથી મળી !' અથવા ધર્મની ટીપમાં પહેલાં કોઈએ ન લખાવ્યું, ત્યાં આપણે પહેલી રકમ લખાવી, પછી પાછળથી બીજાએ આપણા કરતાં મોટી રકમ લખાવી એટલે એનું નામ પહેલું ચડાવ્યું, ત્યાં મનને એમ થવા સંભવ છે કે 'વાહ ! લ્યો, પાછળથી જાગ્યા ને પહેલું નામ ! મોટી રકમ આપી

તે શો નવાઈડો કર્યો ?'

આવી ઈર્ષ્યા તપ વગેરેમાં પણ થવા સંભવ છે. પોતાનાથી બીજી વાતે કોઈ નીચી સ્થિતિમાં હોય અને મોટી તપસ્યા માંડી બેસે, ત્યારે પોતાના કરતાં એને વધારે માન મળવાનું છે માટે ઈર્ષ્યા થાય કે, 'આણે કયાં આ મોટો તપ કર્યો ?'

આવી આવી ઈર્ષ્યા સહિત ભક્તિ થાય એ તામસી ભક્તિ છે. એનાથી બચવા આ વિચારવું જોઈએ કે

**ઈર્ષ્યા રોકવા શું શું વિચારવું ? :-**

'હું આ શાની ઈર્ષ્યા કરું છું ? આત્માના ગુણની ? ઈર્ષ્યા એટલે દ્વેષ, તો શું આત્મગુણ ઉપર, ધર્મ ઉપર, ભક્તિ ઉપર, દ્વેષ કરાય ? મને ભગવાન ગમે છે તો મારા ભગવાનની બીજો કોઈ ભક્તિ કરે એ મને ગમવી જોઈએ કે ખટકવી જોઈએ ?'

(૧) 'વળી આ જીવ પણ મારા જેવો કર્મ-વિડંબિત છે, એ વિટંબણાને મટાડનારી પ્રભુભક્તિ કરે છે તો એ સારું જ છે. સંસારની કર્મવિટંબણાવર્ધક પાપ પ્રવૃત્તિમાંથી છૂટી આ ભક્તિની પ્રવૃત્તિ કરે એ અનુમોદનીય જ હોય. એ જો ખટકે તો એનો અર્થ એ થાય કે તો પછી એની સંસારપ્રવૃત્તિ જ સારી એમ ગર્ભિત લાગ્યું.' 'કયાં આણે આ ભક્તિ કરી ?' એવી ઈર્ષ્યાની પાછળ ગર્ભિત આ ભાવ રહે છે કે, 'એના માટે સંસારપ્રવૃત્તિ સારી !'

આમ ઈર્ષ્યા વગેરે કરવામાં આપણને ખબરે ય નથી રહેતી કે આની પાછળ કેવા કેવા પાપી ભાવ પોષાય છે.

**'ચારિત્ર પરાણે ઠીક નહિ' એમાં ગર્ભિત પાપભાવ :-**

મેતારજના જીવે પૂર્વ ભવમાં ચારિત્ર તો ઉત્તમ પાળ્યું પણ મનમાં એમ આવ્યું કે 'ગુરુએ આ ચારિત્ર આપ્યું તે તો સુંદર, પરંતુ જે પરાણે આપ્યું એ ઠીક નહિ.' હવે જુઓ આની પાછળ કેવા પાપી ભાવ છૂપાયા રહ્યા ? 'ચારિત્રધર્મ' પરાણે આપ્યો તે ઠીક નહિ, એટલે કે સામાની ઇચ્છા ન હોય તો એના માટે ધર્મ શ્રાપરૂપ દુઃખકારી વિનાશ-અધઃપતનકારી આ ભાવમાં શું આવ્યું ? ધર્મ પર સૂગ આવી, ધર્મને જાણે કહ્યું 'તું શ્રાપરૂપ, દુઃખકારી, અધઃપતનકારી.' ધર્મની પ્રત્યે આવો પાપીભાવ પ્રગટ નહિ, પણ ગર્ભિત, એટલે ભવાંતર માટે અમુક સમય માટે ધર્મ પામવો દુર્લભ કર્યે દુર્લભબોધિ બનવાનું ચિકણું મોહનીય કર્મ બાંધ્યું.

(૨) બીજું એ થયું કે "સંયમ પરાણે આપ્યું એ ઠીક નહિ;" અર્થાત્ 'એની સંયમની ઇચ્છા ન હોય તો એ અ-સંયમ અર્થાત્ વિષયોના રંગરાગમાં રહે એ ઠીક.' આમ વિષયાસક્તિ-વિષયસંગ પર સારાપણાની મહોરછાપ મારી, ભલે પ્રગટ આ



ભાવ નહિ, પણ ગર્ભિત આ ભાવ છૂપાયેલો તેથી ભવાંતરે એમને જોરદાર વિષયાસક્તિ એવી વળગી કે પૂર્વનો મિત્ર દેવતા પ્રતિબોધ કરવા આવ્યો. પૂર્વભવના સુંદર ચારિત્ર અને દેવભવની યાદ કરાવી, છતાં મેતારજને વિષયાસક્તિ હટી નહિ.

આ જોતાં, ઈર્ષ્યા વગેરે પાપભાવ સેવવામાં ગર્ભિત રીતે બીજા કેવા પાપી ભાવો ગર્ભિત રીતે સેવાતા હશે એની ખબર ક્યાં રહે છે ? એના ભારે કટુ વિપાક આવે એ જોતાં એવા ઈર્ષ્યા-મદ વગેરે પાપિષ્ઠ ભાવવાળી પ્રભુભક્તિ, જે તામસી ભક્તિ છે, તે અત્યંત ખતરનાક છે.

પંડિત પુરુષ વિવેકી આત્મજ્ઞ પુરુષ રાજસીભક્તિ અને તામસી ભક્તિથી દૂર રહી સાત્ત્વિક ભક્તિનો જ આદર કરે છે.

**સાત્ત્વિક ભક્તિમાં શું શું જરૂરી ? :-**

**(૧) અરિહંતના ગુણો પર અથાગ રાગ.**

વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાનના ગુણોમાં અતિશય રક્તતા જોઈએ. એ ગુણો કયા ? આમ તો પ્રભુમાં અનંત ગુણો છે, પરંતુ અમુક અમુક ગુણો લક્ષમાં લઈ એના પર અત્યંત રક્તતા જોઈએ. દા.ત. પહેલો તો અરિહંત વીતરાગતા એ મહાન ગુણ છે. એમાં રક્તતા રાખવાની.

**વીતરાગતા પર રક્તતા :-**

એટલે કે દિલને એ વીતરાગ દશા એવી ગમી જાય કે એની સામે જીવની રાગ-દ્વેષની દશા, કામક્રોધાદિ કષાયોવાળી દશા, ને હાસ્યાદિ ભાવોવાળી દશા પર ઘૃણા થાય, એ સનેપાત જેવી દશા લાગે, મદિરામત્તની દશા જેવી લાગે. ઈન્દ્રોના ભારે સન્માન સમવસરણાદિ વૈભવની વચ્ચે રહેલા છતાં પ્રભુની અલૌકિક વીતરાગ દશા ઉદાસીન-નિર્વિકાર-સ્વસ્થ-શાંત દશા પર ઓવારી જવાનું થાય મનને એમ થાય કે.

'વાહ મારા પ્રભુ ! આપની દેશના માટે આવું મોટું ચાર ગાઉનું ચાંદી-સોના-રત્નના ત્રણ કિલ્લાવાળુ ઝાકઝમાળ સમવસરણ ! એમાં કોટિગમે દેવો મનુષ્યો-નરેન્દ્રો-સુરેન્દ્રો હાથ જોડીને આપની વાણી ઝીલનારા, વળી આપને ચામર વીંજાય છે, માથે છત્ર છે, આટલા ઊંચા સન્માન છતાં એ આપના હૈયાને અડે નહિ ! આપને આની સાથે કશું લાગતું વળગતું નહિ ! આપને ન અડે કે આભડે ! એટલી બધી અંતરથી અલિપ્ત દશા છે ! અનાસકત વીતરાગ દશા છે !'

મનને આવું થાય એટલે પ્રભુની મુખમુદ્રા-ચક્ષુમાં આ વીતરાગ-અનાસક્ત દશા દેખાઈ આવે. એટલી ભવ્ય દેશના આપે છે છતાં મુખ પર હાવભાવ નહિ, કશો હરખ ખેદ નહિ, સામે જીવો બેઠેલા કેટકેટલા જાલિમ દોષો અને કાળાં કૃત્યોથી ભરેલા છે, એ પ્રત્યક્ષ જુએ છે, છતાં એમના પ્રત્યે કશો દ્વેષ-અરુચિ-ઘૃણા નહિ !

જગતના પ્રત્યે ઉદાસીન અને આપસ્વભાવ-આત્મ-સ્વભાવમાં મગ્ન સ્થિર બની ગયેલા; એવી એમની વીતરાગદશા છે.

પ્રભુને નજરમાં લાવીને આ દશા નિહાળવાની, એની સામે પોતાની રાગાદિભરી દુર્દશા વિટંબણારૂપ લાગીને એ રાગાદિને પોષનારા જગતના વૈભવ પરિવાર તુચ્છ અસાર લાગે. વીતરાગતાને વારંવાર નજર સામે લાવીને વિવિધ રીતે એને વિચારીને એના પર મુગ્ધતા વધે રાગ-આકર્ષણ વધે. મન એમાં રક્ત-આસક્ત-આકર્ષિત થઈ જાય.

**પ્રભુના બીજા ગુણો :-**

એમ, પ્રભુના બીજા ગુણો-અદ્ભુત ક્ષમા, અદ્ભુત નિરહંકાર, અદ્ભુત નિર્લોભતા, પુદ્ગલની કશી કિંમત નહિ, ગજબની સહિષ્ણુતા, અપકારી પર તેમજ દુષ્ટ ઉપર પણ ભરચક દયા, જગત ઉપર અનન્ય ઉત્કૃષ્ટ ઉપકાર વગેરે વગેરે ગુણોમાં રક્તતા એવી ઊભી કરવાની, એ ગુણો એટલા બધા ગમતા કરવાના, કે એની સામેના ક્રોધાદિ દોષો ઉપર ઘૃણા બની રહે પછી પોતાનો શું ક્રોધ કે શું અભિમાન, એમાં પોતાની કશી બહાદુરી ન લાગે, પણ કાયરતા-ગુલામી અને દુષ્ટતા લાગે. એમ લોભ-તૃષ્ણા મમતા ઢગલાબંધ જડપુદ્ગલની પરાધીનતા અસૂયા અસહિષ્ણુતા, અપરાધી પર ઘોંસ, સ્વાર્થની માયા, વગેરે વગેરે દોષો પોતાને એકદમ હમણાં ને હમણાં છોડવાની તાકાત ન હોય છતાં એના પર કશી વડાઈ ન લાગે, પણ ઊલટું નાલેશી લાગે કે 'અહો ! આવા ઉત્તમોત્તમ નાથ મળ્યા પછી ય મારે આ અધમ દોષો સેવવાના ?'

વીતરાગ પ્રભુની અનન્ય અસાધારણ ગુણો પર અત્યંત રક્તતા હોય એટલે પછી એમની ઉપર હૈયું ઓવારી જતું હોય. તેથી જ્યારે જ્યારે એમની ભક્તિનો પ્રસંગ મળે ત્યારે ત્યારે એમાં હર્ષોલ્લાસ અને ભાવોલ્લાસનો પાર ન રહે. જો આ નથી તો માનવું પડે કે એનું કારણ એ છે પ્રભુ પર હૈયું ઓવારી જતું નથી, કેમકે એમના ગુણો પર અત્યંત રાગ નથી. પણ સાત્ત્વિક ભક્તિમાં આ પહેલું જરૂરી છે.

નાગકેતુ, પેથડશાહ મંત્રી, કુમારપાળ રાજા, વસ્તુપાળ વગેરે સાત્ત્વિક ભક્તિમાં કેમ લયલીન બની શકતા હતા ? કારણ એક જ કે એમને અરિહંત પરમાત્માના ગુણોમાં અત્યંત રક્તતા હતી. નહિતર નાગકેતુને શું એ વિના એકવાર પુષ્પપૂજા કરતી વખતે કરડિયામાં રહેલો સાપ ડસતાં કેવળજ્ઞાન થાય ? પણ કેમ થયું ? કહો પ્રભુ સાથેની લયલીનતા વધી ગઈ માટે કેવળજ્ઞાન થાય. ત્યારે પેથડશાહને શું પ્રભુના ગુણો પર અથાગ રાગ વિના રોજ ઘરમંદિરમાં મસ્તીથી પ્રભુની અંગરચનારૂપે જાતે ફૂલોની ગુંથણી કરવા જોઈતી હતી ? રાજા કુમારપાળને



શું એ અર્હદ્-ગુણોમાં અતિશય રક્તતા વિના જ 'જ્યાં સુધી પ્રભુને એકી સાથે છએ ઋતુના ફુલ ન ચડાવું ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ, એવો અભિગ્રહ થઈ શક્યો હશે ?'

**(૨) સાત્ત્વિકભક્તિનું બીજું અંગ ભાવની દૃઢતા :-**

આ દૃઢતા એવી કે મોટો દેવતા પણ ચલિત કરવા આવે તો અંતરના શુભ ભક્તિભાવને છોડવાની વાત નહિ. સમજી કરીને વીતરાગ અરિહંત પરમાત્મા ઉપર અત્યંત ભક્તિભાવ, અથાગ પ્રીતિ ને અનન્ય બહુમાનનો ભાવ સ્થાપિત કર્યો તે કર્યો, હવે એમાં મીનમેખ ફરક પડે નહિ. એ તો વધતો જાય, પણ ઘટવાની વાત નહિ; પછી ભલે ને ભક્તિભાવ ધર્યો ત્યારે પૈસેટકે સુખી હતા, શરીરે સાજા હતા, પરિવારે ભરેલા હતા, અને પાછળથી પૈસા પડી ગયા, શરીર માંદુ પડી ગયું, પરિવાર ઊપડી ગયો, છતાં પ્રભુ પ્રત્યે પ્રીતિ-ભક્તિ બહુમાન એ જ કાયમ.

**શ્રેણિકની પ્રભુભક્તિની દૃઢતાનાં ૩ કારણ**

શ્રેણિક મહારાજને અરિહંત મહાવીર પરમાત્મા ઉપર અનહદ ભક્તિભાવ ઊભો થયો ત્યારે મોટા મગધ દેશના સમ્રાટ હતા, પણ પાછળથી અભયકુમારે દીક્ષા લીધા પછી કોણિકે પ્રપંચ કરી એમને જેલમાં નાખી પોતે સમ્રાટ બની બેઠો. ઉપરથી પાછો બાપને અભિમાની માની અભિમાન ઉતારવા જેલમાં સાટકા મરાવે છે. આટલી બધી જાલિમ કપરી સ્થિતિમાં શ્રેણિક મૂકાયા છતાં મનને એમ નથી થતું કે 'પ્રભુ તો સર્વજ્ઞ હતા એટલે જાણતા હોય કે આ અભયને દીક્ષા આપ્યા પછી મારી શી હાલત થશે, કોણિકનું કશું ન ચાલે એટલી બધી અભયકુમારની કુનેહ હતી, મોટમોટા રાજાઓ પર છાયા હતી, પ્રભાવ હતો, તો મંત્રીઓ-ખજાનચી-લશ્કર પણ અભયકુમારથી પ્રભાવિત હોય એમાં શી નવાઈ ? એને કોણિક પ્રપંચથી શું ફોડી શકે ? પણ પ્રભુએ અભયકુમારને આ સ્થિતિ કશી બતાવી નહિ ને દીક્ષા લેતા રોક્યો નહિ, અને દીક્ષા આપી દીધી, એટલે આજે મારે આ દુઃખદ દહાડા જોવાના આવ્યા.' આવો કશો વિચાર શ્રેણિકને આવ્યો નહિ. કારણ એક જ શ્રેણિકને પ્રભુની ઉપર દૃઢ નિશ્ચળ ભક્તિભાવ હતો. ત્યારે કદાચ તમે પૂછશો,-

**પ્ર.**- આતો એક દૂ બે જેવી વાત હતી કે પ્રભુએ અભયકુમારને દીક્ષા આપી એટલે કોણિકને ફાવટ આવી. મંત્રીઓ વગેરે બધાને તાકીદ આપી દીધી કે 'જુઓ હવે અભયકુમાર નથી એટલે રાજ્યગાદીનો હકદાર હું છુ, બાપ બુઢ્ઢા થયા હજી ગાદી પર ચિટકી રહ્યા છે. પણ એમને ઉઠાડી હું ગાદીએ બેસવાનો છું. એમાં જો

તમે કોઈએ ગરબડ કરી છે, તો ગરબડ કરનારને રીબાવી રીબાવીને મારી નાખીશ, માટે ચૂપ રહેજો,' અને એમ રાજ્યલગામ હાથમાં લઈને શ્રેણિકને બિચારાને જેલમાં નખાવ્યા. તો આમાં મૂળ તો દીક્ષા આપનાર પ્રભુ જ નિમિત્ત બન્યા ને ? તો પ્રભુની ઉપર સહેજ લાગી ન આવે ?

ઉ.- પણ આ સવાલ એટલા માટે ઊઠે છે કે તમને

(૧) શ્રેણિકના હૃદયની, (૨) શ્રેણિકની તત્ત્વશ્રદ્ધાની, અને

(૩) અથાગ ઉપકારી મહાવીર પ્રભુ પ્રત્યેની શ્રેણિકની કૃતજ્ઞતાની ખબર નથી.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૨૭,તા.૨૨-૩-૧૯૭૫**

**(૧) મહારાજ શ્રેણિકનું હૃદય** પરલોકની મુખ્ય ચિંતાવાળું અને ઉમદા હતું. 'મારો પરલોક કેમ ન બગડે એની ભારે કાળજી હતી. ભલે પ્રભુએ એમને એમનું નરકગમન અને તે પછી તીર્થંકર થવાનું કહેલું, છતાં એ એમ માંડવાળ નહોતા કરી બેઠા કે 'ચાલો આમે ય નરકમાં જવાનું તો નક્કી જ છે તો પછી પરલોકની ચિંતા મૂકી દો, ગમે તેવા સારા વિચારો કરીશું તો ય નરક કાંઈ મિટવાની નથી. તેમ ભગવાને કહેલી ૧લી નરકની ૨જી થવાની નથી માટે હવે વલોપાત કરીએ તો ય શું વધારે બગડવાનું હતું ?' ના, આવી માંડવાળ કરીને નહોતા બેઠા; કેમકે એમના હૃદયમાં સમજ હતી કે 'વલોપાતથી ભલે નિશ્ચિત થયેલી પહેલી નરકમાં ફરક નહિ, પહેલાની બીજી નરક નહિ થાય, કે પહેલીનું આયુષ્ય ઓછું વધુ નહિ થાય,'

**પરંતુ વલોપાતથી,**

(૧) એમાં ભોગવવાનાં અશુભ કર્મોનો રસ વધી જાય,

(૨) સિલિકની પુણ્યાઈ પાપમાં ફેરવાતી જાય,

(૩) આગળના ભવિષ્ય માટે દુઃખદ પાપકર્મો ઊભા થાય.

(૪) ત્યારે પછીના ભવે તીર્થંકર થવાનું નક્કી છે એ પણ હવે કર્મ એવાં ન વધવા પર જ નક્કી છે. વલોપાતથી તો કર્મ, ભારે વધી જાય.'

આ સમજથી હૃદય વલોપાત કે અસત્ ચિંતન તરફ અરુચિવાળું હતું, સહજ શાંતિ-સમાધિવાળું અને ઉદાર-ઉમદા હતું, ઉદાર ચિંતનવાળું હતું. તેથી એ હૃદય 'ભગવાને મારું બગાડ્યું,' એવા હલકટ વિચાર શાનું કરે ? કે ભગવાન પ્રત્યેના ભક્તિભાવમાં સહેજ પણ ઓછાશ શાની આવે ? શ્રેણિકનું આ હૃદય અને એ પરલોક મુખ્યતાવાળી સમજ જો ધ્યાનમાં લેવાય તો પ્રશ્ન જ ન ઊઠે કે 'ભગવાને શું જોઈને અભયને દીક્ષા આપી દીધી ? ભગવાને શ્રેણિકની ભાવી પીડા જાણવા



છતાં એમ કર્યું તો શ્રેણિકને કેમ લાગી ન આવે ?' વગેરે પ્રશ્ન ન ઊઠે.

**(૨) મહારાજ શ્રેણિકની તત્ત્વશ્રદ્ધા** જો ખ્યાલમાં હોય તો પણ આવો પ્રશ્ન ન ઊઠે કે 'ભગવાને જાણવા છતાં અભયને દીક્ષા આપી દીધી તો શ્રેણિકને પાછળથી પીડા આવતાં લાગી ન આવે ?' પ્રશ્ન નકામો છે. કેમકે શ્રેણિકની તત્ત્વશ્રદ્ધા જ એવી હતી કે એના હૈયે આ તત્ત્વ સજ્જડ બેઠેલું હતું કે

**सव्वं पुव्वकयाणं कम्माणं पावए फलविवागं**

અર્થાત્ જીવ અહીં જે કાંઈ સારું-નરસું પામે છે તે પોતાના પૂર્વના શુભ-અશુભ કર્મનો ફળવિપાક છે. એમાં બીજા તો નિમિત્તમાત્ર છે, બાકી ખરેખરું કારણ પોતાનાં જ પૂર્વ કર્મ છે. કર્મ સારાં હોય તો કોઈ બગાડનાર નથી. ભલેને એ બગાડવા લાખ પ્રયત્ન કરે. ધવળશેઠે શ્રીપાળનું બગાડવા ઘણું ય કર્યું, અનેકવાર કર્યું, પરંતુ શ્રીપાળના શુભ કર્મ જોરદાર હતાં, તો બગડવું તો દૂર રહ્યું, પણ ઊલટું વધુ સારું થતું ગયું.

શ્રીપાળનો બત્રીસલક્ષણા પુરુષ તરીકે ભોગ આપવાનો ધવળે પ્રયત્ન કર્યો એ ક્યાં ઓછું બગાડવાનો પ્રયત્ન હતો ? છતાં શ્રીપાળનું નરસું થવાનું તો દૂર, પણ પછી એ જ નિમિત્તે આગળ જતાં ક્રમશઃ બબ્બર દ્વીપમાં પહોંચ્યા અને ત્યાં ધવળનો બચાવ કરી ૨૫૦ વહાણ મેળવ્યાં, ને રાજાની કન્યા તથા દાયજામાં ઘણો ધનમાલ પામ્યા. આમાં ધવળે શ્રીપાળનું બગાડી શકવાનું કયાં રહ્યું ?

ધવળે શ્રીપાળને મારી નાખવા દરિયામાં ફેંકવાનું કર્યું, જેથી શ્રીપાળના વહાણો અને પરણેલી બે રાજકન્યાઓ પોતાને કબજે થઈ જાય, ને શ્રીપાળ એ હંમેશ માટે ગુમાવી પરલોક ભેગો થાય. પરંતુ એમાં શ્રીપાળનું શું બગડ્યું ? કશું જ નહિ, શ્રીપાળને તો ઝીલી લેનાર મગરમચ્છ મળ્યો અને એથી ક્રમશઃ થાણા પહોંચ્યા તો ત્યાંના રાજાની કન્યા પરણવા મળી.

ત્યાં થાણામાં પણ ધવળે પેંતરો ગોઠવી રાજ્યસભામાં ડુબ-ભંગીનું ટોળુ મોકલી એમના દ્વારા જમાઈ બનીને રાજાની પાસે બેઠેલ શ્રીપાળને ભંગી ઠરાવવાનો પ્રયત્ન કર્યો. કેમ ? જેથી રાજા શ્રીપાળને ભંગી જાણી પોતાની કન્યાને અભડાવ્યા બદલ મારી નાખે. ધવળે શ્રીપાળનું આ કેવું કેટલી હદ સુધીનું બગાડવાનો પ્રયત્ન કર્યો ? પરંતુ ત્યાં તો ગુસ્સે થયેલા રાજાને શ્રીપાળના પરાક્રમનો પડચો મળતાં અને કાંઠે આવેલા વહાણમાંથી બોલાવેલી શ્રીપાળની બે પત્નીઓ પાસેથી શ્રીપાળની ઓળખ મળતાં રાજાએ ક્ષમા માગી, ને શ્રીપાળનું માન વધી ગયું.

કહો, આ બધા પ્રસંગો જોતાં ધવળ શ્રીપાળનું શું બગાડી શક્યો ? કશું જ નહિ. કેમ નહિ ? શ્રીપાળના શુભ કર્મ સાબુત હતા માટે.

એથી ઊલટું, શ્રીપાળે પ્રસંગે પ્રસંગે ધવળનું સારું કરવા પ્રયત્ન કરેલા, એથી ઊલટું, શ્રીપાળે પ્રસંગે પ્રસંગે ધવળનું સારું કરવા પ્રયત્ન કરેલા, અહીં પણ રાજા ધવળનો પ્રપંચ જાણી એને મારી નાખવા તૈયાર થયેલો તો શ્રીપાળે એને છોડાવ્યો, પોતાના મિત્ર તરીકે માનભેર રખાવ્યો, પણ હવે ધવળનાં પોતાનાં શુભ કર્મ દુબળાં પડી ગયાં હતાં, પુણ્ય પરવારી ગયું હતું, ને અશુભ કર્મ જોર કરી ગયાં; તે શ્રીપાળે તો ઘણું ય ધવળને બચાવવા સારું કરેલું. પરંતુ એ હવે બચે શાનો ?

**કર્મ રૂઠ્યાં ત્યાં કોણ બચાવનાર છે ?**

**એમ, પુણ્ય સલામત ત્યાં કોણ બગાડનાર છે ?**

મહારાજા શ્રેણિકને આ તત્ત્વની શ્રદ્ધા હતી એટલે એ જરાય માનતા નથી કે 'અભયે દીક્ષા લઈને મારું બગાડ્યું કે ભગવાને અભયને દીક્ષા આપી એટલે મારું બગડ્યું.' અરે ! એમ પણ માનવા તૈયાર નથી કે 'આ કોણિકે હરામખોરે મારું બગાડ્યું.' એ તો એમ જ માને છે કે 'ભગવાને કહેલું તત્ત્વ બરાબર જ છે મારાં કર્મ જ એવાં તેથી આ સ્થિતિ થઈ બીજા કોઈનો દોષ નથી, દોષ મારાં કર્મનો જ છે.'

**દિલમાં સમ્યગ્દર્શનનો રત્નદીપક ઝગમગે છે. એ અંધારું થવા જ ન દે, તત્ત્વથી ઊલટું માનવા જ ન દે.**

એ તો તત્ત્વનો પ્રકાશ જ ઝળહળતો રાખે. બોલો શ્રેણિકના દિલમાં આ તત્ત્વશ્રદ્ધા હોય પછી ભગવાને અભયની ગેરહાજરી પછી શ્રેણિકનું દુઃખદ ભવિષ્ય જાણવા છતાં અભયકુમારને દીક્ષા આપી દીધી એના પર શ્રેણિકને શાનું લાગી આવે ? પોતાની પીડા પોતાના પૂર્વનાં અશુભ કર્મના લીધે જ થવાનો સચોટ ખ્યાલ હોય ત્યાં બીજા કોઈએ પણ પીડામાં કારણભૂત માનવાનુ જ કયાં રહ્યું કે જેથી એના પર મન બગડે ?

શ્રેણિકની આ તત્ત્વ-શ્રદ્ધાની સમજ ન હોય એટલે જ એમના માટે આવો પ્રશ્ન ઊઠે કે 'એમને કોણિકની ડાંડાઈ જોઈ અભયકુમારની દીક્ષા અંગે લાગી ન આવે ?'

**મહાપુરુષોની તત્ત્વશ્રદ્ધાનાં જીવન જોવા જેવા છે.**

નળરાજાના ભાઈ પુષ્કરે પ્રપંચ કરી કરીને જુગારમાં નળરાજાને હરાવ્યો છે, અને રાજ્ય પડાવી લઈ નળ તથા દમયંતીને પહેરે લૂગડે જંગલમાં કાઢી મૂકયા છે. ત્યાં નળને બાર વરસ ભટકવું પડ્યું છે. રાજ્યવિહોણા રહેવું પડ્યું છે છતાં શું એણે મનમાં પુષ્કરને ગાળો દીધા કરી ? એને દુષ્ટ લેખ્યા કર્યો ? ના, કેમ મનને લાગી ન આવે કે આ ભાઈએ ગમે તે પ્રપંચ કરી મારું બધું બગાડી નાખ્યું ? કશું જ ન લાગી આવે.

કેમકે તત્ત્વશ્રદ્ધા અને સ્વદોષ નિરીક્ષણ હતુ. 'મારું બગાડનાર મારાં પૂર્વ



કર્મ જ છે, મારાં કર્મ સિવાય મારું કોઈ બગાડનાર નથી. મારાં કર્મ જ રુઠેલાં હોય એમાં ભાઈ બિચારો શું કરે ?' આ કર્મના અટલ સિદ્ધાન્ત ઉપર અટલ કર્મતત્ત્વ ઉપર સચોટ શ્રદ્ધા હતી.

એમ સ્વદોષ-નિરીક્ષણ હતું કે 'આ હું જુગાર રમ્યો એણે આ કર્મજનિત ખુવારીને જાગવા નિમિત્ત આપી દીધું. જુગાર કરે ખુવાર. જુગારના ચડસનો મારો જ દોષ; ભાઈનો શો દોષ ?'

**આવું સ્વદોષ નિરીક્ષણ અને તત્ત્વશ્રદ્ધા હોય એટલે વાંક પોતાની ભૂલનો પોતાનાં કર્મનો જ દેખાય, સામાનો નહિ. સામાની ડાંડાઈ માટે કશું લાગી ન આવે.**

જેવો નળ એવી દમયંતી એણે તો વળી નળ રાજાને જુગારમાં આગળ આગળ દાવ નાખતા રોકવા ઘણું સમજાવેલ. છતાં નળે ગણકાર્યું નહિ, ને અંતે બધું હારી બેઠા ને જંગલભેગા થયા. તો હવે શું દમંયતીએ નળને ટોણાં માર્યા કર્યા કે 'આ મેં તો તમને ઘણી ય ના કહેલી, છતાં તમે ન માન્યા અને મને જંગલમાં રખડતી કરી ?' ના, જરાય નહિ, કારણ કે એ ય તત્ત્વશ્રદ્ધાવાળી હતી તેથી એને નળના દોષ ઉપર લાગી આવ્યું ને મન બગડ્યું એવું બન્યું જ નથી. એણે ય મન વાળેલું છે કે કર્મ ભુલાવે છે. આપણું બહારનું બગાડનાર આપણાં કર્મ ભુલાવે છે. આપણું બહારનું બગાડનાર આપણાં કર્મ જ છે. આ અટલ તત્ત્વશ્રદ્ધા ઉપર બાર વરસમાં કયારેય નળ ઉપર મનને લગાડ્યું નથી કે 'એમણે મારું બગાડ્યું; મને ય રખડતી કરી.' નહિતર નળ માટે એટલો બધો સદ્ભાવ શાનો રહે ?

ત્યારે સીતાજીની પણ તત્ત્વશ્રદ્ધા જુઓ,-એય વનવાસ જતાં માનતા નથી કે આ પતિએ મારું બગાડ્યું. બાર વરસના વનવાસમાં શું કે રાવણની કેદમાં શું, કયાંય મનમાં લાવ્યા નથી કે પતિએ મારું બગાડ્યું. એક જ જ્વલંત શ્રદ્ધા હતી કે 'આપણા કર્મ જ એવાં હોય ત્યાં બીજા શું કરે ? મારાં કર્મ જ આ સરજનાર છે, ને એ મારે વેઠી લેવાનું.'

સીતાજીની તત્ત્વશ્રદ્ધા કેટલી બધી જોરદાર !

કે દિવ્ય કર્યું, અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગયું, એમના મહાસતીત્વનો જયજયકારો થઈ ગયો, હવે રામ વગેરેની વિનંતિ પર માનભેર રામ અને કુટુંબ સાથે મહેલવાસના મોજવિલાસમાં જવાનું મળે છે ત્યારે એ કહે છે, 'ના, મારે નથી આવવું.'

**જે કર્મે મને વારંવાર કચરી, એ કર્મથી હવે મારે ફરી કચરાવું નથી. હવે તો હું જ એને સંયમ અને તપ દ્વારા કચરી નાખીશ.'**

**સીતાજીની આ તત્ત્વશ્રદ્ધા કેટલી બધી જોરદાર !**

કે પૂર્વનાં કર્મ જ આપણને કચરનાર છે, પરંતુ આપણો જો પુરુષાર્થ તપ-સંયમનો હોય તો એ કર્મને કચરાવું પડે છે.

ભગવાને કહ્યું છે,-

"હે ગૌતમ ! આ જન્મમાં જો પાપકર્મને ખરાબ રીતે ભેગાં કર્યા અને પાપમાંથી સારી રીતે પશ્ચાત્તાપ પ્રાયશ્ચિત્તાદિ પ્રતિક્રમણ દ્વારા એનો નિકાલ ન કર્યો, તો પરભવે એના ભોગવટા વિના કે તપ દ્વારા એનો ક્ષય કર્યા વિના એનો છુટકારો નથી થતો."

આ હિસાબ ઉપર સીતાજીએ સંયમ અને તપ દ્વારા કર્મનો નિકાલ કરવાનો જ માર્ગ લીધો. તપની સાથે સંયમની સાધના એટલા માટે કે અસંયમથી પાછાં નવાં કર્મ એકત્રિત ન થાય.

**આપણી દુર્દશા :-**

આપણે ય કર્મતત્ત્વની શ્રદ્ધા રાખ્યાનો દાવો તો કરીએ, એટલે દુઃખમાં ભાઈ વગેરે કોઈને આપણાં જવાબદાર ન લેખતાં આપણાં કર્મને જ જવાબદાર લેખીએ, પરંતુ એ પછી હવે સિલકમાં રહેલા થોકબંધ કર્મને હટાવવા માટે સંયમપૂર્વક તપનો આશરો લેવાની વાત છે ? ના, એકલાં રોદણાં રોવાનું આવડે છે કે 'શું કરું ? મારાં કર્મ જ એવાં છે કે મારે દુઃખ ભોગવવું પડે છે,' પરંતુ સાથે એ નથી સૂઝતું કે 'લાવને ત્યારે આ ઊભા રહેલાં કર્મના વારંવાર માર ખાવા પડે, એના કરતાં હું જ કર્મનો તપ દ્વારા ફેંસલો કરતો ચાલું, અને વ્રત-નિયમ-સંયમથી નવાં કર્મને આવતાં જ અટકાવી દઉં.' ના, આ નથી સૂઝતું ત્યારે આ કર્મતત્ત્વની શ્રદ્ધા કેવી અધુરી ! 'દુઃખ આવે એ કોઈનાથી નહિ, પણ આપણાં પોતાનાં કર્મથી,'- એટલો શ્રદ્ધાનો અંશ ખરો, પરંતુ 'કર્મ આવે એ આપણી અવળચંડાઈથી,' એ શ્રદ્ધાનો અંશ નહિ, કેમ જાણે કર્મ આત્મા પર એમ જ ટપકી પડે છે ! 'દુઃખ આવ્યે બીજાને દોષ નહિ દેવાનો,'-એ સાવધાની ખરી, પરંતુ 'દુઃખને લાવનાર મૂળ પાયામાં જે ઈન્દ્રિય-મનનો અ-સંયમ અને વિષય-કષાયોની નિરંકુશતાની અવળ ચંડાઈ છે, એને દૂર કરવી,' એ સાવધાની નહિ. આ કેવી તત્ત્વશ્રદ્ધા !

**શ્રેણિકની બીજા બે વિશિષ્ટ તત્ત્વની શ્રદ્ધા :-**

મહારાજ શ્રેણિકની તત્ત્વશ્રદ્ધા આટલી જ નહોતી કે દુઃખ કર્મે આપ્યું, અને અફસોસ ! નવાં કર્મ રોકવા સંયમ-તપ સાધ્યાં નહિ,' એથી ય વિશેષ તત્ત્વશ્રદ્ધા એ હતી કે,

'(૧) એક બાજુ અશુભ કર્મે મને આ દુઃખ આપ્યાં, પણ બીજી બાજુ શુભ



કર્મે મને આ કિંમતી માનવભવ-આર્યકુળ, ઈન્દ્રિયપટુતા, ભગવાન, ભગવાનનું શાસન, નમસ્કાર મહામંત્ર, અરિહંતપદ-આરાધનાની સામગ્રી વગેરે કેટલું બધું સારું આપ્યું છે ! જે જનાવર શું, પણ મોટા દેવ અને ઈન્દ્રને ય એ બધું નથી આપ્યું તો અશુભને શું રોયા કરું ? શુભની ખુશી જ ન માનું ? શુભની અનુમોદના જ ન કરું ?'

(૨) વળી ખોટ શેનાથી ? દુઃખ આવીને સુખ ટળ્યાથી ? કે ભગવાન ભગવાનનું શાસન વગેરે ન મળ્યાથી ?

**સુખ ન મળ્યાની મોટી ખોટ નથી; ખોટ ખરી તો માનવભવ-જિન-જિનશાસન ન મળ્યાની છે.**

'મારે એ જિન વગેરે મળેલું છે, તો દુઃખ શું ?'

જુઓ આ કેવાં વિશિષ્ટ તત્ત્વની શ્રદ્ધા છે !

(૧) પાપકર્મથી દુઃખ એમ પુણ્યકર્મથી જિન-જિનશાસનની પ્રાપ્તિ. બે સાથે ઊભાં, ત્યાં પાપફળને ન રોતાં પુણ્યફળની ખુશી માનવી એ એક વિશિષ્ટ તત્ત્વ.

(૨) ખરી ખોટ સુખ ન મળ્યાની નહિ, પણ માનવભવ-જિન-જિનશાસન ન મળ્યાની છે,-બીજું તત્ત્વ.

આના પર એ જુએ છે કે ત્યારે જો મને આ ખરી ખોટની વસ્તુઓ મળી છે, માનવભવ છે, મારા દિલમાં મારા તારણહાર મહાવીર પરમાત્મા છે, અને એમનું શાસન મારા હૈયામાં છે, એ તો મારે ખરેખરું નિધાન છે, પછી રાજ્યપાટ ન હોવાથી મારે શી ખોટ ગણાય ? મારે કશી ન્યૂનતા નથી.

શ્રેણિકની આ તત્ત્વશ્રદ્ધાનો ખ્યાલ હોય તો શ્રેણિકના દિલમાં ભક્તિભાવની દઢતા જેલમાં દુઃખમાં પડ્યા પછી પણ હતી એમાં શંકા ન થાય, સવાલ ન ઊઠે કે 'કેમ, એમના મનને પ્રભુએ અભયકુમારને દીક્ષા આપી દીધા પર લાગી ન આવે ?' ત્યારે...

**(૩) ભક્તિભાવની દઢતા માટે ત્રીજી વાત છે, કૃતજ્ઞતા :-**

(૩) **શ્રેણિકના દિલની કૃતજ્ઞતા ખ્યાલમાં હોય** તો પણ એમના પ્રભુ પ્રત્યેના ભક્તિભાવની દઢતા માટે શંકા ન થાય, સવાલ ન ઊઠે કે એ જેલના દુઃખમાં પડ્યા પછી શું એમને લાગી ન આવે કે 'આ પ્રભુએ અભયકુમારને મારી ભાવી પીડા જાણવા છતાં દીક્ષા કેમ આપી દીધી ?' જો લાગી આવે તો એટલો ભક્તિભાવમાં ધક્કો લાગ્યો પણ એવું એમને લાગી આવ્યું જ નથી. કારણ એક આ પણ હતું કે એમના દિલમાં પ્રભુના અનંત ઉપકાર પ્રત્યે કૃતજ્ઞભાવ હતો. એ સમજતા હતા કે ભગવાને મને ધર્મહીનને અને મિથ્યાત્વાદિ પાપમાં પડેલાને ધર્મ દેખાડ્યો સમ્યગ્દર્શન દેખાડ્યું, અને પછી મને પ્રભુ યાદ આવી આવીને શુભ

વિચાર-ભાવવાની લહેરીઓનું જે એ નિમિત્ત બન્યા છે, એમનો અનંત ઉપકાર છે. પ્રભુએ તો મને કહ્યું છે કે 'તું મારા જેવો તીર્થંકર થઈશ; અને આ થવામાં કારણભૂત તારા દિલની અરિહંત ઉપરની અથાગ ભક્તિ છે.' તો આ મને તીર્થંકર બનવા માટે નિમિત્ત થનારા, ભક્તિનો શ્રેષ્ઠ ઉપાય બનનારા પ્રભુએ મારા પર કેટલો બધો ઉપકારનો ધોધ વરસાવ્યો ! એમ પ્રભુએ મને જીવ-અજીવ આદિ કેવા સુંદર નવ તત્ત્વ વગેરે બતાવ્યા ! પ્રભુનો આ,

(૧) તત્ત્વપરિચય કરાવવાનો,

(૨) ધર્મ પમાડવાનો, અને એથી ભવપરંપરા કાપવાનો, તથા

(૩) આરાધનામાં મુખ્ય નિમિત્ત બનવાનો,

જે અનંત ઉપકાર છે એનો હું બદલો કયારે વાળી શકવાનો ? એમના પ્રત્યેની કૃતજ્ઞતા કયારે અદા કરીશ ?

રાજા શ્રેણિકના માથે પ્રભુના અનંત ઉપકારનો ભાર રહેતો, તેથી દિલમાં કૃતજ્ઞભાવ ધીકતો જાગતો. પછી કદાચ મનમાંય સહેજ સ્ફુરી ગયું હોત કે, 'જો અભયકુમાર હાજર હોત તો આ કોણિકનું કાંઈ જ ચાલત નહિ,' તો ય તરત એ માંડવાળ કરી લેત કે 'મારાં કર્મ જ રુઠેલાં હોય ત્યાં એ અભયકુમારને ય છક્કડ ખવરાવી દે. એટલે અભયકુમાર હાજર હોત તો કોણિકનું કાંઈ જ ચાલત જ નહિ એ કલ્પના જ ખોટી છે.' આમ ત્યાં જ માંડવાળ થઈ, પછી પ્રભુ સુધી આગળ વધવાનું જ શાનું હોય કે 'પ્રભુએ દીક્ષા આપી દીધી ને આ મારું બગડ્યું ?'

વળી શ્રેણિકને પ્રભુના અનંત ઉપકારની પ્રત્યે એટલો બધો કૃતજ્ઞભાવ અને પ્રભુ પ્રત્યે રાગ છે કે મન ઊછાળા મારે છે કે 'પ્રભુની હું શી શી ભક્તિ કરું !' એમાં પછી પ્રભુને દોષ આપવા સુધી જવાનું જ શેનું હોય ? એવો વિચાર જ શાનો આવે કે પ્રભુએ મારી ભાવી આ દુર્દશા જાણવા છતાં અભયકુમારને કેમ દીક્ષા આપી દીધી ?'

**દિલમાં અથાગ ઉપકારનો કૃતજ્ઞભાવ ઊછળતો હોય, પછી એ ઉપકારીનું લેશ પણ હલકું વિચારવાનું ન થાય.**

આજે દીકરાઓ માબાપનું હલકું કેમ વિચારે છે ? કેમ આવા વિચાર કરે છે કે 'આ મારી મા કેવી છે કે વહુને બિચારીને કડકાઈથી દબડાવ્યા જ કરે છે ! પહેલાં મારા પર માતાનો પ્રેમ હતો, હવે વહુ આવી એ જાણે મારો ગુનો થયો તે મારા પર દ્વેષ કરે છે !... આ બાપુજી ય કેવા છે, માનું ઉપરાણું લે છે ! વહુને જાણે ઝગડાખોર સમજે છે !...' માતાપિતાના અંગે આવા કોઈ જાતના હલકા વિચાર કેમ આવે ? કહો, મનમાં એમના અથાગ ઉપકારનો ખ્યાલ નથી, મન પર



એનો ભાર નથી માટે. અથાગ ઉપકારનો ખ્યાલ હોય તો મનને એમ થાય કે 'એ ઉપકારની સામે આ તે કડકાઈ શી વિસાતમાં છે ?'

દા.ત. કોઈ ભીખારીને કોઈ દેવના દૂત જેવો શેઠિયો, પોતાના વિશ્વાસપાત્ર કોઈ જોષીએ ભવિષ્યમાં એનાથી મોટો લાભ જોઈને કહેવાથી, કરોડપતિ બનાવી દે, કન્યા આપે, કંપનીમાં ભાગીદાર બનાવી દે; પછી એ ભિખારી કરોડપતિ બનેલાનું આ શેઠિયો કયારેક કદાચ અપમાન કરે, સખ્ત ઠપકો આપે, તો ય શું પેલાને લાગી આવે ખરું ? ના, જરાય નહિ, એને તો ઊલટું એમ થાય કે 'આ દેવના દૂત જેવા શેઠિયાનો તો મારા પર કેટલો બધો અપરંપાર ઉપકાર છે કે અપમાન અને ઠપકો જ શું, લાત લગાવી શકવાને હકદાર છે,' કોણ આ વિચાર કરાવે છે ? ઉપકારનો મન પર ભાર કૃતજ્ઞતાનો ખ્યાલ.

બસ, રાજા શ્રેણિકના મન પર પ્રભુના અનંત ઉપકારનો આ ભાર છે, કૃતજ્ઞભાવનો પાકો ખ્યાલ છે કે 'મને ભિખારીને પ્રભુએ તો તત્ત્વબોધ ધર્મ અને દર્શન-ચિંતનાદિમાં આલંબન આપીને મોટો ધનાઢ્ય બનાવી દીધો છે, પ્રભુએ મને અનંત સમૃદ્ધિ આપી છે. એટલે પ્રભુ એક અભયકુમાર જ શું મારું સર્વસ્વ લઈ લેવા હકદાર છે.'

**બોલો, તમારા પર પ્રભુનો ઉપકાર છે ? તો તમે પ્રભુનો તમારા પર કશો હક માનો છો ?**

મોટો મગધદેશનો સમ્રાટ શ્રેણિક પોતાની ઉપર પ્રભુનો આ હક માને છે કે 'માત્ર અભયકુમાર જ શું, મારું સર્વસ્વ લેવા હકદાર છે.' આટલો બધો એના મન પર પ્રભુ પ્રત્યે કૃતજ્ઞભાવ છે. તમારો મન પર આ હક ખરો ? મનને બેસે છે ખરું કે 'મારા પર પ્રભુનો અપરંપાર ઉપકાર છે ?'

ત્યારે એવું લાગે છે ખરું કે 'ઉપકારનો યથાશક્તિ બદલો ન વાળું તો કૃતજ્ઞતા ન રહે ? ને ઉપકારી પ્રત્યે નિષ્ઠુરતા આવે ?'

તો શું એમ પણ લાગે છે ખરું કે 'પોતાની હોંશથી જાતે ઊઠીને તો બદલો વાળવા જવાની વાત તો દૂર, પણ બદલો વળે એવો સંયોગ ઊભો થઈ ગયો હોય, અને બદલો વાળવાની શક્તિ પણ હોય, છતાં ય જો બદલો વાળવામાં આનાકાની થાય તો એ ઉપકારી પ્રત્યે મહાનિષ્ઠુરતા છે ?' આવું લાગે છે ખરું ?

જો આવું લાગતું હોય તો માનો કે તમારો દીકરો વૈરાગી થઈ ગયો અને ચારિત્ર લેવા માગે છે, તો એને એમ કરતો અટકાવાય ? કે હોંશે હોંશે એને ચારિત્ર માર્ગે ચડાવી દેવાય ? જો અટકાવવાનું કરાય છે તો એનો અર્થ એ કે મન ભગવાનનો અપરંપાર ઉપકાર સમજતું નથી; અથવા જો સમજે તો સ્વાર્થ અને

આપમતિની જાલિમ માયામાં મન ભગવાન પ્રત્યે નિષ્ઠુર છે. એને એમ નથી થતું કે ભગવાનનો આટઆટલો ઉપકાર લેનાર મારે ઉપકારી ભગવાનનો મારા પર કશો હક જ નહિ માનવાનો ? એમને મારે કશું દેવાનું જ નહિ ?' આ વિચાર નહિ હોવાથી મન કેવું નઠોર બને ? નઠોર મનવાળાને ફરીથી આવતા ભવે ભગવાન મળે ?

**પ્રભુનો આપણા પર હક માનવો એ તો સજ્જનતા છે.** સહૃદયતા છે, કૃતજ્ઞતા છે. પછી આવું માનનારને સવારે ઊઠીને પ્રભુનાં ભજન-સ્તોત્ર વગેરે કરવું સહેલું. સમજે છે કે 'મારી કાયા અને મારા સમય ઉપર પ્રભુનો હક છે. એમ મંદિરે પોતાનું દૂધ-સુખડ-કેસર-ફુલ-અગરબત્તી અને અંગરચનાની થોડી પણ સામગ્રી લઈ જવી સહેલી. પ્રભુએ મને ઉત્તમ આર્ય મનુષ્યભવ, અને બધી વાતની શક્તિઓ તથા પુણ્યાઈઓ વગેરે આટલું બધું આપ્યું, તો હું પ્રભુની પૂજામાં આટલું ય ન લઈ જાઉં ?' એમ મનને થાય. મહાપુરુષોએ કેવાં કેવાં મહાન સુકૃતો કર્યા છે ? જીવન કેવું સુંદર જીવ્યા છે ?

**ધરણશાહ** પોરવાલે એકલે પંડે પોતાનું કરોડોનું ધન ખર્ચીને રાણકપુરનું મંદિર બંધાવ્યું. **જગડુશાએ** એકલે પંડે પોતાના જ ધન-ધાન્યથી ગુજરાતમાં ત્રણ વરસની દુકાળી ફેડી. **ભામાશાએ** હિન્દુ રાજ્ય અને આર્યસંસ્કૃતિ ટકાવવા માટે રાણા પ્રતાપને પગભર રાખવા એના ચરણે પોતાના એકલાના ધનના ઢગલા ધરી દીધા... આ બધું પાછું હોંશે-હોંશે શી રીતે બન્યું હશે આ ? કહો, પોતાના ઉપર પ્રભુનો મોટો હક માનેલો તેથી, ''પ્રભુની સ્થાપેલી સંસ્કૃતિ ટકાવવી છે, એ પ્રભુના સેવક તરીકે મારું કર્તવ્ય છે,'' એમ શ્રેણિક પણ પોતાના ઉપર પ્રભુનો હક માનતા હોય, તેથી પોતાના અભયકુમારને પ્રભુ ચારિત્ર આપે એ હકદાર છે, પોતાનું સેવક તરીકે પ્રભુની પાસે એને ચારિત્ર અપાવવાનું કર્તવ્ય છે એમ માનતા હોય, તે હવે પોતાને જેલમાંનાં દુઃખ આવ્યાં એની સાથે શા માટે પેલી વસ્તુને ગાંઠી અફસોસી કરે ?

**આપણાં દુઃખને બીજા સાથે ગાંઠીએ કે આના લીધે દુઃખ આવ્યું એટલે એના પર દ્વેષ થાય; કર્મ સાથે જ ગાંઠીએ તો ન થાય.**

અહીં તો મોટા ભગવાન છે, એમની સાથે શ્રેણિક દુઃખને શાના ગાંઠે કે મારે એ પ્રભુના લીધે દુઃખ આવ્યું ? ગુરુ માતા પિતા વગેરે વડિલ પર અત્યંત પૂજ્યભાવ હોય તો એમની સાથે આપણા દુઃખને ગાંઠવાનું મન ન થાય; પછી ભલે કદાચ એમનાથી કશી ભૂલભાલ થઈ પણ હોય, એમ નાનડિયા પર કોઈક કૃતજ્ઞભાવ અથવા છેવટે મૈત્રીભાવ જ્વલંત જાગતો રાખીએ તો પણ એની સાથે



આપણાં દુઃખને ગાંઠવાનું મન ન થાય કે 'આનાથી મારે દુઃખ આવ્યું.' માતાને પુત્ર પર અત્યંત વાત્સલ્ય છે તો પુત્રના હાથે કશી ચીજવસ્તુ ફૂટતા માતા મન મનાવી લે છે કે 'મારાં કર્મ જ એવાં એટલે આ ફૂટ્યું. બાકી ફૂટવાનું હોત તો એના નહિ ને મારા હાથે ફૂટત.' એટલે,

જેમ પુત્ર પરના સ્નેહને લીધે માતા પુત્ર નિમિત્તના દુઃખને પુત્રને સાથે ગાંઠતી નથી, એમ નાનડિયા પર જો મૈત્રીભાવ-સ્નેહ હોય તો એનાં નિમિત્તનાં પણ દુઃખને આપણે એની સાથે ન ગાંઠીએ. આમ,

**વડીલ પર કૃતજ્ઞભાવ-પૂજ્યભાવ હોય, નાના પર મૈત્રીભાવ હોય, તો આપણા દુઃખને એમની સાથે ન ગાંઠીએ, ગાંઠીને એમના પર અભાવ દ્વેષ ન કરીએ.**

શ્રેણિકને પ્રભુ પ્રત્યે અત્યંત કૃતજ્ઞભાવ છે, તો એ પોતાને અભયની દીક્ષા પછી રાજ્ય આંચકી લેનારા કોણિકના હાથે જેલમાં જવાનું આવ્યું તો એ દુઃખને અભયકુમાર સાથે કે અભયને દીક્ષા આપી દેનાર પ્રભુની સાથે શાના ગાંઠે ?

બસ, શ્રેણિકના આ કૃતજ્ઞતા, એની તત્ત્વશ્રદ્ધા, અને એનું પરલોકપ્રધાન હૃદય જો આપણે સમજી શકતા હોઈએ તો પ્રશ્ન ન ઊઠે કે 'જેલનાં દુઃખ વખતે શ્રેણિકને પ્રભુ પ્રત્યે લાગી ન આવે ?'

સાત્ત્વિક ભક્તિની વાત ચાલતી હતી, કેવળજ્ઞાની મહર્ષિ દેવપાલનૃપ આદિ આગળ ત્રણ પ્રકારની જિનભક્તિમાં સાત્ત્વિક ભક્તિ માટે ચાર સાધન બતાવી રહ્યા છે, એમાં પહેલું સાધન પ્રભુના અનંત ગુણો પર અત્યંત રક્તતા બતાવ્યું, પછી બીજું સાધન આ બતાવે છે કે ભક્તિભાવમાં અત્યંત દઢતા જોઈએ, એવી કે મોટો દેવતાઈ ઉપસર્ગ આવે તો પણ એ કાયમ રહે, ભક્તિભાવથી ચલાયમાન ન થાય. અર્હન્નક શ્રાવક પર દેવતાઈ તવાઈ આવી; દેવતા એનું વહાણ સાત તાડ જેટલું ઊંચું ઊછાળી દરિયામાં પટકવાનું દેખાડે છે. છતાં એ જૈનધર્મ ને જિનેશ્વરદેવ પરના અનન્ય ભક્તિભાવને છોડી દેવા કે મોળો પાડવા તૈયાર નથી, દેવતાઈ ઉપદ્રવમાં પણ ભક્તિભાવ ચંચળ ન કરાય, ન ગુમાવાય, તો પછી ચાલુ કષ્ટમાં તો શાનો જ ગુમાવાય ?

**(૩) સાત્ત્વિક ભક્તિનું ત્રીજુ સાધન દેવદ્રવ્યની વૃદ્ધિ :-**

હવે કેવળજ્ઞાની મહર્ષિ ત્રીજા સાધનમાં દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું કહે છે. પોતાની શક્તિ હોય તે ખર્ચીને દેવદ્રવ્યમાં વધારો કરવો જોઈએ; જેથી એ દ્રવ્ય જિનમંદિર જિનમૂર્તિ એ બે ક્ષેત્રમાં ઉપયોગી થાય. અહીં પણ ધ્યાનમાં રાખવાનું કે દેવદ્રવ્યની વૃદ્ધિ કોઈ માન-સન્માનની આકાંક્ષાએ નહિ, યા દુન્યવી સારાં સુખ પામવાની આશાએ નહિ, પણ નિરાશંસ નિષ્કામભાવથી થવી જોઈએ, માત્ર

પરમાત્મા પરની હૈયે ઊછળતી ભક્તિના હિસાબે થવી જોઈએ, મનને એમ થાય કે,

**'મારી પાપ લક્ષ્મીમાંથી મારા પ્રભુની ભક્તિમાં ગઈ એટલી લેખે. બાકી તો પાપો કરીને લક્ષ્મી લાવ્યો, અને હવે એ ષટ્કાય જીવસંહારમય આરંભ-સમારંભો અને વિષય-વિલાસ તથા મમતા-અભિમાનનાં પાપ ઊભાં કરવાની છે.'**

દેવદ્રવ્યમાં વૃદ્ધિ એટલે એ દેવદ્રવ્યથી ભગવાનની જેટલી શોભા-જાહોજલાલી થાય એટલું ભવ્યાત્માઓને ધર્મ પામવાનું મળે. આમ ધર્મપ્રભાવના થવાનો મોટો લાભ મળે.

હવે કેવળજ્ઞાની ભગવંત સાત્ત્વિકભક્તિનું ચોથું સાધન ભક્તિમહોત્સવાદિ ફરમાવે છે.

**(૪) સાત્ત્વિકભક્તિનું ૪થું સાધન મહોત્સવાદિ.**

અરિહંત પરમાત્મા પર હૈયામાં સાત્ત્વિક ભક્તિભાવ ઊભો કરવો છે અને ઊભો થયેલો પુષ્ટ કરવો છે, વધારવો છે, નિર્મળ કરવો છે તો પ્રભુના ભક્તિ-મહોત્સવ આદિ સુકૃતો ભક્તિ-કૃત્યો આચરવા જોઈએ. પ્રશ્ન થાય,

**પ્ર.**- ભક્તિ-મહોત્સવાદિ કર્તવ્ય બતાવ્યા, તો શું દેવદર્શન-પૂજન કર્તવ્ય નહિ ?

**ઉ.**- એ તો કર્તવ્ય છે જ મોટા ખર્ચે કયારેક કયારેક કરી શકાય એવા ભક્તિમહોત્સવાદિને કર્તવ્ય તરીકે બતાવ્યા એ સૂચવે છે કે નાના ખર્ચના રોજના કરવા જેવાં દેવદર્શન પૂજન તો કર્તવ્ય છે જ.

**પ્ર.- દેવદર્શનમાં ય નાનો ખર્ચ કરવાનો ?**

**ઉ.**- હા, 'રાજા, દેવ, અને ગુરુનું દર્શન ખાલી હાથે ન થાય,'-એમ ઈતરો પણ માને છે. લૌકિક ધર્મવાળાને ય આટલો વિવેક આવડે તો લોકોત્તર ધર્મવાળાને એ ન આવડે ? એમ કહેતા નહિ કે,

**પ્ર.**- ઈતરના દેવ તો રાગી છે એટલે એમને ધરવાનું હોય, આપણે ત્યાં દેવાધિદેવ વીતરાગ હોઈ તેમને શું ધરવાનું હોય ?

**ઉ.**- ઈતરોમાં પણ દેવને ધરવાનું છે તે 'દેવ ભૂખ્યા છે. એટલે જેમ ભૂખ્યા ભિખારીને દેવાથી એ રાજી થાય એમ ભૂખ્યા દેવ નૈવેદ્યથી રાજી થાય.' એટલા માટે ધરવાનું નથી, એમને ત્યાં તો દેવ ઐશ્વર્ય-સમૃદ્ધિમાન અને ધરાયેલા છે, ભૂખ્યા ગરીબ નથી કે એ ધરવાથી એ કાંઈક પામે. એમને ત્યાંય દર્શન પૂજન કરનારનો પોતાનો અંતરમાં વિવેક છે. ભક્તિ છે, એ પ્રદર્શિત કરવા માટે દેવને ધરવાનું છે. અલબત એમના દેવ રાગી છે એટલે એનાથી રાજી થાય છે, આપણા દેવ વીતરાગ હોઈ એમને રાજી થવાનું હોતું નથી, પરંતુ એથી કાંઈ આપણો પોતાનો વિવેક ચૂકાય ?



દુન્યવી વ્યવહારમાં ય જુઓ, રાજાને મળવા જવું હોય તો ભેટણું લઈ જઈ એને ધરવું પડે છે. શું એને એટલી ધરેલી વસ્તુ પર મોહ છે કે એથી એ રાજી થાય ? ના, એની પાસે તો ધન-ધાન્યાદિના મોટા ખજાના છે, એની અપેક્ષાએ આ મામૂલી ધરાતા પર એને શો મોહ હોય ? પણ એ વિવેક જુએ છે કે સામો મફતિયું દર્શન નથી ઇચ્છતો. એમ ઘરે સારો સુખી મહેમાન આવ્યો હોય, એને ય માલપાણી જમાડાય છે. કેમ વારુ ? શું એ એનો ભૂખ્યો છે ? યા માલપાણી ઉપર રાજી થનારો છે ? ના, પરંતુ ત્યાં તમારો વિવેક જોવાય છે કે આવા પુરુષનાં તમારા ઘરે પગલાં તમને કેવા કિંમતી લાગ્યા છે ? જો આવનાર માટે તમારા દિલમાં માન છે તો સહેજે એને માલપાણી ધરાઈ જાય છે. બસ, એ રીતે

**દેવનાં દર્શન કિંમતી લાગ્યા હોય તો સહેજે ત્યાં કશુંક પૂજનદ્રવ્ય ધરાઈ જ જાય.**

તમે તો સમજી બેઠા છો કે 'રાજાનું દર્શન જલદી ન મળે. આપણે ત્યાં સારા મોટા માણસનાં પગલાં બીજી સામાન્ય સ્નેહીની જેમ સહેલાઈથી ન થાય; પરંતુ દેવનાં દર્શન તો સહેલાઈથી મળે. એટલે પણે ધરવાની જરૂર, અહીં દેવદર્શને ધરવાની જરૂરી નહિ.' કેમ એમજ છે ને ? કહેશો.

**પ્ર.**- રાજાનાં દર્શન તો કોકવાર સારા માણસનાં પગલાં તો કોઈકવાર, એટલે એમને ધરવાનું હોય, પણ દેવનાં દર્શન તો રોજ કરવાના રહ્યાં, એમાં શાનું ધરવાનું ?

**ઉ.**- અરે ! **દિલમાં રોજનાં દર્શનની કિંમત હોય ને, તો રોજ ધરવાનું થાય.**

**સારા સોદા ખટાવનારો દલાલ** શેઠને ત્યાં રોજ ઘરે આવતો હોય તો ય એને પોતાના ભેગાં કેસરિયાં દૂધ પવાય છે. એની કિંમત લાગી છે; તેથી સહેજે એ ધરવાનો વિવેક થઈ જ જાય છે. મન સમજે છે કે એને સોદા ઉતારવા તો બીજા ય કારખાનાં કે વેપારીઓ મળી શકે છે, પરંતુ આપણો માલ ધરખમ ઉપાડે છે તેથી એ આપણા માટે કિંમતી માણસ છે. તેથી એને દૂધ ધરાય છે પછી ભલેને રોજ આવે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૨૮,તા.૨૯-૩-૧૯૭૫**

બસ, એ રીતે જો અહીં સમજાઈ જાય કે 'આ દેવાધિદેવ આપણને ઘણું ખટાવે છે. એ આપણને દર્શનાદિમાં આલંબનભૂત બનીને જે સદ્ગતિ અને અઢળક પુણ્યાઈ તથા ચિત્તની પ્રસન્નતા-પવિત્રતા વગેરે કમાવી આપે છે, એવું કોઈ જ કમાવી આપતું નથી,' આ જો સમજાઈ જાય તો વિવેકરૂપે કૃતજ્ઞતારૂપે એમનાં

દર્શન મળવા પર પેલા દલાલના આગમનની જેમ કાંઈક ને કાંઈક સારું ધરવાનું જરૂર કરાય. જેમ દલાલને આપણું કેશરિયા દૂધ પીવા પર રાજી થવાનું હોતું નથી; રાજી થાય તો તે આપણે એના ઘરાક માટે સારો માલ આપીએ એના પર રાજી થાય, દૂધ પર નહિ. તો જેમ દલાલને દૂધ પર રાજી થવાનું હોતું નથી છતાં આપણો એ વિવેક છે કે એને ધરવાનું. તો પછી અહીં વીતરાગ પરમાત્માને ભલે આપણા ધરેલા પૂજન દ્રવ્ય પર રાજી થવાનું હોતું નથી, છતાં એ આપણને ઘણું ઘણું ખટાવનારા છે, તેથી એમનાં દર્શને કશું ધરવાનો વિવેક ન હોય ?

આ તો વિવેકની દૃષ્ટિએ ધરવાની વાત થઈ. પરંતુ,

**કૃતજ્ઞતાની દૃષ્ટિએ પણ જોઈએ તો પ્રભુની આગળ કાંઈક ને કાંઈક સારું ધરવું જ જોઈએ.**

**૧. કૃતજ્ઞતા :-**

આપણને મનુષ્યભવ અને બીજી કેટકેટલી પુણ્યાઈ મળી છે, એ કોનો પ્રતાપ છે ? પૂર્વ ભવે વીતરાગ દેવાધિદેવને ભજેલા, ભજન-પૂજન માટે વીતરાગ પ્રભુ મળેલા. એમનો આ પ્રતાપ છે. એમનો આ અથાગ ઉપકાર છે. હવે એમના પ્રતાપે મળેલો અઢળક માલ ચાઉં, એમાંથી લેશ પણ એમની આગળ ધરવાનું નહિ, એ કેવા હરામીવેડા કહેવાય ? બાપનો રૂા. ૨૦ લાખનો વારસો હાથ પર કરી પછી બાપને ટીકો બતાવે એ છોકરો નાલાયક હરામી ગણાય કે લાયક ? લાયક દીકરો તો આ કે ભલે બાપે પોતાની પાસે ૪૦ લાખ રાખ્યા હોય તેથી એમને કાંઈ દીકરાના માલની અપેક્ષા ન હોય, છતાં લાયક દીકરો તો બાપને મહાન ઉપકારી સમજી બજારમાંથી નવનવી વસ્તુ લાવી એમની ભક્તિ કરનારો હોય છે. એમ અથાગ ઉપકાર કરનારા પ્રભુ આગળ દર્શને-પૂજને સારું ધરવાનું તો લાયકાત કૃતજ્ઞતા ગણાય.

**૨. કૃતજ્ઞતા :-**

પ્રભુનો મોટો ઉપકાર તો આપણને આ માનવભવ સહિત અનેક પુણ્યાઈ ધર્મશાસન આપવાનો છે. જૈનકુળમાં જન્મીને આપણને જે આ ધર્મ, આ મોક્ષમાર્ગ, શાસ્ત્રો-આગમો, તીર્થ, સંઘ વગેરે મળ્યા છે એ પ્રભુનો અનન્ય અનંત ઉપકાર છે. એનાથી જ આપણને જીવદયા-સત્ય-સદાચારાદિ ગુણો, ભક્ષ્યાભક્ષ્યાદિ-વિવેક, વ્રત-તપસ્યા-ક્ષમાદિ ધર્મ, અને ઉત્તમ સુકૃતોનું આચરણ મળ્યું છે. પ્રભુનું શાસન ન મળ્યું હોત તો આપણે કેવા ય હિંસક-જૂઠાબોલા અને અભક્ષ્યખાઉ હોત ? કેવા દુરાચારી-બદમાશ અને ક્રોધાન્ધ હોત ? કેવા અમાપ તૃષ્ણાળુ, નિત્ય ખાવકલા ને સર્વ ભોગિલા હોત ? એ કલ્પી લો. તો એવા ન બનતાં, સારા દયાળુ-સદાચારી



વગેરે બનવાનું મળ્યું છે, એ કોનો પ્રભાવ ? શાસનનો, શાસન દેનાર પ્રભુનો એમના પ્રત્યે, આપણા દિલમાં કેટલી બધી કૃતજ્ઞતા જોઈએ ? એ હોય તો શું આ પ્રશ્ન હોય કે 'દેવદર્શને તો રોજ જવાનું એટલે રોજ ને રોજ કાંઈક સારું લઈ જવાનું ?' અરે ! રોજ શું, દિવસમાં ત્રણ વાર જવાનું છે. તે દરેક વખતે કાંઈક લઈ જવાનું છે.

શાસ્ત્રે દેવાધિદેવ પાસે જવામાં પાંચ વિનય પૈકી આ એક **'અચિત્તગ્રહણ'** નામના વિનય સાચવવાનું કહ્યું છે. જુઓ દેવવંદનભાષ્ય, 'અચિત્તગ્રહણ' એટલે પૂજન ને ભક્તિ-સત્કારને યોગ્ય દ્રવ્ય લઈને જવું તે. એમાં વિનય છે. એ,

**દર્શને કાંઈક લઈ ન જાઓ તો પ્રભુનો અવિનય કર્યો ગણાય.**

**અચિત્તગ્રહણ હોય તો એ વિવેક અને કૃતજ્ઞતા છે, નહિતર અવિવેક હરામીપણું કહેવાય. એમ,**

**પ્રભુદર્શન કાંઈક લઈ જાઓ એ ગુણજ્ઞતા છે; ન લઈ જાઓ તો ગુણની કદર નથી.**

એ શી રીતે ? આ રીતે, દુન્યવી વ્યવહારમાં કોઈ સારો ગુણિયલ માણસ ઘરે આવે તો એની ભક્તિ કરાય છે, માત્ર વાતો નહિ. દેશનેતા કે એવો કોઈ માણસ સ્ટેશને ઊતરે ત્યાં લોકો એને ફુલહાર પહેરાવવા પડાપડી કરે છે. કેમ ? ગુણજ્ઞતા એ સહેજે આ કરાવી જ દે છે. એમ આપણને પ્રભુ પ્રત્યે ગુણજ્ઞતા હોય, પ્રભુના અનંત ગુણોની કદર હોય, તો સહેજે એમનાં દર્શને કાંઈ ને કાંઈ લઈ જવાનું મન થાય જ. આ તો દર્શનની વાત,

**સાત્ત્વિકભક્તિ માટે પ્રભુનાં પૂજન પણ આપણાં સારાં સારાં દ્રવ્યો લઈ જઈને કરવા જોઈએ.**

આમાંય, દર્શનમાં કહ્યું તેમ, પ્રભુ પ્રત્યેનો વિનય છે, વિવેક છે, કૃતજ્ઞતા છે, ગુણજ્ઞતા છે. દુનિયામાં કેઈ લેભાગુના વિનય-વિવેક વગેરે કરો છો, કિંમતી-કિંમતી દ્રવ્યોથી કરો છો, તો તરણતારણ અને અનંત ગુણસંપન્ન પરમાત્માનો વિનય-વિવેક-કૃતજ્ઞતા અને ગુણજ્ઞતા કમાઈ જવા છે ? બૈરીનો કેટલો ઉપકાર ? તમારી બહુ વેઠ પછી પરિણામે ગોઝારું એવું વિષયસુખ આપે એ જ ને ? છતાં એને હીરા-મોતી-સોનાની બંગડીઓ-હાર-એરિંગ-કુંડલ ચડાવો ! પ્રભુનો ઉપકાર કેટલો ? અહીં સજ્જન-સદ્‌ગુણી અને સુકૃતકારી માનવ બનાવ્યા; ને પછી સદ્‌ગતિ અને પરંપરાએ જન્મ-મરણના કારમા ત્રાસમાંથી મુક્તિ મળવાનો પાયો નખાવી આપે ! એટલો પ્રભુનો ભવ્યાતિભવ્ય ઉપકાર. એ પ્રભુને કેટલું ચડાવવાનું ? રોજ બૈરી અને સંતાન તથા દીકરાની વહુરોને કેટલું ધરવાનું, અને રોજ પ્રભુની પૂજામાં

કેટલું ધરવાનું ? ભૂલશો નહિ,

**બૈરી ને છોકરા ને વહુરો બધા ય લેભાગુ છે.**

'લેભાગુ' એટલે લઈને ભાગે એમાનાં. તમારા પુણ્યનો માલ લઈ લે, પણ બદલામાં નવું પુણ્ય આપવાની વાત નહિ. ઊલટું તમને મોહ કરાવી કરાવી, એની ખાતર કષાયો સેવરાવી સેવરાવી, પાપના થોક બંધાવનારી જમાત. એવા લેભાગુ પાછળ અઢળક ખર્ચથી તૂટી મરવાનું, અને અનંત ઉપકારી પરમાત્મા પાછળ રીતસર વ્યય નહિ કરવાનો ? કઈ અક્કલનું આ જીવન ? વિવેક હોય, કૃતજ્ઞતા હોય, ગુણજ્ઞતા હોય તો પ્રભુનાં પૂજનની વાતમાં દિલ ઊછળી પડે. મનને એમ થાય કે 'કેમ સારામાં સારાં દ્રવ્યો લઈ જઈ પૂજા કરું ! જાતે કાળી ચાહ પીઉં પણ પ્રભુની પૂજામાં દૂધના કળશો ભરીને લઈ જાઉં. જાતે શાક ઓછું કે સસ્તુ ખાઉં પણ પ્રભુને ફૂલનો ઢગલો ચડાવું. જાતે ફેન્સી કપડા ન પહેરું, પરંતુ પ્રભુને માટે મુલાયમ ઝીણા અને સફેદ બાસ્તા જેવા અંગલુંછણા લઈ જાઉં, તેમજ ભગવાનને શણગારવા રોજ વરખ-રેશમ-બાદલું લઈ જાઉં.'

આ ઉચ્ચ જીવનમાં બીજે મળવી અતિ દુર્લભ એવી અરિહંત પ્રભુની સાત્ત્વિક ભક્તિ કમાઈ જવાની સોનેરી તક સુલભ થઈ છે. એ સાધી લેવી છે ? તો દિલ આવું ઊછળતું રાખો કે 'લેભાગુ દુનિયાની પાછળ તૂટી મરવા કરતાં તારણહાર પ્રભુની પાછળ તૂટી મરું. પ્રભુની રોજની પણ ભક્તિમાં સારાં સારાં દ્રવ્યો ભરપૂર લઈ જાઉં.'

**મારાં દ્રવ્યોનો પરમાત્મામાં આવો ઉચ્ચ વિનિયોગ યાને ઉચ્ચ પરમપાત્રમાં સ્થાપન કરવાનું મારુ અહોભાગ્ય કયાંથી !**

પાત્રની કિંમત હોય છે તો એમાં સ્થાપવાનું મન થાય છે. ઘરે મુનિ મહારાજ પધાર્યા હોય તો વહોરાવવાનું મન થાય છે ને ? એમાં વળી જો કોઈ પદસ્થ મુનિરાજ પધાર્યા હોય તો વિશેષ ભક્તિ કરવાનું મન થાય છે. ત્યારે કોઈ આચાર્ય મહારાજ પધાર્યા તો વળી ગુરુપૂજન કરીને ખાસ વિશિષ્ટ વસ્તુઓ વહોરાવી દિલ ખૂબ આનંદ પામે છે. તો પછી આ તો ત્રણ લોકના નાથ પરમાત્મા ભક્તિ કરવા મળ્યા છે તો પોતાનાં વિશિષ્ટ દ્રવ્ય એમનાં ચરણે ધરવાનું મન ન થાય ? રોજનું છે એટલે મન ઉલ્લસતું નથી ? તો તમારે ખાવા-પીવાનું પહેરવાનું ભોગવવાનું રોજનું છે, એમાં કેમ બધું બરાબર ટીપટોપ જોઈએ છે ? જાત માટે રોજનો ઉલ્લાસ, અને જિનેશ્વર ભગવાન માટે રોજનો ઉલ્લાસ નહિ ? કેવી મુર્ખતા !

પરમાત્માની સાત્ત્વિક ભક્તિની મહાન કમાઈ કરી લેવાની સોનેરી તક મળી છે. એ તક સફળ કરી લેવાનું સારો ભોગ આપ્યા વિના નહિ થાય. એ માટે આ



વિચાર જોઈએ કે 'અંતે તો બધી ય સંપત્તિ-સમૃદ્ધિ મૂકીને જવાનું છે. એના કરતાં જેટલી મારા તારણહાર પ્રભુની ભક્તિમાં અર્પી શકાય એટલી અર્પવા દે ને ? એમાં વળી રોજ ને રોજ એમાં અર્પું એટલે,'

**રોજ ને રોજ પ્રભુચરણે દ્રવ્યાર્પણથી મારા દિલમાં ત્યાગના સંસ્કાર પડે; ને રાગ રોગ ઘટતો આવી પરમાત્મા તરફ રોજ ને રોજ મમત્વ વિશેષ વિશેષ જામતું જાય.**

ભોગ આપ્યા વિના મમત્વ કયાં બંધાય છે ? રોજ ને રોજ શક્તિની દવા લેવાય છે ત્યારે ધીમો ધીમો અશક્તિમાં સુધારો થતો આવે છે. એમ રોજ ને રોજ આપણાં સારાં દ્રવ્યોનો ભોગ આપીને ભગવાનની ભક્તિ થાય ત્યારે ધીમે ધીમે રાગાદિ રોગ ઓછા થતા આવી ભગવાન પ્રત્યેની મમત્વ શક્તિ વધતી આવે. માટે (૧) ભક્તિ રોજ જોઈએ, અને (૨) ભક્તિ ભોગ આપીને જોઈએ.

**પ્ર.-** આ રીતે રોજ પોતાનાં દ્રવ્યથી જિનભક્તિ કરનારા એવા પણ દેખાય છે કે દુનિયાદારીમાં ગળાડૂબ ખૂંપેલા હોય છે. તો એમના રાગાદિ રોગ કયાં ટાળ્યા ?

ઉ.- ત્યારે ત્યાં સમજી રાખવું પડે કે એ નિરાશંસભાવે ભક્તિ નહિ કરતાં હોય. મનમાં કોઈ ચોરી હશે કે ભગવાની ભક્તિ કરતો રહું અને સારા પૈસા મળતા રહે, માન-સન્માન મળતા રહે, દુનિયામાં બધી વાતે સુખી રહીએ,' તો જો મૂળમાં જ આ જાલિમ દુનિયાના ધન-માલ-માન-વિષયસુખ પર રાગ-આસક્તિ-લાલસા દૃઢ રાખીને જ ભક્તિ કરે છે, તો ત્યાં તો એણે ભક્તિની દવા સાથે રાગનું મહાકુપથ્ય જાલિમ સેવવાનું રાખ્યું. પછી એનો રોગ શાનો જરાય દબે ? જરાય ઓછો થાય ? ખૂબી જુઓ.

**એણે તો દવા જ રોગ વધારવા માટે ખાધી !!**

આમ તો રાગ હતો જ પરંતુ ભક્તિ કરતાં ય રાગનાં જ સાધન મળવાનું ઈચ્છયું, એટલે કે રાગ ભાવને જ મુખ્ય રાખ્યો; ભક્તિ તો માત્ર એને પોષાવાનું એક સાધન. આમ, વીતરાગ પરમાત્મા પ્રત્યેની શુદ્ધ ભક્તિનું સ્વરૂપ જ ખત્મ કર્યું, પછી એવી ભક્તિ રાગરોગને શી રીતે ઘટાડી શકે ? જેને ધરાર રાગ કરવો છે, એનો રાગ કોણ હટાવી શકે ?

**ધન-માલમાં જ સુખ દેખવું છે એને**

**(૧) ત્યાગમાં સુખ દેખાય જ શાનું ?**

**(૨) વીતરાગની શુદ્ધ ભક્તિના ફળરૂપ મોક્ષમાં સુખ દેખાય જ શાનું ?**

**(૩) મોક્ષના સુખની સાચી ઈચ્છા જ શાની હોય ?**

**મોક્ષના સુખ, ઈચ્છા વિનાની સાધના મોક્ષ માટે નીવડે નહિ.**

કેમકે મોક્ષસુખની ઈચ્છા નથી એટલે સંસારસુખ અનહદ ગમે છે, એ જ સારભૂત લાગે છે એટલે એના પર વૈરાગ્યનું નામનિશાન નથી. વૈરાગ્ય તો ધર્મનો પાયો છે, પાયા વિના ઈમારત કેવી ? વૈરાગ્ય વિના દાનધર્મ નહિ, સાચો શીલ-વ્રત-નિયમધર્મ નહિ, સાચો તપધર્મ નહિ, સાચો જિનભક્તિ ધર્મ નહિ. પછી એનું ફળ રાગાદિહ્રાસ અને અંતે મોક્ષ આવે જ કયાંથી ? એ તો પૈસા ખરચવારૂપ ભોગ આપીને ય જિનભક્તિ કરે છે, તે રાગનાં જ સાધન માટે; એટલે ત્યાં રાગને દઢ કરવાનું જ બને છે. એની ભક્તિ એળે જાય છે. તો પૂછો ને કે,-

**પ્ર.**- જિનભક્તિની દવા રામબાણ છે. તો એનું ફળ કેમ ન આવે ? વીતરાગની ભક્તિથી રાગાદિ થોડા ય ઓછા કેમ ન થાય ?

ઉ.- અહીં સમજી રાખવાનું છે કે રાગ મનમાંથી કાઢવાનો છે. હવે જો મનને જ રાગ રાખવો છે. મનમાં રાગ ભયાનક લેખવો નથી, તો એ રાગાદિ રાખી બેઠેલું મન રાગાદિ શાનું છોડે ? દવા કોઠામાં જાય તો અસર કરે ને ? તો અહીં, **ભક્તિની દવાનો કોઠો મન છે. એ મનમાં જો ભરચક ધનાદિરાગ રાખી વીતરાગ-વીતરાગતા પ્રત્યેની ભક્તિદવાને પેસવા જ ન દે તો એની અસર શી રીતે થાય ?**

સારાંશ, સાત્ત્વિકભક્તિ કરવી છે તો,

(૧) જિનપૂજા રોજ કરો,

(૨) સ્વદ્રવ્યોનો ભોગ આપીને કરો,

(૩) ભક્તિના ફળમાં દુન્યવી કશી આશંસા ન રાખો. વૈરાગ્ય જ્વલંત રાખો.

અરિહંતપદની આરાધના કરવી છે ? તો આ ખાસ જોઈએ.

એટલું જ નહિ, પણ શક્તિ પહોંચે તે ખરચીને અવસરે ભક્તિમહોત્સવ, તીર્થયાત્રા, યાત્રાસંઘ, જિનમંદિરનાં જીર્ણોદ્ધાર-નવનિર્માણ, અને જિનભક્તિ માટે કાયમી સાધનોનું દાન વગેરે કરવા જોઈએ.

'હેં ? આટલું બધું કરવાનું ?'

એમ જો ભડક થતી હોય તો એનું કારણ અરિહંત પ્રભુ કરતાં પૈસા પર વધારે રાગ છે. પછી ત્યાં અરિહંતદેવ ઉપર અથાગ-અનન્ય રાગ ન રહ્યો; ને તે વિના કામ સિઝે નહિ.

**અરિહંતદેવ પ્રત્યેના અનહદ રાગ વિના અરિહંતપદની તેવી ઉપાસના નહિ.**

**ધનના રાગ આગળ અરિહંતનો રાગ મોળો પડી ગયો, તેથી અનહદ ન રહ્યો.**

અરિહંતદેવ પર અનહદ રાગ કરવો હોય તો દિલ ઊછળ્યા કરે કે 'મારા



અરિહંતનાથની શી શી ભક્તિ કરું ! ભક્તિમાં ધન તોડી નાખું, તન તોડી નાખું, મન મોડી નાખું !' આ ઊછાળા હોય ત્યાં મોકો મળતાં શું બાકી રાખે ? (૧) ભક્તિ-મહોત્સવ (૨) તીર્થયાત્રા, (૩) નાનો ૧૦ માણસનો પણ યાત્રાસંઘ, (૪) જિનમંદિરના જીર્ણોદ્ધાર-નવનિર્માણમાં ફાળો, (૫) મંદિરમાં ભક્તિ દ્રવ્યોનું દાન; જેથી શક્તિ વિનાના બીજાઓ પ્રભુની ભક્તિ કરી શકે, (૬) બે-પાંચ, બે-પાંચને જિનભક્તિમાં જોડવા માટે પ્રોત્સાહન-પ્રભાવના (૭) જિનભક્તિ સ્વત આવીને કરતા હોય એને પહેરામણી-પ્રભાવના... વગેરે વગેરે કરાય. કલકત્તામાં છોટમલજી સુરાણા શ્રાવક દર બેસતે મહિને સ્નાત્ર ભણાવવા જેટલા આવતા એમને જમણ આપતા.

વાત આ છે કે અરિહંતપ્રભુ ઉપર અનહદ અને ઊછળતી ભક્તિ-પ્રીતિ-બહુમાન છે. તો શોધ્યા જ કરે કે કયાં કયાં આ તારકનાથની ભક્તિ-શોભા વાહવાહ કરું ! આ સાત્ત્વિક ભક્તિની વાત થઈ. ભૂલશો નહિ, ફરીથી યાદ કરી લો.-

**સાત્ત્વિક ભક્તિના ૪ અંગ :-**

(૧) અરિહંતદેવના ગુણો પર અતિશય રક્તતા,

(૨) ભક્તિભાવમાં પાકી દઢતા, (૩) દેવદ્રવ્યની વૃદ્ધિ, અને

(૪) રોજિંદા સ્વદ્રવ્યથી થતાં દર્શન-પૂજા ઉપરાંત ભક્તિમહોત્સવાદિ સુકૃતાચરણ.

રાજા દેવપાલ આ બધું ખૂબ તન્મયતા અને ઉલ્લાસ સાથે સાંભળી રહ્યો છે.

**અરિહંતપદની આ પણ એક આરાધના છે કે અરિહંતની કથા ખૂબ તન્મય થઈને ઊછળતા ઉલ્લાસ સાથે સંભળાય.**

દેવપાળને તો અરિહંતદેવ ઉપર અથાગ ભક્તિરાગ છે, ને આગળ ઉપર શક્ય એટલી ભક્તિ કરવી છે. તેથી ભક્તિના વિવિધ પ્રકાર સાંભળતાં હૈયું ગદ્ગદ થાય છે.

હવે કેવળજ્ઞાની મહર્ષિ બીજી રીતે અરિહંતની ભક્તિના પ્રકાર બતાવતાં કહે છે,- 'હે મહાનુભાવો ! ભક્તિના બીજા પણ પાંચ પ્રકાર છે.'

## • જિનેશ્વરદેવની ભક્તિ બીજી રીતે પાંચ પ્રકારે •

(૧) પુષ્પાદિથી પૂજા (૨) દેવદ્રવ્યની પૂજા (૩) તીર્થયાત્રા

(૪) મહોત્સવાદિ (૫) જિનાજ્ઞાપાલન.

આમાં પહેલો પ્રકાર પુષ્પાદિથી પૂજા; એમાં બધીય દ્રવ્યપૂજા ને ભાવપૂજા સમાય. જેનાં અહોભાગ્ય હોય એને જ જિનેશ્વર ભગવાનની પૂજામાં પોતાનાં એક પાણીના કળશાથી માંડીને હીરા-માણેકના હાર-મુગટ વગેરે દ્રવ્ય અર્પવાનું મળે.

**શંકા :-** ભગવાન પ્રત્યેની એટલી ભક્તિથી સંસ્કારિત નહિ થયેલ માણસને એમ લાગ્યા કરે છે કે વીતરાગ ભગવાનને પૂજામાં એટલા બધાં દ્રવ્યો અર્પવાની શી જરૂર છે ? કેમકે એક તો ભગવાન વીતરાગ છે. અને બીજું એ કે ભગવાન સાક્ષાત્ તો હાજર નથી, એમની મૂર્તિમાત્ર છે. વળી મંદિરમાં દૂધ-ચંદન-અગરબત્તી વગેરે તૈયાર હોય, એનાથી પૂજા કરી લેવાય ને ?

**સમાધાન :-** આમાં ભૂલભૂલામણી એ થાય છે કે પહેલું તો ભગવાનની દૃષ્ટિએ વિચાર થાય છે એવો પોતાનાં દ્રવ્યની દૃષ્ટિએ વિચાર જ નથી થતો કે મારાં દ્રવ્યનો સારામાં સારો ઉપયોગ થઈ શકે ? દ્રવ્ય તો ષટ્કાય જીવ સંહાર અને કેટલી ય તૃષ્ણા, ઓઠકોઠ, તથા કિંમતી સમયનાશ કરીને આવ્યું છે. તો હવે એ દ્રવ્ય કેવાં ધરાય તો સારું લેખે લાગ્યું ગણાય ?' જો આ રીતે વિચાર થાય તો લાગે કે આ દ્રવ્ય પરમપાત્ર પરમાત્માના ચરણમાં જાય એ એનો શ્રેષ્ઠ ઉપયોગ છે અને એ શ્રેષ્ઠ વિનિયોગ છે, શ્રેષ્ઠ સ્થાને લેખે લાગ્યું ગણાય. સંસારી જીવ કપડું નોકરના અંગે જાય એના કરતાં છોકરાના અંગ પર જાય એને વિશેષ લેખે લાગ્યું ગમે છે, અને છોકરા કરતાં પત્નીના અંગ પર જાય એને એથી વિશેષ લેખે લાગ્યું ગણે છે. માટે નોકરને જાડું કપડું પહેરાવે છે, પુત્રને ઝીણું અને પત્નીને રેશમી પહેરાવે છે. નોકરને દાગીનો નહિ, છોકરાને સોનાનો, અને બૈરીને મોતી હીરાનો દાગીનો પહેરાવે છે. બસ, એ રીતે ધર્માત્મા અનુકંપા કરતાં શ્રાવક-શ્રાવિકાની ભક્તિમાં દ્રવ્યનો વિશેષ સારો ઉપયોગ માને છે. એના કરતાં સાધુ-સાધ્વીની ભક્તિમાં વળી વિશેષ અને પરમાત્માની ભક્તિમાં સૌથી સારો ઉપયોગ લેખે છે, એ સમજે છે-

**દ્રવ્ય અર્પવાનું ઊંચામાં ઊંચું સ્થાન પરમાત્મા :-**

ત્યાં દ્રવ્ય ગયું એ સૌથી વધુ કૃતાર્થ થયું. અરે ! ઘરે સારી ચીજ બનાવી હોય, અને જમાઈ કે સમાજનો કોઈ સારો માણસ આવી ચડે, તો એના ભાણામાં એ ચીજ પીરસીને હરખભેર માને છે કે 'વાહ ! આજ આ સારા ઠેકાણે કામ આવી.' જો આ રીતે વિચાર થાય તો પરમાત્માની ભક્તિમાં ગયેલી વસ્તુ 'સારામાં સારી લેખે લાગી !' એમ હરખ હરખ થાય.

**પ્ર.-** વ્યવહારમાં તો કોઈની ભક્તિ કરીએ તો એ ખુશી થાય છે, પરંતુ વીતરાગ પ્રભુ કાંઈ ખુશી થતા નથી, તો પછી એમની ભક્તિનું મન શી રીતે થાય ?

**ઉ.-** જો જો અહીં એક ખાસ જોવાનું છે કે આપણે આપેલી ચીજને સામો કેટલા હરખથી વધાવે છે એ નથી જોવાનું. નહિતર તો નોકરને કિંમતી ચીજ આપતાં એ છોકરા કરતાં વધુ ખુશી થાય ને વધુ કામ કરે એમ છે. પરંતુ એ રીતે



જોવાતું નથી; પણ પોતાને પ્રેમ ક્યાં અધિક છે, એ આગળ થાય છે, ને એના હિસાબે અર્પણ થાય છે. આ હિસાબ જો લક્ષમાં રહે તો પછી એ ન જોવાય કે આપણા અર્પણથી પરમાત્મા ક્યાં રાજી થવાના છે ? ના,

**દ્રવ્યનું અર્પણ સામાના રાજીપાના ટકાથી નહિ, પણ આપણા પ્રેમના ટકાથી થાય છે.**

આ હિસાબ ઉપર જ પત્ની પર સૌથી વધુ પ્રેમ, એટલે ત્યાં પ્રેમી પતિ હીરા-માણેકના દાગીના ચડાવે છે; ભલે પછી કદાચ એવી પૂર્વભવની સુસંસ્કારી પત્નીને એનો મોહ ન ય હોય, એનો એવો રાજીપો ન ય હોય. પત્નીને દાગીનાનો બહુ રાજીપો છે ? એ એનામાં આસક્ત પતિ જોવા બેસતો નથી. પોતાને એના પર અથાગ પ્રેમ છે માટે એના પર કિંમતી દ્રવ્યનું અર્પણ કરે છે, કરીને પ્રેમ દૃઢ કરે છે. બસ, એ રીતે અહીં ભક્તિમાં ય પરમાત્મા રીઝે છે કે નહિ, એ તરફ દૃષ્ટિ જ ન જાય પણ પોતાને પરમાત્મા ઉપર અથાગ પ્રેમ છે માટે સહેજે સારાં કિંમતી દ્રવ્યોનું એમના ચરણે અર્પણ થઈ જ જાય; અને એમ કરવાથી પરમાત્મા પરનો પ્રેમ દૃઢ થાય છે,

ત્યારે હવે સવાલ આ આવીને ઊભો રહે છે કે,

**ભગવાન પર પ્રેમ થાય, પણ મૂર્તિ પર શી રીતે ? :-**

**પ્ર.-** પત્ની તો જીવંત છે, પણ પરમાત્મા અહીં ક્યાં સાક્ષાત્ હયાત છે ? અહીં તો માત્ર એમની મૂર્તિ છે. એના પર એવો ભાવ ક્યાંથી આવે ?

**ઉ.-** આ વિચાર પણ વાજબી નથી. પહેલી વાત તો એ છે કે મૂર્તિમાં અંજનશલાકા-પ્રતિષ્ઠાવિધિથી દેવત્વ પરમાત્મપણું આરોપિત-સ્થાપિત થયેલું છે. એટલે એ હવે સાક્ષાત્ પરમાત્મા જ છે. **'જિણપડિમા જિણસારિખી'** એ જ્ઞાનીઓનું કથન છે. માટે એમાં ભલેચૂકે એમ ન મનાય કે આ તો મૂર્તિ છે, ભગવાન નહિ' વ્યવહાર પણ કરીએ છીએ ને કે આ મહાવીર સ્વામી છે, આ શાંતિનાથદાદા છે. ત્યારે, સાક્ષાત્ ભગવાન માન્યા પછી તો ભગવાન ભલે વીતરાગ હોઈ રીઝવાના ન હોય, પણ આપણને ભગવાન ઉપર જો શ્રેષ્ઠ અને અથાગ પ્રેમ છે, તો એ પ્રેમની રૂએ એમના ચરણે કિંમતી દ્રવ્યો અર્પણ કરવાના કોડ અવશ્ય રહે, અને અર્પણ થઈ જ જાય.

બીજી વાત-બાળબુદ્ધિથી કદાચ મૂર્તિમાં સાક્ષાત્ ભગવાન ન પણ લાગ્યા માત્ર મૂર્તિ જ લાગી તો ય એ મૂર્તિ કોની ? ભગવાનની ને ? એ હિસાબે પણ એના પર પ્રેમ-આદર થઈ જાય. જુઓ, કોઈ બાપે ગરીબીમાંથી આગળ વધી રૂા. પચાસ લાખ ભેગા કર્યા હોય, અને એનો કુલ વારસો છોકરાને આપી દીધો હોય,

તો બાપાના મૃત્યુ પછી લાયક છોકરો બાપાજીની સારામાં સારી તસ્વીર-ફોટો કરાવે છે અને રોજ ફુલહાર વગેરે કરે છે કેમ ? ફોટામાં શું આવી ગયું ? પણ ના, એ ફોટો ય છે તો બાપાજીનો ને ? એટલે બાપાજી ઉપરના અથાગ પ્રેમથી એમના ફોટા ઉપરે ય પ્રેમ ઊછળે છે, એ દ્વારા બાપાજીનું સ્મરણ કરતાં હૈયું ગદ્ગદતા અનુભવે છે. અને એ પ્રેમના હિસાબે ફુલહાર-રેશમી હાર વગેરે અર્પણ કરી ખુશી થાય છે. તો પછી જો આપણને ભગવાન પર એ છોકરાને બાપ પર હોય એના કરતા અતિશય અધિક પ્રેમ છે, તો ભગવાનની મૂર્તિ પર પ્રેમ ન થાય ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૨૯,તા.૫-૪-૧૯૭૫**

**ગુરુનો ફોટો કેમ ગમે છે ? પ્રભુની મૂર્તિ નહિ ? :-**

મૂર્તિનો વિરોધ કરનારાને પણ જો બહારગામથી વંદનાર્થે આવેલ ભગત કહે, 'મને તો સાહેબ આપના દર્શન વિના ચેન જ ન પડે. તેથી આ આપનો ફોટો રાખી રોજ એ જોઈને ખુશી થાઉં છું ને ભાવથી વંદન કરું છું,' તો એ સાંભળીને રાજી થાય છે. કેમ ભાઈ ! તમારો ફોટો તો કાગળ છે. ફોટામાં શું આવી ગયું તે પેલો ભગત એ જોઈ રાજી થાય, ને એને વંદન કરે ? ત્યારે તમારા ફોટાની કિંમત છે. ને ભગવાનની મૂર્તિની કિંમત નહિ ? સમજી રાખો, મૂર્તિ ભગવાનની છે માટે ને એમાં દેવત્વ સ્થાપિત થઈ સંસ્કારિત બની છે, તેથી એ બહુ કિંમતી છે. ગુરુ પર પ્રેમની જેમ ભગવાન પર પ્રેમ હોય એટલે આ સ્થાપિત ભગવાન પર સહેજે પ્રેમ થાય, ને એનાં પોતાની કિંમતી ચીજથી પૂજન થાય. મૂળમાં ભગવાન પર એવો અથાગ પ્રેમ જોઈએ. પછી તો અહોભાગ્ય લાગે કે પોતાનાં સારાં દ્રવ્ય ભગવાનના પૂજનમાં જાય છે.

**પ્રભુની વિવિધ પૂજા :-**

અહીં પહેલી પૂજા પુષ્પાદિથી કહી એમાં પુષ્પ, ચંદન, વરખ, અંગરચના, આભૂષણ, દશાંગધૂપ, દીપક વગેરે આવે, તેમજ પ્રભુની આજુબાજુમાં સારું ડેકોરેશન, પાછળ ફુલભરી પિછવાઈ, અથવા ચાંદીના પતરામાં ઈનેમલ વગેરેથી કંડારેલ અષ્ટ પ્રાતિહાર્ય, અને આગળમાં ફૂલ યા ઊન-રેશમભર્યું પ્રાગણ આવે. એમ પુષ્પાદિ પૂજામાં ચામર-નૃત્યગીત-વાજિંત્ર ગુણગાન સ્તવન-સ્તુતિ-ચૈત્યવંદન આવે. આમાંનું જેમ અધિક થાય એમ ચિત્ત વધુ પ્રસન્ન થાય, કેમ વારુ ? પોતાનાં દ્રવ્ય પ્રભુચરણે જાય છે ને ? એથી પ્રસન્નતા ખૂબ. એમાં વળી પ્રભુ વીતરાગ છે, જગદ્-ઉપકારી તીર્થંકર છે, તેથી ચિત્તમાં એમનાં આલંબને પવિત્રતા આવે છે.



'પ્રભુપૂજાથી શો લાભ ?' એમ પૂછનારને કહો કે તમે તમારા કિંમતી દ્રવ્યોથી આઠ દિવસ પૂજા કરી જુઓ, પછી આ સવાલ પૂછજો.

**વીતરાગની પૂજાથી ઊભી થતી ચિત્તની શાંતિ-પ્રસન્નતા-પવિત્રતા ઉચ્ચ અધ્યવસાય રખાવીને અઢળક પાપક્ષય અંતરાયક્ષય અને અથાગ પુણ્ય કમાઈનો લાભ આપે છે.**

**'भत्तीइ जिणवराणं खिज्जंति पुव्व-संचियकम्माई ।'**

**'उपसर्गाः क्षयं यान्ति... पूज्यमाने जिनेश्वरे ॥'**

જિનેશ્વર ભગવંતોની ભક્તિથી પૂર્વસંચિત કર્મો નાશ પામે છે. જિનેશ્વરદેવની પૂજા કર્યે ઉપસર્ગો-વિઘ્નો નષ્ટ અને મન પ્રસન્ન થાય છે.

પૂજાના મહાલાભ દેખી એમાં કોણ પ્રમાદ કરે ? રોજનું આ મુખ્ય કર્તવ્ય બની જાય, પાંચ પ્રકારની પૂજામાં આ પહેલો પ્રકાર.

**(૨) દેવદ્રવ્યની વૃદ્ધિના મહાન લાભો :-**

બીજા પ્રકારમાં દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાની તે જ્યાં જે રીતે મોકો દેખાય ત્યાં તે રીતે એ વૃદ્ધિ કરે. દેવાધિદેવ પર અતિશય રાગ છે. તેથી પોતાનાં દ્રવ્ય કરતાં દેવનાં દ્રવ્યનું વિશેષ મમત્વ હોય. અરિહંત પરમાત્મા ઉપરના અતિશય રાગથી એ દેખે છે કે 'મારું દ્રવ્ય મારી પાસે રહીને તો ષટ્કાય જીવોનો સંહાર અને વિષય-વિલાસમાં તથા મદ અને મોહ કરાવવામાં બરબાદ થવાનું છે, એના બદલે જેટલું દેવાધિદેવને અર્પિત કરાશે એટલું એ પરમ પવિત્ર અને પરોપકારી નાથની ભક્તિમાં એમની શોભામાં ઉપયોગી થશે, અને એ દ્વારા મારા તથા ભવ્ય જીવોના શુભ ભાવોલ્લાસને જગાવનારું બનશે. દ્રવ્યનો આનાથી વધુ સારો સદ્ઉપયોગ અને સફળતા શી હોઈ શકે ? કૃતજ્ઞતા પણ કેવી અદા થાય !'

**દેવદ્રવ્યદાન દ્વારા બીજાને ધર્મદાન-શુભ-ભાવદાન :-**

આમ, દેવદ્રવ્યની વૃદ્ધિ કરવામાં કેટલો બધો લાભ ! 'આમ તો હું કાંઈ સીધેસીધો બીજાને વૈરાગ્યાદિ ધર્મ પમાડી શકતો નથી. પરંતુ જો દેવદ્રવ્યની વૃદ્ધિ કરું છું તો એના દ્વારા પરંપરાએ એમાં નિમિત્ત બનવાનો મહાન લાભ મળે છે. દેવદ્રવ્યના બળ પર દેરાસર દેવવિમાન જેવા સાફ-શોભિતા-આકર્ષક અને ભગવાનનાં બિંબ આંગી હાર મુગટ વગેરેથી ઝાકઝમાળ શોભે, દર્શન-પૂજા કરવા આવેલાનાં એથી ચિત્ત ઠરે. ભાવનાની વૃદ્ધિ થાય. સ્તુતિ સ્તવન વગેરેમાં ભાવોલ્લાસ ઊછળે, વૈરાગ્ય જાગે વધે વગેરે બધું સારું થાય એના પાયામાં કારણભૂત દેવદ્રવ્યની વૃદ્ધિ છે. એ કરવામાં મને ભવ્યાત્માઓમાં ભાવવૃદ્ધિ થવામાં નિમિત્ત બનવાનો કેવો મહાન લાભ થાય !' દેવદ્રવ્યની વૃદ્ધિ કરવામાં આ ભાવના રહે.

**શ્રાદ્ધવિધિ શાસ્ત્રમાં** કહ્યું છે કે **'પવયણવુઢ્ઢિકરં જિણદવ્વં'** દેવદ્રવ્ય એ પ્રવચનની વૃદ્ધિ કરનારું છે. 'એ શી રીતે ? એવો ત્યાં પ્રશ્ન ઊઠાવી જવાબ કર્યો છે કે દેવદ્રવ્ય સારું હોય એટલે એના લીધે ત્યાં મહા પૂજાદિ થાય; એ નિમિત્તે ચારે બાજુનો સંઘ એકત્રિત્ત થાય, આચાર્ય આદિ આવે એ ઉપદેશ આપે અને એથી શ્રોતાઓમાં સંવેગ વૈરાગ્ય વધી સમ્યગ્દર્શન દેશવિરતિ વગેરેની પ્રાપ્તિ થાય; આ જ પ્રવચનવૃદ્ધિ એને કરનારું મૂળમાં દેવદ્રવ્ય છે.

**બસ, દેવદ્રવ્યમાં લાભ તરીકે**

(૧) પરમપાત્રમાં સ્વદ્રવ્યનો વિનિયોગ-સ્થાપન વાવેતર.

(૨) કૃતજ્ઞતાનું પાલન, તથા

(૩) પરંપરાએ પ્રવચનવૃદ્ધિ, લોકોમાં ધર્મવૃદ્ધિ અને ભાવોલ્લાસ તથા શુભ અધ્યવસાયનું ઉત્પાદન. અને

(૪) એ દ્વારા એ જીવોને પરભવે સદ્ગતિ આદિની પ્રાપ્તિ, આવા મહાન લાભ છે.

ત્યારે તો આજે દેખાય છે કે દેવદ્રવ્યના હિસાબે ગામેગામ જિનમંદિરો કેવા સુધરીને આલિશાન થઈ રહ્યા છે ! કેવા સુંદર નવા જિનમંદિરો બની રહ્યા છે ! મહાન આત્માઓએ લાખો કરોડોના ખર્ચે આબુ, રાણકપુર, તારંગા, વગેરેમાં કેટલા અદ્ભુત જિનમંદિરો પોતાના એકલાના ખર્ચે ઊભા કર્યા છે ! શા માટે એટલો બધો એમાં ખર્ચ ? એટલા જ માટે કે જીવો બોધિનું બીજ અર્થાત્ 'જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ અહોભાવ' પામે, જિનભક્તિ તથા સમ્યગ્દર્શનાદિ પામે. **પ્રશ્ન થાય :-**

**પ્ર.**- માત્ર એકેક દેરાસર પાછળ એટલો બધો ખર્ચ શા માટે ? કહે છે. રાણકપુરનું મંદિર બંધાવવામાં ૯૯ કરોડ રૂપિયા ખર્ચ્યા એ કાળે તો સસ્તુ બહુ, તેથી રૂા. ૧-૧ લાખમાં મંદિર બને, તો એવા ૯૯૦૦ જિનમંદિરો બનાવી શકતે ને ?

**ઉ.**- આ પટેલશાહી ઉપરચોટિયો હિસાબ છે. વાત સાચી ૯૯૦૦ બંધાવી શક્તે પરંતુ એમાંનું એકે ય એટલું વિશાળ, એવું આકર્ષણ ન થાત, તેમજ બધાય ૨૦૦-૩૦૦ વર્ષે જીર્ણ-શીર્ણ ખંડિયેર બન્યા હોત. ત્યારે રાણકપુરનું એક મંદિર આજે લગભગ ૬૦૦ વર્ષ થયા એમજ અખંડ ઊભું છે, વિશાળ છે, અત્યંત આકર્ષણ છે, ઊભણી ઊંચી, ત્રણ મજલા, ગોખ ઝરુખા મંડપો, તોરણો, ૧૪૪૪ થાંભલા, ૮૪ ભોંયરા, નકસીકામ, પુતળિયો વગેરે વગેરે કેટલું ય એમાં છે એ જૈનેતરોને પણ 'ઓહો !' કરાવે છે. એની આગળ દુનિયામાં પ્રસિદ્ધ ગણાતો તાજમહાલ પણ એની વિસાતમાં નથી.





**બર્નાર્ડ શોને અફસોસી :-**

બર્નાર્ડ શો જગપ્રસિદ્ધ નાટ્યકાર વિલાયતથી અહીં હિન્દુસ્તાન જોવા આવેલ ઘણું જોયું, પછી પાછા ફરતાં મુંબઈમાં મોતીચંદ કાપડિયા સોલિસિટર એને મળ્યા, પૂછ્યું 'આબુ રાણકપુરના જિનમંદિરો જોયાં ?' બર્નાર્ડ શોએ 'ના' કહેતા, મંદિરના ફોટા બતાવી કાપડિયા કહે છે, 'પધારો એ જોવા માટે,'

ત્યારે બર્નાર્ડ શો કહે છે, 'અહો ! આટલા બધા અદ્ભુત જિનમંદિરો છે ! મને ખબર નહિ, નહિતર પહેલાં હું આજ જોત, અરે ! આની આગળ તો બીજું ન જોવાત તો ય ચાલત. અફસોસ કે મને કોઈએ આ ચિંધ્યા જ નહિ ! ને હવે મારે જવાનું નક્કી થઈ ગયું છે, ને રોકાવા સમય નથી તેથી લાચાર, આ જોઈ શકતો નથી. પણ ફરીથી આવીશ ત્યારે આ પહેલું જોઈશ,'

બર્નાર્ડ શો જોયા વિના ગયા, પણ દિલમાં હિન્દુસ્તાનનું બીજું જોયેલું નગણ્ય ગણી આ મંદિરો માટેનો ભાવ ભરતો ગયો.

**એક જ મંદિર પાછળ અઢળક ખર્ચ કર્યાનો શો લાભ ?** તો કે આ લાભ કે જૈનેતરના પણ દિલમાં જૈનધર્મ તરફ અહોભાવ જગાડી દે; તે ય સેંકડો વરસ સુધી લાખો લોકોના દિલમાં બોધિબીજનું વાવેતર કરી દે દેવદ્રવ્યની વૃદ્ધિ આમાં પણ ઉપયોગી થાય છે, અને જૈનોને ય ભાવોલ્લાસ તથા વૈરાગ્ય આદિ કરાવનારું બને છે. અરિહંતની ભક્તિનો આ ૨જો પ્રકાર.

## • અર્હદ્ભક્તિનો ૩જો પ્રકાર તીર્થયાત્રા •

**તીર્થયાત્રાના ૪ મહાન લાભ :-**

રાજા દેવપાળ આદિ સપર્ષદા આગળ કેવળજ્ઞાની દમસાર મહર્ષિએ જિનભક્તિના પાંચ પ્રકારમાં (૧) પુષ્પાદિપૂજા, ને (૨) દેવદ્રવ્યની વૃદ્ધિ, પછી (૩) ત્રીજા પ્રકારમાં તીર્થયાત્રા કરવાનું ફરમાવ્યું. તીર્થયાત્રાના મહાન લાભમાં શાસ્ત્ર કહે છે,-

**श्री तीर्थपान्थरजसा विरजी भवन्ति, तीर्थेषु बम्भ्रमणतो न भवे भ्रमन्ति ।**
**पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः द्रव्यव्ययादिह नराः स्थिरसंपदः स्युः ॥**

**તીર્થમાર્ગની રજથી કર્મરજ ઊડે :-**

અર્થાત્ છ'રિ' પાળીને તીર્થયાત્રાએ ચાલતા જાય એમાં પૂર્વના યાત્રિકો એ રસ્તે ગયા હોય એ તીર્થ ભેટવાની શુભ ભાવના, અરિહંતનું સ્મરણ તથા બ્રહ્મચર્યાદિનું

પાલન કરતા કરતા ગયા હોય એટલે એમના ચરણથી એ રસ્તે સ્પર્શાયેલી રસ્તાની ધૂળ પણ પવિત્ર બની હોય, એ રજને સ્પર્શતાં સ્પર્શતાં જવાય એટલે જનાર યાત્રિકો કર્મરજથી મુક્ત થતા જાય છે. કહ્યું,-

**'એકેક ડગલું ભરે, ગિરિસન્મુખ ઉજમાળ,'**

**કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાળ.'** પૂછે છે,-

**પ્ર.**- ગામના દેરાસરે પૂજાભક્તિ કરીએ તો ન ચાલે ? તીર્થે જવાથી શું વિશેષ ? ભગવાન તો બધે સરખા છે.

ઉ.- વિશેષ આ છે કે તીર્થે જતાં ઘરેથી નીકળ્યા ત્યારથી વિશિષ્ટ કોટિના ભાવોલ્લાસ હોય છે એ અનુભવસિદ્ધ છે. એમાં વળી શ્રી શત્રુંજય ગિરિરાજ ભેટવા નીકળ્યા એટલે તો જે ભાવોલ્લાસ હોય છે, તે એટલો બધો અશુભભાવોની સામે પ્રબળ દાવાનળ જેવો હોય છે કે એ હજારો કરોડ ભવોના પાપ ડગલે ડગલે બાળી ભસ્મસાત્ કરી નાખે. બાકી શત્રુંજયની જેમ બીજા તીર્થ ફરવા જતાં અલબત આટલા ઊંચા ભાવ ન થાય એ બનવા જોગ છે, છતાં ગામ મંદિર કરતાં તો વિશિષ્ટ કોટિના ભાવોલ્લાસ પ્રવર્તે છે અને તેથી કેટલાય ભવોનાં પાપ ડગલે ડગલે નષ્ટ થતા રહે છે.

સવાલ થાય કે 'પણ એ કર્મક્ષય તો ભાવોલ્લાસથી ને ? એમાં પૂર્વ યાત્રિકોથી સ્પર્શાયેલ માર્ગરજથી કર્મક્ષય ક્યાં થયો ?'

જવાબ આ છે કે એ રજનો એવો પ્રભાવ છે કે એના ઉપર ચાલતાં આ ભાવના થાય છે કે 'અહો ! અહીંથી ચાલીને ભવ્યાત્માઓ તીર્થ ભેટવા ગયેલા તે વળી કેવા કેવા મહાન પ્રભાવનાકારી સુકૃતો કરતા કરતા ગયેલ !' આ ભાવનામાં તીર્થ અને સુકૃતોની ભારોભાર અનુમોદના છે. એ ભાવના થવામાં એ રજનો પ્રભાવ છે. તેથી અહીં કહ્યું કે તીર્થપાન્થ-તીર્થયાત્રિકોથી વટાયેલી રજથી નવા યાત્રિકની કર્મરજ દૂર થાય છે વળી,-

**તીર્થયાત્રાથી ભવયાત્રા કેમ મીટે ? :-**

**(૨) તીર્થોમાં પ્રવાસ કરવાથી સંસારમાં પ્રવાસ કરવો પડતો નથી.**

કેવો ચમત્કારિક લાભ ! સંસારમાં ભ્રમણ તો ૮૪ લાખ યોનિઓમાં અપાર દુઃખ-ત્રાસ-વિટંબણાભર્યાં ભ્રમણ છે. એવા દુઃખદ જંગી ભ્રમણોનો અંત લાવવા માટે તો મોટા કષ્ટમય પુરુષાર્થ જોઈએ એના બદલે તીર્થોમાં ભ્રમણ જે અલ્પ કષ્ટવાળા છે, એનાથી ભવભ્રમણનો અંત થવાનું કહ્યું. એ ચમત્કાર જ છે ને ? ત્યારે પૂછો.

**યાત્રાના અલ્પ કષ્ટથી ભવનાં મહાકષ્ટ મીટે ? :-**



**પ્ર.**- અલ્પ કષ્ટવાળા તીર્થભ્રમણથી ભયંકર કષ્ટમય ભવભ્રમણ શી રીતે અટકે ?

ઉ.- આમાં એ જોવાનું છે કે ભયંકર ભવભ્રમણ શાના લીધે છે ? કહો, આત્માના મલિન ભાવને લીધે, એ ભાવને પોષનારી પાપપ્રવૃત્તિના લીધે, ઇન્દ્રિયો અને મનના વિષયસંગને લીધે, હવે જો આની સામે પવિત્ર ભાવ ઊભો કરાય, એવા ભાવને પોષનાર શુદ્ધ ધર્મયોગ એટલે કે ધર્મના વાણી-વિચાર-વર્તાવ આદરવામાં આવે તો એની તાકાત જબરદસ્ત છે.

થોડો પણ અગ્નિ મોટી ઘાસની ગંજી કે મોટી લાકડાની વખારને બાળી ભસ્મ કરી દે છે ને ? એમ મોહના ભાવ, કષાયોના ભાવ, વિષયાકર્ષણના ભાવ લાકડાની વખાર જેવા છે. એની સામે વીતરાગ પ્રભુ પ્રત્યેનો આકર્ષણભાવ, નમનભાવ, પૂજનનો, ભક્તિનો ભાવ એ અગ્નિની ચિનગારી જેવો છે. એ જ તારણહાર છે એવો શ્રદ્ધાભાવ એ અગ્નિ સમાન છે. ત્યારે તીર્થયાત્રાએ જઈ રહ્યા છીએ એ વીતરાગ પ્રભુ પ્રત્યેના આકર્ષણભાવથી, ને એ પ્રભુ જ તારણહાર, એમનો કહેલો માર્ગ જ તારણહાર, એવી શ્રદ્ધાથી જઈ રહ્યા છીએ. એક પળનો પણ આ શુભ ભાવ એ રાગ-દ્વેષ, મોહ, કામ-ક્રોધ-લોભ-મદ વગેરેની સામે અગ્નિ જેવો જબ્બર ભાવ છે. એટલું જ નહિ, પણ એ રાગાદિથી ઊભા કરેલા પાપના કાષ્ઠગંજની સામે ય અગ્નિસમાન છે. તેથી સહેજે આ શુભ ભાવમાં રાગાદિ મોળા પડે, અને પાપના ગંજ બળીને સાફ થાય.

રાગ દ્વેષાદિ મોળા પડે, એટલે નવાં ભવભ્રમણ ઓછાં ઊભાં થાય, ને પૂર્વના પાપગંજ બળતા જાય. એટલે સહજ છે કે અકબંધ પાપગંજથી સંભવિત ભવભ્રમણ પાપગંજ બળતાં કપાય. આમ અલ્પ કષ્ટવાળા પણ તીર્થભ્રમણથી ભયંકર પણ કષ્ટવાળા ભવભ્રમણ ઓછા થાય. યાત્રામાં પળે પળે એ અગ્નિ જેવા ઉત્તમ ભાવ રહે એટલે પગલે પગલે કોટિ સહસ્રભવનાં કાષ્ઠ જેવા પાપ બળીને સાફ થતા જાય. એટલે આ વાત છે કે તીર્થોમાં યાત્રા કરનારને ભવમાં યાને અમર્યાદિત ભવયાત્રામાં ભટકવું પડતું નથી.

**(૩) જગદીશને પૂજતાં પૂજ્ય થવાય એનું કારણ :-**

(૩) ત્રીજી વાત આ છે કે તીર્થમાં જગદીશ્વર જિનેશ્વર ભગવાનની પોતાના વિશિષ્ટ દ્રવ્યોથી પૂજા કરનાર પરિણામે પોતે જ જગતને પૂજ્ય બને છે. પૂછશો,-

**પ્ર.**- ભગવાનને પૂજતાં પૂજ્ય કેમ બનાતું હશે ?

ઉ.- આમ,

પૂજ્ય એટલે પરમાત્મા. પરમાત્મા બનાવનાર કોણ છે ? વીતરાગભાવ.

એ શી રીતે આવે ? રાગાદિ નષ્ટ થવાથી,

રાગાદિનો નાશ કેવી રીતે થાય ? પહેલાં તો એને ધક્કો લાગવો જોઈએ.

રાગાદિને જબ્બર ધક્કો શી રીતે લાગે ? તો કે વીતરાગ ભગવાન પ્રત્યેના આકર્ષણથી. ધ્યાન રાખવાનું છે કે 'વીતરાગદેવ શંખેશ્વર ભગવાન વગેરે બહુ સારા, કેમકે એમની પૂજાભક્તિથી સારાં ધન વગેરેનાં સુખ મળે છે.' એ કાંઈ વીતરાગ પ્રભુનું આકર્ષણ નથી, એ તો પૈસાદિ સુખનું આકર્ષણ છે. વીતરાગ પ્રભુનું આકર્ષણ તો એ કે પ્રભુમાં વીતરાગતા છે માટે આકર્ષણ થાય. આ વીતરાગતા પ્રત્યેના આકર્ષણથી સહેજે આપણા રાગદ્વેષાદિને ધક્કો લાગે.

જગદીશની પૂજા કરતાં આ આકર્ષણ પોષાય છે, સક્રિય બને છે, તેથી રાગાદિને ધક્કો લાગતાં ક્રમશઃ રાગાદિ ટાળવાના નષ્ટ કરવાના માર્ગે આગળ વધાય છે, ને અંતે એ સંપૂર્ણ નષ્ટ થતાં વીતરાગ જગત્પૂજ્ય બનાય છે, હવે અહીં સવાલ થાય,

**તીર્થે જઈ પ્રભુને પૂજતાં લાભ વધુ કેમ ? :-**

**પ્ર.**- જગદીશને પૂજવાનું તો ગામના દેરાસરમાં ય બની શકે છે, તો પછી તીર્થયાત્રાએ જગદીશ-પૂજાની શી વિશેષતા ?

**ઉ.**- વિશેષતા એ, કે દા.ત. કોઈ સારો મોટો માણસ આપણા ઘરની પાડોશમાં આવતો હોય, ને આપણને એને ત્યાં જઈ પ્રણામ કરી કુશળ પૂછીએ, એના કરતાં આપણે દૂર એના ઘેર યા ગામ જઈ પ્રણામ-કુશળપૃચ્છા-ભેટણું વગેરે કરીએ એમાં આપણાં દિલમાં ભાવ પેલા કરતાં અનેરા જાગે કે નહિ ? જાગે છે એ અનુભવસિદ્ધ છે. બસ, એ રીતે ગામમાં ને ગામમાં દેરાસરે પૂજા જે કરીએ એમાં જે ભાવ જાગે એના કરતાં તીર્થયાત્રાએ જઈએ અને ત્યાં ભગવાનની પૂજા-ભક્તિ કરીએ એમાં અનેરા ભાવોલ્લાસ જાગે એમાં નવાઈ નથી.

ત્યારે ભક્તિના અનેરા ભાવથી જીતવાનું છે એ ન ભૂલશો. કારણ,

**આત્માની શુદ્ધ અવસ્થા એટલે શું છે ?**

દયા-દાન-શીલ-તપસ્યા-દર્શનપૂજા વગેરેમાં શરીર લાગેલું હોય એ ? ના, એ તો અભવી ભવાભિનંદી જીવે ય અવસરે બહુ લગાડે છે, છતાં એનો આત્મા શુદ્ધ નથી થતો. આત્માની શુદ્ધતા એ, કે એમાં રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભ વગેરે મલિન ભાવો ન હોય. અલબત દયા-દાનાદિ ક્રિયા એનું સાધન છે, પણ અભવી જેવાને એવું સાધન બનાવતા આવડતું નથી. એ તો એ ક્રિયાને ઊલટું રાગાદિભાવોને પુષ્ટ કરવાનું સાધન બનાવે છે. પછી આત્માની શુદ્ધતા કયાંથી થાય ?

**આત્માની શુદ્ધતા મલિન રાગાદિભાવોના નિકાલ પર થાય.**

**એ નિકાલ દિલમાં વીતરાગભક્તિના અનેરા ભાવ જાગે-રમે એનાથી થાય.**



ગણધર ગૌતમ મહારાજને તો વીતરાગ વીર પ્રભુ પર અથાગ ભક્તિ હતી જ, પરંતુ નવ ગણધરના દિલમાં ભક્તિભાવ કેટલો ઊછળ્યો હશે કે એમણે ગૌતમ સુધર્મા સ્વામી કરતાં રાગાદિ ભાવોનો નિકાલ વહેલો કરી નાખ્યો ને પોતાના આત્માને વહેલો શુદ્ધ વીતરાગ પરમાત્મા બનાવી દીધો !

વીતરાગ પરમાત્મા પ્રત્યેના અનેરા ભક્તિભાવથી આ રાગાદિનો નિકાલ તથા આત્માની શુદ્ધતા બની આવે છે, અને ગામના મંદિર કરતાં તીર્થધામમાં જઈ ભક્તિ કરવાથી અનેરો ભાવોલ્લાસ જાગે છે, એ અનુભવ કહે છે.

**તીર્થનું આખું વાતાવરણ જ એને અનુકૂળ હોઈ એવા અનેરા ભાવ જાગે એમાં નવાઈ નથી.**

**મન પર ઘરસંસારના ભાર નહિ, તેથી પણ અનેરા ભાવ :-**

આમાં એ પણ કારણ છે કે ગામના દેરાસરે ગયા ત્યારે મન પર ઘર-દુકાનની સંભાળના ભાર છે, ને એ ભાર મનને પૂજામાં એટલું ભળવા નથી દેતું, એટલો ભાવ નથી ઊછળવા દેતા. ત્યારે તીર્થયાત્રાએ ગયા ત્યાં તો ઘર દુકાનની સંભાળના ભાર મૂકીને ગયા છીએ એટલે સહેજે પૂજામાં ભાવોલ્લાસ વિશિષ્ટ કોટિના ઊછળતા હોય છે.

મૂળમાં વાત આ છે કે વીતરાગ જગદીશને પૂજતા પૂજ્ય વીતરાગ પરમાત્મા બનાય છે. દેવપાલ એથી જ એવા પૂજ્ય બનવાના છે, અત્યારે કેવળજ્ઞાની ભગવંતની દેશનામાં આ સાંભળી રહ્યા છે. દિલમાં વીતરાગ ભગવાન પ્રત્યે ભક્તિ તો છે જ, એથી આ સાંભળતા દિલ ઊછળી રહ્યું છે. મનને એમ થાય છે કે 'અહો ! તીર્થયાત્રાના આવા મહાન લાભ ! તીર્થોમાં ભમતાં ભવમાં ભમવાનું મટે ? તીર્થમાં વીતરાગ ભગવાનને પૂજતાં પૂજ્ય પરમાત્મા બનાય ? તો હવે હું કયારે આ તીર્થયાત્રાનો લાભ ઊઠાવું !'

**(૪) તીર્થયાત્રામાં સંપત્તિ વ્યયથી અક્ષય સંપત્તિ :-**

તીર્થયાત્રાના લાભમાં ચોથી વાત આ બતાવી, આમાં ધનનો વ્યય કરવાથી જીવ સ્થિર સંપત્તિ પામે છે.

**પ્ર.**- ખર્ચ કરે એટલે તો સંપત્તિ પૈસા જાય, તો પછી સંપત્તિ સ્થિર થવાનો શી રીતે બને ?

ઉ.- આ બે રીતે બને,-

(૧) એક તો તીર્થયાત્રામાં ભાવોલ્લાસ અનેરા છે. એમાં સંસારની વિષય-કષાયની આગોમાંથી બહાર નીકળવાનું મળ્યું છે, સારો ધનવ્યય કરાય છે, આલંબનો નિમિત્તો અને ભાવનાઓ સતત સારા રહ્યા કરે છે, એટલે અતિ ઉગ્ર-ઉત્કટ શુભ

અધ્યવસાયમાં રમવાનું થાય. એથી ઉગ્ર પુણ્ય-પાપનું ફળ પહેલું તો અહીં જ મળે છે. આ હિસાબે એ ઉગ્ર પુણ્યનો અહીં ઉદય થવાથી સારી સંપત્તિ પ્રાપ્ત થાય. વળી એમાંથી આવા તીર્થયાત્રાદિના સદ્વ્યયથી પુણ્ય વધતું જાય સંપત્તિ વધતી જાય, એ રીતે (i) અહીં સંપત્તિ સ્થિર બને તેમજ (ii) પરભવે અહીંનાં પુણ્યથી સંપત્તિભર્યો અવતાર મળે, એટલે ત્યાં પણ સ્થિર સંપત્તિ થાય. આમાં એક વસ્તુ ખાસ, કે સમગ્ર યાત્રા અને સદ્વ્યયમાં નિરાશંસભાવ અખંડ રહેવો જોઈએ.

(૨) બીજી રીતે સ્થિર સંપત્તિ આ, કે તીર્થયાત્રામાં જિનેશ્વર ભગવાનનાં ચરણે સંપત્તિ સ્થાપવાથી ફળ અંગે પંચાશક શાસ્ત્ર કહે છે, જેમ સમુદ્રમાં નાખેલ એક પાણીનું ટીપું અક્ષય થઈ જાય એમ જિનચરણે સ્થાપેલી અલ્પ પણ લક્ષ્મી અક્ષય લક્ષ્મી બને છે. આ અક્ષય લક્ષ્મીમાં શુભભાવની વીતરાગ બનવા સુધી અખંડ ધારા ચાલે, મોક્ષ પામવા સુધી પુણ્યાનુબંધી પુણ્યની અખંડ ધારા ચાલે, અને આત્માની ભાવલક્ષ્મી-ભાવસંપત્તિ દર્શન-જ્ઞાનની ધારા એ અનંત દર્શન અનંત જ્ઞાન થવા સુધી વધતા ચાલે.

**પૂજામાં નિરાશંસભાવ ન ભૂલો :-**

સામાન્ય રોજની જિનભક્તિમાં શાસ્ત્ર આ ફળ બતાવે છે, તો પછી તીર્થયાત્રામાં જિનભક્તિ કરાતા દ્રવ્યવ્યયનું તો પૂછવું જ શું ? રોજની ભક્તિથી કદાચ ધીમા વેગે કાર્ય થતું હોય તો તીર્થયાત્રાના દ્રવ્યવ્યયથી ઝડપી વેગે અક્ષય લક્ષ્મી બનવાનું કાર્ય થાય. ફક્ત આમાં નિરાશંસભાવ નહિ ભૂલવાનો. દુનિયાનું લેશ પણ માન-કીર્તિ-પ્રતિષ્ઠા કે દુન્યવી સંપત્તિની જરાપણ સ્પૃહા જ નહિ. તો જ એ તીર્થયાત્રાનો સદ્વ્યય સ્થિર સંપત્તિ અક્ષય લક્ષ્મી સાધી આપનારો બને,- નહિતર તો પૌદ્ગલિક વસ્તુની આશંસા-અભિલાષાથી સાધના કરવા જતાં, એના મોહના કુસંસ્કાર દૃઢ થાય, તેમજ શુદ્ધ નિઃસ્વાર્થ ભક્તિભાવનો ફોર્સ જ ન રહે. એથી એવું જોરદાર પુણ્ય પણ ન ઊભું થાય અને થોડું ઘણું પુણ્ય ઊભું થાય, તેમાં ય ભવિષ્ય માટે પેલા કુસંસ્કાર જ આગળ થાય.

બાકી નિરાશંસભાવ અને ઊછળતો ભક્તિભાવ રાખી ભક્તિમાં થોડો પણ દ્રવ્યવ્યય કર્યો હોય તો એમાંથી કેવી રીતે અક્ષય લક્ષ્મી ઊભી થાય છે એનો દાખલો મહારાજા કુમારપાળના જીવનમાં જોવા મળે છે. પૂર્વભવે નિર્ધન સ્થિતિમાં એમણે માત્ર પાંચ કોડીના ફૂલ ભગવાનના ચરણે ચડાવેલા, એમાંથી કામ આગળ વધતાં અહીં કુમારપાળ ૧૮ દેશના મોટા સમ્રાટ રાજાપણું પામેલા છતાં આદર્શ શ્રાવક બન્યા, અને હવે આગળ ગણધર થઈ મોક્ષે જવાના. તીર્થયાત્રામાં આ આદર્શ સામે રાખી દ્રવ્યવ્યય કરાય એ સ્થિર સંપત્તિ લાવનાર બને છે.



કેવળજ્ઞાની દમસાર મહર્ષિએ દેવપાલરાજા આદિ સભા આગળ પાંચ પ્રકારની ભક્તિ બતાવી એમાં પુષ્પાદિથી પૂજા, દેવદ્રવ્યની વૃદ્ધિ અને તીર્થયાત્રાની વાત થઈ હવે,

**(૪) ચોથો પ્રકાર મહોત્સવાદિની વાત :-**

અરિહંત પરમાત્માની ભક્તિ કરી આ દુર્લભ માનવજીવનને સફળ કરવું છે, તો પરમાત્માનો ભક્તિ-મહોત્સવ એ એક સુંદર કોટિનું મહાન કર્તવ્ય છે. એથી ભક્તિ-મહોત્સવ કરનાર પોતાને અને બીજા અનેક અરિહંત-ભક્તોને લાભ મળે છે, ઉપરાંત જૈનેતર વર્ગને પણ જૈનધર્મ તરફ આકર્ષણ થવાનો લાભ પ્રાપ્ત થાય છે. અલબત મહોત્સવ મહાન ઉત્સવના રૂપમાં જોઈએ. મહાન ઉત્સવ દીકરા-દીકરીના લગનનો ઉજવો છો ને ? રાજાને ત્યાં પુત્રનો જન્મ થાય તો મોટો જન્મોત્સવ ઊજવે છે ને ? દેશને કોઈ મહાન આફત ટળે તો ઉત્સવ ઉજવાય છે ? આવો કંઈક ખ્યાલ રાખી ઉજવણી થાય તો એ મહાન ઉત્સવના રૂપમાં ઉજવાય. માત્ર ભગવાનને રૂપેરી પાનાં છાપ્યાં, અને ભોજક પૂજા ભણાવી ગયો એટલેથી ન ચાલે. એમાં જૈનોના દિલમાં કયા ભક્તિભાવ ઊછળ્યા ? ને જૈનેતરને જૈન ધર્મ પ્રત્યે કયા આકર્ષણ ઊભા થયા ?

**મહાન ઉત્સવમાં શું શું જોઈએ ? :-**

મહાન ઉત્સવ તો એ, કે જેમાં પ્રભુની અનેરી ભક્તિ જોવા લોકોની ઠઠ ઊભરાય. એમ તો આજે કેટલીક વાર ઠઠ ઊભરાય છે, પરંતુ એ તો બે વાગે પૂજા શરૂ થઈ હોય અને સાડા ચારે પ્રભાવના શરૂ થવાની હોય તો ચાર વાગે ઠઠ ભરાય છે. કેમ ? પ્રભાવના જ લેવી છે ને ? ભક્તિ જોવાની નહિ. ભક્તિમાં શું હોય તે જોવા આવે ? જોવાનું હોય તો તો બે વાગ્યાથી ઠઠ ન ભરાય ? એ વખતે લોકોનું શું કામ હોય છે ? ભક્તિ માટે તો વાજિંત્રના ઠાઠ હોય, ભક્તિમંડળના ગીત-નૃત્ય અને વિવિધ ડાંડિયા-રાસ-તાલ હોય, ઈન્દ્રો-દિક્કુમારીઓના ભક્તિપ્રસંગો હોય, સંગીતકાર વળી બધાને તાનમાં ચડાવી ઝીલાવતા હોય, તાલી-કાંસી-મંજિરા-ખંજરી વગેરેના રંગ જામતા હોય, તો લોકોને ભક્તિનું કાંક જોવા મળે.

બહાર પ્રભાવના પણ કોને ? માત્ર જૈનોને ? ના, જૈનેતરોને પણ. ગોળ-સાકરના કે એવા કોઈક પડિકા ત્યાંથી રસ્તે જનારને પણ અપાતાં હોય, પેલા પૂછે ? શું છે ? શાનાં આ પડિકા ? તો કહેવાય કે 'આ તો અમારા પારસનાથ ભગવાનની પૂજાની ખુશાલી છે.' તો પડિકાં લઈ જનાર પણ વિચારે 'અહો ! આ કેવા મહાન પારસનાથ ભગવાન કે એમની આ રીતે પૂજા ભક્તિ થાય છે ! આ લોકોનો ધર્મ કેટલો ઊંચો ! એમના ધર્મમાં આ ઉદારતા કેવી !'

**'શાસનપ્રભાવના' નો અર્થ જ આ છે કે જૈનેતરના દિલમાં જિનશાસનની પ્રત્યે પ્રકૃષ્ટ ભાવના થાય.**

**'પ્રકૃષ્ટ ભાવના' એટલે** શાસનની પ્રકૃષ્ટતાની ઉત્કૃષ્ટતાની ભાવના. ત્રાહિતને એમ લાગે કે 'વાહ ! કેવું ઉત્કૃષ્ટ જિનશાસન !' એવો ભક્તિરંગ જોઈ અને પ્રભાવના લઈને જાય તે રસ્તે જતાં અરસપરસ વાતો કરે, 'વાહ ભાઈ ! આ લોકોનો ધર્મ ખરો છે !'

વળી મંદિરમાં ડેકોરેશન-શણગાર અદ્ભુત કરાયો હોય, ભગવાનની આંગીરચના અદ્ભુત બની હોય, પ્રભુની પાછળ ભવ્ય પિછવાઈ, અને આગળ કોઈ ફૂલવાડી, યા કોઈ રથ હાથી ઘોડાના દેખાવ કરાયા હોય, મોટા સમવસરણનો ઘાટ બનાયો હોય.

મહોત્સવ એટલે વહેલી સવારે ૦ાા-૧ કલાકના એવાં પ્રભાત-ગીતોનો વાજિંત્રના નાદ સાથે કાર્યક્રમ હોય ને એમાં એવી રંગત જામતી હોય કે લોકો ચાહીને એનો લાભ લેવા દોડી આવે. સાંજની ભાવના પણ રંગતવાળી જામતી હોય તે લોકોની ઠઠ ભરાય. જિનમંદિરની બહાર મજેના મંડપ ઘાલ્યા હોય, મંડપમાં અનેરા શણગાર બનાયા હોય. રસ્તા પર બે બાજુએ ધજા-પતાકા-તોરણ-કમાન-દરવાજા વગેરે વગેરે એવું જમાવ્યું હોય કે લોકોને મહાન ઉત્સવની ઝાંખી થાય.

આમાં સાથે અનુકંપા દાન તો ખાસ રાખ્યું હોય એથી એક મહાન લાભ એ કે દાન લઈ જનાર જૈન ધર્મનું 'ઓહો' ગાય, જૈનધર્મનું વાંકુ ન બોલે. નહિતર તો એમને એમ થાય કે 'લ્યો જુઓ આ લોકોનો ધર્મ ? અહીં અમે ભૂખે મરીએ છીએ અને આમને સંપત્તિનાં આવાં પ્રદર્શન કરવાં છે !' એમ બીજાઓને પણ, સમસ્ત જીવો માટેનું કલ્યાણભૂત જિનશાસન, એના પ્રત્યે ઘૃણા થવામાં નિમિત્ત બનવાનું થાય. પૂજા મહોત્સવનો ઠઠારો મોટો ને ઈતરોને અનુકંપા દાન દેવાની વાત નહિ, એટલે આજના કાળે પેલા ઈર્ષ્યાના માર્યા આવી ધર્મઘૃણા કરે છે.

ત્યારે, એ સમજી રાખો કે,

**જૈનધર્મ પર ઘૃણા એ જીવને દુર્લભબોધિ બનાવે છે.**

**'દુર્લભબોધિ'** એટલે જૈનધર્મ પામવો દુર્લભ બની જાય તે અહીં જ નહિ, પરલોકમાં પણ એને બિચારાને જૈનધર્મ દુર્લભ બને. આપણે માનીએ કે 'હું ધર્મ કરું છું,' અને ત્યાં જો બીજાને દુર્લભબોધિ બનાવવાનું થાય તો આપણી એ ધર્મસાધના બીજાના માટે અકલ્યાણ કરનારી બની. ત્યારે, એ અકલ્યાણમાં નિમિત્ત બનનાર આપણે કેવું પાપ પામીએ ? ધર્મ કરવો અને ગુમાવવું ? શાની ખાતર ? ઉચિત દાનની ખામી ખાતર.



આજે વખત ઓળખવાની જરૂર છે, શ્રદ્ધાનો યુગ લગભગ ઓસરી ગયો; બુદ્ધિનો યુગ આવી લાગ્યો છે. શ્રદ્ધાથી નથી જોવું, બુદ્ધિ ને તે પણ ઉપરછલકી બુદ્ધિ લડાવવી છે. એવી પણ બુદ્ધિને ધર્મની અસર કરી જાય એવું જો કરવામાં આવે તો એ માણસો ધર્મ પ્રત્યે આકર્ષાય.

આજે એવા શેઠિયા છે કે જે ધર્મમાં બે પૈસા ખર્ચે છે, પણ સાથે દિવાળી આવતાં પોતાના ગુમાસ્તાઓને એક ને બદલે ત્રણ મહિનાનું બોનસ આપે છે. એમ વચગાળે મોકો આવતાં તેલ અનાજ કે કાપડ અપાવી દે છે. આ પ્રમાણે એ ગુમાસ્તા પામ્યા હોય તો શેઠના ધર્મકાર્યની કેટલી બધી અનુમોદના કરે ? અને આ જો ન હોય, તો એ ગુમાસ્તા અસહ્ય મોઘવારીના માર્યા કેવા દુભાય ? શેઠના ધર્મ પ્રત્યે કેવા અભાવવાળા થાય ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૩૧,તા.૧૯-૪-૧૯૭૫**

**મહોત્સવ એ પરમાત્માની ભક્તિ છે. પરંતુ પરમાત્માના ધર્મપ્રત્યે બીજાને અભાવ કરાવનારો ન બને તો એ પ્રભુભક્તિ.**

**ધર્મવિનિયોગનું મહાન ફળ :-**

બાકી તો બીજાઓને જૈનધર્મ પ્રત્યે માન ઊભું કરાવે એવા જિનભક્તિ-મહોત્સવની બલિહારી છે. એનાથી મહોત્સવ કરનારને એવું પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થાય છે કે જેથી ભવાંતરે ધર્મ બહુ સુલભ બને છે. ધર્મની આપણે સિદ્ધિ કરી એના ઉપરાંત બીજાઓમાં ધર્મનો વિનિયોગ કરીએ એનું મૂલ્ય બહુ ઊંચું. યોગવિંશિકાની ટીકામાં ઉપાધ્યાયજી મહારાજે આ વિનિયોગનું ઊંચું મહત્ત્વ ગાયું છે. માટે આ ખાસ ધ્યાન રાખવાનું કે આપણે જ્યાં જ્યાં મોકો મળે ત્યાં ત્યાં બીજાને ધર્મભાવના આપીએ, ધર્મપ્રવૃત્તિમાં જોડીએ.

**(૫) જિનાજ્ઞાપાલન એ ભક્તિ :-**

કેવળજ્ઞાની ભગવંતે પાંચ પ્રકારની અરિહંતભક્તિમાં પાંચમો પ્રકાર આ બતાવ્યો કે અરિહંતની આજ્ઞાનું પાલન કરવું. અરિહંતની આજ્ઞા એટલે જિનની આજ્ઞા, જિનાજ્ઞાપાલન એ જિનની શ્રેષ્ઠ ભક્તિ છે. વીતરાગસ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજે કહ્યું,-

**वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥**

હે વીતરાગ પરમાત્મા ! તમારી પૂજા કરતાં તમારી આજ્ઞાનું પાલન ચડિયાતું

છે. (કેમકે) આજ્ઞાની આરાધના મોક્ષ માટે થાય છે, ને વિરાધના ભવ-ભ્રમણ માટે બને છે. એટલે ? આ સૂચવ્યું કે કદાચ શક્તિ-સંયોગ ન હોય ને પોતાનું દ્રવ્ય અર્પી પૂજા ન કરી શક્યો તો સંસારની એવી વૃદ્ધિ જ થાય એવો નિયમ નહિ, પરંતુ જિનાજ્ઞાનો સ્વીકાર ન કરે ને જિનવચનથી વિપરીત માર્ગે તણાઈ જાય તો ભવનાં ભ્રમણ વધી જાય.

ત્યારે જિનેશ્વરદેવની પૂજાભક્તિ મોટા ખર્ચથી કરે પણ જિનાજ્ઞાની વફાદારી માથે ન રાખે તો એ પૂજા એળે જાય, ભવના ફેરા ટાળનારી ન બને, 'પરંતુ કદાચ એવા ખર્ચથી પૂજાભક્તિ નથી કરી શકતો છતાં જિનાજ્ઞાની આરાધના કરે, જિનાજ્ઞાનો સ્વીકાર અને યથાશક્તિ પાલન કરે, તો ભવના ફેરા કપાય અને મોક્ષ નિકટ થાય.'

આમ, જિનાજ્ઞાની આરાધનાનું પૂજા-ભક્તિ કરતાં ઊંચું મહત્ત્વ છે એટલે જ શ્રેણિક અને કૃષ્ણ મહારાજ જેવા રાજ્યપાટના કારભાર, મોટા ખજાનાની હુંફ, અને રાણીઓ વગેરેના વિલાસમાં ખૂંચેલા હતા, પરંતુ તીર્થંકર ભગવાનની વાણી પ્રત્યે અનહદ રાગ અને વફાદારી સાથે એ જિનવચનને જ સારભૂત ને તારણહાર માનનારા હતા, તો એમણે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ કર્યું, ભવની પરંપરા કાપી નાખી, અને ઠેઠ તીર્થંકર નામ કર્મનું પુણ્ય ઉપાર્જવા સુધી પહોંચી ગયા.

**ગૌતમને જિનવાણીનો રંગ :-**

ગૌતમ ઈન્દ્રભૂતિ બ્રાહ્મણે ભગવાન મહાવીરસ્વામી પાસેથી પોતાના મનના સંશયનું ભવ્ય નિરાકરણ મેળવ્યું, તો ભગવાનનાં વચન પર એમને એટલી બધી શ્રદ્ધા ઊભી થઈ કે હવે એ ગૌતમે જિનવચનનું સર્વેસર્વા પાલન કરવા માટે આખો સંસાર છોડ્યો ! મિથ્યાત્વ તો ન રાખ્યું, મિથ્યા યજ્ઞાદિનો ધર્મ તો ન રાખ્યો, ચારિત્ર લઈને પ્રભુના ચરણે બેસી ગયા. તો પછી કેટલું પામ્યા ? ત્રિપદી પરથી દ્વાદશાંગીના રચનારા બન્યા, ચાર જ્ઞાનના ધણી થયા, અને અંતે કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ તરીકે વિચરીને મોક્ષે પધાર્યા. કદાચ સારા શ્રાવક બનીને ઘરવાસમાં ભગવાનની ઠાઠથી પૂજાભક્તિ કરનારા બન્યા હોત તો આમાનાં શું પામી શક્ત ? અને જિનવચનનો સ્વીકાર કરી એનું જ પાલન કરવામાં ઝુકાવ્યું તો કેટકેટલું ઊંચું પામ્યા ?

**જિનાજ્ઞાપાલન એ સર્વોચ્ચ ભક્તિ છે.**

એ સમજ ઉપર જ શાલિભદ્ર-ધનાજી જેવાએ મહાસંપત્તિ-વૈભવભર્યો સંસાર અને વહાલસોયી માતા તથા પત્નીઓ છોડી જિનાજ્ઞાપાલન માટે સંયમજીવન સ્વીકારી લેનારા બન્યા. એના પર કેટલો બધો આદર ! કે જિનાજ્ઞા કહે છે કે 'આ મોંઘેરી માનવકાયા ઉગ્ર ઘોર વીર ત્યાગ-તપ-પરીસહના કષ્ટ સહવા માટે અને એ દ્વારા અનંતકાળથી ચાલી આવતી કર્મ વિટંબણાનો અંત લાવવા માટે છે,' તો હવે એની



અણમોલ તક આ સંયમજીવનમાં હાથ લાગી છે માટે એને સફળ કરો. આ આદર ઉપર હોંશે હોંશે કાયા ઉપર ત્યાગ તપ-પરીસહનાં ભારે કષ્ટ ઉઠાવ્યા, તે એવાં કે કાયાને હાડપિંજર શી કરી એને વૈભારગિરિ ઉપર વોસિરાવી દીધી. દિવસોના દિવસો કાયાને લેશ પણ ન હલાવી ન ચલાવી કારણ કે એમાં જિનાજ્ઞાનું મહાન પાલન હતું, અને એ પાલનમાં એમને અતિશય ઉછરંગ હતો.

**આજ્ઞાનો સ્વીકાર એટલે ? :-**

આપણાથી આટલું બધું ન બને તો પણ આવી જિનાજ્ઞાનો સ્વીકાર તો બની શકે ને ? સ્વીકાર એટલે ? એ જ કે મનને ફિટ બેસી ગયું હોય કે 'આવું કરવાની જિનાજ્ઞા જ પાળવા જેવી છે, એથી આવું જ કરવા જેવું છે. જો આ સ્વીકાર હોય તો પછી પોતાનું ખાવા-પીવાનું ને બીજી મોજમજાહ કડવી ઝેર જેવી લાગે. આ પણ અઘરું છે ? આમાં ખાવા-પીવાનું છોડવાની વાત નથી, માત્ર મનને એ અકારું લગાડવાની વાત છે. એ ય જો નથી લગાડવું તો ભગવાનનાં વચનનો સ્વીકાર પણ ક્યાં રહ્યો ? કહે છે,-

**મીઠા વિલાસ ઝેરરૂપ શી રીતે લાગે ? :-**

**પ્ર.**- અનંત અનંતકાળથી ખાન-પાન-મોજમજાહ વિલાસ મીઠા માનેલા તે એકદમ ઝેર જેવા શી રીતે લાગે ?

**ઉ.**- લાગે, ભગવાનના વચન પર મદાર બાંધો તો ખાનપાન જરૂર ઝેરરૂપ લાગે. લોકનાં વચન પર અને જાતના ફુટકળિયા ભ્રાન્ત અનુભવ ઉપર તો અનંતકાળ મદાર બાંધ્યા, હવે અવસર મળ્યો છે તો એ મદાર પડતા મૂકી જિનવચન પર મદાર બાંધવાનો. એ જ સાચાં, એ જ હિતકર એમ દિલને હાડોહાડ લગાડી દેવાનું. વળી મહાપુરુષોએ એ મીઠાં ખાનપાન-રંગરાગ વિલાસને ઝેરરૂપ લેખી પડતા મૂક્યા, એનું આલંબન લેવાય તો પછી ઝેરરૂપ લગાડવું સહેલું છે.

સસ્તામાં ભગવાનની ભક્તિ જોઈએ છે ? સંસારના વિષયો મનને ઝેર જેવા લગાડો, એમ સમજીને કે 'ભગવાને એને એવા કહ્યા છે, ને મારે ભગવાનનાં વચન સ્વીકાર્ય છે. આમ ભગવાનની આજ્ઞા છે માટે વિષયવૈરાગ્ય કેળવવાનો. આટલું થાય એ પાંચમા નંબરની શ્રેષ્ઠ જિનભક્તિ છે.'

આવું બીજે પણ સમજવાનું છે. દેવદર્શન આદિ કોઈપણ ધર્મપ્રવૃત્તિ કરતા હો, ત્યાં પણ મનમાં આ લાવો કે આ બધું કરવાનું જિનવચને ફરમાવ્યું છે માટે કરવાનું. આ મન પર હોય એ જિનવચન સ્વીકારરૂપ ભક્તિ થઈ. એમ જીવનમાં કોઈપણ ગુણ દા.ત. ન્યાય સંપન્નતા, સત્ય, દયા, પરોપકાર, વગેરેનું પાલન કરતા હો, ત્યાં પણ મનમાં લાવો કે 'આ કરવાની પ્રભુની આજ્ઞા છે માટે કરું છું,' તો

એ ઉત્તમ જિનાજ્ઞાપાલનરૂપ જિનભક્તિ થઈ.

**'વૈરાગ્ય-દેવદર્શનાદિ સાધના-દયાદિગુણની જિનાજ્ઞા છે માટે સાધુ,' આ ભાવમાં આજ્ઞા પાલનરૂપ શ્રેષ્ઠ જિનભક્તિ છે.**

જૈનધર્મની પ્રભુભક્તિની આ ખૂબી ખૂબ ધ્યાન પર લેવા જેવી છે. આમાં પ્રભુનાં દર્શન-પૂજન સ્તવન નથી કરતા, માત્ર પ્રભુની આજ્ઞાનો સ્વીકાર અને પાલન કરો છો દા.ત. જીવની દયા જ કરી, છતાં એ ઉત્તમ પ્રભુભક્તિરૂપ બને છે; પછી ભલે ને પ્રાથમિક કક્ષાના માર્ગાનુસારીના ગુણનું પાલન કરતા હો. 'એ પ્રભુએ ફરમાવેલા છે માટે મારે આચરવાના; માટે એ હું આચરું છું,' આ ખ્યાલથી એનું આચરણ પ્રભુની ભક્તિમાં જાય છે.

નિંદા નથી કરતો, કેમ ? પ્રભુની આજ્ઞા છે કે 'કોઈની નિંદા ન કરાય.'

એમ 'આંખ, કાનને અયોગ્ય વિષયમાં ન લઈ જવાની જિનાજ્ઞા છે માટે નથી લઈ જતો.'

અભક્ષ્ય ન ખાવાની જિનાજ્ઞા છે માટે નથી ખાતો.

'પ્રભુની આજ્ઞા છે કે પાપનો ભય રાખવો; આજ્ઞા છે કે કોઈપણ કામ કરતાં બલાબલનો વિચાર કરવો; દીર્ઘદૃષ્ટિ રાખવી. જિનાજ્ઞા છે કે અયોગ્ય દેશ-કાળે ફરવું નહી. મારા પ્રભુની આજ્ઞા છે કે પરોપકારનું વ્યસન રાખવું... માટે હું એ બધું પાળું છું,' આ ખ્યાલ સાથેનું પાલન એ પ્રભુભક્તિરૂપ બને છે.

ઝગડાનો પ્રસંગ આવ્યો, ત્યાં પ્રભુની આજ્ઞા યાદ કરી ઝગડાથી આઘા રહેવાય. સાધર્મિક-ઉદ્ધાર સહાયતાનો મોકો દેખાયો ને યાદ કરાય કે 'આ કરવાની પ્રભુની આજ્ઞા છે,' માટે એ કરાય... આ બધું પ્રભુ ભક્તિમાં જાય.

સાર એ છે કે

**પ્રભુનું વચન યાદ કરી પ્રભુને આગળ કરો, એ પ્રભુ ઉપરનો આદરભાવ છે.**

પછી ભલે કશું પ્રભુની આજ્ઞા મુજબ ન બની શક્યું, છતાં ત્યાં પ્રભુને એ રીતે આગળ કરાય કે 'પ્રભુની આજ્ઞા તો અમુક રૂપની છે, પણ હું પામર છું, મારાથી એ નથી બનતું.' એમ જિનાજ્ઞાનું પાલન નહિ પણ સ્વીકારમાત્ર કરાતો હોય, તો ય એ જિનભક્તિ છે. કેમકે એમાં જિનેશ્વર ભગવાન પર આદરભાવ-શ્રદ્ધાભાવ-બહુમાન છે, ને એ જ ખરેખરી આંતરિક ભક્તિ છે.

અંતરમાં એક યા બીજારૂપે આદરભાવ નથી, તો બહારમાં ગમે તેટલું સારું કરાય એની કિંમત નથી. માટે તો ભવાભિનંદી જીવના ઉગ્ર ચારિત્રપાલન પણ એળે જાય છે. એને આદરભાવ પ્રભુ ઉપર નહિ, પણ વિષયસુખો પર છે.

**પ્ર.**- પ્રભુના શાસનનું ચારિત્ર પાળે, ને પ્રભુ પર આદરભાવ નહિ ?



ઉ.- ના, નહિ, પ્રભુ ઉપર આદરભાવ હોય તો તો પહેલું આ જુએ કે મારા પ્રભુએ વિષયસુખો ને વિષયોને હળાહળ ઝેર જેવા ફણિધર નાગ જેવા કહ્યા છે. તો મારે એને અમૃત જેવા મીઠા કેમ કરાય ? આ વિચાર પહેલો આવે. પરંતુ એ પાલવતું નથી એટલે પ્રભુની આજ્ઞાનો સ્વીકાર પણ ક્યાં રહ્યો ? એ નહિ, તો પ્રભુ ઉપર આદરભાવ શાનો ?

**ભગવાન પર અંતરમાં આદરભાવ ઊભો કરવો છે તો દરેક વાતમાં એમની આજ્ઞાને આગળ કરો પછી શકય પાલન કરો.**

મહાન આત્માઓ આ રીતે તરી ગયા છે. પહેલાં કોઈ નાના વ્રત-નિયમથી શરૂઆત કરી ખરી, પણ તે પ્રભુ ઉપરના આદરભાવથી, એમની આજ્ઞાનો સ્વીકાર કરીને. નયસારે શું કરેલું ? જંગલમાં મુનિ મળેલા, એમની પાસેથી જિનેશ્વર ભગવાન અને જૈનધર્મની ઓળખ મળી, તો હૈયામાં પ્રભુ ઉપર આદરભાવ ઊભો કર્યો, એમાંથી એ આગળ વધતાં તીર્થંકર મહાવીર પરમાત્મા બન્યા. જો વચમાં મરીચિના ભવમાં મિથ્યા ત્રિદંડિકપણા પર ધર્મનો સિક્કો લગાવી દીધો તો પ્રભુ પરના આદરભાવને ધક્કો લાગ્યો, ને ગબડ્યા. ભવોના ભવો જૈન ધર્મનું મોં જોવા ન પામ્યા. પછી માંડ ચડ્યા તો વિશ્વભૂતિમુનિના અવતારે નિયાણું કરી દુન્યવી બળ પર આદર કરી, ભગવાનનાં વચન પરનો આદર ગુમાવ્યો તો ફરીથી ગબડ્યા.

**જો ભગવાનનાં વચન પરનો આદર ગુમાવો તો ભગવાન પરનો આદર ઊડે, ભક્તિ જાય, ને ભગવાન ગુમાવી ભવોમાં ભટકવાનું થાય.**

માટે બોલતા જ શું, વિચારતાં પણ સાવધાન રહેવા જેવું છે. વિચારમાં પણ પ્રભુની આજ્ઞાનો સ્વીકાર ન ઊડે, બેપરવાઈ ન આવે, બેપરવાઈ લાવનારા વિષય-રાગ-મોહ-આપમતિ-અહંત્વ ન આવે એ ખૂબ ધ્યાન રાખવાનું. એ માટે વારંવાર આ યાદ કરવાનું. આ ભાવના કરવાની કે 'મારાં કેવાં અહોભાગ્ય કે મને વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન મળ્યા ! આજે દુનિયામાં કેટલાને આ મળ્યા છે ? મારો કોઈ અપૂર્વ પુણ્ય ઉદય કે આ પ્રભુ મળી ગયા ! એમના વચન મળી ગયા ! તો મારે એ જ સર્વેસર્વા, એ જ સાચાં, એ જ પરમ અર્થ. એ પ્રભુનું કહેલું ન પાળી શકું એટલી મારી કમનસીબી, મારી પામરતા, પરંતુ સાચું અને એકાંતે કલ્યાણ કરનારું તો એમનું વચન જ.' આ ભાવના વારંવાર કરાય, તો અવસરે ભૂલા પડવાનું ન થાય, જિનવચન પર અનાદર અવગણના ન થાય એ અનાદર દ્વારા પ્રભુનો અનાદર અવગણના કરવાનું ન થાય.

આ વાત છે,- જિનેશ્વરદેવની આજ્ઞાનો સ્વીકાર અને પાલન એ શ્રેષ્ઠ પ્રભુભક્તિ છે.

કેવળજ્ઞાની દમસાર મહામુનિ દેવપાલરાજા આદિ સભાને પાંચ પ્રકારની જિનભક્તિ બતાવ્યા પછી કહે છે,

'જુઓ મહાનુભાવ ! બીજી રીતે ભક્તિ બે પ્રકારની છે,-૧. આભોગ ભક્તિ, અને ૨. અનાભોગ ભક્તિ.'

**આભોગ-અનાભોગ ભક્તિ :-**

(૧) આભોગ ભક્તિ તે છે જેમાં વીતરાગ પરમાત્માની ભક્તિ તો થાય, પરંતુ એમાં પૂર્વે એ ભગવાનના ગુણોની ઓળખ હોવાથી ગુણો ખ્યાલમાં લઈ એ ગુણોથી પ્રભુની સ્તુતિ કરે પછી ભક્તિ કરે.

પકખી પ્રતિક્રમણના સમ્યકત્વના અતિચારમાં આવે છે ને કે,- **'ઈસ્યા ગુણ ભણી ન માન્યા, ન પૂજ્યા,'** આ શું સૂચવે છે ? આ જ કે અરિહંત પરમાત્માને આવા આવા ગુણોથી વર્ણવવાના છે, માનવાના છે, ને એ હિસાબે એ પ્રભુની પૂજાભક્તિ કરવાની છે. પ્રશ્ન થાય,'

**પ્ર.**- પ્રભુની પૂજાભક્તિ કરવી છે તે કરી લેવાની પરંતુ એ પૂર્વે ગુણોથી વર્ણવવાની શી જરૂર ?

**ઉ.**- ગુણોથી વર્ણવવાની આવશ્યકતા એટલા માટે છે કે પ્રભુની પૂજાભક્તિ કરાય એનો ઉદ્દેશ આ ખ્યાલમાં રહે કે 'હું બીજા દેવને ન માનતા ન પૂજતાં આ પ્રભુને માનું-પૂજું છું તે આ આ ગુણોના હિસાબે. બીજા દેવોમાં આ ગુણો નથી, અને ખરેખર પૂજ્યતા-માન્યતા આવતી હોય તો આ ગુણોના હિસાબે જ આવે છે. આપણું આ જીવન અને અહીં મળેલું તન-મન-ધન યોગ્યની પૂજા અર્થે છે, હૃદય યોગ્ય પૂજ્યને અંદરમાં વસાવવા અર્થે છે, ને એ યોગ્યતા પૂજાપાત્રતા આવા વીતરાગતા આદિ ગુણોથી આવે છે,'

(૨) બીજી વાત એ છે કે પરમાત્માના આવા ગુણો વર્ણવી પૂજા-ભક્તિ થાય છે એટલે મનને એ ખ્યાલ રહે કે 'મારે આવા ગુણસંપન્નની પૂજાભક્તિ કરવાની, તે આવા ગુણો પ્રાપ્ત કરવા માટે કરવાની છે.'

આ બે ઉદ્દેશ લક્ષમાં રહે એટલે એક તો મનને એ લાગે કે,

**'જીવનની ધન્યતા આવા ગુણસંપન્નની પૂજાભક્તિમાં છે, પરંતુ આરંભ-પરિગ્રહ-વિષયોના રંગરાગમાં નથી.'**

આ બધી આરંભાદિની પ્રવૃત્તિ તો જનાવરના અને અનાર્ય મ્લેચ્છના જીવનમાં ય હોય છે, તેથી શું એનું જીવન ધન્ય બની રહ્યું છે ? સફળ એટલે કે સારા ફળને લાવનારું બને છે ? એમ હોત તો તો બધા જ જીવો જન્મ-મરણની આપદામાંથી છૂટી મોક્ષ પામી ગયા હોત. પરંતુ એમ કાંઈ હિંસામય આરંભો, વિષયો અને



પરિગ્રહની પ્રવૃત્તિથી જન્મ-મરણની જંજાળ મટતી નથી, ઊલટાની વધે છે. એ જંજાળ મટે તો અહિંસા-વિષયત્યાગ-વૈરાગ્ય-અપરિગ્રહ અને જ્ઞાનધ્યાન પરમાત્મ-ચિંતનથી મટે; ને એ બધું અનંત ગુણમય પરમાત્માની પૂજાથી પ્રાપ્ત થાય. માટે જીવનની સફળતા પૂજા-ભક્તિ કરવાથી થાય. માટે,

**જીવનનું ખરેખરું કર્તવ્ય આવા ગુણસંપન્ન પરમાત્માની પૂજા-ભક્તિ છે, દુનિયાદારી નહિ.**

આ જો ધ્યાનમાં લેવાય તો આ ખરેખરું કર્તવ્ય બજાવવામાં કેટલો બધો ઉછરંગ હોય ? સવારે ઊઠ્યા ત્યારથી મનમાં લગન રહે કે કેવી કેવી રીતે પરમાત્માની પૂજાભક્તિ કરીને જીવન ધન્ય કરું ! બીજા ફોંફાં શા ખાડવા ? એમાં પરિણામે હાથમાં શું ? દુનિયાદારીમાં તો જિંદગી વેડફાઈ રહી છે, પુણ્યની ચટણી થઈ રહી છે. આત્મા કર્મથી ભારે થતો જાય છે. અહોભાગ્ય છે મારાં કે મને અહીં આ પરમાત્માનો યોગ મળી ગયો છે ! જેટલી એમની પૂજાભક્તિ-સ્મરણ કરતો રહીશ એટલું જીવન ધન્ય જ બનવાનું અને વધુ ને વધુ સફળ થતું જવાનું છે, તો એમાં શા માટે કમીના રાખું ?

બે મિનિટ પણ નવરો પડ્યો ત્યાં આવા ગુણસંપન્ન પરમાત્માના ગુણો મનમાં લાવું અને એમને ભાવાંજલિ આપું -આ લગન રહે.

પરમાત્માને એમના અનન્ય ગુણોથી વર્ણવાય, **એમાં :-**

**એમની પૂજાભક્તિનું ખરેખરું કર્તવ્ય લાગે એટલે આપણાં તન-મન-ધન પૂજાભક્તિમાં વપરાયા લેખે લાગે.**

'તન-મન-ધનનો યોગ્ય વિનિયોગ પરમાત્માના ચરણે ધરવામાં છે, પણ નહિ કે સંસારી પાત્રોમાં ધરવામાં, એ બધું વાવવાનું ઉત્તમ ક્ષેત્ર છે અનંત-ગુણસંપન્ન પરમાત્મા.' આ જો મનમાં સજ્જડ બેઠું હોય તો સાંસારિક બાબતોમાં તન-મન-ધન લગાવતાં સંકોચ રહે, નિરુત્સાહ રહે, અને પરમાત્માની પૂજા ભક્તિમાં લગાવવાના કોડ રહે, ઊછરંગ રહે, ઉદારતા રહે.

**પ્રભુભક્તિ એ તરતો ધંધો :-**

પણ આ વિચાર જ નથી કે 'અનંત પુણ્યે મળેલ આ માનવદેહ માનવમન અને ધન-માલ યોગ્ય સ્થાને લગાવવા માટે ઉત્તમ ક્ષેત્ર કયું ?' વાણિયાને બજારમાં કોઈ સારો તરતો વેપાર દેખાય તો એમાં તન-મન-ધન લગાવવાની એને પૂરી હોંશ રહે છે, ઉત્સાહ રહે છે. ત્યાં શિખવવું નથી પડતું કે 'આમાં સારી રકમ જોડવી જોઈએ.' ત્યાં તો ઝટ આપમેળે સમજાઈ જાય છે કે 'આ તરતા વેપારમાં લગાવેલું લેખે છે.' વાંધો માત્ર અહીં ધર્મ ખાતે આવે છે. કેમ જાણે પરમાત્માની

પૂજાભક્તિ એ તરતો ધંધો જ નથી દેખાતો ! તે એમાં કાયા ઘસવાની હોય તો કસી કસીને ઓછામાં ઓછી ઘસાય છે, મન લગાવવાનું હોય તે એક મિનિટ લગાવાય છે, અને પછી મિનિટો સુધી બીજા વિચારમાં તેમજ ધન લગાવવાનું તે બને તેટલું ઓછું લગાવાય છે ! કદાચ એટલું ય લગાવ્યા વિના પૂજાભક્તિ થતી હોય તો વાહવાહ ! આમાં સમ્યગ્દર્શને ય કયાં ઊભું રહે ? અને દિલમાં પરમાત્મા પ્રત્યે ખૂબ આદર-બહુમાને ય શું રહે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૩૨,તા.૨૬-૪-૧૯૭૫**

**પ્રભુ ઉપર અત્યંત માન હોય તો પ્રભુભક્તિનું અને પ્રભુએ ફરમાવેલ કલ્યાણ સાધનાઓનું કાર્ય એ તરતો ધંધો લાગે.**

મન અંદરથી પોકાર કરે કે દુનિયાના બોગસ (પોકળ) તરતા ધંધાની સામે આ જિનભક્તિ અને જિનોક્ત કલ્યાણ માર્ગનો ખરેખર સાચો તરતો ધંધો મહાપુણ્યે મળ્યો છે. તો જીવડા ! લગાવ લગાવ આમાં જેટલું ધન લગાવી શકે એટલું. આમાં અતિશય મોટા નફાનું ખરેખરું માર્જિન રહેલું છે. માટે બાકી રાખ મા.' આ અંતર અવાજ ચાલુ રહ્યા કરે. એમ, તનને અને મનને એમાં લગાવવાની અતિશય આ ધગશ રહે કે કાયા કેમ વધારે આમાં જોડું ! ઈન્દ્રિયો આંખ-કાન-જીભ વગેરે કેમ આમાં વધુને વધુ લગાવું ! મનથી વિચારણા-ભાવના-મનોરથ-અનુમોદના કેમ વધુ ને વધુ આ અંગેની જ કરી મનને એમાં વાપરતો રહું !'

સવાલ આપણાં તન-મન-ધનના ઉત્તમ વિનિયોગનો છે. એને શેમાં વાપર્યા એ એનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો કહેવાય, ને એ શ્રેષ્ઠ વળતર વાળે એ જોવાનું છે. ત્યારે અરિહંત પરમાત્માના ગુણોનાં વર્ણનથી એમની સ્તુતિ કરીએ એટલે મનને લાગે કે 'અહો ! આવા આવા ગુણભર્યા ભગવાન મને મળ્યા ? તો હવે મારાં તન-મન-ધનને શક્ય વધુ સમર્પવા માટે આ ભગવાનથી વધુ સારું કયું સ્થાન મળવાનું છે ?'

**અરિહંત ભગવાન કેવા કેવા અનુપમ ગુણવાળા ?**

એમની આ રીતે સ્તુતિ થઈ શકે,-

'હે વીતરાગ ! હે સર્વજ્ઞ ! હે ત્રિલોકનાથ ! હે જગત દયાળુ ! હે જગતના બાંધવ ! હે જગતશરણ ! હે મોક્ષમાર્ગદાતા ! હે કામવિજેતા ! હે ક્ષમાના સાગર ! હે તપોમય ધ્યાનમય યોગમય પરમાત્મા ! હે પરમ ઐશ્વર્યશાળી ! હે પરમ પુરુષ ! હે પરમ પરમેષ્ઠી ! હે ત્રિભુવનગુરુ ! હે વિશ્વવત્સલ ! હે



સંયમમૂર્તિ ! હે જ્ઞાન દિવાકર ! હે અભયદાતા ! હે અલખ નિરંજન ! હે નિરાકાર ! હે નિર્વિકાર ! હે નિર્વિકલ્પ ! હે પાપહર-પાપમોચક-પાપવિધ્વંસક ! હે જન્મ-મરણવિટંબણા વિનાશક !'...

આવા આવા ગુણવાળા ભગવાન દુનિયામાં શોધવા જાઓ કયાં મળે ? એ તો કોઈ અનેરા પુણ્યનો ઉદય કે આ ભગવાન અહીં મળી ગયા છે. પુણ્યથી પૈસા મળે, પુણ્યથી પરિવાર મળે, પુણ્યથી પ્રતિષ્ઠા મળે, પુણ્યથી માન-પાન-સત્તા-ઠકરાઈ મળે, એ બધાં પુણ્ય તો ફાસફુસિયાં; અને આ ભગવાન મળવાનું પુણ્ય નક્કર માલદાર.

દુનિયામાં જુઓ. ઝુપડી મળવાનું પુણ્ય કેટલું ? ને દસ લાખનો બંગલો મળવાનું પુણ્ય કેટલાગણુ ? તો એના કરતાં મોટું રાજ્ય મળવાનું પુણ્ય કેટલાગણું ? કેમ એ પુણ્ય ભારે ચડિયાતું ? એટલા જ માટે કે એનાથી ભારે સુખ-આનંદ આપે એવો માલ આપે છે માટે. તો પછી અનંત ગુણનિધાન પરમાત્મા મળે એ પુણ્ય કેટલું ઊંચું ? પુણ્યની ઊંચાઈ શાના ઉપર માપવાની ? એના ઉપર કે એ પુણ્ય માલ કેવો આપે છે ? બીજા કરતાં કેટલો ઊંચો માલ ? તો અહીં આ પુણ્ય જે વીતરાગ ભગવાન આપે છે એ અહીં બાદશાહી મન તથા અનેરી સાધના અને પરભવે સુંદર મહાસુંદર સદ્ગતિ, એમાં અનેક વાતની ઉચ્ચ સુખ-સગવડ-સાધના અને પરંપરાએ મોક્ષ અપાવે છે. આવું બધું અમાપ-અપાર સુખમય સર્જન કરી આપનાર અરિહંત ભગવાન મળે એ કેવો માલ મળ્યો કહેવાય ? એ માલ અપાવનાર પુણ્ય બીજાં બધાં પુણ્ય કરતાં કેટલું બધું ઊંચું પુણ્ય ગણાય ?

આ પુણ્યની અને એનાથી મળેલા ભગવાનરૂપી માલની કદર કરો તો ભારે ઉલ્લાસ જાગી ઊઠે, ભગવાન પર મન ઓવારી જાય, અને મનને એમ થાય કે 'આવા અનંતગુણી, અનંતદયાળુ પરમાત્માની ભક્તિ માટે શુંનું શું કરતો રહું !'

આભોગ-ભક્તિમાં વીતરાગ ભગવાનના ગુણો વર્ણવી એમની વિધિસર પૂજાભક્તિ કરવાની, ત્યાં

**પ્રભુના ગુણો વર્ણવવાના ઉદ્દેશ ૩,-**

(૧) એક આ, કે આવા ગુણસંપન્ન પરમાત્મા મળ્યા છે તો આ જીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય આ પ્રભુની પૂજાભક્તિ છે. એમ હૈયે સચોટ લાગે, ને જીવનમાં મુખ્યપણે આ કર્તવ્ય બજાવાય.

(૨) બીજો ઉદ્દેશ આ કે અહીં મળેલા તન-મન-ધનને કામે લગાડવા માટે શ્રેષ્ઠ યોગ્યતાવાળું ઉત્તમ સ્થાન હોય તો આ પરમાત્મા છે, આ પરમાત્માની ભક્તિ છે, એવું હાડોહાડ લાગે, અને શક્ય એટલા ભરચક પ્રમાણમાં એ ત્યાં કામે લગાડાય.

(૩) ત્રીજો ઉદ્દેશ આ, કે પૂજાભક્તિ ગુણો વર્ણવીને કરાય છે તેથી

પૂજાભક્તિના ફળમાં આ ગુણોની જીવનમાં છાયા લાવવાની ધગશ રહે, એ ગુણોના માર્ગે પગલાં માંડવાની, એ ગુણો માટે શક્ય ધરખમ પુરુષાર્થ ખેડવાની ધગશ રહે અને એનો પ્રયત્ન ચાલુ રખાય.

આ ત્રીજો ઉદ્દેશ પણ મહાન છે. જ્યારે જ્યારે પ્રભુની ભક્તિ કરવા જઈએ ત્યારે ત્યારે પહેલાં પ્રભુને એમના અદ્‌ભુત લોકોત્તર ગુણોથી સ્તવીએ એટલે સાથે સાથે મન પર એની અભિલાષા રહે. એ ગુણો બોલતાં બોલતાં જ મનમાં એની એવી મીઠાશ રહે કે મનને એ મેળવવાની કામના થાય.

ચાલુ જીવનમાં જુઓ,- જ્યારે કોઈ સુખી શ્રીમંતની વાત થાય છે, અને બોલાય છે કે 'ભાઈ ! એ શેઠિયો તો ભારે સુખી ! એને કેવો બંગલો ! કેવી મોટર ! કેવો ઠઠારો ! કેવી મિલમાલિકી !...' ત્યારે બોલનારના મનમાં એની કેવી મિઠાશ આવે છે ! એ ઠાઠ કેવો ગળચટો લાગે છે ! અને અંતરના ઊંડાણમાં કેવી એ પામવાની રુચિ રહે છે ! બસ, પરમાત્માના ગુણ વર્ણવતાં આ અનુભવ કરવાનો છે.

**પ્રભુના ગુણો સ્તવવામાં શી વિશેષતા ? :-**

પ્રભુના ગુણોનાં વર્ણન વિના પૂજા-ભક્તિ થાય, એમાં ઠીક છે ભાવોલ્લાસ લવાય, પરંતુ એ ભાવોલ્લાસ કેવો ? ને પ્રભુના અનેક ગુણો દિલથી વર્ણવીને પૂજાભક્તિ થાય એમાં કેવા કેવા ભાવો ઉલ્લસિત થાય ? વળી એકલી પૂજાભક્તિમાં પ્રભુના તે તે ગુણો જો યાદ જ નથી કરાતા, તો તે તે ગુણ ગળચટા લાગવાને અવકાશ જ કયાં ? તેમજ એની પોતાને અભિલાષા જાગવાને અવકાશ પણ કયાં ? એ તો ગુણસ્તવનાનો આ પ્રભાવ કે મનમાં ગુણેગુણની ભારે મિઠાશ, ભારે અનુમોદના અને અનુપમ મૂલ્યાંકન રહે, તેમજ અંતરમાં એની અભિલાષા સળવળે કે 'હું પણ કેમ આવા ગુણો પામવા માટે એનો અભ્યાસી બનું !' ત્યારે પૂછો,-

**પ્ર.**- ગુણોની સ્તવના કરીએ એટલે એની અભિલાષા થાય જ ?

**ઉ.**- અભિલાષા થાય જ શું, અભિલાષા કરવી જ જોઈએ. જો એની અભિલાષા ન કરવાની હોય, તો ગુણો સ્તવવાના જ શા માટે ? કોઈ શ્રીમંતની શ્રીમંતાઈ ગરીબ માણસ કેમ પ્રશંસા કરે છે ? સાધુ કેમ પ્રશંસા નથી કરતા ? કહો, ગરીબ માણસને એની અભિલાષા છે, રાગ છે, માટે એની પ્રશંસા કરે છે. સાધુને એ નથી પછી શું કામ એની પ્રશંસા કરે.

**પ્રશંસા કરવા પાછળ એની ઝંખના હોય, રુચિ હોય.**

એટલે ભગવાનના ગુણોની પ્રશંસા કરીએ તે એ પામવા માટે; એ પામવાની અભિલાષા હોય માટે પ્રશંસા કરતા જઈએ ને મનમાં એના ઓરતા થાય કે 'કયારે



એ મારો ધન્ય દિવસ આવે ને હું આ ગુણોનો સ્વામી બનું !' ગુણોથી વિપરીત દોષો તરફ ઘૃણા થાય. પ્રભુના ગુણો તો સર્વોત્કૃષ્ટ કોટિના છે, એ કાંઈ આપણને હમણાં ને હમણાં નથી મળવાના પરંતુ જીવનનો સાર આ પામવામાં દેખાય, જીવનનું અંતિમ અને એકનું એક ધ્યેય આ ગુણોની પ્રાપ્તિ રખાય એ પ્રભુના ગુણોનું વર્ણન કરતાં લક્ષમાં આવે.

**ગુણો સ્તવતાં કલ્યાણવાહી આત્મનિરીક્ષણ :-**

**અરિહંત પ્રભુના ગુણોનું પ્રભુની આગળ વર્ણન એ અરિસો છે એમાં આપણું પ્રતિબિંબ પડે.**

આપણને ગુણો વર્ણવવામાં આપણી જાતનું સ્વરૂપ દેખાય, અર્થાત્ આત્મ-નિરીક્ષણ થાય, જાત ઓળખાય કે આપણે કેવા છીએ. દા.ત. પ્રભુને ઉદ્દેશીને આપણે બોલ્યા 'હે વીતરાગ !' ત્યાં આપણને ભાસે કે 'અરે ! હું કેવો અસંખ્ય રાગથી ભરેલો !' પ્રભુને સંબોધીએ 'હે નિર્મળ-નિષ્કલંક !' ત્યાં આપણને ભાસે કે 'હું કેવો અપાર વાસનાઓના ગંદવાડથી ગંદો-મલિન ! અને કષાયોથી કલંકિત !' આ કેટલું કલ્યાણવાહી આત્મનિરીક્ષણ છે ! આ નિરીક્ષણ થાય તો જાતનો મળ અને કલંક જોતાં જાતનું અભિમાન ઓસરી જાય, મળ-કલંક પર ઘૃણા થાય, અને હવે મળ-કલંક વધારતાં વિચાર થઈ પડે. મનને એમ થાય,-

'અરરર ! આવા નિર્મળ-નિષ્કલંક પ્રભુ મળ્યા પછી હું વાસનાનો મળ અને કષાયના કલંક વધારું ?' પૂછો,-

**વાસના એ મળ છે ? કષાય એ કલંક છે ?**

હા, વાસના એ આત્માનો મળ છે, કેમકે જુઓ

(૧) ડુંગળીના ઢગલા પાસે કોઈ સારાં ફળની ચીરિયો કે ટૂકડાં પડી રહ્યા હોય તો એ ડુંગળીની વાસથી વાસિત થઈ જતાં ખરાબ સોડાય છે, કચરો વાસનાથી બગડી ગયા લાગે છે. એમ આત્મા પણ ખાનપાનની વાસના, રસની વાસના, રૂપનાં આકર્ષણની વાસના, સ્પર્શ કુશીલતાની વાસના, ધનલાલસાની વાસના... એવી એવી તો કેઈ વાસનાઓથી ખરાબ છે, મલિન છે, ગંદો-અપવિત્ર છે. વાસના એ મેલ છે, ગંદવાડ છે, માટે તો બહુ ખાવકલો, બહુ રસનો ગુલામ, પરસ્ત્રીનાં રૂપ જોયા કરનારો, સ્પર્શથી અડપલાં કરનારો કે ધનનો બહુ લાલચુ એ લોકમાં ભૂંડો દેખાય છે.

(૨) બીજી રીતે પણ વાસના એ મળ છે. જેમ પેટમાં મળ વધી ગયો હોય તો બાદીના ઓડકાર આવે છે, દુર્ગંધવાળી વાછૂટ, ગેસની તકલીફ વગેરે થાય છે; એમ આ વાસનાઓના જોરને લીધે અનિચ્છનીય બોલ નીકળે છે, અનુચિત પ્રવૃત્તિ

કરે છે, કેટલાય ગટરકલાસ તુચ્છ વિચારો આવે છે, કેટલીય માનસિક પીડાઓ ઊભી થાય છે. આ બધું શું છે ? વાસનારૂપી મળના ખરાબ પ્રત્યાઘાત. પેટમાં મળ ભર્યા હોય અને ભારે ખોરાક ખાધ્યે રાખે, તો શરીર ખલાસ કરે છે. એમ આત્મામાં વાસનાઓ ભરી પડી હોય અને વાસનાના વિચાર-વાણી-વર્તાવ કર્યે જાય એમાં આત્માને ખલાસ કરે છે, અર્થાત્ અનેક ચિંતા-સંતાપ અને દુર્ગતિના જાલિમ દુઃખોનો ભોગ બનાવે છે.

**વાસના-મલિન સોદાસ :-**

વાસનાના મળમાં રાજા સોદાસે રાજ્ય ગુમાવ્યું અને જંગલમાં ભટકતો રાક્ષસ જેવો થઈ ગયો. વિખ્યાત ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલો, પરંતુ માંસાહારની વાસનાથી પકડાયેલો. એમાં અઠ્ઠાઈ-મહોત્સવનો પ્રસંગ આવતાં મંત્રીઓએ એને કહ્યું, 'જુઓ મહારાજા ! આપણે ત્યાં પરાપૂર્વથી રિવાજ ચાલ્યો આવે છે કે અઠ્ઠાઈ મહોત્સવમાં અમારિ-પ્રવર્તન કરવું, એટલે માંસાહાર ન થાય.'

મંત્રીઓએ તો કહ્યું પરંતુ આને તો વાસનાનો મેલ એટલો ચડેલો કે પવિત્ર વિચારને જગા જ નહોતી. તેથી એ રસોઈયાને કહે. 'ગામમાં માંસ તો નહિ મળે, છતાં ગમે ત્યાંથી માંસ લઈ આવ.' રસોઈયો એક નોકર માણસ, મોટા રાજાની આગળ એનું પાણી કેટલું ? તે દિવાનોના પ્રતિબંધને ન ગણકારતાં રાજાને ખુશ કરવા શોધતો શોધતો ઊપડ્યો ઉકરડે. ત્યાંથી સહેજે મળેલ એક નાના સુકોમળ બાળકનું મડદું ઊપાડી લઈ આવ્યો. એનું માંસ રાંધી રાજાને પીરસ્યું.

રાજા વાસનાવિવશ પાગલ બન્યો છે, તે ખાતાં ખાતાં કહે, 'અહો ! આજનું માંસ તો અનેરું છે. કેટલું બધું સ્વાદિષ્ટ ! બસ, કાલથી આવું જ શોધી લાવી વાનગી બનાવજે.'

રસોઈયો કહે, 'પણ મહારાજા સાહેબ ! આ તો તાજું મરેલું બાળક મળી આવ્યું એનું આ માંસ છે. પરંતુ રોજ તો ક્યાંથી એવું મળે ?'

રાજા કહે, 'અરે ! એમાં શું છે ? આ તો મોટું નગર છે; મરેલું મળી જાય. ને કદાચ ન મળે તો ગમે તે એક જીવતું તો મળી જાય ? બસ, તું તારે ગભરાતો નહિ. હું બેઠો છું ને ? તારે બાળનું માંસ રાંધી મને પીરસવાનું. કેવી ગોઝારી ગંદી વાસના !'

રસોઈયો પણ ક્રૂર રાજાને ગમે તે રીતે ખુશ રાખવાની વાસનાના મેલવાળો છે. તે રોજ તો બાળમડદાં ક્યાંથી મળે ? એટલે રોજ સંધ્યાકાળે ફરવા નીકળી પડે છે, ને કોઈક ઘરમાં શેરીમાં એકલું જીવતું બાળક ઉપાડી ગળચી ઘુંટીને મારીને લઈ આવે છે, ને રાજાને એનું માંસ રાંધી જમાડે છે. રાજા એની વાહવાહ ગાય છે.



પણ પાપ કેટલું ચાલે ? નગરમાં રોજ બૂમ પડે છે કે બાળક ગુમ થાય છે. રાજસભામાં ફરિયાદ આવે છે. મંત્રીઓ તપાસ કરાવે છે. પત્તો લાગતો નથી. રોજ ને રોજ નવી ફરિયાદ આવતી જાય છે. રાજાની કંઈક બેપરવાઈ જોઈ એના પર મંત્રીઓને વહેમ પડે છે. રસોઈયા પર ચાંપતી તપાસ રખાઈ, એમાં રસોઈયો પકડાઈ ગયો. એણે ય હવે ભયના માર્યા બધી વાત કહી દીધી. મંત્રીઓએ રાજાની ધિઠ્ઠાઈ અને નાલયકતા જોઈ ગાદી પરથી ઉઠાડી મૂકી દેશનિકાલ કર્યો અને એના પુત્રને રાજા બનાવ્યો.

માંસાહારની વાસનાના મળમાં રાજા સોદાસ કેવો ખલાસ થયો ! જેમ અજીર્ણમાં ભારે ખાધ્યે રાખ્યાથી શરીર ખલાસ થાય, એમ વાસનામાં જીવ ગોઝારા કૃત્ય કરી આત્મા ખત્મ થાય છે.

**અજીર્ણની જેમ વાસનાનો મળ ભૂંડો**

અજીર્ણમાં ખોટી ભૂખ લાગે, ને ખા-ખા કરવાથી અજીર્ણ વધે. એમ વાસનામાં ખોટી લાલસાઓ જાગે, ને એને પોષાતાં પોષાતાં વાસના શાંત ન થાય, પણ વધે. વિષયોના સેવનથી કદી કોઈની વાસનાઓ મટી છે ? પોતાના જ જીવનમાં જુઓ ને ? આજ સુધીમાં વાસનાઓ સંતોષવા કેટકેટલું ખાધું-પીધું-ભોગવ્યું ? તો શું હવે એ શાંત થઈ ગઈ છે ? ના, વાસના એ મળ છે; એમ ન મટે.

વાસના અજીર્ણ જેવી છે. અજીર્ણમાં તો ખાવાનું બંધ કરો, ૧-૨-૩ ઉપવાસ ખેંચી કાઢો, જાલિમ અજીર્ણ હોય તો એથી વધુ ઉપવાસ ખેંચો, તો મળ સાફ થઈ જઈ અજીર્ણની અસરો ભૂંસાય. એમ વાસના પર એને વિષયોથી સંતોષવાને બદલે વિષયો મુદ્દામ આપવા બંધ કરાય, કોરાકોરી હડતાલો પડાય, તો જ વાસનાની અસરો ભૂંસાતી આવે, વાસનાનું જોર ઓછું થતું આવે એટલે કહો,-

**અજીર્ણની જેમ વાસનાને સંતોષવાનું બંધ કરવાથી જ વાસના મટે.**

**કષાય એ કલંક શાથી ? :-**

ભગવાન નિર્મળ છે, કેમકે એમણે વાસનાઓને પોષવાનું સરાસર બંધ કર્યાથી એમનો વાસનામળ નષ્ટ થઈ ગયો છે. એમ કષાયકલંકો ટાળી દીધાથી એ નિષ્કલંક બનેલ છે. કષાય એ કલંક છે, કેમકે કલંક એટલે ડાઘ. ચંદ્રમામાં ડાઘ દેખાય છે તો એ કલંકવાળો ગણાય છે. એમ સ્ત્રીના જીવનમાં એક વાર પણ શીલમાં ડાઘ પડી ગયો તો એ કલંકિત કહેવાય, સોનાની થાળીમાં લોઢાની મેખ એ કલંક. એ રીતે આત્મા સ્વભાવે શુદ્ધ વીતરાગ, એમાં કષાય રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ એ ડાઘ છે, કલંક છે.

બાઈમાણસ એક વાર કલંક લગાડ્યા પછી જો પાછી ન હટે તો એનો હવસ લાગે છે. પછી જો કલંક લગાવ્યે રાખે તો લોકમાં થૂ થૂ થાય, કોડીની કિંમતની બને અને ધણીની હુંફ ગુમાવે. એમ કષાયરૂપી કલંકથી જીવ એનો હવસ લાગ્યાથી ન હટે અને એ સેવ્યે જાય, તો કર્મસત્તામાં થુ થુ થાય અને ધણીરૂપ શુભ ભાવ પુણ્યાઈ તથા પરમાત્માની હુંફ ગુમાવે. ખૂબ યાદ રાખો,-

**કુશીલના કલંક ભૂંડા, ચડસ લગાવે. એમ કષાયના કલંક ચડસ લગાડે છે, ને શુભ ભાવ પુણ્યાઈ તથા પરમાત્માની હુંફ ગુમાવે છે.**

માટે સાવધાન બનવા જેવું છે. એક જ વાર ક્રોધ ઊઠ્યો, અભિમાન આવ્યું, માયા જાગી, કે લોભ સળવળ્યો, ત્યાં સાવધાન થઈ જવાનું, અને મક્કમ નિર્ધાર કરવાનો કે આને પગપેસારો ન કરવા દઉં. એનો હવસ ન પેસવા દઉં.' અગ્નિશર્માને ક્રોધ-દ્વેષની જન્મ જન્મ પરંપરા ચાલી. મરીચિને ત્રિદંડિયાપણા પર શિષ્યનો લોભ લાગ્યો તો જન્મ જન્મ ત્રિદંડિકપણાનો લોભ પૂંઠે લાગ્યો.

એટલા જ માટે આરાધક જીવ કષાય કરતાં પાછો હટે છે. એ સમજે છે કે,

**કામ-ક્રોધ-લોભાદિ કષાયનાં પુનરાવર્તન તો ઘણા ભવોમાં કર્યા, હવે આ ભવે એની અટકાયત કરું; નહિતર એનાં નિરંકુશ સેવન પર ભાવી દીર્ઘકાળ ભૂંડો નીપજશે.**

**પૂજા કરતાં પહેલાં પ્રભુગુણ વર્ણવવાનો લાભ :-**

વાસનાના મળ અને કષાયના કલંકની ખરાબીઓ વિચાર શાના પર આવે છે ? પરમાત્માના ગુણોનાં વર્ણનમાં એ વર્ણવતાં આવે છે કે 'પ્રભુ ! તુ નિર્મળ નિષ્કલંક છે.' એવા બીજા અનેક ગુણ વર્ણવતાં આત્માનું નિરીક્ષણ થાય છે, આત્માના દોષોનું દર્શન થાય છે, દોષો પર ઘૃણા રહે છે. આનો લાભ એ થાય કે પોતાની અપેક્ષાએ પરમાત્માની અતિશય ઉન્નત અવસ્થા જણાયાથી પછી પ્રભુની જે દ્રવ્યપૂજા થાય તે 'આવા પ્રભુનું આલંબન મળ્યું માટે એ પ્રભુની પૂજામાં ઊંચો ભોગ આપું.' એ ધગશ રહેવાથી પૂજા ઊંચા દ્રવ્યોથી અને ઊછળતા ભક્તિભાવથી થાય, ને એ હિસાબે ભાવપૂજા પ્રભુનાં ગુણગાન-સ્તવન-ચૈત્યવંદન અત્યંત ઉલ્લાસભર્યા થાય. મૂળ, પ્રભુ મળ્યાની ઊંચી કદર થવી જોઈએ. એ એમના ગુણ વર્ણવવાથી થાય.

વળી પ્રભુના ગુણોની જાણકારી છે. એમ એમની પૂજાવિધિની જાણકારી ય હોય એટલે પૂજા વિધિપૂર્વકની થાય.

આ બધાનું ફળ, એ ચારિત્રવંત પ્રભુનાં ગુણવર્ણનની મુખ્યતાને લીધે ચારિત્ર મોહનીય કર્મ તૂટતું જવામાં આવે. ને એથી આગળ પર ચારિત્રની પ્રાપ્તિ થાય. ચારિત્ર આરાધાય પછી તો પૂછવું જ શું ? ક્રમશઃ ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે.



**(૧) આભોગ-પૂજા :-**

વીતરાગપ્રભુની આભોગ-ભક્તિની આ વાત થઈ. આભોગ-પૂજા એટલે પ્રભુના ગુણ ખ્યાલમાં લાવીને થતી પૂજા. રાજા કુમારપાળ એથી ઠેઠ ગણધરપદનું પુણ્ય ઉપાર્જવા સુધી પહોંચી ગયા. ગુરુ હેમચંદ્રસૂરિજી મહારાજ તરફથી અરિહંત પરમાત્માના ગુણોની એમને એવી ઓળખ મળી ગઈ હતી. પછી ગુણવર્ણનમાં શી કમીના રાખે ?

**(૨) અનાભોગ પૂજા :-**

અનાભોગ પૂજા તે છે કે જેમાં પ્રભુના ગુણોની ઓળખ ન હોવાથી યા ખ્યાલ ન હોવાથી એનું વર્ણન કરાતું નથી. પરંતુ જીવની ભદ્રકતા એવી છે કે પ્રભુને જોઈને એને સહેજે આકર્ષણ થાય છે. તેથી ભદ્રક પરિણામથી પ્રભુના દર્શન-વંદન-પૂજન કરે છે. પરંતુ કરે છે ભાવોલ્લાસથી અલબત અજ્ઞાનતાથી વિધિ યથાર્થ નથી જાળવી શકતો. છતાં આ શુદ્ધ હૃદયથી પૂજા-ભક્તિ પરિણામે બોધિની સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવનારી બને છે. પ્રશ્ન થાય,

**પ્ર.-** પરમાત્માના ગુણોની ઓળખ તો છે નહિ પછી પ્રભુની પૂજામાં એવું શું સામર્થ્ય કે એને બોધિ અપાવે ?

ઉ.- સામર્થ્ય આ રીતે છે કે એ ભદ્રક પ્રકૃતિના ભવ્યાત્માને જિનેશ્વર ભગવાનનું બિંબ જોઈને જે ઉલ્લાસ ઉદ્ભવે છે, એ અલૌકિક હોય છે. એવા ઉલ્લાસથી કરાતાં દર્શન પૂજાભક્તિ કિલષ્ટ કર્મનો ઉચ્છેદ કરે છે, મિથ્યાત્વ મોળું પાડે છે. સંસાર પ્રત્યેના અનંતાનુબંધી રાગને તોડે છે. તેથી આગળ પર બોધિ-સમ્યગ્દર્શન સુલભ બને છે.

રાજા દેવપાલ આગળ દમસાર કેવળી ભગવંત કહી રહ્યા છે કે 'હે મહાનુભાવ ! ત્યારે જેમ જિનબિંબ દેખીને ભાવોલ્લાસ થઈ દર્શન-પૂજન કરાય તો એથી કિલષ્ટ કર્મોનો ઉચ્છેદ થાય છે, એમ એથી ઊલટું જે જિનબિંબ દેખીને એના પ્રત્યે દ્વેષ-અરુચિ-અણગમો કરે છે, એ હિનભાગી પ્રાણી સંસારમાં નિબિડ કર્મબંધથી જકડાય છે, અતિ ક્લિષ્ટ કર્મ ઉપાર્જન કરે છે. જેમ કોઈ મોટા રોગવાળો દરદી અપથ્ય આહારની વાંછા કરી એ સેવે, તો એ એના મહા અનર્થને સૂચવે છે, એમ જિનપ્રતિમા દેખીને દ્વેષાદિ અશુભ ભાવ ધારણ કરી જેમ તેમ બોલે એ એના ભાવી મહા અકલ્યાણ અને અનંત સંસારભ્રમણને સૂચવે છે. પૂછો,-'

**પ્ર.- જિનબિંબના દ્વેષનું આટલું બધું ભયંકર ફળ ?**

ઉ.- હા, એનું કારણ છે,- જિનબિંબ એ સ્થાપના નિક્ષેપે જિન છે. વિધિપૂર્વક એમાં દેવાધિદેવત્વના સંસ્કાર થયા પછી એ જિનબિંબ હવે ખાલી મૂર્તિ નથી, પણ

જિનેશ્વર ભગવાન જ છે. બાપના ફોટા પર કયો દીકરો આ તો કાગળ છે એમ કરી એના પર થૂંકે છે ? એટલે જિનબિંબ પર દ્વેષ કરવો એ ખરેખર જિનેશ્વર ભગવાનની ઉપર જ દ્વેષ કર્યો બરાબર છે. ત્યારે જિનેશ્વર ભગવાનની ઉપર દ્વેષ કરવો એ કેટલું મોટું ભયંકર પાપ ? દુનિયામાં દ્વેષ કરવા માટે બીજું કોઈ ન મળ્યું તે ત્રિભુવન-ઉપકારી જગતદયાળુ જિનેન્દ્ર ભગવાન જ મળ્યા ? ત્યારે એમાં હૃદયની કેટલી બધી નિષ્ઠુરતા અને ધિટ્ઠાઈ ગણાય ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૩૩,તા.૩-૫-૧૯૭૫**

પૂછી શકો છો,- પણ એ તો જિનબિંબ ઉપર દ્વેષ કરે છે ને ? જિન ઉપર ક્યાં દ્વેષ કરે છે ?

પરંતુ અહીં સમજવા જેવું છે કે રાજાના પૂતળા પર દ્વેષથી થૂંકે તો એને પોલિસ પકડી જઈ ન્યાયાધીશ આગળ ખડો કરે છે, અને ત્યાં એ રાજા પર થુંક્યા તરીકેનો દંડ પામે છે.

બિંબના ઉપર દ્વેષ કરનારા પણ જો પોતાના ગુરુના ફોટા પર કોઈને થુંકતો જુએ તો એને કહે છે, 'અરે ! નાલાયક ! અમારા ગુરુ પર થુંક્તા તને શરમ નથી આવતી ?' ત્યાં જો પેલો દલીલ કરે કે 'હું તો ફોટાના કાગળિયા પર થુંકું છું, ગુરુ પર ક્યાં થુંકું છું. ?' તો એને શો જવાબ આપવાની જગા રહે ? કશી નહિ. એનું દિલ સમજી રહ્યું છે કે ગુરુનો ફોટો એ ગુરુ છે, માટે ફોટાની અવગણનામાં ગુરુની અવગણના દેખે છે, ને ફોટાના સન્માનમાં ગુરુનું સન્માન જુએ છે તેથી તો ગુરુના ફોટાને જો કોઇ નમન કરે, હાર પહેરાવે, તો એ જોઈ ખુશી અનુભવે છે.

ફોટા કે મૂર્તિની ક્યાં વાત ? રાષ્ટ્રના ધ્વજનું અપમાન કરે, અવગણના કરે, તોડી-ફોડી નાખે, તો એ રાષ્ટ્રદ્રોહી ગણાય છે. કેમ વારું ? ધ્વજ એ માત્ર કપડું નહિ, પણ રાષ્ટ્રનું પ્રતીક છે, તેથી એ સત્કાર્ય સન્માન્ય છે, તિરસ્કાર્ય નહિ. પ્રતીકનો તિરસ્કાર એટલે રાષ્ટ્રનો તિરસ્કાર.

દુનિયામાં આવા દાખલા તો ઘણા, કે જ્યાં ચિત્ર, આકૃતિ, સ્થાપના, પ્રતીક વગેરે મૂળ જેવા મનાતા હોય. સો રૂપિયાની નોટ શું છે ? સો રૂપિયાની ચાંદી છે ? ના, માત્ર કાગળિયું અને ઉપર લખાણ-ચિત્ર છે. છતાં એ માત્ર નોટ નહિ, કિન્તુ સો રૂપિયા જ ગણાય-મનાય છે. સોની નોટ દેખીને આંખ ચમકે છે, ઠરે છે. તો અહીં જિનબિંબ દેખીને આંખ ઠરે નહિ ? પ્રશ્ન કરો.

**પ્ર.**- પણ સો રૂપિયાની નોટથી તો બજારમાં માલ મળે છે ને ?



ઉ.- તો એનો અર્થ તો એ જ ને કે,

**સોની નોટ સો રૂપિયા જેવું કામ કરે છે માટે નોટ એ રૂપિયા બરાબર છે, તો પછી અહીં પણ જિનબિંબ જિનેશ્વર ભગવાન જેવું કામ કરે છે માટે બિંબ એ ભગવાન જ છે.**

શું કામ કરે છે ? આ,-જેમ સાક્ષાત્ જિનેશ્વર ભગવાનને જોઈ શુભ ભાવોલ્લાસ થાય છે, એમનાં વંદન-સત્કાર-સન્માનથી અનેરા ભાવ જાગે છે, એમ જિનબિંબને દેખીને ભાવોલ્લાસ જાગે છે, તથા એનાં વંદન-સત્કાર-સન્માનથી અનેરા ભાવ પ્રગટે છે, મન પવિત્ર પ્રસન્ન પ્રશાંત બને છે. ત્યારે જેમ વિચારતા ભગવાનનું પણ શરીર એ પોતે વીતરાગ નથી છતાં વીતરાગનું શરીર છે. એમ મૂર્તિ ખરી, પણ વીતરાગની છે. પછી જો વીતરાગનું શરીર વંદનીય-પૂજનીય, તો વીતરાગની મૂર્તિ કેમ વંદનીય-પૂજનીય નહિ ? ત્યારે જો રાગભરી સ્ત્રીની છબી મોહના ભાવ કરાવે તો વીતરાગની છબી મૂર્તિ વીતરાગના ભાવ ન જગાવે ?

દશેરાને દહાડે લોકો રાવણનું ક્રૂરતાભર્યું પૂતળું જોઈ ગુસ્સે ભરાય છે. પૂતળું એ ક્યાં રાવણ છે ? છતાં રાવણનું છે, માટે જેમ સાક્ષાત્ રાવણને જોતાં જેવો ગુસ્સો થાય, દ્વેષ થાય, એમ પૂતળું જોઈ એવો ગુસ્સો દ્વેષ ઊઠી આવે છે. તો પછી અહીં પ્રશાંત પવિત્ર વીતરાગ ભગવાનના બિંબને જોઈ મનમાં કેમ પ્રશાંતતા પવિત્રતા ન સ્ફુરી આવે ? આમ છતાં જેને જિનબિંબ ઉપર ધરાર દ્વેષ કરવો છે, એણે સમજી રાખવું જોઈએ કે 'જેમ રાવણના પૂતળા ઉપર દ્વેષ એ રાવણ પર દ્વેષ છે, એમ જિનેશ્વરના બિંબ પર દ્વેષ એ જિનેશ્વર ઉપર દ્વેષ છે.'

**પ્ર.**- રાવણના પૂતળા પર દ્વેષ તો રાવણ પર દ્વેષ છે માટે થાય છે. અહીં ક્યાં જિનેશ્વર પર દ્વેષ રાખીએ છીએ ? આનો,

ઉ.- તો એ કહો કે તો પછી જિનબિંબ પર દ્વેષ શાથી થાય છે ? એ દ્વેષ જિનેશ્વર સુધી પહોંચે છે એ ખબર નથી. અરે ! નોકર શેઠના જોડાને ય જો લાત લગાવે ને ? તો શેઠ પોતાનું અપમાન માની ગુસ્સે થાય છે. પણ લાયક નોકરને એવું મન જ નથી થતું કેમ વારુ ? શું જોડામાં શેઠ આવી ગયા ? ના પણ એ શેઠની વસ્તુ છે, તેથી જો શેઠ પર બહુમાન છે તો એની વસ્તુ માટે માન છે. જો જોડા જેવી વસ્તુ માટે ય બહુમાન હોય, તો પછી શેઠના ફોટા પર કેટલું માન હોય ?

અલબત શેઠ એવો જોઈએ કે જે એને, બીજા આપે એના કરતાં, ઘણું ઘણું આપનારા હોય. બીજા શેઠ આનાં કામ જેવું કામ કરનારને ૩૦૦-૪૦૦ આપતા હોય ત્યારે આને શેઠ રૂા. બે હજાર આપતા હોય, વળી ૩ માસનું બોનસ, અને શેઠને કોઈ સોદામાં ખાસ્સુ મળે ત્યારે સારું ઈનામ આપતા હોય; વળી આ

ગુમાસ્તાની દીકરા-દીકરી પરણતા હોય ત્યારે ખાસો ૪-૫ હજાર રૂા. જેવો ચાંલ્લો આપતા હોય, આવી સવલતો શેઠ તરફથી મળતી હોય, તો એ શેઠનો ફોટો ઘરે રાખીએ ફોટાનું ય કેટલું બધું માન કરે ? ત્યાં એને મનમાં એમ ન આવે કે 'આ કયાં શેઠ છે ? આ તો કાગળિયું છે.' એ તો શેઠ સમજીને હારતોરા અને સવારે ઊઠીને પગે પડવાનું કરે છે.

બસ, આપણને જો એમ લાગે કે પ્રભુના પ્રતાપે આપણને ઘણું ઘણું મળ્યું છે, તો ગુમાસ્તાને દિલાવર શેઠના ફોટાની જેમ આપણને પ્રભુની મૂર્તિ પર અનહદ માન ને અનહદ ભાવ થયા વિના રહે નહિ, બાપથી ઘણું પામેલો લાયક પુત્ર બાપના ફોટાને રોજ સવારે ઊઠીને પગે પડે છે, ફોટાને હાર પહેરાવે છે, સારું ડેકોરેશન કરે છે, તે શું એની મૂઢતા છે ? અજ્ઞાનતા છે ?

**દેશરક્ષકના પૂતળાનું સન્માન શા શા લાભ કરે છે ? :-**

દેશ પર ભયંકર આફત આવી હોય, તરકડાઓ કે ઘાતકી લૂંટારાઓનું ભયાનક આક્રમણ આવ્યું હોય, અને એ આફત-આક્રમણમાંથી કોઈ નરવીરો પ્રાણ ખોઈને ય દેશનું જબરદસ્ત રક્ષણ કર્યું, તો પછીથી લોકો એ નરવીરના બાવલાને સન્માને છે તો શું એ મૂઢતા છે ? લોકો શું એ અજ્ઞાન પ્રવૃત્તિ કરે છે ? કે એ દ્વારા કૃતજ્ઞતા બજાવે છે ? ઉપકાર-સ્મરણ કરે છે ? અને એવા પરાક્રમની પ્રેરણા મેળવે છે ? ઉપકાર અને ગુણો યાદ કરવાનું, કૃતજ્ઞતા બજાવવાનું અને સારી પ્રેરણા મેળવવાનું જે પ્રવૃત્તિમાં થાય એ પ્રવૃત્તિને અજ્ઞાનતા મૂઢતાની પ્રવૃત્તિ કહેવી એ કહેવાનું જ અજ્ઞાનતા-મૂઢતા ભર્યું છે.

લાયક દીકરો અવકાશે બાપના ફોટાને જોઈ એમ વિચારતો હોય કે 'બાપુ ! તમે તો મારા માટે ઘણું કર્યું, મને ઘણી સારી શિખામણો આપી, પરંતુ મેં એ જીવનમાં ઉતારી નહિ, તેથી કયાં તમે મહા ગુણિયલ ? અને કયાં હું આજે નિર્ગુણી ? એમ કહી આંખમાં આસું ભાવાંજલિ આપતો હોય, તો શું એ મૂઢતા કરી રહ્યો છે ? ના, એ સ્વદોષદર્શન કરી અને પૂજ્યનો વિનય કરી જીવન-ઉત્થાન કરી રહ્યો છે. પોતાના દોષોનું ભાન કરવું, ઉપકારીના ઉપકાર ભાવભીના હૃદયે યાદ કરવા, એ બધું જીવનનું ઉત્થાન છે. 'ફોટો એ કયાં બાપ છે ? એને શાનું પગે પડવાનું ? એને શાના આંસુ પાડવાના ?' આવા આવા ઉઠાવા કરવા એ નરી અજ્ઞાનતા છે, મૂઢતા છે. આગળ વધીને એ ફોટા પર દ્વેષ-અભાવ-અરુચિ કરવી એ મગજનો મહા અંધકાર છે.

**પ્ર.**- શું ફોટા વિના ઉપકાર યાદ ન થાય ?

ઉ.- બાળકને દાદાના ગુણો ને ઉપકારો એમ જ ધ્યાન પર લાવવાને બદલે



દાદાનો ફોટો દેખાડી કહેવાય કે 'જો આ દાદાજીએ આવાં આવાં સુકૃત કર્યા, આવા આપણા ઉપકારી હતા તો એની વધુ અસર થાય છે. એમ જીવની બાળ અવસ્થામાં ફોટો દેખીને જે અસરકારક ઉપકાર સ્મરણ થાય, એવું ફોટા વિના નહિ. બાકી શું બાપના ફોટા પર દ્વેષ-અભાવ થાય ? એ તો કહો,-ફોટાને જોઈ જોઈ વારે વારે બાપના ઉપકાર અને ગુણો યાદ કરે છે, અને કૃતજ્ઞતાથી બાપને નમસ્કાર કરવારૂપે ફોટાને નમસ્કાર કરી રહ્યો છે એ શું ખોટું કરી રહ્યો છે ? ખોટું કરે છે એવું કહેનારને આત્માના ભાવના સાયન્સની ખબર નથી.'

(૧) એમ વારે વારે નમન કરીને જાતના અહંકાર દોષને તોડી રહ્યો છે.

**મોક્ષની-વીતરાગતાની આડે અહંકારની તો મોટી દિવાલ છે. એ વીતરાગને નમન આદિથી તૂટે.**

કેમકે, એના પર આ રીતે વારંવારના નમનથી ઘા પડતા રહે ત્યારે એ જર્જરિત થવા લાગે છે.

(૨) વળી, બાપના ફોટાને જોઈ જોઈ નક્કર રીતે એમના ઉપકારો યાદ કરે છે, એ કૃતજ્ઞતાનો પાયાનો ગુણ દઢ કરી રહ્યો છે. એમાં સ્વાર્થાંધતાનો દોષ કપાતો આવે છે.

(૩) એમ, બાપના ગુણોને વારે વારે યાદ કરી રહ્યો છે એ પ્રમોદ ભાવના ભાવી રહ્યો છે, ગુણાનુરાગ કેળવી રહ્યો છે. એથી પોતાના આત્મામાં ગુણબીજનું આધાન-વાવેતર કરી રહ્યો છે.

(૪) વળી, હિતની શિખામણ આપતા ગુણિયલ બાપના ફોટાને જોઈ જોઈ, એમની શિખામણ યાદ કરી કરી પોતાના દોષની નિંદા ગર્હા-સંતાપ કરી રહ્યો છે, એ દુષ્કૃત્ય-ગર્હાનું ઉત્તમ કાર્ય કરી રહ્યો છે. એથી પોતાના પાપના અનુબંધ અર્થાત્ બીજશક્તિ કે જે નવાં નવાં પાપ કરાવે, એને તોડી રહ્યો છે.

**જિન મૂર્તિના લાભ :-**

આ બધું ફોટો સામે છે તો નક્કર રીતે કરી રહ્યો છે. એક બાપના ફોટા પર આવા આવા ભાવોના લાભ, તો પછી વીતરાગ પરમાત્માની મૂર્તિ સામે રાખી એમના અનન્ય ઉપકારનું સ્મરણ, એમના ગુણોનું સ્મરણ, પોતાના દોષોની ગર્હા, તથા એમનાં પૂજન-નમન વગેરેના કેટલા મોટા લાભ ? (૧) પોતાના અહંકાર પર કેવા ઘા પડે ? (૨) કૃતજ્ઞતા કેવી ખીલે ? (૩) સ્વ-દુષ્કૃતગર્હા કેવી થાય ? (૪) ગુણાનુરાગ-પ્રમોદભાવના કેવી વિકસે ? (૫) સ્વાર્થાંધતા કપાતી આવે ? (૬) વૈરાગ્ય કેવો વિકસ્વર બને ?

**અનાભોગ ભક્તિના લાભ મૂર્તિદ્વેષી ન સમજે :-**

દેવપાળ રાજાની આગળ દમસાર કેવળજ્ઞાની ભગવંત આ કહી રહ્યા છે કે, 'જિનબિંબ પર ભદ્રકતાથી ઓવારી જઈ આકર્ષિત થઈ, જિનેશ્વર ભગવાનના યથાર્થ ગુણ નહિ જાણવા છતાં, એમનાં દર્શન-વંદન-પૂજામાં લાગે છે, એ અનાભોગ-પૂજાભક્તિ કરી રહ્યો છે, અને એ એને બોધિરત્નનું કારણ બને છે; ત્યારે'

**જેને જિનબિંબ પર દ્વેષ-અભાવ-અણગમો થાય છે; એ અનંત ભવભ્રમણ ઊભું કરી રહ્યો છે.**

કુપથ્ય ખાનારો મહારોગી જેમ ભાવી મહાપીડાને નોંતરી રહ્યો છે એવી દશા જિનબિંબ પર દ્વેષ ધરનારની થાય છે; વિશેષ ભયંકરતા એટલી કે આ અનંત ભવોની કારમી પીડાને નોંતરી રહ્યો છે ! માટે ભૂલેચૂકે જિનબિંબ પર સહેજ પણ દ્વેષ-અભાવ-અણગમો કરવા જેવો નથી.

એ પછી કેવળજ્ઞાની મહર્ષિએ અરિહંતની પૂજાભક્તિના પ્રકારમાં યોગની આઠ દૃષ્ટિ બતાવી, એ વિસ્તારથી સમજવા જેવી છે, તેથી અહીં હાલ એનો વિચાર ન કરતાં હવે રાજા દેવપાલ શું કરે છે એ જોઈએ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''　　　વર્ષ-૨૩,અંક-૩૪,તા.૧૦-૫-૧૯૭૫**

દેવપાળ અરિહંત પ્રભુનો ભક્ત તો બન્યો જ હતો. શ્રાવક-કુળમાં જન્મેલો નહિ, જૈનેતર ક્ષત્રિયકુળમાં જન્મેલો, છતાં શ્રાવકશેઠના સહવાસથી અને જૈન મુનિઓના ઉપદેશથી અર્હદ્-ભક્ત બનેલો, એમાં વળી જંગલમાં અરિહંત પ્રભુ ઋષભદેવ ભગવાનની મૂર્તિ પામ્યો, તેથી તો ભક્તિ એટલી બધી વધી ગયેલી કે બહાર ન નીકળાય એવી સાત દિવસની વરસાદની હેલિમાં દર્શન ન પામ્યો તો ચોવિહાર ઉપવાસ કર્યા, અને આઠમે દિવસે એ ભગવાનનાં દર્શન પામતાં પોતે દર્શન ન કર્યાના અપરાધની ક્ષમા માગે છે ! એમાં વળી ચક્રેશ્વરી દેવી જોઈએ તે માગી લેવા કહે છે, તો એકલી જિનભક્તિ જ માંગતા કહે છે કે 'આ ભક્તિની આગળ ત્રિભુવનનું રાજ્ય પણ ઐરાવણ હાથીની સામે ગધેડા તુલ્ય છે. તો ઐરાવણ વેચીને ગધેડો કોણ ખરીદે ?' મૂળમાં, જો મૂર્તિ જ માન્ય-પૂજ્ય ન હોત તો આ નોકર આ બધું પામી શકત ખરો ? મૂર્તિ માન્ય-પૂજ્ય કરવા પર એ કેવુંક પામ્યો ? પ્રભુભક્તિ સામે મોટું રાજ્ય વિસાતમાં નહિ.

આવી અરિહંતભક્તિને ધરનાર દેવપાળને રાજા બન્યા પછી હવે દમસાર કેવળજ્ઞાની ભગવંત પાસેથી શું શું પામ્યો ?



**પાંચ રીતે અરિહંતભક્તિ :-**

(૧) દ્રવ્યપૂજા-ભાવપૂજા,
(૨) તામસભક્તિ-રાજસભક્તિ-સાત્ત્વિકભક્તિ,
(૩) પુષ્પાદિપૂજા-દેવદ્રવ્યવૃદ્ધિ-તીર્થયાત્રા-અઠ્ઠાઈ-મહોત્સવાદિ-જિનાજ્ઞાપાલન,
(૪) આભોગભક્તિ-અનાભોગભક્તિ, અને
(૫) યોગની આઠ દૃષ્ટિરૂપ ભક્તિ,

એ જિનભક્તિના પ્રકાર સાંભળવા સમજવા મળ્યા, એટલે તો જિનભક્તિ અંગેનો મહાપ્રકાશ મળ્યાથી એને અનહદ આનંદ આનંદ ઊભરાઈ ઊઠે છે ! એમાં વળી જિનાજ્ઞાપાલનરૂપ શ્રેષ્ઠ ભક્તિમાં સમ્યગ્દર્શન સહિત સાધુધર્મ અને શ્રાવકધર્મનું વર્ણન સાંભળ્યું છે, એમાં સાધુધર્મ એ જ જીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય અને સર્વેસર્વા જિનાજ્ઞાપાલનરૂપ શ્રેષ્ઠ જિનભક્તિ સમજવા છતાં પોતાની કમ તાકાતથી હાલ નહિ લઈ શકવાનું દુઃખ કરે છે, ભવિષ્યમાં ક્યારે વહેલી તકે વીર્યોલ્લાસ જાગી એ લેવાય એના કોડ કરે છે, અને જ્ઞાનીની પાસે શ્રાવક ધર્મના વ્રતો સ્વીકારે છે.

શું ? જ્ઞાની ગુરુ મળ્યા ઉપદેશ સાંભળ્યો, તો પહેલે જ તબક્કે સમ્યગ્દર્શન સહિત શ્રાવક-ધર્મના વ્રતો લઈ લીધા. તમારે ? કેટલાં વ્યાખ્યાન સાંભળ્યા પછી વ્રત લેવાના ?

**ગુરુની કેટલી મુલાકાતો પછી આત્માને સંસારના વિષયવનમાંથી બહાર કાઢી વિરતિના સીધા માર્ગ પર લાવવાનો ?**

આત્માને અજવાળનારા ક્યારે સારા વ્રત નિયમ ગ્રહણ કરવાના ? આત્માનો વિચાર છે ? સારો ઉપદેશ સાંભળ્યો હોય, ભાવનો ટેમ્પો ચડ્યો હોય, એ સુવર્ણ તક મળી, એની કિંમત સમજો છો ? દેવપાળને એની કિંમત સમજાઈ, તો 'તરત દાન ને મહાપુણ્ય,' તરત વ્રતો લઈ લીધા.

હવે એ જ્ઞાનીના પગે પડીને ઉપકાર માનતાં કહે છે,-

'પ્રભુ ! આપે આજે મારા પર મહા ઉપકાર કર્યો, આપની કેટલી બધી દયા ! અમારા પર કેટલું અપરંપાર વાત્સલ્ય ! આપ જેવા નિઃસ્વાર્થી હિતૈષી વિના આ અનન્ય ઉપકાર કોણ કરે ? પ્રભુ ! હું આપનો ભવો-ભવનો ઋણી છું. અનંત કાળમાં કદાચ નહિ મળ્યું હોય એ આજે મને આપની પાસેથી મળ્યું. આપને કોટિ કોટિ નમસ્કાર.'

**દેવપાળ રાણીને શું કહે છે ? :-**

દેવપાળ પછી મુકામે પહોંચ્યો. પોતાની રાણી મનોરમા સાથે ગુરુ પાસેથી સાંભળેલી વાણીને વિચારે છે, ગુરુના અનન્ય ઉપકારને યાદ કરે છે, અને હવે અરિહંત

પરમાત્માની વિવિધ ભક્તિ કરવા યોજનાઓ ઘડે છે. રાણી પણ એવી મળી ગઈ છે કે જે એના વિચારમાં પૂરો ટેકો પૂરે છે. એ કહે છે 'સ્વામીનાથ ! મારાં તો અહોભાગ્ય છે કે આપ સ્વામી મળ્યાથી આવા દેવાધિદેવ અને ગુરુનો યોગ થયો. આપના જે વિચાર તે જ મારા વિચાર સમજજો એને અનુસરવા મારું અહોભાગ્ય સમજું છું. હવે આપ પ્રભુની વિવિધ ભક્તિ કરવામાં વિલંબ કરશો નહિ.'

**ભવ્ય જિનમંદિર નિર્માણ :-**

રાજા દેવપાલે હવે પહેલાં તો એક મહાન જિનમંદિર બનાવવાની તૈયારી કરવા માંડી. કારીગરો તેડ્યા, ભવ્ય મંદિરનો પ્લાન કરાવ્યો, અને કારીગરોને કામે લગાડી દીધા. એમનાં મન અતિ પ્રસન્ન રાખવા છે એટલે એમની ધારણા કરતાં ઊંચા મહેનતાણાં આપે છે, ને ભોજન વગેરે સગવડ પણ ઊંચી જાતની અપાવે છે. એક બાજુ દેરાસર થવા આવે છે, ને બીજી બાજુ એ પ્રભુજીની સુવર્ણમય ભવ્ય પ્રતિમા ભરાવે છે. સમય બહુ લગાડવો નથી એટલે કારીગરો વધારે રોકાવ્યા છે, ને મહેનતાણું પણ ખૂબ આપે છે. જોતજોતામાં એક ભવ્ય દેરાસર તૈયાર થઈ ગયું. એ દેવવિમાનશું શોભી રહ્યું છે ! શિખર ઊંચું લીધું છે; અને નીચેની જગતી પીઠ પણ ઊંચી લીધી હોઈ દેરાસર જમીનથી સારું ઊંચું શોભે છે. મંદિરમાં ગર્ભગૃહ ચોકીઓ, રંગમંડપ, ઘુમટ, તોરણો, ઘુમટમાં નકસીકામ, પૂતળીઓ વગેરે દર્શનીય બનાવરાવ્યા છે.

**ભવ્ય મંદિર ભક્તિ :-**

હવે કેવળી ભગવાન દમસાર મહર્ષિને નોંતરી મૂર્તિમાં દેવાધિદેવત્વની પ્રાણપ્રતિષ્ઠા પંચકલ્યાણક મહોત્સવપૂર્વક કરાવે છે, ને મંદિરમાં એ પ્રભુજીની પ્રતિષ્ઠા પણ ભવ્ય વિધિથી કરાવે છે. શિખર પર ઊંચો ધ્વજાદંડ અને એના પર મનોહર ધજા જાણે આકાશ સાથે વાત કરી રહ્યા છે. મંદિરની આસપાસ બગીચો બનાવરાવ્યાથી શોભા ઓર વધી ગઈ છે.

આ બધા પ્રસંગોમાં રાજા ઔચિત્યદાન, અનુકંપાદાન વગેરે એવાં કરે છે કે ચારેકોર લોકોમાં જિનશાસન પ્રત્યે મહાન આકર્ષણ ઊભું થાય છે, શાસનની મહાન પ્રશંસા-પ્રભાવના ફેલાય છે. અવરનવર એમાં પૂજાભક્તિ-મહોત્સવ અને દાનવિધિથી લોકો ખૂબ ખેંચાય છે. એમાં વળી આચાર્યાદિ જ્ઞાની ભગવંતનો ઉપદેશ વરસે છે, તેથી કેઈ જીવોને જૈન ધર્મ પામવાનું સહેજે બની આવે છે. લોકમાં જિનભક્તિ પ્રસરતી જોઈ રાજાને આનંદનો પાર નથી. પોતાને ભગવાન ગમ્યા, ભગવાનની ભક્તિ ગમી, એટલે જનસાધારણમાં કેમ પ્રભુનો મહિમા વધે, અને પ્રભુની ભક્તિ વધે, એ ઝંખના રાજાને દિનરાત રહે છે. તેથી એનાં અનેક પ્રકારે આયોજન કરાવે



છે. બધે જ પૈસા તો પાણીના રેલાની જેમ વાપરે છે. હૈયે અરિહંત પ્રભુ એવા વસી ગયા છે કે પ્રભુની ભક્તિ ઊછળતા દિલથી ને ભારે ભોગ આપીને કરવામાં કોઈ હદ જ નથી રાખી.

**ભક્ત હૃદયને ભક્તિમાં શક્ય દ્રવ્યવ્યય કરવામાં હિસાબ હોય નહિ.**

**દિલમાં પ્રભુભક્તિ આગળ ધનપ્રીતિ સુકાઈ જાય :-**

તોલી તોલીને ને જોખી જોખીને ખર્ચવાની વાત નહિ. કારીગરો શું, મજુરો શું, કે લોકો શું, પ્રભુભક્તિ નિમિત્તે એમનાં મોઢાં ભરી દેવાની જ વાત. 'આ ખર્ચની શી જરૂર છે ? આના વિના ચાલશે. આમાં કરકસર કરો. આવા હિસાબ તો પ્રભુભક્તિ કરતાં ધનપ્રીતિના ઘરના છે.'

ભગવાનની અનેરી ભક્તિ કરવી છે ? તો ધનની અનેરી પ્રીતિ પડતી મૂકો સમજી રાખો, -જિનભક્તિની આગળ ધનપ્રીતિ તો સુકાઈ જાય; તો જ અનેરી પ્રભુભક્તિ થાય.

**અચલગઢ ઉપર** કેવું અદ્ભુત ગગનચુંબી જિન મંદિર છે. રાણકપુરનું મંદિર જેમણે બંધાવ્યું એ ધરણશાહ પોરવાલના ભાઈએ અચલગઢનું જિનમંદિર બંધાવ્યું. એની પ્રતિષ્ઠા કરવા માટે યાત્રાસંઘ લઈને આવ્યા, જેથી પ્રતિષ્ઠા પર મહામેદની રહે. ભવ્ય જાહોજલાલીથી પ્રતિષ્ઠા કરાવી, અને પછી એની ખુશાલીમાં ત્યાં માણસોમાં એક લાખ રૂપિયાનું ઔચિત્ય દાન કર્યું. શું સમજીને આટલો બધો ખર્ચ ? આ સમજીને કે,-

**જિનભક્તિમાં ઉદારતા માટે પ્રેરક સમજો :-**

(૧) પ્રભુના પ્રભાવે મળેલું ધન પ્રભુભક્તિમાં ને જિનાજ્ઞાપાલનમાં જેટલું જાય એટલું ઉપકારનો ભાર નીચે ઉતારે છે. એટલી કૃતજ્ઞતા છે.

(૨) ધન પૂર્વની પ્રભુભક્તિના ઘરનું છે. એ સંસારના પલ્લે જાય એટલું સતીનો માલ વેશ્યાને ગયો, અને પ્રભુભક્તિમાં ગયું એટલો સતીનો માલ સતીને ગયો.

(૩) ભક્તિ વગેરેમાં ઉપયોગ નહિ લાગેલું ધન ષટ્કાય-જીવસંહારમાં અને ગોઝારા વિષય-વિલાસમાં જવાનું છે.

(૪) જિનેશ્વર ભગવાનનાં ચરણે અર્પેલ લક્ષ્મી અક્ષય લક્ષ્મી નિપજાવે છે.

(૫) જગતમાં શ્રેષ્ઠ અને સુયોગ્ય પાત્ર કોઈ હોય તો તે માત્ર શ્રી જિનેશ્વર ભગવાન છે. એમની ભક્તિમાં અર્પેલા ધનનો શ્રેષ્ઠ વિનિયોગ થયો, શ્રેષ્ઠ ફળદાયી વાવેતર થયું ગણાય. પોતાની વસ્તુ સારામાં સારા સ્થાને જાય એ સજ્જનના કોડ હોય અને એમ બનવામાં અત્યંત આનંદ થાય.

(૬) જિનેશ્વર ભગવાન પરના પ્રેમથી એમની ભક્તિમાં પૈસાનો ભોગ આપીને તો ભગવાનની નિકટતા થાય છે. ધનનો ભોગ જો નથી આપવો તો ધન હૈયાને નિકટ રહે છે અને ભગવાન અંતરથી વેગળા. દુનિયાના વહેવારમાં પણ જુઓ, જ્યાં ભોગ અપાય છે ત્યાં પ્રેમ અને નિકટતા વધે છે. તો પછી ધર્મક્ષેત્રમાં ભોગ આપ્યા વિના જ પ્રેમ વધી જાય ? મોક્ષ જલદી મળે ?

**અર્હદ્ ભક્તિ માટે રાજ્યખટપટથી દૂર :-**

પૂર્વ પુરુષોએ પરમાત્માની ભક્તિની વાત આવી તો એમાં શક્તિ અનુસાર ભારે ભોગ આપી તન-મન-ધન ખરચવામાં પાછું વાળીને જોયું નહિ ત્યારે જ એમને દિલમાં પરમાત્માની સગાઈ થઈ. દેવપાળ રાજા પણ હવે એ જ કરી રહ્યો છે. નગરમાં એક મહાન દેરાસર તો બંધાવ્યું. હવે બીજે પણ ઠેકાણે ઠેકાણે કૈલાસ સમાન સુંદર જિનચૈત્યો બંધાવે છે, ભવ્ય પ્રતિમાઓ વિધિપૂર્વક ભરાવે છે, અને એની અંજનશલાકા-પ્રતિષ્ઠા વિધિઓ ધામધુમથી ઉજવાવે છે.

રાજા દેવપાળે રાજ્યકારભાર સંભાળવાનું નહિ રાખ્યું હોય ? ના, એવું નહિ. પોતાના મુખ્ય અમાત્ય પોતાના પૂર્વના ઉપકારી ધર્મિષ્ઠ શેઠને બનાવ્યા છે, એટલે ખરેખરા વિશ્વાસપાત્ર અને પ્રામાણિક કારભારી મળી ગયા છે, તેથી રાજ્યનો કારભાર લગભગ એમના માથે સોંપ્યો છે; પછી પોતાને અરિહંતની વિવિધ ભક્તિ કરવાનો પૂરો અવકાશ મળી રહે છે; તો શું કામ બાકી રાખે ?

દેવપાળ રાણી મનોરમા સાથે નગરના પોતાના બનાવેલા મુખ્ય દેરાસરમાં રોજ ત્રિકાળ પ્રભુભક્તિ કરે છે. એ પણ ખૂબ ભવ્ય સામગ્રીથી અને ભારે ભાવોલ્લાસ સાથે. આમે ય નોકરપણામાં પણ અરિહંતનો ભક્ત તો હતો જ, કસોટીમાં ય ભક્તિ ઊભી રાખેલી, એને હવે ઊંચા સાધનોથી ભક્તિ કરવાનો મોકો મળ્યો પછી એમાં લયલીન થઈ જાય એમાં શી નવાઈ ? રાજ્ય ચલાવવું અને ઠસ્સો ભોગવવો, એની એને મન કશી કિંમત નથી. કિંમત પ્રભુભક્તિની છે, તેથી એણે એ ખટપટ મૂકી પ્રભુભક્તિ મુખ્ય બનાવી છે, ને એ એમાં ઓતપ્રોત રહે છે.

**તીર્થંકરનામકર્મ ઉપાર્જવા માટે અરિહંત પદની આરાધના છે, પણ તે આરાધના જીવનનું મુખ્ય અંગ બનીને, અને ભારે ભોગપૂર્વક એમાં ઓતપ્રોત થઈને કરાય તો.**

**દેવપાળની પાંચે પ્રકારે જિનભક્તિ :-**

દેવપાળ એ માગે છે. અરિહંતપ્રભુની પાંચે પ્રકારની ભક્તિમાં એ કચાશ નથી રાખતો.

(૧) રોજની પુષ્પાદિથી ભક્તિ તો ત્રિકાળ કરી રહ્યો છે.



(૨) દેવદ્રવ્યની વૃદ્ધિમાં એ દેરાસરોમાં પ્રભુજીને માટે સોના-ચાંદી-હીરા-મોતીના મહાન આભૂષણો કરાવી અર્પણ કરે છે. એમ ભગવાનની પૂજા ભક્તિ અર્થે ઉપયોગી થાય એવું બીજું કેટલુંય અર્પણ કર્યે જાય છે.

**(૩) યાત્રાસંઘ કેવો :-**

(૩) દેવપાળરાજા તીર્થયાત્રાની ભક્તિમાં તીર્થ તરફ યાત્રાસંઘ લઈને જાય છે. આમાં વળી ગામેગામ ધર્મપ્રભાવના અને શાસનપ્રભાવનાના મહાન લાભ હોવાથી રાજાએ લક્ષ્મીના સદ્વ્યયની ભારે ઉદારતા રાખી છે, અને સંઘમાં સાથે મહાજ્ઞાની આચાર્ય ભગવંત આદિને લીધા છે, જેથી ગામેગામ એમનો ભવ્ય ધર્મોપદેશ વરસ્યા કરે છે, યાત્રિકોમાં નવનવી નિર્મળ ભાવના જાગતી જાય, વધતી જાય, પુષ્ટ થતી જાય છે; તેમજ ગામ-લોકોને પણ ધર્મરુચિ જાગે છે, દોષત્યાગ ને ગુણગ્રહણની પ્રેરણા મળે છે. રાજાના સંઘમાં આ કામ ધમધોકાર ચાલ્યું છે. એક તો ગામ મોટા નગર જેવો સંઘનો પડાવ જોવા અને એમાં ગીત-વાજિંત્ર-હાથી-ઘોડા વગેરેનો ઠાઠ જોવા ઊમટે છે, જોઈને આકર્ષિત બને છે, અને વધારામાં ત્યાં આચાર્યનો ઉપદેશ સાંભળે છે, પછી પાણી પાણી થઈ જાય, ને જૈનધર્મ-જૈનમુનિઓ દેવવિમાનશા જિનમંદિર વગેરે પર ઓવારી જાય એમાં શું આશ્ચર્ય ? ઓવારી જતાં કોઈકની આંખો ભીની થઈ જાય છે. ઉપદેશ સાંભળીને જીવહિંસા ન કરવી, માંસ-મદિરા ત્યાગ; વગેરે નિયમો ગ્રહણ કરે છે, રાજા એમને પણ પ્રભાવના વહેંચે છે. આમ શાસનની ઈતરોમાં પ્રભાવના થઈ રહી છે.

ત્યારે જૈનોમાં ધર્મપ્રભાવના પણ કેવી સુંદર થઈ રહી છે ! રાજા સંઘવી યાત્રિકોની ખૂબ સગવડ સાચવે છે, તે પણ એમના પ્રત્યે ભારે સદ્ભાવ-સન્માન સાથે. રાજાના હૈયામાં અરિહંત પ્રભુ પર અનહદ ભક્તિભાવ ઊછળે છે એટલે 'પ્રભુ મારા' એમ પોતાના કરેલા પ્રભુની યાત્રાએ ચાલી પ્રભુની વાહવાહ વધારનારા યાત્રિકો માટે કેમ એને ખૂબ માન અને સ્નેહ ન થાય ? ઉદારતાથી યાત્રિકોની સુંદર કોટિની ભક્તિ થતી હોવાથી એમને ધર્મશ્રદ્ધા વધતી જાય છે, ધર્મ-આરાધનામાં જોમ વધતું જાય છે. ગામેગામ રાજા જ્યાં જિનમંદિર-ધર્મશાળાના જીર્ણોદ્ધારની જરૂર હોય, અનુકંપાની જરૂર હોય સાધર્મિક સીદાતા હોય, વગેરે વગેરેમાં પુષ્કળ ધન ખર્ચે છે. એમ યાત્રિકો પણ એમાં પોતાની શક્તિ પ્રમાણે લાભ લે છે. આમ રાજા દ્વારા ધર્મ પ્રભાવનાનો રંગ જામ્યો છે. પછી તીર્થે પહોંચીને તો ધર્મરંગનું પૂછવાનું જ શું ? તીર્થયાત્રાઓનો સુંદર લાભ રાજા લઈ રહ્યો છે. છ'રી' પાળતા સંઘમાં ભરપૂર સુકૃતો, સદ્વ્યય ઉપરાંત શાસન પ્રભાવના અને ધર્મપ્રભાવનાના કેટલા ઉત્તમ લાભ ! ભાગ્ય છે આ લાભ લેવાનું ?

(૪) દેવપાળ રાજા ચોથા પ્રકારની અર્હ્દ્ભક્તિમા જિનભક્તિના મહાન મહોત્સવો યોજે છે. પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ, ચમકતા આભૂષણોની ગોઠવણ, મંદિરમાં ઝાકઝમાળ શોભાઓ, મંદિર બહાર મોટા ભવ્ય શણગારેલા મંડપો, ગીત-વાજિંત્ર સાથે અરિહંત દેવના વિશિષ્ટ પૂજનો, અનુકંપા દાન, ગુરુમહારાજના વ્યાખ્યાનો વગેરેથી મહોત્સવ ખૂબ દીપી રહ્યા છે.

**(૫) વીતરાગની આજ્ઞાનું પાલન** એ પાંચમી અર્હ્દ્ભક્તિમાં તો રાજાને હૈયે અદ્ભુત સમ્યગ્દર્શન ઝગારા મારી રહ્યું છે. એની રુએ એના આઠ આચારનું પાલન ભવ્ય રીતે કરે છે. (૧) જિનવચન પર અથાગ શ્રદ્ધાથી એમાં લેશપણ શંકાકુશંકા નહિ. (૨) મિથ્યાદર્શનોની લેશ કાંક્ષા-આકાંક્ષા નહિ ત્યારે, ભક્તિના ફળમાં કશી લૌકિક સુખની કામના જ નથી એટલે (૩) 'વિચિકિત્સા' દોષ અર્થાત્ ધર્મના ફળના સંદેહ નથી તેમ (૪) ઇતરોના પોતાના ધર્મના કરાતા ઉત્સવ વગેરેમાં રાજાને કશું આકર્ષણ નથી, મૂઢ દૃષ્ટિ નથી, મોહમૂઢ દૃષ્ટિથી 'એમાંય સારું છે.' વગેરે ઘેલા ભાવ જાગતા નથી.

સમ્યગ્દર્શનના પાછલા ચાર આચારમાં (૧) સાધર્મિકના ગુણ સુકૃત-સાધનાની ઉપબૃંહણા-પ્રશંસા-પ્રોત્સાહન (૨) શ્રદ્ધાસાધના-ચારિત્રમાં શિથિલ પડતા સાધર્મિકનું શામ-દામથી સ્થિરીકરણ, (૩) સાધર્મિકોનું અનેકાનેક પ્રકારે વાત્સલ્ય સાકાર બને એવી ચર્યાઓ યોજનાઓ, અને (૪) અનેક પ્રકારે શાસનની પ્રભાવના પણ કર્યે જાય છે.

**દેવપાલને તીર્થંકર નામકર્મ :-**

આમ જિનાજ્ઞા-સ્વીકારરૂપ પાલન પણ રાજા ભવ્ય રીતે કરી રહ્યો છે. ત્યારે આજ્ઞાપાલન તરીકે જીવનમાં શક્ય વ્રતનિયમનો પણ રાજા આદર સાથે અભ્યાસ કરે છે.

બસ, પાંચે પ્રકારની ભક્તિ કરતાં કરતાં સમ્યગ્દર્શન એટલું બધું નિર્મળ થઈ રહ્યું છે, સાથે શક્તિ આવ્યે જગતના જીવમાત્રને તારવાની કરુણા-ભાવના સેવે છે, એ અનુપમ અધ્યવસાયો સાથે અરિહંતપદ આરાધતાં રાજા દેવપાલ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે.

એ કેવોક ભાગ્યશાળી ! ક્યાં નોકરપણામાંથી જગતમાં માનવંતા રાજાપણાના પદે પહોંચવાનું ? અને ક્યાં એનાથી અલિપ્ત રહી અરિહંતપદની આરાધનામાં લયલીન થવાનું ?

**માનવહૃદય મહાન છે ?**

એમાં રાજવીપદ વગેરે દુન્યવી સુખદપદોની સુંવાળી આસક્તિને ન ઊભી



રાખતાં પરમાત્માની ભક્તિની આસક્તિ ધારીએ એટલી વિકસાવી શકાય છે. તો એથી શું માણસ દુઃખી થઈ જાય છે ? અગર જગતમાં અપમાનિત થઈ જાય છે ? ના, કશું જ નહિ, અરિહંત ભક્તિની જ લગનવાળો તો દુઃખ-અપમાન નહિ, ઊલટું ખરેખરું અપૂર્વ સુખ અને લોકહૈયાનાં સાચાં સન્માન પામે છે.

વિચારો, માણસ રહેવાની સગવડવાળું ચાલુ મકાન મૂકીને બે લાખનો બંગલો બાંધી એમાં રહે, એમાં વધુ સુખ ? કે એના બદલે બે લાખ રૂપિયા કોઈ મહાન તીર્થે સંઘ લઈને જાય યા ભવ્ય મંદિર-ઉપાશ્રય બંધાવે એમાં વધુ સુખ અનુભવે ? ખરાં સન્માન કયાં પામે ? આ તો આ લોકની દૃષ્ટિએ; બાકી પરલોકની દૃષ્ટિએ તો બંગલાથી પુણ્ય મળવાને તો કોઈ અવકાશ જ નથી, જ્યારે યાત્રાસંઘ-મંદિર-ઉપાશ્રયથી પુણ્યનો ઢગલો કમાવાનો મળે છે. માનવ હૃદયમાં વસાવેલી અરિહંત-ભક્તિની મહત્તા સમજાવી જોઈએ કે જો એ વસાવાય તો એ હૃદય કેટલું મહાન બની જાય !

**અર્હદ્ભક્તિ કોના હૈયે ઊંચી આવી શકે ? :-**

ખૂબી તો એ છે કે આવી અર્હદ્ભક્તિ હૈયે કોણ વસાવી શકે ? કોના હૈયામાં ભક્તિની લગન-આસક્તિ જામી શકે ? એ માટે એવો નિયમ નથી કે શ્રીમંતના જ હૈયે એ આવી શકે, યા શરીરે લષ્ટપુષ્ટને જ એ આવે, અથવા સારી પ્રતિષ્ઠા-પરિવારવાળાને જ એ આવી શકે; ના, દુનિયામાં જેને ઝાઝા લોક ઓળખતા પારખતા ન હોય, જે પરિવાર વિનાનો એકલદોકલ હોય, જે શરીરે દુર્બલ હોય, જે ગરીબ હોય, એવો પણ જીવ હૈયે પ્રભુભક્તિ વસાવી શકે, ભક્તિની લગન લગાડી શકે. દેવપાળ કયાં શ્રીમંત હતો ? કયાં એવી પ્રતિષ્ઠા-પરિવારવાળો હતો ? છતાં એણે હૈયે અર્હદ્ભક્તિ કેવી વસાવી ? ભક્તિની લગન કેવી લગાડી ? એવી કે જે એના શેઠ શ્રાવકના હૈયે નહિ. એમ દેવપાળે રાજા થઈને, અનેક ઉપાધિ માથે હોય એને ય બહુ મન પર ન લઈને, અર્હદ્ભક્તિ ભારે વિકસાવી, ભક્તિની લગન-આસક્તિ એટલી બધી વધારી કે રાજખટપટ મંત્રીઓને માથે નાખી પોતે એ ભાર ઉતારીને અનેક પ્રકારની અર્હદ્ભક્તિની કાર્યવાહીમાં જ પરોવાયેલો રહે છે એમાં એને ઉલ્લાસનો પાર નથી અને એમાં સમ્યગ્દર્શન ઘણું ઘણું વિશુદ્ધ કરતાં ઠેઠ તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જે છે !

આ જો ધ્યાન પર લેવાય કે 'એક ગરીબ નોકર-માણસ પણ આ જિનભક્તિ મહેકાવીને તીર્થંકરનામકર્મ સુધી પહોંચી શકે છે. તો પછી હું પણ કેમ એ ન સાધી શકું ?' તો અંતરમાં ઉલ્લાસ જાગે અને પુરુષાર્થ વિકસાવવા તમન્ના થાય. શું વિચારવા જેવું નથી લાગતું કે દેવપાળે કેવી સ્થિતિમાં કેટલી ભગીરથ અર્હદ્ભક્તિ

વિકસાવી ? અરિહંત ભગવાનની કેવી લગન લગાડી ?

**ભક્તિને સારી સફળ થવા સહકારી તત્ત્વો :-**

દેવપાળના જીવનમાંથી એટલું ખાસ ખ્યાલમાં રાખવું કે અરિહંત પ્રભુની ભક્તિમાં સાથે સંતોષ, નિસ્પૃહા, સહિષ્ણુતા, પ્રતિજ્ઞાપાલન, પ્રભુભક્તિ વિના ચેન ન પડવું, તકલીફમાં પ્રભુનું જ શરણ, અપરાધીને ક્ષમા પરના ગુનાની ગાંઠ ન વાળવી, અનેકાનેક પ્રકારે ગુણોનો વિકાસ, જ્વલંત મૈત્રી-કરુણા ભાવના વગેરેનો ખપ પૂરો રાખવો જોઈએ. એ ભક્તિને અદ્‌ભુત કામ કરવા માટે સહકારી તત્ત્વો છે.

ત્યારે આ દેવપાળ કે જેને ગરીબાઈમાં ય અર્હદ્‌ભક્તિની ધૂન અને શ્રીમંતાઈમાં ય અર્હદ્‌ભક્તિની ધૂન, એણે એનાં જીવનને કેવું સુખદ બનાવ્યું હશે, એ એવી ભક્તિનો અનુભવ કરે તેને સમજાય.

**દેવપાળનો આગળ કથા પ્રસંગ :-**

એક વાર દેવપાળ રાજા રાણી મનોરમા સાથે નગર બહાર જઈ રહ્યો છે, ત્યાં એક ચિંથરેહાલ કઠિયારો લાકડાંનો ભારો લઈને આવતો દેખાયો. એને જોતાં રાણીને મૂર્ચ્છા આવી ગઈ. રાજા ચોંક્યો કે આ શું ? તરત એ રાણીને પવન નાખે છે, શીતલ પાણી મંગાવી એના મોં પર છાંટે છે, એટલે રાણીની મૂર્ચ્છા ઊતરી. પછી એને પૂછે છે,- 'આ શું ?'

**રાણીનો પૂર્વ ભવ : કઠિયારણ :-**

રાણી કહે છે, 'નાથ ! આ કઠિયારાને જોઈ મને પૂર્વભવ સાંભરી આવ્યો, અને એમાં મારી આવી દશામાંથી જે આજે આ ઉન્નતિ પ્રાપ્ત થઈ છે એના પર મનને ચમકારો લાગવાથી મૂર્ચ્છા આવી ગઈ. ક્રૂર કર્મની લીલારૂપ મારો અને આના જેવા કઠિયારાનો પૂર્વ ભવ સાંભળો.'

પૂર્વ ભવમાં હું અને આવો એક કઠિયારો પત્ની અને પતિ હતા. મહાન અશુભ કર્મના ઉદયે અમે કરુણાજનક અત્યંત દરિદ્ર અવસ્થામાં હતા, તે જંગલમાંથી લાકડાં કાપી લાવી વેચીને માંડ પેટનું પૂરું કરતા હતા. એ અવસ્થા અને આજની અવસ્થા વચ્ચે જોઉં તો કેટલું મોટું અંતર ગણાય ? અત્યારે તો ભર્યા ભંડાર છે એવા કે જિંદગી સુધી ખાયા કરીએ તો ય ખૂટે નહિ. ત્યારે એ વખતે તો રોજની મજૂરીથી માત્ર રોજનો રોટલો ઊભો થતો. એમાં પાસે કશી બચત નહિ એટલે જો જરા મંદવાડ આવ્યો કે વરસાદની હેલી વરસી અને લાકડાં કાપવા ન જઈ શકાયું, તો ભૂખે જ મરવાનું થતું. કેવી દુઃખદ સ્થિતિ ! છતાં આમાં ય જુઓ કેવો ભાગ્યોદય જાગ્યો !





**કઠિયારણનો ભાગ્યોદય : પ્રભુ પ્રાપ્તિ :-**

એક વાર એવું બન્યું કે અમે જંગલમાં લાકડાં કાપવા ગયેલા ત્યાં પર્વત પાસે એક નદી વહેતી હતી, એના તટ પરથી જતાં કલ્યાણકારી એક સુંદર જિનબિંબ જોયું. જોઈને મને અત્યંત હર્ષ થયો કે અહો ! મારું કેવું સદ્‌ભાગ્ય કે અહીં વનવગડામાં ભગવાન મળ્યા ! મારો પતિ એક બાજુ લાકડાં કાપતો હતો. મેં નદીમાં જઈ સ્નાન કર્યું અને લોટો માંજી એમાં ચોકખું પાણી લઈ આવી જગતદયાળુ ભગવાનની પ્રતિમાને અભિષેક કર્યો. પછી આસપાસમાંથી પુષ્પો લઈ આવી પ્રભુને અંગે પુષ્પો ચડાવ્યાં. આમ હૈયાના અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક પરમાત્માની ભક્તિ કરી, પછી ભાવથી પ્રભુનાં ગુણગાન કરી પ્રાર્થના કરી કે,-

'નાથ ! આજે તું મળ્યાથી તો મારે ખરેખરી બાદશાહી મળી ગઈ. ગમે તેટલી મારી ગરીબાઈ છતાં આજે તારી ભક્તિમાં મને લાગે છે કે હું મહાન શ્રીમંત થઈ ગઈ. પ્રભુ ! તારો કેટલો બધો મહાન ઉપકાર ! મારા પર દયા કરજે અને હવે એવો ભવ મળજો કે મને તારી ભક્તિ ભારોભાર કરવાની મળે.'

આમ કરતાં મારાં કેટલાં ય પાપોનો નાશ થઈ ગયો હશે ? તે મને મારો જીવ ફોરો ફોરો થઈ ગયો લાગ્યો; ગરીબીનું દુઃખ તો મન પરથી ક્યાંય હટી ગયું.

**કઠિયારણનો પતિને ઉપદેશ :-**

બસ, આ ભક્તિ અને પ્રાર્થનાથી મારા દિલમાં હરખ માતો નહોતો, હર્ષના કલ્લોલથી મારું હૈયું ઊછળ-ઊછળ કરતું હતું, એટલે મને એમ થયું કે 'લાવને ત્યારે મારા પતિને પણ પ્રભુની ભક્તિ કરાવું,' એમ વિચારી મારા પતિને બોલાવી લાવી કહ્યું, 'જુઓ અનાયાસે અહીં આ ત્રિલોકનાથ પરમાત્મા મળી ગયા આપણો કેટલો બધો મહાન પુણ્યનો ઉદય ! આ ભગવાનથી આપણાં જન્મ જન્મના ક્લિષ્ટ કર્મો ધ્વંસ પામી જાય; એટલે પછી આપણી ભવભ્રમણની દુર્દશાનો અંત આવી જાય એવા પ્રભુજીની પ્રતિમાના અહીં દર્શન મળ્યાં છે. તો તમે ખૂબ ભાવથી પ્રભુને પ્રણામ કરો, પૂજા-સ્તુતિ કરો અને મહાન પુણ્યનું ભાતું બાંધી કલ્યાણ સાધવા દ્વારા આ મનુષ્ય જન્મ સફળ કરો.'

રાણી દેવપાળ રાજાને આગળ કહી રહી છે કે 'સ્વામિન્ ! હું શું કહું તમને ? મારા આ બોલ સાંભળી મારો અભાગિયો પતિ મારા પર ગુસ્સે થઈ ગયો, અને લેશમાત્ર પાપના ભય વિના પ્રભુજીની નિર્ભર્ત્સના-તિરસ્કાર કરતો કહે છે, 'અરે અભાગિણી ! આ પાષાણના ટુકડાથી તું જ તારું કલ્યાણ કર.'

**ખરેખર ! અભવ્યના કાનમાં હિતનાં અમૃત વચન પણ પડતાં ક્રોધાગ્નિની લાય ઊઠે છે.**

એ પરથી જણાઈ આવે છે કે એનામાં કેવી કુપાત્રતા છે, અને ભાવી કેવો મહાનાશ નોંતરી રહ્યો છે. માટે તો કહેવાય છે કે,-

**'રીસ કરે દેતાં શિખામણ, ભાગ્યદશા પરવારી.'**

આપણને હિતૈષીના હિતવચન સાંભળતા કેવી અસર થાય છે એ પરથી આપણી યોગ્યતા-અયોગ્યતાનું માપ નીકળે છે. એમાં જો હિતવચન ગમવાને બદલે ઊલટું ગુસ્સો થતો હોય તો અયોગ્યતા પૂરવાર થવા ઉપરાંત ભાવી મહાનુકસાન મહા દુઃખ ખડાં થાય છે. માટે આ ટૂંકીશી માનવ જિંદગીમાં આ ધ્યાન રાખવા જેવું છે કે હિતવચન પર કદાચ અમલ ન થાય તો ય કમમાં કમ અરુચિ ન કરીએ,

પેલી મનોરમા રાણી દેવપાલ રાજાને કહી રહી છે કે 'નાથ' એ મારા પૂર્વના અભવી જેવા પતિ કઠિયારાએ મારાં હિતવચન પર ભગવાનની પ્રતિમાનો 'પાષાણને શું પૂજવું ?' કહી તિરસ્કાર કર્યો, એથી આત્માના ઉદ્ધારની તક ગુમાવી, એટલું જ નહિ, પણ મને લાગે છે કે એ મરીને પાછો આ સામે આવી રહેલ કઠિયારો જ કાં ન બન્યો હોય ? લાવો, હું જરા એને મારી હકીકત સંભળાવું. કદાચ એ જ હોય ને બુઝે તો સારું.'

'રાજા કહે છે ખુશીથી.'

**રાણીનો કઠિયારાને પૂર્વ હેવાલ :-**

કઠિયારો નજીક આવ્યો એટલે રાણી કહે છે, 'ભાઈ ! તને મારી ઓળખાણ પડે છે ?'

પેલો કહે, 'તમે મહારાણી સાહેબ છો એ જ ને ?'

રાણી કહે, 'ના, પૂર્વ ભવની ઓળખ પડે ? જો હું પૂર્વે કઠિયારણ હતી, અને મારે તારા જેવો કઠિયારો પતિ હતો...' એમ કહીને પૂર્વ ભવની કેટલીક વાતો સાથે પેલા જિનબિંબ મળ્યાની તથા પોતે એને પૂજ્યાની તથા આ ફળ પામ્યાની અને પતિએ અવગણ્યાની હકીકત કહી સંભળાવી.

કઠિયારાને પણ એના પર વિચાર થઈ પડ્યો, તે ઉહાપોહ કરતાં એને પૂર્વ ભવનું સ્મરણ થઈ આવ્યું. બરાબર એ વિગત પોતાના જ પૂર્વ ભવની યાદ આવી. એટલે કહે છે, 'તમારી વાત બરાબર છે.'

રાણી કહે, 'તો ભાગ્યવાન ! હવે સમજી લે કે ભગવાનને ખૂબ ભાવથી પૂજ્યાનું મને શું ફળ મળ્યું, અને તેં પ્રભુની પ્રતિમાનો તિરસ્કાર કર્યો તો આજે તારી કેવી દુર્દશા છે ! માટે હવે એમ કર, ભગવાનની પ્રતિમાના તિરસ્કારના એ



પૂર્વ પાપનું અહીં ગુરુ પાસે પ્રાયશ્ચિત કરી લે, અને અહીં હવે ખૂબ ભાવથી ભગવાનનાં દર્શન-પ્રણામ વગેરે કરવાનું રાખ; તો

આ તારા હાથમાં હજી મનુષ્ય ભવ છે ત્યાં સુધી પાપનો નાશ થઈ જાય, અને મહાન કલ્યાણની સાધના થઈ જાય એથી પરલોકનો દીર્ઘકાળ સુધરી જાય.

શું કહ્યું રાણીએ ?

**પાપનો નાશ અને કલ્યાણની સાધના મનુષ્ય ભવ હાથમાં છે ત્યાં સુધી જ શક્ય છે, સુલભ છે. આ ભવ ગુમાવ્યા પછી એ અત્યન્ત દુર્લભ.**

**આપઘાતના અનર્થ :-**

આ પરથી સમજવા જેવું છે કે જે લોકો દુઃખથી ત્રાસી આપઘાત કરીને આ મહાકિંમતી જીવનનો અંત આણે છે એ મહા અજ્ઞાન-મુઢ છે. એમ કાંઈ દુઃખનો અંત નથી આવતો. કેમકે પરલોકમાં અહીંના પાપો ને મરણ વખતની થતી અ-સમાધિના યોગે હલકા તિર્યંચના ભવમાં ભારે દુઃખોમાં મૂકાવું પડે છે; ને ત્યાં પાપનો નાશ કરવાની અને કલ્યાણ સાધવાની તક નહિ, તેથી હલકા ભવોની પરંપરા ચાલુ થઈ જાય છે.

અરે ! અહીં કોઈ મોટું પાપ થઈ ગયું અને એથી પણ નિરાશ થઈને આપઘાત કરવો એ ય અજ્ઞાન મૂઢ દશા છે. કેમકે આત્મહત્યા એ કાંઈ પાપનું પ્રાયશ્ચિત્ત નથી, તેથી પાપ નાશ ન પામતાં ઊભા રહી જવાના એથી હલકા ભવોની પરંપરા ચાલવાની.

ડહાપણનો માર્ગ આ છે કે જો પાપ પર ઘૃણા છે, તો ગુરુ પાસે આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ, અને પછી પ્રાયશ્ચિત્ત કરી આપવા સાથે મનમાં નિર્ધાર પૂર્વકનો દૃઢ સંકલ્પ જોઈએ કે 'અહીં જીવતો છું ત્યાં સુધી પાપ જ શું, પાપના બીજ પણ તોડી નાખું. એ માટે જીવનમાંથી રાગ-દ્વેષ અને હિંસાદિ પાપો તથા ખાનપાન-પૈસા વગેરેનાં આનંદ દૂર ફગાવી દઉં.' એમ, દુઃખ ત્રાસ પર પણ આવો સંકલ્પ જોઈએ,-

**દુઃખ મારાં પોતાનાં જ અશુભ કર્મથી આવ્યું છે તો એ કર્મોને તોડવા કાળી તપસ્યા કરી કાયાને ગાળી નાખું,'**

**'અહીં હજી જીવતો છું એ પાપ વધારવા માટે નહિ પણ પાપ તોડી નાખવા અને કલ્યાણ સાધતા રહેવા માટે.'**

આ ખ્યાલ હરેક પળે રહેવો જોઈએ. તો જીવન ઉજ્જવળ અને ધન્ય બની જાય એવી પાપનાશ અને કલ્યાણની સાધનામાં રચ્યાપચ્યા રહેવાય. મહા પાપી પણ ભવ્યાત્માઓએ એ જ કર્યું તો એ પાવન થઈ ઊંચે ચડી ગયા. તેમજ મહાસુખી

પણ શાલિભદ્ર-ધનાજી-જંબુકુમાર-સનત્કુમાર ચક્રવર્તી જેવાએ એ કરવા માટે જ મહાન અહિંસા-સંયમ-તપના માર્ગ અખત્યાર કર્યા.

**અહીં જીવવાનું પ્રયોજન જ આ કે પાપનાશ કલ્યાણસાધના થાય.**

પ્રતિપળ આ ધ્યાનમાં રહે કે 'અહીં જીવું છું શા માટે ? આ કરવા માટે જ. તેથી આ જ કરું નહિતર જીવવાનું માત્ર નકામું નહિ, પણ ભારે પડી જશે.' આ જો ખ્યાલમાં રહ્યા કરે તો ઘણા કષાયો અને રાગ-દ્વેષથી બચી જવાય. કેમકે ત્યાં તરત મનને થાય કે અહીં જીવવું છે તે આવા કષાયનાં પાપ કરવા માટે નહિ. કષાય ન કરતાં ભલે સામેથી રોફ રોષ આવતો હોય તો તે સહી લેવાનું પણ મહાન આત્મિક લાભ માટે છે.

**બીજાના રોષ સહી લેવામાં બેવડો લાભ :-**

(૧) કષાય ન કરવામાં ઉપશમભાવનો લાભ અને (૨) સહન કરી લેવામાં પરિસહ સહનરૂપી સંવરમાર્ગની સાધનાનો લાભ.

આ લાભ ઊઠાવવાનું તો જ બને કે જો આ દૃઢ સંકલ્પ વારંવાર યાદ કરતા હોઈએ કે અહીં જીવું છું તે કલ્યાણ સાધવા માટે.

આ સંકલ્પથી વિચાર-વાણી-વર્તાવ પર ખૂબ અંકુશ આવી જાય.

**વિચાર પર અંકુશ કેવો કેવો ? :-**

**'જીવું છું તે પાપ રોકવા અને કલ્યાણ સાધવા,'-આ વારંવાર યાદ કરાય તો વિચાર-વાણી-વર્તાવમાં ગુમાવવાનું મૂકી કમાવવાનું કરાય.**

વિચારસરણીમાં કોઈની હલકાઈ ચિંતવવાનું ન થાય. કેમકે એથી વળવાનું તો કાંઈ હોય નહિ, ને વધારામાં નીચગોત્ર કર્મ બંધાય. બીજાના દોષ જોવા અને એના પર મનમાં ઘૃણા-તિરસ્કાર લાવવા એ અશુભ ભાવ છે, તેથી એમાં જ્ઞાનાવરણ આદિ અનેક પ્રકારના અશુભ કર્મનો લોટ બાંધવાનું થાય; તેમજ અભિમાનાદિ પાપના સંસ્કાર વધે એ જુદુ, આ લોથ શું કામ વહોરવી ? એના કરતાં બીજાના દોષ જોવા જ નહિ મનમાં એ લાવવા જ નહિ કદાચ આવી જાય, તો એના પર ભાવદયા ચિંતવવી કે 'બિચારો કર્મપીડિત છે. એને સદ્‌બુદ્ધિ મળો, જેથી એના દોષ નીકળી જાય.' આ કરુણાભાવથી મલિન વિચાર પર અંકુશ આવી જાય.

એમ વિચાર પર અંકુશ એ રીતે, કે-વિચારણામાં જૂઠ અનીતિ-દ્રોહ-દુરાચાર-હિંસા-ધનમૂર્ચ્છા વગેરે લાવતાં અટકી જવાય; આવે તો સારા વૈરાગ્યાદિના વિચારથી એને અટકાવી દેવાય 'રખે ! આવા વિચારથી જીવનમાં પાપ વધી જાય તો ?' આ ભય એને અટકાવી દે.

**વાણી પર અંકુશ :-**



એમ, જીવનનો ઉદ્દેશ પાપ રોકવા માટેનો હોય તો વાણી પર તો મહાન અંકુશ આ રીતે આવે કે પહેલું બોલવાનું જ ઓછું કરી નાખી બને એટલું મૌન રખાય. કોઈની સાથે કદાચ વાતમાં બેઠા તો પણ સાંભળવાનું વધુ, ને જાતે બોલવાનું બહુ ઓછું રખાય. મોટા માણસો, જુઓ, બોલે છે ઓછું. ત્યારે એવું બોલેલું સામો વધારે ઝીલે. એનો ભારબોજ પડે. વધારે બોલ્યાનો એવો ભારબોજ ન પડે. દુનિયામાં દેખાય છે કે જેને બહુ બોલ-બોલ કરવાની કુટેવ છે એનુંય વજન ઓછું પડે છે ને એના બોલનું ય વજન ઓછું પડે છે.

**બહુ બોલવામાં પાપ વધે છે, કેમકે એમાં**

(૧) અતિશયોક્તિ આવવા સંભવ, (૨) જૂઠ આવવા સંભવ,

(૩) જાતની હોશિયારી ગાવાનું એટલે અભિમાન પોષવાનું આવે,

(૪) બીજાની નિંદા આવે, (૫) પાપારંભની વાતો આવે,

(૬) પાપોપદેશ, પાપની સલાહ, (૭) પાપની અનુમોદના આવે,

(૮) સામાને રાગ-દ્વેષ-કષાય કરાવવાનું બને, કદાચ સાધુ-સાધ્વીની ય અને ધર્મનીય હલકાઈ ગાવાનું ને એમના પ્રત્યે અનાદર દર્શાવવાનું પણ આવે,

(૯) મોહના બોલ આવે,

(૧૦) સામામાં મોહ-કામ-હાસ્યાદિ પાપની ઉદીરણા કરવાનું થાય... આ બધું શું છે ? નકરાં પાપ પોષવાનું, શાથી ? બહુ બોલ બોલ કરવાના લીધે. જો 'મારે જીવવું છે એ પાપ વધારવા નહિ,' આ દૃઢ સંકલ્પ ખ્યાલમાં રહ્યા કરે તો આવું બહુ બોલવાનું કરવા ઉપર અંકુશ મૂકાય; શક્ય એટલું મૌન રખાય.

**ત્યારે, મૌનના લાભ કેટલા ? કહો ને કે**

(૧) બહુ બોલવાના આ બધા જે પાપ ગણ્યા એ બધાથી બચી જવાય. વળી,

(૨) આપણો ભારબોજ પડે. તેમજ,

(૩) મૌન રાખવામાં સારુ તત્ત્વચિંતન, પરમાત્મચિંતન, મહાપુરુષોના જીવન-પ્રસંગોનું ચિંતન, સારું ધ્યાન ગુણોની વિચારણા, મૈત્રી આદિની તથા અનિત્યતાદિની ભાવના, વગેરે વગેરેને સારો અવકાશ મળે. વળી,

(૪) મૌનનો એક મહાન લાભ એ, કે શરીરનું નૂર અને આત્માનું ઓજસ વધે છે. બહુ બોલનારા તામસભાવમાં ચાલ્યા જાય છે. મૌનવાળો સાત્ત્વિકભાવમાં રમે છે. દંભી મૌન રાખનારની આ વાત નથી. એને તો મૌનમાં દાવપેચ છે, બીજાને ઠગી સ્વાર્થ સાધવો છે.

**દંભીનું મૌન તો પારધિની જાળ જેવું.**

મૌન નિખાલસભાવનું જોઈએ, સ્વાર્થ નહિ, પણ સ્વાત્માનો ઉદય કરવા

માટે, આત્માને પાપથી બચાવી લેવા માટે જોઈએ.

પાપથી બચતા રહેવા માટેનો જીવન-સંકલ્પ હોય તો વાણી પર આ અંકુશ હોય કે 'પાપનો એક અક્ષર ન બોલું, અને શકય એટલા પરમાત્માના ગુણગાન સ્તોત્ર-સ્તવન, મહાન આત્માઓના ગુણાનુવાદ, શાસ્ત્રના ઉચ્ચારણ, યોગ્ય દેખાવ ત્યાં બીજાને ધર્મની સલાહ શિખામણ વગેરે વગેરે બોલવાનું રાખું જેથી પાપનું બોલવા પર અંકુશ આવે.'

**વર્તાવ પર અંકુશ :-**

પાપથી બચવા અને કલ્યાણ સાધતા રહેવા માટે વર્તાવ પર અંકુશ આ કે કાયાથી પણ મફતિયું હાલવા ચાલવાનું ન કરાય. તેમ, ઇન્દ્રિયોને જ્યાં ત્યાં ન લગાડાય, એક મફતિયું ડાફોળિયું ન મરાય. વીતરાગ પરમાત્માની વીતરાગ આંખ-મુદ્રા પર વારે વારે આંખ લગાવી રખાય. ભલે ભગવાન સાક્ષાત્ સામે ન હોય તો ય કલ્પનામાં એમને લાવીને આંતરચક્ષુથી એમને જોતા રહેવાય. કાનને પણ એ પ્રમાણે તાલીમ અપાય કે જાણે આપણે સીમંધર ભગવાનના સમવસરણમાં બેઠા છીએ અને આપણા કાન પર ભગવાનની વાણી પડી સાંભળી રહ્યા છીએ.

એમ, પાપથી બચવું છે માટે જ્યાં ને ત્યાં ઘૂસવાનું અને જેને તેને મળવાનું ન કરાય, જરૂરી જ ગમનાગમન અને જરૂરી જ મળવાનું. બીજી પણ મફતિયા પ્રવૃત્તિ બંધ કરી દેવાય. ખ્યાલ આ, કે પાપથી બચવું છે. સારાં કપડાં પહેર્યા પછી વારે ને વારે એને જોયા કરવા, ને ઠીક ઠાક કર્યા કરવા, એ શું છે ? મફતિયો વર્તાવ. એમાં નકરો રાગ, બાહ્યભાવ અને પૌદ્ગલિક દૃષ્ટિ જ પોષાય છે. એ ઓછાં પાપ ન સમજતા; મહાપાપ છે, કેમકે એમાં પછી જીવને અંતર્મુખતા આવતી જ નથી, દેવ-ગુરુ-ધર્મ સાથે આંતર સગાઈ થતી નથી, પાપનો રસ ફાલેફુલે છે.

સારાંશ, 'જીવન પાપ વધારવા માટે નહિ, પણ ત્યાગ-તપ-સંયમ-દેવગુરુભક્તિ વગેરેથી પાપનો નાશ કરવા માટે છે. જીવું છું તે આ માટે, અને કલ્યાણ સાધતા રહેવા માટે... આ પાકુ લક્ષ જોઈએ.'

રાણી પેલા કઠિયારાને પોતાના દૃષ્ટાન્તથી જિનેશ્વર ભગવાનને પ્રણામ આદિ કરવા સમજાવી રહી છે, જેથી એટલું પણ કલ્યાણ સધાય તો મનુષ્યજન્મ એટલો સાર્થક થાય અને પરલોક સુધરે, પરંતુ આ કઠિયારો અભાગિયો અપાત્ર જીવ છે, તેથી એને ઉપદેશ લાગ્યો નહિ. પૂછો,-

**જાતિસ્મરણે પાપફળ જોવા છતાં ઉપદેશની અસર કેમ નહિ ? :-**

**પ્ર.**- જિનવંદન-પૂજનના મહાન ફળરૂપે કઠિયારણમાંથી મોટી મહારાણી બનેલીનું દૃષ્ટાન્ત સામે જોવા મળવા છતાં કેમ અસર ન થઈ ? પૂર્વના પોતાનાં



પાપથી વર્તમાન દુર્દશા આવેલી જોવા છતાં ઉપદેશની અસર કેમ ન થઈ ?

ઉ.- એનું કારણ એ છે કે પૂર્વ જીવનમાં કઠિયારાએ જિનબિંબ પર અવગણના કરેલી કે 'આ પાષાણને શા પ્રણામ ? એ અવગણના અતિ સંક્લિષ્ટ હતી, અને **અતિ સંક્લિષ્ટભાવની અવગણના કે આસક્તિ-આકર્ષણ પાપના તીવ્ર અનુબંધ ઊભા કરે છે, સાનુબંધ પાપ બંધાવે છે, તેથી એના વિપાક વખતે એ અવગણનાદિ અકાટ્ય ઊભા થાય છે. એના પર ઉપદેશાદિની અસર ન પડે.**

**'અતિ સંક્લિષ્ટ' એટલે** દિલમાં તદ્દન નિર્ધારિત કરી રાખ્યું હોય કે 'અવગણના કરાતી વસ્તુ દા.ત. જિનમૂર્તિ તદ્દન ખોટી, નકામી, માટે એવી અવગણના તિરસ્કાર વાજબી જ છે. એમાં કશું પાપ નહિ ઊલટું જે લોકો એની માન્યતા કરે છે, પૂજા-સન્માન-બહુમાન કરે છે, એ અજ્ઞાન છે, મૂઢ છે. ધર્મના નામે અધર્મ કરે છે,' આવું મનમાં ફિકસ બેસાડી રાખ્યું હોય ત્યાં અવગણનાનો પરિણામ અતિ સંક્લિષ્ટભાવનો કહેવાય. અવસર આવ્યે એને જિનપ્રતિમા વગેરે પરની આવી અવગણનાને લીધે આવેશમાં આવી પ્રતિમાદિને તોડી નાખતાં ય એને જરાય સંકોચ શરમ નહિ.

એમ રાગ-આસક્તિ-આકર્ષણનો પરિણામ પણ અતિ સંક્લિષ્ટ કોટિનો હોઈ શકે. એમાં ય રાગની વસ્તુ માટે દિલમાં નિર્ધારિત હોય કે 'આ વસ્તુ તો બહુ કિંમતી, બહુ કામની, અત્યંત સુખદાયી. આ તો જીવન-સર્વસ્વ, આના વિના ચાલે જ નહિ.' આવા નિર્ધાર સાથે એ વસ્તુ પર આંધળો રાગ-આકર્ષણ હોય, એ અતિ સંક્લિષ્ટ. મમ્મણને રત્નના બળદિયા પર આવો અતિ સંક્લિષ્ટ રાગ હતો.

**અતિ સંક્લિષ્ટ ભાવનું ફળ એ, કે ભવાંતરે ગમે તેવી સ્થિતિ કે નિમિત્ત છતાં એની અસર જ નહિ, તે આ સંક્લિષ્ટ રાગનો કે દ્વેષનો ભાવ ચાલુ જ રહે.**

**બ્રહ્મદત્ત ચક્રવર્તી અતિ સંક્લિષ્ટ રાગ :-**

એણે અહીં પટ્ટરાણી કુરુમતી ઉપર આવો અતિ સંક્લિષ્ટ રાગ કરેલો, એને પોતાના પ્રાણ પોતાનું જીવન માનેલું, તેથી પછી સાતમી નરકમાં ગયો અને ત્યાં ભયંકર વેદના છે, અને એમાં જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વ ભવ યાદ આવી ગયો, એમાં કુરુમતી યાદ આવી ગઈ છે, તો એના પર રાગ ઊભરાઈ આવે છે, અને ત્યાં ગાંડાની જેમ 'હે કુરુમતી ! હે કુરુમતી' કરતો ઘૂમે છે ! ભલે ને પૂર્વના ચક્રવર્તીપણાના બેફામ નાચ યાદ આવ્યા છે, અને તેથી અહીં જાલિમ વેદના છે, છતાં એમ માનવા તૈયાર નથી કે 'આ વેદના એ નાચના યોગે છે, એ કુરુમતી રાણી પરના અંધ વિષયરાગ-સ્નેહરાગના પાપે વેદના વરસી રહી છે.'

ત્યાં પૂર્વ ભવે ભાઈ મુનિએ ઘણું સમજાવેલું કે 'આ વિષયરાગ હળાહળ

ઝેર છે, માટે છોડ આ,' છતાં નહિ સમજેલો, ને નહિ છોડેલું. ઊલટું એના પર ઉત્કટ રાગ કરેલ, એનું કારણ પૂર્વ ભવે મુનિપણામાં નિયાણું કરેલ ત્યારે પણ ચક્રવર્તીના આવી પટ્ટરાણી વગેરે વૈભવ પર અતિ સંક્લિષ્ટ રાગ-આકર્ષણ ઊભું કરેલ. ત્યાં ય ભાઈ મુનિની શિખામણ અને બધી શાસ્ત્રસમજ બાજુએ મૂકી મનમાં અતિ સંક્લિષ્ટ રાગ ઊભો કરેલ. અર્થાત્ નિર્ધારિત કરેલ કે 'આ વૈભવ-વિલાસ જ માલદાર, ખરેખર મેળવવા લાયક, અને જીવનના સારભૂત પદાર્થ.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૩૬,તા.૨૪-૫-૧૯૭૫**

આવા પક્કા અકાટ્ય નિર્ધારથી એના રાગ-આકર્ષણ-આસક્તિ અતિ સંક્લિષ્ટ કોટિના બનેલ તેનું પુનરાવર્તન ચક્રવર્તીના ભવમાં થયું. ત્યાં ય એવો નિર્ધાર, તે ભાઈ મુનિની શિખામણ છતાં એની અસર નહિ; ને પછી સાતમી નરકમાં પુનરાવર્તન, તે જાતિસ્મરણથી જુએ છે કે 'એ વૈભવવિલાસ પછી આ સાતમી નરકની ઘોરાતિઘોર વેદના ઊભી થઈ છે,' છતાં આ જોવાની અસર જ નહિ, તે અહીં પણ કુરુમતી હાજર નથી છતાં એનો રાગ એને પીડે છે.

**કઠિયારાને કશી અસર નહિ :-**

આમ, જેવા અતિસંક્લિષ્ટ રાગ-આકર્ષણ આસક્તિ એવી અતિસંક્લિષ્ટ અવગણના-દ્વેષ-તિરસ્કાર; એ ગમે તેવા સંયોગમાં ડગે નહિ, ઓછા થાય નહિ. તેથી જ પેલો બિચારો કઠિયારો પૂર્વથી જિનમૂર્તિ પર અતિ સંક્લિષ્ટ અવગણના કરી આવેલો તે અહીં રાણી પોતાનું આબેહુબ દૃષ્ટાન્ત સામે ધરે છે છતાં, એની એના પર કશી અસર નહિ.

આ પરથી ખૂબ ધડો લેવા જેવો છે અને સાવધાન બન્યા રહેવાનું છે કે આપણે કોઈ જડ કે ચેતન વસ્તુ પર એવા સંકલેશભર્યો રાગ કે દ્વેષ ન કરીએ, આસક્તિ કે અવગણના ન કરીએ. એમ એવું સંક્લિષ્ટભાવનું અભિમાન ન રાખીએ માયા-પ્રપંચ ન કરીએ, અરે ! પાપારંભોની સંકલેશભરી પ્રશંસા-અનુમોદના ન કરીએ. આજે આવું બહુ બને છે. સારી ઈમારત, સારો આસ્ફાલ્ટનો રોડ, સારો પૂલ, સારું કારખાનું વગેરે જોતાં માણસ એની પ્રશંસાના ટેસમાં ચડે છે, તે પછી જોવા જ નહિ રહે કે આની પાછળ કેટલા બધા મહાઆરંભ-સમારંભ થયા છે, અરે ! કોઈ સાવધાન કરવા આવે કે 'ભલા આદમી ! આપણે પાપનાં કામની પ્રશંસા કરવાની શી જરૂર છે ? એવું મફતિયું પાપ માથે શું કામ લેવું ? તો કહેશે 'એમાં પાપ શેનું ? સારાને સારું કહીએ એમાં શું ખોટું કર્યું ?' આ કોણ બોલાવે



છે ? કોણ ખોટો બચાવ કરાવે છે ? સંકલેશભર્યો રાગ કરાવે છે !

જૈન ધર્મ પામ્યા છીએ એનો આ મહાન લાભ ઉઠાવો કે કયાંય દુન્યવી વસ્તુ કે વ્યક્તિની ઉપર આંધળો રાગ-પ્રેમ-આસક્તિ યા દ્વેષ-અભાવ-અવગણના ન કરીએ. એ સંક્લિષ્ટ ભાવનો રાગ-દ્વેષ બને છે; ને

**સંક્લિષ્ટ ભાવના રાગ-દ્વેષ ભવાંતરે એવા પૂંઠે લાગે છે કે એ પછી ત્યાં સારા ઉપદેશાદિ નિમિત્તની આપણા પર સારી અસર જ ન થવા દે.**

પેલો કઠિયારો પ્રભુપ્રતિમા પર પૂર્વનો એવો સંકલેશભર્યો દ્વેષ લઈને આવ્યો છે કે રાણીએ પોતાના પૂર્વ ભવની વાત કરી એને જાતિસ્મરણ કરાવ્યું, ને હવે પૂર્વની મૂર્તિ-અવગણના છોડી પ્રભુપ્રતિમાનાં દર્શન-વંદન કરી સુખી થવા સમજાવ્યું છતાં એ નિર્ભાગી સંકલેશવશ ન સમજ્યો. પછી ત્યાં દેવપાલ રાજાએ પણ એને બહુ સમજાવ્યો કે 'જો ભાઈ ! પૂર્વ ભવે તેં સુપાત્રદાન દીધું નથી, જિનભક્તિ કરી નથી, તેથી અહીં આવી દરિદ્ર સ્થિતિ પામ્યો છે. માટે હવે જિનેન્દ્રભક્તિ કર; જ્યાં જ્યાં જિનમંદિર મળે ત્યાં ત્યાં દેવનાં દર્શન કર, તો પરભવનું ભાતું ઊભું થશે, ને સદ્ગતિ મળશે.' પરંતુ કઠિયારાને આ ઉપદેશની કશી અસર થઈ નહિ. તેથી રાજાએ એને અયોગ્ય જાણી રજા આપી દીધી કે 'જા ભાઈ ! જા, તારા માટે આ ઉપદેશ નથી.'

**રાજા-રાણીનો વિવેક :-**

રાજા-રાણીએ પોતાના મનમાં એના પ્રત્યે અભાવ-દુર્ભાવ ન થાય, કે પોતાની યોગ્ય સલાહ નકામી ગયાનો વિખવાદ ન થાય, એ માટે આ વિવેક કર્યો કે એ કઠિયારા માટે દયા ચિંતવી કે 'બિચારો પામર જીવ; હજી એનામાં પાત્રતા નથી આવી તેથી શી રીતે બુઝે ? ખેર, એને સદ્બુદ્ધિ મળો. આપણે તો શુભ આશયથી એને હિતની શિખામણ આપેલી, તેથી આપણને તો એકાંતે લાભ જ છે; પછી ભલે સામાને બોધ થયો કે ન થયો.

'તત્ત્વાર્થ-મંગળકારિકા' શાસ્ત્ર કહે છે,

**'બ્રુવતોઽનુગ્રહબુદ્ધ્યા વક્તુસ્ત્વેકાન્તતો હિતં ભવતિ ।'**

**શ્રોતાના ઉપર શુદ્ધ ઉપકાર કરવાની બુદ્ધિથી ઉપદેશ કરનાર વકતાનું તો એકાંતે ભલું થાય છે, (ભલે સામાએ બોધ ન ઝીલ્યો)**

**પોતાના આશયનો મોટો સવાલ છે.**

આશય સારો વિવેકી છે, તો લાભ જ થાય. જો નિશ્ચિતપણે આવો લાભ થતો હોય, તો પછી સામો કદાચ ન બુઝ્યો, તો એના પર ખેદ-આર્તધ્યાન કરવાની જરૂર શી કે 'અરેરે ! મારું કહેલું નિષ્ફળ ગયું ?' ના, નિષ્ફળ નથી ગયું, તને

સુકૃત-સદાશયનો લાભ મળી જ ચુક્યો છે.

**પ્ર.**- પણ સામાના બુઝવાનું ફળ તો ન આવ્યું ને ? તેથી શું ખેદ ન થાય ?

ઉ.- ના, માણસ કોઈ સોદો કરે એમાં સારું કમાય, અને સાથે સાથે એવો જ સોદો કરવાની સલાહ એણે બીજાને આપી હોય છતાં એ પુણ્યહીને એવો સોદો ન કર્યો ને ન કમાયો હોય, તો એના અંગે આ સારું કમાઈ પડનારો ક્યાં ખેદ-નિરાશા કરવા બેસે છે કે 'હાય ! મારું કહેલું નકામું ગયું ! આ કમાયો નહિ.' આવી હાયવોય ન કરતાં એ તો પોતાની કમાઈ પર પ્રસન્ન રહે છે. એમ અપાત્ર ન ય બુઝે છતાં શુદ્ધ બુદ્ધિથી ઉપદેશ કરનારે પોતાને થયેલ આત્મ-લાભ પર પ્રસન્ન રહેવાનું, પેલા અસર ન લેનાર અપાત્ર અંગે હાયવોય નહિ કરવાની.

**રાજા-રાણીને સંવેગવૃદ્ધિ : કર્મનાશક ધર્મ જ સારભૂત :-**

રાજા-રાણી કઠિયારાની દયા ચિંતવતાં એના કર્મની જટિલતા જોઈ સંવેગપૂર્ણ હૃદયવાળા બની ગયા. મનને એમ થયું કે 'અહો ! જીવના માથે કર્મની કેવી શિરજોરી છે ! એ બિચારાને સારું નિમિત્ત મળવા છતાં એનાં ભારે કર્મે એને બુઝવા ન દીધો. ત્યારે આપણાં ય આત્મખજાને ગુપ્ત પડેલા કર્મનો શો ભરોસો કે એ કેવા ય વિલક્ષણ હોય ? માટે કર્મ પોષનાર સંસાર નહિ, પણ કર્મ તોડનાર ધર્મ એ જ સારભૂત છે.' રાજા-રાણી આમ ચિત્તમાં સંવેગ-વૈરાગ્ય વધારતા મુકામે પાછા આવ્યા.

**દેવપાલને પુત્ર પછી દીક્ષા :-**

કેટલાક વખત પછી મનોરમા રાણીને પુત્ર જન્મ્યો; એનું નામ દેવસેન રાખવામાં આવ્યું. એ ઉંમરમાં આવી લાગતાં એને એક રાજકન્યા પરણાવવામાં આવી. દરમિયાન દેવપાલની એક બાજુ અર્હદ્ભક્તિ અને એનાં કેટલાંય સુકૃતો ચાલુ હતા, ને બીજી બાજુ અંતરમાં વૈરાગ્યવૃદ્ધિ ચાલુ હતી. રાજ્ય કોને સોંપવું એની રાહ જોતો હતો, તે હવે પુત્ર દેવસેનને યોગ્ય જોઈ રાજ્યગાદીએ બેસાડે છે; ને પોતે મુનિ ચંદ્રપ્રભ ગુરુ પાસે મનોરમા સાથે ધામધૂમથી અર્હદ્ભક્તિ મહોત્સવ કરી અને મહાદાન દઈને સંસાર ત્યજી ચારિત્ર અંગીકાર કરે છે.

દેખો, કેટલામાં રાજા અને કેટલામાં સાધુ થયા ? પરંતુ અરિહંતની ખરેખરી ભક્તિ હૈયે વસી હતી, તેથી એના ફળમાં રાજ્યપાટની ય આકાંક્ષા નહોતી, ને કદાચ મળી ગયું તો એને છોડતાં શી વાર ? વળી અર્હદ્ભક્તિમાં શ્રેષ્ઠ ભક્તિ આજ્ઞાપાલન સમજેલા, તેથી મન પર એનો ભાર રહેતો એમાં હવે છોકરો રાજ્ય સંભાળે એવો આવી મળ્યો, પછી શ્રેષ્ઠ આજ્ઞાપાલન માટે રાજ્ય છોડી ચારિત્રમાં કેમ ઝૂકી ન પડે ?



અસલ વસ્તુ આ છે કે,

**દિલ ભગવાન અરિહંતદેવ પર ઝૂકી જવાથી એવું મહાન બની જાય છે કે એમાં પછી દુન્યવી વૈભવ અને એના વિલાસ તુચ્છ લાગે છે. ને,**

**દિલ એવું ઉદાર દ્રષ્ટિવાળું બની જાય છે કે એમાં ક્રોધ-લોભ-મદ વગેરે ભાવો અધમ ક્ષુદ્ર-સાંકડા લાગી સ્થાન જ નથી પામતા.**

જુઓ, મોટા ચક્રવર્તીને જે મળ્યું છે એનાથી એનું દિલ કેવું મોટું બની જાય છે કે એ દિલને પછી કોઈ શેઠિયાના સમૃદ્ધિ વિલાસ વગેરે ઝુંપડિયા કલાસ લાગે છે. એવું અર્હદ્ભક્તનું દિલ મહાન, કે એને જે ભક્તિ મળી છે એ એટલી બધી ઊંચી કિંમતની અથાગ સમૃદ્ધિરૂપ લાગે છે કે પછી એ મહાન દિલને દુન્યવી દેવતાઈ પણ વૈભવ-વિલાસ ઝુંપડીયા કલાસ તુચ્છ લાગે છે.

એમ કોઈ વિશાળ કુટુંબનો વડેરો ઉદાર દૃષ્ટિવાળો હોય છે તો કુટુંબના માણસો પર ગુસ્સો કરવો, એમની સામે અભિમાન કરવું વગેરે ભાવ એને સંકુચિતતાના લાગે છે. 'એ તો સાંકડા-છીછરા દિલના ભાવ' એમ સમજી પોતે ગુસ્સો-અભિમાન વગેરે નથી કરતો. એવું અર્હદ્ભક્ત ઉદાર દિલને કામ-ક્રોધ-લોભ-મદ વગેરે તુચ્છ, અકર્તવ્ય, લાગે છે.

અરિહંતપ્રભુ ઉત્કૃષ્ટ મહાન અને ઉત્કૃષ્ટ ઉદાર છે, તો એમના સાચા ભક્તમાં પણ એની કક્ષાનુસાર મહાનતા અને ઉદારતા કેમ ન આવે ? મૂળમાં દિલ સાચું અર્હદ્ભક્ત બની જવું જોઈએ. દેવપાલના જીવનમાં અવસરે અવસરે આ મહાનતા અને ઉદારતા આપણે જોઈ છે ત્યારે તીર્થંકર નામકર્મ કેવી અર્હદ્ભક્તિ અને કેવા મહાન ને ઉદાર દિલ ઉપર ઉપાર્જેલું હશે ? વીસસ્થાનક કે અરિહંતપદની આરાધના કરતાં આ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

દેવપાલ મુનિ બન્યા પછી પણ કેવી મહાનતા વિકસાવે છે એ જુઓ.

**દેવપાલનું નિર્મળ ચારિત્રજીવન :-**

રાજા દેવપાલે રાજાશાહી સંસારનો ત્યાગ કરી ચારિત્ર લીધું છે, એ દિલમાં ઊછળતી અરિહંત પરમાત્માની ભક્તિના હિસાબે કેવળજ્ઞાની પાસેથી સાંભળવા મળ્યું છે કે અરિહંતની ઉત્કૃષ્ટ ભક્તિ અરિહંતપ્રભુની આજ્ઞાના પાલનરૂપ છે. અને ઉત્કૃષ્ટ કોટિનું આજ્ઞાપાલન વીતરાગ પરમાત્મા બનાવનાર નિષ્પાપ જીવન છે, સર્વ પાપોની વિરતિ એટલે કે સર્વપાપોના ત્યાગરૂપ જીવન છે, તેથી એવું જીવન સ્વીકારી લઈ હવે એમાં વિષય-કષાયના પ્રમાદનું પાપ પણ નથી થવા દેવું, એવી એ તકેદારી રાખે છે. ક્યાંય પણ વસ્ત્ર-પાત્ર-આહારાદિમાં વિષયાસક્તિ ન પોષાય, એ માટે ખૂબ જ સાવધાન રહે છે. એટલા જ માટે ગોચરી-ભિક્ષાચર્યામાં ક્યાંય દોષ

લગાડવાની વાત નહિ. તેમ નિર્દોષ લાવેલ આહાર-વસ્ત્ર-પાત્ર લાવ્યા પછી પણ એના પર સહેજ પણ રાગ કે દ્વેષ તેમજ પ્રશંસા કે નિંદા કરવાની વાત નહિ. ગોચરીએ જાય તે ત્યાગના વિશિષ્ટ અભિગ્રહ કરીને જાય છે. પૂર્વની રાજાપણાની બધી સહેલ-સગવડ મનમાંથી જ કાઢી નાખી છે, એટલે એનું હવે લેશ પણ સ્મરણ કરવાનું રાખ્યું નથી કે 'પહેલાં તો હું આવું આવું ખાતો-પીતો ને પહેરતો-ઓઢતો હતો.'

વાત પણ સાચી છે કે ચારિત્રજીવન એટલે નવેસરથી જીવન છે. તો જેમ ચાલુ જીવનમાં પૂર્વભવનું જીવન અને એની સુખ-સગવડ યાદ નથી કરતા, તો પછી અહીં સ્વીકારેલા ચારિત્રજીવનને નવેસરનું જીવન માની એમાં એ પૂર્વેની સુખ-સગવડ શાની યાદ કરવાની હોય ? નહિતર તો પૂર્વ ભવના હલકા કીડા-મકોડા કે ભૂંડ જેવા પશુ જીવનમાં હલકા ગંદા આહાર કેમ યાદ ન કરાય કે એવા જીવનમાં તો મેં એવું ગંદુ ખાધુ-પીધું છે, ને એમાં રાચ્યો-માચ્યો છું; તો એના કરતાં અહીં રસકસ વિનાના સુક્કા લુક્ખા આહાર તો ઘણે દરજ્જે સારા છે તો એને કેમ ન વધાવી લઉં ?

**માણસ પૂર્વનું સુખ યાદ કરે છે માટે જ દુઃખી થાય છે.**

માણસ અહીં જ થાપ ખાય છે,-આ જીવનની પહેલાની સહેલ-સગવડ યાદ કરી વર્તમાન દુઃખદ પરિસ્થિતિ પર રોવા બેસે છે કે 'મોંઘવારી જાલિમ ! ભોજનના દ્રવ્યો માલ વિનાના, ચોક્ખા ઘીને બદલે ડાલ્ડા ખાવાના આવ્યા...' 'અરે ભલા આદમી ! શા સારુ આ રોદણાં રુએ ? ભૂતકાળના ભવ તરફ નજર નાખ, તો દેખાશે કે તારા જ જીવે હલકા ભવમાં મોંઘવારી શું, વસ્તુના અભાવ જ વેઠ્યા છે. ડાલ્ડા શું, સાવ ગંદા પદાર્થ આરોગ્યા છે. તો એના કરતાં તો અહીંનું લાખ દરજ્જે સારું છે. પછી રુએ શા માટે ?'

**પૂર્વનાં દુઃખ યાદ કરે તો અહીંના દુઃખમાં દુઃખી ન થાય.**

પણ ભૂતકાળના ભવ પછી અહીંનું જીવન જેમ નવેસરનું માની પૂર્વ ભવનું યાદ નથી કરાતું, એમ અહીં પણ જાલિમ મોંઘવારી અછતનું જીવન નવેસરનું માની અહીંની પૂર્વની જાહોજલાલીને યાદ કરવાનું કામ શું છે ? એ યાદ કરવામાં નાહકનો દુઃખી થાય છે. પૂર્વ ભવોમાં મોટા દેવતા કે સમ્રાટ રાજા હતા ને બહુ સારુ પામ્યા ને ભોગવ્યું હતું, એને અહીં શું કરવાનું ? એમ અહીં પૂર્વે ઘણું ય અનુકૂળ હતું, પણ અત્યારે એનો શો ઉપયોગ ? કશું ય નહિ, 'ખા ગયા ખો ગયા' નો હિસાબ માંડી વર્તમાનને વધાવી લેવાનું.

મહાત્મા દેવપાલ આ કરી રહ્યા છે, વર્તમાન સાધુજીવનના અરસ-નીરસ



આહાર અને તુચ્છ તથા જીર્ણશીર્ણ વસ્ત્રને વધાવી લે છે; એમાં લેશ પણ આનાકાની કે ઇતરાજી કરતા નથી. આ જો આવી જાય તો જીવન કેવું નિશ્ચિન્ત, સુખદ અને નિષ્પાપ તથા રાગ-દ્વેષ વિનાનું બની જાય ? મનમાં કશું આર્તધ્યાન જ નહિ, આહાર-વસ્ત્રાદિ અંગે સંકલ્પ-વિકલ્પ જ નહિ. આટલું જ યાદ રાખવાનું કે આ નવેસરનું જીવન છે, એમાં જે મળ્યું તે વાહ વાહ.

**દુર્ધ્યાનથી બચવા માટે અને આરાધના માટે આ ચાવી કે નવેસરનું જીવન માની ત્યાગવૃત્તિ મહેકાવવાની.**

મહાત્મા દેવપાલ એટલે જ અરિહંત પરમાત્માના ચારિત્ર જીવનમાંના ઉત્કૃષ્ટ ત્યાગ-તપ-સંયમને નજર સામે રાખી શકય એટલા ત્યાગને, તપને અને સંયમને આરાધી રહ્યા છે, તપસ્યા પણ જોરદાર કરે છે. 'મારા વહાલા અરિહંત પ્રભુએ ઘોર તપસ્યાઓ કરી છે, તો એમના સેવક મારે એ જ મુબારક હો,' આ પાકું લક્ષ છે.

**પ્રભુને વહાલા કર્યા શાને કહેવાતું હશે ? સતીને મન પતિ વહાલા છે, તો એ પતિને વહાલુ પોતે વહાલુ કરે છે.**

પતિ મિઠાઈ નથી ખાતા તો પોતે ય એ નથી ખાતી. રામચંદ્રજીએ વનવાસ સ્વીકારી લીધો, પણ એ સીતાજીને માતાની સેવામાં રહેવાનું અને માતા કૌશલ્યા પણ સીતાને વનવાસનાં કષ્ટ અસહ્ય કહી પોતાની પાસે મહેલમાં જ રહેવાનું કહે છે. કિન્તુ સીતાજી સમજે છે કે 'મને જો પતિ વહાલા છે તો પતિએ પસંદ કરેલ વનવાસનાં કષ્ટ પોતે પણ વહાલા કરવા જ જોઈએ. જે એમને ગમ્યું, તે મને ગમ્યું;' એટલે સાસુને નમ્રતાથી કહે છે કે હું એમની સાથે જ જઈશ, જ્યાં ઝાડ ત્યાં છાયા. આપ ફિકર ન કરશો, મને એમની સાથે રહેવાથી જ ખૂબ આનંદ રહેશે.'

એક પતિભક્તા સતી પતિએ ઉપાડેલા કષ્ટ પોતે પણ વહાલાં કરે, તો પ્રભુનાં ભક્ત આપણે પ્રભુએ વહાલાં કરેલ ત્યાગ-તપ-સંયમ વહાલાં ન કરીએ ? એમ નહિ કહેતા કે,

**પ્ર.**- પ્રભુના જેવી શક્તિ મનોબળ ધીરતા વગેરે આપણામાં ન હોય એટલે આપણાથી એમના જેવાં ત્યાગ-તપ વગેરેનાં કષ્ટ કયાંથી ઉપાડાય ?

ઉ.- કબૂલ,

**પ્રભુએ ઉપાડેલાં કષ્ટ બધાં જ ન ઉપાડી શકીએ પરંતુ અર્ધે રસ્તે ય જવાનું ખરું ?**

મનને એમ થાય છે ખરું કે 'મારા વહાલા પ્રભુએ એટલા બધા ત્યાગ-તપ-સંયમના કષ્ટ ઉપાડ્યા, તો લાવ, એથી અડધાં કષ્ટ તો ઉપાડું ? એ ય શક્તિ નથી, તો ચોથા ભાગના ? દસમાં ભાગના તો ઉપાડું ?' કેમ આવું થતું નથી ? રોજિંદા

જીવનમાં સવાર પડે ને કેમ આ યાદ નથી આવતું કે 'પ્રભુએ મહાત્યાગ-તપ-સંયમનાં કષ્ટ ઉપાડેલા; તો એમના પગલે પગલે, ફૂલ નહિ તો ફૂલની પાંખડી, હું પણ આજના દિવસ માટે આ આ ત્યાગ, આ તપ અમુક અમુક સંયમ નક્કી કરું.'

ખરી વાત એ છે કે 'મારા સ્વામી પ્રભુને વહાલું, તે મને વહાલું,' આ સૂત્ર જ હૈયામાં લખી રાખ્યું નથી. સાચા પ્રભુભક્તને તો આ જીવનસૂત્ર હોય કે 'પ્રભુને વહાલું તે મને વહાલું. પ્રભુને અળખામણું-અપ્રિય તે મને અળખામણું-અપ્રિય.' જો આ જીવનસૂત્ર નથી રાખ્યું, ને પ્રભુને અળખામણું તે પોતે વહાલું કરે છે, તો એને પ્રભુ વહાલા છે ? એને ય કદાચ પ્રભુ વહાલા હશે તો સમજી રાખો કે એ કોઈ ધન વગેરેની લાલચથી. એટલે ખરેખર તો ધન વગેરે જ વહાલું; પ્રભુ એ મેળવી આપે છે માટે પ્રભુ વહાલા. આનું પરિણામ એ આવે કે જ્યારે વહાલું ધાર્યા કરતાં વધુ મળી ગયું, પછી પ્રભુને ભૂલી જવાશે. ને વહાલું ધન મળતું નહિ હોય, ત્યારે પ્રભુ વહાલાં નહિ રહે.

આપણે તો પ્રભુને વહાલા કરવાના છે એ કોઈ ધન માલ માટે નહિ, કિન્તુ આપણે અશુદ્ધ આત્મામાંથી પરમ શુદ્ધ પરમાત્મા થવું છે, ને એ થવામાં પરમાત્મા પ્રભુ અનન્ય આલંબન છે માટે પ્રભુ વહાલા કરવાના છે. પ્રભુ વહાલા હોય પ્રભુ ગમતા હોય, તો પ્રભુનું આલંબન લેવાનું મન થાય. યોગસાધકને યોગી વહાલા છે, તો યોગસાધનામાં યોગીનું આલંબન લે છે.

એમ, જેનું આલંબન લેવાય એ સહેજે વહાલા લાગે. શિખાઉ માણસ શેઠનું આલંબન લે છે કે એ કેવી રીતે આપણને વેપાર શિખવે છે, તો એને શેઠ વહાલા લાગે જ છે. એવી રીતે આપણે જો પ્રભુનું આલંબન લઈએ છીએ કે 'વાહ ! મારા પ્રભુએ કેવી કેવી ઘોર કષ્ટમય સાધનાઓ કરી ! તો હું પણ કેમ એ ન કરું ?' આ આલંબને આપણે અલ્પાંશે પણ જો સાધના કરી શકીએ તો પ્રભુ વહાલા ન લાગે ? પ્રભુ આલંબનભૂત પણ છે, અને માર્ગના ઉપદેશક પણ છે, એમ બે રીતે ઉપકારી છે, તેથી સાધનાના અર્થીને પ્રભુ વહાલા લાગે છે.

એટલે જ હવે આ વિચારવાનું છે કે જો પ્રભુ વહાલા છે, તો પ્રભુએ ઉપાડેલા ત્યાગ-તપ-સંયમનાં કષ્ટ કેમ વહાલા ન કરાય ? 'મારા તારણહારને જે વહાલું, એ મને વહાલું' આવો નિર્ધાર કેમ ન હોય ? એમને અપ્રિય એ મને અપ્રિય.' આ નિર્ધાર હોય તો પછી દા.ત. પ્રભુને ધન અપ્રિય, તો પોતે ધનને વહાલું શી રીતે કરી શકે ? અલબત્ જ્યાંસુધી સર્વત્યાગની શક્તિ ન હોય ત્યાંસુધી ધન લેવા જતો હોય, ધન રાખતો હોય એ બને; પરંતુ ધનને કેવું માનીને એ લેવા જાય ને રાખે ? વહાલું માનીને નહિ. પૂછો,



**પ્ર.-** ધન વહાલું કર્યા વિના લેવા જવાનું ને રાખવાનું બને ?

ઉ.- હા બને જુઓ, કર્કશા ક્રોધિલી ને ઉદ્ધત પત્ની કશી વહાલી નથી, ને એ ક્રોધમાં બાપને ઘેર જઈને બેઠી છે, તો એ વહાલી નહિ છતાં ઘરનો વ્યવહાર ચલાવવા માટે એને લેવા મનાવવા જવું પડે છે, ને લાવીને ઘરમાં રાખવી પડે છે. પોતે અંદરખાને સમજે છે કે આનાથી શાંતિ નથી, અશાંતિ છે, તેથી અપ્રિય છે. પરંતુ 'વ્યવહાર ચલાવ્યા વિના છૂટકો નથી, ને એ માટે એના વિના ચાલે એવું નથી તેથી નભાવી લેવા દે.' એમ પ્રભુને વહાલ કરનારો સમજે છે કે પ્રભુએ ધનને વહાલું નથી કર્યું, કેમકે એનાથી અશાંતિ છે; છતાં મારે સંસાર-વ્યવહાર એના વિના ચાલે એમ નથી. માટે ન છૂટકે એને લાવવા દે, રાખવા દે.' આમ ધન વહાલું નહિ છતાં એ લેવા જવાય, અને રખાય એ બની શકે.

મૂળ વાત આ છે કે આપણા વહાલા પ્રભુને વહાલા ત્યાગ-તપ-સંયમ આપણે નથી આરાધી શકતા, પરંતુ મૂળ પાયામાં એ વહાલા છે ? એના મનોરથ થાય છે ? એ વિના ભોગવિલાસ અને સંપત્તિ-સમૃદ્ધિનું જીવન કુચા લાગે છે ?

**મૂળ પાયે ત્યાગ-તપ વહાલા છે ? :-**

ત્યાગ-તપ વ્રતનિયમ કેટલા કર્યા એ સવાલ નથી. પરંતુ પહેલાં તો એ વહાલા લાગ્યા છે ને ? એ વહાલા એટલે ત્યાગની સામે ઈન્દ્રિયવિષયોના ભોગ અને વિષયો અળખામણા લાગે છે ને ? તપની સામે નિરંકુશ ખાનપાન અકારાં લાગે છે ને ? વ્રત-નિયમની સામે અ-વિરતિ એટલે કે પ્રતિજ્ઞા વિના છૂટા રહેવાનું દિલને ખટકે છે ને ? ધર્મ સાધનાની સામે જળો-જથા બેકાર લાગે ખરી ? ક્ષમાદિ ગુણોની સામે ક્રોધાદિ કષાયો નથી ગમતા ને ? મૂળ પાયામાં આ જરૂરી છે કે પ્રભુએ દિલથી જે વહાલું કર્યું એ આપણને વહાલું અને પ્રભુએ જે વિષયો-ખાનપાનની મજા વગેરે અને કષાયો અળખામણા કર્યા એ આપણને અળખામણા લાગે છે ને ?

મહર્ષિ દેવપાલની આ સ્થિતિ છે. એમને અરિહંત પરમાત્મા પર દિલમાં એટલો બધો ભક્તિભાવ છે, 'એ જ મારા તારણહાર, એ જ મારે સર્વેસર્વા મારાં સગાં-સ્નેહી-ધન-માલ યાવત્ મારા પ્રાણ, એવું જ મનને ભાસ્યા કરે છે કે એ ભક્તિભાવના લીધે પ્રભુને વહાલું તે પોતાને વહાલું, અને પ્રભુને અણગમતું તે પોતાને અણગમતું લાગે છે. માટે સાધુ જીવનમાં તપસ્યા ઝગમગાવી રહ્યા છે, જીવન તપોમય બનાવી દીધું છે. ત્યારે ત્યાગમાં પણ ભારે પુરુષાર્થી બની ગયા છે આંખની સામે ઘણું ય જોવાનું આવે, પણ જોવાનો ત્યાગ. સન્માન ને સંગીતના શબ્દ આવે પરંતુ એ સાંભળવાનો ત્યાગ, એવા સુંવાળા સ્પર્શ, રસભર્યા ખાનપાન, સુવાસિત

પદાર્થ આ વિષયોનો ત્યાગ રાખવામાં ખૂબ જાગ્રત અને પ્રયત્નશીલ રહે છે.'

જુઓ, શાલિભદ્ર-ધનાજી-મેઘકુમાર વગેરે મહામુનિઓએ તપશ્ચર્યાઓ કેવી કેવી ભારે આદરેલી ? ત્યાગ પણ કેવા અપનાવેલા ? એ તો પૂર્વે સુંવાળા મજેના વિષયોમાં ટેવાયેલા, છતાં પ્રભુને સર્વેસર્વા વહાલા કર્યા પછી પ્રભુના ત્યાગ-તપને વહાલા કરી વિષયોને અણગમતા કરેલા ને ?

## ● સાધના અને વૈરાગ્યની આ ચાવી ●

**પ્રભુને આવા વહાલા કરો જેમાં પ્રભુને વહાલું તે જ આપણને વહાલું લાગે; ને પ્રભુએ અણગમતું કરેલું એ આપણને અણગમતું જ રહે.**

**પ્રભુ શા માટે વહાલા ?**

મનને એમ થાય કે પ્રભુને વહાલા શા માટે કરું છું ? આટલા જ માટે કે એમની ત્યાગ-તપ વગેરેની સાધના વહાલી લાગે, અને વિષયો તથા ઇન્દ્રિયોની ઉજાણી અકારી લાગે, જો પ્રભુ આ માટે વહાલા નથી, તો શા માટે વહાલા છે ? પ્રભુ ધર્મની સાધના અને જગત પ્રત્યે વૈરાગ્ય માટે વહાલા નહિ, તો એનો અર્થ એ થશે કે સાંસારિક પદાર્થો માટે પ્રભુ વહાલા કરાય છે, કમનસીબી જ છે ને ? તરણતારણ વીતરાગ તીર્થંકર ભગવાન જેવા નાથ મળ્યા પછી સંસાર વહાલો કરાય, સંસારના પદાર્થ અને એની સાધના વહાલી કરાય એ કેવી હીનભાગિતા !

**પ્રભુને વહાલા કરનાર પ્રભુના ભક્તો શું શું કરી ગયા એ તપાસો.**

શાલિભદ્ર પહેલાં તો દેવતાઈ નવાણું પેટીના જર-ઝવેરાત વગેરે માલને બીજે દિવસે એંઠવાડિયા કૂવામાં નખાવતા. પછી શ્રેણિકને માલિક તરીકે ન સ્વીકારવા સંસારવાસને છોડ્યો, પછી ગુલાબી ગલગોટા જેવી કાયાને ભીષ્મ ત્યાગ અને તપથી એવી ઘસી નાખી, શ્યામ હાડપિંજરશી બનાવી દીધી કે માસખમણને પારણે પોતાના સંસાર-અવસ્થાના ઘરઆંગણે ગોચરી ગયા છતાં ત્યાં એમને કોઈએ ઓળખ્યા નહિ. પ્રભુને વહાલા કરી આ શું શું કર્યું ?

જગડુશાએ પ્રભુને વહાલા કરી, ગુજરાતની ત્રણ વરસની દુષ્કાળી ફેડી, એટલું બધું અઢળક ધન અનુકંપામાં વહેવડાવ્યું.

વિજય-વિજયાએ પ્રભુને વહાલા કરી પરણ્યા બરાબર જીવનભરનું બ્રહ્મચર્ય અપનાવ્યું.

સનતકુમાર ચક્રવર્તીએ પ્રભુને વહાલા કરી આખી છ ખંડની ઠકરાઈ અને રાણીઓ, નવ નિધાન વગેરે બધું જ અણગમતું કરી છોડી દીધું. મુનિ બન્યા પછી પણ કાયાની માયા છોડી, કાયાના જાલિમ રોગો સહર્ષ સહી લીધા, પણ દવાદારૂ



ન કર્યા. ઊલટું વધારે ત્યાગ અને તપસ્યાઓ ઝીક્યે રાખી. કેમ આટલું બધું ? કારણ, પ્રભુ વહાલા છે, ને વધુ વહાલા કરવા છે.

રામચંદ્રજી મુનિ બન્યા પછી, સીતા ૧૨ મા દેવલોકના ઇન્દ્ર થયેલા તે એમને ધ્યાનમાં ચડતા અટકાવવા માટે આવે છે; સીતાનું અને વિદ્યાધર યુવતીઓનાં રૂપ કરી ગીત-ગાન-નૃત્ય સાથે ભક્તિ કરે છે, અને આ બધી સાથે રંગરાગ ખેલવા પ્રાર્થના કરે છે. પરંતુ રામચંદ્રજીએ તો ચારિત્ર લઈ પ્રભુને એવા સર્વેસર્વા વહાલા કર્યા છે, કે ચારિત્ર લીધું ત્યારથી ગોખ્યે રાખ્યું છે કે

**'આ જગતનું કશું જ મારું નથી, કશું જ સારું નથી. એક માત્ર જિનેશ્વરદેવ જ મારા અને સારા છે.' આના પર જ વૈરાગ્ય ધીખતો.**

આ મનમાં વારંવાર ઘુંટ્યે રાખ્યું હોય, પછી સીતા કયાંથી પોતાની લાગે ? કયાંથી સારી આકર્ષાવા જેવી લાગે ? વૈરાગ્ય નીરોગી રાખવો હોય ખખડધખ રાખવો હોય, તો આ નિરંતર ઘુંટવું પડે કે આ જગતનું કશું જ મારું નહિ ને સારું નહિ.' વૈરાગ્ય અખંડ રહે તો જ પ્રભુ ખરેખર વહાલા લાગે.

રામચંદ્રજી મુનિએ સીતેન્દ્રની કશી લીલા ધ્યાન પર લીધી નહિ, ઊલટું ધર્મધ્યાનની ધારાને ઓર વિકસાવતા ગયા, ને અંતે વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા. ત્યાં હવે સીતેન્દ્ર ક્ષમા માગી અને કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. રામે પ્રભુને કેવા વહાલા કર્યા તેનું આ પરિણામ ?

કરો, કરો, વીતરાગ પ્રભુને વહાલા કરો. વિષયો અને વિષયના સગાઓને તો અનંતીવાર વહાલા કર્યા, પણ એથી વળ્યું શું ? ભવમાં ભટકતા હજી સુધી ઊભા છીએ, અને અહીં પણ કેઈ ચિંતા-સંતાપ-વ્યાકુળતાથી પીડાઈએ છીએ. બોલો, વિષયો અને વિષયોના સગા-કુટુંબ પાછળ આ ચિંતાદિની પીડા નથી ? એમ કહેતા નહીં કે

**પ્ર.**- તો શું એને વહાલા ન કરીએ તો એ પીડા ન રહે ?

ઉ.- ના, એવી પીડા ન રહે, કારણ કે એ બધાને પંખીમેળા જેવા ગણી દિલથી વહાલા ન કર્યા એટલે મન માની લે છે કે આ બધા કાંઈ ખરેખર મારા નથી. આ તો આગન્તુક આવી ચડેલા છે. એની ખાતર એવી ચિંતા શા સારુ કરું ? સંતાપ વ્યાકુળતા શા માટે કરું ?

**મુસાફર માટે ચિંતા સંતાપ નહિ :-**

મુસાફરીમાં વચમાંથી કોઈ સાથે થઈ જાય, તો એની સાથે વાતચીત-નાસ્તાપાણી વગેરે વ્યવહાર ચાલે છે, પરંતુ એ બિમાર પડે તો એવો સંતાપ નથી કરાતો, એની ચીજવસ્તુ ખોવાય તો એવી વ્યાકુળતા નથી કરાતી. વ્યવહારથી

એની સેવા કરાય ને, એની ચીજવસ્તુ શોધવામાં સહકાર અપાય એટલું જ, પણ કલેજે ઠંડક છે કે 'આ કાંઈ મારો કુટુંબી માંદો નથી પડ્યો, કુટુંબની વસ્તુ નથી ખોવાઈ.' એમ જીવનમાં વિષયના સગા પત્ની પુત્રાદિ પર અંતરમાં એવું વહાલ-મમત્વ ન રાખતાં સંસારમુસાફરીમાં વચ્ચેથી સાથે થઈ જનાર મુસાફર જેવા માની લીધા હોય, તો એને અંગે પેલા મુસાફરની જેમ બધો વ્યવહાર સાચવવો પડે, પરંતુ કલેજે ઠંડક હોય, કે 'આ કોઈ મારા નથી, પેલા મુસાફરની જેમ એની ખાતર ચિંતા-સંતાપમાં સળગવાનું શું કામ કરું ? મારા તો પરમાત્મા છે, ચિંતા રાખું તો એમની રાખું.'

**ધાવમાતાનું દૃષ્ટાન્ત :-**

ધાવમાતા શું કરે છે ? રાજપુત્રને સંભાળે છે, પોતાના પુત્ર કરતાં વધુ સંભાળે છે; પરંતુ અંતરનું વહાલ-મમત્વ તો પોતાના દીકરા પર જ છે. તેથી જે ચિંતા-સંતાપ પોતાના પુત્રના અંગે છે એવા રાજપુત્ર અંગે નહિ. રાજપુત્રે રીસાઈને ન ખાધું તો હૈયું નહિ બળે, પણ પોતાના પુત્રે એવું કર્યું તો હૈયું બળશે. રાજપુત્ર બિમાર પડી ગયો તો સરભરા બધી કરશે, રાતના ઉજાગરા વેઠીને કરશે, પરંતુ વ્યાકુળતા હાય-હાય નહિ કરે કે 'આનું શું થશે ? આ કયારે જલદી સાજો થાય !' સાજો થવાનું ઇચ્છે ખરી, પરંતુ હૈયે વ્યાકુળતા નહિ. ત્યારે પોતાના દીકરા માટે તો ભારે વ્યાકુળતા. તેથી પોતે એ માંદો પડતાં પોતાનું ભોજન પણ નિરાંતથી નહિ કરે, ને ઊંઘ પણ નિરાંતથી નહિ લે. એમાં કદાચ રાજપુત્ર મરી જાય તો દિવસો સુધી પોક નહિ મૂકે કે 'હાય હાય ! મારો રાજપુત્ર મરી ગયો !' ત્યારે પોતાનો પુત્ર મરવા પાછળ મહિનાઓ ને વર્ષો સુધી રોશે; કેમકે એના પર હૈયાનું વહાલ-મમત્વ છે; પેલા પર એ નહિ, માટે પોક નહિ. બસ,

**એમ જીવનમાં વિષયના સગાઓ પર જો એવું મમત્વ નહિ, તો એની પાછળ એવી ચિંતા-સંતાપ વ્યાકુળતા નહિ રહે.**

મરેલા રાજપુત્રને બાળી આવ્યા પછી જેમ ધાવમાતા બીજે પોતાની આજીવિકાના કામમાં લાગી જાય છે, એમ પ્રભુ પર વહાલ-મમત્વ રાખી વિષયના સગા પર એવું મમત્વ નહિ રાખનારો તત્ત્વજ્ઞ પુરુષ એકાદ સગાના મૃત્યુ પછી કષાય શોક વિના પોતાના આત્માની અને પરમાત્માની ચિંતામાં લાગી જાય છે.

**છોટાભાઈ સંઘવી :-**

અમદાવાદમાં છોટાભાઈ સંઘવી આવા તત્ત્વજ્ઞ પુરુષ હતા. પોતાની પેઢી સંભાળી શકે એવો જુવાન જોધ પુત્ર ગુજરી ગયા પછી સ્મશાને એને બાળી આવીને વ્યાખ્યાનમાં પહોંચ્યા, કશો શોક કે હાયવોય નહિ. વ્યાખ્યાન બાદ મહારાજ પૂછે છે.



'તમે રોજના ટાઈમસર આજ કાંઈ મોડા ?'

તો ઉત્તરમાં કહે છે 'હા, સાહેબ ! આજે જરા મહેમાનને વળાવવા ગયો હતો.'

મહારાજ સમજ્યા કે 'કોઈ બહારગામનો સારો મહેમાન આવ્યો હશે એને વળાવવા ગયા હશે.' પરંતુ પાસે ઊભેલાએ કહ્યું કે 'સાહેબ ! મહેમાન એટલે એમનો જુવાનજોધ દીકરો. તે ગુજરી ગયો, તેથી મસાણે ગયા હતા.' 'આ સાંભળીને મહારાજને થયું કે 'ઓહો ! શું છોટાભાઈની ધર્મ પરિણતિ ! કેવી સુંદર તત્ત્વજ્ઞતા અને વૈરાગ્ય !'

**સગર ચક્રી :-**

આ ધર્મપરિણતિ અને તત્ત્વજ્ઞતા હોય પછી શું કામ વિષયના સગા ખાતર ચિંતામાં સબડે ? સંતાપ-બળતરા કરે ? શોક-વ્યાકુળતામાં રીબાય ? સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્ર અષ્ટાપદતીર્થની રક્ષાનું કાર્ય કરી એકી સાથે દેવતાના કોપમાં હોમાઈ ગયા, તો ચક્રવર્તીને ક્ષણભર આઘાત લાગ્યો, પણ પછી બ્રાહ્મણને એના પુત્રના મરણ પર પોતે પૂર્વે આપેલી તત્ત્વ-શિખામણ તરત મન પર લઈ લીધી અને લેશ પણ શોક-હાયવોય ન કરતાં ઊલટું એવા અચાનક આવતા મૃત્યુ પરથી ધડો લઈ વૈરાગ્યવૃદ્ધિ કરી, ને મોટી છ ખંડની ઠકરાઈને ફગાવી દઈ ચારિત્રપંથે ચડી ગયા.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૩૭,તા.૩૧-૫-૧૯૭૫**

પરમાત્માને જ વહાલા કરી પ્રભુને જ આત્મીયજન માન્યા પછી વિષયના સગાની જેમ જો વિષયોને ય વહાલા ન કરાય, પોતાના ન મનાય, તો એના અંગેની એવી ચિંતાઓ-સંતાપો-વ્યાકુળતા કરવાનું ન થાય. એક જ વિચાર રહે કે 'આ વિષયો તો પુણ્યને ગંઠાયેલા છે. હું એની ભરચક ચિંતા વિચારણા ન કરું તો ય એ જવાના નથી, ને ચિંતા-વિચારણા ખૂબ કરું તો ય, પુણ્ય ખૂટ્યે એ રહેવાના નથી. તો શા સારુ મનમાં એ ચિંતાની લોથ માંડુ ?' એમ દુનિયાના વિષયો અંગે સંતાપ-બળતરા કે વ્યાકુળતા પણ શું કામ કરે ? ભાગ્યની સાથે જ ગંઠાયેલા અને આપણી યોગ્યતા ચિંતા કે મહેનતને નહિ ગણકારનારા વિષયો પાછળ સંતાપ-બળતરા શા સારુ કરવી ? રહે તો વાહવાહ, ને જાય તો ય વાહવાહ-જીવનયાત્રા પૂરી કરવી છે, એમાં વહાલા પરમાત્માનાં પગલે પગલે ચલાતું હોય એ જ સારભૂત કમાયા; બાકી પરાયા વિષયો આવ્યા ને ગયા, એનું બહુ લેખું નહિ.

**વિષયો કેમ વહાલા ન કરાય ?**

હકીકત આ છે કે વિષયો વહાલા કરવામાં એની પાછળ બિનજરૂરી અઢળક પાપો કરાય છે. જૂઠ-અનીતિ એની ખાતર, દંભ-વિશ્વાસઘાત એની ખાતર, પાર વિનાનો લોભ-ઓરતા-અભખરા એના, ગુસ્સો-અભિમાન એ વિષયો પાછળ, રાતદિ' આર્તધ્યાન-સંકલ્પ-વિકલ્પો એની ખાતર, કલેશ-કંકાશ-વૈરવિરોધ વગેર બધું એ ગોઝારા વિષયોની ખાતર કરાય છે. એવા આપણને પાપિષ્ઠ, પાપ ડૂબ્યા બનાવનાર એ ગોઝારા વિષયો પર શા વહાલ ને શા મમત્વ ધરવા ? એના કરતાં એને છોડી વહાલ-મમત્વ પરમાત્મા પર જ ધરીએ કે જેથી એ પ્રભુના ચિંતન પાછળ અઢળક પાપક્ષય અને પુણ્ય કમાઈ તો થાય ?

મહાત્મા દેવપાલે તો વર્ષોથી અરિહંત પરમાત્માને વહાલ કર્યા છે, તે હવે સાધુ જીવનમાં એમને વિશેષ વહાલા કર્યા પછી વિષયો પરથી એવું વહાલ ઉઠાવી લીધું છે કે હવે એના ત્યાગરૂપ ભારે તપસ્યામાં લાગી ગયા છે.

**મહાપુરુષો ઘોર તપ કેમ કરી શક્યા ? :-**

જુઓને, શાલિભદ્ર-ધનાજી મહામુનિઓ, ધન્ના અણગાર, મેઘકુમાર મુનિ વગેરેએ ચારિત્ર લીધા પછી ત્યાગ અને તપથી કાયાને ઓગાળી નાખી હશે, સુક્કી ભુખ્ખી લુખ્ખી બનાવી દીધી હશે, તે કયા બળ પર ? આ જ બળ, કે પ્રભુ ઉપર એમને અથાગ વહાલ હતું; તો પ્રભુને વહાલ કર્યા પછી વિષયોને કેમ વહાલા કરાય ? ખાઉં-ખાઉંને અને કાયાની સુખશીલતાને કેમ વહાલ કરાય ? એને વહાલા કરવામાં પ્રભુની આજ્ઞાને ગૌણ કરવી પડે છે, ને

**પ્રભુ વહાલા કર્યા તો જ ગણાય કે એમની આજ્ઞા પણ સાંગોપાંગ વહાલી કરાય અને શકય અમલી કરાય.** આ પ્રભુપ્રેમના બળ ઉપર એ મહાત્માઓ ઘોર તપ તપ્યા, યાવત્ અંતિમ અનશને શિલા પર સૂતા. રાજર્ષિ દેવપાલ પણ અરિહંત પ્રભુ પરના અથાગ પ્રેમના લીધે ઘોર તપ તપી રહ્યા છે.

**ભગીરથ સ્વાધ્યાય-પરિશ્રમ : દેવપાલને નવપૂર્વનું જ્ઞાન :-**

ખૂબી તો એ છે કે આટલા ઉગ્ર તપની સાથે જ્ઞાનોપાર્જનના પરિશ્રમમાં એવા લાગી ગયા હતા કે એમણે નવ પૂર્વ સુધીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. 'પૂર્વ' નું જ્ઞાન એટલે એ એકેક પૂર્વ લાખો શ્લોક પ્રમાણ અને તે પાછું પુસ્તકમાં લખેલું મળે નહિ, માત્ર ગુરુ મોંઢે પાઠ આપે તે એ જ વખતે મોંઢે કરી લેવાનું અને પછી એનું પુનરાવર્તન બરાબર ચાલુ રાખવાનું જેથી એ ભૂલાય નહિ; અને એ રીતે પુનરાવર્તન રાખીને રોજ નવો નવો પાઠ મળે તે એમાં જોડવાનો તો જ ઠેઠ નવ પૂર્વ ભણ્યા ત્યાં સુધીનું બધું મોંઢે ચાલે. ત્યારે આમાં રોજ ને રોજ શાસ્ત્રસ્વાધ્યાયનો પરિશ્રમ



કેટલો બધો હશે ? ઉગ્ર તપસ્યા ચાલુ અને એમાં આ સ્વાધ્યાય પરિશ્રમ ! આજે રોજ ૧-૨-૩ વાર ખાધ્યે પીધ્યે પણ એવો એક ક્ષણ પણ વેડફ્યા વિનાનો સ્વાધ્યાય કરવાનું કેટલું કઠિન ? તો રાજર્ષિ દેવપાલને કેમ સહેલું ? કહો,

**જ્યારથી એમણે વીતરાગ પરમાત્માને વહાલા કર્યા છે ત્યારથી જગતનું એવું વહાલ મૂકી દીધું છે.**

જોયું ને ? જંગલમાં ભગવાન મળ્યા ત્યારપછી સાત દિવસ લગાતાર વરસાદની હેલી થઈ ત્યાં પ્રભુનાં દર્શન વિના ખાવુંપીવું હરામ કર્યું છે. માણસને ખાનપાન તો અતિપ્રિય, પણ આ દેવપાલે આઠમે દિવસે ભગવાનનાં દર્શન મળતાં સાત દિવસ સુધી ખાવા ન મળ્યાનું રોદણું નથી રોયું, પણ સાત દિવસ પ્રભુનું દર્શન ન મળ્યાનું રોદણું રોયું હતું. જાતને ભૂખે મરવું પડ્યું એ રોદણું નહિ, પણ જાતને દર્શન વિના અપરાધી લેખી હતી. ત્યારે રાજ્ય મળ્યા પછી ઠકરાઈ બજાવવાનું નહિ, પણ રાજ્યકારભાર મંત્રીને ભળાવી પોતે અરિહંત પ્રભુની ઉપાસનામાં લાગ્યા રહેવાનું કરેલું.

**ભગવાન વહાલા એટલે બીજું કશું વહાલું નહિ. એનું નામ ભગવાનની ઉપર અદ્વિતીય વહાલ.**

એટલે જ દેવપાલ પોતે મુનિ બન્યા પછી ભગવાનનાં શાસ્ત્રને એવા વહાલા કરે છે કે એક ક્ષણનો પણ પ્રમાદ વહાલો નહિ. એનું પરિણામ આ, કે નવ પૂર્વ સુધીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. સખ્ત પરિશ્રમ વિના આની શકયતા ક્યાં ?

**શય્યંભવનો જ્ઞાનશ્રમ :-**

મહાપુરુષોની સ્થિતિ જુઓ કે એમણે કેટલા વખતમાં કેવાં ને કેટલાં જ્ઞાન પ્રાપ્ત કર્યા ? ભગવાન મહાવીર સ્વામીની પાટે સુધર્માસ્વામી, પછી જંબુસ્વામી, પછી પ્રભવસ્વામી એમની પાટે શય્યંભવસૂરિ થયા. દીક્ષા લેતાં પહેલાં એ યુવાન ઉંમરના બ્રાહ્મણ યજ્ઞ કરાવતા હતા. ગર્ભિણી પત્નીને છોડી દીક્ષા લીધી, અને એમનો આઠ વરસનો પુત્ર મનક એમને મળવા આવ્યો ત્યારે તો એ ચૌદ 'પૂર્વ' શાસ્ત્રોના પારગામી બની ચૂક્યા હતા, અને પ્રભવસ્વામીના પટ્ટધર તરીકે વિચરતા હતા. તો વિચારો કેટલા વખતમાં આટલો મોટો જ્ઞાનસમુદ્ર પ્રાપ્ત કરી લીધો ? એ કેવા પરિશ્રમથી પ્રાપ્ત કર્યો હશે ? એક પૂર્વનું જ્ઞાને ય પ્રાપ્ત કરી લેવું સહેલું છે ? એક હાથીપ્રમાણ મષીથી લખાય એટલું બધું એનું જ્ઞાન ! એ ય કંઠસ્થ કરવાનું અને રોજ પુનરાવર્તન ચાલુ રાખવાનું ભારે અઘરું છે, તો ૧૬,૩૮૩ હાથીપ્રમાણ મષીથી લખી શકાય એટલું બધું ૧૪ પૂર્વનું જ્ઞાન મોંઢે કરવાનું કેટલું કેટલું કઠિન ? તે ય આઠ વરસની અંદર અંદરમાં મેળવી લીધું !

એકલા ભગવાન જ વહાલા કર્યા એટલે ક્ષણનો પણ પ્રમાદ-મોજ-સુખશીલતા કશું વહાલું ન કર્યું. ભગવાનની વાણીના સ્વાધ્યાયની રાત ને દિવસ ધૂન લગાવી. એનું પરિણામ જન્મે જૈન નહિ, ગોખવાની કોમળ કૂણા મગજવાળી બાળવય કુમારવય નહિ, અને ગોખવાનું તે નવકારમંત્રના એકડે એકથી, અને પ્રાકૃત ભાષાના મૂળાક્ષરથી ! છતાં અલ્પકાળમાં શ્રુતકેવળી ૧૪ પૂર્વધર બની ગયા ! એમ સમજતા નહિ કે 'ગુરુએ મંતર માર્યો એટલે વગર મહેનતે મહાજ્ઞાની બની ગયા.' ના, એવો મંત્ર હોય તો તો ગુરુ એવા કરુણાના ભંડાર હોય છે કે બધાયને મહાજ્ઞાની બનાવી દે. પણ એમ મંત્રથી બની શકતું નથી, જ્ઞાન માટે પાકો પુરુષાર્થ જોઈએ છે. પૂછો,

**પ્ર.**- તો પછી ગણધર મહારાજ અરિહંતભગવાન પાસે દીક્ષા લઈને તરત ૧૪ પૂર્વ દ્વાદશાંગીની રચના શી રીતે કરે છે ? પરિશ્રમ કયાં કર્યો તે ૧૪ પૂર્વના મહાજ્ઞાની બની ગયા ?

**ઉ.**- તે ત્યાં કાંઈ અરિહંત પ્રભુ એમના પર મંતર નથી મારતા પ્રભુ તો એમને ત્રિપદી ત્રણ પદ આપે છે, તે પર્ષદાના સાંભળતાં જ આપે છે. જે ગણધર સાંભળે છે તે પર્ષદા પણ અને ગણધરની સાથે દીક્ષિત થનાર પણ સાંભળે છે તેમ, પ્રભુ કેવળજ્ઞાની મંત્રપ્રયોગ કરે નહિ. પછી ગણધરોને ૧૪ પૂર્વોના પદાર્થનું અગાધ જ્ઞાન થવામાં મંત્રપ્રયોગ કયાં આવ્યો ? એમ કહો, કે એ પૂર્વ જન્મથી એવી આરાધના કરીને આવેલા, ક્ષયોપશમની શક્તિ, જ્ઞાનશક્તિ લઈને આવેલા, તેથી પ્રભુનાં શ્રીમુખેથી ત્રિપદી સાંભળવા મળતાં જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ ખીલી ઉઠ્યો અને જંગી પદાર્થ પ્રકાશ થઈ ગયો. એના પર ત્યાં ને ત્યાં ઊભા ઊભા જ ૧૪ પૂર્વશાસ્ત્રોની રચના કરી.

પરંતુ આ તો સ્વયં ૧૪ પૂર્વ રચનારની વાત; બાકી ચૌદ પૂર્વ ભણનારને પરિશ્રમ કરવો પડે, એ પરિશ્રમમાં એકાકાર બનવું પડે.

**એકમાત્ર અરિહંત ભગવાનને ખરેખર વહાલા કર્યા પછી એમના શાસ્ત્ર, એમની ભક્તિ, અને એમની આજ્ઞારૂપી ધર્મમાં સહેજે એકાકાર બની જવાય.**

ત્યારે સુંદર મનુષ્ય જન્મની આ લહાણ છે આ લહાવો છે કે એકમાત્ર ભગવાનને આવા વહાલા કરીએ અને એમના ધર્મમાં એકાકાર બની જઈએ. ખપે છે આ ?

**પ્ર.**- ખપે તો ઘણું ય; પણ સંસારની જળોજથા સંભાળવી પડે છે ને ?

**ઉ.**- એ ભૂલ્યા; સંસારની જળોજથા સંભાળાય છતાં એકમાત્ર પ્રભુને વહાલા કરાય. નવી પરણેલી યુવતીને, પતિ પરદેશ કમાવા ગયો હોય ત્યાં, સાસરે બધી



ઘરકામની જળોજથા કરવી પડે છે, છતાં પૂછો એનું દિલ કેવું છે ? એકમાત્ર પતિની રટણા કરનારું. અહીં પતિ હાજર હોય અને પતિના માટે રસોઈ બનાવવામાં જે ઉમળકો હોય, તે પતિની ગેરહાજરીમાં સાસરિયા માટેની રસોઈ બનાવવામાં નહિ, ભલે રસોઈની જળોજથા કરવી પડે છે. બસ, તો પછી જેમ નવી પરણેલી સુશીલ નારીને વહાલ એકમાત્ર પતિ પર, એમ આપણને વહાલ એકમાત્ર અરિહંતપ્રભુ પર જોઈએ. સંસારની જળોજથા છતાં દિલ સંસારનું નહિ, સંસારની વાતોનું નહિ, પણ અરિહંત પ્રભુનું, દિલમાં વહાલ માત્ર એમના પર. પછી સંસારની જળોજથાની વચ્ચે એ વહાલા કરેલા અરિહંતપ્રભુની ભક્તિ કરવા માટે કહેવું ન પડે, હોંશે હોંશે શક્ય એટલા ઊંચા દ્રવ્યોથી શક્ય એટલો સમય કાઢીને રોજ પ્રભુભક્તિ કરાતી રહે.

બોલો, આ ચાલુ છે ને ?

પ્રભુની પૂજા રોજ ચાલુ ?

પોતાના ઘરનાં દૂધ-કેશર-સુખડ-અંગલુછણાં-અગરબત્તી-પુષ્પ-વરખ-કટોરી-રેશમ-બાદલું વગેરે લઈ જઈને પૂજા કરો છો ?

ઠેઠ મોરપીંછીથી માંડીને જાતે જ નિર્માલ્ય કેશર ઉતારવાનું. પ્રક્ષાલ, અંગ-લુંછણાં, આંગી વગેરે જાતે કરો ને ? સમયનો અને મહેનતનો હિસાબ ગણ્યા વિના કરો ને ?

સવાર-બપોર-સાંજ ત્રણેય ટાઈમ પૂરી ભક્તિને ?

કેમ નહિ ? અંતરમાં પૂછજો આ જગતના પાપી જીવનમાં તને એકમાત્ર ભગવાન વહાલા છે ?

**રુડા માનવના ખોળિયે શા સારુ પશુનું દિલ અને પશુનું જીવન ?**

પશુને બિચારાને ભગવાનની ઓળખ જ નથી એટલે એકમાત્ર ભગવાનને વહાલા કરવાનું એને આવડતું નથી; પ્રભુને વહાલા કર્યાના પ્રતીકરૂપે ભગવાનની ભક્તિ કરવાનું જીવન જીવતા આવડતું નથી. ત્યારે આપણે તો અથાગ પુણ્યશાળી તે આર્યદેશ આર્યકુળે માનવ અવતાર મળી ગયો.

**આવા આર્યમાનવ અવતારે ય પ્રભુને જ વહાલા કરવાનું દિલ અને પ્રભુભક્તિનું દિલ બનાવતાં નહિ આવડે અને ભક્તિનું જીવન જીવતાં નહિ આવડે, તો આપણામાં પશુ કરતાં શી વિશેષતા ?**

અંતરને કહો, બીજું બધું વહાલું કરવાનું તો કીડા-મંકોડા અને જનાવરના જીવનમાં ય આવડશે, પ્રભુને વહાલા કરવાનું અહીં કરી શકાશે. દિલ પ્રભુનું અહીં કરી શકાશે, અને જીવનકરણી પ્રભુભક્તિની અહીં બનાવી શકાશે. પ્રભુને ખરેખર

વહાલા કરવાની જરૂર છે, ખાલી કહેવાના વહાલા નહિ.

'કહેવાના વહાલા' સમજો છો ને ? આડોશી-પાડોશી વહાલા ખરા, શેરી-મહોલ્લા કે ગામના માણસ વહાલા ખરા, પણ જે કુટુંબ વહાલું એમાં ને પેલામાં કેટલો ફરક ? કુટુંબ વહાલું છે તો દિલમાં એના માટે મમત્વ રહે છે, ને એ મમત્વની પાછળ કેટલું ય કરી છુટાય છે. ત્યારે પેલા આડોશી પાડોશી વગેરે પર એવું મમત્વે ય નહિ એની કાળજી-સંભાળેય નહિ, અને એની પર તૂટી મરવાનું ય નહિ, કશું કરી છૂટવાનું નહિ. કેમ એ વહાલા નથી ? છે, પણ કહેવાના વહાલા, પરાયા તરીકે વહાલા. તો બોલો,

**ભગવાન કેવા વહાલા છે ? પાડોશીની જેમ પરાયા તરીકે ? કે કુટુંબની જેમ પોતાના તરીકે ?**

ભગવાનને સંઘના સમજો છો ? કે તમારા પોતાના !

જેમ કુટુંબ તો મારું પોતાનું, એમ 'ભગવાન તો મારા પોતાના, મારા તારણહાર, મને અનાદિ નિગોદમાં આટલે ઊંચે લાવનારા અને હજી પણ ઠેઠ મોક્ષ સુધી પહોંચાડનારા એ જ મારા ખરેખરા પોતાના ને મને ખરેખરા વહાલા, પોતાના તરીકે વહાલા-આવું મનને થાય છે ? કુટુંબ પોતાના તરીકે વહાલું કર્યા પછી એની શી શી સેવા હોંશે હોંશે નથી કરતા ? એકેક ઝીણી ઝીણી બાબતની ને નાની નાની વસ્તુની કાળજી કરાય છે. તો પછી ભગવાનની એવી સેવા-ભક્તિ અને નાની બાબત ને નાની નાની વસ્તુની કાળજી કરો છો ખરા ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૩૮,તા.૭-૬-૧૯૭૫**

ભંડારમાં રોજ દસકો નાંખી દો એટલામાત્રથી પ્રભુ પોતાના તરીકે વહાલા કર્યા ગણાય ? એમ તો સારા અશક્ત પાડોશીને રોજ પોતાના શાક ભેગું શાક લાવી આપતા હોય છે, પણ એટલામાત્રથી પાડોશી પોતાના તરીકે વહાલો હોવાનું હૈયુ કબૂલ કરતું નથી.

**પ્રભુને પોતાના તરીકે વહાલા કર્યાના લક્ષણ શા શા ?**

મંદિરે જતા પહેલેથી પ્રભુની સેવા માટે શી શી ગણતરી ? પોતાના દૂધ-શાક-કપડુલત્તુ ને ઘર માટે જરૂરી ચીજવસ્તુ ખરીદતી કે બનાવતી વખતે પ્રભુનું અને મંદિરનું કશું યાદ આવે ? પ્રભુને પ્રક્ષાલનું દૂધ, ફૂલ, કેશર, ચંદન, વરખ, ધૂપ, ઘીનો દીવો વગેરે દરેકે દરેક ભક્તિની વસ્તુ સ્મરણમાં આવે છે ને ? મંદિરે જતા પહેલાં આ બધું તૈયાર ? અને એ લઈને જ પ્રભુ પાસે જવાય છે ને ?



મંદિરમાં પેસતા એક નિસીહિ કહેવાની છે તે ઘરસંસારના કાર્યની ચિંતા છોડવા માટે કહેવાની છે, ઘરસંસારના કાર્ય મગજમાં પણ નહિ લાવવા માટે કહેવાની છે. પરંતુ બીજી નિસીહિ મંદિરના કાર્યની ચિંતા છોડવા માટેની છે, તે અહીં નથી કહેવાની એ તો દ્રવ્યપૂજાર્થે ગભારામાં પેસતાં કહેવાની છે; કેમકે દ્રવ્યપૂજામાં પેઠાં પછી મંદિરના કાર્યની ચિંતા ન કરાય, નહિતર યોગ-વ્યાઘાત થાય, અર્થાત્ દ્રવ્યપૂજાના મહાન યોગમાં ક્ષતિ પહોંચે. મન હવે દ્રવ્યપૂજામાં જ લયલીન રાખવાનું; મંદિરના કાર્યમાં ય નહિ લઈ જવાનું. મંદિરના કાર્યની ચિંતા દ્રવ્યપૂજામાં પેસતા પહેલાં કરવાની. તો વિચારો,-

**મંદિરમાં પેસતાં એક જ નિસીહિ શા માટે ?**

**કહો, મંદિરમાં પેસી મંદિરમાં સાફસુફી-તૂટફુટ-ચીજવસ્તુની આવશ્યકતા વગેરેની ચિંતા કરવાનો શ્રાવક-શ્રાવિકાના માથે ભાર છે એ માટે.**

બોલો આ ભાર માથે રાખ્યો છે ? અરે ! દુઃખની બીના તો એવી છે કે એક વચમાં પાટલો પડ્યો હોય, તો ત્યાંથી દસ જણ જશે પણ દશેય જનારમાંથી એક જણ પણ એને ઊઠાવીને બાજુમાં વ્યવસ્થિત નહિ મૂકે ! કાગળનો ડુચો વગેરે કચરો એકને ય દૂર મૂકવાની ફુરસદ નથી ! પોતાના ઘરમાં દિવાળીએ દિવાળીએ વ્હાઈટવોશ કરાવવાની કાળજી ખરી પણ જિનમંદિરમાં વર્ષો વીતે તો ય કાળાશ ઊભી ! તે કાઢવાની ચિંતા નથી. મનને એમ ન થાય કે 'લાવ મારા ઘર ભેગું મંદિરમાં ય થોડું તો વ્હાઈટવોશ કરાવી લઉં.' મંદિરમાં બે પાટલા ઓછા છે, બાજોઠી ઓછી છે, તો લાવ એ વસાવી દઉં. મંદિરમાં ફાનસનો કાચ ફુટી ગયો છે, તો લાવ એને નખાવી દઉં...' આવી આવી નાની નાની ય કેટલી ય મંદિરની બાબત માટે ચિંતા જ નથી. પ્રભુના પૂજનનાં સર્વ દ્રવ્યો માટે કે ન મંદિરના જરૂરી અંગો માટે કશું વિચારવાનું રાખ્યું હોય, કશો ય એનો ભાર માથે રાખ્યો હોય નહિ પછી ભગવાન પોતાના તરીકે વહાલા કર્યા કહેવાય ?

**સૌભાગ્ય માનો કે આ ભવમાં પોતાના તરીકે વહાલા કરવા માટે પ્રભુ મળી ગયા છે.**

**કુટુંબ પાછળ તો પુણ્ય વેચી પાપની ખરીદી :-**

જગતના સ્વારથિયા અને આપણું પુણ્ય લૂંટીખાનારા સગાં તો ઘણા મળ્યાં, ને એમને આપણે પોતાના તરીકે વહાલા કરવાનું અનંતીવાર કર્યું પરંતુ એથી વળ્યું શું ? આપણે એમની ખાતર પુણ્ય વેચીને પાપના ગંજ ખરીદ્યા, ને તેથી દુર્ગતિઓમાં ભટકયા. સ્વાર્થિયા કુટુંબને મોજમાં મહાલાવવા માટે વેપાર કરી પૈસા લઈ આવ્યા એટલું પુણ્ય વટાવાયું, અને એ વેપારધંધામાં લોભ-માયા-આરંભ-સમારંભ વગેરે કર્યા

એથી અઢળક પાપ કમાયા. પાછું એ પૈસાથી આરંભ-સમારંભ અને વિષયવિલાસ કર્યા કરાવ્યા એનાં પાપ વધતાં ચાલ્યા. કહો, આ કેવો વેપલો ? પુણ્યનું વેચાણ અને એની આગળ-પાછળ એકલા નકરાં પાપોની ખરીદી ! આ કરાવનાર કુટુંબને પોતાનાં તરીકેનું વહાલું કરવાનું ? ને જે ભગવાન નકરી પુણ્યની કમાઈ કરાવ્યે જાય એમને પરાયાના તરીકે વહાલા કરવાના કઈ અક્કલ પર આ ડિંડવાણું ચલાવ્યે રાખ્યું છે ?

કુટુંબને મૂકીને પ્રભુને જ પોતાના તરીકે વહાલા કરવાનું જો આવા જન્મમાં નહિ, તો શું ભેંસના ભવમાં બની શકશે ? ત્યારે એમ સમજો છો કે કુટુંબને પોતાના તરીકે વહાલું કર્યે રાખ્યાથી મુક્તિ મળશે ? જન્મ-મરણના ફેરા ટળશે ? ભૂલા ન ભમો,

**વીતરાગ પ્રભુને જ પોતાના તરીકે વહાલા કર્યાથી પુણ્ય મળે ને ભવના ફેરા ટળે.**

મહર્ષિ દેવપાલે વીતરાગ અરિહંત પરમાત્માને જ પોતાના તરીકે વહાલા કર્યા છે એટલે ગૃહસ્થપણે અરિહંત પ્રભુની ભક્તિની નાની મોટી બાબતો અને ચીજવસ્તુની કાળજી કરેલી; અને અહીં સાધુજીવનમાં એ પ્રભુનાં તપના ને ત્યાગના પગલે પગલે ચાલે છે, તેમજ એ અરિહંત પરમાત્માનાં શાસ્ત્રોના સ્વાધ્યાયમાં ભારે પરિશ્રમ ઊઠાવે છે; એવો કે ક્ષણ પણ પ્રમાદ નહિ; ને નવું જુનું ભણેલું બધું પારાયણમાં લાવવાનું. આ ત્યાગ-તપ-સ્વાધ્યાયના યોગોની સાથે મુનિચર્યાના આચાર-અનુષ્ઠાન, સમિતિ-ગુપ્તિ, સામાચારી અને આવશ્યક-પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ,-એ યોગોમાં પણ સારા ઉજમાળ રહી એને અખંડ પાળે છે.

**જેને પ્રભુ પોતાના તરીકે વહાલા, એને પ્રભુએ ફરમાવેલું બધું વહાલું.**

એક પત્ની પોતાની તરીકે વહાલી હોય છે તો માણસ એનું કહેલું શું શું નથી કરતો ? કહોને એના કહ્યા કરતાં ય વિશેષ કરે છે. તો પ્રભુનું કહ્યા જેટલું ય ન કરાય ? પત્ની કહે, 'મારા ભાઈને જરા મળી આવજો,' તો પતિ મળવા તો જશે જ પણ ઉપરથી કામકાજે ય પૂછશે, ને ઘરે જમવા આવવાનું નોંતરું ય આપી આવશે. ત્યારે પ્રભુ કહે છે. 'મારા ધર્મના સાધક સાધર્મિકની ખબર લેજો' તો એ તો કાંઈ કરવાની ભાવના જ નથી થતી. તો પછી ભગવાન પર વહાલ કેવું ? પ્રભુએ કહ્યાથી વિશેષ કરવાનું તો દૂર, પરંતુ કહ્યા જેટલું ય કરવાનું નહિ ? અને પત્નીએ કહ્યાથી વિશેષ કરવાનું ? કેમકે પત્ની મૃત્યુ પછી ઓથ આપશે ?

દેવપાલ મહર્ષિ સંયમજીવન ઉજ્જવળ અને પ્રભાવવંતુ પાળી રહ્યા છે, પરંતુ અરિહંતપદના ઉપાસક છે ને ? એટલે એટલાથી એમને સંતોષ નથી, વધારામાં અરિહંત પરમાત્માની શકય એટલી વિશેષ સાધનાઓ કરે છે.

**અરિહંત પ્રભુની વિશેષ સાધનાઓમાં શું શું આવે ?**

(૧) 'નમો અરિહંતાણં' પદનો જાપ કરી શકાય. એ જાપ બે પ્રકારે,- (i)



જપાજાપ અને (ii) અજપાજાપ.

જપાજાપ એટલે ખાસ લક્ષપૂર્વક ગણતરીબંધ જાપ કરાય તે. એ માળાથી યા આંગળીના વેઢાથી થાય, અથવા સિદ્ધચક્રજીના ગટા જેવા કર્ણિકા સહિત અષ્ટ પાંખડી કમળની ધારણાથી એ પર થઈ શકે, એકેક પાંખડીને કર્ણિકમાં ૩-૩ લીટી ધારવી. અને એકેક લીટી પર ૪-૪ મીડાં ધારવાના એમ દરેકમાં ૧૨ મીંડા આવે. એ દરેક મીંડાની રેખા (બાઉન્ડરી) ઉપર ગોળાકારમાં 'નમો અરિહંતાણં' અક્ષર લખેલા ધારીએ વાંચતાં જવાનું અથવા એકેક મીંડામાં પ્રભુની મૂર્તિ ધારીને પણ જાપ થાય. એકેક પર એમ ૧૨, અને કર્ણિકા સહિત ૮ પાખંડી ઉપર કુલ ૧૦૮ વાર જાપ થાય. એ એક માળા થઈ.

આવી માળા કેટલી ગણાઈ એનો આંક શી રીતે ધારવો ? એની આ રીત છે, આ એકેક કમળ પ્રભુની મૂર્તિના જમણા અંગૂઠેથી માંડીને ૧-૧ અંગ પર રહેલું ધારવાનું અને એના પર જાપ કર્યે જવાનો. પહેલા ચાર અંગ અંગૂઠો-ઢીંચણ-કાંડુ-ખભો એ દરેક જમણો ડાબો એમ બબ્બે છે એટલે કુલ ૮ અંગે ૮ માળા થાય. પછી શિર પર એક કમળ અને લલાટ પર એક કમળ, એમ કુલ દસ કમળમાં ૧૦ માળા થાય. અથવા 'સકલતીર્થ' સૂત્રમાં બતાવ્યા પ્રમાણેના ક્રમથી ક્રમસર ૧-૧ તીર્થ પર ૧-૧ કમળ ધારીને ગણતા અવાય. એમ માળાની ગણતરી રહે. દા.ત.

સમેતશિખર-અષ્ટાપદ; (વિમળાચળ) શેત્રુંજો-ગીરનાર,
આબૂ-શંખેશ્વર-અચલગઢ; તારંગા-અંતરિક્ષજી

આંખ સામે તે તે મોટું તીરથ ધારીએ અને એના પર કમળનાં જાપ કરીએ એટલે માળાની ગણતરી, કે આ પહેલી માળા, આ બીજી માળા,... એમ બરાબર રહે.

આમાં ક્યાંય હાથમાં માળા લેવી ન પડે કે હાથ પર આંગળી ય હલાવવી ન પડે તે તે પ્રભુના અંગ પર કે તે તે તીર્થ પર કમળ ધારીને એમાં પહેલા કહ્યું તેમ અક્ષર વાંચી વાંચીને જાપ થતો આવે અથવા મૂર્તિ જોઈ જોઈને જાપ થતો ચાલે.

આવા કમળને બદલે ચોખંડા સમવસરણ પર પણ જાપ થઈ શકે. સમવ-સરણના દરેક ગઢની ૪-૪ રેખા એમ ૩ ગઢની કુલ ૧૨ રેખા થાય, એ દરેક રેખા પર ૨-૨ ફૂલ, એ દરેક ફૂલને ૪-૪ પાંખડી, એ દરેક પાંખડીમાં અક્ષર કે મૂર્તિ પર 'નમો અરિહંતાણં' જાપ ચાલે અને દરેક રેખા પર બે ફુલની વચમાં દરવાજા પર 'નમો અરિહંતાણં' ગણાય. એમ દરેક ગઢ પર ૩૬, કુલ ૩ ગઢ ઉપર ૧૦૮ જાપ થઈને સમવસરણ આ પ્રમાણે પહેલામાં બીજો, ને બીજાની અંદર ત્રીજો એમ ૩ ગઢ.

કમળ અથવા સમવસરણની ધારણા કરીને જાપ ગમે ત્યાં થઈ શકે. ગાડીમાં બેઠા કે ઘરે-દુકાને યા બહાર બીજે બેઠા પણ થઈ શકે. આમાં કાંઈ હાથમાં માળા લેવાની નથી, કે વેઢા પર આંગળી ચલાવવાની નથી, માત્ર ધારણા કમળની કે સમવસરણની કરવાની છે એમાં કમળની ધારણા હૃદયમાં પણ થઈ શકે. હૃદયને જ કમળ જેવું કલ્પવાનું એ પર કે સમવસરણ પર આરામથી જાપ થતો આવે, અને તે ગણતરીબંધ જાપ થાય, સવારે ઊઠ્યા ત્યારથી જો ચીવટ રાખો તો રાત સુધીમાં જ્યાં જ્યાં ફુરસદ મળી, ભલે પાંચ મિનિટ તો પાંચ મિનિટ, ત્યાં ત્યાં આ ધારણાથી જાપ ચાલુ, એમ રાત સુધીમાં ઢગલો જાપ ઊતરે.

આ ધારણાથી જાપ તો અનુભવ નહિ કર્યો હોય, પણ હવે કરો. અનેરો આનંદ આવશે. ચિત્ત એમાં લગાવવું પડે છે, માટે એમાં ઠરશે 'બહારમાં ચિત્તને બહુ રખડાવ્યું. હવે આમાં એને સ્થિર કરો.'

**ધારણાથી કરાતા જાપમાં મોટો લાભ એ કે ફજુલ વિચારો અટકી જાય.**

**પ્ર.**- શું જાપ કરતી વખતે વચમાં બીજા વિચારો ન આવે ?

ઉ.- આવે, માળા પરના જાપ વખતે આવે; પરંતુ કમળ કે સમવસરણની ધારણા પરના જાપ વખતે ન આવે. એનું કારણ છે,- કે જો બીજો વિચાર કરવા જાઓ તો આ ધારણા તૂટી જવાનો ભય છે કે કમળની કઈ પાંખડીની કઈ લીટી ચાલતી હતી ? યા સમવસરણના કયા ગઢ પર કઈ રેખાના કયા ફૂલ પર જાપ ચાલતો હતો ? આ ભયથી ધારણા અખંડ રાખવા માટે મનને જાપમાં વચ્ચેથી બીજા વિચારમાં નહિ લઈ જવાય.

**ફજુલ વિચારોમાં પાપનાં પોષણ :-**

ફજુલ વિચાર અટકાવવા બહુ જરૂરી છે. મન આડાઅવળાં વિચારો કરી કેટલાય રાગ-દ્વેષ કરે છે, ને હિંસાદિ પાપોની અનુમોદના કરે છે. દા.ત. વિચાર્યું કે 'ફલાણી ચીજ બરાબર ન આવી, ઢેમ કલાસ આવી, એના કરતાં બીજી દુકાને ચીજ સારી હતી.' તો આ વિચારમાં શું કર્યું ? દ્વેષ અને રાગ, મફતિયાં જ ને ? વિચારથી કાંઈ સુધરવાનું છે ? ના, ખરીદેલું પાછું અપાય એવું નથી. તેથી માથે પડ્યું જ છે, હવે એના પર રાગ-દ્વેષ કરવા ફજુલ છે.

એમ દા.ત. વિચાર્યું કે 'ફલાણો બંગલો સરસ બન્યો ! સડક સારી બની !...' આ શું ? મહા આરંભ-સમારંભની અનુમોદના થઈ અથવા 'ફલાણી મીઠાઈ આમ બનાવાય. આ હિંસાની વિચારણા થઈ. એમ માણસાઈ કે અસત્ય-અનીતિ કરી પૈસા કમાયો એના માટે વિચારે કે 'માણસ બડે કુનેહબાજ ! કેવી હોશિયારીથી ઢગલો પૈસા કમાયા !' આમાં જૂઠ-અનીતિની અનુમોદના થઈ. આમ ફોગટિયા



આચડકુચડ વિચારો કરવામાં કેટલાય પાપ પોષાય છે. રાગદ્વેષ દૃઢ થતા જાય છે, અને આર્તધ્યાન પણ રહ્યા કરે છે, એવા ફોગટિયા વિચારોની કુટેવની અસર ધર્મ-ક્રિયા વખતે ય પડે છે, એમાં ય એવા વિચારોની હારમાળા ચાલે છે એના પર કબજો લેવા માટે આ કમળની ધારણા કરીને કરાતા જાપનો અભ્યાસ એક સુંદર ઉપાય છે.

**જાપમાં ભાવની વૃદ્ધિનો ઉપાય દિલ ગદ્ગદ કેમ કરવું ?**

એમાં વળી જો જાપ દિલ ગદ્ગદ કરીને કરાય તો શુભ ભાવોલ્લાસ થતો રહે છે એવા ગદ્ગદ દિલના ભાવોલ્લાસ સાથેના જાપ-દર્શન-સ્તવન વગેરેનું ફળ અમાપ છે.

દિલ ગદ્ગદ કરવા માટે આવી કોઈ વિચારણા કરવી કે 'અહો ! ચારે કોર વિષમય વિષયો અને કુધર્મોથી વ્યાપ્ત આ વિશ્વમાં મને આ તારણહાર સમ્યગ્ધર્મ મળ્યો ! મને આ નમસ્કાર મહામંત્ર મળ્યો ! મને આ અરિહંત પરમાત્મા મળ્યા ! મને શાલિભદ્ર મહામુનિ. સનત્કુમાર જેવા ચક્રવર્તી મુનિ, ગજસુકુમાલ-ખંધક વગેરે મહામુનિ, ધરણશાહ દાની, શીલવંતા સ્થૂલભદ્ર-સુદર્શન-વિજય વિજયા વગેરે આલંબન મળ્યા ! કેવુંક મારું અહોભાગ્ય !' આમ વિચારી અપૂર્વ પ્રાપ્તિ થયાની શરીરે ઝણઝણાટી અનુભવાય, તો દિલ ગદ્ગદ બને, ભાવોલ્લાસ જાગે. એવી ઝણઝણાટી અને ભાવોલ્લાસની સાથે નવકાર જાપ થતો જાય, ત્યાં એકેક પદ પર દિલ ઓવારી જાય, ભાવવૃદ્ધિ થતી રહે.

જૈનધર્મના સૂત્રોના એકેક પદની અને જૈનધર્મની ક્રિયાના એકેક અંગની મનને અનેરી વિશેષતા લાગવી જોઈએ. પછી એ વિશેષતા મન પર લેતાં ઝણઝણાટીનો અનુભવ થાય. અનંતકાળથી મનગમતા જડનાં સંયોગોમાં ઝણઝણાટી અનુભવવાના અભ્યાસવાળા જીવનને આત્મ હિતકર આ ચીજો પ્રાપ્ત થતા પર ઝણઝણાટીનો અનુભવ નથી થતો. પરંતુ શ્રદ્ધાબળ વિકસાવવામાં આવે, અને 'આને મોટા મહર્ષિઓ-મહારાજાઓ બુદ્ધિનિધાનોએ અપનાવેલ છે' એમ માની મનથી આની બહુ મોટી કિંમત આંકવામાં આવે તો આની પ્રાપ્તિ ઉપર દિલના તાર ઝણઝણવા સહેલા છે. પ્રારંભમાં કૃત્રિમ ઝણઝણાટી ઊભી કરાય પછી એ સાચા સ્વરૂપની સહજ ઝણઝણાટી બની જાય છે. વિચાર આ જોઈએ કે 'મને આ અપૂર્વ પ્રાપ્તિ થઈ ?' સૂત્રના એકેક પદને બોલતાં કે ક્રિયાનું એકેક અંગ સાધતા મને આ અપૂર્વ પ્રાપ્તિ ? એવા સંભ્રમનો અનુભવ કરવાનો. સંભ્રમ એટલે અપૂર્વ નિધાન પામ્યા જેવો હર્ષ.

દા.ત. 'નમો અરિહંતાણં' પદ બોલતાં મનને એવો ભાસ થાય કે 'અહો !

જગતમાં બીજે કયાંય નહિ મળતું આ કેવું અપૂર્વપદ !' આને મોટા ચૌદ પૂર્વધર મહર્ષિઓએ અપનાવેલું ! અંતકાળે આમાં રમણતા કરનારા કેવી ઉચ્ચ સદ્‌ગતિ પામી ગયા ! આ પદના 'અરિહંત' શબ્દમાં કેટલો બધો ભાવ ભરેલો છે ! વસ્તુ મને મળી ! એનો ચમત્કાર અનુભવતાં શરીરે ઝણઝણાટીનો અનુભવ કરી શકાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૩૯,તા.૧૪-૬-૧૯૭૫**

એમ દા.ત. 'નમુત્થુણં' સૂત્ર બોલતાં 'પુરિસુત્તમાણં' પદ વખતે એવો ભાસ થાય કે 'દુનિયા ય કોઈને પુરુષોત્તમ કહે છે, પરંતુ એને એ શબ્દના ખરા અર્થની ગમ નથી કે પુરુષોત્તમ એટલે શું ? એ કેવા હોય ? એનો દુનિયાને ખ્યાલ નથી એટલે ભળતાને પુરુષોત્તમ કહે છે. ત્યારે મને સાચા સ્વરૂપના પુરુષોત્તમ મળી ગયા ! એમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક મળ્યા. મને આ પ્રાપ્તિ !' આ દિલના ઉંડાણના વિચાર પર શરીરે ઝણઝણાટીનો અનુભવ કરવાનો.

'ઈરિયાવહિય' જેવા પાપ પશ્ચાત્તાપના સૂત્રમાં બે રીતે ઝણઝણાટી થાય, (૧) એક તો દરેક ક્રિયાના પૂર્વે આવી સૂક્ષ્મ-જીવો સુધીની વિરાધનાના 'મિચ્છા મિ દુક્કડં' જેવી ક્રિયા અને સૂક્ષ્મ જીવોની કલ્પના બીજા કોઈ ધર્મમાં નથી, એ મને મળી ? એની ઝણઝણાટી અને (૨) બીજું, 'અરેરે ! મેં આવા જીવોની વિરાધના કરી ? એવા પશ્ચાત્તાપની ઝણઝણાટી.'

એમ, ભક્તિના-વિનયના-સ્તુતિના સૂત્રના અનહદ ભક્તિ-વિનય-સ્તવનાની ઝણઝણાટી થાય.

ત્યારે જૈનધર્મની દેવદર્શન-જિનપૂજન-સાધુવંદના, સુપાત્રદાન, જીવદયા, શીલ-વ્રત-નિયમ, ત્યાગ-તપસ્યા, વગેરે ક્રિયામાં પણ 'મને આવી વિશ્વમાં અજોડ તારક ક્રિયા મળી ? મોટા સમ્રાટોને સમ્રાટપણું, વિદ્વાનોને વિદ્વત્તા, શ્રીમંતોને શ્રીમંતાઈ વગેરે મળવું સહેલું છે, પરંતુ આ તારણહાર શુદ્ધ ધર્મક્રિયા કયાં મળે ! આ તો ત્રિભુવનના સામ્રાજય કરતાં ય મહાકિંમતી ક્રિયા છે, જે મોક્ષ સુધી પહોંચાડે છે. ધન્યભાગ્ય મારાં કે મને આ ચૌદ રાજલોકના રઝળપાટમાં અહીં આ ક્રિયા મળી !' એમ વિચારતાં ઝણઝણાટી થાય, રોમાંચ વિકસ્વર થાય. અદ્‌ભુત ભાવોલ્લાસ જાગે.

દેવદર્શન-સાધુવંદન જેમ ક્રિયામાં 'એ પરમાત્મા અને સાધુ મળ્યા તે વિશ્વમાં અજોડ ! દુનિયાને આ તો નહિ. પણ આ અનંતગુણ અનંત ઉપકાર સંપન્ન વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અને નિર્ગન્થ મુનિની છાયા ય નથી મળી. ત્યારે મને આ દેવાધિદેવ અને મુનિગુરુ મળી ગયા !' એમ વિચારતાં દર્શન-વંદન ઝણઝણાટી-



રોમાંચ-અપૂર્વ હર્ષ ભાવોલ્લાસ સાથે થાય.

એક 'સર્વમંગલ માંગલ્યં.' ગાથા બોલતાં વિચાર થાય કે 'અહો ! કેવું અપૂર્વ જિનશાસન ! સર્વ મંગળોમાં ખરેખરી મંગળતા લાવનારું, સમસ્ત કલ્યાણોનો હેતુ, અને સર્વ ધર્મોમાં મુખ્ય ! અનંત અનંતકાળથી જયવંતુ જિનશાસન ! અનંતા તીર્થંકર ભગવંતોએ આ જ પ્રરૂપેલું જિનશાસન, મને આ મળ્યું ?' એવા વિચાર પર પરમ આલ્હાદ થાય, જિનશાસનની અસાધારણ વિશેષતા પર ઓવારી જવાય, અંતે એની ઝણઝણાટી સાથે આ ગાથા બોલાય.

એમ 'ભરહેસર' જેવું મહાપુરુષોનાં નામવાળું સૂત્ર બોલતાં હૈયાને કાંઈ ને કાંઈ થાય, વિચાર આવે કે 'મારો કેવો અસાધારણ ભાગ્યોદય કે મને જૈનકુળમાં જન્મવાથી આ જૈનધર્મ મળી ગયો ! એ મળી જવાથી દુનિયામાં આવા અજોડ મહાપુરુષો મળી ગયા ! બીજાઓને જેની ગંધ નથી એવી ઉત્તમતાવાળા આ મહાપુરુષો અને મહાસતીઓ, હેં ? મને મળી ગયા ? અરે આ કેવા અદ્‌ભુત આલંબન !' આ વિચાર પર એમનું નામ લેતાં લેતાં ઝણઝણાટી-રોમાંચ ગદ્‌ગદતાનો અનુભવ થાય; અનેરો હર્ષોલ્લાસ-ભાવોલ્લાસ સ્ફુરે.

**બસ, કોઈપણ ધર્મસાધના કરતી વખતે એકલી શુષ્ક મનની એકાગ્રતા નહિ, પણ આ ઝણઝણાટી-રોમાંચ-ગદ્‌ગદતા-ભાવોલ્લાસનીય ખાસ જરૂર છે. મહાન આત્માઓએ એના જ બળ ઉપર અપૂર્વ લાભ પ્રાપ્ત કર્યા છે.**

**ગદ્‌ગદતાવાળાના દાખલા :-**

જુઓ, દેવપાલનો જીવ જંગલમાં ભગવાનની પ્રતિમા મળ્યા પછી એ જ રીતે ગદ્‌ગદતાથી રોજ દેવદર્શન-પૂજન સાધતો આવ્યો છે, ને એથી હવે તીર્થંકર-નામકર્મની પુણ્યાઈ કમાવા સાથે મહામુનિપણાની સાધનાએ પહોંચી ગયેલ છે.

શાલિભદ્રના જીવ સંગમે પૂર્વભવે મુનિને ખીરનું દાન કર્યું, એમાં આ ઝણઝણાટી-ગદ્‌ગદતા-ભાવોલ્લાસ અનુભવેલ તો એ આગળ જતાં રોજની દેવતાઈ નવાણું પેટીની સમૃદ્ધિ પામ્યા, ઉપરાંત એનો ક્ષણમાં ત્યાગ કરી મહામુનિપણું પામ્યા.

સુદર્શન શેઠ પૂર્વભવે ઢોરાં ચરાવનાર નોકર, તે એક જ 'નમો અરિહંતાણં' પદ પામેલા, પરંતુ એની રટણા કરતા તે, ઝણઝણાટી ગદ્‌ગદતા અને અપૂર્વ ભાવોલ્લાસ સાથે કરતા; તો આગળ જતાં મરણાન્ત કષ્ટ વખતે, નદીમાં ઝંપલાવતાં લાકડાના ખૂંટાથી પેટ ચિરાઈ જવાની ઘોર પીડા વખતે ય એ પીડા ભૂલી ભારે ઝણઝણાટી રોમાંચ-ભાવોલ્લાસ સાથે એ જ રટણા કરતા રહ્યા. પૂર્વે અનુભવેલી વારંવારની ઝણઝણાટીનો કેવો મહાન લાભ ! આગળ વળી સુદર્શન શેઠના ભવે કપરી કસોટીમાં અદ્‌ભુત બ્રહ્મચર્ય ! ઉપદ્રવ કરનાર અને કલંક આપનાર રાણીને

પણ અભયદાનનું મહાસત્ત્વ ! શૂળીનું સિંહાસન ! આ કેવા અતિ ઉચ્ચ કોટિના લાભ થયા ? આ બધુ શાના ઉપર ? પૂર્વે 'નમો અરિહંતાણં' જપેલું તે મહા ઝણઝણાટી-રોમાંચ-ગદ્ગદતા અને અપૂર્વ હર્ષોલ્લાસ તથા ભાવોલ્લાસ સાથે જપેલું, એના બળ પર એ અસાધારણ લાભો મેળવ્યા.

ભરત ચક્રવર્તીને અરિસાભવનમાં કેવળજ્ઞાન શાના બળ ઉપર ? કહો, એમણે આંગળીએથી વીંટી પડી જતાં લુખ્ખી, શોભા વિનાની આંગળી જોઈ અનિત્યતાની જે ભાવના ભાવી તે ઝણઝણાટી-ગદ્ગદતા અને અપૂર્વ ભાવોલ્લાસ સાથે ભાવી એના પર. એથી જ મોહમાયાનાં બંધનો તૂટતા ગયાં, ઉપર ઉપરના ગુણસ્થાનકે એ ચડતા ગયા. એ બધે ઝણઝણાટી-ગદ્ગદતા ચાલુ, એમ કરતાં સાતમાં અપ્રમત ગુણસ્થાનકે પહોંચી ગયા. પછી તો આત્મનિષ્ઠા-શાન્ત-પ્રશાન્ત બની અનાસક્તભાવ-અસંગયોગ-સમતાયોગમાં આરૂઢ થઈ વીતરાગ, અને પછી સર્વજ્ઞ બન્યા. ઝણઝણાટી-ગદ્ગદતા અને શુભ ભાવોલ્લાસના ઉછાળા વિનાની માત્ર કોરી અનિત્યભાવના ચિંતવી હોત તો આમાંનું કશું પામત નહિ.

ત્યારે વિચારો એ ઝણઝણાટી-ગદ્ગદતા કેવીક વિચારણા પર આવી હશે ? આવી જ કોક વિચારણા પર, કે,-

'જેવો આ શરીરની શોભાનો સંયોગ તકલાદી, ક્ષણભંગુર, એવા આ જગતના સર્વસંયોગો નાશવંત છે, ચક્રવર્તીપણાની સમસ્ત સમૃદ્ધિઓ પણ એવી જ; અરે ! આ મનુષ્ય જન્મ અને સંસારની સર્વગતિઓના સંયોગ પણ નાશવંત ! ત્યારે હું આત્મા અવિનાશી, એ નાશવંતમાં કેમ મોહી પડ્યો છે ? ભગવાને આ નિત્ય-અનિત્યના કેવાં સચોટ સ્વરૂપ બતાવ્યા છે ! અનિત્ય નાશવંતના મોહમાં અટવાયો રહ્યો. નિત્ય-અવિનાશી આત્મા નાશવંત જન્મોમાં ભટકયા કરે છે ! નાશવંત સમૃદ્ધિ અને શરીરાદિની જો કિંમત જ ન આંકે તો એની પાછળ કષાયો અને હિંસાદિ પાપો શા સારુ કરે ? ન છૂટકે જ્યાં નાશવંતમાં પ્રવૃત્તિ જે કરવી પડે ત્યાંય જીવને એ નાલેશીરૂપ લાગે, વેઠરૂપ લાગે. એટલે એની પાછળ કષાયો અને હિંસાદિ પાપો આચરવા પર મોટો અંકુશ મૂકે. એમ સંસાર ટૂંકો થતો આવે. અહો ! પ્રભુએ કેવો મહાન ઉપકાર કર્યો કે આ તત્ત્વ સમજાવ્યા ! અને મારાં કેવાં અહોભાગ્ય કે મને આ તત્ત્વબોધ મળ્યો ! આ પ્રકાશ મળ્યા પછી શું હું આ નાશવંતમાં મહાલું ? અવિનાશી એવા મારા આત્માને આ નાશવંત સમૃદ્ધિ સાથે શુ ંલાગે વળગે ? અરે આ નાશવંત કાયા સાથે ય મારે શી લેવાદેવા ? અહાહા ! સર્વજ્ઞ ભગવાન વિના આ તત્ત્વ કોણ બતાવે ? ત્યારે, મને આ તત્ત્વ મળ્યું ! વાહ, ધન્ય ધન્ય !...'



આમ દિલમાં ઝણઝણાટી-ગદ્ગદતા ઊભી થઈ, ને એની સાથે જે ભાવના આગળ વધી તે હૃદયસ્પર્શી બનવાને લીધે એ નાશવંત પદાર્થો પરથી મમત્વ ઊઠતું ચાલ્યું ને અનાસક્તિભાવ ખરેખર ઊભો થતો ગયો. પરિણામ ? સર્વ-અનાસક્તતા આવી જતાં રાગ-દ્વેષાદિ કષાયો ક્ષીણ થઈ જઈ વીતરાગતા પ્રગટ થઈ; અને પછી એના બળ પર સમસ્ત જ્ઞાનાવરણીયાદિ કર્મ નષ્ટ થઈ જતાં ભરતચક્રવર્તી કેવળજ્ઞાન પામ્યા, સર્વજ્ઞ બન્યા. બધો પ્રતાપ અનિત્યતાની ભાવના દિલની ઝણઝણાટી ગદ્ગદતા સાથે કરી એનો.

બધી ય સાધના ગદ્ગદ દિલે કરવાની, એટલે કે ઝણઝણાટી સાથે અનુભવ જોઈએ. તો જ એ આત્મસ્પર્શી બને, ને આત્માને ગુણસ્થાનકમાં ઊંચે ઊંચકનારી થાય.

મૃગાવતીજી સાધ્વીને ગુરુણી ચંદનબાળાએ મધુર શબ્દોમાં આપેલ ઠપકા પર પશ્ચાત્તાપ કરતાં કેવળજ્ઞાન થયું તે શી રીતે થયું હશે ?

પસ્તાવો આપણને કરતાં નથી આવડતો ? કેમ આપણને કેવળજ્ઞાન નહિ ? કહો, એવા ભાવની વૃદ્ધિ નહિ તેથી ઉપરના ગુણસ્થાનકે ચડવાનું કયાંથી થાય ?

તો એ ભાવવૃદ્ધિ શી રીતે થતી હશે ? પાપના પસ્તાવાની વાત છે ને ? તો એમાં પાપનો જેટલો તિરસ્કાર અને પાપ કરનાર પોતાના આત્માની જેટલી જેટલી ઘૃણા જોરદાર એટલો ભાવ વધુ જાગે. આ પાપ તિરસ્કાર અને સ્વાત્મઘૃણા જુગુપ્સા જોરદાર થવા માટે ગદ્ગદતા-ઝણઝણાટીની જરૂર છે.

શેઠના રૂપિયા લઈને નોકર બેંકમાં ભરવા ગયો અને ત્યાં ભીડ હતી એટલે બાંકડા પર થોડું બેસવું પડ્યું. એમાં કોકની સાથે વાતમાં રહેતા ખીસું કપાઈ રૂપિયા ચોરાઈ ગયા, તો હવે એને એ ગફલતની ભૂલનો કેવો પસ્તાવો થાય ? શેઠ આગળ કેવો ગદ્ગદ થઈને રૂપિયા ચોરાઈ ગયાનું કહે ? આ ચોરીથી એના શરીરે કેવી ઝણઝણાટી થાય ? પોતાના ગફલત કરનાર આત્મા પર કેવી ઘૃણા-જુગુપ્સા થાય ? શેઠની આગળ વાત કરે તે દિલના ભારે દર્દ સાથે કરે ને ? પાપના પસ્તાવામાં આ બધું જરૂરી છે. પાપ કે ભૂલ જે મૂળ દોષ પર થયું હોય એના પર પણ ભારે નફરત થાય. દા.ત. જૂઠ બોલાયું, તો એ જોવાનું કે કયા મૂળ દોષ પર એ બોલાયું ? હસવામાં બોલાયુ હોય તો ત્યાં મૂળ દોષ હાસ્યવૃત્તિનો ગણાય. આ હાસ્યવૃત્તિ પર ભારે નફરત જાગવી જોઈએ. મનને એમ ખેદ થાય કે;

**'અરે ! હું અનંતાભવ તુચ્છ વૃત્તિઓમાં ભટકી હવે ઉમદા વૃત્તિઓ તાત્ત્વિકવૃત્તિ અને ગંભીરવૃત્તિ કેળવી શકાય એવા આ મહાન ભવમાં આવ્યો, તો એ કેળવવાને બદલે એને દૂર હડસેલે એવી તુચ્છ હાસ્યવૃત્તિ આ મહાન ભવમાં સેવી રહ્યો છું ?**

**કેવો હું મૂર્ખ-મૂઢ અને કર્મવિડંબિત ?'**

આ જો દિલના ઉંડાણથી વિચારી ગદ્‌ગદપણે ખેદ થાય તો હાસ્યવૃત્તિ પર ભારે નફરત જાગી પાકા નિર્ધાર સાથે એને કાયમનો દેશવટો દેવાઈ જાય; અને જીવનમાં ક્ષમા-નમ્રતા-સરળતાદિ અને મૈત્રી-પ્રમોદ-કરુણાદિ ઉમદા વૃત્તિઓ તથા હેય-ઉપાદેય તત્ત્વના વિવેકની વૃત્તિ તથા ગંભીરતાની વૃત્તિ કેળવવા તરફ લક્ષ બંધાઈ જાય. ગંભીરતાની વૃત્તિ એટલે શું એ સમજો છો ? ઓછું બોલવું ને વધુ વિચારવું. વિચારવું તે તુચ્છ બાબતોને મહત્ત્વ ન આપતાં તાત્ત્વિક મુદ્દા પર જ વિચારવાનું.

આ એક ઉત્તમ સાવધાની છે. આપણે કાંઈ ને કાંઈ વિચારતા તો હોઈએ જ છીએ. રાખ ને ધૂળ જેવી બાબત કે વસ્તુનું કેટકેટલું વિચારવાનું થાય છે ? કેમ એમ ? આપણે સાવધાન નથી રહેતા કે કેવું વિચારાય ને કેવું ન વિચારાય. હજી ય ખાવામાં સાવધાની રહે છે કે કેવું ખવાય ને કેવું ન ખવાય. બોલવામાં સાવધાન કે કેવું બોલાય ને કેવું ન બોલાય. પણ જોવા-સાંભળવામાં સાવધાન નહિ કે કેવું જોવાય કે સંભળાય, ને કેવું ન જોવાય, ન સંભળાય. એમ વિચારવામાં સાવધાન નહિ કે કેવું વિચારાય ને કેવું ન વિચારાય. આપણને એ ખબર નથી કે

**ગમે તેવું હલકું જોવા-સાંભળવા-વિચારવામાં હલકી વૃત્તિ પોષાય છે, અને હલકા સંસ્કારો-સંજ્ઞાઓ દૃઢ થાય છે.**

હલકું દા.ત. પરસ્ત્રીનું રૂપ જોવા-વિચારવામાં મીઠાશ તો લાગી, પરંતુ અધમ વૃત્તિ પોષાઈ એનું શું ? એમ, પરનું હલકું સાંભળવા કે વિચારવામાં અધમવૃત્તિ પોષાઈ એનું શું ? એ આગળ પર કેવું જીવન આપશે ? એમ માલ વિનાનું વિચારવામાં ક્ષુદ્ર વૃત્તિ પોષાય છે. ત્યાં આ સાવધાની જોઈએ કે હલકી વૃત્તિને હવે ન પોષું. નહિતર એવી હલકી વૃત્તિઓ પોષવાથી અહીં પણ આગળ ઉપર એના પુનરાવર્તન થશે, એક બાજુ કદાચ ધર્મસાધના તો કરાતી રહેશે, પરંતુ બીજી બાજુ આ હલકી વૃત્તિઓ દિલમાં રમતી રહેશે, એ હલકા વિચાર, હલકું જોવાનું ને હલકું સાંભળવાનું કરાવશે. જુઓ,

**કૂળવાળક મુનિ એમાં કેવા પડ્યા !**

કૂળવાળક મુનિની તપસ્યા જોરદાર હતી, સંયમની ચીવટ હતી. પરંતુ અભિમાનની વૃત્તિએ એને ગુરુની અવગણના કરતો કર્યો. ગુરુની હિતશિક્ષા પર એને દ્વેષિલો બનાવ્યો. એ ગચ્છ બહાર થઈ ગયો તો ય બૌદ્ધ મઠમાં રહી તપ-સંયમ સાચવ્યા, પણ અભિમાનની વૃત્તિ ન મૂકી. તપ તો એવો કરતો રહ્યો કે એકવાર નદીનું પૂર ઊલટ્યું, મઠ તણાઈ જાય એમ હતું, છતાં આના તપના



પ્રભાવે નદીએ કાંઠો બદલ્યો, પૂર બીજી બાજુ વળ્યું, મઠ અકબંધ રહ્યો, ને બધાએ આનું નામ કૂળવાળક પાડ્યું. 'કૂળ' એટલે કાંઠો, એને વાળનાર. કહો મુનિની તપ-સાધના કેવી ? છતાં અભિમાનની વૃત્તિ નથી મૂકવી તો એમાં કેવા પડ્યાં ?

કૂળવાળક મુનિ જંગલમાં ધ્યાનમાં રહી તપ તપતા હતા, ત્યાં કોણિકે મોકલેલી મૂળમાં વેશ્યા પણ બનાવટી શ્રાવિકા આવી. એ મુનિનાં દર્શને ઢોંગ કરી કહે છે કે મારે જંગલમાં મંગળ થયું. મને આહારનો લાભ આપવા કૃપા કરો,' એમ વિનંતિ કરી છે.

મુનિ કહે છે 'આજે મારે ઉપવાસ છે.'

પેલી ચબરાક કહે છે, 'અરેરે ! કેવી હું કમનસીબ ! મુનિનાં પુણ્ય દર્શન મળ્યા છતાં સુપાત્રદાનના લાભથી વંચિત રહી ! પ્રભુ ! તો હું અહીં આજની રાત રોકાઈ જાઉં છું. કાલે જરૂર લાભ આપવા કૃપા કરશો.'

બસ, ત્યાં એણે ધામો નાખ્યો. મુનિથી ત્યાં રહેવાય ? સ્ત્રીની નજીકમાં રાત રહેવાનું મુનિથી કરાય ? પણ રહ્યા, કેમકે અભિમાનની વૃત્તિ હતી. 'હું મોટો તપસ્વી, મને શું થવાનું હતું ?' બીજે દિવસે કપટશ્રાવિકાએ બનાવેલું વહોર્યું. સાધુ માટે બનાવેલું ન વહોરાય પરંતુ અભિમાન કે 'શાસ્ત્રે અમારા જેવા તપસ્વીને છૂટ આપી છે તેથી અમને શો વાંધો ?' પેલી લુચ્ચી હતી, ઝાડા થાય એવું જ બનાવી વહોરાવેલું તેથી મુનિને હવે ઝાડા શરૂ થયા છતાં, હજી મુકામ ભેગા થવાનું મન નથી થતું. કેમ ? અભિમાન કે 'મને શું થવાનું છે ?' પણ ઝાડા એટલા વધી ગયા કે હવે બેસવાના હામ નથી. સંથારો ને કપડાં બગાડે છે. પેલી હવે એમની સેવા કરવા લાગે છતાં મુનિને અભિમાનથી હજી ભાન નથી આવતું કે આમાં પતન છે.

પેલી તાલંબાજ છે ને ? મુનિને ઝાડા થતાં વારેવારે શાતા પૂછવા આવી કહે છે, 'હેં મહારાજ સાહેબ ! તમને ઠીક નથી ? તો હેં મહારાજ સાહેબ ! આટલી બધી તપસ્યા શું કામ ખેંચો છો ? બધું આરાધવાનું શરીરથી છે, તો શરીર થોડું તો સાચવવું જોઈએ ને ? તો હેં મહારાજ સાહેબ આપને ઠીક થાય ત્યાં સુધી હું અહીં રોકાઈ જાઉં. અહીં બીજું કોણ આપનું સંભાળનાર છે ? હેં મહારાજ સાહેબ ? કેમ બોલ્યા નહિ ?...' આમ 'હેં મહારાજ સાહેબ' ના લટકામટકા કરતી ત્યાં રોકાઈ છે. છતાં મુનિને અભિમાનના યોગે ભાન નથી આવતું કે 'એકાંત જંગલમાં આ સ્ત્રીયોગ કેવા ખતરનાક નીવડશે !' તે અંતે હવે કપટી બાઈની સેવા લે છે. શરૂમાં ત્યાંય અભિમાન- 'મને વર્ષોના સંયમી અને તપસ્વીને એનો સ્પર્શ લાગવાથી શું થવાનું હતું ? પરંતુ વિજાતીયના સુંવાળા સ્પર્શમાં કેટલા ટકે ?'

**વિજાતીયનો અર્થાત્ સ્ત્રીને પુરુષનો અને પુરુષને સ્ત્રીનો સ્પર્શ ખતરનાક છે.**

વિજાતીયનો સ્પર્શ ઝણઝણાટી કરે છે, કામવાસનાને જગાડે છે. તો પૂછશો,-

**પ્ર.**- માતાને પુત્રનો સ્પર્શ ક્યાં એવું કરે છે ?

**ઉ.**- એનું કારણ મન પર પવિત્રતાની જબરદસ્ત અસર છે કે આ મારી માતા છે. છતાં જાણો છો ? બાબો-બેબી ત્રણ વરસના થાય એટલે માતાએ બાબાને અને પિતાએ બેબીને ગોદમાં લઈને સૂવાની મનાઈ છે. કારણ ? વિજાતીયનો સ્પર્શ ખતરનાક. કહો તો ખરા માતા-પુત્ર કે પિતા-પુત્રીને ગમે તેવી પરસ્પર પ્રત્યે પવિત્રતાની ભાવના છતાં મોટી ઉંમરનો પુત્ર અને માતા એ સાથે સાથે કેમ નથી સૂતા ? મોટી ઉંમરની પુત્રી અને પિતા એ સાથે સાથે કેમ નથી સૂતા ? વિજાતીયના સ્પર્શ ભયંકર. આજના 'સિસ્ટર લિફ્ટ' 'સિસ્ટર શેઈક હેન્ડ' ના ચાળા વાસનાના ગિલગિલિયાના ઘરના છે. નહિતર કેમ કોઈ ડોશીને 'મધર લિફ્ટ' નથી કરાતું ?

વિજાતીયનો સ્પર્શ અને યુવાન વિજાતીયનાં દર્શન ઝણઝણાટી કરે છે. માટે તો કહેવાય છે કે પ્રભુનાં દર્શનમાં માત્ર એકાગ્રતા નહિ, પણ શરીરે ઝણઝણાટીનો ગદ્ગદતાનો અનુભવ થવો જોઈએ. તો જ અંદરમાં ભાવોલ્લાસ ઊછળતો ગણાય. કોરેકોરું 'દર્શનં દેવદેવસ્ય.' શું કરે ? અંદરમાં દિલ ભીનું થવું જોઈએ. એવું દરેક ધર્મસાધનામાં.

**પાપના પશ્ચાત્તાપમાં શું વિચારવું ? :-**

અરે ! પાપના પશ્ચાત્તાપમાં પણ દિલ ગદ્ગદ થવું જોઈએ આંખ ભીની થઈ જાય કે 'અરેરે ! મેં આ પાપ કર્યું ? શું થશે મારું ? આ પાપ કરાવનારી મારી અધમ વૃત્તિ કેવી ગોઝારી ! એ વૃત્તિને પોષી પોષીને હું જીવન કેવું કૂચા કરી રહ્યો છું ? ઊંચા માનવ અવતારે પણ ગોઝારી અધમ પ્રવૃત્તિઓનાં પોષણ ? એ મને પરભવ કેવો આપશે ?'

**ભાવ તેવો ભવ મળે છે. અધમ વૃત્તિના ભાવમાં ભવ અધમ મળે. સારો કયાંથી મળવાનો હતો ?**

આવી કોઈ દિલના ઊંડાણમાં વિચારણા થાય, તો પાપ અને પાપ કરાવનારી અધમ વૃત્તિ પર હૃદયભીનો ખેદ થાય; ખેદમાં હૈયાના તાર ઝણઝણે, શરીરે ઝણઝણાટીનો અનુભવ થાય. આ ઝણઝણાટીનો પ્રતાપ હતો કે ચંડરુદ્રાચાર્યના નવા શિષ્યને અને પછી તરત ગુરુને કેવળજ્ઞાન થયું.

**શિષ્યને અને ચંડરુદ્રાચાર્યને ઝણઝણાટીમાં કેવળજ્ઞાન.**

શિષ્ય તાજો પરણેલો, બીજા જુવાનિયા સાથે ચંડરુદ્રાચાર્યની મશ્કરી કરતો હતો 'અમને દીક્ષા આપો.' આચાર્યે ઘણું ય કહ્યું 'ભાઈ ! જાઓ, અમારી સાધનામાં વિઘ્ન ન કરો.' પરંતુ પેલા, 'પણ શું તમારો ધર્મ નથી દીક્ષા આપવાનો ?' એમ



વળગ્યા રહ્યા. એટલે આચાર્યે ગુસ્સે ભરાઈ આ તાજા પરણેલાને પકડી લોચ કરવા માંડ્યો. ત્યાં બીજા ભાગ્યા. હવે આ વિચારે છે કે લોચવાળા માથે ઘરે જઈશ તો મશ્કરી થશે.' એટલે એ ખરેખર શિષ્ય બન્યો, અને કુટુંબની ધાંધલ ન આવે માટે ગુરુને લઈને ચાલ્યો જંગલના રસ્તે.

અંધારામાં કાંટા કાંકરા અને ખાડા-ટેકરામાં કુટાય છે, તેથી ગુરુ ગુસ્સે થઈ બોલે છે 'પાપિયા આ કયાં મને કષ્ટમાં નાખ્યો ?'

નવો શિષ્ય સુયોગ્ય છે, એટલે એમ નથી વિચારતો કે 'એક તો ગુરુએ મુંડી નાખ્યો છતાં મેં ગુરુને કુટુંબની ધાંધલથી બચાવી લેવા આ જંગલમાંથી લઈ જવાનું કર્યું, છતાં એ દોષ મારો કાઢે છે ? તો લાવ એમને સંભળાવી દઉં.' ના, આ વિચાર નથી, સુયોગ્યતાને લીધે પોતાનો દોષ જુએ છે, વિચારે છે કે 'અરેરે ! મેં પહેલાં ગુરુની મશ્કરીની હઠ પકડી એમને ગુસ્સો ઉપજાવ્યો. ને હવે આ કષ્ટમાં પાડ્યા, કેવો હું કમનસીબ કે આવા ચારિત્રદાન કરનાર મહાન ઉપકારી ગુરુને શાતા આપવાની વાત તો દૂર રહી, પણ ઊલટું અશાતામાં ઘસડી રહ્યો છું !' આ એનો હૃદયસ્પર્શી ખેદ છે, દિલની ગદ્ગદતાવાળો તેથી જુઓ એ ગુરુને શાતા આપવા શું કરે છે.

શિષ્ય પોતે અલમસ્ત કાયાનો છે એટલે આગળ વિચારે છે કે 'છતાં લાવ ગુરુને કાંધ પર લઈ લઉં, તેથી એમને કાંટા-કાંકરા ન વાગે અને ખાડા-ટેકરામાં કૂટાવું ન પડે. એમને શાતા રહે,' એમ વિચારીને ગુરુને પોતાના ખભા ઉપર ઊંચકી લે છે પરંતુ અંધારામાં પોતાને ય ખાડો ટેકરો કયાંથી દેખાય ? જમીન ઊંચી નીચી શે વર્તાય ? તેથી પોતે જ ખચકા ખાય એટલે ગુરુને ય ખભે બેઠા આંચકા લાગે છે.

ગુરુ ગુસ્સાના સ્વભાવાળા છે, તેથી તો એમનું નામ બીજું હોવા છતાં ચંડરુદ્રાચાર્ય પડી ગયું છે. એ અહીં ખચકા-આંચકા પણ સમતાથી શે સહન કરે ? એ ગુસ્સે ભરાય છે, નવા શિષ્યના લોચ કરેલા માથા પર ટપલા ઠોકતાં કહે છે,- 'હરામી ! આ ત્રાસમાં મને ઉતાર્યો ? દેખતો નથી તે ખચકા ખાઈને મને આંચકા લગાવે છે ?'

પણ શિષ્યની લાયકાત ઘણી ઊંચી છે, એટલે ભાગી જવાની વાત તો નહિ, પણ 'લ્યો ત્યારે ઊતરો નીચે. એક તો ઊંચકીએ ને ઉપરથી ટપલાં-ટોણાં ?' એમ કહી નીચે ઉતારવાની ય વાત નહિ. લોચ કરેલા માથે ટપલાના ત્રાસને ન ગણતાં, એને પોતાના દોષનો જ વિચાર છે કે 'અરે ! આ હું કેવો પાપી કે ગુરુને અશાતામાં ઘસડી રહ્યો છું ! મારા જ્ઞાનાવરણ કર્મ કેવાં કે અહીં રસ્તો ન જાણી શકવાથી આ ગુરુને ત્રાસ થઈ રહ્યો છે ! અહો ! પૂર્વ મેં કેવાંક પાપ કર્યા હશે

કે આ અવસર આવીને ઊભો !'

નવા શિષ્યનો આ સ્વદોષનિંદા અને પોતાનાં પૂર્વ જન્મ આ જન્મનાં દુષ્કૃતોનાં પશ્ચાત્તાપનો વિચાર કોરો શુષ્ક નથી, પરંતુ ગદ્ગદ દિલનો છે. દોષ-પાપનો પશ્ચાત્તાપ શરીરે ઝણઝણાટી કરાવી રહ્યો છે, પશ્ચાત્તાપમાં હૈયું સળગી રહ્યું છે.

**'આવા ભવકૂપમાંથી બહાર કાઢનાર ગુરુ કેવા અસાધારણ ઉપકારી !'**

એમણે ચારિત્ર આપી મારી દુર્ગતિઓને કેવાં તાળાં લગાવી દીધાં ! અનંત અનંતકાળથી ચાલી આવતી ભવપરંપરા પર કેવી છીણી મૂકી આપી ! મોક્ષ કેવો નિકટ કરી આપ્યો ! આવા તરણતારણ ગુરુને મારા લીધે ત્રાસ-અશાતા ? ધિક્કાર છે મારા જન્મને ! મારા આત્માને !'

આમ સંતાપમાં સળગતા હૈયે ઝણઝણાટી છે. એવા પોતાના જન્મજન્માન્તરના દોષ-દુષ્કૃત્યના પશ્ચાત્તાપમાં પણ હૃદય પીગળી રહ્યું છે, ગદ્ગદ ભીનુંલચ બની રહ્યું છે. એથી જ કષાયોપશમના ભાવ વધી રહ્યા છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૪૦,તા.૨૧-૬-૧૯૭૫**

**ઝણઝણાટી વિનાના કોરા કોરા પાપ પશ્ચાત્તાપમાં ભાવ વધે નહિ.**

**શિષ્યને કેવળજ્ઞાન :-**

ચંડરુદ્રાચાર્યના નવા શિષ્યને આખા શરીરે ઝણઝણાટી સાથે દોષ-દુષ્કૃત્યોનો સંતાપ-પશ્ચાત્તાપ અને એવી પોતાની જાત પ્રત્યે જુગુપ્સા-તિરસ્કાર છે, એટલે ઉપશમના ભાવ એટલા બધા વધતા ચાલ્યા કે પોતાની કાયા સુદ્ધાં સમસ્ત પર-વસ્તુ પ્રત્યેની આસક્તિનો ઉપશમ થઈ અનાસક્ત ભાવ ઊભો થઈ ગયો, સમત્વયોગ અને અનાસંગ યોગમાં ચડ્યા, એ ત્યાં જ વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા, સર્વજ્ઞ બન્યા. હૃદયની ઝણઝણાટી ગદ્ગદતા-પિગળામણભર્યા સ્વદોષદર્શન ને પશ્ચાત્તાપ વિના આ શે બને ?

એ સર્વજ્ઞ બન્યા એટલે હવે ખાડાટેકરા વિનાની બરાબર સમ ભૂમિ જોઈ શકે છે. એના પર જ, આડા-ટેઢા વળી, ચાલે છે. એટલે ગુરુને આંચકા બંધ તેથી ગુરુ જાણે 'આ ટપલાં પડ્યાથી સરખો ચાલે છે,' એટલે કહે છે 'હવે કેમ સરખો ચાલે છે ?'

આ કહે, 'જ્ઞાનથી જોઈને.'

આ સાંભળતાં ગુરુ ચોંક્યા, પૂછે છે 'કયા જ્ઞાનથી ? પ્રતિપાતી કે અપ્રતિપાતી ?'

'અપ્રતિપાતી જ્ઞાન' એટલે આવેલું કદી જાય નહિ એવું જ્ઞાન, તે કેવળજ્ઞાન.



શિષ્યને કેવળજ્ઞાન થયેલું જાણી ગુરુ ધબ કરતાંક નીચે ઊતરી ગયા, કેવળજ્ઞાની શિષ્યના પગમાં પડી 'અરરર ! હું કેવો પાપાત્મા ! કેવળજ્ઞાનીની મેં આશાતના કરી ? પ્રભુ ! ક્ષમા માગું છું,' એમ માફી માગવા સાથે કાળો પશ્ચાત્તાપ કરે છે. સર્વજ્ઞ શિષ્ય જુએ છે કે આમાં એમનું કલ્યાણ છે, તેથી એમ નથી કહેતા કે 'હું તો આપનો શિષ્ય, મારી માફી માગવાની ન હોય.'

ગુરુનો પશ્ચાત્તાપ પણ દિલની ઝણઝણાટીવાળો છે. મનને એમ થાય છે કે 'અરેરે ! મોટો ગુરુ થઈ આ મેં શું કર્યું ? આવા લાયક શિષ્યને ટપલાં માર્યા ? એની લાયકાત કેવી કે મને ખાંધે બેસાડી ચાલ્યો ! ત્યારે મારી નાલાયકતા કેવી કે મેં એને લોચવાળા માથે ટપલાં માર્યા ! અહો ! કયાં આ હજી ગઈ સાંજનો જ બનેલો સાધુ ! ને કયાં હું વર્ષોનો સાધુ અને આચાર્ય ? મારા ગુસ્સાના સ્વભાવમાં વર્ષોનું સંયમ ધૂળધાણી કરી નાખ્યું ! જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે કે **'ઉવસમસારં ખુ સામણ્ણં'** શ્રામણ્ય-શ્રમણપણાનો સાર ઉપશમ છે, એ જિનાજ્ઞા મેં અવગણી ? જાતના મદમાં ગુસ્સો કરી કરી ઉપશમ ભૂલ્યો ? ધિક્કાર છે આ મારી જાતને ! મારા અહંત્વને ! કેવા જન્મ જન્મના આ મારા ગુસ્સા વગેરે દોષો ! એ દોષોના પાયા પર કેવાં કેવાં મારાં દુષ્કૃત્યો ! એ કરાવનાર જગતના પદાર્થો અને આ કાયા સુદ્ધાં કેવા ગોઝારાં !'

બસ, ભારે ઝણઝણાટી-ગદ્ગદતાભર્યા સંતાપ પશ્ચાત્તાપના ભાવથી કષાયોપશમમાં આગળ વધતાં અનાસક્તભાવે પહોંચી ગુરુ પણ વીતરાગ સર્વજ્ઞ બન્યા.

વાત આ છે કે,

**શું પાપનો પશ્ચાત્તાપ કે શું દેવદર્શનાદિ યા દાનાદિ ધર્મસાધના, બધું જ કોરું કોરું નહિ પણ હૈયાની ઝણઝણાટી-ગદ્ગદતાભર્યું કરાવું જોઈએ.**

પાપના પશ્ચાત્તાપમાં ઝણઝણાટી માટે આ વાત હતી કે પાપ આચરાઈ જવામાં એના મૂળમાં કઈ વૃત્તિ, કયો દોષ કામ કરી રહ્યો છે એ જોઈ એનો ભારે સંતાપ થવો જોઈએ. જેમ, જોયું કે જૂઠ બોલાયું, તો કયા દોષ પર ? હાસ્ય મજાકના ? તો એ હાસ્યવૃત્તિનો ભારે સંતાપ જોઈએ. એમ જો કશાક ભયથી જૂઠું બોલાયું, તો એ ભયવૃત્તિ પર સંતાપ થાય. એમાં મનને એમ થાય,-

**ભયવૃત્તિ ટાળવા વિચારણા :-**

અહો ! મારો આત્મા કેવો સત્ત્વહીન કે નજીવો ભય રાખી હું જૂઠું બોલ્યો ! આમ જો સત્ત્વ ગુમાવીશ તો આગળ કેવી રીતે વધવાનો ? અધમમાંથી મહાન કેવી રીતે બની શકવાનો ? કેમકે સત્ત્વ તો શીલ સત્ય વગેરે ગુણોનો પાલક-પોષક

ને વર્ધક છે; ગુણસ્થાનકમાં આગળ વધારનાર છે.'

રાજા હરિશ્ચંદ્ર સત્ત્વવાળો હતો. એટલે સત્યનું પાલન પકડી રાખ્યું, ને એમાં રાજ્યપાટ મૂકવાનો અવસર આવ્યો તો એ વધાવી લીધો.

**રાજા હરિશ્ચંદ્રનું અજબ સત્ત્વ :-**

બનેલું એવું કે ઇન્દ્રે હરિશ્ચંદ્રનાં સત્ત્વનાં વખાણ કર્યાં, એ ન સહન થવાથી એક દેવતા પરીક્ષા કરવા આવ્યો, રાજાની રાજધાની બહાર ભયંકર વરાહનું રૂપ કરી તાપસોના આશ્રમને પજવવા લાગ્યો. રાજાને સમાચાર મળતાં જ તીર-કામઠું લઈ નીકળી પડ્યો. તપાસ કરતાં માલુમ પડ્યું કે એક જંગલી રીંછ તપોવન પાસે આવીને ઉપદ્રવ કરે છે. રાજા ત્યાં ઝાડીમાં છુપાઈને એની રાહ જોતો ધનુષ્ય પર બાણ ચડાવીને ઊભો છે. જ્યાં રીંછ દેખાયું કે એના પર તીર છોડ્યું. પરંતુ મુસીબત એવી ઊભી થઈ કે વચમાં એક હરણિયું દોડતું તીરથી વિંધાઈ ગયું, ને મર્યું. આ હરણિયું તાપસકન્યાનું પાળેલું હોઈ એણે રોકકળ મચાવી મૂકી. તાપસ કુલપતિ રાજા પર ગુસ્સે થઈ ગયો. રાજા ક્ષમા માગે છે, પણ કન્યાના કરુણ રુદન પર કુલપતિ ક્રોધમાં ધમધમે છે. તાપસો તોડ કાઢે છે. રાજાને પ્રાયશ્ચિત્ત આપો. રાજા પ્રાયશ્ચિત્ત માગે છે.

કુલપતિ કહે 'તપોવનવાસીને હેરાન કરનારને પ્રાયશ્ચિત્ત શું હોય ? એના રાજપણાને ધિક્કાર છે. રાજા બની રહીને આ મહાન પાપથી છૂટી શકે નહિ.' રાજા રાજ્ય છોડી દેવા તૈયાર થાય છે. રાજા કહે 'પધારો રાજ્યગાદી સુપરત કરી દઉં છું. આપ જેને યોગ્ય લાગે તેને ગાદી સોંપી શકો છો.'

રાજા મહેલમાં પાછો આવ્યો ત્યાં તાપસો આવ્યા કુલપતિને રાજ્યગાદી સોંપી દે છે.

મંત્રીઓ રાજાને કહે 'મહારાજા ! આ શું કરો છો ? આમ કાંઈ રાજ્ય સોંપાય ?'

રાજા કહે 'મેં વચન આપ્યું છે. એમાં ફેરફાર થાય નહિ.'

ત્યાં પેલી તાપસકન્યા પાછી રોતી ઊભી છે,- 'પણ મારા હરણિયાનું શું ?'

રાજા કહે 'જા તને લાખ સોનૈયા અપાવું છુ' ખજાનચીને કહે, 'આને લાખ સોનૈયા દઈ દો.'

કુલપતિ કહે, 'એય ! આ શી વાત કરે ? આખું રાજ્ય તેં સોંપી દીધું. હવે તારો ખજાના પર અધિકાર જ કયાં છે કે એમાંથી રકમ અપાવી શકે ?'

રાજા કહે 'તો મહિનાની મહેતલ આપો છેવટે જાત વેચીને પણ રકમ આપી દઈશ.'



રાજા હરિશ્ચંદ્ર પોતાની રાણી અને પુત્ર સાથે નીકળી જાય છે, પછી ઘણી આપદા પામે છે; પરંતુ સત્ત્વ કેવું છે કે એને વિસાતમાં ન ગણતાં, મન પર માત્ર એક લક્ષ દેવું ચૂકવવાનો હિસાબ રાખે છે. રાણીને કોઈની નોકરડી બનાવવી પડી, પોતાને સ્મશાનના ભંગીનો નોકર બનવાનો પ્રસંગ આવીને ઊભો છતાં હારવા-થાકવાની વાત નહિ, કશો કંટાળો નહિ. આટલી બધી આપત્તિઓ છતાં હાય નહિ વોય નહિ, વચન પાળવા પર જ લક્ષ. કારણ ? રાજા સત્ત્વશાળી છે. આપણે કેટલી આપત્તિમાં કેવા કંટાળીએ ? કેવી હાયવોય ? રાજા હરિશ્ચંદ્રનો ધડો લેવાનો છે ?

**હાયવોય ન કરીએ, ધીરતા રાખીએ તો કશું ગુમાવવું છે ? હાયવોયથી કશું સુધરી જાય ?**

દેવતા અંતે થાકે છે, જુએ છે રાજાનું સત્ત્વ ચલાયમાન થાય એમ નથી. બધી માયા સંકેલી લઈ રાજાને હકીકત કહી ક્ષમા માગે છે, કહે છે, 'ઇન્દ્રે જેવું તમારું સત્ત્વ વખાણ્યું તેવા સત્ત્વને તમે ધરનારા છો. તમને લાખો-કરોડો ધન્યવાદ છે.'

રાજા હરિશચંદ્રનું આ સત્ત્વ હતું; તેથી એમને 'રાજ્ય ગુમાવું તો શું થાય ? જાત વેચું તો કઇ દુર્દશા ?...' આવો કોઈ ભય નહોતો. મહાકિંમતી સત્ત્વગુણ સાચવવા માટે બધું જતું કરવા તૈયારી !

જીવમાં આ સત્ત્વ નહિ, એટલે તુચ્છ ભયને લીધે અકાર્ય કરવા તૈયાર થાય છે, જૂઠ બોલવામાં આંચકો નથી આવતો. અનીતિ-દગો-પ્રપંચ-હિંસા કશામાં આંચકો નહિ.

એટલે જ વાત આ હતી કે અસત્ય બોલી નાખ્યું ! હવે પસ્તાવો થાય છે, તો એ તપાસવું કે કેમ જૂઠ બોલાયું ? જો ભયથી ભોલાયું છે, તો એવા ભયની સામે હવે સત્ત્વનો વિકાસ કરવો જેથી હવે પછી એવા ભય નડે નહિ; ને ભયમાં અસત્ય-અનીતિ વગેરે દુષ્કાર્ય કરાય નહિ; તેમજ બજાવવા યોગ્ય કર્તવ્ય અને કમાઈ શકવા યોગ્ય સુકૃતો ગુમાવાય નહિ.

**સત્ત્વહીનતા અને ભય પોતાનાં કર્તવ્ય અને શક્ય સુકૃતો ભુલાવે છે.**

આજે કેટલાય જૈનો જિનપૂજનનું કર્તવ્ય કેમ ચૂકે છે ? ભય છે કે એમાં સમય જાય ને બીજા કામ બગડે તો ?' તો પૂજા કરનારા પણ પોતાનાં દ્રવ્યો લઈ જઈ કેમ પૂજા નથી કરતા ? ભય છે કે 'એનો ખરચ કરવા જતાં ઘરખર્ચમાં ન પહોંચી વળાય તો ? જો સત્ત્વ હોય તો આવા ભયને કોરાણે મૂકી દઈ એમ જ વિચારે કે 'આમે ય ન ધાર્યા કામ આવી પડે કે કોઈ મળવા આવી મફતિયા વાતો

કરાવી જાય તો સમય કયાં નથી કાઢવો પડતો ? એમ એવા નહિ ધારેલા ખરચ પણ કયાં નથી વધી જતા ? તો આ ઉચ્ચ મનુષ્ય ભવથી માંડીને અનેકાનેક વાતની સુખ-સગવડ દેનારા પરમ ઉપકારી પરમાત્માની પૂજા-ભક્તિનું કર્તવ્ય બજાવવામાં સમય કેમ ન કાઢું ?' ખરચ કેમ ન કરું ?

**સંસારી કાર્યોમાં તો કિંમતી માનવસમય અને સંપત્તિ બરબાદ થઈ રહ્યા છે, જ્યારે જિનપૂજામાં તો એ ઊગી નીકળે છે, લેખે લાગે છે.'**

**વહેલા ઊઠવાના લાભ :-**

સત્ત્વ નહિ એટલે આ વિચાર નહિ, ને ખોટા ભયમાં અતિ આવશ્યક કર્તવ્ય ગુમાવવાનું થાય છે. પ્રતિક્રમણ રોજ કેમ નથી કરતા ? ભય રહે છે કે 'સવારે પ્રતિક્રમણને માટે વહેલો ઊઠું તો ઊંઘ-આરામ ઓછા પડવાથી શરીર બગડે તો ?' અરે ભલા આદમી ! બહુ ઊંઘવાથી શરીર સારું રહે છે ? જરા જગતમાં જો કે ભાગ્યશાળીઓ સવારે વહેલા ઊઠીને રોજ પ્રતિક્રમણ કરે છે એમનાં આરોગ્ય કેવા સુંદર ચાલે છે ! પૂર્વજોનો આ અનુભવ છે. **'વહેલા સૂઈ વહેલા ઊઠે, વધે બુદ્ધિ બલ વીર્ય.'** બળ એટલે શરીરશક્તિ, અને વીર્ય એટલે માનસિક તાકાત-ઉત્સાહ. સવારે નિર્મળ ભાવના કરી શકે છે. શરીરયંત્ર સ્વસ્થતાથી કામ કરતું થાય છે. આની ગમ નથી, અનુભવ નથી કરવો એટલે ખોટા હિસાબ મંડાય છે કે વહેલા ઊઠવામાં શરીર બગડે. આમાં પછી સત્ત્વ કયાંથી ખીલે ?

**ભવ અને દેવગુરુ ધર્મની કદર નહિ, તો કેટલાં નુકસાન ? :-**

મૂળ ખામી આ છે કે ઊંચો આર્ય માનવભવ, અનંત કલ્યાણકર જિનશાસન અને દેવાધિદેવ, સદ્‌ગુરુ તથા ધર્મના અંગો-અનુષ્ઠાનો મળ્યાની કદર નથી એટલે (૧) ખોટા ભય અને પ્રમાદ સેવાય છે; (૨) મહા કલ્યાણ હાથવેંતમાં છતાં ગુમાવાય છે; (૩) ધર્મની આરાધનાનું દેવાળું મંડાય છે. પેલી કદર નહિ એટલે વળી; (૪) કંઈક આરાધના થાય તો ય એમાં હૃદયના તાર ઝણઝણતા નથી, દિલમાં અને શરીરમાં ઝણઝણાટી નહિ, ગદ્‌ગદતા નહિ. એ હોય તો ઊંચા ભાવોલ્લાસ જાગે અને વધે, તેમજ અધિકાધિક આરાધના કરવાનું મન થાય. રસ જ ન આવતો હોય, પછી ભાવોલ્લાસે કયાં ? અને આરાધનાની વૃદ્ધિ ય કયાં ?

**આરાધનાની સામગ્રી અને આરાધનાની પુરુષાર્થશક્તિ મળ્યાની ઊંચી કદર કરો, પછી આરાધનામાં રસે ય આવે ને ઝણઝણાટી-ગદ્‌ગદતા થાય.**

**દેવપાલમુનિને ધર્મની અનુમોદના :-**

દેવપાલ મહામુનિને સંયમની આરાધનામાં અને સાથે અરિહંત પરમાત્માની આરાધનામાં હૃદયના તાર ઝણઝણાતા રહેતા. પોતાની પૂર્વ સ્થિતિ જોતાં મનને



આશ્ચર્ય લાગે કે 'હું વૈભવી રાજયપાટ અને મનગમતી રાણી પામેલો, એવા મને આ સંયમ આ સર્વત્યાગ, આ મહાવ્રતો આ સમિતિગુપ્તિ, આ શાસ્ત્રસ્વાધ્યાય વગેરે શે મળે ? મને આ સાધના મળી ? કયાં ભરચક પાપ-ભરેલી ઘરવાસની વૈભવી સ્થિતિ ? ને કયાં આ સૂક્ષ્મ પણ પાપ વિનાની સંયમની એકેક ચર્યા ! કયાં સંસારમાં ડગલે ને પગલે ષટ્‌કાય જીવ-સમારંભ ! ને કયાં સંયમમાં અનંતાનંત જીવોને અભયદાન ! ઘરવાસનું જીવન કેવું પાપસ્થાનકો ભર્યું ! ત્યારે સંયમજીવનમાં કેવી ધર્મસ્થાનકોની જાહોજલાલી !'

ગૃહસ્થજીવન અને સાધુજીવનની આ તુલનામાં આકાશપાતાળના અંતર દેખાય,

**સાધુજીવનની એકેક ચર્યામાં મહાપવિત્રતા મહાવિવેક એકલી શુભ કમાઈ, સર્વેસર્વા આત્મજ્ઞતા, વગેરે સમજાય, તેથી આમાં મહામુનિને દિલના તાર ઝણઝણે એમાં નવાઈ નથી.**

રંક માણસને મહાનિધાન મળી જાય તેથી અપૂર્વ આનંદમાં એના હૈયાના તાર કેવા ઝણઝણે છે !

દેવપાલ મહામુનિની અરિહંતપદની આરાધના પણ એવી ઝણઝણાટીવાળી હતી. અરિહંતે ૧૮ દોષના કરેલ ત્યાગ, એમના ૧૨ ગુણ, ૩૪ અતિશય, ૩૫ વાણીના અતિશય, ભૂત-ભવિષ્ય-વર્તમાન-ચોવીશીના ૭૨ અરિહંત, ઉત્કૃષ્ટા ૧૭૦ અરિહંત, અષ્ટાપદે ૨૪ અરિહંત, નંદીશ્વરદ્વીપે ૫૨ જિનાલયમાં અને વિમાનો વગેરેમાં ૪ જિનના શાશ્વતા બિંબ વગેરે વગેરે યાદ કરી એ દરેકના કાયોત્સર્ગ-ખમાસમણાં, જાપ, ધ્યાનમાં એમને ગદ્‌ગદ ભાવોલ્લાસ રહેતો.

**આમાં વિસ્તારથી વંદના-ખમાસમણાં દેવાય એટલે મનની આસપાસ એ વિશેષતામય અરિહંતનું વાતાવરણ ઊભું થાય.**

**અરિહંત કયા ૧૮ દોષના ત્યાગી ? :-**

દા.ત. અરિહંત ભગવાને ૧૮ દોષોનો ત્યાગ કર્યો છે. પ્રભુમાં અજ્ઞાન નહિ, નિદ્રા નહિ, હાસ્ય નહિ, શોક નહિ, રતિ-આનંદ નહિ, અરતિ-ઉદ્વેગ નહિ, ભય નહિ, કામ-વાસના નહિ, રાગ નહિ, દ્વેષ નહિ, મિથ્યાત્વ નહિ, અવિરતિ નહિ, દાનાંતરાય આદિ એકે ય અંતરાય નહિ, એમ ચાર ઘાતી કર્મ પૈકી જ્ઞાનાવરણનો ૧+ દર્શનાવરણનો ૧+ મોહનીયના ૧૧+ અંતરાયના ૫=૧૮, એમ અઢાર દોષને દરેકને નામવાર યાદ કરી એના ત્યાગીને વંદના કરાય, જેમકે અજ્ઞાન ત્યાગી અરિહંતને વંદું છું, નિદ્રાત્યાગી અરિહંતને વંદું છું, હાસ્યત્યાગી અરિહંતને વંદું છું. આ રીતે વંદના કરાય, વળી એ દરેક વંદના સાથે 'ઇચ્છામિ ખમાસમણો

વંદિઉં... સૂત્ર બોલી બોલી ખમાસમણું દેવાય, એવી ૧૮ વંદના-ખમાસમણ ચાલે ત્યાં સુધી મનમાં એવા ત્યાગની વિશેષતાવાળા અરિહંતનું વાતાવરણ બન્યું રહે. સાથે સાથે એ વિશેષતાઓ મન પર આવ્યા કરે. એમાં દિલમાં અરિહંત પરમાત્માનું કેટલું બધું બહુમાન સ્ફુર્યા કરે ?'

અરિહંતપદની આરાધના કરવી છે ને ? તો એ પ્રમાણે અરિહંતના ૧૨ ગુણ ૩૪ અતિશય વગેરે અનેક નામવાર યાદ કરી કરી વંદના થાય, ખમાસમણું દેવાય; એમાં પણ એ બહુમાન થયા કરે. અરિહંતદેવ પ્રત્યે વારંવાર બહુમાનનો ભાવ સ્ફુર્યા કરવાથી બહુ પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન થતું રહે. ઉપરાંત અરિહંતપણાનું આકર્ષણ વધતું જવાથી દિલમાં એના સુસંસ્કાર જમા થતા જાય.

વળી એ વાતાવરણ મગજમાં ઠીક ઠીક સમય રહેવાની એની એક અસર એવી ઊભી થાય કે પછી જગતની તુચ્છ વાતો ગમે નહિ, અને એના વિકલ્પો ઓછા થઈ જાય.

**અરિહંતપદની આરાધના જમાવવા તથા ચિત્તના કુવિકલ્પો ને તુચ્છ વાતોનો રાગ ઓછો કરવા,**

**(૧) આ એક ઉપાય, કે અરિહંતના ૧૮ દોષત્યાગ, ૧૨ ગુણ, ૩૪ અતિશય વગેરે દરેક નામવાર યાદ કરી કરી વંદના કરવા સાથે ખમાસમણું દેવાય, ને મન પર એનું વાતાવરણ ઊભું કરાય.**

**(૨) આવો એક ઉપાય આ, કે જીવનમાં જુહારેલ દરેક જિનબિંબને મનની નજર સામે લાવી લાવી વંદના કરાય, ખમાસમણાં દેવાય.**

દેવપાલ મહામુનિ આ કરતા હતા. જીવનમાં યાત્રાઓ કરતાં જે જે જિનમંદિર ફરસેલાં, એ દરેકમાં રહેલ જિનબિંબ નજર સામે લાવવાના, ને એમના નામ સાથે વંદના કરવાની દા.ત. નમો ઋષભદેવ સ્વામિને, નમો શાંતિનાથાય, નમો વિમળનાથાય,... આમાં વળી સમયના અવકાશ પ્રમાણે ખમાસમણાં દેતા જવાનાં. પ્રશ્ન થાય.

**પ્ર.**- એવા તો કેટલા બધા જિનબિંબ ફરસ્યા હોય, એ દરેક નજર સામે લાવી લાવી વંદના કરતાં સમય કેટલો બધો કાઢવો પડે ?

ઉ.- આ ગભરામણ કરવાની જરૂર નથી; કેમકે રોજ ને રોજ આ ચાલુ રહ્યાથી પછી એ યાદ ઝડપમાં આવે છે, તેથી બહુ ઓછા સમયમાં એકાગ્રતાથી કેટલાય ભગવાનને વંદના થાય છે ! એમાં મનની એકાગ્રતા પણ ખીલે છે.

આ રીતે રોજ ને રોજ તે તે મંદિરના તે તે ભગવાન નજર સામે લાવી લાવી વંદના કરાય એનો પ્રભાવ ઓર છે. એમાં વળી જો ક્રમસર ઋષભદેવ ભગવાન,



અજિતનાથ ભગવાન...લઈ લઈ એ દરેક જયાં જયાં હોય ત્યાં ત્યાંના ભગવાનને યાદ કરી કરી વંદના કરાય એનો પ્રભાવ વળી ઓર વિશેષતાવાળો બને છે.

**મન એકાગ્ર કરવું છે ? અરિહંતપદની આરાધના કરવી છે ? તો એકેક ભગવાનને ભારતના મંદિરોમાં ફરી વંદના કરો.**

દા.ત. પહેલા ઋષભદેવ ભગવાન લીધા, તો તીર્થો જિનમંદિરોમાં ફરી વળી, માત્ર ઋષભદેવ ભગવાન નજર સામે લાવી વંદના કરવાની એમ ભારતના યાદ હોય એટલે ઋષભદેવ ભગવાનને વંદન કરતા જવાનું. એ પૂરું થાય, પછી અજિતનાથ ભગવાનને લઈ ફેર ભારતના યાદ એટલે જિનમંદિરમાંના અજિતનાથ ભગવાનને વંદના કરતા જવાનું. એમ ઠેઠ ભગવાન મહાવીરસ્વામી સુધી. આમાં તે તે તીર્થમાં તે તે જિનમંદિરમાં ફરી ફરીને જવાનું થાય એની ચિંતા નહિ. એટલું છે કે રોજ એક જ ક્રમથી મંદિર યાદ કરવાના. આનો રોજનો અભ્યાસ પડ્યાથી યાદ કરવામાં સમય બહુ ઓછો લાગે છે.

એવા સેંકડો જિનબિંબ નજર સામે લાવી લાવી ૨૪ ભગવાનને વંદના કરાયે જાય, એથી અરિહંત ભગવાન પર દિલડું કેટલું બધું ઓવારી જાય ! સાથે વળી, પહેલાં કહ્યું તેમ, પ્રભુએ દોષોના કરેલ ત્યાગ પૈકી એકેક દોષ-ત્યાગ અને વિકસાવેલ એકેક ગુણ યાદ કરી કરી વંદના કરાય તેથી પ્રભુની તે તે વિશેષતાઓ સાથે પ્રભુ પર દિલમાં કેટકેટલું ગૌરવ ઊભું થાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૪૧,તા.૨૮-૬-૧૯૭૫**

**અરિહંતપદની આરાધના અને અરિહંત પર ગૌરવ કરાવે એવા અરિહંતપ્રભુના ગુણ યાદ કરવા માટે એક ઉપાય આ, કે સ્તોત્ર-સ્તુતિ-સ્તવનની. ગાથા-ગાથામાંથી એ યાદ કરાય.**

**સકલાર્હત્ સ્તોત્ર આદિથી વંદનાઓ**

દા.ત. 'સકલાર્હત્' સ્તોત્રમાં ૨૪ ભગવાનનાં ગુણગાન છે, એમાંથી એકેક ગુણ લઈ આ રીતે વંદના કરાય,-

(ગાથા-૧) નમો અરિહંતપણાને ધારણ કરનાર અરિહંતપ્રભુને.

નમો મોક્ષ લક્ષ્મીના ધામ અરિહંતને.

નમો ત્રિભુવન પર વર્ચસ્વધારી અરિહંતને.

(ગાથા-૨) નમો નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી વિશ્વના જીવોને પાવન કરનાર અરિહંતપ્રભુને.

(૩) નમો આદિ મુનિ આદિ દેવાધિદેવ અરિહંતને.

(૪) નમો ભવ્યજીવ-કમળવનને વિકસિત કરનાર અરિહંતસૂર્યને, નમો સર્વકાળના લોકના પ્રતિબિંબવાળા અરિહંતદર્પણને.

(૫) નમો વિશ્વના ભવ્યજીવ-બગીચાને વિકસિત કરનારી વાણીનીક વહેવડાવનાર અરિહંતને.

(૬) નમો અનેકાંત-સિદ્ધાન્ત સમુદ્રને ઉલ્લસિત કરનાર અરિહંતચંદ્રને.

નમો અત્યંત ઉત્કૃષ્ટ આનંદદાયી અરિહંતને.

(૭) નમો ચરણે નમેલ દેવોના મુગટમણિની પ્રભાથી ઉત્તેજિત કાન્તિવાળી નખપંક્તિ ધરનાર અરિહંતને.

(૮) નમો અંતરંગ શત્રુને બાળી નાખનાર દેહ-પ્રભાવાળા અરિહંતને.

આ છઠ્ઠા ભગવાન સુધીની સ્તુતિ આવી. એમ ઠેઠ મહાવીર સ્વામી સુધીની સ્તુતિના ગુણ લઈ લઈ અરિહંતને વંદના કરતા જવાય. આવું સ્તવનોની કડી-કડીમાંથી પ્રભુનો ગુણ લઈ લઈ વંદન કરતા જવાનું. જેમકે જુઓ,-

**'માતા મરુદેવાના નંદ'** સ્તવન છે. એની ક્રમસર કડીઓ લઈએ તો એમાં વર્ણવેલ ગુણ લઈ આ પ્રમાણે વંદના થાય,-

(ગાથા-૧) 'મૂર્તિથી આનંદ આપનાર અરિહંતને હું વંદું છું.' ચિત્તને હરનાર અરિહંતને હું વંદું છું.

(ગાથા-૨) કરુણાની ખાણરૂપ અરિહંતને હું વંદું છું. કરુણાના સાગરરૂપ અરિહંતને હું વંદું છું. કંચનવર્ણી કાયાવાળા અરિહંતને હું વંદું છું.

(૩) ત્રણ ગઢમય સમવસરણસ્થ અરિહંતને વંદું છું. ધર્મ-ઉપદેશક અરિહંતને હું વંદું છું. યોજનગામિની વાણી વરસાવનાર અરિહંતને હું વંદું છું.

(૪) ઉર્વશી આદિથી નૃત્યભક્તિ કરાતા અરિહંતને હું વંદું છું. ઉર્વશી આદિથી આમ સ્તવાતા અરિહંતને હું વંદું છું.

(૫) હે સાચા બ્રહ્મા સાચા વિધાતા સ્વરૂપ અરિહંત ! તમને હું વંદું છું. હે ખરેખરા સાચા જગત-તારણહાર અરિહંત ! તમને હું વંદું છું. હે અન્ય સમસ્ત દેવોથી ચડિયાતા અરિહંત ! તમને હું વંદું છું. હે મારા અલબેલા આધાર અરિહંત ! તમને હું વંદું છું.

(ગાથા-૬) હે સાચા ભ્રાત-ત્રાતા અરિહંત ! તમને હું વંદું છું. હે જગતના ઉદ્ધારક અરિહંત તમને હું વંદું છું. હે સુર-નર-કિંનર-વાસુદેવોથી સેવાતા અરિહંત ! તમને...

(૭) હે સિદ્ધાચલના રાજા ! તમને હું વંદું છું. હે ભવ-ભય-ફંદાના ટાળનારા



અરિહંત ! તમને હું વંદું છું.

**અરિહંતપદની આરાધના કરવી છે ?**

તો એ માટે આ વંદનાઓ ઉપરાંત અરિહંતની ગુણસ્તુતિ અને પ્રાર્થના આવે. તે પણ આવાં સ્તવન-સ્તોત્ર વગેરેના આધારે થઈ શકે. એમાં પણ, **ગાથા-ગાથાના ભાવ વચ્ચે કડી જોડી સંકલના કરીને સ્તુતિ પ્રાર્થના કરાય તો સંકલનાબદ્ધ સળંગ સ્તુતિ-પ્રાર્થના થાય.**

જેમકે આ જ 'માતા મરુદેવના નંદ' વાળા સ્તવનના આધારે જુઓ, આમ સ્તુતિ થાય,-

'હે મરુદેવામાતાના નંદ ઋષભદેવ અરિહંત પ્રભુ ! શી તમારી અલબેલી મૂર્તિ ! એ જોઈ જોઈને મારું મન હરખાય છે, મારું દિલ લોભાઈ જાય છે. તમારી મૂર્તિની આવી આકર્ષક મુદ્રા કેમ બની ? કારણ કે આપના દિલમાં પ્રભુ ! પૂર્વના ત્રીજા ભવે જગતના જીવમાત્રનો ઉદ્ધાર કરવાની કરુણાનો આકર-ખાણ કરુણાનો સાગર ઊભરાયેલ. એથી અહીં તમને અલૌકિક સૌંદર્યવાળી કંચનવર્ણી ૫૦૦ ધનુષ્યની કાયા મળી. આવી કાયા મેળવીને આપે તીર્થંકર થઈ કેવું કમાલ કામ કર્યું ! કે આપે ત્રણ ગઢના સમવસરણ પર બેસી બાર પર્ષદા આગળ ધર્મ કહ્યો. એ આપની મીઠી વાણીનો ત્યાં મેઘ વરસ્યો તે જોજનગામી વાણીનો ! એવા આપને જોઈ રંભા-ઉર્વશી અપ્સરાઓ ઊઠીને પગે નૂપુરના રણઝણાટ સાથે નાટારંભ કરવા લાગી ! તે પણ મૂંગી મૂંગી નહિ, કિન્તુ આપની સ્તુતિ ગાવા સાથે. એ નાચતી જાય ને બોલતી જાય છે કે 'હે નાથ ! તું જ બ્રહ્મા ને તું જ વિધાતા છે...તું જ ભ્રાતા ને તું જ ત્રાતા છે...હે સિદ્ધાચલતીર્થના રાજા ઋષભજિણંદ ! મારા ભવભય-ફંદ ટાળો.'

**અરિહંતની લગન કેમ વધે ? :-**

ગાથા-ગાથાના ભાવની વચ્ચે કડી જોડી આ રીતે સંકલનાબદ્ધ સ્તુતિ-પ્રાર્થના થાય. જુદા જુદા સ્તવનો લઈ આ રીતે વીતરાગ અરિહંત પ્રભુનાં સરળ સંકલનાબદ્ધ ગુણગાન ગવાય. એથી એ પ્રભુ પ્રત્યે હૈયામાં આદર-બહુમાન-આકર્ષણ વધતું ચાલે. દિવસે અને રાતે જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે પ્રભુની આ રીતે સ્તુતિ યાદ કરાય, એ અરિહંતપદની આરાધના-ઉપાસના છે. મૂળમાં દિલમાં અરિહંત પ્રભુની લગન લાગી જવી જોઈએ એમના અનંત ગુણ અનંત ઉપકાર જોઈ એમના પ્રત્યે હૈયું ઓવારી જતું હોય; પછી આ જ લગની લાગે કે 'કેમ હું પ્રભુને ગાયા જ કરું ! ધ્યાયા જ કરું ! પૂજ્યા જ કરું ! સ્મર્યા જ કરું ! જપ્યા જ કરું ! બસ, આ જીવનમાં આનાથી વધીને બીજું મોટું કામ જ શું છે ?'

**વીતરાગ અરિહંત પ્રભુનાં ગુણગાન, પ્રભુનું ધ્યાન, પ્રભુનું સ્મરણ, પ્રભુના નામનો જાપ, પ્રભુનું દર્શન-પૂજન-ભજન અને પ્રભુની આજ્ઞાનું પાલન આના જેવું માનવ અવતારે ઉત્તમ કામ બીજું નથી.**

**આ કરતા જવાય એમ પ્રભુ પ્રત્યે લગની વધતી જાય.**

**અરિહંત પ્રભુની લગની વધે એમ જગત ભુલાતું જાય.**

અરિહંત પરમાત્મા પ્રત્યે પ્રેમ-બહુમાન-લગનનો આપણે દાવો રાખતા હોઈએ કે 'એ અમારામાં છે.' પણ દાવો સાચો છે ? કે માત્ર કહેવાનો જ છે ? એનું માપ આના પરથી નીકળે કે 'આપણને જગત જગતના વિષયો કંચન-કામિની-કુટુંબ-કાયા-માનપાન વગેરે કેટલા ભુલાય છે ?' જો એ જરાય ભુલાતા નથી, એની માયા-મમતા-આકર્ષણ જરાય ઓછા થતાં નથી, તો સમજવું પડે કે અરિહંતની પ્રીતિ-માયા-મમતા-આકર્ષણનો દાવો કહેવામાત્રનો છે, સાચો નહિ.

'ભગવાન ! તું મને ગમે છે, પણ તારા કરતાં મને પૈસા વધુ વહાલા છે તારી પાછળ પૈસાનો ઉપયોગ ન કરું, પણ પૈસા ખાતર તારો ઉપયોગ કરું.'-આ જો સ્થિતિ હોય, તો પ્રભુની એવી માયા-મમતા પ્રેમ ક્યાં રહ્યા ?

ઘરમાં ગૃહિણી અને દાસી બંને હોય, તો કોણ કોની સેવામાં ? પતિ જો દાસીની સેવામાં ગૃહિણીને રોકે એટલો ગૃહિણીની સેવામાં દાસીને નહિ, તો લોક એ દેખી સમજે છે કે 'ભાઈ દાસીમાં લંપટ લાગે છે.' એમ અહીં જો પૈસાની સેવામાં-પ્રાપ્તિમાં પ્રભુને રોકે એવા પ્રભુની સેવામાં પૈસાને નહિ, તો શું સમજાય ? પૈસાની જ લંપટતા ને ? પેલાને ખરેખર તો દાસી જ ગમે છે, ગૃહિણી નહિ; એમ આને ખરેખર તો પૈસા જ ગમે છે, પ્રભુ નહિ. ગૃહિણી જે ગમતી લાગે છે. એ ઘર-આબરૂ અને દાસીને સંભાળે છે માટે. બાકી દિલથી તો દાસી જ ગમે છે. એમ પ્રભુ જે ગમતા લાગે છે, વહાલા લાગે છે, એ પૈસા વગેરે દુન્યવી સુખ બન્યું રહે એટલા જ માટે બાકી દિલથી તો પૈસા જ ગમે છે. ભૂલશો નહિ,

**સંસારના સુખ ગમે એને પ્રભુ ન ગમે.**

**પ્રભુ ગમે એને સંસારનાં સુખ ન ગમે.**

સંત તુલસી કવિ પણ કહે છે ને કે

**'જિહાં રામ, તિહાં નહિ કામ;**
**જિહાં કામ તિહાં નહિ રામ.'**

દિલથી પ્રભુ ગમે એને સંસારના પૈસા વગેરેનું સુખ કેમ ન ગમે ? બોલો છો ને કે,

'પત્થર જેવા પૈસા, ને સોના જેવા પ્રભુ,



બોલો કોણ પ્યારુ લાગે તમને ? પૈસા કે પ્રભુ ?'

પૈસા પત્થર જેવા લાગે, તો એ વહાલા લાગે. એક એવો પ્રશ્ન આવે છે,-

**પ્ર.**- પૈસા વગેરે સુખ પ્રભુની સેવાથી તો મળ્યા છે, પછી એ ગમે એ લેવાય-સચવાય-ભોગવાય એમાં શો વાંધો ?

ઉ.- વાંધો આ જ, કે,

**એ સંસારસુખ લેવા-સાચવવા-ભોગવવામાં પ્રભુને પ્રભુની સેવા ભુલાય છે, એ પરલોકનો દીર્ઘાતિદીર્ઘ કાળ બગાડે છે.**

**પ્ર.**- પ્રભુની સેવા સાચવીને સંસારસુખ લેવાય તો વાંધો ?

ઉ.- હા, વાંધો છે. સંસારસુખ વહાલું કરવામાં પ્રભુ વહાલા નથી રહેતા. માટે ભલેને પૂર્વની પ્રભુસેવાથી પૈસાદિ સુખ મળ્યાં, પરંતુ એને વહાલાં ન કરાય. ખીરની ઉલટી-ઓકારી વહાલી લાગે ? કેમ નહિ ? ખીરમાંથી જન્મી છે ને ? ખીરમાંથી જન્મી ખરી, પરંતુ એની સાથે શરીરના બિભત્સ રસો ભળ્યા, માટે અકારી લાગે છે. એમ,

**પૈસાદિ સંસારસુખ પ્રભુસેવામાંથી જનમ્યાં ખરાં, કિન્તુ ખીરની ઊલટીની જેમ એની સાથે આત્માનો રાગરૂપી બિભત્સરસ ભળ્યો છે માટે એ અકારાં લાગે.**

**પ્ર.**- ત્યારે જો રાગ ન ભેળવે તો તો સંસારસુખ લે-ભોગવે એમાં વાંધો નહિ ને ?

ઉ.- અરે ! જો એ સુખ પર રાગ જ નથી તો એ લેવા જાય જ શું કામ ? ભોગવવાનું મન કરે જ શું કામ ? રાગ નથી તો ત્યાગ જ ન કરી દે ?

**પ્ર.**- પણ ત્યાગની શક્તિ ન હોય તો ?

ઉ.- તો ય ત્યાગ નથી કરી શકતો એની ભારે બળતરા તો હોય ને ? રાગ વિના ભોગવવાનો ઢોંગ કરનારમાં ક્યાં છે એ ? 'ભરતજી મનહી મેં વૈરાગી' એટલે ? એ સંસારસુખ વચ્ચે બળતા-જળતા હતા. સંસારસુખ ભોગવાય છે પણ જો એમાં રાગ નથી તો એનું કાંઈ લક્ષણ ખરું કે નહિ ? આ જ લક્ષણ કે દિલ એમાં બળતું-જળતું રહે. બોલો દિલ ક્યાં બળે-જળે છે ? પૈસા લાવતાં ? તિજોરીમાં મૂકતાં ? પકવાન્ન ખાતાં ? પત્નીનું મુખ જોતાં ? બંગલા-બગીચા પર ? દિલ ક્યાં બળતું જળતું રહે છે ? જેમ સંસારસુખ પર રાગ હોય તો દિલ ખીલતું રહે છે, એમ રાગ ન હોય પણ ભોગવવું પડે છે તો દિલ બળતું ન રહે ? સ્ત્રીને પોતાના પુત્ર પર રાગ છે તો દિલ ખીલતું રહે છે, એમ શોકયના પુત્ર ઉપર જો રાગ નથી અને સંભાળવો પડે છે તો દિલ બળતું રહે છે ને ? તો સંસારસુખ શોકય કે શોકયના પુત્ર જેવા લાગે છે ?

સંસારનાં સુખ હોંશે હોંશે લેવાય-સચવાય-ભોગવાય છે, ને કહેવું કે 'મને એના પર રાગ નથી,' એ ઢોંગધતુરો છે, દંભ છે. વાત આ છે કે

**જો પ્રભુ પર રાગ છે, પ્રભુ ગમે છે, તો પ્રભુને પ્રભુની સેવાને ભુલાવનારા હોઈ, પ્રભુ સેવામાં કાપ મૂકનારા હોઈ સંસારસુખ અકારાં લાગે.**

પ્રભુ ગમે છે, પ્રભુની લગની છે, એટલે જ એની આડે આવનારાં સંસારસુખ અણગમતાં થાય, ભુલાતા જાય. બસ, આ માપદંડ,-

**જગત કેટલું અકારું લાગે છે ? અર્થાત્ સંસારસુખ કેટલા અકારાં લાગે છે ? એ પરથી પ્રભુની લગનીનું માપ નીકળે.**

જગતની ધાંધલ મૂકી અરિહંત પ્રભુનાં સ્તવન-ગુણગાન-રટણ-સ્મરણ વગેરે કરતા હોવાથી પ્રભુ પ્રત્યેની લગન વધે છે, ને એ અરિહંતપદની આરાધના છે.

દેવપાલ મહામુનિની એ સ્થિતિ હતી. એમણે તીર્થભૂમિઓ અને કલ્યાણક ભૂમિઓ પણ સ્પર્શી અને પોતાના આત્માને અરિહંત ભક્તિથી પાવન કર્યે ગયા, વધુ ને વધુ ભાવિત કર્યે ગયા એકેક એ ભૂમિ સ્પર્શને દિલ ઊછળતું જાય, દિલમાં ગદ્ગદતા-ઝણઝણાટી વધતી જાય કે 'અહો ! મને ને આ અરિહંત પ્રભુની પાવન થયેલી ભૂમિની સ્પર્શના ? વાહ રે વાહ મારા પ્રભુ ! આ તમારો કેટલો બધો ઉપકાર ! તમે અરિહંત થઈ આ ભૂમિ પવિત્ર કરી, તો જ મને પવિત્ર ભૂમિનો સ્પર્શ મળ્યો.'

દેવપાલ મહામુનિને અરિહંત પ્રભુની એવી લગન લાગી છે કે પ્રભુની ઉપાસના માટે વિવિધ ત્યાગ-તપસ્યાઓ પણ જોરદાર કરતા રહ્યા. અંતે વિધિપૂર્વક સંલેખના કરીને, અર્થાત્ ત્યાગ-તપ-ધ્યાનથી તન-મનને ઘસતા રહીને, છેવટે અંતિમ અનશન કરી દીધું.

**દેવપાલમુનિનું અનશન-સ્વર્ગગમન :-**

બસ, દેવપાલ રાજર્ષિ કાળ કરીને ૧૦ મા દેવલોકે દેવ થયા. એમની સંસારાવસ્થાની રાણી મનોરમા પણ ચારિત્ર લઈ સાધ્વી બનેલી, તે પણ આરાધના કરી અંતે અનશન પૂર્વક કાળ કરીને એ જ દેવલોકમાં એમની હારોહાર મિત્રદેવ બની. અત્યારે એ બંને ત્યાં છે. પછી ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને દેવપાલદેવ મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય અવતાર પામી તીર્થંકર થશે અને મનોરમા દેવ પણ ત્યાંથી મનુષ્ય અવતાર પામી એમના ગણધર થશે. બંને અંતે મોક્ષ પામશે.

તીર્થંકર-નામકર્મનું પુણ્ય બંધાવનારા વીસસ્થાનકો પૈકી પ્રથમ સ્થાનકે અરિહંતપદ છે. એની આરાધના ઉપાસના પર આ દેવપાલ મહાન આત્માનું દૃષ્ટાન્ત પૂર્ણ થાય છે. એના જીવનની ઠેઠ ઢોર ચારનારા નોકરપણાની સ્થિતિમાંથી



જે અરિહંત ભક્તિ શરૂ થઈ તે મહામુનિપણાની અંતિમ અવસ્થા સુધીમાં જે જે આરાધના થઈ, એ વારંવાર યાદ કરી કરી તમે પણ એવી અરિહંત-ભક્તિ-આરાધના સાધો એ જ એક મંગળકામના.

આ આખા ચરિત્રમાં ઠામઠામ અરિહંતપદની આરાધનાના અનેકાનેક પ્રકારો આવેલા છે, એને નોટમાં જુદા ટાંકી લીધા હશે, તો અરિહંતપદની આરાધના કરવા માટે શું શું કરવું જોઈએ એના મુદ્દા નજર સામે તરી આવશે અને તે પ્રમાણે જ્યાં જ્યાં જે પ્રકાર લાગુ થઈ શકતો હશે ત્યાં ત્યાં એને અમલમાં ઉતારી શકાશે.

અરિહંતપદની આરાધના પર **દેવપાળનું ચરિત્ર પૂર્ણ** થાય છે.

❖ ❖ ❖

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૨૨,અંક-૧૩,તા.૮-૧૨-૧૯૭૩**

# તામસભાવના તાંડવ અને અંતરાત્માનાં દર્શન

**अप्पा जाणइ अप्पा, तह अप्पसक्खिओ धम्मो ।**
**अप्पा करेह तं तह, जह अप्पसुहावहं होइ ॥**

અનંત દયાળુ, અનંતજ્ઞાની, ત્રિલોકનાથ, ચરમ તીર્થંકર શ્રી મહાવીર-વર્ધમાનસ્વામીના હસ્તદીક્ષિત શિષ્ય અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મદાસગણી મહારાજ ઉપદેશમાળા શાસ્ત્રમાં આ શ્લોકમાં એમ ફરમાવી રહ્યા છે કે,

'આત્મા પોતાને જાણે છે; તેમજ પોતાનામાં ખરેખર ધર્મ કેવોક અને કેટલો છે એ આત્મસાક્ષિક છે, પોતાના અંતરાત્માને એનો ખ્યાલ આવે. તેથી હે આત્મન્ ! તું એવું કર કે જેથી તને (તારા આત્માને) સુખદાયી બને.'

ઉપદેશમાળા શાસ્ત્રે આ શ્લોકમાં માનવજીવનનો સાર બતાવી દીધો કે આ જીવનમાંથી પ્રતિપળ શો સાર ખેંચવો. સાર પણ વિશેષ કરીને આભ્યન્તર સારનો નિર્દેશ કર્યો.

**જીવનનો પ્રતિપળ સાર આ ખેંચવો કે આત્મામાં વિષય-કષાયાદિના તામસભાવ ન રમી જાય.**

'અપ્પા જાણઈ અપ્પા' આત્મન્ ! તું જાણે છે કે અંદરખાને તારો આત્મા અર્થાત્ તું પોતે કેવો છે. તારા દિલમાં ધર્મના ભાવ પવિત્ર ભાવો રમી રહ્યા છે ?

કે પાપના ભાવ ? વિષય-કષાયના તામસભાવ ?' આ તું સમજી શકે. બહારનાને કદાચ એની ખબર ન ય પડે, કેમકે એ તો તારી બહારની સારી પ્રવૃત્તિ જોઈ માને કે, 'ભાઈ સારા સજ્જન છે, ધર્માત્મા છે, ત્યાગી-વિરાગી છે;' પછી ભલે અંદરખાને તારા દિલમાં દુર્જનતાના કે વિષયકષાયના તામસભાવ રમતા હોય. કેટલીક વાર મોટા ગુરુ આચાર્ય મહારાજને પણ શિષ્યના કે ભક્ત ગૃહસ્થના અંતરના તામસભાવની ખબર ન પડે એવું બને છે.

**કાલિકસૂરિ અને વિનયરત્ન**

પ્રખર જિનશાસન-પ્રભાવક કાલિકસૂરિજી મહારાજને, પોતાનો વિનયરત્ન નામનો શિષ્ય બાર વરસ સાથે રહેવા છતાં, એના દિલના તામસભાવની ખબર ન પડી; કેમકે એ ઉસ્તાદ શિષ્યે વાણી-વર્તાવ એટલાં બધાં વિનયભર્યાં, વૈરાગ્યભર્યાં અને સંયમભર્યાં રાખેલાં કે એમાં એના અંદરના અધમ તામસભાવની ગંધ સરખી ન આવે.

**વિનયરત્નનો મેલો ઉદ્દેશ :-**

વિનયરત્ન સાધુ થયો હતો એવા ઉદ્દેશથી કે રાજા ચંડપ્રદ્યોતને ખુશ કરવા એના દુશ્મન ઉદાયી રાજાનું ખૂન કરવા એણે નિર્ધાર કરેલો. ખૂન કરવું કેવી રીતે ? ત્યારે એણે ઘણી તપાસના અંતે જોયું કે, 'જૈનાચાર્ય કાલિકસૂરિજી મહારાજને ઉદાયી રાજા સાથે એકાંતમાં બેઠક છે. એમાં ય આચાર્ય મહારાજ જ્યારે રાજધાની પાટલીપુત્રમાં હોય છે, ત્યારે રાજા પર્વતિથિએ પોષધમાં રહી આચાર્ય મહારાજને રાતના પોતાની સાથે રાખી ચર્ચા કરે છે; કર્યા પછી તો રાતના રાજા અને આચાર્ય-મહારાજ બંને ઊંઘી જતા હોય. એવા અવસરે જો સાથે રહેવાનું એકવાર પણ બની જાય તો મારું કામ થઈ જાય,' એવો માર્ગ એને સૂઝ્યો.

બસ, એ ઉદ્દેશથી બહાર મોટો વૈરાગ્ય દેખાડી એ સાધુ થયો, અને આચાર્ય મહારાજની સેવામાં રાતદિવસ ખડે પગે રહેવા લાગ્યો. દિલમાં એક જ ચોંટ હતી કે, 'આમ ક્યારે આચાર્ય મહારાજ સાથે રાજમહેલે જવાનું મળે ! અને હું રાજાનું ખૂન કરી નાખું !' આ એના દિલના તામસભાવની, બહારના સેવા-સરભરાના ફટાટોપમાં બીજાને ક્યાંથી ખબર પડે ?

**ઠગારાની વિશેષ સાવધાની :-**

વરસો વીતે છે, એ જરાય અધીરો બનતો નથી, એક અક્ષર પણ આચાર્ય મહારાજને પૂછતો નથી કે, 'આપ રાજમહેલે રાજાને શું સંભળાવો છો ? કેટલું જાગો છો ? રાજાની કેટલી બધી ધર્મિષ્ઠતા કે આવા મોટા રાજ્યભાર અને રાજવી વૈભવવિલાસમાં પણ પર્વતિથિએ પોષધ કરે !...' ના, રાજા રાજમહેલ વગેરે



અંગે એક અક્ષર પણ મોંઢેથી કાઢવાનો નહિ. કેમ એમ ? કદાચ સહેજ પણ આચાર્ય મહારાજને શંકા પડી જાય તો ? એક અક્ષર પણ કાઢવો તો ગુરુને પ્રિય માત્ર સંયમ સેવા સાધના અંગે જ. દિવસ-રાત ચર્ચા પણ એની જ. હવે આમાં એના દિલના અંદરના તામસભાવની શી ગંધ પણ આવે ?

**ઠગારાના બોલ :-**

ખુદ આચાર્ય મહારાજ ભુલાવામાં પડી ગયા, એના ગજબના વિનયાદિ વર્તાવને જોઈ એમણે એને **'વિનયરત્ન'** નામનો ખિતાબ આપ્યો ! છતાં આ શિષ્ય એનો જરા ય આનંદ ન દેખાડતાં ઊલટો કહે છે, 'ગુરુજી ! આ ગધેડા પર હાથીની અંબાડી શી ? મારા જેવા નાલાયક પર આ 'વિનયરત્ન'ની પદવી શી ? મારે તો આજીવન આપની સેવા મળતી રહે એ જ મોટી પદવી છે. બસ, હું તો સેવાથી ન્યાલ થઈ રહ્યો છું. મારા ભવોભવ સુધરી ગયા ! પૂર્વે આવી સેવા નહિ મળી હોય કે મેં નહિ કરી હોય, તેથી જ અનંતા ભવ ભટકતો રહ્યો. પણ હવે શાનો ભટકું ? આપ મારા પર આ ગરીબની સેવા સ્વીકારી અનંત ઉપકાર કરી રહ્યા છો...કદી મને તરછોડશો નહિ. હું રાંક છું, કર્મનો અદનો ગુલામ છું, કર્મપીડિત છું. મારા પર સતત દયા વરસાવતા જ રહેજો...'

બસ, હોશિયાર માણસ, તે આવું આવું માત્ર બોલે એટલું જ નહિ, પણ આંખમાંથી કૃતજ્ઞભાવના આંસુ પણ કાઢે અને અધિકાધિક સેવા-વિનય આદિ બજાવતો ચાલે છે. ક્યારેક ક્યારેક આચાર્ય મહારાજ રાતના જાગીને જુએ છે તો એ વિનયરત્ન પાસે સેવામાં જાગતો બેઠો દેખાય. 'અરે ! કેમ જાગતો બેઠો છું ? આરામ નથી કરવો ?' એમ આચાર્ય મહારાજ પૂછે ત્યારે આ તાલંબાજ કહે છે, 'પ્રભુ ! મારે તો આપની સેવા જ મોટો આરામ છે. હું ડૂબી રહ્યો હતો આ તો આપે મને તારનારી સેવાની તક આપી મારા પર અનહદ ઉપકાર કર્યો છે. હવે પ્રભુ ! ઊંઘવા-કરવાનું કરી ક્યાં ડૂબવા જાઉં ?'

અવરનવર એના આવા ઉદ્ગાર અને ધરખમ સેવા વિનય વગેરે જોતાં આચાર્ય મહારાજનો એના પર પ્રેમ વિશ્વાસ અને પ્રસન્નતા વધતાં જાય છે. છે આમાં ક્યાંય એના દિલના તામસભાવની ગંધ પણ આવે એવું ?

બહારનાને બહારની ખબર પડે, અંદરના ભાવની શી ખબર પડે ? ત્યારે,

**ખરેખર મારણહાર કે તારણહાર અંદરના તામસ કે સાત્ત્વિકભાવ છે,**

અને એ આત્મા પોતે જ જાણતો હોય કે મારા દિલમાં શું ચાલી રહ્યું છે. ઉપદેશમાળા શાસ્ત્ર આ જ કહે છે કે, 'અપ્પા જાણઈ અપ્પા,' આત્મા પોતે જ પોતાને જાણે છે કે અંદરખાને પોતે કેવા ભાવ રાખી રહ્યો છે. ધર્મના સાત્ત્વિક

ભાવ પણ દિલની વસ્તુ છે, અને તામસભાવ પણ દિલની વસ્તુ છે. એ ભાવ પોતે જ જાણે; બીજાને એની ખબર ન પડે. તેથી બહારની બોલચાલ સારી જોઈ બીજા લોકો ધર્મનું સર્ટિફિકેટ આપે એથી જીવનું કલ્યાણ થાય નહિ. કલ્યાણ તો દિલમાંથી તામસભાવ ફગાવી દઈ સારા પવિત્ર ભાવ રાખવામાં જ છે..

એટલે જ શાસ્ત્રકાર કહે છે કે 'જીવ ! તું એવું કર કે જે તને સુખકારી-કલ્યાણકારી બને.' અર્થાત્

**જીવનું કર્તવ્ય આ, કે દિલમાંથી તમામ તામસભાવને કાઢી નાખી ઉજ્જવળ શુભ અધ્યવસાય રાખ; અને એવા ઉજ્જવળ ભાવને જ પોષે એવી મન-વચન-કાયાની પ્રવૃત્તિ રાખી તામસભાવ પોષક પ્રવૃત્તિ બંધ કર.**

ઉજ્જવળ શુભ અધ્યવસાયની પોષક પ્રવૃત્તિ યાને એવા વિચાર-વાણી-વર્તાવ રાખ, અને તામસભાવને પોષનારા વિચાર-વાણી-વર્તાવ છોડી દે.

**આ ઉજ્જવળ ભાવ અને તામસભાવ કયા એ સમજો છો ?**

જુઓ, આપણા દિલમાં દયાનો ભાવ આવે, ક્ષમાનો ભાવ આવે, નમ્રતા-લઘુતા-મૃદુતાનો ભાવ આવે, પરમાત્મભક્તિનો ભાવ, વૈરાગ્યભાવ, મૈત્રીભાવ, અહિંસા-સત્ય-નીતિ-સદાચાર-બ્રહ્મચર્ય વગેરેના ભાવ, તેમજ એ પાપની વિરતિના ભાવ, ઉદારતા-ઉમદાપણું-સહિષ્ણુતા-નિસ્પૃહતા-ગંભીરતા વગેરે વગેરેના ભાવ દિલમાં રમે એ ઉજ્જવળ ભાવ સાત્ત્વિક ભાવ છે. એમાં ચિત્તના અધ્યવસાય શુભ રહે છે.

એથી ઊલટું, કામ-ક્રોધ-લોભના ભાવ, અભિમાનનો ભાવ, વૈર-વિરોધ નિષ્ઠુરતા, ક્ષુદ્રતા-સ્વાર્થાંધતા, બીજાના દુઃખમાં રાજીપણું, હિંસા-જૂઠ-ચોરીના ભાવ, દુરાચારના ભાવ, આહાર-વિષય-પરિગ્રહની આસક્તિના ભાવ,...વગેરે વગેરે ભાવ એ તામસભાવો છે.

હિસાબ સીધો છે. હલકા પશુ-કીડા-કીડી આદિમાં કે અનાર્ય મ્લેચ્છ વગેરેમાં દેખાતા ભાવ એ તામસ ભાવ છે એને બિચારાને આત્માનું કશું ભાન નહિ, પુણ્યનું કશું ભાન નહિ, એકલી આંધળી વિષયાસક્તિ, એકલી દુન્યવી સુખની લગન, જાતના જ દેહની દૃષ્ટિ, પોતાના દેહનાં જ સુખ અને જાતનું અહંત્વ-વર્ચસ્વ એનો જ ખ્યાલ, બીજા જીવની એને મન કશી કિંમત નહિ; એ જીવો તો જાણે પોતાનો ખોરાક ને પોતાના સુખનું સાધન હોવાનો જ ખ્યાલ. આ બધા તામસભાવ છે, હલકટ ક્ષુદ્ર અંધકારમય અજ્ઞાનતાભર્યા ભાવ છે.

**વાઘવરુના ભાવ જેવા તામસ માણસના ભાવ છે.**

જંગલના વાઘવરુના દિલના ભાવ દેખો કેવા હોય છે. એને મન હરણિયાં-સસલા-સારંગ એટલે પોતાના જેવા જીવ છે એવી કોઈ ગણતરી જ નહિ. જેમ



ફળધાન્ય એમ એ હરણિયાં વગેરે એને મન ખાવાની વસ્તુ. આ ધોરણ-આ ગણતરી એ તામસભાવ છે. ત્યારે વિચારો કે માણસ પણ પોતાના સ્વાર્થમાં, પોતાના વિષયસુખની લંપટતામાં બીજા જીવનો કશો હિસાબ ન ગણે, એને ફાવે તેમ કચડે-કૂટે-દબડાવે, એમાં દિલના કેવા ભાવ ? તામસ જ ભાવ ને ?

અહીં આટલા મનુષ્યભવના ઊંચા થાળે આવ્યા પછી પણ જો આવા તામસભાવ જ કરવાના હોય, તો આ ભવની ઉચ્ચતા ક્યાં રહી ? ખોળિયું માનવનું, પણ દિલ પશુનું કે બીજું કાંઈ ?

**આ ઉચ્ચ માનવભવ તો દિલમાં ભગવાન વસાવવાનો ભવ છે.**

ભગવાનને વસાવીને ભગવાને કહેલા દયા-સહાનુભૂતિ-સહિષ્ણુતા ત્યાગ-સંયમ વગેરેના ઉમદા ભાવ કેળવવાનો આ ભવ છે. ત્યાં પશુસુલભ તામસભાવ જ રાખ્યા કરવાના ?

વિચાર કરજો, જિંદગી તો જોતજોતામાં ખૂટી જવાની છે, પણ કેટલાય ભવોનાં દારુણ કષ્ટ વેઠ્યાં પછી ઊર્ધ્વીકરણ થતાં થતાં હાથમાં આવેલા આ મનુષ્યભવમાં છતી વિશિષ્ટ બુદ્ધિશક્તિએ તામસભાવોમાં રમવાનું થશે, દિલમાં તામસભાવો જ રાખ્યા કરવાનું થશે, તો ઊર્ધ્વીકરણમાંથી હવે અધઃપતનનો રાહ શરૂ થઈ જશે. જીવનનો અંત તો આમ આવીને ઊભો રહેશે, અને પછી પરલોક જતાં અહીં જીવનભર કેળવેલા-સેવેલા તામસભાવોના કુસંસ્કારનો મોટો વારસો લઈને જવાનું થશે.

જીવ મૂર્ખ છે કે એને વિચાર નથી કે જે કાયા-માયાની ખાતર, માયા એટલે ધન-પરિવાર વગેરે ઠગારી મોહજાળની ખાતર આ તામસ ભાવો કરાય છે, એ તો નાશવંત છે, એ કાયા-માયા એક દિ ઊડી જવાના, પરંતુ એ તામસ ભાવોના ઘેરા સંસ્કારના ઢગના ઢગ આત્મામાં જડબેસલાક ચોંટી ગયેલા પરલોકમાં સાથે લાગવાના. ત્યારે શું નાશવંત ખાતર આપણા અવિનાશી આત્મામાં આ કચરા ઘાલવા માટે આ મનુષ્યભવ ?

પેલા વિનયરત્નને આ કશો વિચાર નહોતો એને તો એક જ ધૂન હતી કે 'રાજા ઉદાયીનું અવસર મેળવીને ખૂન કરવું. અવસર મળે કેવી રીતે ? સાધુ થઈ કાલિક સૂરિજી મહારાજને ગુરુ બનાવી, બાહ્યથી સેવા-ભક્તિ-વિનય ઉત્કૃષ્ટ કોટિનાં સાચવીને એમના વિશ્વાસપાત્ર થઈ જવું, એમને પોતાની પ્રત્યે ખૂબ પ્રસન્ન રાખવા; એટલે કોઈક દિવસ એ પોતે રાજા પાસે જતાં પોતાને પણ સાથે લઈ જાય. ત્યાં રાત્રિના એકાંત હોય એટલે ધાર્યું કામ કરી લેવું, રાજાનું ખૂન કરીને ભાગી જવું.'

વિનયરત્નની આ બૂરી નેમ હતી, પણ એના બાહ્ય વિનય-સેવા-સરભરાની

ભરપૂર પ્રવૃત્તિમાં અંજાઈ ગયેલા આચાર્ય મહારાજ સુદ્ધાંને એના દિલમાં છૂપાયેલા એ તામસભાવની ક્યાંથી ખબર પડે ? પાછો એ ઉસ્તાદ અવરનવર ઉદ્ગાર પણ એવા કાઢે છે કે 'હું તો સાહેબજી ! કર્મથી કચરાયેલો અને ભવમાં દીન-અનાથ જેવો ભટકતો જીવ છું, એમાંથી છૂટીશ તો આપની સેવા-ભક્તિથી જ છૂટી શકીશ; બાકી છૂટવાનું મારું શું ગજું ?' આવા બોલ બોલે ત્યાં દિલના મેલા તામસભાવની કલ્પના જ ક્યાંથી આવે ?

**આચાર્ય મહારાજ વિનયરત્નને મહેલે સાથે લે છે :-**

બસ, આચાર્ય મહારાજની વિનયરત્નની પ્રત્યે પ્રસન્નતા વધતી ચાલી, વિશ્વાસ વધતો ચાલ્યો, તે બાર વર્ષે જ્યારે એમને પાટલીપુત્રમાં પધારી રહેવાનું બન્યું છે, અને ધર્મનિષ્ઠ ઉદાયી રાજાના મહેલે પર્વતિથિએ એને રાત્રિપોષધમાં ધર્મકથાનો લાભ આપવા જવાનું થાય છે, ત્યારે એક પર્વદિવસે એમણે વિનયરત્નને કહ્યું કે 'તું આજે મારી સાથે ચાલજે.' આને તો આચાર્ય મહારાજની કોઈ પણ આજ્ઞા પર 'હાજી જેવી આપની આજ્ઞા,' એમજ કહેવાનું રાખેલું, પછી આવી મનગમતી આજ્ઞાના સ્વીકારમાં પૂછવાનું જ શું ? ચાલ્યો એ સાથે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૧૪,તા.૧૫-૧૨-૧૯૭૩

બિલાડીને ઉંદર દેખાય અને જેમ કૂદે, એના હૈયે થનથનાટ થાય, એમ વિનયરત્ન આજે બાર બાર વરસની તપસ્યા પછી ધાર્યો શિકાર હાથ પર આવતો દેખાય છે, એટલે હૈયે પારાવાર આનંદનો થનગનાટ છે; પણ ઉઠાવગીર એવો છે કે મોં પર એ આનંદની એક રેખા નથી આવવા દેતો, વાણીમાં પોતાના કાર્યની અનુકૂળતા થાય છે એવો ભાસ કરાવે એવો એક શબ્દ પણ નથી લાવતો.

**રાગ એ તામસભાવ શી રીતે ? :-**

કહો, આ બધી જે એની શાંતતા દેખાય, અને એના કલેજે ઠંડક હોય, શાંતિ હોય કે હવે નિશ્ચિત્ત કામ થઈ જવાનું છે, ત્યાં એ શાંતતા ઉજ્જવલ શાંતભાવ સાત્ત્વિકભાવ કહેવાય કે નહિ ? ના જ કહો ને ? કારણ ? માયાના ભાવની શાંતિ એ ઊજળો નહિ પણ કાળોમેશ ભાવ છે, તામસભાવ છે. એમ, રાજાનું ખૂન કરી નાખવાનો ભાવ તથા એ કામમાં કશું વિઘ્ન નહિ આવે કે હવે વિલંબ નહિ થાય એની કલેજે ઠંડક એ પણ કાળોમેશ ભાવ છે, તામસભાવ છે. આ પરથી સમજી શકાશે કે રાગના ભાવમાં નિરાંત શાંતિ દેખાતી હોય, છતાં એ ઉકળાટ છે, તામસભાવ છે.



**કષાયના કે હિંસાદિ દુષ્કૃત્યના યા મનમાન્યા વિષયના હરખના ભાવ એ નર્યા તામસભાવ છે.**

માટે જ માણસને ઠીક પૈસા મળ્યા હોય, પત્ની મળી હોય, પરિવાર-સુખવિલાસ મળ્યા હોય, અને એના પર એને ભારે રાગ હોય, આનંદ હોય, તો એમાં જીવન શાંત દેખાતું હોય, છતાં એ રાગ-આનંદના ભાવ એ તામસભાવ છે, એ સમજી શકાશે. પાપના ભાવની જેમ પાપના આનંદ-અનુમોદનના ભાવ પણ તામસભાવ છે. એ પરથી એકેક દિવસનાં જીવનનું માપ કાઢજો કે એમાં કષાયો ને વિષયનાં પાપ અને એના આનંદના ભાવ હૈયે કેટલા જામ્યા રહે છે ? કેટલી મિનિટો જામ્યા રહે છે ? કહો દિવસ આખો લગભગ તામસભાવમાં જ ને ? જિનમંદિરમાં ગયા પછી પણ એવા કોઈ તામસભાવ ન આવતા હોય તો સારું; નહિતર ત્યાં પણ એનો કાંઈ આંચકો નહિ ને ?

મંદિરમાં પેઠા પછી આ તકેદારી ખરી કે કમમાં કમ અહીં કોઈ અભિમાન, ક્રોધ, યા શ્રીમંતાઈ મળ્યાની હૂંફ, કે દર્શન-પૂજનથી દુન્યવી સુખ-સમૃદ્ધિ પામવાની લાલસાના તામસભાવ ન આવી જાય ? એવી બીજી ઉપાશ્રય અંદરની ધર્મસાધના વખતે આ તકેદારી ખરી ? 'ક્યાં આવ્યો છું ? શું કરવા આવ્યો છું ? ક્યાં બેઠો છું ? શું કરવા બેઠો છું ?' આવી કોઈ શુદ્ધબુદ્ધ ખરી ? **તામસભાવ સેવવા માટે સંસાર આખો પડ્યો છે, પણ ધર્મસ્થાનમાં ય એ જ ?** આ જીવનનું શું મહત્ત્વ એ નથી પિછાણ્યું અને તામસભાવના દારુણ પરિણામનો વિચાર નથી, ભય નથી, એટલે જ આ ડિંડવાણું ચાલે છે કે ધર્મસ્થાન અને ધર્મસાધનામાં પણ તામસભાવ સેવવામાં આંચકો નથી ! પછી સાંસારિક જીવન જીવતી વખતે તો એમાં સંકોચ શાનો જ રહે ?

**તામસભાવની સૂઝ ન પડે એ વળી મોટો તામસભાવ છે.**

મોટો તામસભાવ મહામિથ્યાત્વનો. એ હોય ત્યાં રાગ-દ્વેષ-મદ વિષયોના આનંદ વગેરે તામસભાવ છે એવું સમજવા જ ન દે. દા.ત. 'પૈસા અમે કુનેહથી કમાયા, હવે એને શાંતિથી રાખીએ-ભોગવીએ એમાં તામસભાવ શાનો ?' આવું મનાવે એ મિથ્યાત્વનો નકરો તામસભાવ છે. પૈસા કમાવામાં કુનેહ એટલે પોલિસી અર્થાત્ માયા પ્રપંચ તેમજ ધનની તીવ્ર લાલસા, તથા શાંતિથી સાચવવામાં ભગવાન કરતાં ધન પર ધીખતું મમત્વ, અને ભોગવવામાં વિષયોના ચકચૂર આનંદ, એ બધું જ તામસભાવના ઘરનું છે. છતાં એને એ રીતનું માનવું નથી એ ગાઢ મિથ્યાત્વનો તામસભાવ છે.

વિનયરત્નને 'હું તામસભાવ કરું છું' એવો કોઈ વિચાર જ નથી, સૂઝ જ

નથી. 'આચાર્ય મહારાજ સાથે લઈ જ જાય છે, પછી કોઈ ઉમળકા કે અશાંતિનો શબ્દ બોલવાની જરૂર શી ?' એમ સમજીને શાંતિથી મૂંગે મોંઢે સાથે ચાલે છે. કદાચ ઉદાસીનભાવનો દેખાવ પણ રાખ્યો હોય કે જેથી દેખાવ થાય કે આ આવવામાં મને હોંશ નથી. આમ આમાં ગમે તેટલી શાંતતા દેખાય, પણ એ નકરો તામસભાવ છે.

**વિનયરત્ન દ્વારા ઉદાયી રાજાનું ખૂન :-**

આચાર્ય મહારાજ સાથે વિનયરત્ન પહોંચ્યો રાજમહેલે. ત્યાં ઉદાયી રાજા પોષધમાં રાતના પહેલો પહોર પૂરો થવા સુધી આચાર્ય મહારાજ પાસેથી ધર્મવિચારણા લે છે. પછી બધા સૂઈ જાય છે. એમાં વિનયરત્ન તો જાગતો જ પડ્યો છે, ને જ્યાં એ જુએ છે કે હવે રાજા અને આચાર્ય મહારાજના ઘસઘસાટ નિદ્રાના નસકોરાં બોલે છે, એટલે ધીરેથી એ ઊઠ્યો, પોતાના રજોહરણમાં છૂપાવી રાખેલી તિક્ષ્ણ છરી કાઢી, અને રાજાની પાસે જઈ એ છરીને પલકમાં રાજાના ગળા ઉપર ફેરવી દીધી. પછી સીધો ત્યાંથી નીકળી ગયો. સાધુના વેશમાં છે એટલે પહેરગીરને પૂછવાનું કાંઈ રહેતું નથી. કદાચ પૂછે તો શૌચ જવાનું બહાનું મોટું.

હૈયાના કેટલા ક્રૂર તામસભાવ કે ધર્માત્મા રાજા પર લેશ પણ સ્નેહની લાગણી નહિ, તે આવું કરપીણ કૃત્ય કરી નાખ્યું ! આચાર્ય મહારાજ સાથે બાર વરસ માયા રમ્યો અને અંતે ઘોર વિશ્વાસઘાત કર્યો એ પણ કેટલો જાલિમ તામસભાવ ?

**આચાર્ય મહારાજ ચોંકે છે :-**

ત્યારે હવે જુઓ કે આચાર્ય મહારાજનો કેટલો ઊંચો ઉજ્જવલ સાત્ત્વિક ભાવ ઝળહળે છે ! પેલો તો રાજાનું ગળું કાપી નાખી તરતજ ભાગી ગયો, અને તીવ્ર ધારદાર છરી સીફતથી અને ત્વરાથી એવી ફેરવેલી કે સ્વરનાડી કપાતાં એક સેકન્ડ પણ નહિ લાગેલી એટલે રાજાને ચીસ પાડવાની જગા જ નહિ રહેલી, પરંતુ હવે કપાયેલા ધડ-ડોકામાંથી ધડધડ લોહી વહી ચાલેલું; તેનો રેલો આચાર્ય મહારાજના સંથારા પાસે પહોંચ્યો. એમના હાથ ભીના થતાં જ એ જાગ્યા અને જુએ છે તો રાજાનું ગળું કપાઈ ગયું છે, ને વિનયરત્ન ત્યાં છે નહિ. આવા ધર્મી રાજાનું ખૂન થયું જોઈ ચોંકી ઊઠ્યા. પણ હવે શું કરે ? બૂમરાડ કરે ? નીચે કે બહાર તપાસ કરવા જાય ? ના, એમાં તો હો હા થાય અને બીજાઓને એમ લાગે કે 'આચાર્યે પાસે રહીને પ્રપંચથી ચેલા પાસે ખૂન કરાવ્યું અને હવે ઢોંગથી હો-હા કરે છે !' ત્યારે હવે બૂમરાડ ન કરતાં એમજ સવાર સુધી ઊંઘતા રહેવાનો દેખાવ કરે ને સિપાઈ આવી જગાડે, એમાં પણ એ જ પ્રપંચ દેખાય. ત્યારે ભાગી જાય તો પણ એ જ આપત્તિ છે. તો કરવું શું ?



**આચાર્યશ્રીની ચિંતા :-**

આચાર્ય મહારાજે તરત માપી લીધું કે રાજાનો આ કોઈ વૈરી અથવા વૈરીનો સાધેલો માણસ સાધુપણામાં કપટથી આવી ગયો, મને બનાવી ગયો અને આ કરપીણ કૃત્ય કરી ગયો, પરંતુ હવે જો હું અહીં જીવતો દેખાઉં તો રાજકુળમાં એમજ લાગે કે મેં જ આ ખૂન કરાવ્યું; અને એમાં મારું તો ગમે તે થાઓ, પણ જૈન ધર્મ નિંદાય ! અને જૈન સાધુ પરથી વિશ્વાસ ઊઠી જાય ! તો સાધુને રાજ્યમાં પેસવા જ ન દે. તેમજ લોકો જૈનધર્મ-જૈનસાધુ પ્રત્યે ઘૃણાવાળા થાય. એથી અહીં તો શું પણ ભવાન્તરે ય એ બિચારા લોક જૈનધર્મ પામવાની લાયકાતવાળા ન રહે એવા દુર્લભબોધિ થાય ! માટે સીધો રસ્તો આ કે મારે હવે જીવતા જ ન રહેવું, અને તે પણ આ છરીથી મારે મારું જ ગળું કાપી નાખવું !

**આચાર્ય મહારાજ સ્વહત્યા કરે છે :-**

બસ, આચાર્ય મહારાજે તરત છરી લઈ પોતાના ગળા પર આરપાર ફેરવી દીધી અને છરી દૂર ફેંકી દીધી. સવારે બધા ભેગા થયા, જુએ છે કે રાજા અને આચાર્ય મહારાજ બંનેના ગળા કપાઈ જઈ બંને મરેલા પડ્યા છે. માન્યું કે 'કોઈ ઠગારો આવીને આ બંનેના ગળા કાપી ચાલતો થઈ ગયો.' જૈનધર્મ અને જૈનગુરુની આબરૂ જતી અટકી ગઈ.

**આચાર્યશ્રીના કેટલા સાત્ત્વિક ભાવ ?**

આમાં આચાર્ય મહારાજના ઉજ્જવળ સાત્ત્વિકભાવ જોવા જેવા છે. (૧) પહેલી તો ખોટી વિહ્વળતા ન કરી એ સાત્ત્વિક ભાવ. પછી (૨) યોગ્ય રીતિની વિવેકભરી વિચારણા કરી, એ હૈયાનો ઉજ્જવળ ભાવ. (૩) જૈનધર્મ અને જૈનસાધુની આબરૂ ન ઘવાય, એને કલંક ન લાગે, એમ એની નિષ્કલંકતા જાળવવાના ભાવ એ ઉજ્જવળ સાત્ત્વિક ભાવ. (૪) એ નિષ્કલંકતા જાળવવા માટે પ્રાણની આહુતિ આપી દેવાનો નિર્ણય તથા (૫) એ માટેના સચોટ પ્રયત્ન કર્યાનો ભાવ, એ મહા ઉજ્જવળ સાત્ત્વિકભાવ.

આમાં ક્યાંય તામસભાવનું નામ નથી. આ જગ્યાએ જો ખોટી વિહ્વળતા કરી હોત, એમ વિચાર્યું હોત કે આપણે ક્યાં કાંઈ ખોટું કર્યું છે ? જૈનધર્મ-જૈનસાધુની નિંદા થાય તો એ પેલાને માથે ભાર. આપણે હો-હા બૂમરાડ કરી આપણા પ્રાણ બચાવી લો,' તો એ દેખીતો સીધી લાઈનનો હિસાબ ગણાત, પરંતુ અવિવેકના ઘરનો અને જાતને બચાવી લેવાના હિસાબનો તેમજ જાતે જૈનધર્મ-જૈનસાધુની નિંદા ઉવેખવાના હિસાબનો તામસભાવ થાત.

આટલું ધ્યાન રાખો કે, જૈનધર્મની-જૈનસાધુની નિંદા થાય એવું કામ કોઈ કરે છે,

પરંતુ ત્યાં જો આપણે એને અટકાવી શકવાની કે નિંદાને અટકાવી શકવાની સ્થિતિમાં છીએ, ને જો એનો પ્રયત્ન ન કરતાં ઉપેક્ષા કરીએ તો એ આપણો તામસભાવ છે.

**છતી શક્તિએ જૈનધર્મ-જૈનસાધુની નિંદા અટકાવવાની ઉપેક્ષા એ તામસ-ભાવ છે.**

જગતના જીવો બિચારા કર્મપીડિત છે. એમની તો દયા ખાવા જેવી છે કે 'બિચારા એ મિથ્યાત્વકર્મથી પીડાતા કેમ બચે જેથી ભવમાં ભટકતા ન રહે !' ભવમાં ભટકાવનાર મૂળ કારણ મિથ્યાત્વ છે. એ કેમ ટળે, ટળવા માટે કેમ એ જૈનધર્મ વીતરાગ-સર્વજ્ઞ ભગવાનનો ધર્મ પામે ! એવી ભાવના રાખવાની હોય. એના બદલે એ જીવો ધર્મની નિંદા કરી તીવ્ર મિથ્યાત્વ ઉપાર્જે એવું કેમ કરાય ? અથવા 'ભલે એ ધર્મની નિંદા કરે, મારે શું ?' એવી ઉપેક્ષા કેમ કરાય ? હા, એ ટાળવાની આપણી તાકાત ન હોય, તો દિલમાં એનું ભારે દુઃખ રખાય, પણ ઉપેક્ષાભાવ કેમ જ રખાય કે મારે શું ?

**મયણાની ઉપેક્ષા કેમ ન ગણાય ? :-**

**પ્ર.**- મયણાસુંદરી બાપની સામે બોલી, કોઢિયાને પરણવું પડ્યું, લોકે જૈનધર્મની નિંદા કરી, તો એમાં મયણાએ ઉપેક્ષા કરી ન ગણાય ? બાપને અનુકૂળ રહી હોત તો આ ન થાત ને ?

ઉ.- આ ઉપરછલ્લો વિચાર છે. જગતમાં ધર્મની રક્ષા ને ધર્મના સિદ્ધાંતની રક્ષા એ મોટી ચીજ છે. જેટલી એ રક્ષા રહે એટલું જગતનું કલ્યાણ છે. મયણાએ એ રક્ષા કરી છે તે કાંઈ બાપને ઉતારી પાડવાના તામસભાવવાળી નહોતી, પરંતુ **'દુનિયાનું સારું નરસું પ્રાપ્ત થવું એમાં કર્મ કરે તે થાય, બીજાં તો નિમિત્ત માત્ર;'** આવો ધર્મસિદ્ધાન્ત બાપ-રાજાએ ઉડાવવો હતો, એને સ્થાપવું હતું કે 'હું કરું તે થાય.' હવે આવા બાપને અનુકૂળ થવું એનો અર્થ એ કે ધર્મના એ સિદ્ધાન્તલોપમાં મત્તુ મારવું. મયણાને આ પાલવતું નહોતું; કેમકે એ સમજતી હતી કે,

**ધર્મભંગ-ધર્મસિદ્ધાન્તભંગમાં મત્તુ મારવું એ મોટો તામસભાવ છે.**

**જગતના જીવોનું કલ્યાણ ધર્મરક્ષાથી છે, ધર્મના સિદ્ધાન્તોની રક્ષાથી છે.**

એવી રક્ષાને બદલે એનો ભંગ કેમ કરાય ? ભંગમાં મત્તુ કેમ મરાય ? મત્તુ મારવામાં જગતના જીવોના અકલ્યાણમાં મત્તુ મારવાનું થાય, તેમજ પોતાના આત્માને ધર્મરક્ષા-ધર્મસિદ્ધાન્તરક્ષા માટે જે આ ઉચ્ચ ભવ મળ્યો છે, એમાં જ સિદ્ધાન્તભંગ કરવાનું મહાપાતક થાય. તેથી ભવોના ભવો સુધી ધર્મ પામવાની લાયકાત ગુમાવવાનું થાય.

મયણાને આ સમજ હતી, તેથી ભારે કષ્ટ આવે તો ય એવી વધાવી લઈને



પણ ધર્મસિદ્ધાન્તની રક્ષા કરવાનું ઉચ્ચ કર્તવ્ય બજાવવાનું એણે કર્યું. બાપને જાતનું અભિમાન હતું, એ વખતે એણે શુદ્ધબુદ્ધ ગુમાવી દીધી હતી. તેથી એને ધર્મસિદ્ધાન્તની પડી નહોતી, સિદ્ધાન્તનું ખૂન કરવું હતું. એમાં ધર્માત્મા મયણા શી રીતે મત્તુ મારી શકે ?

એણે બાપની સિદ્ધાન્તભંગની વાતમાં વિરોધ કર્યો તેથી બાપે એને એની સિદ્ધાન્તરક્ષાની પકડમાં એના સિદ્ધાન્ત અનુસાર કોઢિયાને વરવાનું કહ્યું, તો એણે એ સ્વીકારી લીધું. સિદ્ધાન્તરક્ષા માટે આ કેટલો મોટો આત્મભોગ ! એ સહી લેવામાં એનો મહાન સાત્ત્વિક નિર્મળભાવ હતો. હવે લોક નિંદા કરે છે તો શાની નિંદા કરે છે ? આ સિદ્ધાન્તરક્ષાની પકડની ને ?

**તો શું એમાં ધર્મની નિંદા છે કે અધર્મની ?**

વિવેકથી વિચારશો તો જ તત્ત્વ હાથમાં આવશે. લોક કહે છે, 'બાપની સામે નહિ બોલવું,' અર્થાત્ 'બાપ ધર્મસિદ્ધાન્તનું ખૂન કરે તો ય એમાં મત્તુ મારવું' આમ કહેનાર લોકે શું કર્યું ? ધર્મનો પક્ષ કર્યો ? કે અધર્મનો પક્ષ ? સિદ્ધાન્તરક્ષક મયણાની નિંદા કરે તો એ ધર્મની નિંદા કરી ? કે અધર્મની નિંદા ? લોકોએ જૈનધર્મની નિંદા કરી. તો એ કેવા જૈનધર્મની ? લોક જૈનધર્મ શું સમજ્યા ? ધર્મની રક્ષા-ધર્મસિદ્ધાન્તની રક્ષા શીખવે એ જૈનધર્મ ? કે ધર્મનો ભંગ-ધર્મસિદ્ધાન્તનો ભંગ શીખવે એ જૈનધર્મ ?

'જૈનધર્મ શું ?' એ જ સમજવામાં વિવેક ન હોય, એવા અજ્ઞાન જીવોના ધોરણ પર જૈનધર્મની વ્યાખ્યા કેમ મંડાય ? ધર્માત્માઓએ કષ્ટ આવ્યે અજ્ઞાન લોકના ધોરણ પર ધર્મની વ્યાખ્યા સ્વીકારી હોત તો, આજ સુધી આપણને અખંડ જૈનધર્મ ચાલી આવતો મળ્યો, એ મળ્યો જ ન હોત.

**ધર્મની વ્યાખ્યા તો અનંતજ્ઞાનીનાં વચને જ મંડાય, અજ્ઞાની લોકનાં વચન પર નહિ.**

આમ છતાં મયણાના હૈયે એ દુઃખ હતું કે લોક બિચારું ખોટી નિંદામાં પડે છે. એને ઉપેક્ષા નહોતી કે 'ભલે લોક જૈનધર્મની નિંદા કરે.' છતાં એ લોકનિંદા સાંભળી બાપની માફી માગવા પાછી ન કરી, એનું કારણ કે એમાં એણે ધર્મનું સરાસર ખૂન દેખ્યું. ધર્મ એનાં સત્ય સિદ્ધાન્ત પર ટકે છે સિદ્ધાન્તનું ખૂન એ ધર્મનું ખૂન છે, ને એમાં વિશ્વનું અકલ્યાણ છે. મયણા આ સમજતી હતી તેથી જાતનાં અને વિશ્વનાં કલ્યાણની બુદ્ધિએ એ પાછી ન ફરી.

**મયણાને ધર્મનિંદા જ ખટકતી હતી :-**

બાકી મયણાને ધર્મની નિંદા તરફ ઉપેક્ષાભાવ-બેપરવાઈ નહોતી, તેથી જ

મોકો મળતાં ગુરુ આગળ એ જ માગ્યું કે 'લોકો જૈનધર્મની નિંદા ન કરે એવું કાંઈક મંત્ર-યંત્રરૂપ હોય તો તે બતાવો.'

જોવાની ખૂબી છે કે એણે એ કશું ન માગ્યું કે 'આ પતિ કોઢિયો છે, મામૂલી માણસ છે, તો એ નિરોગી અને મોટો રાજા કે મહાશ્રીમંત બને એવો કોઈ મંતરજંતર ચમત્કાર બતાવો.' ના, આ એને કશી અપેક્ષા નથી. દિલના ખૂણામાં એ તમન્ના નથી, કેમકે એને પતિનું કોઢિયાપણું-નિર્ધનપણું ખટકતું નથી; એને ખટકે છે લોકની ધર્મનિંદા. તો પછી બોલો, આ ધર્મનિંદાનો ખટકો હોય ત્યાં ધર્મનિંદાની ઉપેક્ષા ક્યાં આવી ?

**આચાર્ય મહારાજને ધર્મનિંદા ખટકી :-**

કાલિકસૂરિજી મહારાજે આ જોયું કે જો હું જીવતો રહું તો લોક ધર્મની અને સાધુની નિંદા કરે કે 'આ જૈનધર્મના સાધુએ રાજાનું ખૂન કરાવ્યું,' ત્યારે જો અહીંયાં જ કપાઈ ગયેલો દેખાઉં, તો એમ ભાસ થાય કે 'કોઈક બદમાશે રાજા અને જૈનાચાર્ય બંનેના ખૂન કરી નાખ્યાં. એટલે એમાં જૈનધર્મ અને જૈનસાધુ માથે કલંક ચડતું અટકી જાય. તો પછી એ મહાન આપત્તિ ટાળવા માટે મારા તુચ્છ પ્રાણ પર આપત્તિની શી કિંમત છે ?' એમણે આપઘાતનો નિર્ણય લીધો.

શાસ્ત્રમાં આપઘાતનો નિષેધ છે. કેમકે એમાં અંતરનો આશય કોઈક મોહ-અહંત્વભર્યો હોય છે ને મરતાં અત્યંત પીડાવશ અંતરની પરિણતિ હાયવોય-સંકલેશ-આર્તધ્યાનમય થવા સંભવ છે. એનો આશય-પરિણતિ એ તામસભાવ. ત્યારે અહીં આચાર્ય મહારાજના આપઘાતમાં એ સંભવ નથી; કેમકે અંતરનો આશય તો જૈનધર્મ અને જૈનસાધુની નિંદા અટકાવવાનો અને એ રીતે જગતના બાળ જીવોને નિંદાના ઘોર પાપથી બચાવી લેવાની ભાવકરુણાનો ઉત્તમ આશય છેઃ તેમજ એની આગળ પોતાના પ્રાણ અને પોતાની શાતા તુચ્છ ગણ્યા હોવાથી આપઘાતની પીડામાં કશી હાયવોય-આર્તધ્યાન-સંક્લેશનો સંભવ નથી. બલ્કે પ્રાણના ભોગે આ ધર્મરક્ષાનું મહાન સુકૃત થવાનો આનંદ જ હોય. આમ એમના આશય અને પરિણતિ બંને તામસ નહિ, પણ ઉજ્જવળ સાત્ત્વિક ભાવ છે.

જીવનમાં આ સાત્ત્વિકભાવ જ કમાવાનો છે; એવા અણીના અવસરે દિલને ક્ષમા-ઉદારતા-સહિષ્ણુતા-ધર્મરાગ-શાસનરાગ-દેવગુરુરાગ વગેરે સાત્ત્વિક ભાવથી ઊજળું સુશોભિત રાખીએ.

**એવા કટોકટીના સમયે એવા સાત્ત્વિક ભાવ સુલભ થાય, એ માટે રોજિંદા જીવનમાં શક્ય એટલા તામસભાવથી બચી સાત્ત્વિકભાવનો અભ્યાસ ચાલુ જોઈએ.**

રોજિંદા જીવનમાં વાતવાતમાં તામસભાવ રાખે, ને તામસભાવને અટકાવવાનો



કશો પ્રયત્ન ન કરે, તો એવા પ્રયત્નના અભ્યાસ વિના તેવા વિશિષ્ટ પ્રસંગે કટોકટીના પ્રસંગે કે અંતસમયે તામસભાવને અટકાવવાનું ઘણું મુશ્કેલ છે. કોઈકને માત્ર અંતકાળે તાસસભાવ ન આવતાં સાત્ત્વિક ભાવ આવ્યો, એનું ઓઠું લેતા નહિ; કેમકે એ તો લોટરીનું ઈનામ લાગ્યા જેવું છે. લોટરીનું ઈનામ કેટલા માણસોમાં કેટલાને લાગે ને એ શ્રીમંત બને ? મોટા ભાગે શ્રીમંતાઈ તો વેપાર-ધંધાથી આવે, લોટરીથી નહિ, એ દુનિયામાં દેખાય છે. એવું અહીં છે. અંતે મોટા ભાગે સાત્ત્વિક-નિર્મળ ભાવ તો જીવનભર એવા ભાવના અમલ રાખ્યા હોય એને આવે.

**પહેલો સાત્ત્વિક ભાવ અરિહંત-શરણ.**

**ત્યારે રોજિંદા જીવનમાં તામસભાવ અટકાવવા માટે પહેલો સાત્ત્વિક ભાવ અરિહંત-શરણનો રાખવા જેવો છે.** અર્થાત્ દિલમાં વારંવાર ભાવ લાવવાનો કે

'મારે અરિહંત પરમાત્માનું શરણ છે. આ કર્મથી વિડંબાતા જગતના જીવોને વીતરાગ-સર્વજ્ઞ-જગતદયાળુ-અરિહંત ભગવાન સિવાય કોણ રક્ષણ આપી શકે છે ? જે આ અરિહંત પ્રભુએ (૧) ઠેઠ સૂક્ષ્મમાં સૂક્ષ્મ એકેન્દ્રિય અનંતકાય નિગોદના જીવોની દયા ચિંતવી છે, ને (૨) એ જીવોની ય ઓળખ કરાવી એની દયાનો ય ઉપદેશ કર્યો છે, તેમજ (૩) દયાનો સચોટ સંયમમાર્ગ બતાવ્યો છે, એવું બીજા કોણે કર્યું ? ત્યારે એટલી હદ સુધીની કરુણા કરનાર ભગવાન સિવાય બીજા કોણ શરણ લેવા લાયક છે ? સર્વ જીવોને તારનારો માર્ગ પમાડવાની ભાવના પ્રભુ ! તેં કરી; સર્વનું રક્ષણ કરવાનું તેં શિખવાડ્યું, મને આવો ખરેખરો જગતદયાળુ તું મળ્યો એ મારું મહા અહોભાગ્ય છે ! મારો ઉદ્ધારનારો ને એમ મારી પણ દયા કરનારો તું જ છે.

'આ વિરાટ વિશ્વમાં કર્મથી પીડાતા મને તું જ અને તારો માર્ગ જ આશ્વાસનરૂપ છે, અને પીડાને મિટાવનાર છે. કેમકે તેં એવો કર્મસિદ્ધાન્ત આપ્યો છે કે જે બરાબર જચી જાય એને પીડા જ ન લાગે. તેથી પ્રભુ ! તું હૃદયમાં છતે કર્મના માર નહિવત્ લાગે છે. તારો માર્ગ હૃદયમાં ઉતાર્યે કર્મનો કોઈ ભય રહેતો નથી. જગતની કોઈ ચીજ કર્મપીડા ટાળી શકતી નથી. જગતનું સાંસારિક જીવન કર્મના ભાર ને ભય ટાળવાને બદલે કર્મભાર-કર્મભય વધારી મૂકે છે. તું પ્રભુ ! એ ટાળે છે. તો હું ક્યાં ફાંફાં મારું ? મારે તો તું જ હવે તારણહાર, તું જ રક્ષણહાર, તું જ શરણ છે.'

**અરિહંતનું શરણ લેવામાં શું કરવાનું ?**

**(૧) એવી શ્રદ્ધા ઊભી કરવાની કે**

(i) જીવની ગમે તેટલી હોશિયારી અને દુન્યવી ઊંચુ સ્થાન હોય, છતાં ન ધાર્યા કર્મના અકાટ્ય ઉદય એને દુઃખમાં મૂકે જ છે. દુન્યવી સમસ્ત દુઃખ કર્મ પ્રેરિત છે.

(ii) અરિહંતદેવ એ કર્મની ઓળખ કરાવી જીવને એવો નિર્ભય બનાવે છે કે પોતાના અવિનાશી આત્મ-સ્વરૂપની આગળ આ આગંતુક કર્મને તુચ્છ લેખે, કર્મપીડાને નહિવત્ માની સમતાભાવમાં રહી ભાવી કર્મબેડીથી જકડાવાનું અટકાવે.

**(૨) અરિહંતનું જીવન નજર સામે રાખી પ્રેરણા લેવાની.**

અરિહંતદેવે પોતાનું જીવન જીવવાનું એવું કર્યું છે કે એ જીવન નજર સામે રાખ્યાથી ખોટી દુઃખની પોકથી બચાય, અને દુઃખના સર્વનાશનો માર્ગ અખત્યાર કરાય, માર્ગે ચાલવાનું જોમ મળે. માટે અરિહંતનું શરણ રાખવામાં એમના જીવનમાંથી પ્રેરણા લેવાની.

**(૩) દુઃખની સમજ બદલવી :-**

'પ્રભુ ! મારે તમારું જ શરણ' એ ભાવ મનમાં લાવતાં આ ચિંતવવાનું છે કે, 'હે દેવાધિદેવ ! તમે મળ્યાથી મારે બહારનું કોઈ દુઃખ નથી. એ દેખીતાં દુઃખ તો કર્મની એક સહજ પ્રક્રિયા છે, ને તે આવી-ગઈ જેવી છે. એનું શું બહું લેખું ? દુઃખનાં રોદણાં રોવાથી તો એ અકાટ્ય કર્મોદયના હિસાબે દુઃખ કાંઈ ટળતાં તો છે નહિ, પછી રોદણાંનો અર્થ શો ? મારા પ્રભુ કહે છે,

**કર્મનાં દીધાં દુઃખને દુઃખ સમજ જ ના. એને દુઃખ લેખવાથી તો નવાં કર્મ ઊભાં થાય છે. એટલે ખરેખરું દુઃખ તો નવાં કર્મ તને જકડે એ છે.**

ને એ તું ધારે તો અટકાવી શકે છે. અટકાવવાનો આ આ માર્ગ છે. આવું બતાવનાર પ્રભુ ! તું જ મારે ખરેખર દુઃખોદ્ધારક છે.'

**ખરું દુઃખ જગતના સંયોગોનું નથી, પરંતુ અંતરના અજ્ઞાનતાના તેવા તેવા હિસાબ માંડી મૂકવાનું છે.**

મનમાં હિસાબ માંડી મૂક્યો કે મારે મીઠાઈનું જમણ જોઈએ, ને પછી એના બદલે સાદી રોટલી-દાળ-શાકનું ભોજન મળ્યું એટલે દુઃખ લાગે છે. પણ જો હિસાબ એ જ માંડ્યો હોય કે, 'આજે શરીરને મીઠાઈ માફક નથી,' તો એનાં એ જ રોટલીનાં ભોજન પર દુઃખ નથી લાગતું. આમાં રોટલીનાં ભોજનના સંયોગમાં દુઃખકારિતાનો નિયમ ક્યાં રહ્યો ? વસ્તુના સંયોગથી સુખ-દુઃખ ક્યાં રહ્યાં ? સુખ-દુઃખ તો હિસાબ પર રહ્યાં.

મહાત્માઓએ ઘોર ઉપસર્ગના સંયોગમાં પણ કર્મકચરો સાફ થઈ રહ્યાનો હિસાબ માંડ્યો, તો એમને એ સંયોગથી જરાય દુઃખ ન લાગ્યું. આપણે એક કાંટો ભોંકાવામાં ય 'સુંવાળી કાયાને પીડા ?' એ હિસાબ માંડીએ છીએ એટલે દુઃખ લાગે છે. 'ચાલો, આટલી અશાતા ભોગવવાથી એટલાં કર્મ ખપ્યાં' એમ હિસાબ રાખીએ તો દુઃખ ન લાગે. આ બતાવે છે કે દુઃખ વસ્તુનું નહિ, પણ હિસાબ



માંડવાનું છે, બાંધી મૂકેલી દૃષ્ટિનું છે.

**(૪) ભગવાનના હિસાબ અપનાવવાના :-**

બસ, ભગવાન આપણને એવી સુંદર દૃષ્ટિ આપે છે, એવો સુંદર હિસાબ માંડવાનું શીખવે છે કે જેથી જગતના વિપરીત સંયોગો પર દુઃખ ન લાગે. 'પ્રભુ ! મારે તમારું શરણ,' એમ શરણ સ્વીકારવામાં આ વિચારવાનું કે પ્રભુ ! મારે તમારા હિસાબ. તમારી દૃષ્ટિ જ હો; ખરેખર દુઃખથી મુક્ત કરનાર તમારી દૃષ્ટિ જ હો. એ રીતે જ તમે મારા દુઃખોદ્ધારક છો. જગતનું શરણ હું શું લઉં ? એનાથી મારે કશો ભલીવાર નથી. એથી મારે દુઃખ જવાનાં નથી. નહિતર જગતના સંયોગ મળ્યે અનંતા કાળ વહી ગયા, દુઃખ કેમ ઊભાં રહેત ? પ્રભુ ! તું જ મારે શરણ તારાથી જ મારે દુઃખનો અંત થશે.'

અરિહંત પરમાત્માનું શરણ સ્વીકારવામાં આ ચાર મુદ્દાએ એક પ્રકારનો વિચાર છે બીજા પ્રકારનો વિચાર આ રીતે, કે-

**શરણ સ્વીકારમાં બીજી રીતે વિચાર :-**

'પ્રભુ ! આજ સુધી આપમતિએ હું ઘણો અવળો ચાલ્યો, ને તેથી આ વિરાટ વિશ્વમાં ભટકતો રહ્યો, હવે મારે આપની મતિ જ સ્વીકાર્ય છે એ જ મને તારણહાર છે, એનાથી જ મારો ઉદ્ધાર છે. આપના શરણે આવ્યો છું. ભવનાં દુઃખ આપનાથી જ જશે, એમ મારું અંતર કહે છે આપ અને આપનાં વચન એ જ મારું કલ્યાણ કરનારાં માનું છું; એનું જ શરણ સ્વીકારું છું.' **'અરિહંતા મે સરણં'** નો આ ભાવ વિચારવાનો છે.

વાત પણ સાચી છે કે મોટા ઈંદ્રભૂતિ ગૌતમ જેવા મહાન વિદ્વાન બ્રાહ્મણો અને મોટા શાલિભદ્ર જેવા મહાસમૃદ્ધિમાન શેઠ-શાહુકારોએ આપમતિનાં જીવન પડતાં મૂકી અરિહંત ભગવાન મહાવીર પરમાત્માનું શરણ સ્વીકાર્યું, અને પ્રભુનાં વચનાનુસાર જીવન જીવવાનું કર્યું તો જગદ્વંદ્ય બન્યા અને મહાસુખી થયા.

**આત્માનો ઉદ્ધાર આપમતિનું ધોરણ મૂકી અરિહંતનાં શરણે જવામાં છે, અરિહંતનાં વચનનું ધોરણ પકડવામાં છે.**

'મને શું લાગે છે ? મને કેમ ઠીક રહે છે ?' એ નહિ, પણ 'મારા પ્રભુ શું કહે છે, શું ઠીક હોવાનું કહે છે ?' એ મારે જોવાનું. મારી બુદ્ધિ કેટલી ? ને પ્રભુનું જ્ઞાન કેટલું ? આમ આપમતિ અહંત્વ મૂકાય તો જ ઉદ્ધાર થવાનો.

**આપમતિ-અહંકાર-મદ એ જ ભવસાગર તરવા આડે મોટી શિલા છે, એ જ ભવમાં જકડી રાખનાર છે.**

આપમતિ-અહંત્વ એ પાયાનો તામસભાવ છે.

મિથ્યાત્વ, રાગ-દ્વેષ, હિંસા, જૂઠ વગેરે પાપોના તામસભાવો એ પાયાના અહંત્વ-આપમતિના તામસભાવ પર લીલાલહેર કરે છે, ને સંસાર આ તામસભાવો ઉપર નભે છે. અહીં એક પ્રશ્ન થાય,

**પ્ર.**- મિથ્યા દેવને શરણે જનારા આપમતિ-અહંત્વ મૂકી દે છે, તો એમનો સંસારથી ઉદ્ધાર કેમ નહિ ?

**ઉ.**- ત્યાં પણ જુઓ કે એ જો જાણે છે કે, 'જગતમાં વીતરાગ-સર્વજ્ઞ-અરિહંતદેવ છે,' અને છતાં સરાગી અસર્વજ્ઞ દેવને જ તરણતારણ માની શરણે જાય છે, તો એમાં ય ખરેખર તો એની આપમતિ જ કામ કરી રહી છે, કે 'ભલે એવા વીતરાગ-સર્વજ્ઞ દેવ રહ્યા, પણ મને તો આ સરાગી અસર્વજ્ઞ દેવ જ તારણહાર લાગે છે. એમને જ સુખદાતા માનું છું.' આમ માનવું એ આપમતિ નથી તો બીજું શું છે ?

જ્યારે એમ સમજે છે કે, 'રાગ-દ્વેષ સંસારમાં ભટકાવનાર છે,' તો પછી 'રાગી-દ્વેષી દેવ તારનારા કેમ બની શકે ?' એ પણ સમજવું જ જોઈએ ને ? પણ આ નથી સમજવું એ આપમતિ જ છે. આમ મિથ્યાદેવને શરણે જવા છતાં કેવો આપમતિથી જકડાયેલો રહે છે !

ત્યારે જેને જગતમાં આવા વીતરાગ-સર્વજ્ઞ અરિહંત દેવની ખબર જ નથી. એટલે જ જે મિથ્યાદેવ મળ્યા એ તારણહાર એમ માની આપમતિ મૂકીને એમનું શરણ પકડે છે, એ જીવો જો ભદ્રક જીવો છે, દુરાગ્રહ વિનાના છે, તો એ ઉદ્ધાર-ઉન્નતિની સન્મુખ છે. એમને અરિહંતદેવ મળી જતાં આગળ વધવામાં વાર નહિ લાગે. કેમકે આપમતિ મૂકીને દેવનું શરણ પકડવાના સંસ્કાર અહીં પણ આપમતિ મુકાવી. અરિહંતદેવને શરણે લઈ જશે.

**શિવરાજર્ષિને** અરિહંતદેવ મળ્યા નહોતા, મિથ્યા દેવ મળ્યા હતા; પણ આપમતિ મૂકીને દેવનું શરણ પકડી યોગ-તપની સાધના કરતા હતા. એમાં એમને વિભંગજ્ઞાન થયું અને એમાં સાત દ્વીપસાગર પ્રત્યક્ષ દેખ્યા. એથી એમ માની બેઠા કે, વિશ્વ આટલું જ છે.' પરંતુ જ્યાં અરિહંત ભગવાન મહાવીર પ્રભુ મળ્યા, અને પોતાની અજ્ઞાનદશાની ખબર પડી એટલે તરત અરિહંતદેવનું શરણ સ્વીકારી લીધું. મિથ્યાદેવના શરણની પકડતાં છૂટી ગઈ. એની પાછળ મિથ્યાત્વ ટળ્યું, અવિરતિ ટળી, અને પ્રભુ પાસે સર્વવિરતિમય ચારિત્રમાર્ગ અપનાવી લીધો.

મૂળમાં આપમતિ-અહંત્વ છોડવાનાં છે, ને એ માટે અરિહંત પ્રભુનું શરણ પકડવાનું છે. 'પ્રભુ ! તું જ તારણહાર, તું જ મારી ગતિ, તું જ મારી મતિ, હું તો અજ્ઞાન-અબૂઝ છું, મારી તો કુમતિ છે, અવળી મતિ છે. હવે તો મારે તારા



વચનની મતિ એ જ સંમતિ.' આમ અરિહંતદેવનું શરણું પકડી આપમતિ પડતી મૂકવાની છે.

**આપમતિ મૂકી અરિહંતનું શરણ પકડવાનું નાના બાળકને પણ આવડે તો એ આગળ વધી જાય, ને તરી જાય. ત્યારે જો મોટી ઉંમરના વિદ્વાનને પણ એ ન આવડે તો એ પાછા પડી જાય અને ડૂબે.**

માટે જ આપમતિ મૂકી અરિહંતનું શરણું પકડનાર સાધુ જ શું, પણ એક અલ્પજ્ઞ શ્રાવક પણ ઊંચો છે. ને આપમતિવાળા આજના કેટલાક વિદ્વાન સાક્ષરો ક્યાંય નીચા પાટલે છે. હા ભણેલા મુનિમાં પણ જો આપમતિ ઊઠી તો એ ય અભણ પણ નાના મુનિ જે આપમતિ મૂકી દઈ અરિહંતનું શરણું પકડનારા છે, એના કરતાં નીચે ઊતરી જવાના.

**અઈમુત્તાનું અરિહંત શરણ :-**

જુઓ, મહાવીર પ્રભુ પાસે બહારથી આવી મોટા મુનિઓ નાના અઈમુત્તા મુનિ અંગે પ્રશ્ન કરે છે કે

'ભગવન્ ! આ કેટલા ભવ કરશે ?'

પ્રભુ કહે છે, 'ચરમશરીરીની આશાતના ન કરો'

પ્રભુએ આમાં શું જોયું હશે ? આ જ કે 'મોટા મુનિઓ આપમતિમાં ચડ્યા છે, માટે નીચે ઊતરી ગયા છે, ત્યારે અઈમુત્તો બાળમુનિ આપમતિ ટાળી અરિહંતશરણ પકડે છે, તેથી ઊંચી પાયરીએ છે, આશાતના કરવા લાયક નથી.'

પ્રસંગ જાણો છો ને ? રસ્તામાં પાછળ અઈમુત્તા મુનિ તળાવડામાં નાવડી તરાવતા ઊભેલા; મોટા મુનિઓએ ખબર પડતાં આવી શિખામણ આપી કે 'આમ ન કરાય. આમાં ષટકાય જીવોની હિંસા થાય.' નાના મુનિ તરત એ પડતું મૂકી મોટાની સાથે ચાલ્યા. આપમતિ મૂકી પસ્તાવો કરે છે કે, 'અરે ! પ્રભુએ તો મને તાર્યો, જીવહિંસામય સંસારથી છોડાવ્યો. ને મેં આ આપમતિએ શું કર્યું ? કેવી મારી ધિટ્ઠાઈ કે પ્રભુએ મને હિંસામાં તણાતો બહાર કાઢ્યો, ને હું પાછો હિંસામાં તણાયો ? વીંછી પાણીના પૂરમાં તણાઈ જતો હોય, એને બચાવી લેવા કિનારે ઊભેલો કોઈ માણસ દેખે; એને દયા આવી જાય; અને એ વીંછીને એ દયાળુ બહાર કાઢી કિનારે મૂકે પણ એ વીંછી પાછો પાણી તરફ જઈ એમાં તણાય એના જેવી આ કેવી મારી ધિટ્ઠાઈ ? પ્રભુ મારું શું થશે ? હું પ્રભુ ! રાંક છું, પાપી છું, મારો ઉદ્ધાર કરો.'

બાળમુનિ તો આ સ્થિતિમાં આપમતિ મૂકી સ્વદોષદર્શન કરી રહ્યા છે, પરંતુ પેલા મોટા મુનિએ ભલે અઈમુત્તાની ભૂલ સુધારી તે સારું કર્યું, છતાં એ જુઓ કે,

**હવે એ ભૂલ સુધરવાનું સારું કાર્ય થયું એની અનુમોદનામાં છે ? કે હજી પણ સામાની એ ભૂલ તરફ જોવામાં છે ?**

મહાવીર પ્રભુની પાસે આવી એ સ્થવિર મુનિ પ્રભુને પૂછે છે, 'ભગવન્ ! ચારિત્ર લઈને પણ સચિત જળની રમત કરનારો આ અઈમુત્તો મુનિ કેટલા ભવ કરશે ?' અહીં જોવા જેવું છે કે,

**કોઈની હલકાઈ તરવરે એવાં વચન પાછળ કેવો આપમતિનો તામસભાવ કામ કરી રહ્યો છે ?**

પહેલું તો એવું હલકાઈનું વચન અહંત્વ-માન-કષાયને પરવશ બન્યાથી બોલાય છે; કેમકે મનમાં જ્યારે એવું આવે કે, 'આ કેમ આવી ભૂલ કરે છે ? હું કાંઈ એવી ભૂલ ન કરું,' ત્યારે જ એ ભૂલ કરનારને હલકી દૃષ્ટિથી જોવાય. તો એમાં 'હુંપણું કિંમતી તરીકે આગળ થયું એ અભિમાનની લાગણી છે. માટે તો શાસ્ત્રો કહે છે કે પરનો અપકર્ષ-હલકાઈ-નિંદા કરે એને નીચગોત્ર કર્મ બંધાય. કેમ વારુ ? એટલા જ માટે કે એમ કરવામાં પોતાનું હુંપણું કિંમતી તરીકે આગળ થાય છે; અને 'હુંપણું-અભિમાન' એ જાતનો મદ છે, એટલે એથી વિપરીત તરીકે જાતને હલકા સ્થાનમાં લઈ જાય એવું નીચગોત્ર કર્મ બાંધે એમાં નવાઈ નથી.

**મદનો નિયમ છે કે, 'જે વસ્તુનો મદ કરો તેનાથી વંચિત થાઓ, અગર તે વસ્તુ હલકી પામો !**

દા.ત. **સુભૂમ ચક્રવર્તીએ** પોતાને થયેલ છ ખંડના લાભનો મદ કર્યો તો તે અંતે સામાન્ય અનુકૂળતાના પણ લાભથી વંચિત થયો. સાતમી નરકે ગયો ત્યાં કયો સારો લાભ ?

**સ્થૂલભદ્રજીએ** વિદ્યાનો જરાક મદ કર્યો તો તેઓ આગળની વિદ્યાથી વંચિત રહ્યા.

**હરિકેશીએ** પૂર્વ ભવે જાતિનો મદ કરેલો, તેથી અહીં હલકી ચંડાળ જાતિમાં જન્મ પામ્યા.

**શ્રેણિકે** બળનો, શિકારમાં તાકાતનો, મદ કર્યો તો એનાં ફળરૂપે નરકમાં એવી અત્યંત હલકી નિર્બળતા પામ્યા, કે પરમાધામીને હાથે કચડાયા જ કરવું પડે.

**મદ માનવીને નીચે ઉતારે છે.** ચંડપ્રદ્યોતે મદમાં ચડી પ્રપંચ કરીને અભયકુમારને વગર નોટિસે ઉપડાવી મંગાવ્યો. તો અભયકુમારે નોટિસ આપીને પછી એ બજાર વચ્ચેથી ખાટલામાં 'હું ચંડપ્રદ્યોત, મને ઉપાડી જાય છે, કોઈ છોડાવો' એવી બૂમ મારતો રહ્યો ને ઉપડાવ્યો. મદ ક્યાં લેખે લાગ્યો ?





રાજા મુંજનો મદ શું કામ લાગ્યો ? દુશ્મન રાજાએ એને હરાવી કેદ પકડી બેડી સાથે નગરમાં ઘર ઘર ભીખ માગતો કર્યો. ભીખમાં મળે તો જ ખાવાનું; ને ભીખ માગતા સામેથી ગાળ-ટોણાં-અપમાન મળે તે સહન કરવાનાં; નગરના એક ગરીબનું પણ સહવાનું. બોલો, સહન ન કરે તો ક્યાં જાય ? છે સામે કશો રોફ કરાય એવું ? મદ ક્યાં રહ્યો ? આ તો આ ભવની વિટંબણા; પરંતુ પરલોકની નીચગોત્ર વગેરે અપાર દુર્દશાનું શું પૂછવાનું ?

(૧) કોઈની જેમાં હલકાઈ તરવરે એવાં વચન બોલવા પાછળ મદ પોષાય છે. એમાં અભિમાનનો તામસભાવ છે.

(૨) બીજો દોષ એ છે કે એ વચન જેના અંગે બોલાય છે એ સારો આત્મા હોય છતાં એની અવજ્ઞાનું પાપ ઊભું થાય છે; મનમાં એના માટે હલકી દૃષ્ટિ ઊભી થાય છે. આ સારાની અવજ્ઞા-સારા માટે હલકી દૃષ્ટિ એ તામસભાવ.

(૩) ઉપરાંત સામાંમાં છૂપી ભાવી ઉન્નતિ-ઉચ્ચતા પર ક્ષણભર ઉપેક્ષા ઊભી થાય છે એ પણ દોષ છે. કેમકે જો સામાની અવજ્ઞાનો પાછળથી ય પશ્ચાત્તાપ ન થાય અને એ પાપ અકબંધ રહી જાય, તો પેલાની ઉન્નતિ વખતે એનાથી બીજાઓ તરે, પણ આ નહિ. આમ બીજાની ભાવી ઉચ્ચતાની ઉપેક્ષા એ પણ તામસભાવ.

આમ બીજાનું હલકું લક્ષમાં લેવા જતાં આત્મામાં તામસભાવ પોષાય છે ને સાત્ત્વિક ભાવને એટલો ધક્કો પહોંચે છે.

**માનવભવમાં શું કમાવાનું ? તામસભાવ કે સાત્ત્વિકભાવ ?**

આપણને દુનિયાભરની પડી હોય છે, પરંતુ આપણા આત્માની જ ચિંતા નથી, તેથી એ કાળા-અધમ તામસભાવથી ક્ષણે ક્ષણે ખરડાયે જ જાય, ખરડાયે જ જાય, એવી લાગણીઓ, એવા વિચારો, અને એવી ઇચ્છાઓ ભરપૂર કર્યે જઈએ છીએ. કેવી દુર્દશા ?

આત્માને ન માનનારો કહે છે કે 'આત્મા હોય તો દેખાય ને ? દેખાતો જ નથી; પરંતુ ભાવ તો દેખાય-સમજાય છે ને ? અંતરમાં બીજા માટે શું ઊઠ્યું ? 'હલકાઈ-અવજ્ઞાનો ભાવ, કે ગૌરવ-દયા-વાત્સલ્યનો ભાવ,' એ તો ખબર પડે ને ? તેમ એ પણ ખબર પડે કે 'આ અવજ્ઞાનો ભાવ ઊઠવા જાય છે, ને એ ઠીક નથી. એ મને વિહ્વળ કરે છે. તો લાવ, એની હલકાઈ જોવા કરતાં એની કોઈ વિશેષતા લઈ એના માટે ગૌરવનો ભાવ ઊભો કરું;' તેથી એ મુજબ સારો ભાવ

ઊભો કરી શકાય ને ?

આ 'ભાવ' કોનો ધર્મ છે ? શરીરનો ? ના, શરીર તો એનું એ જ ઊભું છે, ને ભાવોનાં પરિવર્તન થાય છે. એથી કાંઈ શરીરમાં વધઘટ નથી થતી, કે રૂપરંગ નથી પલટાતાં. માટે એ ભાવ આત્મ દ્રવ્યના જ માનવા પડે.

**પ્ર.**- આજનું સાયન્સ પણ એમ કહે છે કે ભાવ પલટાય છે ત્યાં લોહીના સફેદ રક્ત કણમાં ફેરફાર થાય છે ને ? તો એ શરીરમાં જ ફેરફાર થયો ને ?

ઉ.- થયો સાચો, પણ એ કોના ભાવને લઈને ? શરીરના ભાવ તો રૂપરંગ છે, એમાં કાંઈ પલટો નથી થયો. તો ભાવ કોના ફર્યા ? મનના ? મન શી ચીજ છે ? મન એટલે વિચાર, એ કોણે કર્યા ? શરીરે નહિ, આત્માએ જ. આત્મામાં જ જેવા ભાવ જાગે તેવા વિચાર આવે છે, અને જેવા વિચાર કરે છે, તેવા નવા ભાવ ઊભા થાય છે, તામસ, રાજસ કે સાત્ત્વિક ભાવ. ભાવ એ આત્માની ચીજ છે.

**અંતરમાં વિવિધ ભાવો અનુભવીએ છીએ એ પરથી આત્મા એક સ્વતંત્ર દ્રવ્ય સિદ્ધ થાય છે. એ આત્મામાં અધમ તામસભાવથી અનાદિરૂઢ કુસંસ્કાર વિશેષ દૃઢ થાય છે, અને અશુભ કર્મનાં બંધન વધે છે.**

**માણસ જીવન કેમ વેડફી નાખે છે ?** આમ જ, તામસભાવોમાં રમી રમીને. મોટા આચાર્યપદે પહોંચ્યા પછી પણ સાત્ત્વિક ભાવમાંથી ઊતરીને જો તામસ-ભાવમાં પડવાનું થાય તો એ પણ ડૂબે છે. ભવભાવના શાસ્ત્રમાંના ભુવનભાનુ કેવળી મહર્ષિના ચરિત્રમાં એવા અનેક પ્રસંગ આવે છે. કેવળીનો જીવ પૂર્વે કેઈ ભવોમાં આચાર્ય થઈને કોઈ વાર વિકથાના, કોઈ વાર નિંદાના, કોઈ વાર રસની લાલસાના... વગેરે વગેરેના તામસભાવમાં ચડે છે, અને સાધુપણું જ શું, સમ્યકત્વ પણ ગુમાવી ભવચક્રના રવાડે ચડી જાય છે.

**જગત વચ્ચેનું જીવન છે એટલે વિવિધ સંયોગો તો અથડાવાના;** પણ એમાં ડહાપણ એટલું જ રાખવાનું છે કે અંતરમાં મેલા કાળા તામસભાવને ન ઊઠવા-ન પેસવા દઈએ. બીજાનું હલકું દેખાય ત્યાં ઝટ ઈર્ષ્યા થઈ, અસૂયા થઈ, કે જુગુપ્સા થઈ એ તામસભાવ આવ્યો. એના બદલે એના પર ભાવકરુણા ઊભરાય કે 'બિચારો કર્મવશ આ ભૂલ કરે છે, એને સદ્બુદ્ધિ મળો,' આ સાત્ત્વિક ભાવ જનમ્યો. અથવા એ હલકુ જોવાને બદલે એના બીજા કોઈ છૂપા કે પ્રગટ ગુણ-સુકૃત પર દૃષ્ટિ લઈ ગયા, ને અનુમોદન કર્યું કે 'વાહ ! કેવો સુંદર ગુણ ! કેવું સુંદર સુકૃત ! દોષ ભરેલી તો આખી દુનિયા છે, પણ એમાં ગુણો ક્યાં જોવા મળે છે ? આ ભાઈમાં આ ગુણ છે એ સારું છે; આ સાત્ત્વિક ભાવ જનમ્યો.

**કેવી કંગાળ દુર્દશા ! : બિનગુનેગાર પ્રત્યે પણ તામસભાવ ? :-**



વિચારવા જેવું છે કે જેણે આપણું કશું બગાડ્યું નથી એના પ્રત્યે પણ એની કોઈ ખામી કે દોષ જોઈ તામસભાવના ઈર્ષ્યા-જુગુપ્સાથી બચી શકતા નથી ! અને સાત્ત્વિક ભાવના દયાદિ ગુણનો ખપ કરતા નથી ! તો પછી આપણો જેણે અપરાધ કર્યો છે એની પ્રત્યે તો તામસભાવથી શું બચી શકવાના ? કેવી કંગાળ દુર્દશા ! કમમાં કમ આટલું ય ન બની શકે કે આપણી સાથેના કોઈ પ્રસંગમાં ન હોય એવા દોષિત પ્રત્યેના તામસભાવથી તો જરૂર બચીએ ? જો આ અભ્યાસ બહુ કેળવીએ, વારંવાર એનું લક્ષ જાગતું રાખીને એ કેળવીએ, તો પછી મનમાં એક એવું જોમ, એવી ધગશ, અને એવો પુરુષાર્થ કેળવાશે કે એના બળે પછી આપણા અપરાધી માટે પણ તામસભાવ નહિ જાગે. પરંતુ જો ત્રાહિત પ્રત્યે ય તામસભાવ ન ઊઠવા દેવાનું લક્ષ અને યત્ન નહિ, તો અપરાધી પ્રત્યે તો એ ન જાગવા દેવાનું શે બનવાનું હતું ?

માટે જીવનમાં આ બહુ મહત્ત્વની ચીજ છે કે આપણને જ્યાંથી કોઈ લાભ-હાની નથી **જેની સાથે લેવા-દેવા નથી, એના માટેનો કોઈ જ તામસભાવ આપણા દિલમાં જાગવા ન દઈએ.**

આ સહેલું નથી હોં. કારણ એ છે કે આપણે આવા તામસભાવ તો ડગલે ને પગલે કરવા ટેવાઈ ગયેલા છીએ. અંદર ઊતરીને તપાસો કે જ્યાં આપણે કાંઈજ લેવા-દેવા નથી ત્યાં ત્યાં કેવા તામસભાવમાં રુલીએ છીએ,

**લેવાદેવા વિનાના તામસભાવના દાખલા :-**

(૧) પાડોશીના ઘરમાં બોલચાલ થઈ, ઝગડો લાગ્યો ત્યાં મન કયું વલણ લે છે ? આવો જ કોઈ તિરસ્કારનો વિચાર કે 'આ લોકો કેવા ઝગડાખોર છે ? જાણે દેવતાના અંગાર !' કેવું વલણ ? છે કોઈ લેવા-દેવા ? ના, છતાં તામસી યોનિઓનાં અનંતા ભ્રમણના વારસાનો જ ઉપયોગ.

(૨) સાંભળ્યું કે કોઈ નવા બનેલા શ્રીમંતે કોઈ મધ્યમ કુટુંબમાં પહેલાની કરેલી સગાઈ તોડી નાખી, હવે એની સાથે આપણે તો કોઈ સગાઈ-સંબંધ નથી, છતાં પેલાં શ્રીમંત પર ઝેર વરસે છે, 'કેવો હરામખોર ! કેવું લક્ષ્મીનું અભિમાન ? આવાઓને તો નાતે સખત દંડી નાખવા જોઈએ.' શું કર્યું આ ? મફતિયો રૌદ્ર ધ્યાનનો તામસભાવ.

(૩) દેશમાંથી કોઈ મુંબઈ જેવામાં આવ્યો, અને થોડા વખતમાં આડાઅવળા ધંધા કરી બહુ કમાઈ ગયો. એ જાણવામાં આવતાં શું થાય છે ? કાં તો (૧) 'ભારે હોશિયાર ! સારું કમાયો !' અથવા (૨) 'આ માળો ક્યાંથી કમાઈ બેઠો ?' એવું થાય છે. એ શું કર્યું ? પહેલામાં પાપના ધંધાની અને લક્ષ્મીની અનુમોદનાનો

તામસીભાવ; બીજામાં ઈર્ષ્યાનો. ક્યાં બચવાની વાત છે ?

(૪) એમ, કોઈને સારી કન્યા મળી એ જોયું ત્યાં 'નસીબદાર ! કેવી ફૂટડી કન્યા મળી !' આવું મનને થાય એ મૈથુનની અનુમોદનાનો તામસીભાવ.

(૫) આજના છાપામાં કેટલાય સમાચારો આવે છે. વાંચનારને એ બધા સાથે અંગત શું લાગેવળગે છે ? છતાં એકેકા સમાચારે મનમાં કેવા કેવા દ્વેષના, તૃષ્ણાના, તિરસ્કારના, ઈર્ષ્યા-અસૂયાના, વિષયવાસનાના, ઇત્યાદિ અનેકાનેક તામસભાવો જાગે છે ?

(૬) એમ રેડિયો સાંભળતાં, વાતે ચડતાં, બજારમાં ફરતાં, જલ્સાઓ-મેળાવડાઓ-સભાઓમાં જતાં, મનના કેટકેટલા મલીન તામસભાવો ઊછળે છે ?

**તામસભાવના પ્રત્યાઘાત :-**

આ એકેક તામસભાવ (૧) જીવન પર કેવી ખતરનાક અસર કરે છે ? (૨) જીવનના બીજા પ્રસંગ કે પ્રવૃત્તિ પર કેવા એના પ્રત્યાઘાત પાડે છે ? (૩) તરત કે લાંબે જઈને કેવી કેવી ચિંતાઓ સંતાપ દુઃખ ક્લેશ વગેરે ઊભાં કરે છે ?...આ બધું સ્વસ્થ ચિત્તે વિચારો તપાસો, તો એની ભયાનકતા ખ્યાલમાં આવે.

દા.ત. બહાર ક્યાંય કોઈ સુખી યુગલ જોઈ આવ્યા, એની સાથે કોઈ અંગત લેવા-દેવા તો નહોતી, છતાં 'વાહ કેવું જુગતે જોડું ! પતિ કેવો પ્રેમાળ ! પત્ની કેવી રૂપાળી ! અને વળી આજ્ઞાંકિત !' આવો પ્રશંસાનો તામસભાવ ઊભો કર્યો, પછી કેમ ? તો કે એનો વિચાર એની યાદ આવશે, અને પોતાના ઘરવાળા એવા રૂપાળા તથા લટકામટકાવાળા તેમજ આજ્ઞાંકિત નહિ લાગવાથી બળતરા સંતાપ નિરાશા ઊભી થશે. પછી એનો જરા વાંક દેખાશે ત્યાં ચડભડવાનું થશે; કેમકે પેલા સંતાપ-અસંતોષથી સહિષ્ણુતા ગુમાવી છે. કેવા તામસભાવમાં સડવાનું ?

**ઉપજે નહિ ત્યાં માથું શા માટે મારવું ? :-**

તામસભાવના રોજિંદા પ્રસંગો કેટકેટલા ચાલુ છે ? પ્રસંગ કોઈ એકાંતે એવા નથી કે તામસભાવ જ પેદા કરે. પણ આપણે એને તામસભાવનું જ નિમિત્ત બનાવીએ છીએ. એમાં ય જ્યાં લેવા-દેવા નથી, એમાં માથું મારીને તામસભાવમાં રમવાના પ્રસંગ પણ ઘણા ઘણા ! શી જરૂર એની ? જગતનું એના રાહે કે તેવા તેવા કારણો આવી મળ્યે, એવું એવું બન્યે જાય છે, એમાં આપણી ચિંતાની-આપણી વિચારણાની કોઈ દરમિયાનગીરી ચાલતી નથી, આપણું કશું ઊપજતું નથી. પછી આપણે શી જરૂર માથું મારવાની ? શી જરૂર એનો ભાર આપણા માથે ઊંચકવાની ? શી જરૂર એની ખોટી અસર લઈ મન બગાડવાની ? ખરેખર ! સંસારવાસ કેવો છે ?



**તામસભાવથી બચવા ૪ ભાવના :-**

નિરર્થક તામસભાવમાં રમીએ એનો અર્થ એ કે મોહરાજા આપણને રમાડે છે, નચાવે છે, ને મેલું ઉપાડનાર ભંગી જેવા બનાવે છે. રાગ-ઈર્ષ્યા-દુર્ધ્યાન વગેરે મેલું છે. તો શું મોહમાં તણાવાને બદલે ભગવાન જિનેશ્વરદેવનાં તારક વચનને બંધાયેલા ન રહીએ ? કે જેથી એના આદેશ મુજબ કાં તો કોઈ શુભેચ્છાના યા કરુણાના સાત્ત્વિક ભાવમાં યા સારું તત્ત્વ લઈ પ્રમોદભાવમાં રમીએ. અગર મધ્યસ્થતાના સાત્ત્વિક ભાવને અપનાવીએ.

પેલા સ્થવિર મુનિઓ, તળાવમાં અઈમુત્તાના પાત્ર તરાવવાના અસદ્ બનાવ પછી, બાળના તુચ્છકારના તામસભાવમાં ચડ્યા. અઈમુત્તા મુનિ તો મિચ્છા મિ દુક્કડં કરી પાપથી પાછા વળી ગયા, પણ પેલા મુનિઓ એ સારું તત્ત્વ જોતા નથી, કિંતુ અહંત્વ-મોહને પરવશ બની પેલા પાપને આગળ કરીને અઈમુત્તા મુનિ પ્રત્યે ઘૃણાનો-તુચ્છકારનો તામસભાવ અપનાવે છે; અને પ્રભુને પ્રશ્ન કરે છે, 'ભગવન્ ! આ અઈમુત્તો કેટલા ભવ કરશે ?'

**અહંત્વના તામસભાવથી બીજા પ્રત્યે ઘૃણા-જુગુપ્સાનો તામસભાવ જાગે છે.**

**દોષિતમાં સારું શું શું ? :-**

સહેજ પણ અહંત્વનો તામસભાવ મુનિઓને ય કેવા ભૂલા પાડી દે છે ? એ ભૂલી જાય છે કે "આ બાળ અઈમુત્તા મુનિએ બાલ્યવયના હિસાબે રમતની ભૂલ કરી ખરી, પરંતુ એમને સાવધાન કરતાં કેવા તરત પાપથી પાછા વળી ગયા ? સંભવ છે આમનામાં વર્તમાન કેવી કેવી ય વિશેષતાઓ હોય ? ભવિષ્યમાં થવાની હોય ? પછી કેમ સંભાવના કરાય કે આ કદાચ ભવોના ભવો રખડશે ? શું માત્ર આટલી બાળરમત પરથી ભવોભવ રખડવાનો સંભવ કલ્પી શકાય ? ખરું તો આ રાજાશાહી સુખ છોડી નાની વયમાં કઠોર ચારિત્રમાર્ગે નીકળી પડ્યા છે એ જ સૂચવે છે કે આ હવે બહુ ભવ ભમવાનો સંભવ નહિ. ત્યાગમાર્ગની આ વસ્તુ મોટી છે, અને બાળવયના હિસાબે હઠવાદ ન કરતાં ભૂલથી પાછા વળી ગયા એ પણ મહાન વસ્તુ છે. એની સામે પેલી ભૂલ તો નજીવી ગણાય. એ ભૂલ તરફ ન જોતાં મહાન વિશેષતાઓ તરફ જ જોવું જોઈએ." સહેજ અહંત્વનો તામસભાવ કેટલો ઊલ્લંઠ કે જે આ વિચારણા તરફ આત્માને જવા જ દેતો નથી; અને માત્ર ભૂલનું લક્ષ તથા ભૂલ કરનાર બાળમુનિ પર ઘૃણાભાવ કરાવે છે, જેના લીધે પ્રભુને પૂછે છે 'આ કેટલા ભવ કરશે !'

પ્રભુએ જવાબ દીધો, 'મહાનુભાવ ! આ ચરમશરીરી છે, આ જ ભવે મોક્ષગામી !'

બસ ! સ્થવિર મુનિઓ ઠંડા પડી ગયા. અઈમુત્તા મુનિના ચરમશરીરીપણા પર સર્વજ્ઞ ભગવાનનો સિક્કો ? પછી શું બાકી રહે ? ખોટી કલ્પના-સંભાવના ક્યાં ઊભી રહે ? સ્થવિરમુનિઓ તરત તામસભાવથી પાછા હટી ગયા, ને 'મિચ્છા મિ દુક્કડં' દીધું, સ્વદુષ્કૃતનો પશ્ચાત્તાપ જાહેર કર્યો.

પર-તપ્તિનો તામસભાવ ક્યાં લઈ ગયો હતો ? 'તપ્તિ' સમજો છો ને ? 'તપ્તિ' જુદી, ને 'તૃપ્તિ' જુદી હોં. 'તૃપ્ત' એટલે સંતોષ. 'તપ્તિ' એટલે તપન, તપવું, સંતાપ. 'પરતપ્તિ' એટલે પરની વાતવસ્તુનો સંતાપ, ચિંતા, બળતરા, પંચાત. સ્થવિર મુનિઓ પરતપ્તિમાં પડ્યા, પરની પંચાતમાં પડ્યા કે 'આ અઈમુત્તો કેટલા ભવ કરશે ?' તો એમને પાછળથી સમજાયું કે 'આપણે આ ચરમશરીરીની આશાતના કરી, કેમકે એવા ઉત્તમ જીવ માટે આપણા દિલમાં દુર્ભાવ-ખોટો ભાવ ઊભો કર્યો. જરાક શો તામસભાવ ચરમશરીરી તદ્ભવ-મુક્તિગામી મહાન આત્માની આશાતના કરાવનારો બન્યો.'

ભલે પહેલા ખબર નહોતી કે 'આ ચરમશરીરી છે એટલે ઘૃણા ઊભી થઈ હતી;' પરંતુ અજ્ઞાનતાથી-અહંત્વવશ ગુણિયલની કરેલી ઘૃણાનો અપરાધ શું દોષ નથી ? કર્મસત્તા એની માફી આપે ? આત્મામાં એ ઘૃણાનો કુસંસ્કાર દઢ ન કરે ? ભૂલા પડતા નહિ કે અજ્ઞાનતાથી અમે જે ભૂલો કરીએ તે કર્મબંધ અને કુસંસ્કારવૃદ્ધિ ન કરે. શાસ્ત્ર તો કહે છે,

**અજ્ઞાન સૌથી ભયંકર :-**

**'अज्ञानं खलु कष्टं हिंसादिभ्योऽपि सर्वपापेभ्यः ।'**

અજ્ઞાન એ હિંસાદિ સર્વ પાપો કરતાં મોટું કષ્ટ છે; કેમકે અજ્ઞાનના લીધે જ હિંસાદિ પાપો થાય છે, અને પાછું એમાં રાચવાનું થાય છે. જ્ઞાન હોય તો તો આત્મા હિંસાદિ પાપોને ખરાબ સમજી એ ન કરે; અને અગર કરવા પડે તો એમાં રાચે તો નહિ જ; પણ ડરતો ડરતો કરે; કરીને ખિન્ન થાય કે 'હાય ! ક્યાં હું આ ઘરવાસમાં ફસાઈ રહ્યો કે મારે આ પાપ કરવાનો, ઉચ્ચ માનવભવે, વખત આવે છે ?' અથવા 'ક્યાં તુચ્છ અધમ લાલચમાં પડ્યો કે મારે જૂઠ બોલવાનો અવસર આવ્યો ?'

આમ, જ્ઞાન હોય તો તો પાપ મુદ્દલ અટકે, અગર પાપસેવન કરતાં પહેલાં અને પછી એની બળતરા હોય. એનો પ્રભાવ છે કે કર્મબંધ ન પડે, યા મંદ પડે.

જ્યારે, અજ્ઞાન તો ભયંકર. એ ન તો પાપ અટકાવે, કે ન પાપમાં બળતરા કરવા દે. પરિણામ ? કર્મબંધ ગાઢ ઊભો થાય; કુસંસ્કાર ખૂબ દઢ થાય.

**શ્રેણિક રાજાને** પૂર્વે ભાન નહોતું કે શિકારનું પાપ ભયંકર, તો ગર્ભિણી



હરિણીનો શિકાર રાચી-માચીને કર્યો, અને કરીને ખુશી થયો. તો એમાં નરકનું આયુષ્ય બાંધ્યું.

**અજ્ઞાને સોનીને ક્યાં પહોંચાડ્યો ? :-**

સોનીને ખબર નહિ કે 'મેતારજ મુનિ સોનાના જવલાના ચોર નહિ,' તેથી ચોર માની એમને ધીખતા તડકે માથે ચામડાની વાધર વીંટી ઊભા રાખ્યા. ત્યાં પણ ખબર નહિ કે 'આમ આ જવલા કાઢી આપવાનું તો બાજુએ રહ્યું, પણ મરી જશે,' ને મુનિ હત્યાનું ઘોર પાપ એના હાથે થયું. અજ્ઞાન ક્યાં સુધી પહોંચાડે છે ? અહીં એક સવાલ કરો,

**પ્ર.-** તો પછી સોની મોક્ષે કેવી રીતે ગયો ?

**પાપના અનુબંધ અને પાપ કેમ તૂટે**

ઉ.- અજ્ઞાનતાથી રાચીમાચીને પાપ કર્યું, છતાં જો પાછળથી શુદ્ધ બુદ્ધિ જાગે અને

**પાપનો સળગતો પશ્ચાત્તાપ કરે તો પાપનો અનુબંધ તૂટી જાય; અને જો પાપ ધોનારી કઠોર તપ-સંયમની સાધના કરે, તો કેટલાંય પાપના પણ બંધ છૂટી જાય છે.**

માટે તો શાસ્ત્ર કહે છે,

જન્મ-જન્માંતરના દુષ્કૃતોની ગર્હા-નિંદા-પશ્ચાત્તાપ વારંવાર કરો. દુષ્કૃતોનો સંતાપ-પશ્ચાત્તાપ એ ઉત્તમ સાત્ત્વિક ભાવ છે. એથી પાપના અનુબંધ યાને ભવિષ્યમાં પાપ પરંપરા ચાલવાની બીજશક્તિ નષ્ટ થઈ જાય છે. એથી ભલે પૂર્વકૃત પાપનું ભવિષ્યમાં એકવાર ફળ ભોગવવું પડે, પણ ત્યાં એવાં નવાં દુષ્કૃત કરવાની બુદ્ધિ ન થાય, તેથી પાપ પરંપરા અટકી જાય.

**શ્રેણિકને પાપાનુબંધ તૂટ્યા : કેમ ? :-**

રાજાશ્રેણિકને એવું જ થયું. અજ્ઞાન દશામાં શિકારનું પાપ કર્યું, નરકાયુષ્ય બાંધ્યું, પણ પછી પ્રભુ મહાવીરદેવ મળ્યા, એમની પાસેથી ધર્મ સમજાયો, તો પૂર્વકૃત પાપનો જોરદાર પશ્ચાત્તાપ અનેકવાર થયો. એનું અચ્છું પરિણામ એ, આવ્યું કે એમના પૂર્વકૃત પાપમાં પડેલા અનુબંધ એવા નષ્ટ થઈ ગયા કે હવે એ જોરદાર પણ પાપનાં ફળરૂપે જો કે નરકની વેદનાઓ ભોગવવાની આવી છતાં એમાં પાપની પરંપરા ચાલે એવા દુષ્ટ-ખંધા કષાયના આવેશ થયા નહિ. તેથી જ ત્યાંથી નીકળી સીધા ચરમ ભવમાં આવી તીર્થંકર થવાના છે.

અનુબંધ તૂટી જવાથી નરકમાં પરમાધામી અને બીજા નરકજીવો તરફથી ઘોર પ્રહાર-છેદન-ભેદન મળવા છતાં એવી દુષ્ટ બુદ્ધિ શ્રેણિકના જીવને નહિ કે જે

એની પરંપરા ચલાવે, પાપાનુબંધી પાપ બંધાવે. જો પાપાનુબંધ ત્યાં પણ ઊભા હોત તો તો પાપનાં ફળરૂપે કારમાં દુઃખ તો વેઠત જ, ઉપરાંત તામસભાવની ભયંકર દુષ્ટ બુદ્ધિ, તીવ્ર કષાય, અને અભિનિવેશ જાગત. એ કાંઈ જન્મસિદ્ધ ઉજ્જવળતાભર્યો ચરમ ભવ અને તે પણ માતાના ગર્ભમાંથી મહાવિરક્ત દશા આવવા ન દે. પણ એવું કાંઈ બન્યું નથી.

એ સૂચવે છે કે જો કે શ્રેણિક તરીકેના ભવમાં અને તે પૂર્વે પણ રાચીમાચીને શિકાર વગેરે દુષ્કૃત્યો કરેલાં, ને એના ઉપર પાછું અનુમોદન કરેલું. ખુશી-ખુશાલી અને સ્વગૌરવ અનુભવેલા. એવા તામસભાવનાં તાંડવ હોય એથી સહેજે પાપાનુબંધવાળા અશુભ કર્મ ઊભાં કરેલાં હોય, છતાં પણ પાછળથી જગતદયાળુ મહાવીર પરમાત્માને પામીને જે અતિ તીવ્ર દુષ્કૃતગર્હા, પાપના પશ્ચાત્તાપ-સંતાપ-બળતરા વારંવાર કરી, એ સાત્ત્વિક ઉજળાભાવે એ પાપાનુબંધો તોડી નાખ્યા. એનું એ સુંદર પરિણામ કે નરકના ઘોર પ્રહાર-છેદન-ભેદન આવી પડવા છતાં તેવી દુષ્ટ બુદ્ધિ નહિ, અને એ જીવન પૂરું થતાં તો તીર્થંકરનો ભવ !

**તીવ્ર પશ્ચાત્તાપ એટલે :-**

આ બહુ ધ્યાનમાં લેવા જેવી અને રોજીંદા જીવનમા ઉપયોગી વસ્તુ છે કે **હાર્દિક ઉત્કૃષ્ટ દુષ્કૃતગર્હા યાને પાપના તીવ્ર પશ્ચાત્તાપનો સાત્ત્વિકભાવ પાપાનુબંધોને તોડી નાખે છે.'** પશ્ચાત્તાપ તીવ્ર એવા જોઈએ કે 'મારાથી ભૂલ થઈ ગઈ, પાપ થઈ ગયાં, એ ખોટું થયું' એટલું જ લાગે એમ નહિ પરંતુ સાથે, 'પાપો-ભૂલો અકર્તવ્ય જ છે, ત્યાજ્ય જ છે, હવે કેમ એ કદાપિ મને ન સ્પર્શે !' એવી હાર્દિક ભાવના મનોવૃત્તિ પણ રહેવી જોઈએ. ભૂતકાળનું તો ખોટું લાગ્યું, પરંતુ ભાવી અંગે પાપનો ડર, પાપનો સંકોચ, પાપની ઘૃણા ન ઊભી થાય તો એ ભૂતકાળનાં પાપનો પશ્ચાત્તાપ કેવો ? ખરેખર શું એ પાપનો ખેદ ? કે એ પાપોથી દુર્ગતિના કારમાં દુઃખ આવશે એનો સંતોષ ?

**પાપના પશ્ચાત્તાપની આ પરીક્ષા છે કે એ જુઓ કે પશ્ચાત્તાપ (૧) ખરેખર પાપ તરીકે પાપના ઘરનો છે, કે (૨) પાપથી આવનારાં દુઃખના ખેદના ઘરનો છે ? દુઃખનો ડર કે પાપનો !**

અર્થાત્ તપાસો કે

પાપથી જે ભારે દુઃખ આવે એ નથી ગમતાં ?

કે પાપ જ નથી ગમતાં ?

દુઃખનું કાયરપણું છે ?

યા પાપનું કાયરપણું છે ?



'હાય ! ભયંકર દુઃખ આવે તો એ કેમ સહન થાય ?' એવું થાય છે ? અર્થાત્ દુઃખનો ત્રાસ છે ? કે

'અરે ! આવા ઊંચા ભવમાં સજ્ઞાન બન્યા પછી પાપ કરાય જ કેમ ? પાપ તો ગલીચ રમત છે.' એવું મનમાં આવે છે ? પાપનો ત્રાસ છે ? તિરસ્કાર છે?

**દુઃખનો ત્રાસ હોયે પાપ નહિ મૂકાય :-**

જો દુઃખ જ નથી ગમતું, દુઃખનું જ કાયરપણું છે, દુઃખનો જ ત્રાસ છે, એટલા માટે જ થઈ ગયેલા પાપનો ખેદ થાય છે, તો ભવિષ્યમાં પાપ ન થાય એની ચીવટ, એની ઊલટ, એના કોડ નહિ થાય. પાપનો ત્રાસ-અણગમો-તિરસ્કાર નથી પછી શું કામ એ ત્યજવાના કે એનાથી આઘા રહેવાના કોડ થાય? આ તો હજી પાપ છોડી જ દેવાની વાત નથી, છોડવાની માત્ર ધગશ-ઈંતેજારીની વાત છે. પણ તે એકલા દુઃખના જ અણગમા પર નહિ બને દુઃખનો જ ત્રાસ હોઈ, થઈ ગયેલ પાપ અંગે તો લાગે છે કે 'એથી દુઃખ આવશે માટે એને ધોઈ નાખો,' પરંતુ ભાવી અંગે જાણે એવી શ્રદ્ધા નથી કે 'પાપ કરીશ તો દુઃખ આવશે,' અથવા મન જાણે કહે છે કે 'પાપ તો ધર્મ કરવાથી ધોવાઈ જશે,' એટલે પાપથી પાછા ફરવાનું કે પાપ બંધ કરવાનું કામ કરે ? ત્યારે,

**પાપના ત્રાસ પર ઉચ્ચતા :-**

જો પાપ તરીકે પાપનો ત્રાસ હોય, અણગમો હોય, તો તો ભૂતકાળનાં પાપની સાચી ગર્હા-નિંદા-પશ્ચાત્તાપ થાય, પ્રાયશ્ચિત્ત કરે, એટલું જ નહિ પણ ભાવી પાપ ઉપર ને દુષ્કૃત્યો ઉપર પણ તિરસ્કાર-અણગમો ઊભો રહે; તેથી પોતાની સઘળી શક્તિ કામે લગાડી એનાથી દૂર રહેવા પ્રયત્ન થવાનો. અને ન છૂટકે પાપ કરવાં પડે ત્યાં હૈયે બળતરા રહે કે 'આ ઉચ્ચ ભવમાં ક્યાં મારે પાપાચરણની અધમતા કરવી પડે છે !'

**પ્ર.-** દુઃખના જ ત્રાસવાળો પણ આ ખેદ રાખી શકે ને ?

**ઉ.-** દુઃખના ત્રાસથી પાપનો ખેદ રાખવો મુશ્કેલ એટલા માટે છે કે 'પાપથી દુઃખ' એ હિસાબ નજરે પ્રત્યક્ષ દેખાતો નથી પછી પાપી જીવન પર ઘૃણા શી રીતે થાય ? જૂઠ બોલ્યા ને એના કારણે તરત જીભ સડી ગઈ એવું ક્યાં દેખાય છે ? પછી શું કામ જૂઠભર્યાં જીવન પર તિરસ્કાર છૂટે ? એકલા દુઃખના ત્રાસવાળાને લગભગ પ્રત્યક્ષનો હિસાબ રહે છે; તેમજ કારણ-કાર્ય બંને સ્પષ્ટ નજર સામે દેખાય ત્યાં તો લાગે કે 'આનાથી આ કાર્ય થયું.' દા.ત. ખૂબ ખાધું અને શરીર બગડ્યું ત્યાં ખાવાથી શરીર બગડવાનું લાગે છે. તેથી ફરી બહુ ખાવા પર વિચાર કરે છે. પરંતુ પાપના કોઈ કાર્યમાં 'આ પાપ કર્યું ને આ એથી જ દુઃખ આવ્યું,'

એવું દેખાતું નથી, પછી પાપથી શું કામ આઘો રહે ? એ તો ખરેખર પાપ જ અજુગતું લાગે, માત્ર દુઃખ નહિ પણ પાપ ઉપરે ય ઘૃણા હોય, જીવનમાં પાપચીજ બેહૂદી લાગે, તો જ પાપથી પાછા હટવાનો વિચાર રહે. તેથી મૂળમાં પાપનો અણગમો, પાપનો ત્રાસ, પાપનું કાયરપણું ઊભું કરવાનું છે. **પાપના ત્રાસ વિનાનો દુઃખનો ત્રાસ એ તામસભાવ છે.**

**દુષ્કૃતની નિંદા-ગર્હા કરવાની. પશ્ચાત્તાપ કરવાનો, તે માત્ર દુઃખની ઘૃણાથી નહિ, પણ પાપની ઘૃણાથી કરવાનો-વારંવાર કરવાનો.**

એનું ફળ એ, કે પાપના અનુબંધ તૂટી જાય પછી ખુદ રહી ગયેલા એ પાપના ઉદયકાળે દુઃખ આવે છતાં પેલા અનુબંધથી બુદ્ધિ બગડવાની હતી, તે અનુબંધ તૂટી જવાથી હવે એવી દુષ્ટ-પાપિષ્ઠ બુદ્ધિ નહિ થાય. રાજા શ્રેણિકને એ બન્યું, તેથી હવે નરકમાં એવી દુષ્ટ બુદ્ધિ નથી કે જેની પરંપરા પછીના ભવે ચાલે. થઈ ગયેલા તામસભાવ પર ભારે ખેદ-સંતાપ એ પણ સાત્ત્વિકભાવ છે, ને એ ભાવી તામસભાવ અટકાવે, દુષ્ટ બુદ્ધિ અટકાવે.

**ભગવાન મહાવીર પ્રભુને શું બન્યું ?** દુઃખ ઘણાં આવ્યાં, પણ એમાં દુષ્ટ બુદ્ધિ ન થઈ. જેવી કે (૧) દુઃખ દેનારા અનાડીઓ પર ગુસ્સો ન થયો, (૨) શરીરની મૂર્ચ્છા ન નડી (૩) પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉપર અણગમો ન થયો. શું કારણ ? આ જ કે પૂર્વ ભવમાં નંદન રાજર્ષિ તરીકે એમણે દુષ્કૃતની ભારે ગર્હા-નિંદા-પશ્ચાત્તાપ કરેલા તેથી હવે ભવિષ્યમાં દુષ્ટ બુદ્ધિ કરાવનારા, બુદ્ધિ બગાડનારા પાપાનુબંધ તોડી નાખ્યા હતા. માત્ર પાપ ઊભાં હતાં એટલે દુઃખ આવ્યાં.

**પ્ર.-** એમ તો એમણે તપ-સંયમ પણ જોરદાર આચર્યા હતાં તો પાપ પણ કેમ ન તૂટી ગયાં ?

**ઉ.-** અનિકાચિત પાપો તો તૂટેલાં, ભારોભાર તૂટેલાં. તપ-સંયમથી અનિકાચિત લખલૂટ પાપ તૂટે. પરંતુ નિકાચિત પાપ ઊભાં રહી ગયેલાં તેથી દુઃખ આવ્યાં.

**પ્ર.-** તો પછી પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ મન બગાડવાથી સાતમી નરકનાં પાપ ઊભાં કરેલાં, તે એમને કેમ ત્યાં જ તૂટી ગયાં ? શું એમાં નિકાચિત પણ પાપ નહિ હોય ?

**ઉ.-** અહીં બે વાત સમજવાની છે;

(૧) એક એ, કે આ જીવનનાં પાપ વ્યક્તિગત અને સ્પષ્ટ રૂપે યાદ આવે છે; તેથી એની યથાસ્થિત આલોચના-ગર્હા-નિંદા-પ્રાયશ્ચિત્ત થઈ શકે છે. તેથી પાપાનુબંધ સાથે એ પાપ પણ તૂટી જાય છે. ત્યારે પૂર્વભવનાં પાપ એવા રૂપે યાદ



નથી આવતાં એટલે એનું આલોચન અને પ્રાયશ્ચિત્ત કરવું મુશ્કેલ બને છે. એટલે ગર્હા-પશ્ચાત્તાપથી પાપના અનુબંધ તૂટવા છતાં ખુદ પાપ ઊભાં રહી જાય છે પણ તેથી ડરવાનું કામ નહિ. કેમકે એથી દુઃખ આવે એટલું જ, દુઃખ આવીને પાપ રવાના થાય, પણ બુદ્ધિ બગડવાની નહિ, તેથી નવાં પાપ ઊભાં થવાનાં નહિ.

**મહાવીર પ્રભુને** આ બન્યું, નંદન રાજર્ષિના ભવે પૂર્વ ભવોના પાપાનુબંધન છૂટી ગયા, પણ પાપ ઊભાં રહી ગયાં, તેથી છેલ્લા ભવે દુઃખ આવ્યાં, પણ હિસાબ ચૂકતે થયા.

**પાપના ઉદયે પાપબુદ્ધિ ન હોય તો પાપનો હિસાબ ચૂકતે થાય.**

**પ્રસન્નચંદ્ર રાજર્ષિને** સાતમી નરકનાં પાપ તે જ ભવનાં, એટલે વ્યવસ્થિત ખ્યાલ હોવાથી પ્રાયશ્ચિત્ત 'ધ્યાન'થી તૂટી ગયાં, ને એ કેવળજ્ઞાન પામ્યા.

(૨) બીજી વાત આ છે, કે નિકાચિત ઘાતી કર્મ આમ તો ભોગવ્યા વિના તૂટતાં નથી, છતાં ક્ષપક-શ્રેણીમાં તૂટી જાય છે ત્યારે જુઓ,

**મહાવીર પ્રભુએ** ધ્યાન તો ગજબ કોટિનું સાડા બાર વરસ કર્યું, તપ-સંયમ પણ કમાલ હતાં, પરંતુ ક્ષપકશ્રેણીને યોગ્ય શુકલ ધ્યાન તથા ક્ષપકશ્રેણી ઠેઠ સાડા બાર વરસને અંતે લાગ્યાં ! ત્યાં ૧૨ાા વર્ષમાં અથાગ કષ્ટ-દુઃખ-રિબામણ ભોગવી કેટલાય નિકાચિત કર્મોનો નાશ કર્યો બાદ જે કાંઈ બાકી હશે તે નિકાચિત-અનિકાચિત ઘાતી કર્મોનો વિધ્વંસ અહીં ક્ષપકશ્રેણિમાં કરી નાખ્યો, અને કેવળજ્ઞાન પામ્યા. એમાં વળી નિકાચિત અશાતા વેદનીય અઘાતી કર્મ ઊભું રહેલું તે કેવળી અવસ્થામાં ગોશાળાની તેજોલેશ્યાના ઉપદ્રવે ઉદયમાં આવી ભોગવાયું.

**ત્યારે પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ** પહેલાં મન બગાડી સાતમી નરકનાં પાપ, સાથે મિથ્યાત્વ સુધીનાં તેવા કાળાં મોહનીય કર્મ ઉપાજર્યાં. સંક્લેશ ભારે હતો એટલે પાપાનુબંધવાળા અશુભ કર્મ પણ ઉપાજર્યાં હશે. પરંતુ પછી જાગૃતિ આવી, લેશ્યા ફરી, ભાવના પલટાણી, શુભ-શુદ્ધ ભાવ ચાલ્યા, ત્યાં દુષ્કૃતગર્હા એટલી બધી પ્રબળ હતી કે એણે પાપાનુબંધો તોડી નાખ્યા; ઉપરાંત ધ્યાનની ધારા એવી લાગી કે એમાં આગળ વધતા ગયા, પાપકર્મો તોડતા ગયા, અને ક્ષપકશ્રેણી લાગતાં નિકાચિત-અનિકાચિત સર્વ ઘાતી કર્મો નષ્ટ કરી નાખ્યા, ને કેવળજ્ઞાન પામ્યા. સંભવ છે સાતમી નરકની અશાતા આદિ કર્મ નિકાચિત ન કર્યાં હોય તેથી ધ્યાનના બળે અનિકાચિત કર્મ સંક્રમ આદિ દ્વારા તૂટી જાય.

પ્રચંડ દુષ્કૃત ગર્હાનો સાત્ત્વિકભાવ કેટલું ગજબ કામ કરે છે ! શુભ અધ્યવસાયનો જુવાળ કેવો જોરદાર ઊછળ્યો હશે ! આ ખૂબ લક્ષમાં રાખવા જેવું છે કે ખરેખરી હાર્દિક દુષ્કૃતગર્હા, કે જે હવેના માટે દુષ્કૃતથી દૂર રહેવાની

ભાવનાવાળી હોય એ એક સુંદર શુભ અધ્યવસાય છે એ ગર્હા જો પ્રચંડ સળગાવતાં આવડે તો શુભ અધ્યવસાય જબરદસ્ત પ્રબળ બની ક્ષપકશ્રેણીના શુકલ ધ્યાન સુધી પહોંચાડી દે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૨,અંક-૧૬,તા.૫-૧-૧૯૭૪**

હવે જુઓ કે (૧) આપણાથી ભૂલ પણ થઈ ગઈ હોય છતાં એનો બચાવ કરવાનું મન થાય છે. તેમ (૨) જીવન પાપભર્યું હોય છતાં ગુરુને એમ મનાવવાનો યત્ન થાય છે કે 'મારા જીવનમાં એવા કાંઈ જોરદાર પાપ નથી.' આ બંને તામસભાવની સ્થિતિ છે. એમાં, વિચારો કે, દુષ્કૃતગર્હા ને પશ્ચાત્તાપ ક્યાં રહ્યાં? પશ્ચાત્તાપ થાય છે પણ તે તો બીજાની નજરમાં હલકા પડ્યાનો પશ્ચાત્તાપ થાય છે, પરંતુ દુષ્કૃતનો નહિ ! ઠેઠ સાધુ-ગુરુ આગળ પણ પશ્ચાત્તાપ નહિ ! આ કેવી દુર્દશા ! ખેર ! દુષ્કૃત તો થઈ ગયાં, પરંતુ જ્યારે એની ગર્હા-પશ્ચાત્તાપ કરવાનો સુંદર અવસર છે, ત્યારે એ બાજુએ મૂકી ઉપરથી બચાવ કરવાનું આવડે છે ! ભાન નથી કે,

**દુષ્કૃતનો બચાવ કરવા જતાં દુષ્કૃત જો કર્તવ્ય લાગી જશે, તો પછી**

**(૧) સમકિત રહેશે ? તેમજ**

**(૨) ભાવી ભવોમાં દુષ્કૃતની કેવી વૃદ્ધિ થશે ?**

**(૩) એવાં દુષ્કૃતથી ઊભા થયેલાં પાપમાં પાપાનુબંધ કેવો પડવાનો ?**

છતી ભૂલે આપણે જ્યારે બચાવ કરવા જઈએ છીએ ત્યારે (૧) કાં તો આપણે ભૂલ કરી જ નથી એવું મનાવવા મથીએ છીએ, અથવા (૨) આને ભૂલ કહેવાય જ નહિ, એવું સ્થાપિત કરીએ છીએ.

પહેલામાં આપણે અસત્યવાદમાં પડીએ છીએ એમાં પણ ભૂલ ન કર્યાનું પૂરવાર કરવા આડાઅવળા મુદ્દા લાવવા મથીએ છીએ. એમાં માયા પણ સેવાય છે; અને તેથી માયા-મૃષાવાદ સેવવાનું બને છે. શા માટે ? આપણું એક અહંત્વ સાચવવા કે 'હું ભૂલ કરું નહિ.' એટલે જ,

**હુંપદ-અહંત્વ એ સંસારનો મજબૂત પાયો છે; કેમકે એના પર ઊભા થતા બીજા દોષની જેમ અસત્યવાદ કે માયામૃષાવાદ આત્મા પર કર્મબંધ વધારી સંસારની મજલ લાંબી કરે છે.**

**વિધવા બેનનો ભોજાઈ પર આરોપ.**

વિધવા બહેને ભાઈની પરીક્ષા કરવા ધાર્યું કે 'આ ભાઈ મારી પ્રત્યે અધિક



ભાવવાળો છે ? કે એની પત્ની પર ?' તેથી ભાઈ જ્યારે બહારથી આવી મકાનમાં પેસે છે ત્યારે જાણે પોતે એનું પેસવાનું નથી જાણતી એ રીતે ભોજાઈને કહે છે 'જો બહેન, સાડી સાચવવી.' ભાઈ સાંભળી ગયો, અને મનમાં એને લાગ્યું કે જરૂર આ પત્ની ક્યાંય ભટકનારી હશે, એનો આચાર સારો નહિ, તોજ એટલે જ બહેન એને આ શિખામણ આપે છે. આવું લાગવાથી રાતના પત્નીનો તિરસ્કાર કરી કહે છે 'સવારે ચાલી જજે તારા પિયેર, અને ફરીથી કદી આવીશ નહિ આ ઘરમાં. મારે તું જિંદગીમાં જોઈએ નહિ,' જોજો આ નણંદના ભોજાઈને હલકી પાડવાના ભયંકર તામસભાવનું ફળ છે.

બાઈએ બિચારીએ રોતાં રોતાં પતિ પાસે ઘણો ય ખુલાસો માગ્યો પણ પતિ કશું બોલ્યો જ નહિ. સવારે એ નણંદ પાસે ગઈ, રાતની વાત કરે છે. પેલી પણ જુએ છે કે ભોજાઈને આંખો રડી રડીને સૂઝી ગઈ છે, છતાં ભાઈએ એને મચક આપી નથી તેથી પાસો પોબાર, ભાઈનો ભાવ મારા પર વધારે છે. 'પછી એને શાંત પાડી કહે છે ફિકર ન કરીશ. ભાઈને હું પૂછીશ.'

બહેન ભાઈને બોલાવી પૂછે છે, 'કેમ રાતના શું હતું ? આ બિચારી રોઈ રોઈને અડધી થઈ ગઈ'

ભાઈ કહે છે 'બહેન ! શું પૂછે છે ? આવી દુરાચારિણીનું આપણા ઘરમાં શું કામ છે ? તેં જ નહોતું કહ્યું કે સાડી સાચવવી ?'

ત્યારે બહેન શાણી થાય છે, 'અરે ભઈલા ! તે તેં એનો આવો અર્થ કર્યો ? આ તો એની નવયુવાની છે. દુનિયામાં લુચ્ચા હોય તેથી ભોળપણે ક્યાંક ફસાઈ ન જવાય એથી એને સાવધાની આપવા આવું શું ન કહેવાય ?'

ભાઈ ભોંઠો પડ્યો; પણ સરળ છે તેથી ઝટ કહે છે, 'તો મારી ભૂલ થઈ સમજવામાં. માફી માગું છું'. પત્ની રાજી રાજી થઈ ગઈ; માને છે કે 'નણંદ સારી લાગણીવાળી છે.' ત્યારે ભાઈ માને છે કે 'બહેન સારી કાળજી રાખે છે, પણ બેનને જે રાજીપો થાય છે કે ભાઈ એની પત્ની કરતાં મને સારી વિશ્વાસપાત્ર માને છે એ એનો તામસભાવ છે.

બહેનને બંને તરફથી જશ અને સદ્ભાવ તો મળ્યો પણ કેવા ઉપાયે ? માયામૃષાવાદ, આરોપ ચડાવવાની બુદ્ધિ, પત્ની કરતાં મારા પર ભાઈ વધુ સદ્ભાવ-વિશ્વાસવાળો હોવો જોઈએ એવી સ્વાર્થપટુતા અને બીજાને હીન મનાવવાની દુષ્ટ ભાવના, આ બધાં તામસભાવના તત્ત્વ ભેગાં કરીને જશ અને સદ્ભાવ મેળવ્યો. આમાં એને પોતે ભૂલ કરી એ, માનવાનું ક્યાં રહ્યું ? બંનેનો સદ્ભાવ મળ્યો એટલે 'પોતે આરોપ ચડાવ્યો' એ ખોટું કર્યું એમ માનવાનું રહ્યું જ નહિ ને ? પછી

એનો પશ્ચાત્તાપ દુષ્કૃતગર્હા ?

**પાપની આ વિટંબણા છે કે એથી દુન્યવી લાભે દેખાયે એ પાપનો અફસોસ નથી થતો.**

જો એ અફસોસ નહિ તો પેલી ભૂલથી ઊભું થયેલ પાપકર્મ તૂટવાની વાત જ શી ? પેલી વિધવા બેને એવું કર્મ બાંધ્યું કે જેથી ભવાંતરે પરણ્યા બરાબર. પતિ એને દુઃશીલા માની જિંદગીભર માટે ત્યાગ કરી જાય !

વિચારવા જેવું છે આ બેનની જેમ ક્યારેક આપણે પણ બીજાની આંખમાં ધૂળ નાખવાનો યાને ઈરાદાપૂર્વક એને ભ્રમમાં નાખવાનો પ્રયત્ન અને ખોટી રીતે એનો સદ્ભાવ લેવાનો યત્ન કરીએ છીએ કે નહિ ? એ માટે નિર્દોષ પર આરોપ ચડાવવાની ચાલાકી લડાવીએ ખરા ? પાછું એ કરવા પર આપણું ધાર્યું સફળ થાય એટલે એના હર્ષના ઉન્માદમાં પેલી ભૂલનો ઢાંકપિછોડો કરીએ ખરા ? એને ભૂલ તરીકે માનવા પણ તૈયાર નહિ, ને ઊલટું એ ઠીક હોશિયારી કરી એમ રાજી થઈએ ખરા ? આ બધા તામસભાવ છે હોં.

**તામસભાવ રીઢ અને સમ્યકત્વ નષ્ટ કેમ ? :-**

ત્યારે દુષ્કૃતગર્હા પાપની અફસોસી કેટલી બધી મોંઘી છે ? ને એમાં દુષ્કૃતના ઊંડા બીજ કેવા રોપાય ? આમાં હૈયામાં તામસભાવ કેવો જામ-રીઢ બનેલો રહે ?

બીજી વાત, દુષ્કૃતને દુષ્કૃત તરીકે જ માનવાની તૈયારી નહિ એટલે એને ત્યાજય અકર્તવ્યરૂપે પણ માનવાનું નહિ બને. ત્યાં પછી સમ્યકત્વ શી રીતે રહે ?

સમ્યકત્વ તત્ત્વશ્રદ્ધારૂપ છે, 'હેય' તજવા યોગ્ય તત્ત્વને હેય તરીકે માનવાનું માગે છે. જો એ માનવું જ નથી, તો શ્રદ્ધા ક્યાં રહી.'

ભૂલના મમત્વમાં તણાતા પહેલાં આ બહુ વિચારવા જેવું છે. સમ્યકત્વ ગુમાવીને ભૂલ પર કર્તવ્ય તરીકેનો સિક્કો લગાવવામાં એના ઊંડા કુસંસ્કાર દાખલ થઈ જાય છે. જીવન બીજું ગમે તેટલું ધર્મ-આચરણ ભર્યું હોય, છતાં આનો પસ્તાવો નહિ હોય એથી ભવાંતરે ભારે આપત્તિ એ લાવશે. હજી અહીં તો ભૂલ-પાપથી પાછા ફરી જવાને અવકાશ છે. હુંપદ હેઠું મૂકી પોતાના આત્માને ચિકણાં પાપથી અને કુસંસ્કારથી ન ખરડવાની કલ્યાણ બુદ્ધિ આગળ કરાય, મુખ્ય કરાય, તો સારા બચી જવાય. એ ન કર્યું પછી પરલોકમાં તો એના કુસંસ્કાર ભૂંસવાનો અવકાશ જ ક્યાં ? પૂર્વભવનું ત્યાં યાદ જ નથી આવતું પછી એના ફળરૂપે ભયંકર દુઃખ ભોગવવા છતાં મનમાં ય શાનું આવે કે 'આ મારી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે તો એનું હવે પ્રાયશ્ચિત્ત કરી લઉં ?'

અલબત્ત શુદ્ધ ધર્મની ખરેખરી પ્રાપ્તિ થાય, સ્પર્શના થાય, તો મૂળ પાયામાં



ચાર શરણાંનો સ્વીકાર, અને સાથે જન્મ-જન્માંતરના દુષ્કૃતની ત્રિવિધ ત્રિવિધે ગર્હા-દુગંછા-પશ્ચાત્તાપ કરવાની બુદ્ધિ થાય, કરવાનું સાંપડે. ત્યાં પાપના અનુબંધ-કુસંસ્કાર તૂટવાનું બને. એનું સુંદર પરિણામ એ આવે કે પૂર્વ દુષ્કૃતથી બંધાયેલ પાપનાં ફળરૂપે અહીં દુઃખ ભોગવવાનું આવે છતાં એમાં દુર્બુદ્ધિ ન થાય, મન ન બગડે નવાં દુષ્કૃત્ય કરવાનું મન ન થાય.

**દુષ્કૃતના દુઃખદ વિપાક :-**

પેલી બહેનને એવું જ બન્યું. ભવાંતર સ્ત્રીપણું પામેલી એના પરણ્યા બરાબર એના પતિને એનામાં દુઃશીલતાની કલ્પના આવી, તેથી એને પહેલપહેલો તેડવા આવેલો તે તેડી ન જતાં જીવનભર માટે છોડીને જ ચાલ્યો ગયો. પરંતુ આ સ્વયં ધર્મ પામેલી અને પિતા પણ સારો મળેલો તેથી પોતાના કર્મને જ દોષ આપી બીજા-ત્રીજા ખોટા વિકલ્પમાં ન ચડી, બુદ્ધિ ન બગાડી તામસભાવ ન કર્યો. વૈરાગ્યવાળી બની. સંભવ છે પૂર્વના બેનના ભવમાં પાછળથી એને પોતાનાં એ દુષ્કૃતની અફસોસી થઈ હોય, એથી પાપાનુબંધન ન રહ્યો હોય. એણે અહીં પતિ પર વૈર ઊભું કર્યું નહિ. એણે ચારિત્ર લીધું.

એમાં પાછું એકવાર એવું બન્યું કે પૂર્વ જીવનમાં પેલા પાપની જેમ બીજા ભાઈની પરીક્ષા માટે એની પત્નીને આણે 'હાથ ચોક્ખા રાખવા' કહેલું. એમાં એનો આશય ભાઈને ભાસે કે આ ચોટ્ટી છે, એવો હતો. એ આરોપકારી દુર્વચનનું કર્મ એવું જ બાંધેલું. તેથી એ કર્મ ઉદયમાં આવતાં અહીં ચોરીનો આરોપ ચડ્યો.

**ચોરીનો આરોપ કેવી રીતે ? :-**

પ્રસંગ એવો બનેલો કે પેલા બે ભાઈ-ભોજાઈ અહીં પણ મનુષ્ય અવતાર પામી પતિ-પત્ની બન્યા છે. એ પત્નીઓને પોતાને ત્યાં આવેલા આ સાધ્વીજી પર સ્નેહ થયો; ઉપાશ્રયે જવાના સંયોગ નહિ તેથી એ રોજ સાધ્વીને ઘરે બોલાવી ધર્મ સાંભળે છે. એમાં એક દિવસ પેલું આરોપનું કર્મ ઉદયમાં આવ્યું.

**કર્મ કેવાં વિચિત્ર છે કે ઉદયમાં આવવા માટે એવાં વિલક્ષણ નિમિત્ત ઊભાં કરી ચૂપકીથી અણધાર્યા ને અણચિંતવ્યા ઉદય પામી જાય છે !**

**પહેલી વાર કર્મ કેવી રીતે ઉદયમાં આવ્યું ?** પતિ તેડવા આવ્યો ત્યારે જ્યાં એ પત્નીના ઓરડામાં દાખલ થાય છે ત્યાં જ એક કુતૂહલી વ્યંતરે બારીમાંથી બહાર નીકળી જતા માણસનો દેખાડ કર્યો. પતિ સમજ્યો કે, 'આ કોઈ પત્નીનો યાર મને જોઈને બહાર નીકળી ગયો; તેથી લાગે છે કે આ પત્ની દુરાચારિણી છે. આ મારું શું લીલું વાળે ? માટે આ જોઈએ નહિ,' એમ કરીને ત્યાંથી જ ચાલી ગયેલો.

ત્યારે અહીં એવું બને છે કે સાધ્વીજી એક વાર આ બાઈઓના ઘરે આવ્યા

છે ત્યારે બહારના ખંડમાં હીરાનો હાર ટોલ્લા પર મૂકી અંદર સ્નાન કરવા બેઠી છે. સાધ્વીજીનો ધર્મલાભ સાંભળી અંદરથી જ કહે છે, 'જરા ત્યાં બહાર બિરાજો, અમે આવીએ છીએ.'

**બીજી વાર કર્મની અગમ લીલા :-**

હવે અહીં બીજી વાર કર્મ કેવી રીતે ઉદયમાં આવ્યું ? એ જુઓ. સાધ્વીજી બહાર આસન નાખીને બેઠા છે. ત્યાં સામે ટોલ્લા પર જ્યાં હાર છે તેની બાજુમાં ભીંત પર મોરનું ચિત્ર છે. એમાં કુતૂહલ ખાતર એક વ્યંતરદેવ પેઠો. મોર જીવંત જેવો થઈ ઊઠ્યો અને ટોલ્લા પરથી પેલો હાર મોંમાં પકડી ગળી ગયો, અને પછી પાછો ત્યાં ભીત પર ચિત્રરૂપે સ્થિર થઈ ગયો. કર્મ શું ન કરાવે ? સાધ્વીજી આ જોઈ ચોંકી ઊઠે છે ! ગભરાઈ જાય છે ! અને ઊઠીને ચાલી જઈ ઉપાશ્રયે પહોંચે છે ! અહીં બાઈઓ સ્નાન કરીને બહાર આવીને જુએ છે તો સાધ્વીજી છે નહિ. મનને થયું કે ગમે તે કારણે ચાલ્યા ગયા હશે. પછી ટોલ્લા પર જોતાં હાર ન દેખ્યો.

નોકરને પૂછે છે, 'અહીંથી હાર ક્યાં ગયો ? કોઈ આવ્યું હતું ? હાર કેમ નથી દેખાતો ?

નોકર કહે છે, 'અહીં તો ફક્ત સાધ્વીજી મહારાજ આવ્યા હતા.'

'અરે મૂરખ ! સાધ્વીજી મહારાજની ઉપર આરોપ ચડાવે છે ?'

બાઈઓને સાધ્વીજી ઉપર પાકો વિશ્વાસ છે. પૂર્વનો સદ્ભાવ ચાલ્યો આવે છે; તેથી એ ચોરી જાય એવી લેશ પણ શંકા નથી. પણ પતિ એવા વિશ્વાસવાળા નહિ તેથી કહે છે 'પરંતુ અહીં બીજું કોઈ તો આવ્યું નથી. હાર ક્યાં જાય ?'

મનના ભાવના વારસા કેવા ઊતરે છે ! બાઈઓને પૂર્વે શુદ્ધ સ્નેહ-સદ્ભાવ રહેલા, તે અહીં એના વારસારૂપે એ ઊતરી આવ્યા, પરંતુ પૂર્વ ભવે ભાઈઓને બેન પર કાંક અવિશ્વાસ ઓછા ભાવ જેવું થયું હશે, તે અહીં એના વારસારૂપે સાધ્વીજી પર એવો જ ભાવ જાગે છે.

**બીજાના આપણા તરફ ભાવ બગડે એની ચિંતા ? ને આપણા ભાવ બગડે એની ચિંતા નહી ? :-**

**જગતમાં જીવન જીવતાં આ બહુ સાવધાન રહેવા જેવું છે કે જેની તેની પ્રત્યે જેવા તેવા તામસભાવ મનમાં રમતા ન કરીએ, ઊઠવા જ ન દઈએ.** બાહ્ય વસ્તુના ભાવ યાને વસ્તુનું સ્વરૂપ બગડે, યા સંબંધમાં આવનાર વ્યક્તિના જો ભાવ બગડે તો તે જોઈ ઝટ મનને ખટકે છે; પરંતુ અફસોસ ! કે પોતાના જ મનના ભાવ બગાડવા પર કોઈ ખેદ ચિંતા કે ભય થતો નથી !

શું બહારનું બધું જડ-ચેતન ચિંતા કરવા જેવું છે ? ને પોતાનું મન સાચવવા



જેવું ચિંતા કરવા જેવું નથી ? એને ગમે તેવું કચરાપટ્ટી ઘાણ કરી નાખવાનું ?

**સુખનો મુખ્ય આધાર તો આપણા વિશુદ્ધ મનના ઉપર છે; પછી એની જ ઉપેક્ષા ?**

**બગડેલા યાને તામસભાવવાળું મન સુખશાંતિ નહિ દેખાડી શકે. તેમ ભવાંતરમાં એ સાથે લાગી કટુ પરિણામ દેખાડ્યા વિના નહિ રહે.**

**તો આવા આપણા મનને સાચવવાની ચિંતા નહિ ? ને બહારનાં જડ-ચેતનને સાચવવાની ચિંતા ?**

ગમે તેવો મોટો શ્રીમંત કે સમ્રાટ રાજા પણ હોય, પરંતુ જ્યાં એનાં મનના ભાવ બગડ્યા ને તામસભાવમાં પડ્યો એટલે સુખ ઊડ્યું.

**તામસભાવના દાખલા :-**

**સુખ બાહ્ય સમૃદ્ધિ વૈભવમાં નથી.** એ સુખ-વૈભવ એના એ ઊભા હોય, પરંતુ જો મનને એમ થયું કે 'આ ફલાણો મારી પ્રશંસા ન કરતાં બીજાની કેમ કરે છે ? મારું સારું ન બોલતાં બીજાનું સારું કેમ બોલે છે ?' આમ જો ઈર્ષ્યાનો તામસભાવ મલીન ભાવ આવ્યો, તો સુખશાંતિ લુપ્ત ! અથવા 'હું આટલું આટલું આનું કરું છું છતાં એને કદર કેમ નથી ?' એમ દીનતાનો મલીન તામસભાવ આવ્યો, તો ય એણે દુઃખની લાગણી નોંતરીને સુખ ઊડ્યું ! ત્યાં બિચારી સંપત્તિ-સમૃદ્ધિ શું કરે ? એમજ ઊભી રહે, દુઃખને વારી ન શકે.

બહુ લોભમાં યા હરખમાં તણાય કે, 'બસ, આ વેપાર ખેડ્યો છે, ખૂબ સારા પૈસા મળી જવાના, તો ક્ષણભર આનંદ જેવું લાગે, પણ એ મનનો નશો છે, તામસભાવ છે, ને એમાં ખરેખર સુખ નથી; કેમકે જગતની વચ્ચે બેઠો છે એટલે વિચિત્ર સંયોગ કોઈ ને કોઈ આવી પડવાના, કે જે આ પૈસાના અતિ હર્ષને ટકરાનારા હોય. દા.ત. બીજો વેપારી કોઈ ઘાલમેલ કરતો માલુમ પડ્યો, યા કોઈ હરિફ દેખાયો કે કોઈક માગવા આવશે એવું લાગ્યું અથવા ઈન્કમટેક્ષનું લફરું આવવાનો સંભવ લાગ્યો, દુનિયા છે એટલે એક લફરું નહિ તો બીજું, બીજું નહિ તો ત્રીજું, ઊભું થતાં કેટલી વાર ? બસ, ત્યાં મન ચિંતામાં અને કોઈ દ્વેષ-અરુચિ-ભય વગેરે મેલા ભાવમાં તણાવાનું. ત્યાં સુખ શાંન્તિ લુપ્ત ! મૂળ લોભ યા અતિ હર્ષના કારણે આ ઊભું થાય છે. માટે એ પણ મેલો તામસભાવ છે, દુઃખને જ કંકોત્રી છે. તામસભાવ કેવા જાગે છે ! ને મન કેવું બગાડે છે !

મનના ભાવ બગડ્યા એટલે સુખ રહે શાનું ? આપણે દુઃખી કેમ છીએ ? આપણે તામસભાવમાં ચડી આપણા જ મનના ભાવ બગાડવાથી. રાવણની નજર સીતા પર પડી એટલે એના મનથી હજાર રાણીઓનાં અંતઃપુરનું સુખ ઊડ્યું, વલખા

મારે છે સીતાને મનાવવા ! બધોય સમૃદ્ધિ-વૈભવ ઊભો છે, છતાં દુઃખી છે.

**રાવણ દુઃખી શા કારણે ? સીતા માનતી નથી માટે નહિ, કિન્તુ પોતાના મનના ભાવ બગડ્યા છે માટે; પોતે તામસભાવમાં પડ્યો છે માટે દુઃખી છે.**

**પ્ર.**- એમ કેમ ? સીતા માની હોત તો તો એને સુખ લાગત ને ?

ઉ.- ના, સીતાના માનવા ઉપર વળી બીજી આપદાઓ ઊભી થાત. પછી કાંક એમ લાગવાનું ઊભું થાત કે 'આ મારી પાસે બહુ ગુલામી કરાવે છે.' અથવા એ નમ્ર રહેવા પર એમ લાગત કે 'આ કાંઈ બહુ મારી સાથે ભળતી નથી.' દુનિયામાં એવા કામાંધ માણસો પણ હોય છે કે જે સ્ત્રીના બહુ નમ્ર રહેવા પર દુભાય છે ! એના મનને એમ થાય છે કે 'આ કેમ મને કાંઈ હુકમ નથી કરતી ? બહુ દબાઈને કેમ રહે છે ?' લ્યો, દુઃખનું કાંઈ કહેવું છે કે એ શેમાં લાગે ? ગુલામીમાં કે શેઠાઈમાં ? કશો નિયમ નથી.

**દુઃખ તામસભાવમાં લાગે. સાત્ત્વિકભાવમાં સુખ અનુભવાય.**

સુખ-દુઃખનો મનના ભાવ પર આધાર છે. ગુલામી-માનસને ય તામસભાવ છે, ને અભિમાની-માનસને ય તામસભાવ છે. બંને દુઃખી છે. ગુલામી વૃત્તિવાળાને સામો પોતાને ઓર્ડર ન કરે એમાં દુઃખ લાગે છે. અભિમાનીને સામેનો માણસ હુકમ છોડે એથી દુઃખ લાગે છે. એટલે સીતા માની હોત તો ય રાવણ સુખી ન થાત. માટે દુઃખ સીતા નથી માનતી એના ઘરનું નથી પણ પોતાના મનના બગડેલા ભાવના ઘરનું છે.

**કોશા વેશ્યાને,** સ્થૂલભદ્રજી મુનિ માનતા નથી, એટલે દુઃખ લાગે છે. કહો, એના દુઃખનું ખરું કારણ એ છે ? ના, કારણ તો પોતાના મનના ભાવ બગડેલા છે, તામસભાવના છે, તે છે એટલે જ જ્યાં મુનિનો ઉપદેશ સાંભળીને એના ભાવ સુધરી ગયા ત્યાં એને મહાન સુખશાંતિ આવી ગઈ, પછી ભલે સ્થૂલભદ્રજી ન માન્યા.

**મમ્મણશેઠ** કેમ દુઃખી હતો ? પૈસા ઓછા હતા માટે ? ના, એના ભાવ કલુષિત તામસભાવ હતા તેથી એ દુઃખી હતો. એને લાગતું કે 'આટલું મળે તો મઝા આવી જાય.' પણ એટલું મળતાં જ પાછી નવી તૃષ્ણા ઊભી થઈ જ છે ને ? દુન્યવી ચીજની તૃષ્ણા એ મનનો મલીન ભાવ છે, તામસભાવ છે. એ જાગતાં જ ચિત્ત ચિંતામાં; એટલે દુઃખનો જ અનુભવ થવાનો. પછી મમ્મણને પૂર્વે નહોતું મળ્યું માટે દુઃખ હતું, અને મળ્યું એટલે સુખી થઈ ગયો એવું ક્યાં રહ્યું ? એ તો મનના તૃષ્ણા-દીનતા વગેરે મેલા તામસભાવને લીધે જ દુઃખનો અનુભવ થયા કરતો.

**મનને ઓછું આવે છે એ ય તામસભાવ છે, ને એ મોટું દુઃખ છે.**

હજાર મળ્યા પણ ઓછા લાગ્યા તો દુઃખી. સંતોષ વાળ્યો, બહુ લાગ્યા તો



સુખી. મનને ઓછું આવવું એ મનનો બગડેલો ભાવ છે; એથી દુઃખ. મનને બહું લાગવું, ધાર્યા કરતાં કે પોતાની લાયકાત કરતાં વધારે મળ્યું માનવું એ મનનો ચોક્ખો ભાવ છે, એથી સુખ. દુઃખ કોણ આપે છે ? આપણે પોતેજ મનને ઓછું લગાડવાથી આપણી જાતને દુઃખી કરીએ છીએ, તામસભાવ કરીને મનના ભાવ બગડવાથી જાતે જ દુઃખ ઊભું કરીએ છીએ.

મનને ઓછું ન જ આવવા દો, તો જગતમાં કોઈ સત્તા નથી કે જે તમને દુઃખી કરી શકે. મહાવીર પ્રભુ ઘોરાતિઘોર કષ્ટમાંય મનને જરાય ઓછું આવવા દેતા નહિ, તો સંગમદેવે ઉપસર્ગની ઝડીઓ વરસાવી છતાં પ્રભુ દુઃખી નહોતા થયા; અને મનના ભાવ સ્વચ્છ નિર્મળ રાખી રહ્યા. મનને લેશ પણ તામસભાવનો સ્પર્શ નહિ. પછી દુઃખ શાનું ? દુર્બુદ્ધિ શાની ?

સમજી રાખો, મનના ભાવ બગાડ્યા, તામસભાવમાં પડ્યા, એટલે સુખ લુપ્ત, ને અશાંતિ દુઃખ ચિત્તક્લેશ ઊભા થવાના. પછી ધર્મ કરવા જશો ત્યાં પણ ભલીવાર એવો નહિ આવે; કેમકે ધર્મસ્થાન કે ધર્મક્રિયામાં પણ એ તામસભાવ- વાળું મન એક યા બીજા પ્રકારના ભાવ બગાડશે, અને આરાધના ચૂંથાશે. માટે જ

**દાનાદિની આરાધના એ ધર્મ છે પણ તામસભાવ અટકાવવો, મનના ભાવ ન બગડવા દેવા, એ મહાધર્મ છે.**

બાહ્ય ધર્મની આરાધના ઘણી હોય છે, પરંતુ જો સાથે મનના ભાવ તામસી છે, બગડેલા છે તો પેલી આરાધનાનાં શુભ ફળ કરતાં આ બગડેલા ભાવનું કટુ ફળ તોબા પોકરાવશે. દાન મોટું કર્યું પણ સાથે ઈચ્છ્યું કે 'આનાથી મને સુખસંપત્તિ મળો, કીર્તિ મળો,' તો એ ભાવ બગડ્યા. ત્યાં દાનક્રિયા વિષક્રિયા થઈ. એવું વ્રત-નિયમ-તપસ્યા પણ એવા લૌકિક ફળની કામનાથી એટલે બગડેલા ભાવથી કરી તો એ વિષક્રિયા. વિષક્રિયા એટલે ઝેરના લાડુ. એથી ક્ષણભર આનંદ થાય, પણ જેમ લાડુ પેટમાં પહોંચ્યા પછી નસો ખેંચાઈ ખેંચાઈને મોત આવે; એમ વિષક્રિયાના ફળરૂપે મળેલી સુખસાહ્યબી કે કીર્તિના ઉપર મનના ભાવ બહુ બગડવાના, અને દુર્ગતિના ભવો સરજાવાના.

**સુખલાલસાના તાસસભાવનાં કેટલાં દુઃખદ ફળ ?**

**જરાક તામસભાવે કેવા કેવા ધર્મીને પછાડ્યા ? :-**

અથવા દાનાદિ બાહ્ય આરાધના નિષ્કામ ભાવે કરી, યાવત્ ચારિત્ર પણ લીધું અને પાળ્યું, પરંતુ સાથે અભિમાન, ઈર્ષ્યા, ભાઈ કે બીજા સાથે વૈરવિરોધ, નિંદા, યા ખાનપાનની લંપટતા વગેરે મલીન તામસભાવ સેવ્યા, તો એ ભાવ રાજા થઈ જવાના !

જીભડીની લાલસાના તામસભાવે મહાન પ્રભાવક આચાર્ય આર્ય મંગુને હલકી જક્ષની યોનિમાં ઊતારી દીધા.

નંદ મણિયાર શ્રાવક મેલા ભાવને લીધે મરીને પોતાની જ બંધાવેલી વાવડીમાં દેડકો થયો.

પાર્શ્વનાથ પ્રભુનો જીવ પહેલા ભવે મરુભૂતિ મહાન શ્રાવકધર્મની આરાધના કરનારો છતાં, અને પોતે નિર્દોષ છતાં, તેમજ અપરાધી ભાઈ કમઠને ખમાવવાની ક્રિયા કરતો છતાં, પેલાએ માથામાં શિલા મારતાં મરુભૂતિએ મનના ભાવ બગાડ્યા, તો મરીને એ તિર્યંચગતિમાં હાથણીના પેટમાં પટકાઈ ગયા ! બોલો,

કોનું જોર વધ્યું ? બાહ્ય આરાધનાનું કે તામસભાવનું ? મનના બગડેલા ભાવનું ?

બાહ્ય આરાધના ઓછી પણ હોય કિન્તુ મનના ભાવ ન બગાડવા એવી ચીવટ હોય તો ઊંચું ફળ લઈ જાય છે.

**નાગકેતુ** પૂર્વ ભવમાં પટેલના પુત્ર સાવકી માએ સળગાવેલી ઝુંપડીમાં બળી મરવા પામ્યા, જીવનમાં વિશેષ આરાધના નહોતી, છતાં શ્રાવકમિત્રની સલાહથી માતા પરના દ્વેષના તામસભાવને અટકાવેલો અને અહીં મરતાં પણ 'અરે મારે અઠ્ઠમ કરવો રહી ગયો' એ શુભભાવથી તામસભાવ અટકાવ્યો તો મરીને એ શ્રીમંતપુત્ર નાગકેતુ થયા. ત્યાંય માત્ર ભગવાનની દ્રવ્યપૂજા-પુષ્પપૂજા કરતા હતા, એમાં કરંડિયામાં સર્પ ડસ્યો, પણ મનના ભાવ લેશ ન બગડવા દીધા, જરાય હાયવોયનો તામસભાવ ન કર્યો, તો ઉચ્ચભાવનામાં ચડતાં ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા ! તામસભાવને અટકાવવાનું કેટલું ઊંચું ફળ !

શ્રીયકે માત્ર એક ઉપવાસ કર્યો હતો, બાહ્ય આરાધના ઓછી એક ઉપવાસની. એમાં અતિશય કષ્ટે મૃત્યુ આવ્યું છતાં ભાવ ન બગાડ્યા, તામસભાવ ન સેવ્યો, તો મરીને સ્વર્ગમાં ગયો.

**શાલિભદ્રના જીવે** માત્ર એક થાળી-ખીરનું દાન કર્યું, પણ માતાએ પછી કે, 'કેમ ? ખાઈ ગયો ?' એમ પૂછતાં જરાય મનમાં ઉત્કર્ષનો મલીન તામસભાવ ન સેવ્યો, માતા પાસેથી પ્રશંસાની ચાહનાનો મેલો તામસભાવ ન કર્યો, યાવત્ એ જ રાત્રે મોત આવ્યું છતાં હાયવોય કે માતા પર સ્નેહરાગનો અશુભ ભાવ તામસભાવ ન સેવ્યો, તો મરીને શાલિભદ્ર થયો.

**શાલિભદ્ર કેવો ?** દેવતાઈ નવાણું પેટી રોજ આવતી, છતાં એ અને બત્રીસ અપ્સરા જેવી રમણીઓને કાચી સેકંડમાં છોડી દઈ ચારિત્ર લે એવો. દાન કેટલું ? છતાં ફળ કેવુંક ઊંચું ? કેમ ?



**દાનની આરાધના થોડી પણ તામસભાવથી મનના ભાવ ન બગડવા દઈ ઠેઠ સુધી ગુરુ અને ત્યાગની અનુમોદનાનો સાત્ત્વિકભાવ સાચવ્યો માટે ઊંચું ફળ.**

દાન તો ઉલ્લાસથી દીધું, પરંતુ પછી જીવનમાં પહેલી જ વાર ખીર ખાવા મળી એમાં ઉલ્લાસ વધી ગયો હોત તો ? તો એ રસગૃદ્ધિનો બગડેલો માનસિક તામસભાવ પેલા દાનના ઉલ્લાસને આંબી જાત. દાનની અને દાન કરાવનાર ગુરુના ઉપકારની ભારોભાર અનુમોદના ન કરી શકત. તામસભાવ ઘણી જાતના, ઇન્દ્રિય ગુલામીના, મનની હરખઘેલછાના, દીનતાના, પરનિંદાના, ઈર્ષ્યાના...

વાત આ છે, બાહ્ય ધર્મની આરાધનાના જોર કરતાં બગડેલા મનના તામસભાવનું વર્ચસ્વ વધી જાય છે. તો પછી એમ નહિ પૂછતા,

**બાહ્ય આરાધના વિના કેમ ન ચાલે ? :-**

**પ્ર.-** મનના ભાવ ન બગડવા દઈએ તામસભાવ ન કરીએ; પછી બાહ્ય આરાધના ન કરીએ તો ચાલે ને ?

ઉ.- આ 'બાહ્ય આરાધના ન કરીએ તો ચાલે' એ ભાવ જ મલીન ભાવ છે પછી ત્યાં મનના ભાવ ન બગડવા દેવાનું ક્યાં રહ્યું ? જરાક અંદર ઊતરી તપાસો, કે

'બાહ્ય આરાધના વિના ચાલે' માન્યું એટલે (૧) શેના વિના ચાલવાનું માન્યું ? અને (૨) એ જો ન સેવ્યું તો શું આવીને ઊભું રહેવાનું ? ત્યાં પછી શું શું ખુશમિશાલ સેવાશે ?

**દાનની આરાધના વિના ચાલે માન્યું એટલે ધનપ્રીતિનો તામસભાવ યાને પરિગ્રહની મમતા ઊભી રહેવાની.**

અગર, પરિગ્રહ પર મમત્વ નથી તો શું કામ એ રાખી મૂકે ? એમાંથી દાન કેમ ન કરે ? પણ દાન વિના ચાલે માન્યું એટલે પછી 'પરિગ્રહ રહે એમાં વાંધો નહિ' એમ લાગવાનું પરિગ્રહ તો, સંસારનું મૂળ આરંભ-સમારંભ, એનું મૂળ છે. એમાં વાંધો ન લાગે એટલે એ ખુશીથી રખાવાનો. તો કહો, પરિગ્રહ વિના-વાંધાએ ખુશીથી રખાવાનો ભાવ એ ચોક્ખો ભાવ કે તામસભાવનો બગડેલો ભાવ ? પરિગ્રહ રાખવાનો ભાવ જો મેલો લાગે તો તો એમાંથી કાઢી દાન દેવાનો શુભ ભાવ કરવાનું મન કેમ ન થાય ?

**શીલની ઉપેક્ષામાં વિષયોની ઉજાણી :-**

એમ, શીલ વ્રત-નિયમ વિના ચાલે માન્યું એટલે એનો અર્થ જ એ, કે વિષયોના ભોગવટામાં વાંધો નહિ લાગવાનો; વિષયોની ઉજાણી ચાલવાની. મન કહેશે 'ભાઈ ! કિંમત અંદરના ભાવ ન બગડવા દેવા એની છે. બાહ્ય ત્યાગ-વ્રત

વગેરેથી શું ? એના વિના તો ચાલે;' આમ મન કહે પછી શું કામ વિષયોના ભોગવટામાં વાંધો દેખે ? જો વાંધો દેખતો હોય તો તો એ શક્ય ત્યાગ-વ્રત-નિયમથી એના પર કાપ જ ન મૂકે ? પણ વાંધો નહિ માન્યું એટલે વિષયભોગમાં ખુશીખુશાલીનો ભાવ એ ચોક્ખો કે બગડેલો ? સાત્ત્વિક કે તામસભાવ ? ભૂલશો નહિ,

**દુન્યવી સુખ અને સુખ સાધનાઓમાં ખુશખુશાલી, એ તામસભાવ છે.**

એમ, તપ વિના ચાલે માન્યું એટલે ખા-ખા કરવામાં વાંધો નહિ લાગવાનો. એક તો ખાવું જ ખોટું છે, એમાં પાછો વાંધો નથી લાગતો ને ખુખખુશાલી લાગે છે એ કેટલું મોટું ખોટું ? મનનો આ ભાવ વિશુદ્ધ કહેવાય કે બગડેલો.

વિવેકી મહાત્માઓ તપના પારણે પણ ખાવું ખોટું માને, સારું નહિ. માત્ર બીજી આરાધના ન અટકે એટલા માટે પારણું કરવું જરૂરી લેખતા. **પણ જરૂરી હોય એ ઈચ્છવાજોગ જ હોય સારું જ હોય એવો નિયમ નથી.**

રોગમાં દવા જરૂરી હોય તેથી દવાને સારી માની ઘર ન કરાવાય, કે દવાના ફાકડા ન મરાય. એમ **ભૂખનો રોગ જ ખોટો છે. તેથી ભોજનરૂપી દવા પણ જરૂરી છતાં ખોટી.**

પાયખાને જવું જરૂરી છતાં સારું માની પાયખાને ગયા કરો છો ? પાયખાનામાં કલાકો બેસી રહો છો ? ના, ત્યાં તો સૂગ ચડે છે, તેથી ઝટ બહાર નીકળી જાઓ છે. 'બેનું એકવાર જવું પડે તો ઠીક,' એમ માનો છો. જો ત્યાં જવું સારું જ હોય તો તો બે વાર શું, પાંચ દસ વાર જવાનું પણ સારું જ માનવું જોઈએ, અને શરીર બગડીને એમ લોટા ભરી જવું પડે એમાં કંટાળો ન લાવવો જોઈએ ! દુઃખ ન લગાડવું જોઈએ. પણ દુઃખ લાગે છે, કંટાળો આવે છે. પાયખાનું ય જરૂરી છે તો જેમ દિવાનખાનું સારું લાગે છે એમ એ સારું લાગવું જોઈએ ! પણ સારું નથી લાગતું. એટલે જરૂરી હોય છતાં સારું ન લાગે એમ બને ને ? એમ, ખાવું જરૂરી છતાં પણ સારું નથી લગાડવાનું. 'એ ય ત્રણ વારને બદલે બે વારે પતે, બે વારને બદલે એક વારના ભોજનથી ચાલે, તો ઠીક' એમ માનવાનું છે.

દીકરો કે દીકરીના લગ્નમાં સ્નેહ-સંબંધી બોલાવાય એ ભેગા જેની સાથે અણબનાવ હોય, વિરોધ-મનોભેદ હોય એ પણ બોલાવવા જરૂરી માનવા છતાં એમને સારા નથી માનતાં.

એટલે જરૂર હોય એ સારું જ હોય એવો નિયમ ક્યાં રહ્યો ? તો ખાવું ભલે જરૂરી હોય, છતાં ખાવું સારું, ખાવાના પદાર્થ સારા, એમ મહાત્માઓ માનતા નહોતા તો જ મુનિ ખાય છતાં ઉપવાસી કહેવાય છે. 'ખાવામાં વાંધો નહિ, માત્ર મનના ભાવ ન બગડવા દેવા' એવું માનનાર ઉપવાસી ન કહેવાય. ૧૫૦૦



તાપસમાંથી ૫૦૦ તાપસને ખીરનું પારણું કરતાં કરતાં કેવળજ્ઞાન શી રીતે થયું હશે ? શું એમ માનીને કે 'ભાવ ન બગડવા દેવાં. બાકી આજે તો પારણાનો હક છે. માટે ખાવામાં વાંધો નહિ ? ના, ખાવું જો સારું માન્યું હોત તો તો કેવળે પહોંચવાને બદલે કવળમાં જ અટકી પડત, મનના ભાવ બગડેલા રહેત. **'ખાવું ખોટું' એવી સજ્જડ માન્યતા ઉપર જ ખાતા છતાં ખાવા પરથી આસક્તિ ઊઠે,** શરીર પરથી ય આસક્તિ ઊઠે અને બીજી કુલ આસક્તિઓ ઊઠી જતાં અનાસંગ ભાવ અને વીતરાગતા આવે, ને કેવળજ્ઞાન મળે, સર્વજ્ઞ થાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૧૭,તા.૧૨-૧-૧૯૭૪**

માટે વાત આ છે કે, 'બાહ્ય આરાધના વિના ચાલે' એમ માનવા જતાં, દયા-દાન-શીલ-તપ વિના ચાલે, જિનભક્તિ-સાધુભક્તિ વગેરે વિના ચાલે, એવો અર્થ થાય, તેથી એમાં તન-મન-ધન લગાવવાના નહિ લાગે, પછી પરિગ્રહ-વિષયો-આહાર-પત્નીભક્તિ-આરંભ-સમારંભ વગેરેમાં વાંધો નહિ લાગવાનો; અને એ જ મનના ભાવ બગડેલા કહેવાય. માટે કદી એવું બોલતા નહિ યા માનતા નહિ કે, 'બાહ્ય આરાધના વિના ચાલે.'

**બાહ્ય આરાધના તો એની પ્રતિપક્ષી પરિગ્રહાદિ પાપાક્રિયાઓનાં સેવન પર ઊભા થતા કલુષિત ભાવોથી બચાવે છે.**

(૧) જેટલું દાનમાં દો એટલા પરિગ્રહની મૂર્ચ્છાના તામસભાવથી બચવાના.

(૨) જેટલી તિથિ બ્રહ્મચર્યને નિયમબદ્ધ પાળ્યું કે બીજા વ્રતનિયમ કર્યા એટલે વિષયભોગના ભૂંડા તામસભાવ અટકવાના.

(૩) જેટલો તપ કરો એટલા ભોજન-ત્યાગને લીધે ભોજનમાં થતા રાગાદિ મલીન તામસભાવથી બચવાનું મળે.

(૪) જેટલા જિનદર્શન-જિનભક્તિ-સાધુસેવા-સામાયિકાદિ કરવામાં લાગો એટલો કાળ મોહપાત્ર સ્ત્રી-પુત્રાદિના અને દુન્યવી વિષયોના સંસર્ગથી થતા રાગાદિ તામસભાવથી બચાય.

(૫) જીવની દયા કરવા જાઓ એટલું એની પ્રત્યે કઠોરતા કે ઉપેક્ષાના તામસભાવ અટકે.

(૬) ગુરુની ઉપાસનામાં બેસો એટલો કાળ સાંસારિક પાપક્રિયાઓથી થતા મલિન ભાવથી બચવાનું મળે.

**બાહ્ય ધર્મક્રિયા નકામી કહેનારને આ પૂછો** કે તો પછી પૂરપાટ પરિગ્રહ-

વિષયો-આરંભસમારંભો-રસો વગેરેમાં રાગ-મૂર્ચ્છા આદિ બગડેલા ભાવો રહે, તામસભાવ ચાલ્યા કરે એનાથી બચીશ શી રીતે ?

**પ્ર.**- કહે છે પરિગ્રહાદિ છતાં અનાસક્ત ભાવથી બચાય ને ?

ઉ.- અરે ! પણ પરિગ્રહ તાળા-ચાવીમાં બરાબર પેક રાખી રહ્યો છે અને એના પર મૂર્ચ્છા નથી એમ કહે છે ? અનાસક્ત છે ? અનાસક્તિ તાળુ મરાવે ? ચાવી કબજે રખાવે ? આસક્તિ-મૂર્ચ્છા ન હોય તો તાળું શું કામ મારે ? સારા વેપાર સારી બેંક સારા શેરમાં શું કરવા રોકે ? પુરીનો ટુકડો દૂધના કટોરામાં નહિ, એ આસક્તિ વિના ? ઢોંગ કરીને ભોળા લોકને ઠગીશ પણ ખરી રીતે તો તારો આત્મા જ ઠગાઈ રહ્યો છે. જ્યારે રસત્યાગ દાન, વગેરે બાહ્ય આરાધના તો એટલા અંશે ને એટલો સમય પાપક્રિયાથી અને એના અંગેના અશુભ ભાવોથી બચાવે છે. એ સ્પષ્ટ છે. માટે બાહ્ય આરાધના તો જીવનમાં ભરપૂર જોઈએ. એ જ તારણહાર છે, સંસારની પાપક્રિયા નહિ.

**મનના ભાવ ન બગાડાય એ જીવનનું મુખ્ય કર્તવ્ય :-**

બાહ્ય આરાધનાની સાથે ખાસ લક્ષ રાખીને મનના ભાવ ન બગડવા દેવા જોઈએ. એકલી બાહ્ય આરાધનાના ભરોસે નહિ રહેવાનું; પણ શું એમાં, કે બાકીના સાંસારિક જીવનમાં મનના ભાવ ન બગડે, એ ખાસ ધ્યાન રાખવાનું. એવા ક્રોધ, એવું અભિમાન, એવી માયા, એવા લોભ ન થઈ જાય, ઈર્ષ્યા-નિંદા-ચાડી ને કષાય, ક્રૂરતા-અસત્ય-અનીતિ, ક્લેશ-કલહ-રગડા વગેરે ન થાય, એ ય જીવનનું મુખ્ય કર્તવ્ય તરીકે ખૂબ ધ્યાનમાં રાખવાનું.

**ધ્યાનધારા પર કેમ ચડાય ? :-**

પેલા સાધ્વીજીએ પૂર્વભવે નણંદ તરીકે મનનો ભાવ બગાડી ભોજાઈને ચોટ્ટીનો આરોપ ચડે એવું વચન કાઢેલું, તે અહીં સાધ્વીપણે પોતાની ઉપર ચોટ્ટીનો આરોપ ચડ્યો. પરંતુ એટલા નસીબદાર કે અહીં ચારિત્ર લીધું છે એમાં જન્મજન્માંતરના દુષ્કૃતની જોરદાર ગર્હા કરતા રહ્યા છે તેથી પાપના અનુબંધ તૂટી જવાથી, ચોટ્ટીના આરોપનું દુઃખ આપવા છતાં, બુદ્ધિ ન બગાડી, મનના ભાવ ન બગડ્યા, ખોટી વાત કરનાર પર ગુસ્સો ન ચડ્યો; આ બધા તામસભાવ અટકાવ્યા, અને સાત્ત્વિકભાવમાં ચડે છે, પોતાના જ કર્મની ભૂલ જુએ છે, અને એના મૂળમાં રહેલ પૂર્વભવનાં પોતાના દુષ્કૃત્યની તેમજ એવા દુષ્કૃતકારી પોતાના આત્માની ભારોભાર દુગંછા કરે છે, ગર્હા કરે છે, તીવ્ર પશ્ચાત્તાપ-સંતાપ અનુભવે છે. સાથે સાથે, દુષ્કૃત્યો, પાપવિચાર, પાપવાણી અને પાપવર્તાવોને કરાવનારા લોભ-મૂર્ચ્છા-આસક્તિ રાગ, દ્વેષ, મોહ.., યાવત્ દેહાધ્યાસ અને ઇન્દ્રિયોન્માદ ઝેર જેવા લાગે છે, એને તોડનાર



શુભ ભાવ અને ભાવનામાં ચડે છે, આગળ વધે છે, ધ્યાનધારા આ રીતે જ લાગે છે.

**સાધ્વીમાં કેવી કેવી વિશેષતા ? :-**

અહીં ખૂબી જુઓ કે કલંક ચડવાનું અને બીજાઓમાં હલકાઈ-અપયશ પામવાનું દુઃખ આવ્યું ત્યારે (૧) કોઈ અહંત્વ ન નડ્યું કે 'હાય, મારી આબરૂ ગઈ !' (૨) એમ ખોટી દીનતા નિરાશા ન થઈ. ચારિત્રને ક્લેશકારી માનવાનો ખોટો હિસાબ ન માંડ્યો કે 'ચારિત્ર લીધું તો છેવટે આ જોવાનું આવ્યું ?' (૩) તેમ, કોઈના પર દ્વેષ-અરુચિ ન થઈ; કોઈ જ અશુભ ભાવ ન જાગ્યા, પણ શુભ ભાવ ભાવના ચાલુ થઈ ગયા ને એ વિકસતા ગયા.

દુઃખમાં ને ખોટા કલંકમાં નરસા ભાવથી બચવાનું તામસભાવથી બચવાનું કેમ બન્યું ?

કારણ આ જ કે પૂર્વે પાપ તો કર્યાં છે એટલે અહીં દુઃખ આવે છે. પરંતુ દુષ્કૃતગર્હાથી પાપના અનુબંધ તોડી નાખ્યા છે, તેથી અહીં દુઃખ વખતે અશુભ ભાવ જાગતા નથી. માટે જ સમજી રાખો કે જીવનમાં પાપોની-દોષોની-દુષ્કૃત્યોની નિંદા-પશ્ચાત્તાપ ખૂબ જ જરૂરી છે.

અશુભ યાને તામસભાવો જગાડનાર પાપાનુબંધ છે, અને તામસભાવો અશુભ ભાવનાઓને પેદા કરે છે. દિલમાં ખોટો ભાવ જાગે છે એના પર જ પછી ખોટી વિચારણા ચાલે છે. પાપાનુબંધ તૂટી ગયા, તો અશુભ ભાવ અટકી જવાના, નહિ જાગવાના. આ સાધ્વીએ દુષ્કૃતગર્હાથી એ કર્યું છે. પૂર્વ જીવનમાં એ કર્યું હોત અને દુષ્કૃતનું ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કર્યું હોત તો કદાચ ખુદ પાપ જ નષ્ટ થઈ ગયું હોત, તો આ કલંક ચડવાનું ન આવત. છતાં આ જીવનમાં ગૃહસ્થપણે પતિ પરણીને મૂકીને ચાલ્યો જાય છે ત્યાં નામ વિના સમગ્રરૂપે દુષ્કૃતગર્હા કરી, અને એણે પ્રતાપે ચારિત્ર-જીવન સ્વીકાર્યું તેમજ એમાં પણ દુષ્કૃતગર્હા વારંવાર કરી, એનું પરિણામ આવીને ઊભું કે પાપ અનુબંધો તૂટી ગયા. એટલે હવે બુદ્ધિ બગડતી નથી, ભાવ ખોટા થતા નથી, મલિન ભાવના જાગતી નથી.

**દુષ્કૃતના મૂળભૂત દોષોની ખાસ ગર્હા જોઈએ :-**

જીવનમાં આ કરો, દુષ્કૃતોની વારંવાર ગર્હા કરો. ત્રિકાળ તો અવશ્ય કરો, ઉપરાંત જ્યારે જ્યારે ચિત્ત હર્ષ-ઉન્માદ શોક-ઉદ્વેગ કે રાગ-દ્વેષ વગેરેના સંક્લેશમાં પડે ત્યારે ત્યારે દુષ્કૃતગર્હા વારંવાર કરો. આ દુષ્કૃતગર્હા પણ ખાલી નિરાશા નીસાસાના ઘરની કે માત્ર ખોટા કૃત્યની નહિ, કિન્તુ દુષ્કૃતોનો આચરનારા ઇન્દ્રિયોન્માદ, લોભ, મૂર્ચ્છા તૃષ્ણા રાગ-દ્વેષ વગેરે મલિન ભાવો પ્રત્યેના તિરસ્કારવાળી જોઈએ. જેથી એ દુષ્ટ ભાવ મોળા પડી જાય, અને એના પ્રતિપક્ષી શુભ ભાવો હૃદયમાં રમતા થઈ

જાય. માટે જ જો પૂછાય,

**દેખીતી દુષ્કૃતગર્હા છતાં ઉન્નતિ કેમ અટકે ?**

**પ્ર.**- ધર્મ સમજ્યા પછી એવા કેટલાય માણસ જોવા મળે છે કે જે 'હાય ! હું પાપી છું. મેં પાપ બહુ કર્યાં છે. હજી પણ પાપસેવન ચાલુ છે. અમે ડૂબી ગયા,' વગેરે દુષ્કૃતગર્હા કરતા હોય છે. છતાં એમના જીવનમાં ઊજમાળતા, આગળ પ્રગતિ અને પાપસેવનમાં ઘટાડો કેમ નથી દેખાતો ?

ઉ.- એનું કારણ આ છે કે આરંભ-વિષય-પરિગ્રહનાં દુષ્કૃત ખટકે છે એવા એને કરાવનારા મલિન ભાવો ખટકતા નથી; મલિન ભાવો પર તિરસ્કાર છૂટતા નથી, એ છૂટીને એ ભાવો દબાવતા ચાલવાનું બનતું નથી. નહિતર ખરેખરી અને સદ્ધર દુષ્કૃતગર્હા હોય તો પછી જીવનમાં તુચ્છ પ્રસંગ અને ક્ષુદ્ર વસ્તુની પ્રાપ્તિમાં એવા અહંત્વ લોભ-મૂર્છા રાગ-દ્વેષ વગેરે એમ જ તરવરતા શાના રહે ?

**પ્ર.**- આવા મલિન ભાવ કરવા એ પણ દુષ્કૃત છે; જો દુષ્કૃતગર્હા છે તો આની પણ ગર્હા-તિરસ્કાર થાય ને ?

ઉ.- આ જ વાંધો છે કે મૂળભૂત રાગાદિ ભાવો દુષ્કૃતરૂપ લાગતા નથી હજી આ હિંસાદિ દુષ્કૃત ખટકે છે, કેમકે હિંસા, જૂઠ, મોટો પરિગ્રહ, વિષયસેવન વગેરે દુષ્કૃત છે એવું સમજાય છે, તેથી એની ગર્હા થાય છે, પરંતુ એના મૂળમાં રહેલા લોભ-અહંત્વ-રાગ-દ્વેષ-ઈર્ષ્યા-અસૂયા વગેરે ભાવો એવા દુષ્કૃતરૂપ લાગતા નથી, તેથી એનો તિરસ્કાર એવો જાગતો નથી. હિંસા આરંભ-સમારંભ વગેરે ખોટા માનવા છે, પણ એને આચરાવનારા લોભ-અહંત્વ વગેરેની તરફ લાલ આંખ કરવી નથી, પછી ઊંચા શી રીતે અવાય ? નિરભિમાન, નિર્લોભતા, પ્રમોદ ભાવના, વૈરાગ્ય વગેરે વિકસતા ક્યાંથી ચાલે ?

**મૂળભૂત તાસમભાવો જેવા કે ઈન્દ્રિય-ગુલામી, દેહાધ્યાસ, દેહમમત્વ, દેહમાં આત્મબુદ્ધિ, જડનાં મૂલ્યાંકન વગેરે પર તિરસ્કાર ન છૂટે, પછી ઈન્દ્રિય તરપણની બેપરવાઈ, દેહની નિરપેક્ષતા, અને જડની તુચ્છતાના સાત્ત્વિક ભાવ શે જાગે ?**

ઊંચા આવવું છે ? ધર્મની સમજ સફળ કરવી છે ?

તો આ કરો, દુષ્કૃતની ભારોભાર ગર્હા દુગંછા કરો, સાથે સાથે એનાં મૂળભૂત કારણ ઈન્દ્રિયતર્પણ, દેહદૃષ્ટિ, દેહની સરભરા અહંત્વ, લોભ માનાકાંક્ષા, રાગદ્વેષ, ઈર્ષ્યા-અસહિષ્ણુતા વગેરેને પણ ખતરનાક માનો, એનો તિરસ્કાર સેવો, એમાં ઘટાડો કરતા આવો.

**દુષ્કૃતગર્હામાં કેવળજ્ઞાન ? શું રહસ્ય ? :**

સાધ્વીજી ચોરીનું કલંક ચડવા અને ફજેત થવા ઉપર દુષ્કૃતગર્હા કરતાં આ



કરે છે. એકલાં પૂર્વ કર્મ અને પૂર્વે પાપ કેવાં કર્યાં હશે એની નિંદા પશ્ચાત્તાપ કરીને બેસી નથી રહેતા, પરંતુ આ દેહાધ્યાસ, દેહદૃષ્ટિ, અહંત્વ, લોભ, રાગદ્વેષ વગેરે મૂળભૂત અશુભ ભાવની ઝાટકણીમાં ચડે છે, તેમજ એના પ્રતિપક્ષી શુભભાવને દિલમાં મહેકાવે છે.

**આરાધના માટે આ મહત્ત્વનો મુદ્દો છે,-**

**ગુણસ્થાનકની ઊંચી ઊંચી કક્ષા, માત્ર 'હું પાપી છું, હું પડેલો છું, મારામાં કાંઈ નથી, મેં તો ડૂબી જવાના જ ધંધા કર્યા છે....' એવી કોરી દુષ્કૃતગર્હાથી નથી આવતી, કિન્તુ સાથે સાથે એ દુષ્કૃત કરાવનારા જે મૂળભૂત દોષો અહંત્વ તૃષ્ણા મૂર્છા ઈન્દ્રિયતર્પણ દેહદૃષ્ટિ વગેરે, એના પર પાકા તિરસ્કારથી અને એ દોષોના કરાતા હ્રાસથી આવે છે.**

દુષ્કૃતગર્હા કરતાં કરતાં મહાન આત્માઓ ગુણસ્થાનકની ઊંચી ઊંચી પાયરીએ જે ચડ્યા તે દુષ્કૃત્યસેવનની પાછળ કામ કરી રહેલા આ મૂળભૂત દોષો પર તીવ્ર તિરસ્કારથી કરી કરી અને હૃદયમાંથી એને દૂર કરતાં કરતાં ચડેલા છે.

સાધ્વી મૃગાવતીશ્રીજી સમવસરણમાંથી મોડા આવ્યા, ગુરુણી ચંદનબાળાએ ઠપકો દીધો, અને મૃગાવતીજી દુષ્કૃતગર્હામાં ચડ્યા, ત્યાં શી રીતે એમણે ઊંચા ઊંચા ગુણસ્થાનકની પાયરીએ ચડી કેવળજ્ઞાન લીધું ?

ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાએ ત્યાં જ મુનિના ક્લેવર આગળ બેસી દુષ્કૃતનો હૃદયફાટ કલ્પાંત કરતાં કરતાં ગુણસ્થાનકો ઉપર ચડી કેવળજ્ઞાન લીધું તે એટલા કલ્પાંતમાં જ શી રીતે બન્યું હશે ? ક્યાં એ ઘોર પાપ ? ને ક્યાં કેવળજ્ઞાન ?

મહાત્મા ખંધક મુનિની જીવતાં ચામડી ઉતરાવનાર રાજા પછીથી ભૂલ સમજ્યો અને ભલે ચારિત્ર પણ લીધું છતાં આવા ઘોર પાપથી છૂટી કેવળજ્ઞાન પામ્યો એ કેવી દુષ્કૃતગર્હાથી બન્યું ? આપણે કહીએ કે શુભ ભાવનામાં ચડવાથી એ બને, પરંતુ સવાલ એ છે કે એવી તે કેવી એ શુભ ભાવનાની ધારા હશે ? શુભ ભાવનામાં શું શું હશે ?

**શુભ ભાવનાથી કેવળજ્ઞાનનું રહસ્ય એકે એક દોષના નિકાલમાં છે.**

કેમકે કેવળજ્ઞાન પામવા પહેલાં વીતરાગ બનવું પડે છે. વીતરાગ એટલે સર્વ દોષોથી મુકાયેલા. એવા મુકાયેલા કે હૃદયમાંથી એકે એક દોષના મૂળિયાં ઊખડી જાય, એનો ઝીણો પણ સંસ્કાર રહેવા પામે નહિ. કહો જો, આ સર્વ દોષોના સમૂળ નિકાલ શી રીતે બને જો એ એકેકને ઊખેડી ઊખેડીને દૂર ન ફગાવી દે તો ?

દેખીતું દુષ્કૃત તો મુનિની હિંસાનું કર્યું મુનિ પ્રત્ય દ્વેષનું કર્યું, હવે એની ગર્હા-નિંદા પશ્ચાત્તાપ કરે એટલે એનાથી પાછા ફરી ગયા, એ દોષને શાંત કર્યો, પરંતુ

આત્મામાં દોષો તો બીજા લખલૂટ પડ્યા છે એનું શું ? દા.ત. બીજા કેટલાય દ્વેષ, સ્થાવરકાય જીવનો આરંભ-સમારંભનો અર્થાત્ હિંસાનો ભાવ, રાજ્યાદિ પાસે છે તો એનો રાગ, મમત્વ, તૃષ્ણા, એમ બીજા પણ હાસ્ય, શોક, રતિ, અરતિ, શરીરની મમતા, અહંત્વ, વિષયરાગ, ભય દુગંછા...વગેરે વગેરે કેટલાય અપરંપાર દોષો આત્મામાં ભર્યા પડ્યા છે ! એ બધા ય નષ્ટ ન થાય ત્યાંસુધી વીતરાગ બનાય શી રીતે ? જે દુષ્કૃત કર્યું, કે મૃગાવતીજીએ મોડા આવવાનો પ્રમાદ કર્યો, યા રાજાએ મુનિની હિંસા કરી, એમણે એકલા એ જ દુષ્કૃતની ગર્હા પશ્ચાત્તાપ કર્યા હોય, તો અંદરના ખજાને પડેલા બીજા અપરંપાર દોષ કે દોષસંસ્કારના નિકાલ કેવી રીતે થાય ?

માટે આ માનવું જ જોઈએ કે જો આત્મા વીતરાગ બન્યો છે તો એણે એ સર્વ જીવો યાને સૂક્ષ્મ પણ સ્થાવરકાય જીવો પ્રત્યેનો હિંસક ભાવ શું ચેતન કે શું ભયંકર પ્રતિકૂળ પણ જડ, એના પ્રત્યેનો દ્વેષ-અરુચિભાવ, 'હું કાંક સમજું છું' એવો લેશ પણ અહંકાર, એમ હાસ્ય શોક રતિ અરતિ વગેરેના ભાવ, પોતાની કાયા પ્રત્યેનું ઝીણું મમત્વ, ને રાગથી રક્ષણબુદ્ધિ, નાનેથી મોટા સર્વ વિષયો અને ઉદરનિર્વાહ પૂરતા પણ પૈસા કે સામગ્રી પરનો આસક્તિભાવ, વગેરે વગેરે દોષોનો યાને તામસભાવોનો નિકાલ કરી જ નાખ્યો હોય. એ કરવા માટે એના પ્રત્યે પાકો તિરસ્કાર અને 'હવે એ મારે સર્વથા ત્યાજ્ય, વોસિરે વોસિરે વોસિરે' એવો એનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ, એટલે કે મનથી વચનથી કે કાયાથી એને હું સેવું નહિ, સેવરાવું નહિ, કે સેવતાને સારા માનું નહિ, એવો દઢ નિર્ધાર કર્યો હોય.

**મૂળભૂત દોષો તાસમભાવો :-**

સમસ્ત દોષોનો આ નિકાલ તો જ બને કે મૂળભૂત કારણો મૂળભૂત દોષો પર ચોંટ લગાવી હોય. મૂળભૂત દોષો આ છે, મિથ્યાત્વ, મિથ્યામતિ, મિથ્યા ધોરણો, અહંત્વ માનાકાંક્ષા, આપમતિ, દેહાધ્યાસ દેહમાં આત્મબુદ્ધિ, એ મૂળભૂત દોષો-તામસભાવો છે. એમ દેહરાગ-મમત્વ, જડની માનેલી ખાસ જરૂરિયાત, જીવન ટકાવવા પૂરતા પણ આહારાદિ વિષયોનો રાગ, અને આ બધાના આશ્રયે નભતા કષાયો, તથા હિંસા-પરિગ્રહાદિની છૂટ...ઇત્યાદિ એ પણ મૂળભૂત દોષો મૂળભૂત તામસભાવો છે. એના પર અનેક જાતના દુષ્કૃત્યો અને બીજા અનેક દોષ ઊભા થાય છે. ગુનો કર્યા બાદ ગુણસ્થાનકની પાયરીએ ચડી ગયેલા આત્માઓએ જ સળગતી દુષ્કૃતગર્હા કરેલી, એની સાથે આ મૂળભૂત દોષો પ્રત્યે પણ સળગતો તિરસ્કાર-ધિક્કાર વરસાવેલો, અને ત્રિવિધ ત્રિવિધે એનો ત્યાગ કરેલો. એમાં જ આગળ વધતાં એ સર્વદોષમુક્ત વીતરાગ બનેલા.

**આ કરો, દુષ્કૃત્યોનો સંતાપ અને મૂળભૂત દોષોના તિરસ્કાર, એ વિનાની**



**એકલી શુભ પ્રવૃત્તિથી શું વળે ? :-**

દોષોના કચરાને કાઢ્યા વિના એકલી શુભ પ્રવૃત્તિ કે શુભ વિચારણાથી આત્મા ઊંચો શી રીતે આવે ? હા, પુણ્યનો એક જથો મળે, બાકી દોષો અંદરખાને ઠરીને બેઠા હોય ! એ તો એ મૂળભૂત દોષોના તિરસ્કાર અને ત્રિવિધ ત્રિવિધે ત્યાગ ઊભો થાય, તો ઉપરના બીજા સમસ્ત દોષોનો નિકાલ થાય; ને વીતરાગ દશા આવે. માટે જ જેઓએ કોઈ મહાદુષ્કૃત સેવેલું નહિ, પણ એમ જ સુખમાં કે દુઃખમાં જે શુભ ભાવના પર ચડ્યા, અને કેવળજ્ઞાન લીધું, એમણે પણ આ મૂળભૂત રાગ-દ્વેષાદિ દોષોનો તિરસ્કાર અને એનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ શુભ ભાવની અંતર્ગત ગર્ભિત કે અલગ રીતે કરેલો જ. તો જ એ વીતરાગ સર્વજ્ઞ બન્યા.

**દા.ત.** ભરત ચક્રવર્તી આરિસાભવનમાં શરીર પરથી અલંકાર ખસી જતાં ક્ષણ પહેલાંની શરીર-શોભા નષ્ટ થઈ જોતાં અનિત્ય ભાવનામાં ચડ્યા. હવે શું માત્ર 'બધું અનિત્ય, શરીર અનિત્ય, રાજ્ય-લક્ષ્મી અનિત્ય, માન-મર્તબા અનિત્ય, પરિવાર અનિત્ય,' એટલી જ અનિત્યતાની ભાવના પર એ વીતરાગ સર્વજ્ઞ બની ગયા ? એમ બનાતું હોય તો તો લાવોને આપણે ય એટલી ભાવના કરી વીતરાગ સર્વજ્ઞ બની જઈએ. પણ ના, એમ કાંઈ વીતરાગ નથી બનાતું.

**ભરતચક્રીની કેવળજ્ઞાન પ્રાપ્તિનું રહસ્ય :-**

ત્યારે કહો, વીતરાગ નથી બનવું ? તો શું આટલી અનિત્ય ભાવના કરવી કઠિન છે ? ના, પણ એમ વીતરાગ બનાતું નથી. ભરત મહારાજા પણ એટલા માત્રથી વીતરાગ નથી બન્યા. વીતરાગતા આવવા માટે અત્યંત આવશ્યક સર્વદોષનાશ એમણે કરેલો; અને એ માટે મૂળભૂત દોષો અહંત્વ, ઠેઠ સ્વશરીર સુધીના જડ પદાર્થ અને સગા-સ્નેહી આદિ ચેતન પદાર્થો પર રાગ-મમત્વ, મિથ્યા કલ્પના, મિથ્યા ધોરણો વગેરેનો; અને એના પર નભતા સમસ્ત કષાયદોષોનો પાકો તિરસ્કાર અને ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરેલો.

**ભરતચક્રવર્તીએ શી ભવ્યભાવના કરી ? :-**

**પ્ર.-** એ મૂળ શરૂ થયેલ અનિત્ય ભાવનાને એમ એ રીતે વિકસાવી હશે ?

**ઉ.-** આવી કોઈ રીતે કે "અરે ! આ શરીર, રાજ્ય, પરિવાર બધું જ અનિત્ય ? તો હું શું જોઈ એના પર રાગ કરું છું ? એને મારા માનું છું ? 'એ શરીરાદિ બધું છે એટલે મારે સારું છે, હું સુખી છું,' આવી મિથ્યા ગણતરી-ધોરણ કેમ રાખી બેઠો છું ? મારે એનાથી શું સારું છે ? મારો આત્મા તો એના રાગથી ઊલટો કાળો મેશ થતો જાય છે, કર્મ-બેડીએ બંધાય છે. શા સારુ એ બધાની પ્રાપ્તિ, ટકાવ અને ભોગવટા પાછળ ખોટા અહંત્વાદિ ખતરનાક કષાયો સેવી રહ્યો છું ? બસ, બધું જ વ્યર્થ છે; આવું

જીવન એ ભ્રાન્ત જીવન છે. મારે આવા જીવન અને એ પદાર્થોની સાથે હવે કોઈ જ નિસ્બત નથી. હું કોણ ? હું તો અનંત જ્ઞાનમય શુદ્ધ-બુદ્ધ-અરૂપી આત્મા. મારે ને એ બધાને શું લાગે વળગે ? મારે એ જોઈએ નહિ. હું એ બધાથી તદ્દન અલગ છું. શરીર મારું નથી. રાજ્ય પરિવાર કશું જ મારું નથી. મારું તો મારો આત્મા છે, અનંતજ્ઞાન છે, વીતરાગ દશા અને નિરંજન નિરાકારતા છે...આમ મૂળભૂત દોષો સાથે સર્વ દોષોની ગ્લાનિ અને ત્રિવિધ ત્રિવિધે ત્યાગ, પેલી અનિત્યતાની ભાવનામાં, લાવવા ઉપર એ વીતરાગ બન્યા અને કેવળજ્ઞાન પામ્યા.

એમ, નાગકેતુ મહાશ્રાવક ભગવાનની પુષ્પપુજા કરતાં વીતરાગ કેવળજ્ઞાની બન્યા તે પણ આ રીતે જ સમસ્ત દોષોનો સળગતા તિરસ્કાર અને દોષોનો ત્યાગ ઊભો કરવા ઉપર બન્યા..

**એમ દુ:ખમાં ભાવનાનું એવું જ.**

દા.ત. ગજસુકુમાળ મહામુનિના માથે સગડી સળગી ત્યારે એ ક્ષમાની શુભ ભાવનામાં ચડ્યા ત્યાં પણ એમણે મૂળભૂત દોષો દેહાધ્યાસ, દેહમાં આત્મબુદ્ધિ આત્માનો અભેદભ્રમ, ને તેથી જ કાયાનું મમત્વ, વગેરે પર ભારે ગ્લાનિ ઊભી કરી, ને સાથે એના ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કર્યો, એના પર એ વીતરાગ બન્યા.

**ગુણસ્થાનક પર ચડવાનો ઉપાય :-**

**ખુલ્લો હિસાબ છે કે બાહ્યભાવમાંથી નીકળી અંતરાત્મભાવમાં આવો અને જેમ જેમ મૂળભૂત તામસભાવોને હટાવતા જાઓ, તેમ તેમ ઉપર ઉપરના ગુણસ્થાનકે ચડવાનું થાય; આત્મશુદ્ધિ ઉત્તરોત્તર વધતી આવે.**

પહેલી જરૂર છે બાહ્યભાવમાંથી આંતરભાવમાં આવવાની. બાહ્યભાવ એ તામસભાવનો છે, આંતરભાવ એ સાત્ત્વિકભાવનો છે.

**બાહ્યભાવ એટલે** આત્માને બદલે કાયાને અને કાયાના જ સંબંધી જડ-ચેતન પદાર્થોને જ લક્ષમાં રાખી કરાતી મન-વચન-કાયાની પ્રવૃત્તિ, અર્થાત્ વિચાર-વાણી-વર્તાવ, બુદ્ધિ-બોલ-ચાલ, માનવું-ચિંતવવું, કહેવું, કરવું-કારવવું એ બધું જ બાહ્યભાવ અને બાહ્યભાવની ચેષ્ટા.

**આંતરભાવ એટલે** પોતાના આત્માને જ મુખ્ય કરી એના હિતને અનુલક્ષીને વિચાર-વાણી-વર્તાવ કરવા એ.

પહેલા બાહ્યભાવમાં એ દૃષ્ટિ રહે છે કે, 'મારી કાયાને ઇન્દ્રિયોને ને મનને કેવી મઝા મળે છે ? એનું અનિષ્ટ-અણગમતું કેવું દૂર થાય છે ?' પછી ભલે એમાં પાપના જૂથ ઊભા થઈ આત્માનું વટાઈ જતું હોય, એનું ભયંકર અહિત થતું હોય તો પરવા નહિ. એનો વિચાર જ નહિ ને. મૂળ આત્માનો જ ખ્યાલ નહિ, એને



લક્ષમાં જ લેવાનો નહિ, પછી એના હિત-અહિતનો વિચાર જ શાનો રહે ? ધ્યાનમાં ય ક્યાં હોય ? એમ કાયાનો જ રસિયો છે એટલે એની સાથે લાગતી વળગતી વસ્તુ, પૈસા-ટકા, માન-સન્માન, માલ-મસાલા સગા-સ્નેહી યશ-પ્રતિષ્ઠા વગેરે તરફ જ જોનારો બન્યો રહેવાનો આ બધી બાહ્ય દૃષ્ટિ છે, બહિરાત્માના રંગઢંગ છે. બહિરાત્મભાવમાં તામસભાવો ચકચકે છે.

**આંતર દૃષ્ટિવાળો શું કરે ?**

કહો, પહેલું તો એ જુએ કે 'મારા આત્માનું શું ? એનું બગડે કે સુધરે એવું છે ? એનું વટાય કે હિત-વૃદ્ધિ થાય ?' આ જ દૃષ્ટિ મુખ્ય હોઈ એ આત્મહિત-અહિતને લગતી વસ્તુ તરફ લક્ષ દેનારો હોય, અહિતકર વસ્તુ તરફ અરુચિ-ગ્લાનિ-અકળામણ અનુભવે, હિતકર તરફ આકર્ષણ-રુચિ-હુંફનો અનુભવ કરે. અહિત છોડવાનું અને હિત આદરવાનું ન બનતું હોય છતાં એની એની પ્રત્યે આંતરિક વલણ એને અનુરૂપ અકળામણ યા આકર્ષણનું જ હોય. ખોટી ખેંચપકડ, હોંશાતોંશી, ઈર્ષ્યા, ખાર, વેરઝેર એને ગમે જ નહિ. અંતરાત્માને કાયાથી અલગ પાડી દીધા પછી તો કાયાનાં માન-સન્માન-વાહવાહ વગેરેની એવી કિંમત ન આંકે કે જેથી એ ખેંચપકડ-દુરાગ્રહ-ઈર્ષ્યા વગેરે એને સેવવા પડે.

**અંતરાત્માની ભાવના :-**

અંતરાત્માને મુખ્ય બનાવનારો તો જુએ છે કે 'આ દુરાગ્રહ, ઈર્ષ્યા, નિંદા, વગેરે જાલિમ દોષો કોના પર ઊભા થાય છે ? બાહ્ય જાતનાં એટલે કે કાયાનાં જ કોઈ માન-અપમાન, ઓછી કિંમત અને વધારે કિંમતના ઉપર જ એ ઊભા થાય છે. બાકી ખરેખર તો મારી જાત કહું, કાયા કહું, કે વ્યક્તિત્વ કહું, એ મારા અંતરાત્માનાં એક સાધન તરીકે છે. ખરો મૂળ ધણી તો મારો અંતરાત્મા છે. અંદરનો 'હું' નામનો કોઈ પદાર્થ આત્મા જ એને હલાવે ચલાવે છે, સુવાડે ઉઠાડે છે, પ્રવર્તાવે-નિવર્તાવે છે. હવે શા સારુ એ સાધનભૂત કાયાનાં માન-પાન એવા મહત્ત્વનાં ગણું કે જેથી એની લોથમાં મારા અંતરાત્માનાં પુણ્યસંચય નષ્ટ થતા ચાલે ? પાપપુંજ વધે ? અસમાધિ-દુર્ધ્યાન-વિકલ્પો વધતા આવે ? નવા પુણ્યમાર્ગ બંધ થઈ જાય ? મારા આત્માની ચિરકાળની સદ્ધરતાને બદલે દુર્દશા ઊભી થાય ?

**અંતરાત્મા શોધવાની ચાવી :- આત્મસિદ્ધિ :-**

આ એક પ્રયોગ ખાસ કરવા જેવો છે, જેથી અંતરાત્મા કોઈ એક નક્કર ચીજ છે એનો ખ્યાલ આવે. આપણે બહારમાં એવા ભૂલા પડી ગયા છીએ કે આપણને એમ જ લાગ્યા કરે છે કે, 'આ કાયા ઇન્દ્રિયો માલ મિલકત વગેરે તો બધું નજરે દેખાય છે. અનુભવાય છે. અંદરમાં આત્મા જેવું ક્યાં કાંઈ વરતાય જ છે ? હું સુખી

હું દુઃખી એ પણ જે ભાસે છે તેમાં ય જોતાં એમ લાગે છે કે કાંઈ કોઈ રાગ, અપમાન, પૈસાની તંગી વગેરેથી મારી જાત દુઃખી; અને આરોગ્ય, શક્તિબળ, પૈસા-ટકા, માન-સન્માન વગેરેથી જાત સુખી. આ બધું ય બહાર જે દેખાય છે તે જ છે, એમાં આત્મા ક્યાં આવ્યો ?' આવું આવું જ ભાસ્યા કરે છે.

પણ અંતરાત્મા એમ નહિ જડે. એ શોધવાની એ ભાસવાની રીત છે. તે માટે આ કરો,

**(૧) વ્યવસ્થિત બેઠક :-**

વહેલી પ્રભાતે એકાંતમાં બેસો, બહારના કોઈ અવાજ કાન પર ન આવે એવું સ્થાન પકડો. ત્યાં સ્વસ્થ ટટાર શાંતિથી બેસી, મન પરથી ક્ષણભર બધા ભાર ઉતારી નાખો. એમ સમજો કે આપણો આત્મા કોઈ ગહન વસ્તુ શોધી કાઢવાની ધૂનમાં એકલો અટુલો નિર્જન વન-વગડામાં નીકળી પડ્યો છે. મનથી બિલકુલ ફોરા હળવા નિર્બંધન બની જાઓ. રાતના પણ આ બની શકે. વાતાવરણ શાંત જોઈએ. બેઠક પ્રમાદ ન આવે એવી ટેકા કે ગાદી વિનાની હોય.

**(૨) 'હું' ને જુદો પાડો :-**

પછી આંખ મીંચી સ્વસ્થ ચિત્તે અંદર તપાસો, 'હું કોણ ? કોણ છું હું ?' હવે આ 'હું' વર્તાતો નથી કે એ ચોક્કસ કેવા રૂપનો છે. માટે હૃદયમાં એક વર્તુલ કલ્પો કે જેમાં આ કોઈ 'હું' તત્ત્વ છે, ભલે એનું ચોક્કસ રૂપ ધ્યાનમાં નથી આવતું. પરંતુ એનું સ્થાનભૂત એક વર્તુલ કલ્પી એને (૧) કાયા, (૨) ઈન્દ્રિયો, (૩) અંગોપાંગ , (૪) વાણી, અને (૫) વિચારો લાગણીઓ, વગેરે બધાથી અલગ પાડી દો. એ બધા તો પેલા વર્તુલથી બહાર છે એમ ધારો. હવે પ્રશ્ન કરો કે આ વર્તુલમાં રહેલ 'હું' વ્યક્તિ કોણ છે કે જે હાથ ઊંચો કરે છે, નીચો લે છે પગ લાંબા-ટૂંકા કરે છે, ઈન્દ્રિયોનાં લક્ષમાં વસ્તુ લેવરાવે છે ?...વગેરે

**બધાનો સંચાલક 'હું' કોણ :-**

**(૩) કાયા-ઈન્દ્રિયોની પરતંત્રતાની તપાસ :-**

એ તો નિશ્ચિત છે કે હાથ પગ નિયમિત રૂપે તો હલન-ચલન કરતા જ નથી. કોઈ અંદરવાળાની ઈચ્છા અને પ્રેરણાથી હાલે ચાલે છે. માટે જ એ પરતંત્ર છે. એવું ચામડી-સ્પર્શેન્દ્રિય પર વાયુ અથડાય તો છે જ, પરંતુ એ વાયુના શીતલ-વધુશીતલ કે ગરમ-વધુગરમ સ્પર્શનું ભાન સતત તો થયા કરતું જ નથી. એ તો અંદરવાળા કોઈની ઈચ્છા-પ્રેરણા થાય ત્યારે જ સ્પર્શનેન્દ્રિય દ્વારા એ લક્ષમાં લેવાય છે કે 'આ શીતળ છે કે ગરમ ?'

એમ કાયા પણ એમજ કોઈ સૂઈ જ રહેવાના સ્વભાવવાળી નથી, કે બેસવાના



જ યા ઊભી રહેવાના સ્વભાવવાળી નથી. એ તો કોઈ અંદરવાળો એની ઈચ્છા મુજબ કાયાને સુવાડે છે, ઊઠાડે છે, બેઠી હોય તો ઊભી કરે છે, ને ઊભીને બેસાડે છે. આમ કાયા-ઈન્દ્રિયો પ્રવર્તવામાં સ્વતંત્ર નહિ, પણ કાંઈક 'હું' ને પરતંત્ર છે.

**અંદરવાળાનું વિશેષ ચલણ જુઓ :-**

પાછું એમાં એવું બને છે કે રાતના સૂતી કાયાને જાગી જતાં ઊઠાડવા તો માંડી, પણ અધવચ્ચે એમાં કાંક ત્રણના ટકોરા સાંભળ્યા; તો સાંભળતાં જ કાયાને પૂરી ઉઠાડવાને બદલે સુવાડી દે છે. આ કોણ કરે છે ? કાયા આપમેળે ઊઠતી હોત તો ઊઠવા તો માંડી જ હતી, પાછી કેમ સૂતી ? ટકોરા સાંભળ્યા તો કાને શ્રોત્રઈન્દ્રિયે સાંભળ્યા એમાં કાયાને શું ? કાન જો બહેરાજ હોત, તો શું કાયા ઉઠવા માંડેલી તે પાછી સૂઈ જાય ? ત્યારે કહેવું જ પડે કે અંદરવાળા કોકે કાયાને ઉઠાડતાં વચ્ચે ઊભી રાખી; અને એ કોઈકે કાનને ટકોરા સાંભળવા તરફ પ્રેર્યા. પછી એનો ખ્યાલ લઈને એ કોઈકે મનને 'હજી તો રાત સૂવા માટે બાકી છે, ઊઠવાની વાર છે, એમ વિચાર કરવા પ્રેર્યું. આમ હિસાબ માંડી ઊઠતી કાયાને એ કોઈકે સુવાડી દીધી. આ બધું કોઈક 'હું' એ કર્યું.

આ એના જેવું છે કે ડ્રાઈવર મોટર ચાલુ કરતો હતો, અને એને ઉપરથી આદેશ મળ્યો કે 'હજી વાર છે,' એટલે એ ડ્રાઈવર ચાલુ કરેલ મોટર-મશીન બંધ કરી દે છે. મોટર અને સંદેશો જુદી જુદી વસ્તુ છે, તેમજ સંદેશો મોટરના ખ્યાલમાં નથી આવતો પણ ડ્રાઈવર એને ઝીલી મોટરને અટકાવે છે. એવી રીતે કાયા અને ટકોરાનું શ્રવણ જુદી જુદી વસ્તુ છે. તેમ કાયાને ટકોરાના ખ્યાલ ન આવે. પણ અંદરવાળો ટકોરાનું સંવેદન કરી ઊઠતી કાયાને અટકાવે છે, સૂંવાડી દે છે.

આવું આમાં જ નહિ, પણ હાથ-પગ-માથું હલાવવામાં પણ બને છે કે એક બાજુ એને ચાલુ કર્યો, ને વચમાં બીજો વિચાર આવતાં એને અટકાવી દેવાય છે. અંદરવાળા કોક સાવધાન વિના આ પરિવર્તન કોણ કરે ?

**(૫) ઈન્દ્રિયક્રિયામાં પરિવર્તન કોણ કરે :-**

એવું આંખ બહાર ફેંકતાં અચાનક કોઈ સ્ત્રી પર પડી તો ઝટ એ આંખને ત્યાંથી સદાચારની રૂએ કોણ ઊઠાવી લે છે ? અથવા દુરાચાર વૃત્તિથી કોણ આંખને સ્ત્રીના અંગ પ્રત્યંગ પર જોડે છે ? ચોંટાડી રાખે છે ? બિચારી આંખનું કામ તો જોવાનું એટલે જોવાનું. પરંતુ એને જોવામાંથી બંધ રાખવાનું કે જોવાનું ચાલુ રાખવાનું કોણ કરાવે છે ? ક્ષણભર અને પરસ્ત્રી પર ટકાવતાં 'પછી નરકગતિમાં આના ફળરૂપે મારી જ આંખોમાં પરમાધામીના ભાલા ભોંકાશે' એવા કોક વિચારે આંખને ત્યાંથી ઉઠાવી લેનાર અંદર કોણ છે ? એમ એક રસ મૂકી બીજો રસ, એવું

જીભની ક્રિયાનું પરિવર્તન કોણ કરે છે ?

**(૬) વાણી પર કોનું ચલણ ? :-**

એમ જીભ કોઈ આપમેળે અને કોઈ ચોક્કસ પ્રકારનું બોલ બોલ કરવાના સ્વભાવવાળી નથી. એ તો કોઈ અંદરવાળો પોતાની ઇચ્છા અને પ્રેરણાનુસાર એની પાસે બોલાવે છે, ત્યારે એ જીભ બોલે છે. એમાં વળી બોલવા તો માંડ્યું પણ વચમાં અંદરવાળાને કાંક બીજો વિચાર આવ્યો તો જીભને બોલતી બંધ પણ કરી દે છે, યા ચાલુ ચાલે બોલવાને બદલે બીજી જાતનું બોલાવે છે. બોલો, આ અનુભવસિદ્ધ છે ને કે સામાને કાંઈક કહેવા જતાં એના ચહેરો બગડતો દેખ્યો કે તરત બોલવાનું ફેરવી વળાય છે ? અને એવું કાંઈક કહેવાય છે કે 'આ તો મેં બહાર તમારા માટે સાંભળ્યું તે તમારા ધ્યાન પર લાવવા કહું છું. બાકી હું કાંઈ એવું માનતો નથી...' વગેરે ત્યારે આ ફેરવી વાળવાનું અને સામાને સવાસલો કરવાનું શું જીભ સ્વયં કરે છે ? ના,

**સામાને સારું-ખોટું લાગશે એ બધો વિચાર કરવાનું જીભનું શું ગજું ? એ તો કોઈક અંદરવાળો જ કરે છે, અને વાણીને એમ ચલાવે છે.**

**(૭) મન પર કોનું ચલણ ? :-**

આથી પણ ઊંડા ઊતરો. મનથી વિચારો કરાય છે તે પણ શું મન જાતે કરે છે ? જો એમજ હોય તો ક્યારેક વિચારને એકાએક અટકાવી કોણ દે છે ? મન તો તૈયાર હતું વિચાર લંબાવ્યે જવા; તો પછી કેમ અટક્યું ? કહેવું જ પડે કે જેમ વાણીને તેમ મનને પ્રવર્તાવનાર કોઈક અંદરવાળો છે. વાણીની જેમ મનથી વિવિધ વિચારો, લાગણીઓ મનોરથ, આશાઓ વગેરે વગેરે ઊભું કરનાર કાંઈ અંદરવાળો છે. એજ એને ફેરવનાર પણ છે, યા એનો પારો ચડાવનારે ય છે, કે એને બંધ કરનાર છે.

**બસ, અંદરખાને આ પૂછવાનું છે કે**

**"આ બધું સ્વતંત્રપણે કરનાર મૂળ 'હું' એ કોણ છે ?"**

આ જ સવાલ અને ખોજ કરો કે નિયમસર નહિ પણ ક્યારે-ક્યારેક નિયમ વિના (૧) કાયાને બેસાડનાર-ઊભી કરનાર, (૨) હાથ-પગ હલાવનાર, બંધ કરનાર. (૩) જીભને જુદું જુદું બોલાવનાર, (૪) આંખને જોવરાવનાર-ફેરવનાર, કાનને કાંક સાંભળવા તરફ પ્રેરનાર. (૫) મનને વિચાર શરૂ કરાવનાર કે બંધ કરાવનાર, મનમાં ગુસ્સા વગેરેની લાગણી ઉશ્કેરનાર ને ઠંડી પાડનાર 'હું' એ કોણ છે ? 'હું' એ શું ? એનું કેવું સ્વરૂપ ? એ કેવી સ્થાયી વ્યક્તિ કે જે ભર ઊંઘમાં પણ કાયમ ?

**બોલો ભર ઊંઘમાં ય 'હું' કાયમ છે કે ખત્મ છે ?** બરાબર ધ્યાનમાં લો



કે કાયા એ 'હું' વ્યક્તિ નથી; કેમકે એ તો ઊંઘમાં ય કાયમ છે. તો પછી કેમ કશો ખ્યાલ કે પ્રવૃત્તિ ન કરે ? તેમ પૂર્વે કહ્યું તેમ કાયા જાગીને ઊઠવા જાય, ત્યાં ત્રણના ટકોરા સાંભળતાં ઊઠવાનું બંધ કરાવી સૂવાનું કરાવનાર કોણ ? કહો 'હું' એ 'હું' કાયા પોતે નહિ. ત્યારે સવાલ થાય કે

**ઊંઘમાં 'હું' નું કેમ ચલણ નહિ ?**

**પ્ર.-** જો ઊંઘમાં કાયાથી જુદી વ્યક્તિ 'હું કાયમ છે, તો પછી કેમ એ 'હું' વ્યક્તિ ત્યારે કશો ખ્યાલ નથી કરતી ?

ઉ.- ખ્યાલ કરવાનું સાધન મન છે, ને ભર ઊંઘમાં કાયા ને ઇંદ્રિયોની જેમ મન પણ સુસ્ત છે. એટલે 'હું' વ્યક્તિ એવા સુસ્ત સાધનાથી શો ખ્યાલ કે પ્રવૃત્તિ કરે ? છ મહિનાની ગાઢ બિમારીથી નંખાઈ ગયેલાનું મન સુસ્ત-મુડદાલ બની જાય છે ને ? અંદરનો 'હું' સજાગ છતાં એવા મનથી એ તેવાં સ્મરણ કે વિચાર ચિંતન નથી કરી શકતો. એમ ભર ઊંઘમાં તો મન એકદમ મુડદાલ, તેથી 'હું' એનો ઉપયોગ શી રીતે કરી શકે ? છતાં પેલા બિમારની જેમ 'હું' વ્યક્તિ ખખડધખ છે. પોતે પોતાનામાં બરાબર ચોક્કસ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૧૮,તા.૧૯-૧-૧૯૭૪**

**પક્ષાઘાતીમાં અલગ 'હું'ની સિદ્ધિ :-**

પક્ષાઘાતી પણ માણસ સાપ આવતો દેખે તો શું એને બરાબર સમજી શકતો નથી ? 'એ કરડે તો ઝેર ચઢે, નસો તણાય, મોત આવે,'...વગેરે સમજવામાં બરાબર ચોક્કસ છે. પણ ત્યાંથી ભાગવાનું સાધન કાયા પક્ષપાતથી તદ્દન મુડદાલ બની છે એટલે બિચારો કરે શું ? નથી ઊઠતી એ કાયા છે, સમજનાર 'હું' છે.

એમ ભર ઊંઘમાં 'હું' વ્યક્તિ કાયમ છતાં સાધન કાયા વગેરે તદ્દન મુડદાલ બનેલા તેમને એ શું કરાવી શકે ? એમ છતાં ઊંઘમાં 'હું' વ્યક્તિ ખત્મ નથી. નહિતર જાગ્યા પછી 'મને સારી ઊંઘ આવી' એ અનુભવ શી રીતે થાય ? વળી ઊંઘ્યા પહેલાં વિચારી રાખેલ તે જાગીને શી રીતે ખ્યાલમાં લેવા માંડે કે 'મેં આ વિચારી રાખેલું, તો હવે હું એ કરું ?' એવો ખ્યાલ કેવી રીતે કરી શકે ? એ તો પૂર્વનો 'હું' હાલ પણ કાયમ છે તો જ કરી શકે. ત્યારે તમે અહીં પૂછવાના,

**પ્ર.-** તો એમ તો કાયા માટે પણ કહેવાય કે ઊંઘમાં એ કાયમ છતાં મુડદાલ હતી તેથી કશો ખ્યાલ નહોતો કરી શકતી, અને જાગીને કરે ? જુદી 'હું વ્યક્તિ માનવાની શી જરૂર ?

ઉ.- જરૂર એટલા માટે કે (૧) કાયા તો સાધન છે, તો પોતે કર્તા કેમ બની શકે ? વળી (૨) ઇન્દ્રિયો એનાથી તદ્દન જુદી વ્યક્તિઓ છે, એના પર એ કાયા 'મેં જોયું ને સાંભળ્યું ય ખરું' એવો ખ્યાલ એ શી રીતે કરે ? વળી (૩) એ એને પ્રવર્તાવે શી રીતે ? તેમ (૪) કાયા તો એક પોટલો, એ પોતે ઊઠતા અધવચ્ચે કેમ સૂઈ જાય ? આ બધાનું સમાધાન તો જ થાય કે જો 'હું' વ્યક્તિ જુદી હોય અને એ જ કાયા પાસે, ઇન્દ્રિયો પાસે પ્રવૃત્તિ કરાવતી હોય યા અટકાવતી હોય; કાયારૂપી પોટલાને ઊંચી કરે, યા નમાવી દે, ને ભૂમિ પર ઢાળી ય દે.

એટલે હવે પૂછવાનું આ છે કે,

**'કાયા-ગાત્રો ઇન્દ્રિયો-વાણી અને મન આ બધાને પ્રવર્તાવનાર, ફેરવનાર કે રોકનાર 'હું' કોણ છું ? કેવો છું ?**

જડ સાધનો કરતાં આ 'હું' નું તદ્દન નિરાળું ચૈતન્યસ્વરૂપ શું છે ? કેવોક 'હું' કઈ ગણતરી, કયા ધોરણ, અને કયા કારણસર આ કાયાનાં હલનચલન, ઇંદ્રિયોનો વિષયપ્રવર્તન, અને મનની કષાયની લાગણીઓ-વિચારોના પ્રવાહ વહેવડાવી રહ્યો છું ?

**અંતરાત્મા શોધવાની અને આત્માનું વર્ચસ્વ ઊભું કરવાની આ ચાવી છે.**

આવો વિચાર ખોજ તપાસ કે એ 'હું' કોણ ? એ અંતરાત્મભાવની વિચારણા માટે બહુ ઉપયોગી છે. એ ખોજનો લાંબો અભ્યાસ જોઈએ. એથી ભલે 'હું' ના ચોક્કસ વિશિષ્ટ સ્વરૂપની સ્પષ્ટતા ન થાય, તો ય સ્વતંત્ર 'હું' પદાર્થ હોવાનો ચોક્કસ ભાસ થવાનો પછી તો એના આધાર પર એક એવું બળ અને જાગૃતિ ઊભી થવાની કે ક્યાંક ખોટી લાગણી મનમાં ઊઠવા જતી હશે, ત્યાં અંદરથી ઝટ આ 'હું' કહેશે 'અરે ! મારે શા સારુ મનને આ લાગણી કરાવવી ? શા સારુ મારે આંખને અયોગ્ય સ્થાને મોકલવી ? યા વાણીને અનુચિત બોલવા દેવા ? મન-આંખ-વાણી એ તો સાધનો છે. એનો પ્રવર્તક હું છું. 'હું' એક ચૈતન્યવાન અદ્દ્ભુત અનુપમ સુંદર અનેરી વ્યક્તિ છું, તે મારે મારાં જડ સાધનોને બેહૂદાં-ગંદા કાર્યમાં શા સારુ પ્રવર્તાવવા જોઈએ ? હું માલિક છું, સ્વતંત્ર કર્તા છું, મારે જડ કાયાદિને પ્રવર્તાવવા કે ન પ્રવર્તાવવા એ મારા હાથની વાત છે. તો મારે અનુચિત પ્રવર્તન કરાવવાં નથી, જડ મનને મલિન લાગણીભર્યું કરવું નથી. આ બધાને એવા અયોગ્ય પ્રવર્તનથી સ્વાદ આવે તેમાં મારે શું ?

**'હું'ની બરાબર જુદાઈ સમજાય, તો આત્મબળ ઊભું થાય.**

કાયા એ બાહ્ય પદાર્થ છે. એને જ સ્વતંત્ર કર્તા હર્તા અને પોતાની જાત માની લઈને એના અંગે કરાતા વિચાર એ બાહ્યભાવ છે. ત્યારે એ કાયાદિથી તદ્દન



નિરાળી વ્યક્તિ 'હું' એ અંતરાત્મા છે, અને એના હિતાહિતનો કરાતો વિચાર એ આંતરભાવ છે, અંતરાત્મભાવ છે.

બાહ્યભાવમાં કાયા જ 'હું' (આત્મા) બની બેસે છે. અંતરાત્મભાવમાં આવવાથી પછી કાયાદિની પ્રવૃત્તિમાં 'હું' સ્વતંત્ર વ્યક્તિ તરીકે અલગ દ્રષ્ટા બની રહે છે.

આનંદઘનજી મહારાજ કહે છે,

**''આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘ(પાપ) રૂપ;**
**કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ; સુજ્ઞાની !**
**સુમતિ-ચરણકજે આતમ અરપણા.**

**ગુણસ્થાનકે ચડવું છે ? આત્મશુદ્ધિ કરવાનો ઉપાય :-**

આત્મશુદ્ધિ કરતા ચાલવું છે ? તો પહેલું આ કરો કે અનાદિના રૂઢ બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં આવો; સ્વતંત્ર 'હું'ની ખોજ અને ચોક્કસતા કરી કાયા-ગાત્રો-ઇન્દ્રિયો-વાણી અને મનની પ્રવૃત્તિમાં વિવેકી દ્રષ્ટા નિરીક્ષક અને તોલ બાંધનારા બનો.

કાયા પૈસા લેવા ગઈ, અંદરનો સ્વતંત્ર 'હું' જુએ કે 'આ આજીવિકાપૂરતા જ લેવા જાય છે કે વધારાના ? અગર વધારાના, તો હું શા માટે મનને એની લાલસા કરાવું છું ? શા સારુ કાયાને એમાં પ્રવર્તવા દઉં છું ? પૈસા વધુ મળશે. તો કાયા-માયાને તાગડ-ધિન્ના થશે, મારે શું ? મારે તો ફોગટ રાગ-દ્વેષના કચરા વધારવાનું થાય છે. ક્યારે આ બલા છૂટે ?' આનું નામ વિવેકી નિરીક્ષણ અને તટસ્થ તોલ બાંધવાનું કહેવાય. એ જ કાયા પ્રત્યે સાક્ષીધરપણું ગણાય. એવું જીવનની બીજી અનેકાનેક પ્રવૃત્તિઓ અને વાત-વસ્તુમાં ચિંતવવાનું, સાર ખેંચવાનો, તોલ કાઢવાનો. ધાર્મિક પ્રવૃત્તિમાં પણ અંતરાત્માં 'હું' ના રાગદ્વેષના કચરા કાઢવા તરફ લક્ષ રહે.

**સ્વતંત્ર 'હું' પર વૈરાગ્ય-વિચારણા :-**

'ભરતજી મનહીમેં વૈરાગી' શી રીતે ? આ જ રીતે કે એ અંતરાત્મભાવમાં મહાલતા હતા. 'હું' ને કાયા અને મન કરતાં જુદી સ્વતંત્ર વ્યક્તિ સમજી લીધા પછી નજર સામે તરવરતું કે ''એ 'હું' તો અરૂપી, નિરંજન, નિર્વિકાર, અનંતજ્ઞાન-દર્શન-સુખ-સ્વભાવી; એવા મારે વળી રૂપ જડ પુદ્દ્ગલના સંબંધ શા ? મમત્વ શા ? મારે તો એના પાશમાં 'આ જા ફસા જા' નો સોદો થઈ ગયો છે. તેથી હું કાંઈ એને મહત્ત્વ આપું નહિ. જેલમાં ફસેલો કોણ જેલના રંગરોગાન પર મોહી પડે ? એ તો એને દ્રષ્ટા બની રહી દિવસો પૂરા કરવાના. એમ મારે આ જેલતુલ્ય વૈભવ સમૃદ્ધિના માત્ર દ્રષ્ટા બની રહી કેદનો કાળ પૂરો કરવાનો.''

ભરતજી ભોગ-વિલાસમાં કર્મના જોરે ખૂંચેલા છતાં 'હું' વ્યક્તિને કાયાદિકથી પણ નિરાળી નક્કી કરી લઈને આવી કોક વિચારણામાં રમતા રહેતા, તેથી એ છ ખંડનું સામ્રાજ્ય, નવ નિધિ અને ચૌદ રત્નરૂપી અગણિત સમૃદ્ધિ અને એના ભોગવટામાં એમણે હૃદયથી રસ નહોતો. મનથી પણ 'હું' વ્યક્તિને તદ્દન સ્વતંત્ર લેખ્યા પછી તો એ મનને પણ ધારી શુભ વિચારણા-ભાવના કરાવતા. એની જ રૂએ આરિસા-ભવનમાં અંદરની એ સ્વતંત્ર 'હું' વ્યક્તિએ આંગળી પરથી વીંટી પડી જતાં કાયાને એવો અદ્ભુત મરોડ આપ્યો કે એ વીંટી પાછી ઘાલવાને બદલે બધી જ વીંટીઓ અને બધાં જ આભૂષણ હેઠા ઊતરાવી નાખ્યા ! તથા મનને એવો મરોડ આપ્યો કે 'હવે સારી સજાવટ પર દરબારમાં ચક્રવર્તીના સિંહાસને બેસીને કેવો સરસ શોભીશ !' એના વિચાર કરવાને બદલે 'કાયા પર બહારના દાગીનાથી ભાડુતી શોભા શી ? અને એવી પરાયી શણગારેલી કાયા પર આત્માને ભાડુતી નાશવંત સુશોભિતપણું શું ?'...વગેરે વિચાર કરતું મનને કરી દીધું.

ભરતચક્રવર્તીએ કાયા, એના ભોગવિલાસ, તથા એના સંબંધી પરિવાર-સમૃદ્ધિ-સન્માનને બાજુએ રાખી, મનને એવો છૂટો દોર આપ્યો કે 'તારે શુભ ભાવનામાં જેટલું ચડવું હોય એટલું ચડ.' બસ, પછી મન શું કામ બાકી રાખે ? જ્યારે માલિક 'હું' પોતે જ મનને કાયાસુદ્ધાં બાહ્ય સમસ્તની ચિંતા મુકાવી ભાવનામાં ચડાવે છે, પછી તો મન વેગબંધ ભાવનામાં ચડ્યું, કાયાદિ જગતના સઘળા પદાર્થોની અનિત્યતા ભાવવા મંડ્યું. એમ ભાવિત થતું થતું મન એ બધાથી અવિનાશી 'હું' ને અલિપ્ત હોવાની ભાવના કરતું ચાલ્યું; તે ઠેઠ અનાસક્ત યોગની ભાવનામાં પેઠું. એથી ખૂબ ભાવિત થયેલ 'હું' વ્યક્તિ ખરેખર અનાસક્ત બની.

**બસ, 'હું' નું વર્ચસ્વ સ્થાપો જેથી મનને એ ધારી ભાવના કરાવી શકે.**

**'હું' નું વર્ચસ્વ કેમ સ્થપાય ? :-**

હું કોણ ? આ કાયાને બેસાડનાર ઉઠાડનાર વાણીને બોલાવનાર કે ક્યારેક ચાહીને મૌન પકડાવનાર હું કોણ ?' આ આંખ મીંચીને અંતરમાં નજર નાખી ચિંતવવા-ખોજવાનો સારો અભ્યાસ કરવામાં આવે, ત્યારે 'હું' નામની કોઈક સ્વતંત્ર વ્યક્તિ છે એવો સચોટ ભાસ ઊભો થાય. એ કરતી વખતે એવો ખ્યાલ કરવામાં આવે કે 'એ હૃદયમાં કોક સ્વતંત્ર સત્તા છે જ અને એ જ કાયા અંગોપાંગ, વાણી, ઇન્દ્રિયો અને મનને હુકમ આપે છે એ જ પ્રમાણે પેલાઓ કામ કરે છે. જ્યાં ફેરફાર કરવો હોય તો તે પ્રમાણે આદેશ કરી ફેરવાવે છે, એક પ્રવૃત્તિને બદલે બીજી પ્રવૃત્તિ, અમુક જાતના બોલને બદલે બીજા બોલ, અમુક વિચારો મૂકીને બીજા વિચારો; આ બધું એ 'હું' કરાવી શકે છે. વિચાર, લાગણી, ભાવના,



વગેરે અંગે આ ખાસ કરવાનું. એ અશુભ શરૂ થઈ ગયા હોય ત્યાં મનને કહેવાનું, 'ઊભું રહે મન, આમ શું વિચારે ? મૂક એ, આવા શુભ વિચાર કરવા માંડ. આવી ગુસ્સાની લાગણી શું કરે ? લે, આ મૈત્રીભાવ કરુણાભાવ જગાવ, પ્રભુ વીરે રાખેલ ક્ષમાની લાગણી ઊભી કર, ચાલુ કર, એનો અનુભવ લે, ગટર ક્લાસ ભાવના શું ભાવે ? લે આ તત્ત્વભાવના, અનિત્યભાવના, અશરણભાવના-વગેરેમાંની કોઈક ભાવવા માંડ.'

બસ આમ કરતાં કરતાં 'હું' નું વર્ચસ્વ ઊભું થવાનું. એ જાણે હૃદયની મધ્યમાં પોતાની ઓફીસ નાખીને બેઠેલ છે, અને બધા વિચાર ઉચ્ચાર પ્રવૃત્તિ ઉપર અંકુશ ધરાવે છે, એને ધાર્યા ચલાવી શકે છે, ફેરવી શકે છે, બંધ કરી શકે છે. આ વર્ચસ્વનું પારખું આ રીતે થાય કે,

**આત્માનું વર્ચસ્વ સ્થાપવા મનને આદેશ :-**

ધારો કે કોઈ બહારની ચીજ કે વ્યક્તિનો વિચાર ચાલ્યો છે ત્યાં આ 'હું' દરમિયાનગીરી કરે, મનને કહે, 'અરે ! તારે શું કામ છે આના વિચાર કરવાનું ? તારા વિચાર કરવાથી એમાં શો ફેર પડે છે ? કે પડવાનો છે ? મૂક એ અશુભ રામાયણ. લે આ જીવતત્ત્વનો વિચાર માંડ. યા આ નવકાર મંત્રનો જાપ શરૂ કર. સામે જાણે એ મંત્ર લખેલો છે તે વાંચી વાંચીને જપ કરવા લાગ. અથવા ક્રમસર પ્રભુનું જન્મથી માંડીને જીવન વિચારવા માંડ...' બસ, આ આદેશ આપીએ એટલે મનની એ નવી ક્રિયા ચાલવા માંડશે.

**મનને સાવધાની :-**

ત્યાં મન પાછું પેલા રદ્દી વિચારમાં જવા લલચાય, ઘસડાય, તો એને આ સમજુતી કરવાની કે 'અરે નાદાન ! શું કામ ફોફાં ખાંડે ? લલાટમાં લખ્યું જ બનવાનું જ છે. એમાં તારું કાંઈ નહિ વળે; ને એ ફોગટ ગડમથલમાં અહીં મળેલ શુભ વિચારણા-ભાવના-લાગણીની સોનેરી તક ગુમાવે છે ? પેલી ચીજ કે વ્યક્તિને સુધારવાનું કે અનુકૂળ કરવાનું તારા હાથમાં નથી. જ્યારે આ શુભ વિચાર-ભાવના-લાગણી કરવાનું તારા હાથમાં છે. બસ, હું કહું છું કે આ જ કર. હું સ્વતંત્ર છું, તને વાણીને કાયાને ઇન્દ્રિયોને ધાર્યા પ્રવર્તાવી-નિવર્તાવી શકું છું. બહારનું ગમે તેટલું લૂંટાઈ જાઓ, બગડી જાઓ, એની મને બહુ પરવા નથી; કેમકે એ મારા હાથમાં નથી. હજીય એ સારા થવાના હશે તો અચિંત્ય-પ્રભાવી મારા હૃદયનાથ અરિહંતદેવના પ્રભાવે થશે. એટલે એનો કેસ મારા પ્રભુના ચરણે સોંપી દઉં છું. બસ, મન ! તું આ આ સારા વિચાર ચાલુ કર.'

**'હું' નું વર્ચસ્વ અજમાવો :-**

આ રીતે સ્વતંત્ર 'હું' ધારી લઈ એનું, વિચારો-ઉચ્ચારો વગેરે પર, વર્ચસ્વ ચલાવાય એ ખાસ કરવા જેવું છે. પ્રારંભ-પ્રારંભમાં નાસીપાસી ય મળે, પણ પ્રયત્ન ચાલુ રખાય, સાથે એક ભાવના એ સેવ્યે જવાય કે 'પૈસા ટકાને કે પરિવાર યા કાયાને કોઈ ધક્કો પહોંચે, તેથી મારે શું ? મારું પહેલેથી હતું જ શું તે લુંટાવાનું છે? હું તો માત્ર એનો સાક્ષી છું, દ્રષ્ટા છું. હું જોઈશ એના કર્મ-ભવિતવ્યતાને કાળને અનુસારે થતા ફેરફાર; પરંતુ એની પાછળ મારે મનને બગાડવાની જરૂર નથી; ખોટી ચિંતા ખોટા વિચારો કરવાની જરૂર નથી.'

આમ ગડમથલ કરતાં કરતાં અને ધાર્યા શુભ વર્તાવ, શુભ બોલ, શુભ વિચાર ઊભા કરી કરીને 'હું' વ્યક્તિનું વર્ચસ્વ ઊભું કરાય. એ મજબૂત વર્ચસ્વ ઊભું થયા પછી જેમ ભરત મહારાજા જાતને બીજી વસ્તુઓથી અલિપ્ત રાખી શુભ ભાવનામાં ચડ્યા. એમ આપણે કરી શકીએ; પછી ભલે આપણી ભાવનાનું એટલું જોસ ન હોય, પરંતુ એક સારો અભ્યાસ શરૂ થઈ જાય.

**અંતરાત્મભાવ કેમ આવે ? :-**

આમ આંતરિક 'હું વ્યક્તિનું, આપણા માનસિક વિચારો, લાગણીઓ અને ઈચ્છાઓ ઉપર, વર્ચસ્વ જમાવાય, એમ વાચિક બોલ તથા કાયા, ઇંદ્રિયો અને અંગોપાંગની દરેક પ્રવૃત્તિ ઉપર યાવત્ બાહ્ય માલ-મિલકત-પરિવાર આદિ સાથેના સંબંધ અને વ્યવહાર ઉપર વર્ચસ્વ સ્થપાય; તો આત્મા બહિરાત્મભાવમાંથી નીકળી અંતરાત્મભાવમાં આવે. પહેલી વાત આ કે

**'હું' વ્યક્તિને એ બધા જ વિચાર-ઉચ્ચાર-પ્રવૃત્તિ કરનાર મન-વચન-કાયા-ઇંદ્રિયો અને બાહ્ય જડ-ચેતન પદાર્થોથી તદ્દન અલગ પાડી દેવી જોઈએ.**

**'હું' ને સ્વતંત્ર સમજવાની પ્રક્રિયા :-**

રોજ ચોક્કસ સમયે શાંત એકાંત સ્થાનમાં બેસી એ બધાના કનેકશન (સંબંધ) કાપી નાખી 'હું' વ્યક્તિને ખોજવી જોઈએ કે 'એ બધાનું સંચાલન કરનાર 'હું' કોણ ? કેવો ?' ચોક્કસ નિયત સમય ઉપરાંત અવરનવર પણ ભલે મિનિટ બે મિનિટ પણ એ રીતની ખોજ થાય; એવો નિર્ધાર કરતા જવાય કે આ સ્વતંત્ર સ્વતંત્ર 'હું' જ એ બધા મન વચન વગેરેને વિચાર-ઉચ્ચારાદિમાં પ્રેરે છે, ત્યારે જ એ વિચારાદિ પ્રવર્તે છે. બાહ્ય સાથે પણ જેવા જેટલા સંબંધ રાખવા હોય એ પ્રમાણે રાખે છે.

**સ્વતંત્ર 'હું' નો વિચાર એવો પ્રભાવશાળી** છે કે શત્રુ પર સ્નેહભાવ અને સગાસ્નેહી પર અંતરથી અલિપ્તભાવ ધરવો હોય તો ધરી શકે છે. બાહ્ય અનુકૂળ સાધન-સામગ્રીને જરાય મહત્ત્વ ન આપતાં એના પ્રત્યે અંતરથી ઉદાસીનભાવ રાખવો હોય તો રાખી શકે છે.



**વર્ચસ્વ 'હું' નું સ્થપાયું એટલે અધ્યાત્મભાવ-અંતરાત્મભાવ આવ્યો, અંતરાત્મા જાગતો થયો.** પછી એ પોતાનાં હિત-અહિતનો વિચાર કરે. એના પર ધ્યાન દે. એ અંતરાત્મભાવ ખુલ્યો-ખીલ્યો કહેવાય બાહ્યભાવ અને આંતરભાવમાં શો ફરક છે? આ જ કે બાહ્યમાં વાસ્તવિક 'હું' સામે કોઈ નજર જ નથી, એનું સ્વતંત્ર અસ્તિત્વ લેખામાં જ નથી. એને તો હું એટલે કાયા; કાયા એ જ હું.' પછી કાયાના સંબંધી પૈસા-ટકા-પરિવાર-વિષયો વગેરે એ જ પોતાની ચીજ લાગે છે; અને એ ચીજના જ સારાપણા માટે મચ્યો રહે છે; એ નચાવે તેમ નાચે છે. ત્યારે...

આંતરભાવમાં 'હું' એટલે કાયાથી અલગ આત્મા ભાસ્યો. વિચારશે કે 'હું તો અરૂપી નિર્વિકાર આત્મા, મારે કાયા અને એની સાથે વળગેલી માયાના રૂપરંગમાં શું મોહવાનું ? એ તો વિષયોનાં નિત્ય ભૂખારવા, ને મારે વિષયોના ક્ષણિક સુખને શું બહું માનવું ? કાયા અને ઇંદ્રિયોની હંમેશની ભૂખ મારે શી પોષ્યા કરવી ? તેમ મનના રાગાદિ વિકારો તથા ક્રોધ અભિમાનાદિ વિકારો શા માટે પોષ્યા કરવા ? હું સ્વતંત્ર છું, કાયા અને ઈન્દ્રિયોના તર્પણ કરવા હોય તો કરું ને ન કરવા હોય તો ત્યાગ વ્રત નિયમથી અટકાવી શકું છું. હું અરૂપી ચામડાના ને માટીના રૂપરંગને તુચ્છ ગણું છું. હું નિર્વિકાર છું. રાગ-દ્વેષ કામ-ક્રોધાદિ વિકારો મારી નાલેશી છે, મારા રોગ છે. એને હવે આ ઊંચા જનમમાં મારે દબાવવા જ રહ્યા. અનાર્યના ભવે મેં જે એ વિકારો પોષવા-વધારવાનું કરેલું તે આ આર્યભવે કરવાનું ન હોય. 'હું' આત્મા સ્વતંત્ર, હું નું વર્ચસ્વ અજમાવી જડની વેઠ અને રાગાદિ વિકારો હટાવતો ચાલું.

બસ, આ કરીને તામસભાવનાં તાંડવ બંધ કરી દેવાનો સતત પ્રયત્ન રહે, અને સાત્ત્વિક ભાવો સેવતા રહેવાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૨,અંક-૨૦,તા.૨-૨-૧૯૩૪**

## વિષય-કષાયના આવેશ ભૂંડા

**संसारंमि असारे जाइ-जरा-मरण विप्पगहियंमि ।**
**जीवस्स नत्थि सोक्खं, तम्हा मोक्खो उवाएओ ॥**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી મહાવીર ભગવંતનું શ્રી મહાનિશીથસૂત્રમાં આ વચન છે કે,

**જન્મ-જરા-મૃત્યુથી પકડાયેલો આ સંસાર અસાર છે, એમાં જીવને એના લીધે સુખ નથી. માટે જન્મ-જરા-મૃત્યુથી પર એવો મોક્ષ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે.**

એક મોક્ષ જ એવી અવસ્થા છે કે જે પામ્યા પછી કશું પ્રાપ્ત કરવાનું કશું મેળવવાનું રહેતું નથી. ત્યારે સંસાર એક એવી અવસ્થા છે કે જેમાં કાંઈ ને કાંઈ મેળવવાનું ઊભું જ રહે છે. યુવાન થયા ? પત્ની મેળવો. પત્ની મળી ? હવે ઘર મેળવો. ઘર માંડ્યું ? હવે ધંધો-નોકરી મેળવો. એ મળ્યો ? સારા પૈસા મેળવો. પૈસા મળ્યા ? હવે ચીજવસ્તુ મેળવો. એ લાવ્યા ? એનો સારો ભોગવટો મળે એવું કરો... એમાંય ક્યાંય કાયમી તૃપ્તિ કે આનંદ તો છે જ નહિ. નવી નવી ભૂખ-તૃષ્ણા-અભરખા ઊભા ને ઊભા જ. એટલે એને સંતોષવા કેટલુંય પાછું મેળવ્યા કરવાનું ઊભું ને ઊભું જ. સારાંશ,

**સંસાર એટલે હંમેશા કાંઈ ને કાંઈ મેળવવાનું બાકી.**

**એટલે એ મેળવવા માટેની વેઠ બાકી ને બાકી તેમ, લાખ ચીજ મેળવો છતાં અંતે સર્વસ્વહર મૃત્યુ ઊભું ! પછી કેમ ? તો કે જન્મની કેદ, જીવનની વેઠ, અંતે પાછું મૃત્યુ, ને ફરી જનમની કેદ...**

આવા સંસારમાં જીવને સુખ ક્યાંથી કહેવાય ? સુખ તો મોક્ષમાં કે જ્યાં શરીરની કેદ નહિ. એટલે કશું મેળવવાનું જ બાકી નહિ; તેથી એ અંગે કશા પાપ નહિ; તો કર્મબંધન નહિ, ને કર્મ પર સરજાતા જનમ-જરા-મૃત્યુ આદિ કશા દુઃખ જ નહિ. માટે જ્ઞાની ભગવંત કહે છે કે આ ઉચ્ચ ભવમાં મોક્ષ માટે જ પ્રયત્ન કરવા યોગ્ય છે.

આ વાત મગજમાં બરાબર બેસાડો તો સંસારનાં દુઃખદ જન્મોની હારમાળા લાવે એવી જ વિચારસરણી અને કાર્યવાહી કરતાં કાંઈક આંચકો આવે, ઊભા રહી વિચારવાનું અને ચોંકવાનું થાય કે 'અરે ! હું શું વિચારી રહ્યો છું ? શું કરી રહ્યો છું ? જન્મ-મરણોની હારમાળા જ લાવે એવા રાગ-દ્વેષ તૃષ્ણા-અભિમાન અને આરંભસમારંભ-પરિગ્રહ તથા વિષયોપભોગની જ પ્રવૃત્તિ ? કે એમાં કાપકૂપનો ઉદ્યમ કરી મોક્ષની નિકટ થવાની પ્રવૃત્તિ ?' આ ચોંકામણ થયા વિના ધર્મની સાચી ભૂખ નથી જાગતી. જેને વારંવારના જનમ-મરણની ચોકામણ નથી એને પોતાના આત્માની કોઈ પડી નથી. અરે ! આત્માની શ્રદ્ધા જ છે કે કેમ એ પ્રશ્ન છે. **આત્માની શ્રદ્ધા હોય એને શું એનાં જનમ-મરણની દુઃખદ હારમાળા જોઈ હૈયું ચોંકે નહિ ?**

અંતરાત્માને પૂછો કે 'તને આત્માની શ્રદ્ધા છે ? શ્રદ્ધા છે તો અનંતા જનમ-મરણ કર્યાં ને હજી પણ વિષયતૃષ્ણા-વિષયરાગ-વિષયસુખમસ્તીથી નવનવા જનમ-મરણ ઊભા થઈ રહ્યા છે એના તરફ દૃષ્ટિ છે ? ખેદ છે ? ભય છે ? શું જોઈને યથેચ્છપણે વિષયસુખોમાં આનંદ માનવાનું અને એને અખંડ ચાલુ રાખવાનું કરી રહ્યો



છે ? જ્યાં મોટા ઈન્દ્ર જેવાને પણ અંતે મરણને શરણ થવું પડે છે, ત્યાં આ જનમમાં તું ગમે તેવા તુચ્છ વિષયોમાં લુબ્ધ થા, તો ય મરણ તો આવવાનું જ છે; પછી આ નાશવંત વિષયોમાં કિંમતી જીવનસમય વેડફાઈ જવાનો બરબાદ થવાનો અફસોસ કે અરેકારો નથી ? વિષય-લપ મૂકીને કશી ધર્મસાધના કરવાનું મન થતું નથી ? આવા કળિયુગમાં પણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું શાસન મળ્યાની કશી તને વિશેષતા લાગતી નથી તે એને ત્યાગ-તપ-દયા-જિનભક્તિ-સાધુસમાગમ-સામાયિક વગેરેથી આરાધવાનું મૂકી વિષયોની ગુલામીમાં જ ડૂબ્યો રહે છે ?'

અંતરાત્મામાં આ વિચારણા કરતા રહેવા જેવું છે, ને વિષયોની ભૂખ અને ગુલામી ઓછી કરતા રહી દબાવતા રહી આત્મહિતકર ધર્મની સાધનામાં લાગ્યા રહેવાની ખાસ જરૂર છે. **જીવ ધર્મસાધનામાં કેમ પ્રમાદ કરે છે ?**

**કહો, વિષયોની આસક્તિથી ઘેરાયો રહી, મનગમતા એક યા બીજા પ્રકારના વિષયની ચેષ્ટામાં લાગ્યો રહે છે માટે.**

જોશો તો દેખાશે કે મન પર પૈસા-ટકા-માલમિલકત-કુટુંબપરિવાર, રસિલા ખાનપાન, માન-મહોબત-મર્તબો વગેરે વગેરે વિષયોનું એટલું અંજામણ રહે છે, કે 'બસ, શી વાત ? એ પહેલું; એ જ સર્વસ્વ; એ જ પ્રાણ ને એ જ આધાર, એ જ જીવનની લહાણ !' પછી એ મેળવવા, એ સાચવવા, એ વધારવા, ને એ ભોગવવા ચોવીસે કલાક મનની ગડમથલ ચાલે છે, વાણીના વિલાસ ચાલે છે, ને કાયાની ધૂમ પ્રવૃત્તિ ચાલે છે. જીવને વિષયોની ભૂખ કારમી વળગેલી છે.

**જીવ જન્મોજન્મ વિષયોની કારમી ભૂખ રાખી એની ભીખ માગતો રહ્યો છે. એ ભીખ માટે નવી નવી કાયા, ને ઈન્દ્રિયો એ ભીખ માગવાના રામપાતર.**

'ઉપમતિ' શાસ્ત્ર કહે છે જીવ દ્રમક-ભિખારી છે, ને એની કાયા એ ભીખ માગવાનું રામપાત્ર-ઠીકરું છે. એમાં વિષયોરૂપી એંઠવાડ માગી ખાય છે. શું સમજ્યા ? વિષયો તરીકે ક્રોડોનું ધન કે ચક્રવર્તીનું સામ્રાજ્ય, યા રૂપાળી પત્નીઓ અને પકવાન્ન હોય, પણ એ બધું એંઠવાડ છે. પ્રશ્ન થશે,

**પ્ર.**- લક્ષ્મી લાડી-વાડી-ગાડી એ એંઠવાડ શી રીતે ?

**ઉ.**- જુઓ, એંઠવાડની બે ખાસિયત, (૧) એક તો એ કોઈનાં ખાધેલા પછી એંઠુંજૂઠું હોય, અને (૨) બીજું એનાથી અજીરણ અને રોગો થાય.

એંઠવાડની આ બે ખાસિયત વિષયોમાં મળે છે.

(૧) કોઈપણ વિષય એ પૂર્વના કોઈ જીવે ભોગવેલા પુદ્‌ગલ છે. સ્ત્રીનું રમણીય દેખાતું શરીર પણ શું છે ? એણે ખાધેલા અને પેટમાં જઈ એંઠાજૂઠા થયેલા ખોરાકના પુદ્‌ગલમાંથી તૈયાર થયેલું ને ? ગુલાબી સુંવાળી ચામડી પણ એ જ એઠાજુઠા

પુદ્ગલનું પરિણામ ને ? સોનું ચાંદી હીરામાણેક પણ શું ? એકેન્દ્રિય જીવે ખાધેલા આહારનું જ પરિણામ ને ? એકેન્દ્રિય જીવનાં ક્લેવર જ ને ? ખાનપાન બધું જ તપાસો તો કોઈ જીવની એંઠ જ હશે. માટે કહ્યું કે વિષયો એ એંઠવાડ છે.

(૨) વળી વિષયોના ભોગવટાથી કર્મનું અજીરણ અને રાગાદિ રોગો થાય છે, માટે પણ વિષયો એ એંઠવાડ છે.

વિષયભોગ એ કર્મસંચયની બાદી પેદા કરે છે. અજીરણમાં બાદી થાય. અશુભ કર્મોનો સંચય એ બાદી છે. એમાંથી કેટલાય વિકારો જાગે છે, ને એથી જીવ દુઃખી થાય છે.

**આ જગતમાં વિષયો ન હોત તો જીવ દુઃખી ન હોત.**

દુઃખ પણ પારાવાર અને અનેકાનેક પ્રકારનાં ! વિષયોના પાપે અહીં આ જનમમાં પણ ચિંતા-શોક-સંતાપ, આધિવ્યાધિ વગેરે કેટલાંય દુઃખ જનમે છે, ને પરલોકમાં અહીં એનાથી ઊભા થયેલાં કર્મો દુઃખી કરે છે. કર્મ-અજીરણનું આ પરિણામ છે.

વળી વિષયો રાગ-દ્વેષ આસક્તિ-તિરસ્કાર, ક્રોધ અભિમાન આદિ કષાયોરૂપી રોગો ઊભા કરે છે. વિષય ન હોય તો ખાલી ખાલી રાગ શાનો થાય ? ઇન્દ્રિયોની સામે વિષય આવે છે ને રાગ કે દ્વેષ સળવળે છે. ગુસ્સો કોઈ વિષયનાં કારણે ઊભો થાય છે. અભિમાન, પાસે પૈસા છે, રૂપ છે, બળ છે માટે જાગે છે. ત્યારે પૂછો,

**પ્ર.-** કોઈને જ્ઞાન પર કે તપ પર અભિમાન થાય છે ને ? તો શું એ જ્ઞાન-તપ પણ ખરાબ ?

**ઉ.-** હા, એ પામર જીવ માટે એનાં જ્ઞાન-તપ વગેરે પણ વિષયરૂપ બન્યાં, ને એના જ પર એ અભિમાન કરી કરી ખુવાર થાય છે. આચારાંગ શાસ્ત્ર કહે છે,

**'આસવા તે પરિસ્સવા; પરિસ્સવા તે આસવા'**

અર્થાત્ કર્મબંધનાં કારણ એ દૃષ્ટિ નિર્મળ થઈ હોય તો કર્મનિર્જરાનાં કારણ બને છે ને કર્મક્ષયનાં કારણ એ દૃષ્ટિ બગડવાથી કર્મબંધનાં કારણ બને છે.

તમારી પાસે પૈસા છે એ પરિગ્રહ આશ્રવ છે. પરંતુ જો તમે એને નરકાદિમાં લઈ જનાર તરીકે દેખી એના પર વૈરાગ્યનો વિચાર કરો, એનાથી મહાન દાન-સુકૃતો જ કરવાના મનોરથ સેવો, તો એ પૈસા પરિગ્રહ-સંવર-નિર્જરાનું કારણ બને. એમ તમારી પાસે જો શાસ્ત્રજ્ઞાન છે, તો એ વૈરાગ્ય-વ્રત-નિયમ-શુભ-ભાવનાદિ કરાવવા દ્વારા સંવર-નિર્જરાનું સાધન બને છે. પરંતુ જો તમે એના જ પર અભિમાન કરો, એનાથી રોટલા-માનપાન ચરી ખાવાનું સાધન બનાવો, તો એ તમારા માટે આશ્રવરૂપ થાય. એમ અભિમાન-આસક્તિ વગેરે કરવાનો એ વિષય બન્યો.

સારાંશ, વિષયો એ રાગાદિ રોગોને ઉત્પન્ન કરનારા છે માટે એ એંઠવાડ છે.



બિમારી એંઠવાડ ખાઈ ખાઈને રોગિષ્ઠ બન્યો છે, એમ ઉપમિતિ શાસ્ત્ર બતાવી કહે છે કે

**જીવભિખારી પણ વિષયોના એંઠવાડ ભોગવી ભોગવી કર્મસંચયના અજીરણ અને રાગાદિના રોગોવાળો બન્યો રહ્યો છે.**

જનમ-જનમ આ કામ ચાલુ છે. જીવની જન્મો-જન્મની વિષયોની આ કેવી કારમી ભૂખ અને ભીખ ! જાતનું ભાન થાય છે ?

આ જીવ ભિખારી તો સંસારની શેરીઓમાં ભટકતો હોય, તે અહીં જિનશાસનરૂપી રજવાડામાં ક્યાંથી આવી ગયો ?

ઉપમિતિશાસ્ત્ર કહે છે અરિહંત ભગવાન એ જિન-શાસનરૂપી રજવાડાના સમ્રાટ 'સુસ્થિત' મહારાજા છે. એમની કરુણાદૃષ્ટિ જીવ પર પડી. અને કર્મવિવરનામના દ્વારપાળે દ્વાર ખોલી આપ્યું તેથી જિનશાસનરૂપી રજવાડામાં જીવને પ્રવેશ મળ્યો. પણ ત્યાં બતાવ્યું કે જો કર્મવિવરને બદલે વિષયરાગાદિ બનાવટી દ્વારપાલોએ જીવને જિનશાસનમાં ઘાલ્યો તો એ ખરેખર એમાં ટકી શકતો જ નથી, ને દેખાવમાં જિનશાસનમાં છતાં ખરેખર તો એ એની બહાર ધકેલાઈ ગયેલો છે; અર્થાત્ એના હૈયામાં જિનશાસનની કશી છાયા નથી રહેતી.

દા.ત. શંખેશ્વર દાદાની પૂજા કરવા ગયો, દોઢસો રૂપિયાની આંગી રચાવી, પરંતુ એ ભાવનાથી કે, 'દાદા ! રૂા. ૧૫૦)ની તમારી આંગી રચાવું છું, તો ઉપર બે મીંડા વધારીને આપજો.' કેવો સોદો ? ૧૫૦) ના જ સીધા ૧૫૦૦૦) જોઈએ છે ! દેખાવમાં એ જિનેન્દ્ર પ્રભુના દરબારમાં પેઠો, કોણે પેસાડ્યો ? કર્મવિવરે નહિ, પરંતુ લક્ષ્મીના રાગે. તો શું ખરેખર એ જિનશાસનમાં પેઠો ? એના હૈયામાં જિનશાસન છે ? ના, નકરો વિષયરાગ છે, એનો પ્રવેશ જિનશાસનમાં નથી.

**જેના હૈયામાં પ્રભુ પૂજતાં પણ નકરો વિષયરાગ છે, એનો જિનશાસનમાં પ્રવેશ જ નથી; અર્થાત્ હૈયામાં જિનશાસન જ નથી.**

એ તો હૈયામાં જિનશાસન આવે તો જ જિનશાસનમાં પેઠો ગણાય. પૂછશો કદાચ,

**પ્ર.-** હૈયામાં જિનશાસન પેઠું ? કે જિનશાસનમાં એ પેઠો ?

**ઉ.-** માથામાં પાઘડી ને પાઘડીમાં માથું, બંને સરખા. એના જેવું આ છે. હૈયામાં જિનશાસન, અને જિનશાસનમાં હૈયું, બે સરખા છે. કર્મવિવર એ પ્રવેશ કરાવી આપે છે. કર્મવિવર એટલે રાગદ્વેષની તીવ્રગાંઠ ભેદાય, યાને ગ્રન્થિભેદ થાય, એનાથી આત્મામાં જે મિથ્યાત્વકર્મનો ઉપશમ-ક્ષયોપશમ થાય એ કર્મવિવર કહેવાય. 'વિવર' એટલે બાકોરું, ગાબડું. કર્મમાં ગાબડું પડ્યું. એથી પછી સમ્યગ્દર્શન થાય. પરંતુ આ દર્શન સુધી પહોંચાડનાર યાને દર્શન દેખાડનાર કોણ ? અરિહંતપ્રભુ. જુઓ ઉપા. યશોવિજયજી મહારાજ પ્રભુનાં આ રીતે ગુણ ગાય છે.

**'ભવ અનંતમાં દરિસણ દીઠું, પ્રભુ એહવાત્ત દેખાડે જી;**
**વિકટ ગ્રન્થિ જે પોળપોળિયો, કર્મવિવર ઊઘાડેજી**
**સેવો ભવિયા ! વિમલજિણેસર...'**

'દરિસણ' એટલે સમ્યગ્દર્શન. એ કરાવનાર કોણ ? એવા અરિહંત પ્રભુ. 'એવા' એટલે ? અનંત કરુણાભર્યા, કરુણાદષ્ટિવાળા. 'વિકટ' એટલે જાલિમ કઠિન, દુર્ભેદ્ય; 'ગ્રન્થિ' એટલે તીવ્ર રાગની ગાંઠ. એ ગાંઠનું ભેદન યાને ગ્રન્થિભેદ એ પોળિયો યાને દરવાન. એ કર્મવિવર ખોલી આપે છે, જેથી દર્શનમાં પ્રવેશ મળે. મૂળ કારણ જિનેશ્વર ભગવાન; માટે હે ભવ્યો ! તેરમા જિનેશ્વર શ્રી વિમળનાથ પ્રભુને સેવો.

ઉપમિતિશાસ્ત્રનો આ ભાવ જીવનમાં ઉતાર્યો છે. એ શાસ્ત્ર કહે છે કે 'જ્યારે જીવને જિનશાસનરૂપી રજવાડામાં કર્મવિવર દ્વારા સાચો પ્રવેશ મળ્યો ત્યારે એ ખુશખુશાલ થઈ ગયો. જિનશાસનરૂપી રજવાડાની શોભા જોઈ એને થયું કે 'અહો ! આ તો બહુ સરસ ! આ પૂર્વે કદી ન જોયું.'

**જિનશાસનની શી શોભા ?**

આ, કે રજવાડાની જેમ એનામાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપીરત્નોના ગંજ છે; મહાન ગણધરો-આચાર્યોરૂપી અમાત્યો-દિવાન છે; મુનિઓરૂપી ભડવીર સુભટો છે; સમ્યકતત્ત્વો-સિદ્ધાન્તોનો એમાં કિંમતી ખજાનો છે; મંદિરો-ઉપાશ્રયો આદિ ધર્મસ્થાનો એમાં મહેલાતો છે; ધર્મબોધકર આચાર્ય એમાં રસોડા-મેનેજર છે. એમની પાસે ઉકળાટ-દાહ વગેરેને શમાવનારું 'તત્ત્વ-પ્રીતિકર' નામનું દિવ્ય પાણી છે; દષ્ટિને સાફ નિર્મળ કરનાર અદ્‌ભુત 'વિમલાલોક' નામે અંજન છે; ચારિત્રરૂપી અદ્‌ભુત પરમાન્ન-ખીર છે; જે રાગાદિ સર્વરોગને નિવારી અદ્‌ભુત તાજગી-આરોગ્ય આપે છે.

જિનશાસનરૂપી રજવાડાની શોભા ઓર છે. તમને એમાં પ્રવેશ મળી ગયો છે ને ? એની ખુશાલી અનુભવો છો ?

**'અહો ! એક વખતનો હું સંસારશેરીઓનો વિષયોના એંઠવાડનો ભિખારી, મને આ જિનશાસનમાં પ્રવેશ મળી ગયો !**

અરે ! આ શાસન જોવા શું, એનું નામ સાંભળવા ય ક્યાં મળે ? આજની દુનિયામાં જુઓ છો ને કે ત્રણસો સવા ત્રણસો કરોડ માણસોમાં કેટલાને જિનશાસન મળ્યું છે ? કહો, ત્રણસોમાંથી ૨૯૯ાા ક્રોડ બાદ ? એટલે લગભગ આજની આખી દુનિયાને જિનશાસન નથી મળ્યું એ તમને અનાયાસે મળી ગયું છે ! 'અનાયાસે' એટલે જિનશાસન શોધવા નીકળવાનો તમે આયાસ પરિશ્રમ નથી કર્યો, પરંતુ જૈનકુળમાં જનમવા માત્રથી તમને એ મળી ગયું છે.

તો આવા અનાયાસે અનુપમ જિનશાસન મળવા પર આનંદનો પાર નથી



ને ? જો આનો અપાર આનંદ હોય તો મોંઘવારી-ફોંઘવારીનું કશું દુઃખ ન લાગે. ક્રોડોનું નિધાન મળેલાને જમીનનો ખાડો પૂરવા પથરાના ટૂકડા સીધા નહિ, ને વાંકાચૂકા મળ્યા એનું દુઃખ થાય ?

**હીરામાણેકનું નિધાન મળવા છતાં પથરા વાંકાચૂકા મળ્યાનું દુઃખ લાગે તો નિધાનની ઓળખ નથી, કિંમત નથી, કદર નથી.**

**આપણને જિનશાસન પામ્યાનો આનંદ કેવોક છે એનું માપ આ પરથી નીકળે કે જિનશાસનરૂપી નિધાન મળ્યા પછી દુન્યવી અગવડોમાં દુઃખ કેવુંક લાગે છે.**

જો અગવડોનું દુઃખ ભારે લાગે છે તો જિનશાસન પામ્યાનો આનંદ મામૂલી છે, અગર આનંદ છે જ નહિ. જો એ દુઃખ નહિવત્ લાગે છે, તો એનો અર્થ એ કે શાસન પામ્યાનો આનંદ પારાવાર છે.

**દુન્યવી દુઃખ ભૂલવું છે ?** તો આ કરો, જિનશાસન પામ્યાનો અનહદ આનંદ અનુભવો.

ચૂંટણીમાં લાખો રૂપિયા ખરચાઈ ગયા પછી જો ચૂંટાઈ આવ્યા ને પ્રધાનની સીટ મળી, તો એનો આનંદ એટલો બધો રહે છે કે પેલા લાખો રૂપિયા ગયાનું કશું દુઃખ નથી લાગતું. તમે પૂછશો,

**પ્ર.-** પણ એનું કારણ તો એ છે કે પ્રધાન બન્યા પછી લાખોના લાખો મળવાના છે ને ?

ઉ.- તો પછી શું અહીં તમને વિશ્વાસ નથી કે જિનશાસન મળ્યા-આરાધ્યા પછી લાખો શું ક્રોડોના ક્રોડો મળવાના છે ? સવાલ વિલંબનો છે. ચૂંટણીમાં થોડા કાળમાં મળે છે, અહીં જરા વિલંબે પરલોકમાં મળે છે. છતાં ય અહીં

**જિનશાસન હૈયે ઓતપ્રોત કરી દીધા પછી તરતમાં પણ મનની શ્રીમંતાઈ એવી મળે છે કે એની આગળ ક્રોડોનું ધન 'કુછ નહિ' લાગે, તુચ્છ લાગે, ભારભૂત અને આત્માની મહા વિટંબણા કરનારું લાગે.**

'ભરતજી મનહી મેં વૈરાગી' એટલે શું ? એ જ, કેમ એમને મળેલા જિનશાસનની સામે અબજોના અબજોની સમૃદ્ધિભર્યું છ ખંડનું સામ્રાજ્ય તુચ્છ લાગતું. એટલે અધીરા શું કામ થાઓ ? જિનશાસનને મહાસમૃદ્ધિ મહાનિધાન મહાશ્રીમંતાઈ માનો.

પરંતુ ખરી વાત આ છે કે જિનશાસનમાં પ્રવેશ મળવા છતાં વિષયોના એંઠવાડની ગૃદ્ધિ-આસક્તિ-લંપટતા મૂકવી નથી. ઉપમિતિના ભિખારી જેવી કંગાળ પામર દશા છે.

ભિખારીને રજવાડામાં પ્રવેશ મળ્યો, રસોડા મેનેજરે જોયું કે 'સુસ્થિત

મહારાજાની એના પર કરુણાદૃષ્ટિ પડી રહી છે, અને આને રજવાડો જોઈ ચમત્કાર પણ લાગે છે, તો લાવ એને પરમાન્ન આપું.' એમ વિચારી જ્યાં એને લેવા માટે બોલાવે છે, ત્યાં ભિખારીને રસોડા મેનેજર પર એવો વિશ્વાસ ન બેઠો ! એટલે જ્યાં મેનેજર કહે છે, 'હવે તું તારા રામપાતરમાંનો એંઠવાડ ફગાવી દઈ રામપાતર ધોઈ નાખ, અને એમાં આ દિવ્ય પરમાન્ન સુંદર દૂધપાક લે,' ત્યારે ભિખારીને શંકા પડવા માંડી કે 'આ મારો બહુ દહાડા ચાલે એવો સારો ને પ્યારો એંઠવાડ ફગાવરાવી મને ભૂખે તો નહિ મારે ?'

જોજો એની દુર્દશા. કેઈ દિવસના એંઠવાડિયા દાળભાતના ડખા, ને તે ય સડી ઊઠેલા, એ એને સારા અને વહાલા લાગે છે; ને એની સામે સુંદર ચોક્ખો દૂધપાક કિંમતી નથી લાગતો ! સારો નથી લાગતો ! પ્યારો નથી લાગતો !

રસોડા મેનેજર કરુણાદૃષ્ટિવાળો છે, એને એમ થાય છે કે 'જીવ અભાગિયો લાગે છે. બચારો, એને પૂર્વના બહુ એંઠવાડ ખાધાનું ભારે અજીરણ છે એટલે આવા સુંદર દૂધપાકની રુચિ નથી થતી. અરે ! આવા સારા દૂધપાકને સારા તરીકે જોઈ શકતો નથી, અને પોતાના એંઠવાડને રોગભર્યો છતાં સારો માની રહ્યો છે. મલિન દૃષ્ટિની કેવી વિટંબણા ! લાવ, એને અંજન આંજુ એટલે દૃષ્ટિ જરા સુધરે તો એંઠવાડ અને દૂધપાકનો ભેદ તો ઓળખે.'' એમ વિચારીને એ ભિખારીને સળી પર અંજન લઈ આંજવા જાય છે.

**અંજનનો પ્રભાવ :-**

પરંતુ ભિખારી તો 'રખે આ મારો રામપાતરનો માલ ફેંકાવી દઈ એમાં આનું ઘાલશે !' એ ભયથી એંઠવાડભર્યું માગી ખાવાનું ઠીકરું સજડ પકડી આંખ મીંચીને ઊભો છે. આંખ ખોલે તો માંહી અંજન અંજાય ને ? પરંતુ દયાળુ મેનેજર હોશિયાર છે એટલે કુનેહથી એની બે આંખનાં પડલ જરાક ઊંચા કરીને અંદર અંજનની સળી ફેરવી દે છે. જ્યાં આંખમાં અંજન ગયું કે ભિખારીને ઠંડકનો અનુભવ થયો. દૃષ્ટિ ચોક્ખી થઈ. હવે એને લાગે છે કે, 'માણસ સારો; આ મારી આંખ બળતી હતી એને ઠંડક થઈ.' આંખ ખોલીને જુએ છે તો હવે દૂધપાક સારો દેખાય છે, અને પોતાના રામપાતરના માલમાં શંકા પડે છે કે, 'આ તો રોગ કરનારો ન હોય ? મેનેજરની પ્રત્યે પહેલાં અવિશ્વાસની દૃષ્ટિથી જોતો હતો, તે હવે કાંઈક વિશ્વાસ ઊભો થયો એટલે કહે છે, 'આ તમે શું આંજ્યું ? મને ઠીક લાગે છે.'

મેનેજર કહે 'તને સારું અંજન આંજ્યું એટલે તારા રોગ કંઈક શમ્યા તેથી સારું લાગે છે. તો હવે જો આ સરસ દૂધપાક છે તે આ તારા રામપાતરનો એંઠવાડ ફેંકી દઈ એમાં આ દૂધપાક લઈ લે.'





પાછી પોતાને અતિપ્રિય એંઠવાડ ફેકી દેવાની વાત આવી એટલે ગભરાઈ ઊઠ્યો, પાછો આંખ મીંચી જડ જેવો રહે છે, ગભરાય છે કે, 'હાય ! આ મારું ફેંકાવી દેશે ? મારું મને કેટલું બધું વહાલું છે ? ઘણી મહેનતથી મેળવેલું, ને ભવિષ્યમાં મારો નિર્વાહ કરનારું એ શું ફેંકી દેવા લાયક ?' બસ, મન વિકલ્પોમાં ચડ્યું.

ત્યારે મેનેજર 'ભાઈ ! આ લે, ભાઈ ! આ લે' એમ કહી રહ્યો છતાં ભિખારીને જડ જેવો સ્તબ્ધ થઈને ઊભો રહેલો દેખે છે. એટલે એને વિચાર આવે છે કે 'અહો ! આ બિચારાને એંઠવાડના અજીરણના રાગોનું કેવુંક જોર ! વસ્તુ સારી દેખવા છતાં મન શંકાશીલ રહેતું લાગે છે તો લાવ જરા પેલું દિવ્ય પાણી પાઈ દઉં. એથી એના રોગની કાંઈક શાંતિ થાય તો એને આ દૂધપાક પર વિશ્વાસ બેસે, ને એંઠવાડની મમતા જરા ઓછી થાય.'

એમ વિચારી મેનેજરે માણસ પાસે દિવ્ય પાણી મંગાવી લીધું, અને હવે પેલાને પી જવા કહે છે. પણ અહીં તો શંકા-કુશંકામાં પડેલો એ શાનું પીએ ? મેનેજર દયાળુ છે, આટલે રજવાડાં સુધી આવેલાને એમ પાછો ખાલી-બાકસ કેમ જવા દેવાય ? એટલે ભિખારીનું મોંઢું પકડી પાવા જાય છે ત્યાં પેલો મોંઢું હલાવી ના સૂચવે છે. પરંતુ મેનેજર દયાળુ તે એનું જરાક નાક દબાવી મોંઢું ખોલાવે છે ને એમાં પાણી ઉતારી દે છે.

**દિવ્ય પાણીનો પ્રભાવ :-**

હવે જ્યાં પાણી પેટમાં ઊતર્યું એટલે એનો દિવ્ય ચમત્કાર થયો. પેટમાં એવી ટાઢક વળી, રોગોની ઉગ્રતા એવી જરા મોળી પડી કે એને હવે લાગ્યું કે 'માણસ ઠગારો નહિ; એ કહે છે એ સાચું લાગે છે. ખરેખર મારો માલ રોગકારી, અને આમનો આ અંજન પાણી વગેરે માલ, આરોગ્યકારક. તો આ દૂધપાક પણ સારો આરોગ્યકારી જ હોવો જોઈએ, કહે છે, 'પ્રભુ ! આ તમારું' અંજન ને પાણી અલૌકિક દેખાય છે. મારી દૃષ્ટિ ય સુધરી, ને શરીરે પણ મને કાંઈક હવે તાજગી લાગે છે. એથી આ તમારો દૂધપાકે ય સારો હશે.'

મેનેજર કહે 'તો લે ત્યારે આ તારો રોગભર્યો એંઠવાડ ફેંકી દે, રામપાતર ધોઈ નાખ અને એમાં આ દૂધપાક લઈ લે.'

**રાગના લીધે કુવિકલ્પો :-**

બોલો, હવે ભિખારી એમ કરે કે નહિ ? પણ ના, રાગ પરવશ જીવ કુવિકલ્પોથી ભરેલો, તે પાછો શું વિકલ્પોમાં ચડે ? કે હવે મનને જે સારું લાગ્યું તે ઝટ આદરી લે ? કુવિકલ્પો ભૂંડા છે. જીવને પોતાની વસ્તુની ખરાબી સમજાવા છતાં

એ છૂટતા નથી. એ કાંઈના કાંઈ વિકલ્પો કરે છે. ને એમાં નક્કી કરે છે કે 'મારી ચીજ તો ઘણી મહેનતથી મેળવેલી, કેટકેટલી મહેનત કરી ત્યારે આ વસ્તુ મને મળી છે. ને એ મને કેટલી બધી કામ લાગી છે. હજી પણ આનાથી મારો નિર્વાહ થાય એવો છે. તો પછી એમ એ શી રીતે ફેંકી દેવાય ?'

ભિખારીને પોતાના એંઠવાડ માટે પણ આવાજ વિકલ્પો આવે છે. 'અરે ! આ રામપાતર એમ ને એમ થોડું જ ભરાઈ ગયું છે. કેટલીક શેરીઓ રખડ્યો, ઘર ઘર ભીખ માંગી, કંઈકના તિરસ્કાર વેઠ્યા, ટોણાં-ટપકાં ખાધાં, એમાં કોઈકે વળી દીધું, એમ કરતાં કરતાં આ ઠીકરૂં ભરાયું છે. તે હવે એમ ફેંકી દેવાય ? પાછું મને જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે ત્યારે આ ખાવા કામ લાગ્યું છે. તે હવે ફેંકી દઉં તો પછી ખાઉં શું ? મારે ભૂખે જ મરવું પડે !'

ભિખારીની કેટલી બધી ઘેલછા છે ? કેવી ઘેલી ઘેલી વિચારણા છે ? સામે સારો દૂધપાક ધરાય છે એની કિંમત નથી ને પોતાના દિવસોના ભેગા કરેલા અને સડી ઊઠેલા એંઠવાડિયા દાળ-ભાત વગેરેના ડખાની કિંમત છે ! 'એ બધો ડખો ભેગો કરતાં ખૂબ મહેનત પડી છે !' માટે એનું મહત્ત્વ માને છે, ને દૂધપાક વગર-મહેનતે મળે છે માટે એનું કશું મહત્ત્વ એને લાગતું નથી ! ગાંડપણની હદ ? પાછું એ ડખો જીવનનો દીર્ઘકાળ નિર્વાહ કરનારો લાગે છે, ને દૂધપાક, એવો નહિ ! કેવી મૂઢતા ?

**સંસારી જીવની મૂઢતા :-**

ઉપમિતિ શાસ્ત્ર કહે છે કે સંસારી જીવની આવી જ મૂઢ દશા છે. ઇંદ્રિયોના વિષયો ધન-માલ-પરિવાર જે કર્મસંચયનું અજીર્ણ કરે છે, અર્થાત્ કર્મસંચયરૂપી મળને વધારે છે, તેમજ રાગ-દ્વેષ કામ-ક્રોધ-લોભ વગેરે વિકારોને-રોગોને ઊભા કરે છે, એથી જ જે એંઠવાડરૂપ છે, એ મહેનત કરીને મેળવેલા ધન-માલ-પરિવાર મહત્ત્વનાં લાગે છે ! ને સામે ગુરુઓ મફતમાં ધર્મ ધરે છે એ એવો મહત્ત્વનો લાગતો નથી ! કારણ કાંઈ ? આ જ, કે ધન વગેરેને ભેગું કરતા ટાઈમ લાગ્યો છે અને મહેનત પડી છે. ત્યારે ધર્મ તો વિના મહેનતે સામે આવી ઊભો છે.

બોલો, દાન દેવાની વાત આવે ત્યારે આવું જ લાગે છે ને કે શું પૈસા એમ ફેંકી દઈ દાન કરવા જવાય ? મહારાજને શી ખબર કે આ પૈસાને ભેગા કરતાં કેટલી મહેનત પડી ?' અલ્યા ! પણ આ તો એઠવાડ છે, એની આટલી બધી મમતા શી ? તો શું કહો છો ? આ જ, કે 'પૈસા તો જીવનનો નિર્વાહ કરનારા છે, ધરમથી થોડું જ જીવન ટકે ?' આવું જ કહો છો ને ? પરંતુ આ તમારી સામે અમે બેઠા છીએ; પૈસા વિના અમારે જીવનનિર્વાહ નથી થતો ?

પણ મોટી દુઃખની વાત આ છે કે

**જીવન એકલી કાયાની સુખ-સગવડનું જ જોવાય છે; આત્માનાં ધર્મજીવનનો વિચાર જ નથી !**



**આ મનુષ્યભવ રોટલાનાં જીવન માટે છે ? કે ધર્મજીવન જીવવા માટે ?**

જો રોટલાનાં એટલે કે ખાનપાનાદિ વિષયોના ભોગવટા માટે જ આ જીવન કહેશો, તો પશુજીવન કરતાં કશી વિશેષતા આવી ? ત્યારે માનવના ખોળિયે પશુના ખેલ ? જીવન પશુનું જીવતાં કશી શરમ નથી આવતી ? કશો સંકોચ કે અરેકારો નથી થતો ?

'ધન-માલ-પરિવાર બહુ મહેનતે મળ્યા છે, ને એ સુખ આપનારા છે માટે એને ન છોડાય' એ કોણ બોલાવે છે ? વિષયોની ગૃદ્ધિ બોલાવે છે. ભાન નથી કે પેલા ભિખારીની જેમ આ જીવને ભવચક્રમાં વિષયોની ભીખ માગતો ભટકતાં જિનશાસનરૂપી રજવાડો દેખવા ક્યાં મળ્યો હતો ? આજે ય દુનિયામાં માણસ થયેલા કેટલાને આ શાસન જોવા મળ્યું છે ? કહો, કરોડોને નહિ. તે અહીં પૂર્વ જીવનોની કેટલીય તપસ્યાથી તમને જિનશાસન જોવા મળ્યું એ શાસન રજવાડામાં પ્રવેશ મળ્યો, પછી પણ વિષયોના એંઠવાડની આ ગૃદ્ધિ ? પૈસા વગેરે વિષયો બહુ મહેનતે લાંબે ગાળે મળ્યા છે માટે એની મોટી કિંમત ?

**'મહેનતે મળ્યાની ય કિંમત નહિ' એના દાખલા :-**

માણસને ગમે તેટલી મહેનતે વસ્તુ મળી હોય, પણ જ્યાં એમાં ધોખો દેખાય છે કે તરત એ છોડી દેવાનું મન થાય છે. મહામહેનતે કન્યા મળી, પરણ્યા, વર્ષો એને પાળી પોષી, પણ પછી જો એવું કાંક દેખાય કે 'આ તો કુલટા છે, ને મારા વિરુદ્ધમાં પેંતરો રચી રહી છે,' તો પછી એના પર મમત્વ રહે ? એનું મહત્ત્વ લાગે ? કે પોતાની સલામતીનું મહત્ત્વ લાગે ? વ્યવહારથી કદાચ એને છોડી ન શકાતી હોય તો ય હૈયાથી તો એ છૂટી જ જાય ને ? શું મન કહે ખરું કે આને તો બહુ મહેનતે મેળવી છે માટે ન છોડાય ? અરે ! આજે છોકરાને બાપ સાથે મનોભેદ થાય છે. અથવા છોકરાની વહુને સાસુની સાથે કે દેરાણી-જેઠાણી સાથે મન નથી મળતાં તો છોકરો એકદમ જ વહુને લઈ આખા ને આખા કુટુંબને છોડી જુદો રહે છે ને ? કેમ વારું ? વર્ષોનાં પરિચિત અને સાથે રહેલા છે ને એકદમ છૂટે ? હા, મોટું મનદુઃખ થાય તો છૂટે જ છે. પછી આત્માના હિત માટે વિષયો અને પરિવાર છોડવાની વાત આવે ત્યારે કેમ એમ સવાલ ઊઠે છે કે 'એ તો બહુ મહેનતે મેળવેલા અને વર્ષોના સંબંધવાળા, તે એકદમ કેમ છૂટે ?' કોઈ એવું મનદુઃખ ઊભું કરો ને, પછી જુઓ છોડાય છે કે નહિ.

મનદુઃખ જેમ સંસારમાં આવાં આવાં થાય છે ને કે 'બાપાજી મને બહુ દબાય દબાય કરે છે, તે એવા ખોટા દબાયેલા ક્યાં સુધી રહેવું ?...બાપાજી બહાર મારું ઘસાતું જ બોલે છે, મારી નિંદા જ કરે છે; તો પછી ભેગા રહેવામાં શો માલ ?..

બાપાજી પૈસા બધા જ કબજે રાખે છે, મારે ખરચવા કે પત્નીને આપવા જોઈએ તે ય એમની પાસેથી ન મળે...' છોકરાને બાપથી આવાં આવાં મનદુઃખ થાય છે એટલે પછી વર્ષોના સંબંધવાળા અને ઉપકારી બાપને છોડી જુદા રહેવાય છે,

**એમ સંસાર સાથે મનઃદુખ કરવું હોય તો થાય કે નહિ ?**

**સંસાર-કુટુંબ-વિષયો-કષાયો સાથે મન-દુઃખ કરો :-**

'આ સંસાર મને દબાયેલો જ રાખે છે, આ સ્ત્રી-પરિવાર-ખાનપાન વગેરે વિષયો મને પાપમાં એવો તગડે છે કે મારા આત્માનું ઉત્તમ હિત સાધવાનું મળે જ નહિ ? તો મારે એવા ખોટા દબાયેલા ને પાપનો ઢસરડો કરનારા ક્યાં સુધી બન્યા રહેવું ?... સંસારીઓને આપણાથી જરાક કાંક વાંકુ પડ્યું કે ઝટ આપણું ઘસાતું બોલતાં વાર નહિ. પોતે જ શાણા ને આપણે અક્કલ વિનાના ? આમના ભેગા રહેવામાં શો માલ ?...સંસારીઓ પોતાનો જ સ્વાર્થ જુએ છે. આપણે ઘસાઈ મરો પણ એમને કિંમત નહિ, તેમ આપણી સગવડ એ સાચવે નહિ...વિષયોની ગદ્ધામજૂરી કર્યે અનંતા ભવ કર્યા, તો ય વિષયો મનને નચાવ્યા કરે છે, જીવને ભૂખારવો જ રાખ્યા કરે છે; તો પછી હવે શા સારુ એની ગદ્ધા મજૂરી કરવી ? શું કામ એને મહત્ત્વ જ આપવું ? કામ-ક્રોધ-લોભાદિ કષાયો કરી કરી જીવ બાળ્યા કર્યો છતાં એ કષાયોની આગ ઓલવાતી જ નથી, તો પછી ક્યાં સુધી હવે એમાં બળતણ નાખવા ? ક્યાં સુધી એમ ખોટો જીવ બાળ્યા કરવો ?'

એમ સંસાર-પરિવાર-વિષયો-કષાયો સાથે મનદુઃખ ઊભું કરવું હોય તો થઈ શકે છે. એ ઊભું થાય તો એમની સાથે હૈયું હવે શાનું ભળે ? એમના પર શું ઓવારી જવાય ? શી મજા-આનંદ આવે ? પરંતુ પેલા ભિખારીના જેવી મૂઢ કંગાળ દશા છે. તે વિષયોરૂપી એંઠવાડ માટે એમ લાગે છે કે 'આ તો બહુ મહેનતે મેળવેલા અને જીવનમાં મજા આપનારા, તે એને કેમ ફેંકી દેવાય ?' એટલે મળેલા એનો થોડો પણ ત્યાગ નથી થતો; મહિનામાં પાંચ તિથિ પણ કોઈ તપ, કોઈ ત્યાગ, બ્રહ્મચર્ય વગેરે આરાધવા એમજ ઉલ્લાસ નથી થતો. કારણ વિષયસુખનું લાલચુડાપણું છે.

**જીવની મૂર્ખતા : ન મળેલા વિષયો બહુ જોવા જોઈએ :-**

ત્યારે જીવને કોણ સમજાવે કે 'જીવ ! જરા તું જો કે તું કોણ છે ? અનાદિનો વિષય-એંઠવાડ માગનારો ને એ એંઠવાડ ખાતો, ભોગવતો રહેનારો ભિખારી ! અનંતા કાળ વહી ગયા, હજી તારું એ ભિખારીપણું મટ્યું નહિ ? ભિખારી તે કેવો ? કે મળેલા વિષય ભોગવીને પણ શાંતિથી બેસી રહેવાને બદલે ન મળેલા ઘણા વિષયોની સામે જો જો કરનારો, ઝંખના કરનારો, ને એથી દિલ બાળનારો ! આ કેવી મૂઢતા ?'

જુઓ, તમારા જીવન પર નજર નાખો, તમને નહિ મળેલા જગતના પદાર્થો



પર દૃષ્ટિ જાય છે કે નહિ ? કેટલા પર જાય છે ? એ જોવાનું પરિણામ શું ? 'મારી પાસે આ નહિ' એવો બળાપો જ ને ? કે એમ થાય ખરું કે 'આ મને નથી મળ્યા એ સારું થયું. નહિતર વિશેષ રાગના કીચડમાં જ ખૂંચી જાત.' આવું શાનું થાય ? એવો વિચાર સમ્યગ્દર્શનના પ્રભાવે આવે. સમ્યગ્દર્શન આત્માની અનંતકાળથી વિશ્વમાં રખડતી દશા બતાવે છે. જીવને સમજાવે છે કે આ તેં વિશ્વમાં કોઈ વિષય જોવાનો બાકી રાખ્યો નથી. અહીં કરતાં પણ કેઈ ગુણા ઊંચા વિષયો તેં અનંતીવાર જોઈ નાખ્યા છે. તો અહીં તારે શું નવું જોવાનું છે તે એની તરફ આંખ લઈ જાય છે ? એના જ વિચાર કર્યા કરે છે ?

**વિષયોથી રાગરોગનાં પોષણ :-**

વિષય-તૃષ્ણાની આગમાં સદા તપેલો રહેતો જીવ આવા ભવ્ય સમ્યગ્દર્શનના ઘરના દર્શન ક્યાંથી લાવે ? સમ્યગ્દર્શનના ઘરનું આ દર્શન છે કે 'વિષયો અનંતા મળ્યા, ને એણે આત્મામાં નર્યા રાગ-મમતા-ગૃદ્ધિ વગેરે રોગો જ પોષ્યા કર્યા છે.'

**વિષયના માત્ર વિચારમાં જાઓ ત્યાં રાગ-દ્વેષનો રોગ પેદા થઈ જાય છે.**

ત્યારે વિચારવા જેવું છે કે આ જીવનમાં અત્યાર સુધી કેટલી વાર વિષયોના વિચારોના કારણે આ રાગાદિ રોગ વહોર્યો ? તો શું એમ માનો છો કે એનો જવાબ નહિ આપવો પડે ? શું એ રાગાદિ રોગો ભરચક ઊભા કર્યે ગયા એના પરલોકમાં દારુણ વિપાક નહિ ભોગવવો પડે ?

**રાગરોગના દારુણ વિપાક :-**

જગતની સામે નજર નાખો, પતંગિયા દીવામાં કેમ ઝંપલાઈ પડી ખાખ થાય છે ? પૂર્વે મનુષ્ય ભવમાં એમણે નઠારાં દર્શન કરી કરી રાગ-રોગ એવો પોષ્યે રાખેલો કે હવે એ અહીં અજ્ઞાન મૂઢ પતંગિયાના અવતારે બાળી ખાખ કરી નાખે એવા દીવા પર તીવ્ર રાગ થાય છે. વિષ્ટાના કીડા કેમ એમાં લયલીન થઈ મસ્તીથી એ ખાઈ ખાઈ તગડા થાય છે ? કહો, એમણે પૂર્વે મનુષ્યભવમાં કોઈ મેવા-મીઠાઈ-ફરસાણ વગેરે વિષય પામી અનહદ રાગરોગ પેદા કર્યે રાખેલો. એના વિપાકમાં અહીં ગંદી વિષ્ટા પર તીવ્ર રાગ થાય છે.

**ચાહના વ્યસનીઓને** આ ક્યાં ખબર છે કે જીવ આ ચાહની તલપ રાખે છે, પણ એમાં રાગરોગને પોષ્યે જઈ એના વિપાકમાં શું પામવાનો ? ગટરના પાણીના કીડા જેવા અવતાર અને મેલાના પ્રવાહી જેવાનો રાગ કે બીજું કાંઈ ?

ભડકશો નહિ, પૂછશો નહિ કે એટલી ચાહની તલપમાં એવા કીડાના અવતાર ?' હા,

**કર્મસત્તા આ જ કામ કરી રહી છે કે જીવને ભાવ પ્રમાણે ભવમાં ગોઠવી દો, જેથી એ ભવમાં જીવ નાચ્યા કરે.**

**શાલિભદ્રના જીવે** પૂર્વ ભવમાં મુનિના પાત્રે થાળી ખીરના પણ ત્યાગનો ઉચ્ચ ભાવ કર્યા ને એ ત્યાગથી એ મર્યા ત્યાં સુધી અનુમોદના એવી અદ્ભુત કરી કે ખીરના ટેસની મમતા તો દૂર, મરતી વખતે સગી માતાની પણ મમતા ન કરી, તો કર્મસત્તાએ એને એવા શાલિભદ્રના અવતારમાં મૂક્યો કે એ રોજની ઊતરતી દેવતાઈ નવાણું પેટીઓના ઝવેરાત જેવા માલને પણ બીજે દિવસે એંઠવાડિયા કૂવામાં ત્યજાવી દેતો ? એવા ત્યાગમાં એ સુખ અને નિશ્ચિન્તતા અનુભવતો. જો કબાટ-તિજોરી-ગોડાઉનમાં સંઘરો કરવાનું રાખ્યું હોત તો નચિંતતા નહિ, ને ચિંતા-સંતાપ જ રહેત, સુખ નહિ, પણ પૂર્વનો ભવ્ય ત્યાગનો ભવ અહીં સંઘરો ન કરાવતાં ત્યાગ કરાવી નિશ્ચિન્તતાનું સુખ અનુભવાવે છે.

**સાધુ ગુસ્સામાં ચડી મર્યો,** તો પછી તાપસ અને ચંડકોશિયા નાગના એવા અવતાર મળ્યા કે એમાં ગુસ્સાના ભાવમાં નાચ્યા કર્યો. પૂછો ને કે 'એવા સંયમી સાધુને એટલા ગુસ્સાનું આ ફળ કે ઝેરી ફણીધર બનવું પડ્યું ?' ના ત્યાં નથી પૂછતા, કેમકે ખબર છે કે 'શાસ્ત્રે આ હકીકત કહી છે; એમાં અશ્રદ્ધા કેમ કરાય ? બસ, તો પછી કોઈ મેવામીઠાઈની, કોઈ ચાહની, કોઈ અભક્ષ્યની એવી તલપ લાગી રહેવામાં રાગનાં ભરચક પોષણ થાય પછી એના વિપાક કર્મસત્તા એવા દેખાડે એમાં શી નવાઈ લાગે છે ?

**રૂપસેનની રાગમાં દુર્દશા :-**

જાણો છો ને **રૂપસેનની કથા ?** રૂપસેનને શાથી શું ફળ મળ્યું ? રાજપુત્રી સુનંદાને રોજ ઝરુખામાં જોવાની તલપ લાગેલી તે રોજ રાજમહેલની સામે આવીને બેસે, ને એને ભારે તન્મયતાથી જોયા કરે. એમાં રાગરોગ કેટલો પોષાયે ગયો ? એકવાર એને રૂબરું મળવા ચાલ્યો. પણ એમાં કોઈ મકાનની ભીંત તૂટી પડી એની નીચે કચરાઈ મર્યો. એ મર્યો એ રાગનો જ અહીં દુઃખદ વિપાક ને ? બિચારા મૂઢને મરતાં ય રાગ રોવરાવે છે 'હાય ! કુમારી મળવાની રહી ગઈ !' ત્યારે એના પરલોકમાં દુઃખદ વિપાક તો કેવા ય આવ્યા ! મરીને પહેલો ભવ એ જ કુમારીના પેટમાં ગર્ભ તરીકેનો પછી સાપનો, પછી કાગડાનો, પછી હંસનો, પછી હરણિયાનો,...બધે પૂર્વના રાગરોગના વિપાક તરીકે, એ કુમારી સુનંદા રાણી બનેલી, એને જોઈ જોઈ એના પર તીવ્ર રાગ કરી કરી કમોતે મરવાનું !! છેવટે હાથી તરીકે જનમ્યો, ત્યાંય આ સુનંદા હવે સાધ્વી બનીને ગઈ તો એના પર ભારે રાગથી દોડતો આવી એને જોઈ જોઈ નાચે છે !

**શાસ્ત્રો એકેક વિષયના પોષેલા રાગરોગના ભયંકર વિપાક બતાવે છે.**

માટે જ આ ચેતતા રહેવા જેવું છે કે 'અરે ! આ વિષયો સામે જોઈ જોઈ એનો જ વિચાર કરી કરીને રાગરોગને પોષ્યે જાઉં તો મારે એના દારુણ વિપાક કેવા



વેઠવાના આવે ? એમાં ય જે વિષયો મને મળ્યા નથી, એની સામે શું કામ જોઈ જોઈ રાગરોગ જાલિમ વધારું છું ?

**મારે તો મળેલા વિષયોનો ય શક્ય ત્યાગ કરતો ચાલુ તો રાગ ઓછો પોષાય; ને રાગ ભયંકર છે એ ખ્યાલ ખરેખરો જાગતો રહે.'** ત્યાગ હોય તો રાગ, ઓછો પોષાય, ને રાગ ભયંકર લાગે. એમ ચેતતા રહો, ને મળેલા વિષયોમાંથી બને તેટલો ત્યાગ કરતા રહો, તેમજ નહિ મળેલા વિષયો તરફ દૃષ્ટિ જ ન લઈ જાઓ, એનો વિચાર જ ન કરો, તો જ આ જીવનમાં રાગરોગની જાલિમ ચાલી પડેલી ભરચક વૃદ્ધિથી બચાય એવું છે.

નહિતર જુઓને કે દા.ત. વિષય તરીકે ઘર એક જ મળ્યું છે, પરંતુ મૂરખ જીવ કેટલાય સારાં ઘર હવેલી બંગલા સામે જોવા જાય છે, ને 'વાહ ! આ સુંદર બાંધેલું છે' એમ રાગ-આકર્ષણ કર્યે જાય છે ! છે આ કરવાની કાંઈ જરૂર ? આ પરથી માપ કાઢી લ્યો કે એવા બીજા કેટલાય રકમબંધ વિષયો તરફ દૃષ્ટિ નાખી નાખીને એના વિચાર કરી કરીને કેવો દૂબળો થાય છે ! કેવા થોકબંધ રાગરોગને આવકારી રહ્યો છે !

જીવને ભાન નથી કે તારી માલિકીના નહિ એવા વિષયોમાં મફતિયા દૃષ્ટિ શું કામ નાખે ? ધર્મના પીઠબળ વિના તને એ મળવાના નથી, ને ધર્મનું પીઠબળ હશે તો તું નહિ ધારે તો ય એ તારા પગમાં લોટશે. તો શું કામ ખોટા અભખરા કરે ? પૂર્વ જનમના ધર્મના પીઠબળથી વિષયો મળે તો ય એના પર રાગરોગ વધારવા જેવો નથી; નહિતર એ તને બાળશે. પૂછો,

**પ્ર.-** અમારા પુણ્યથી મળ્યું એ તો હકથી મળ્યું. હવે એ અમને બાળે ?

ઉ.- હા, શાસ્ત્ર કહે છે કે **ઊંચું બાવનાચંદન પણ સળગાવીને એને અડો તો બાળે; એમ ધર્મથી પુણ્યથી મળેલા વિષયોના પણ રાગની આગ લગાવી સંપર્ક કરો તો એ બાળે.**

એક કાળ એવો હતો કે માણસને આ સમજ હતી, તેથી દાન-પરોપકાર-અતિથિસત્કાર વગેરેમાં પોતાના વિષયોનો સદુપયોગ કરતા. 'ધન-માલ હું એકલું ભોગવ્યે રાખું તો મને બાળે, માટે મોકો દેખાય ત્યાં ત્યાં એને દેતો ચાલું. એથી માયાનો રાગ કપાય.' આ સમજ હતી તેથી પરમાર્થનાં કામ સારાં થતાં.

❖ ❖ ❖